ન થોડા દિન રહ ઢલતે પર, તેરી મંઝિલ દૂર ખોટી,
અરે ઓ સોનેવાલે ફિક્ર યે કબકી નિકાલી હય.

- આલા હઝરત ઈમામે એહલે સુન્નત

મન કી આંખે ખોલ

મન કી આંખે ખોલ

લેખક

પીર સૈયદ વઝીરઅલીશાહ કાદરી,નકશબંદી મુજદ્દેદી(ભુજ-કચ્છ)

સંકલન અને સમજુતી

ડો. ફારૂક જી. અલીચાણી (લાઠીવાળા) ભાવનગર.

હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેસાની

(રદીયલ્લાહો ત્આલા અન્હો)

સરહીન્દ શરીફ-પંજાબ

ઉર્ષ ૨૮-સફર



અંધેરી રાત હય ગમ કી ઘટાં ઈસ્યાંકી કાલી હય.
દીલે બેકસ કા ઈસ આફત મેં આકા તુંહી વાલી હય,

નહીં માયુંસ આતી હય સદા ગૌરે ગરીબાં સે,
નબી ઉમ્મતકા હામી હય ખુદા બંદો કા વાલી હય.

ઉતરતે ચાંદ ઢલતી ચાંદની જો હો સકે કરલે,
અંધેરા પાખ આતા હય યે દો દિનકી ઉજાલી હય

અરે યે ભેડીયોકા બન હય ઓર શામ આ ગઈ સરપર,
કહાં સોયા મુસાફીર હાય કીતના લા અબાલી હય,

અંધેરા ઘર અકેલી જાન દમ ઘુટતા દીલ ઉકતાતા,
ખુદાકો યાદ કર પ્યારે વો સાઅત આને વાલી હય,

ઝમીં તપતી કટીલી રાહ ભારી બોજ ઘાયલ પાંવ,
મુસીબત જેલનેવાલે તેરા અલ્લાહ વાલી હય.

ન ચોંકા દિન હય ઢલનેપર તેરી મંજીલ હુઈ ખોટી,
અરે ઓ સોનેવાલે નીંદ યે કબકી નીકાલી હય.

રઝા મંજીલતો જૈસી હય વો ઈક મે ક્યાં સબકો હય,
તુમ ઉસકો રોતે હો યે તો કહો યાં હાથ ખાલી હય.

આલા હઝરત ઈમામ એહલે સુન્નત

વ ફી અન્ફોસેકુમ અફલા તુબ્સેરૂન .
(અર્થાત : અને તમારી અંદર છે, શું તમે નથી જોતા?)
- અલ કુર્આન

મનકી આંખે ખોલ

-: લેખક :-
પીર સૈયદ વઝીરઅલીશાહ કાદરી નક્શબંદી, મુજદ્દેદી
(ભુજ- કચ્છ)
-: સંકલન અને સમજુતી :-
ડો.ફારૂક જી. અલીયાણી (લાઠીવાળા)
B.A.R.M.P.(A.M.)
ભાવનગર

ટ્રસ્ટ રજી. નં.-૦૨૧

-: પ્રકાશક :-
મુજદ્દીદે અલ્ફેસાની ટ્રસ્ટ-ભાવનગર
(રજી. નં.-૦૨૧)

-: ગ્રંથનું નામ :-
મનકી આંખે ખોલ

-: લેખક:-
હઝરત પીર સૈયદ વઝીરઅલીશાહ સાહેબ
કાદરી નક્શબંદી, મુજદ્દેદી (દામત બરકાતોહુ) ભુજ-કચ્છ.

-: સંકલન અને સમજુતી :-
ડો.મો.ફારૂક જી. અલીયાણી (લાઠીવાળા)
B.A.R.M.P.(A.M.)
ભાવનગર.

પ્રથમ આવૃતિ : સન-૨૦૧૦

પ્રત : ૧૧૧૧

કીંમત : રૂા. ૧૬૦/-

પ્રકાશક : મુજદ્દીદે અલ્ફેસાની ટ્રસ્ટ,
વડવા નેરા, નાથવાળી શેરી, ભાવનગર-૩૬૪ ૦૦૧.

આવરણ/લે આઉટ/ટાઇપ સેટીંગ : મુનાફ આર્ટ, મો. ૯૩૨૮૯ ૨૨૮૮૨
મહેન્દ્રપરા મેઇન રોડ, મોરબી.-૩૬૩ ૬૪૧

મુદ્રક : રોયલ ઓફસેટ,
૨-લાતી પ્લોટ, મોરબી.

અર્પણ

અમે અમારું આ પ્રકાશન
ઝુબ્દતુલ્આરેફીન, કિદવતુલ્વાસેલીન, સુલ્તાનુલ્વાએઝીન,
હઝરત સુફી અબ્દુર્રહમાનશાહ સાહેબ નકશબંદી મુજદ્દેદી
ઈબ્ને
મુફતીગુલામનબી સાહેબ(ધોળકાવાળા)
તેમજ
તમામ ખ્વાજગાને નકશબંદ
અને



ઔલીયા-એ-કામેલીન
(રહેમતુલ્લાહ અલયહીમ અજમઈન)ની
બારગાહ શરીફમાં અર્પણ કરીએ છીએ.

ગર કુબુલ ઉફતદા=જહે ઈઝઝો શરફ

મુજદ્દીદે અલ્ફેસાની ટ્રસ્ટ – ભાવનગર

મનકી આંખે ખોલ

અય ઈશક તેરે સદકે જલને સે છુટે સસ્તે,
જો આગ બુજાએગી વોહ આગ લગાઈ હૈ.
આલા હઝરત ઈમામે એહલે સુન્નત —

ઈશક કે ઈમ્તેહાં

ચાઅ્ની

અહેવાલુલ્અસ્ફીયા

ફી ફઝાઈલે સિલસિલાએ નકશબંદીયાહ

બિસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ

અનુક્રમણીકા

સંદર્ભ સુચી/અવતરણ ગ્રંથો

૧. તફસીરે મઝહરી શરીફ
લેખક : હઝરત કાઝી સનાઉલ્લાહ પાનીપતી(રહેમતુલ્લાહ અલયહ)

૨. તફસીરે ખઝાઈનુલ ઈરફાન
લેખક : હઝરત નઈમુદ્દીન સાહેબ મુરાદાબાદી(રહેમતુલ્લાહ અલયહ)

૩. તફસીરે માઅ્રેફુલ કુર્આન
લેખક : મૌલાના અબ્દુર્રહીમ સાદીક રાંદેરી

૪. ગુન્યતુત્તાલેબીન શરીફ
લેખક : હઝરત સરકાર ગૌષે આઝમ દસ્તગીર (રદીયલ્લાહો અન્હો)

૫. અવારીફુલ્મઆરીફ શરીફ
લેખક : હઝરત શૈખ શહાબુદ્દીન ઉમર સોહરવર્દી (રદીયલ્લાહો અન્હો)

૬. કશ્ફુલ્મેહજૂબ શરીફ
લેખક : હઝરત દાતા ગંજબખ્શ લાહોરી (રહેમતુલ્લા અલયહે)

૭. મીનહાજુલ્આબેદીન શરીફ
લેખક : હઝરત ઈમામ મોહંમદ ગીઝાલી(રહેમતુલ્લાહ અલયહે)

૮. ફવાએદુસ્સાલેકીન શરીફ
સંકલન : હઝરત બાબા ફરીદુદ્દીન ગંજેશકર (રહેમતુલ્લાહ અલયહ)
(મલ્ફુઝાત :-હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી(રહેમતુલ્લાહઅલયહ)

૯. અસ્રારુલ્ઔલિયા
સંકલન : હઝરત ખ્વાજા નિઝામુદ્દીન ઔલિયા(રહેમતુલ્લાહ અલયહ)
(મલ્ફુઝાતે હઝરત બાબા ફરીદુદ્દીન ગંજેશકર અજોધની(રહેમતુલ્લાહ અલયહ)

૧૦. ફવાએદુલ્ફવાદ શરીફ
સંકલનઃ હઝરત ખ્વાજા અમીરઉલા સંજરી(રહેમતુલ્લાહ અલયહ)
(મલ્ફુઝાતે હઝરત ખ્વાજા નિઝામુદ્દીન ઔલિયા (રહેમતુલ્લાહ અલયહ)

૧૧. ખાતમાએ તસવ્વુફ
લેખક : હઝરત ખ્વાજા બંદા નવાઝ ગૈસુ દરાઝ (રહેમતુલ્લાહ અલયહ)

૧૨. લત્તાઈફે અશરફી
સંકલત : હઝરત ખ્વાજા નિઝામ યમની (રહેમતુલ્લાહ અલયહ)
(મલ્ફુઝાતે હઝરત સૈયદ મખ્દુમ જહાંગીર અશરફ સીમનાની(રહેમતુલ્લાહ અલયહ)

૧૩. મીર્સાદુલ્એબાદ શરીફ
લેખક : હઝરત શૈખ નઝમુદ્દીન કુબ્રા (રહેમતુલ્લાહ અલયહ)

૧૪. મકતુબાતે સદી
લેખક : હઝરત શૈખ શરફુદ્દીન યાહ્યા મુનીરી(રહેમતુલ્લા અલયહે)

૧૫. મકતુબાતે ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની
લેખક : હઝરત ઈમામે રબ્બાની મજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહોઅન્હો)

૧૬. નફહાતુલ્ઉન્સ શરીફ
લેખક : હઝરત અબ્દુર્રહિમાન નુરૂદ્દીન જામી (રહેમતુલ્લાહ અલયહ)

૧૭. કશ્કોલે કલીમી
લેખક : હઝરત શાહ કલીમુલ્લાહ ચિશ્તી (રહેમતુલ્લાહ અલયહ)

૧૮. અયનુલ્ફક્ર
લેખક : હઝરત સુલ્તાન બાહુ (રહેમતુલ્લાહ અલયહ)

૧૯. હઝરાતુલ્કુદ્દસ (જી.-૧)
લેખક : હઝરત અલ્લામા બદરૂદ્દીન સરહિંદી(રહેમતુલ્લાહ અલયહ)

૨૦. ઝુબ્દતુલ્મકામાત
લેખક : ખ્વાજા મોહંમદ હાશીમ કિશ્મી નક્શબંદી(રહેમતુલ્લાહ અલયહ)

૨૧. અહેવાલુસ્સાદેકીન શરીફ
લેખક : હઝરત ઈમામ અબ્દુલ્વહાબ શોઅ્રાની (રહેમતુલ્લાહ અલયહ)

૨૨. ઈકિતબાસુલ અન્વાર
સંકલન : શૈખ મોહંમદ અકરમ કુદ્દુસી ચિશ્તી (રહેમતુલ્લાહ અલયહ)

૨૩. રફીકુસ્સાલેકીન
લેખક : મોહંમદ કરામતુલ્લાહ કાદરી, નક્શબંદી (રહેમતુલ્લાહ અલયહે)

૨૪. તઝકેરાએ ગૌષિયાહ્
લેખક : સૈયદ ગૌષ અલી શાહ કાદરી, કલંદરી, (રહેમતુલ્લાહ અલયહ)

૨૫. અન્વારૂલ્આરેફીન
લેખક : સુફી આબીદ મીંયા નક્શબંદી, મુજદ્દેદી, (રહેમતુલ્લાહ અલયહ)

૨૬. મેઅરાજુલ્મોઅ્મેનીન
લેખક : સુફી આબીદ મીંયાનક્શબંદી, મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ)

૨૭. નુરે રોશન
લેખક : હઝરત પીર સૈયદ કાયેમુદ્દીન ચિશ્તી (રહેમતુલ્લાહ અલયહ)

૨૮. આદાબે સાલીક (મુરીદની કામની વાતો અને તેનાં આદાબો)
લેખક : મુફતી મસ્ઉદ શાહ નક્શબંદી, મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ)

૨૯. મેઅ્યારુસ્સુલુક દાફેઉલ્અવહામે વશ્શોકુક
લેખક : હાજી હિદાયતુલ્લાહ નક્શબંદી, મુજદ્દેદી (રહેમતુલ્લા અલયહે)

૩૦. શરહે કશ્ફુલ્મેહજૂબ
શારેહ્ : હઝરત અલ્હાજ મૌલાના કપ્તાન વાહીદ બખ્શ ચિશ્તી, સાબરી.

૩૧. મુસદ્દસે હાલી
લેખક : હઝરત મૌલાના અલ્તાફ હુસૈન હાલી.

૩૨. મઝહરે જમાલે મુસ્તફાઈ
લેખક : હઝરત સુફી સૈયદ નસીરૂદ્દીન કાદરી, રઝવી, બરકાતી સાહેબ

૩૩. અખ્બારૂલ્અખિયાર શરીફ
લેખક : શાહ અબ્દુલ હક્ક મોહદ્દીષે દહેલ્વી (રહેમતુલ્લાહ અલયહ)

૩૪. સીરતે મુજદ્દીદે અલ્ફેષાની
લેખક : હઝરત ડો. પ્રો. મોહંમદ મસ્ઉદ સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)

૩૫. રમુઝે ખુદી અસ્રારે બે ખુદી
લેખક : મહાકવિ ડો. અલ્લામા ઈકબાલ

૩૬. સુલુકે મુજદ્દેદીય્યાહ્
લેખક : હ. સૈયદ અબ્દુલ્લાહ શાહ નક્શબંદી (રહેમતુલ્લાહ અલયહે)

૩૭. હયાતે શાહે આલમ
લેખક : હઝરત સુફી નઝીર અહેમદ સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)

૩૮. શાહ બહાઉદ્દીન બાજન હયાત ઔર ગુજરી કલામ
પ્રકાશક : હઝરત પીર મોહંમદશાહ દરગાહ શરીફ ટ્રસ્ટ - અહમદાબાદ

૩૯. હાંસીયા દલાઈલુલ્ખૈરાત શરીફ
પ્રકાશક : મદીના બુક ડીપો - દિલ્હી

૪૦. મિફ્તાહુલ્ઉલુમ શર્હે મસ્નવી એ મૌલાના રૂમ
શારેહ : હજરત મોહંમદ નઝીર સાહેબ ઉર્શી નક્શબંદી, મુજદ્દેદી.

૪૧. મદારેજુન્નબુવ્વત
લેખક : શાહ અબ્દુલહક્ક મોહદ્દીષે દ્હેલ્વી (રહેમતુલ્લાહ અલયહ)

૪૨. મુકાશેફતુલ્કોલુબ
લેખક : હઝરત ઈમામ મોહંમદ ગીઝાલી (રહેમતુલલાહ અલયહ)

૪૩. તજલ્લીયાતે ઈમામે રબ્બાની
લેખક : મૌલાના મંઝુર નોઅ્માની સાહેબ

૪૪. તસવ્વુફ કીવાં આત્મજ્ઞાન
લેખક : મિંયા કાસીમશાહ વરેઠવી

૪૫. સીધી આરેફાના કલામ
લેખકઃ સુલતાનુલ ઔલિયા ખ્વાજા મોહંમદ ઝમાન (રહેમતુલ્લાહ અલયહે)

અમારાં પ્રકાશનનાં પ્રાપ્તિ સ્થાનો

(૧) હઝરત સૈયદ શમ્સુલ્આરેફીન સાહેબ કાદરી, નક્શબંદી, મુજદ્દેદી,
C/O રોયલ ચોઈસ મેન્સવેર, ઠે. ૧૧, કતિરા શોપીંગ સેન્ટર,
આશાપુરા રિંગ રોડ, સોની વાડ, મુ. ભુજ- ૩૭૦૦૦૧
(જી. કચ્છ) મો. ૯૯૭૯૧ ૯૯૨૮૪

(૨) સૈયદ ઝુબૈર અલી એ. કાદરી, નક્શબંદી, મુજદ્દેદી.
ઠે. મોટા સૈયદ વાડ, બસ સ્ટેન્ડ પાસે,
મુ. ઠાસરા - ૩૮૮ ૨૫૦ / જી. ખેડા.
મો. ૯૮૯૮૧ ૪૨૬૧૩.

(૩) મુજદ્દીદે અલ્ફેષાની ટ્રસ્ટ (રજી.)
C/O મદ્રસા-એ- કાદરીય્યાહ્,
ઠે. વડવાનેરા, નાથવાળી શેરી, મુ. ભાવનગર-૩૬૪ ૦૦૧
(મો. ૯૯૨૫૮ ૪૫૫૩૫.)

(૪) મો. ફારૂક હાજી ગુલામ ભાઈ જુનાણી (દોરાવાલા)
ઠે. નહેરૂ ગેઈટ પાસે, તેલ ગલી, મુ. મોરબી- ૩૬૩ ૬૪૧.
જી. રાજકોટ (મો.૯૮૨૫૪ ૧૭૮૬૯)

(૫) જનાબ અબુબક્ર ભાઈ પટની
C/O લિબાસ ફેબ્રિક્સ,
ઠે. ૧૨/૬૩૩, રાણી તળાવ મેઈન રોડ,
મુ. સુરત - ૩૯૦ ૦૦૫. (મો. ૯૯૨૪૦ ૨૨૧૬૩)



ઈશક કે ઈમ્તેહાં
યાઅ્ની
અહેવાલુલ્અસ્ફીયા
ફી ફઝાઈલે સિલસિલાએ નક્શબંદીયાહ

પ્રકાશકના બે બોલ

નહ્‌મદોહુ વ નુસલ્લી અલા રસુલેહીલ્કરીમ

અમે અમારા પીરો મુર્શીદ હઝરત સૈયદ પીર વઝીરઅલીશાહ સાહેબ કિબ્લા (દામત ફોયુઝોહુ)ની પ્રેરણાં થકી આ **'મુજદ્દીદ અલ્ફેષાની ટ્રસ્ટ'**ની રચના કરી અને તેની અંતર્ગત મદ્રેસા-એ-કાદરીય્યાહ્ ચલાવી રહ્યાં છીએ, જેમાં નાના બાળકો પ્રાથમિક દીની તાલીમ હાંસીલ કરી રહ્યાં છે. અમે વિચાર્યું કે, હઝરત મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)ના નામથી જ્યારે આ ટ્રસ્ટની આપણે સ્થાપના કરી છે, તો તેઓની રૂહાની તાલીમ પણ લોકો સુધી પહોંચાડીએ અને આ સંર્દભમાં કોઇ એવું કાર્ય અંજામ આપીએ કે જેનાં થકી આ તાલીમ લોકો સુધી પહોંચે અને તેઓમાં પોતાની બાહ્ય તેમજ આંતરિક સુધારણાં કરવાનો ઉત્સાહ અને ઉમંગ પ્રગટે.

આ સંદર્ભમાં અમારો આ વિચાર અમે અમારા સિલસિલાના ખલીફા જનાબ ડો. મો. ફારૂક ભાઇ અલિયાણી સમક્ષ રજુ કરતાં તેઓએ પણ આ વાતમાં ઉત્સાહ દર્શાવ્યો અને હઝરત પીર સાહેબ કિબ્લાની અગાઉ પ્રકાશીત થયેલી કેટલીક નાની પુસ્તીકાઓ જરૂરી સુધારા-વધારા કરીને તેમજ તેમાં જરૂરી પ્રકરણો ઉમેરીને પોતાનું આ સંકલન કાર્ય અમારી સમક્ષ રજુકર્યું, જેનાં વાંચન પછી એવું મેહસુસ થયું કે આજન[illegible]મા અતિ નાજુક યુગમાં આ પ્રકારના રૂહાની અને આધ્યાત્મિક દીની સાહિત્યની અત્યંત જરૂરત છે; માટે તેનો કિતાબ સ્વરૂપે પ્રગટ કરવાનો અમે સંકલ્પ કર્યો.



અને અલ્લાહત્આલાના ફઝલો-કરમથી, હુઝુર નબીએ પાક સાહેબે લૌલાક(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની નઝરે ઇનાયત થકી તેમજ હઝરત પીરો મુર્શીદ કિબ્લા(દામત ફોયુઝોહુમ)ની રૂહાની તવજ્જોહ્, ઊંડાણ પૂર્વકની દીલી દુઆઓ અને સતત માર્ગ દર્શન થકી અમે આ કાર્ય અંજામ આપી શક્યા અને **મન કી આંખે ખોલ** એ નામથી કિતાબ સ્વરૂપે પ્રકાશીત કરી રહ્યા છીએ આ અમારૂં પ્રથમ પ્રકાશન છે.

અલ્લાહત્આલાથી દુઆ છે કે પોતાના ઔલિયાએ કામેલીનના સદકામાં તેને કબુલીયતનો શર્ફ અતા ફરમાવે તેમજ પ્રકાશનની આ શૃંખલાને અમે હજુ આગળ ધપાવી શકીએ તેવી હિંમત અતા ફરમાવે...આમીન.બજાહે સૈયદુલ મુરસલીન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

ભાવનગર,
૧૩,ફેબ્રુઆરી, ૨૦૧૦
૨૮મી સફર, ૧૪૩૧.

ટ્રસ્ટીઓ,
મુજદ્દીદે અલ્ફેષાની ટ્રસ્ટ (રજી.)
વડવાનેરા, નાથ વાળી શેરી,
ભાવનગર-૩૬૪ ૦૦૧

અય ઈશક તેરે સદકે જલને સે છુટે સસ્તે,
જો આગ બુજાએગી વોહ આગ લગાઈ હૈ.
આલા હઝરત ઈમામે એહલે સુન્નત —

ઈશક કે ઈમ્તેહાં

યાઅ્‌ની

અહેવાલુલ્‌અસ્‌ફીયા

ફી ફઝાઈલે સિલસિલાએ નકશબંદીયાહ

પ્રારંભીક બે શબ્દો

નહ્મદોહુ વ નુસલ્લી અલા રસુલેહીલ્કરીમ

મનકી આંખે ખોલ... આ નામથી પ્રકાશીત થઇ રહેલી આ નવી ઇશાઅત ધર્મનિષ્ઠ તેમજ તસવ્વુફમાં દિલચસ્પી ધરાવતાં લોકોની ખિદમતમાં રજુકરતાં હું ઘણીજ ખુશી અનુભવુ છું. આ રૂહાની તહ્લીક મારા પીરો મુર્શીદ કિબ્લાગાહી **હઝરત પીર સૈયદ વઝીરઅલીશાહ** સાહેબ કાદરી નક્શબંદી, મુજદ્દેદી (અદામલ્લાહ બરકાતોહુ) ના મુબારક હાથે લખાયેલી કેટલીક નાની પુસ્તિકાઓ તેમજ આપની મહેફીલમાં અવાર-નવાર પુછાતાં કેટલાક પ્રશ્નોના પ્રત્યુત્તરો અને મહેફીલમાં થતી ચર્ચાઓમાંથી કલમબંધ કરેલ કેટલાક અવતરણોનું સંકલન છે જે ખાસ કરીને આપના મુરીદો, તાલીબો અને ચાહકોના વિશાળ વર્ગને **'ઇશ્કે ઇલાહી'** ના પંથ પર દોરવવા માટે જરૂર માર્ગ દર્શન પુરૂ પાડશે.

મનકી આંખે ખોલ...માં પાંચ પ્રકરણો વડે વાત રજુ કરવામાં આવી છે. જેની પાછળ કેટલીક હિકમતો છુપાયેલી છે, જે પૈકી અહીં હુ પાંચ હિકમતો રજુ કરુ છું, જેથી પાંચ પ્રકરણોની ફઝીલત હાંસીલ થાય. સૌથી પ્રથમ હિક્મત તો એ છે કે, મુફક્કીરે ઇસ્લામ હઝરત ઇમામ મોહંમદ બીન મોહંમદ ગીઝાલી(રદીયલ્લાહો અન્હો)એ પોતાની વિશ્વપ્રસિધ્ધ કૃતી **અહ્યાઉલ ઉલુમેદીન** માં *અજાઇબાતે કોલુબે ઇન્સાની* નામના પ્રકરણમાં ઇન્સાની કલ્બ (દીલ)ના અનેક દરવાજાઓ ગણાવેલા છે, જે પૈકી પાંચ દરવાજા મુખ્ય છે તો આ રીતે **મનકી આંખે ખોલ**...ના આ પાંચ પ્રકરણો ઇન્સાની કલ્બના આ મુખ્ય પાંચ દરવાજાઓ સાથે જોડાયેલા છે, જે પૈકી પ્રત્યેક પ્રકરણ એક દરવાજો ખોલવાની હૈસીયત ધરાવે છે, અને આ રીતે જ્યારે ઇન્સાની કલ્બના પાંચેય દરવાજાઓ ખુલી જશે તો તેમાં હિકમતરૂપી ચશ્માઓ વહેવા લાગશે અને ઇન્સાનમાટે હિદાયતનો માર્ગ મોકળો થઇ જશે.

અને બીજી હિકમત એ છે કે, સુફીયાએ કિરામ અને ખાસ કરીને હઝરત ઇમામ રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો) ના નુતન સંશોધન મુજબ ઇન્સાનના સિનામાં પાંચ એવા અમૂલ્ય ખઝાનાઓ છુપાયેલા છે કે જેમાં વિલાયતરૂપી મોતીઓ અને રત્નો છુપાયેલા છે, જેને **લતાઇફે ખમ્સા** તરીકે ઓળખવામાં આવે છે અને તે આ મુજબ છે:- કલ્બ, રૂહ, સિર્ર, ખફી અને ઇખ્ફા. તેમજ આપના ફરમાન મુજબ આ લતીફાઓ પૈકી દરેક લતીફો એક-એક ઉલુલઅઝમ પયગમ્બર (અલયહિમુસ્સલાતો વત્તસ્લીમાત) ના પવિત્ર કદમ નીચે છે એટલે કે દરેક લતીફામાં એક-એક

ઉલુલ અઝમ પયગમ્બરની વિલાયતના અન્વારો છુપાયેલા છે, કારણ કે કદમ નીચે હોવાનો મતલબ એજ છે, જેવી રીતે કે **લતીફાએ કલ્બ** હઝરત આદમ (અલૈહિસ્સલામ)ના પવિત્ર કદમ નીચે છે એટલે કે લતીફાએ કલ્બમાં હઝરત આદમ (અલૈહિસ્સલામ) ની વિલાયતના અન્વારો છુપાયેલા છે તો આ રીતે જ્યારે ઇન્સાનની **મનરૂપી આંખ**ના આ પાંચ લતીફાઓ અન્વારો થકી ખુલી જશે તો તેના સીનામાં છુપાયેલા આ વિલાયતરૂપી મોતીઓ અને રત્નોને તે હાંસીલ કરી લેશે અને આ રીતે તેના માટે આ માર્ગ સરળ બનશે.

અને ત્રીજી હિકમત એ છે કે, ઇન્સાનનાં શરીરમાં પાંચ ઇન્દ્રીયો હોય છે જેના થકી તે વિવિધ પ્રકારના સંવેદનોની અનુભૂતી કરે છે; જેને સુફીયાએ કિરામે સુફીવાદની પરિભાષામાં **હવાસે ખમ્સા** કહ્યા છે જેના વડે ઇન્સાન બ્રહ્માંડ વિશેનું દરેક પ્રકારનું બાહ્ય જ્ઞાન અને આંતરીક સંવેદના હાંસીલ કરે છે અને આ રીતે બ્રહ્માંડ સાથેનો પોતાનો સંબંધ જાળવી રાખે છે. આ પાંચ ઇન્દ્રીયો એટલે કે લાગણી અનુભવવી, સ્વાદ માણવો, સુંઘવું, જોવું તેમજ સાંભળવું છે અને **મન કી આંખે ખોલ...** નું દરેક પ્રકરણ એક ઇન્દ્રીય સાથે જોડાયેલું છે જેના થકી આ પાંચ ઇન્દ્રીયો પાંચ પ્રકારના અન્વારો હાંસીલ કરીને પોતાની શક્તિને યોગ્ય માર્ગ પર લગાડી શકશે.

અને ***ચોથી*** હિક્મત એ છે કે, ઇન્સાનનું આ શરીર પાંચ ભૌતિક તત્ત્વનું બનેલું છે, જેને હીંદુસ્તાની ફીલ્સુફોએ **પંચમહાભુત** કહ્યા છે જ્યારે સુફીયાએ કિરામ તેને *અનાસિરે ખમ્સા* તરીકે ઓળખ્યા છે જે આગ, માટી, હવા, પાણી અને આકાશ(રોશની) છે. આ અનાસિરે ખમ્સાનું દરેક તત્વ એક લતીફા રૂપે છે જેનો સંબંધ ઇન્સાનના બાહ્ય ઢાંચા સાથે છે જેને *આલમે ખલ્કના લતીફાઓ કહે* છે એ જ રીતે શરીરના આંતરીક ઢાંચા સાથે પણ પાંચ લતીફાઓ સંકળાયેલા છે, જેને *આલમે અમ્ર ના લતીફાઓ* કહે છે તો આ રીતે આલમે ખલ્કના લતીફાઓમાં આલમે અમ્રનો એક લતીફો ખજાનારૂપે છુપાયેલો છે અને જ્યારે **મનકી આંખે ખોલ**...ના પાંચ પ્રકરણો પંચ મહાભુતના દરેક લતીફાને ખોલી નાખશે તો તેના થકી ઇન્સાન જાહેરી તેમજ બાતિની બન્ને પ્રકારની સુધારણા હાંસીલ કરી લેશે.

અને ***પાંચમી*** હિકમત એ છે કે, ઇસ્લામમાં **પંજેતન પાક**નું ખુબજ મહત્ત્વ છે જેઓ હુઝુર નબીએ પાક સાહેબે લૌલાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના એહલેબૈત છે. તેઓની ફઝીલત અને પવિત્રતા કુર્આનેપાક તેમજ અહાદીષે મુકદ્દસા વડે સાબિત અને સુર્યની જેમ પ્રકાશીત છે તેમજ જેમણે પણ તેઓનો દામન પકડયો તેઓ કામ્યાબ થઇ ગયા, તો આ જ રીતે **મનકી આંખે ખોલ**...ના આ પાંચ પ્રકરણો જેણે પણ સમજી લીધા તેઓ

માટે જરૂર સફળતાનો માર્ગ ખુલી જશે.

આ પવિત્ર પુસ્તકનાં દરેક પ્રકરણ એકબીજા સાથે અરસ-પરસ એ રીતે સંકળાયેલા છે કે એકનું વાંચન કર્યા પછી બીજા પ્રકરણનું વાંચન વાચક માટે અનિવાર્ય બની જાય છે અને તો જ તેના માટે આગળનો માર્ગ ખુલી શકે છે.

આ કિતાબનું પ્રથમ પ્રકરણ **તૌબાહ્** સાથે સંબંધીત છે. ઈન્સાન જ્યારે કુર્બે ઈલાહી હાંસીલ કરવાના માર્ગ પર ચાલવાનો વિચાર કરે છે તો ત્યારે તેના માટે આ માર્ગની સૌથી પહેલી જરૂરત તૌબાહ્ છે. અલ્લાહત્આલાની બારગાહમાં પોતાના ગુનાહોની હૃદય -પુર્વક માફી માંગ્યા પછીજ આ માર્ગ ઉપર તે આગળ ડગલું ભરી શકશે માટે જ **મનકી આંખે ખોલ**...નું પ્રથમ ડગલું એટલે કે પ્રથમ પ્રકરણ **અશ્કે નદામત** (પ્રાયશ્ચીતના આંસુ) છે, કે જેમાં તૌબાહ્ની ફઝીલત, હકીક્ત અને શર્તોની વિશદ ચર્ચા કરવામાં આવી છે.

હવે જ્યારે ઈન્સાને તૌબાહ્ની હકીકતને જાણી લીધી, તો આ માર્ગ પર ચાલવા માટે કોઈ રેહબર કે માર્ગદર્શકની જરૂરતનો એહસાસ થશે, કારણકે રેહબર એટલેકે રૂહાની માર્ગદર્શક(પીર)વિના આ કંટક ભર્યા માર્ગને પાર કરવો ઘણોજ મુશ્કેલ રૂપ છે. અને આથીજ **મનકી આંખે ખોલ**...નું બીજું ડગલું **<u>રહેનુમાએ તરકીત</u>** છે, જેમાં પીરની જરૂરતો અને આદાબો સંબંધે કુર્આનેપાક અને હદીષશરીફની રોશનીમાં તેમજ સુફીયાએ કિરામના કેટલાક ઈક્તિબાસાત(અવતરણો)ના આધારે મનનીય ચર્ચા કરેલ છે.

અને આ રીતે જ્યારે આ માર્ગ પર ચાલવા માટે ઈન્સાને પીરની જરૂરતને જાણી લીધી તો તેણે હવે એ પણ સમજવું પડશે કે આ કંટક ભર્યા માર્ગનો *રેહબર* એટલે કે *પીર* કેવો હોવો જોઈએ અને તેની અંદર કેવા પ્રકારની સલાહિયતો હોવી જોઈએ ? કારણકે તે જ્યાં સુધી આ વાતને નહીં સમજી શકે ત્યાં સુધી લાયક અને ગૈરલાયક તેમજ કામીલ અને નાકીસ(ઢોંગી)પીર વચ્ચેનો ભેદ પારખી શકશે નહીં અને કોઈ ગૈરલાયક કે ઢોંગી પીરના ફંદામા તે ફસાય જશે અને આ રીતે પોતાના હાથે જ પોતાની સામર્થ્ય શક્તિઓ અને લાયકાતોનો વિનાશ નોતરશે માટેજ આ **મનકી આંખે ખોલ**...નું ત્રીજું ડગલું પીરની **જાહેરી લાયકાતો અને બાતિની સલાહીયતો** સંબંધે છે, જેમાં પીરની ખુબીઓ તેમજ ખામીઓને ખુબ સારી રીતે ઉજાગર કરવામાં આવી છે જેના વાંચન થકી ઈન્સાન કામીલ અને નાકીસ વચ્ચેનો ભેદ પારખી શકશે તેમજ ગૈરલાયકકે ઢોંગી પીરના ફંદામાં ફસાવાથી બચીને પોતાની સામર્થ્ય શક્તિઓ અને લાયકાતોને બરબાદ થતી બચાવી શકશે. મજકુર પ્રકરણમાં મારા પીરો મુર્શીદ કીબ્લાના આદેશથી હઝરત અલ્લામા અબ્દુલવહાબ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ) કે જેઓ **ઈમામ શોઅ્રાની** ના નામે

પ્રખ્યાત છે તેઓની લખેલી કિતાબ <u>*એહવાલુસ્સાદેકીન*</u> નો ટુંકો ભાવાનુવાદ રજુ કર્યો છે, કારણકે મજકુર કિતાબમાં હઝરત ઈમામ સાહેબે કામીલ પીરો અને મશાઈખોની નેક આદતો તેમજ સદ્દગુણોને કેટલીક હિકાયતો થકી રજુ કર્યા છે, જેનો સંબંધ પણ પીરની જાહેરી લાયકાતો અને બાતિની સલાહિયતો સાથે જ છે.

આ રીતે જ્યારે ઈન્સાને પોતાની મનરૂપી આંખના ત્રણ દરવાજાઓ ખોલી નાંખશે અને આ માર્ગ પર ડગલાં ભરવા શરૂ કરશે તો આ માર્ગની કેટલીક ગુંચવણો તેમની સામે આવશે કારણકે આ માર્ગ બે કેડીઓ ધરાવે છે. *(૧) **<u>સુલુક રૂપી કેડી</u>** અને *(૨) **જઝબારૂપી કેડી.** મોટા ભાગના બુઝુર્ગોએ પોતાના મુરીદો અને તાલીબોને આ સુલુકરૂપી પ્રથમ કેડી પરજ ચલાવીને મતલુબ (અલ્લાહ ત્આલા) સુધી પહોંચાડ્યા છે, કારણકે સુફીયાએ કિરામના મોટાભાગના મશહુર તરીકાઓમાં આ કેડી જ વધુ પ્રચલીત અને ધોરીમાર્ગ સમાન છે. પરંતુ નક્શબંદી સિલસિલાના બુઝુર્ગોએ અન્ય તરીકાઓથી અલગ રીતે પોતાના મુરીદો અને તાલીબોને જઝબા-રૂપી કેડીએથી એટલે કે <u>*ઈલાહી આકર્ષણ*</u> ના માર્ગ થકી ચલાવ્યા છે અને આ રીતે આ ઓછી મશહુર કેડી તેઓના તરીકામાં મશહુર અને ધોરીમાર્ગ સમાન બની ગઈ છે, અને આ કેડી વડે તેઓ મુરીદો અને તાલીબોને મતલુબ(અલ્લાહ ત્આલા)સુધી ખેંચી ખેંચીને લઈ જાય છે અને માટે જ આ તરીકાના મુરીદો અને તાલીબોમાં અલહમ્દોલીલ્લાહ, આજે પણ આ જઝબારૂપી કૈફીયત જોવા મળે છે. ખાસ કરીને આ કિતાબના લેખક તેમજ મારા પીરો મુર્શીદ કીબ્લાના મુરીદો અને તાલીબોમાં આ કૈફીયત આજે આ હળાહળ જુલ્માતના યુગમાં પણ પ્રચુર માત્રામાં જોવા મળે છે, જેના અનુસંધાને લોકો નીત-નવા તર્ક-વિતર્કો કરી રહ્યા છે. અને આપની મહેફીલમાં અવાર-નવાર આ સંબંધે સવાલો થતા રહે છે, જેના જવાબરૂપે આપે કેટલાક અવતરણો અને ખુલાસાઓ રજુ કર્યા હતા જેને અહીં કલમબંધ કરી લેવામાં આવ્યા છે અને તેને **મનકી આંખે ખોલ**...ના આ ચોથા ડગલાંરૂપે અહીં રજુ કરેલ છે, જેમાં <u>*જઝબાના માર્ગની હકીક્ત, ફઝીલત, કૈફીયત*</u> અને બુઝુર્ગોની મહેફીલમાં જોવા મળતી જઝબાની રંગતને કેટલાક અવતરણો અને પ્રશ્નોત્તરીરૂપે રજુ કરવામાં આવી છે, જેના વાંચન થકી તાલીબ આ માર્ગની ગુંચવણોને સમજી શકશે અને તે જ્યારે આ હાલાતોમાંથી પસાર થશે ત્યારે તે લાકોના એતરાઝો, ઠઠ્ઠા-મશ્કરીઓ કે મહેણાં-ટોણાઓથી ગભરાયા વગર અડગતા પુર્વક આ માર્ગને પાર કરી લેશે.

તો જ્યારે તાલીબ આ માર્ગ પર અડગતા પૂર્વક ચાલવા લાગ્યો તો તેને કેટલીક એવી નસિહતોની જરૂરત પડશે કે જે તેના માટે આ માર્ગ પર

ચાલવા માટે દીવા-દાંડીરૂપ હોય અને આવી નસીહતો તો વિશેષતઃ મક્તુબાતે ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)માં જ હોય શકે, કારણકે આપના *મક્તુબાત શરીફ* આ માર્ગના તાલીબો અને મુરીદો માટે સંપુર્ણ માર્ગદર્શીકા છે, માટે જ **મનકી આંખે ખોલ**..ના અંતિમ અને પાંચમાં ડગલાંમાં મક્તુબાતે ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)માં થી પસંદ કરેલા *૪૦ ઈર્શાદાતો* તેના ભાવાનુવાદ સાથે રજુ કર્યા છે કે જેના ઉપર અમલ કરીને તાલીબ આ માર્ગ પર સરળતાપૂર્વક પાર કરી શકશે. તેમજ આ પ્રકરણમાં એક મહત્ત્વના મુદ્દો **મુજદ્દીદે સદી અને મુજદ્દીદે અલ્ફ** એટલે કે સો(૧૦૦)વર્ષના મુજદ્દીદ અને હજાર(૧૦૦૦) વર્ષના મુજદ્દીદ વચ્ચેનો ફર્ક અને તેના પુરવાઓ પેટે ઘણી વિશદ ચર્ચા પ્રશ્નોત્તરીરૂપે રજુ કરી છે, કારણકે આજ-કાલ લોકો **મુજદ્દીદે અલ્ફ** (હજાર વર્ષના મુજદ્દીદ)અંગે ખુબજ અલ્પ જ્ઞાન ધરાવે છે અને કેટલાક તો પોતાની હસદ ખોરીને કારણે તેનો સ્પષ્ટ ઈન્કાર જ કરે છે માટે આ ચર્ચા અત્યંત જરૂરી હતી જેથી લોકો મુજદ્દીદે અલ્ફની મહાન શાનને ઓળખે તેમજ તેના ઈન્કારથી બચીને બંને જહાંનની સઆદતમંદી હાંસીલ કરે.

મજકુર કિતાબના પાંચ પ્રકરણો પુરાં થતા છેલ્લે હઝરત પીરો મુર્શીદ કીબ્લાના કહેવાથી આ કિતાબના હાર્દ સમાન અને નિચોડરૂપે એક પુરવણી પ્રકરણ **મનકી આંખે ખોલ**...ની પુરવણી એટલે કે **ખુદીથી દુર... ખુદાથી કરીબ...** એ નામે રજુ કરી છે, જેમાં પુરી કિતાબના નિચોડરૂપે સુલુક એલલ્લાહ ના માર્ગ (અલ્લાહનું સાનિધ્ય પ્રાપ્ત કરવાનો માર્ગ)ની નકશબંદીયાહ-મુજદ્દેદીયાહ તરીકા મુજબ પ્રાયોગીક છણાંવટ રજુ કરી છે, કારણકે મનુષ્યનું અંતિમ ધ્યેય અલ્લાહત્આલાનું સાનિધ્ય હાંસીલ કરવું છે જેના માટે તેણે ખુદી(અહ્મ)નો ત્યાગ કરવો પડશે, તો જ તે આ હેતુ ની પ્રાપ્તીમાં સફળતા મેળવશે. અને આ હેતુની પ્રાપ્તીના એક ભાગરૂપે સુફીવાદના વિવિધ તરીકાઓ(સિલસિલાઓ) અસ્તિત્ત્વમાં આવ્યા છે. અને આ દરેક તરીકાની સુલુક એલલ્લાહના માર્ગ પર ચાલવાની રીત-ભાત અલગ-અલગ છે, એટલે કે દરેક તરીકાના ઝીક-ફીક્રના તેમજ રિયાઝતો-મુજાહીદાના તરીકાઓ અલગ-અલગ છે જે પૈકી કોઈ એકની ઉપર પણ પોતાની અનુકૂળતા મુજબ અમલ કરીને બંદો આ સુલુક એલલ્લાહના માર્ગને પાર કરી શકે છે અને આ રીતે અલ્લાહત્આલાની કુર્બતરૂપી મહાન દૌલત વડે માલા-માલ થઈ શકે છે.

આમ, **મનકી આંખે ખોલ**...ના નામેથી પ્રકાશીત થઈ રહેલી આ નાની પુસ્તીકા વિશાળ રૂહાની રાજમાર્ગ પર માર્ગ મોકળો કરી રહી છે, જેનું વારંવારનું વાંચન વાંચકને જરૂર દિવ્ય દ્રષ્ટી અર્પણ કરશે તેમજ આ માર્ગ પર

ચાલવા માટે અનેરો ઉમંગ અને ઉત્સાહ(ઝૌકો શૌક) ઉત્પન્ન કરશે. અલ્લાહત્આલા જ દરેક વાતની તૌફીક આપનારો અને સૌથી વધુ જાણવા-સાંભળવાવાળો છે.

વાસ્તવિક્તા તો એ છે કે આ હકીરની કોઈ એવી લાયકાત કે હૈસીયત નથી કે આટલા મહાન પ્રકરણોનું સંકલન કરી શકે, પરંતુ આ માત્ર મારા પીરો મુર્શીદ કીબ્લાગાહીની નજરે ઈનાયત વડેજ અને આપના દિવ્ય માર્ગદર્શન થકીજ શક્ય બન્યું છે તેમજ આ કાર્યની અનેક કડીઓની શૃંખલા પૈકી એક કડીને પરીપુર્ણ કરવાનો પ્રયત્ન કર્યો છે. હજુ પણ આપની નજરે ઈનાયત વડે આ શૃંખલા આગળ ધપતી રહે એવી ઉમ્મીદ અલ્લાહત્આલાથી રાખું છું. આ સંદર્ભમાં માત્ર એટલું કહેવું જ કાફી છે કે,

મેરી તલબ ભી કિસી કે કરમ કા સદકા હૈ,
કદમ યે ઊઠતે નહીં ઊઠાયે જાતે હૈં.

અને આ સંકલનકાર્ય પાછળ આ હકીરની દ્રષ્ટી સમક્ષ બુઝુર્ગાને દીનના કેટલાક ફરમાનો પણ હતાં જે પૈકી હઝરત બાબા ફરીદુદ્દીન ગંજેશકર અજોધની(કુદ્દસ્સીર્રહુ)નું એ ફરમાન કે જે આપના મલ્ફુઝાત શરીફ *રાહતુલ્કોલુબ*માં છે, જેને સંગ્રહીત કરનાર આપના અગ્રેસર ખલીફા મહેબુબે ઈલાહી હઝરત ખ્વાજા નિઝામુદ્દીન ઔલીયા(કુદ્દસ્સીર્રહુ)છે તેમાં આપે કિતાબ *અબરારુલ્ઔલીયા* ના હવાલાથી નોંધ્યું છે કે, 'મુરીદ જ્યારે પોતાના પીરો મુર્શીદની જબાન મુબારકથી જે કંઈ સાંભળે અને તેને લખી લે તો લખેલા દરેક શબ્દના બદલે હજાર વરસની ઈબાદતનો સવાબ તેના નામાએ આમાલમાં લખવામાં આવે છે અને મૃત્યુ પછી તેનું ઠેકાણું આલા ઈલ્લીય્યીન (સર્વોચ્ચ મકામ)માં હશે.'

અને બીજું હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)ના અગ્રેસર ખલીફા કાશીકુલ્હકાઈક હઝરત અલ્લામા બદરૂદ્દીન સરહીંદી(કુદ્દસ્સીર્રહુ) એ પોતાની કિતાબ *હઝરાતુલ્કુદ્દસ* ના પ્રથમ દફતરમાં સૈયદુત્તાએફા હઝરત જુનૈદે બગદાદી(કુદ્દસ્સીર્રહુ)નું એ ફરમાન નોંધ્યું છે જેમાં આપ ફર્માવે છે કે, 'મુરીદના માટે પીરોનો કલામ વાંચવા, લખવા, અને સાંભળવા માં ઘણાંજ ફાયદાઓ છે કે જેની કોઈ હદ નથી. તેઓનો કલામ અલ્લાહત્આલાના લશ્કરો પૈકી એક લશ્કર છે. જ્યારે મુરીદ બધા તરફથી નાઉમ્મીદ થઈને અલ્લાહત્આલાના લશ્કરોની મદદ વડે મજબુત દીલવાળો થઈ જાય છે તો તે પોતાના કાર્યમાં સારી રીતે પ્રવૃત્તિમય થઈ જાય છે તેમજ તેને હૃદયની વિશાળતા અને આહ્લાદકશાંતીનો અનુભવ થાય છે અને તે અભીમાન તેમજ અહમ્રૂપી બિમારીથી પવિત્ર થઈ જાય છે.'

તેમજ મજકુર કિતાબમાં આગળ નોંધ્યું છે કે,‘ જે શખ્સ પોતાના સિલસિલાના પીરોના હાલાતો, ઈર્શાદાતો, મકામાતો, તેમજ કરામાતો નોંધે તો દરેક શબ્દ બદલ ૭૦ - ૭૦ નેકીઓ તેના આમાલનામામાં લખવામાં આવે છે.’ તો આ રીતે આ મહાન બુઝુર્ગોના ફરમાન ઉપર અમલ હાંસીલ થઇ જાય અને આ હકીર માટે બખ્શીશ તેમજ રહેમતનું કારણ બની જાય.

અંતમાં, આ કિતાબ છપાવવા પેટે આર્થીક, શારીરીક અને માનસીક તેમ દરેક રીતે મદદ કરનારા તમામ હીંદુ-મુસ્લીમ નામી-અનામી ભાઇઓના અમે અંતઃકરણપૂર્વક આભારી છીએ. અને ખાસ એ વિરોધી ભાઇઓના આભારી છીએ કે જેમના વિરોધ થકી **જઝબાહ્** વિશે સંપુર્ણ સંશોધન કરીને અમે તેને કિતાબ સ્વરૂપે રજુ કરી શક્યા, ***કારણકે દરેક વિરોધી વસ્તુમાંથીજ તેની વિરોધી વસ્તુનું પ્રગટીકરણ થાય છે એ જ રીતે અહીં જઝબાહ્ના વિરોધમાંથી જ તેના સમર્થનની દલીલોનું પ્રગટી કરણ થયું છે.***

તેમજ સ્વભુલોને જાણવા માટે હઝરત ઈમામ મોહંમદ ગીઝાલી (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ ત્રણ આધારો રજુ કર્યા છે :-*(૧) આરીફે રબ્બાની (કામીલ પીર) *(૨) ઉલ્માએ હક્કાની *(૩)વિરોધી વ્યક્તિઓ. આપ ફર્માવે છે કે, ‘તારી સોહબત એવા *આરીફે રબ્બાની* સાથે હોવી જોઇએ કે જે તને તારી ભુલો દર્શાવે અને તેમ ન થાય તો એવા *આલીમે હક્કાની* ની દોસ્તી કર કે જે તને તારી ભુલો દર્શાવે અને જો તે પણ શક્ય ન હોય તો છેલ્લે તારા *વિરોધી*ઓની ટીકાઓ પર ધ્યાન આપ જરૂર તારી અંદર કોઇ અવગુણ હશે જે તારા વિરોધીઓને દેખાશે અને તે તેની પર ટીકા કરશે ત્યારે તું તેમની ટીકાને ન ઠુકરાવતાં તેની ઉપર સંશોધન કર.’

અમે પણ આ જ રીતે ટીકાકારોની ટીકાઓ થકી જ જઝબાહ્ વિશેની આ સમગ્ર સામગ્રી એકઠી કરી શક્યા અને એટલા માટે અંતઃકરણપુર્વક દુઆ છે કે, અલ્લાહત્આલા આ જાતના વિરોધીઓને પણ તેઓના વિરોધ પેટે જઝાએ ખૈર અતા ફર્માવી આ કિતાબને સંપૂર્ણ પણે વાંચવાની તૌફીક અતા ફર્માવે જેથી તેઓની **મનરૂપી આંખ** ખુલે..આમીન, સુમ્મા આમીન...

પરંતુ જે રીતે સુર્યોદયની સાથે પ્રકાશ ફેલાતા ચામાચીડીયું આંધળું થઇ જાય છે એ જ રીતે આ જઝબાહરૂપી હકીકતનો રૂહાની પ્રકાશ ફેલાતા આ હસદખોર ચામાચીડીયા જો આંધળા થઇ જાય તો પછી,

“ફી કોલુબેહીમ મરદુન ફઝાદહોમુલ્લાહો મરદા.”

(**અર્થાત્** :- તેઓના દીલોમાં(હસદરૂપી)બિમારી હતી અલ્લાહ ત્આલાએ તેની બીમારીમાં વધારો કર્યો) આ ફર્માને ઈલાહીના તેઓ હક્કદાર

છે અને અલ્લાહત્આલા જ જેની બિમારીમાં વધારો કરે છે તે અસાધ્ય બિમારીમાં સપડાય જાય છે. (અલ્લાહત્આલાની પનાહ)

આ કિતાબનું વાંચન કરતા પહેલાં હું વાંચકોને વિનંતી કરીશ કે કિતાબનું વાંચન શક્ય હોય ત્યાં સુધી વુઝુ સાથે રહીને જ કરે અને જ્યારે વાંચન શરૂ કરે તો હુઝુર નબીએ પાક સાહીબે લૌલાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની બારગાહ શરીફમાં ત્રણ ***કુલહોવલ્લાહ શરીફ*** પઢીને નઝરાણું પેશ કરે, જેથી આપના રૂહાની ફૈઝ વડે આ કિતાબોના બારીક ભેદોને અને મર્મોને સમજી શકાય. આ કિતાબનું ધ્યાનપૂર્વક વાંચન કરતાં વાંચક વર્ગને કિતાબમાં કોઇ ભુલ દેખાય કે સલાહ - સુચનો આપવા હોય તો પોતાનું નામ, સંપૂર્ણ એડ્રેસ અને ફોન નં. સાથે અમને લેખિતમાં જાણ કરી આભારી કરવા જેથી દ્વીતિય એડીશનમાં સુધારો કરી શકાય.

અંદર રજુ કરેલી કિતાબોના અવતરણો અને સંદર્ભો જોઇ તપાસીને લખ્યા છે તથા કિતાબો પણ અમારી લાયબ્રેરીમાં મૌજુદ છે, જેને જ્યારે પણ અસલ કિતાબો જોવી હોય તો અમે તેને અંતઃકરણ પુર્વક આમંત્રણ પાઠવીએ છીએ.

દીલ કે નુકુસ હૈ ઈન્હે રખના સંભાલ કે,
કાગઝ પે રખ દીયા હૈ કલેજા નીકાલ કે.

અંતમા રબ્બુલ ઇઝઝતની બારગાહમાં એ જ દુઆ છેકે તે મૈદાને હશ્રમાં પોતાના ઔલીયાએ કામેલીનના ફર્માનોની પવિત્ર યાદના સદકામાં આપણા સૌની લાજ સલામત રાખે અને ભુલ-ચુક દરગુજર ફર્માવે. આમીન...બજાહે સૈયદુલ્મુર્સલીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.

નાચીઝ,કમતરીન ગુલામે દુર્વેશાં,
ડો. મો.ફારૂક જી. અલીયાણી
કાદરી, નકશબંદી-મુજદ્દેદી
(લાઠીવાળા)

ભાવનગર -૩૬૪ ૦૦૧
સંપર્ક : ૦૯૯૨૫૮ ૪૫૫૩૫

મુર્શીદ હે શાહબાઝ ઈલાહી,
રલયા સંગ હબીબાં હુ,
તકદીર ઈલાહી છીક્કીયાં ડોરાં,
મીલસી નાલ નસીબાં હુ,
કોઢ્યાં દે દુઃખ દુર કરેંદા,
કરે શફા મરીઝાં હુ,
હર ઈક મરઝ દા દારૂ તું હે,
ધત ન વરસ તબીબાં હુ.

હઝરત સુલ્તાન બાહુ કાદરી (ત્રેમતુલ્લાહ અલયહ)

(અર્થઘટન :- મુર્શીદ અલ્લાહત્આલાનો શાહીગરૂડ છે જે હુઝુરના રંગે રંગાયેલો અને અતિ ઉચ્ચ મકામ પર પરવાઝ કરે છે, જ્યારે અલ્લાહત્આલા કિસ્મતની લગામ ખેંચે છે ત્યારે જ આવો મુર્શીદ કામીલ પ્રાપ્ત થાય છે જે કોઢીયોને કોઢથી નજાત આપે છે અને બિમારોને તંદુરસ્તી અર્પણ કરે છે. હે મુર્શીદ ! દરેક બિમારીની દવા તું જ છે હવે મને દુનિયાના હકિમોને હવાલે ન કરજે.)

મનકી આંખે ખોલ...

(૧)

“અશ્કે નદામત”

એટલે કે

તૌબાહ્‌ની ફઝીલતઅને હકીકત

“ મા મીન શયઈન અહબ્બો ઈલલ્લાહ મીન શબાબીન તાઈબ”

(અલ - હદીષ)

(અર્થાત્ઃ- યૌવાનકાળમાં તૌબાહ્ કરનારથી વધીને કોઈ વસ્તુ અલ્લાહને પ્રિય નથી)

ઈબાદત પર તૌબાહ્‌ની અગ્રતા અને તેની જરૂરત

નહ્‌મદોહુ વ નુસલ્લી અલા રસુલેહીલ કરીમ. અમ્મા બાદ કાલલ્લાહો તબારક વ ત્આલા ફીલ્કુર્આનીહીલ્અઝીમ ફઅઉઝો બીલ્લાહે મીનશ્શયતાનિર્રજીમ. બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ...

..................અત્તાએબુનલ્આબેદુન

ઈબાદતમાં મશગુલ થવાથી પહેલાં તારા પર પ્રથમ ફરજ છે કે તું તારા ગુનાહોથી તૌબાહ્ કર, કારણકે આ આયતેપાકમાં તૌબાહ્‌નો ઉલ્લેખ ઈબાદતથી પહેલાં કરવામાં આવ્યો છે, અને બે કારણોસર તૌબાહ્ જરૂરી છે :-

*(૧) તૌબાહ્‌નાં કારણે તમને ખુદા અને ખુદાના રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ઈતાઅ્ત(અનુસરણ)ની તૌફીક નસીબ થાય છે, કારણકે ગુનાહોની ખરાબ અસર બંદાને ઈતાઅ્ત અને ઈબાદતથી રોકે છે, અને તેની ઉપર ઝીલ્લત તેમજ રૂસ્વાઈ ઠોકી બેસાડે છે. ખાત્રી રાખો કે ગુનાહ એક એવી ઝંજીર છે જે બંદાને ઈતાઅ્ત તેમજ નેકીના રસ્તાથી રોકી દે છે અને ગુનાહોનાં હોવાનાં કારણે સારા અને નેક કામોમાં જલ્દી નથી થઈ શક્તી, કારણકે ગુનાહની ખરાબ અસર અને ભાર નેકીઓનાં સુકુન, શાંતી અને આનંદ ને પૈદા થવા નથી દેતો તેમજ ગુનાહો પર કાયમ તથા અડગ રહેવું દિલને કાળુ કરી દે છે. આ જ રીતે મનુષ્ય કઠોર હૃદયનો થઈ જાય છે અને ગુનાહોનાં અંધકારમાં ફસાઈ જાય છે, ન આવા ઈન્સાનમાં ખુલુસ (નિખાલસતા) પૈદા થાય છે કે ન તો દિલની સફાઈ અને ન તો ઈબાદતોમાં લીઝ્ઝત અને મીઠાશ પૈદા થાય છે.

જે વ્યક્તિ ગુનાહોથી તૌબાહ્ નથી કરતી ગુનાહ તેને ધીમે-ધીમે કુફ્ર સુધી દોરી જશે. સિવાય કે ખુદાનો ફઝલ હોય અને એ વ્યક્તિ માટે તાઅ્જ્જુબકે આવી ખરાબી અને કઠોરતા હોવા છતાં, તેને ઈતાઅ્તે ઈલાહીની તૌફીક કંઈ રીતે મળી શકે ?!? ગુનાહો પર અડગ, કાયમ રહેનારી વ્યક્તિ ઈતાઅ્તે ઈલાહીનો દાવો કઈ રીતે કરી શકે છે? ખિલાફે શરીઅ્ત કાર્યો અપનાવવા છતાં ઈબાદ્તે ખુદાવંદી કેવી રીતે બજાવી શકે છે? આ જ રીતે જે વ્યક્તિ ગુનાહોની ગંદગી અને નજાસત(ખરાબી)થી ભરેલો હોય તે અલ્લાહત્આલાની મુનાઝાત (ગુણ સંબંધી તારીફો)કાકલુદીનો કુર્બ, નિકટતા કેવી રીતે પ્રાપ્ત કરી શકે છે? માટે જ નબીએ કરીમ (સલલ્લાહો અલયહે વસલ્લમે)ફર્માવ્યું છે કે, "<u>જ્યારે ઈન્સાન ખોટું બોલે છે તો બંને ફરીશ્તા ક્રિામીન અને કાતેબીન તે અસત્યતાની દુર્ગંધથી અલગ થઈ જાય છે.</u>"

ઉપરાંત અસત્ય અને નિંદાના હોવા છતાં જીભ ઝીક્રે ઈલાહી ને લાયક

કઈ રીતે થઈ શકે છે ? એટલા માટે જ ગુનાહો પર અડગ રહેવાથી માણસને નેક કામોની તૌફીક મળવી બહુ જ મુશ્કેલ છે, અને ઈબાદત કરતી વખતે એવી વ્યક્તિના અવયવોને ચુસ્તી અને સુકુન પણ નથી મળતું. એવી વ્યક્તિ જો કાંઈ ટૂટી-ફૂટી ઈબાદત કરશે તોતે પણ મહેનતની સાથે હશે અને એવી ઈબાદ્તમાં લીઝ્ઝત અને પૂર્ણતા નહીં હોય. <u>આ સર્વ કાંઈ ગુનાહોની ગંદી અસર અને તૌબાહ્ ન કરવાને કારણે છે</u>. એક વ્યક્તિ એ સાચું કહ્યું છે કે, "જો તું રાત્રે તહ્‌જ્જુદની નમાઝ પઢવાની અને દિવસે રોઝા રાખવાની શક્તિ નથી રાખતો તો સમજી લેકે તું મનહુસ થઈ ચૂક્યો છે અને ગુનાહોની ગંદી અસર તારા પર સવાર થઈ ચૂકી છે."

*(૨) તૌબાહ્ કરવી જરૂરી હોવાનું બીજું કારણ એ છે કે તૌબાહ્ વગર ઈબાદત ક્બૂલ થતી નથી, જેવી રીતે લેણદારનું દેવું ચુકવવાથી પહેલાં એની સામે ભેટ-સોગાદો કાંઈ મહત્ત્વ ધરાવતી નથી અને ન તેને ક્બૂલ કરે છે, તેવી જ રીતે પહેલા ગુનાહોની તૌબાહ્ જરૂરી છે ત્યાર બાદ અન્ય નફલ ઈબાદતો. આ જ રીતે જેના સિરે ફર્ઝ બાકી હોય તેની નફલ ઈબાદતો કેમ ક્બૂલ થાય? એ જ રીતે કોઈ હરામ અને મનાઈ કરેલા કાર્યોને ન છોડે, પરંતુ હલાલ અને મુબાહ ચીજોમાં પરહેઝ કરે, તકેદારી રાખે તો એનો આવો પરહેઝ શું અર્થ રાખે છે? જેનાથી ખુદાત્આલા નારાઝ અને ક્રોધીત હોય તે વ્યક્તિ ખુદાત્આલાની બારગાહમાં માન્ય અને તેની સના-વખાણ કરવાને યોગ્ય કેમ થઈ શકેછે? ગુનાહો પર આચરણ કરનારની આવી જ હાલત હોય છે.

તૌબતુન્નસુહની વ્યાખ્યા

પ્રશ્ન :- ***<u>તૌબતુન્નસુહા</u>*** *એટલે કે પરીપૂર્ણ-અસરકારક તૌબાહ્ નો અર્થ અને હકીકત શું છે? અને બંદાએ શું કરવું જોઈએ કે જેનાથી તેના સઘળા ગુનાહ માફ થઈ જાય?*

જવાબ :- દિલના કાર્યોમાંથી એક કાર્ય તૌબાહ્ છે. આલીમોનાં બહુમતી અને વિસ્તૃત વર્ગે એના વિવરણમાં કહ્યું છે કે, **<u>તનઝીહુલ્કલ્બે અનીઝઝ્‌ન્મબે</u>** એટલે કે <u>દિલને ગુનાહોથી પાક કરવું એટલે જ પરીપૂર્ણ અને અસરકારક તૌબાહ્</u> અને હઝરત ઈમામ મોહંમદ ગીઝાલી(રદીઅલ્લાહો ત્આલા અન્હો)ના પીરો મુર્શીદ હઝરત બૂઅલી ફારમદી(રહેમતુલ્લાહઅલયહ)એ તૌબાહ્ વિશે કહ્યું કે, "ભવિષ્યમાં એવા ગુનાહને ત્યાગવાની નિય્યત કરવી, જેવો ગુનાહ પહેલાં થઈ ચૂક્યો હોય અને આ ત્યાગ ફક્ત અલ્લાહત્આલાની તાઅ્ઝીમ અને તેની નારાઝગીની બીકના કારણે હોય, તેનું નામ તૌબાહ્ છે." આમ હઝરત બુઅલી ફારમદી(રહેમતુલ્લાહ અલયહ)ના કથનાનુસાર

તૌબાહ્ ની ચાર શરતો છે...
(૧) ગુનાહ છોડી દેવાનો નિશ્ચય. (૨) જે ગુનાહથી તૌબાહ્ કરે છે તેવો ગુનાહ પહેલાં ક્યારેક થઇ ચૂક્યો હોય. (૩) જે ગુનાહ ની તૌબાહ્ કરી રહ્યો છે, તે ગુનાહ દેખાવમાં નહીં પરંતુ દરજ્જા, કક્ષા કે રૂત્બામાં પહેલાં થઇ ચૂકેલા ગુનાહ જેવો હોય. અને (૪) ગુનાહ થી તૌબાહ ફક્ત અલ્લાહના ડરના કારણે હોય.

(૧) ગુનાહ છોડી દેવાનો નિશ્ચય :–

ગુનાહ છોડી દેવાનો નિશ્ચય કરવાનો અર્થ એ છે કે, પોતાના દિલને એ નિય્યત પર મક્કમ અને મજબુત કરી લે કે હવે ક્યારેય ગુનાહોંની તરફ ફર્વામાં નહીં આવે. જો કોઇ વ્યક્તિ ગુનાહના કાર્યો તો છોડી દે, પરંતુ દિલમાં વિચાર હોય કે ક્યારેક કયારેક કરીશ અથવા પહેલાંથીજ ગુનાહ છોડવાનો ઈરાદો કાચો-ડામાડોળ હોય તો એવી વ્યક્તિ સમયાંતરે પુનઃ ગુનાહોમાં ગરક થઇ જાય છે. આવી વ્યક્તિ અમુક સમય સુધી ગુનાહો થી અટકી જાય છે, પરંતુ તેને <u>તાઇબ</u> એટલે કે <u>તૌબાહ્ કરનાર</u> નહીં કહી શકાય.

(૨) પહેલાં આવો ગુનાહ થઈ ચૂક્યો હોય :–

જે ગુનાહની તૌબાહ્ કરે છે, તે પ્રકારનો ગુનાહ પહેલાં તેનાથી થઇ ચૂક્યો હોવો જોઈએ, કારણકે જેનાંથી પહેલાં આવો ગુનાહ નથી થયો, પરંતુ ભવિષ્યમાં એનાથી બચે તો એવી વ્યક્તિ <u>*તાઇબ*</u> નહીં પરંતુ <u>**મુત્તકી**</u> (પરહેઝ-ગાર)કહેવાશે. આથી જ હઝરત સયૈદના સીદ્દીકે અકબર (રદીયલ્લાહો ત્આલા અન્હો)ને કુફ્રથી બચનાર તો કહી શકીએ પરંતુ કુફ્રથી તૌબાહ્ કરનાર કહીં શકશું નહીં, કારણકે મઆ્ઝલ્લાહ, કુફ્ર તો ક્યારેય પણ આપનાથી સાદર નથી થયું અને હઝરત ઉમર(રદીયલ્લાહો ત્આલા અન્હો)ને કુફ્રથી તૌબાહ્ કરનાર કહીં શકશું, કારણકે આપ ઇમાન લાવવાથી પહેલાં કુફ્રની હાલતમાં રહી ચૂક્યા છે.

(૩) ગુનાહ સ્તરમાં પહેલાં જેવો હોય :–

જે ગુનાહથી <u>*તાઇબ*</u> તૌબાહ્ કરી રહ્યો છે, તે ગુનાહની કક્ષામાં પહેલાંનાં ગુનાહ જેવો હોય ન કે દેખાવમાં શું આપને જાણ નથી કે જે કમજોર, અશક્તવૃદ્ધે યુવાનીમાં વ્યભિચાર કે ડકૈતી કરેલી હોય, તે હવે આ વૃધ્ધા-વસ્થામાં તૌબાહ્ તો કરી શકે છે કારણકે તૌબાહ્નો દરવાજો બંધ નથી થયો, પરંતુ હવે વૃધ્ધાવસ્થા અને અશક્તિના કારણે તેને વ્યભિચાર કે ડકૈતી ને ત્યજનાર કહીં શકાય નહીં, કારણકે હવે અમલની રીતે તે આ ગુનાહ કરી શકતો નથી માટેએમ કહી શકાય કે, હવે તે ધાડપાડવાને કે વ્યભિચારને છોડી રહ્યો છે કે તેનાથી રોકાઇ રહ્યો છે. કારણકે હવે તે એનાથી લાચાર થઇ ગયો

છે, પરંતુ આ સમયે પણ તે બીજા હરામ કામ કરી શકે છે જેવા કે તહોમત મૂક્વી, નિંદા, ચૂગલી કરવી વગેરે. જોકે આ ગુનાહોનો પ્રકાર અલગ છે, પરંતુ મર્તબામાં એક જ પ્રકારના છે, તો જે લાચારે તૌબાહ્ કરી જેમ કે વૃદ્ધે વ્યભિચાર કે ધાડ પાડવાથી તો આ તૌબાહ્ વાસ્તવિક તૌબાહ્ નથી પરંતુ દંભિક કે અવાસ્તવિક કહવાશે.

(૪) તૌબાહ અલ્લાહત્આલાનીબીક નાં કારણે હોય

જો તાઇબ તૌબાહ્ કરેછે, તો તે ફક્ત અલ્લાહત્આલા ની તાઅ્ઝીમ માટે, તેના દર્દનાક અઝાબને લીધે હોવી જોઇએ. કોઇ દુન્યવી ગરજ કે લોકોની બીકથી કે પોતાના વખાણ થાય એવી નિય્યતથી કે હું લોકોમાં પ્રખ્યાત થઇ જઇશ અથવા લાચારી કે કમજોરીથી કે હવે આ ગુનાહ મારાથી નહીં થાય માટે અથવા દુન્યવી અડચણોનાં કારણે ન હોવી જોઇએ. કેવળ અને કેવળ ખુદાની ખુશનુદી માટે જ હોવી જોઇએ.

જ્યારે તૌબાહ્નાં આ અરકાન અને શર્તો જોવામાં આવશે ત્યારે તૌબાહ્ સંપૂર્ણ રીતે થશે, અને તેને સાચી તૌબાહ્ અર્થાત્ <u>*તૌબા-એ-સાદીક*</u> કહેવાશે.

તૌબહ્ની પૂર્વ શરતો

પ્રશ્ન :– *શું તૌબાહ્ કરનાર માટે તૌબાહ્થી પહેલાં કોઈ વાત જરૂરી છે. ?*

ઉત્તર :– હા, તૌબાહ્ કરનાર માટે તૌબાહ્થી પહેલાં ત્રણ વાતો જરૂરી છે, જેને તૌબાહ્ની પૂર્વ શરત કહેવામાં આવે છે.

પ્રશ્ન :– *મહેરબાની કરીને તૌબાહ્ની તે ત્રણેય પૂર્વ-શરતોસમજાવો.*

ઉત્તર :– તૌબાહ્ની પૂર્વ શરતોમાં (૧) એ કે પોતાના ગુનાહને ખૂબજ ખરાબ કાર્ય ગણે (૨) એકે અલ્લાહના અઝાબની મજબૂત પકડ અને તેના ગઝબની શક્તિને દિલમાં જાહેર કરે અને (૩) એ કે પોતાની કમજોરી અને ગુનાહો વિશેની પોતાની બેહયાઇને મહેસુસ અને કબૂલ કરે.

કારણકે જે વ્યક્તિ સુરજના તાપને સહન નથી કરી શકતો તે દોઝખની સખ્ત ગરમીને કેવી રીતે સહન કરશે? જે ચોંકીદારની થપ્પડ સહન નથી કરી શકતો તે જહન્નમનાં ફરિશ્તાઓની માર કેમ કરીને સહન કરશે? જે કીડીનાં ડંખને સહન નથી કરી શકતો તે તે જહન્નમનાં ખૂબજ ઝેરીલા વીંછી અને સર્પોના દુઃખને કેમ સહન કરશે? દોઝખમાં વીંછી ખચ્ચર જેટલા વિશાળકાય હશે અને ત્યાંના સાપ ઊંટની ગરદન જેટલા મોટા હશે અને તે સમયે તે ગઝબ અને ગુસ્સાના સ્થળમાં રાખવામાં આવ્યા હશે. જો તમે આ ભયજનક વાતોને યાદ રાખશો અને દરરોજ રાત-દિવસમાં કોઇપણ સમયે તેની યાદ તાજી

કરતાં રહેશો તો જરૂર તમારા દિલમાં ખૌફે-ખુદા પૈદા થઇ જશે, જેનાથી તમને ખાલીસ તૌબાહ્ નસીબ થશે.

પ્રશ્ન :– *તૌબાહ્ની જે શરતો આપે વર્ણવી એનો હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) કોઇ ઉલ્લેખ નથી ર્ક્યો ?*

ઉત્તર:– ***ઈબ્ને માજા શરીફ*** **ની એક હદીષમાં છે કે, ''*અન્નદમો તૌબાહ*'' પ્રશ્ચાતાપ એટલે કે ગુનાહો પર શરમાવું તૌબાહ્ છે અને ગુનાહો પર શરમીંદગી ત્રણ કારણોસર પૈદા થાય છે (૧) અલ્લાહની પકડ અને તેની સજાનો ડર દિલ પર છવાય જાય (૨) તેની નેઅ્મત અને ઇન્આ્મ પ્રાપ્ત કરવાની તલબ-ઇચ્છા અને નાફરમાનીનાં કારણે એનાંથી વંચિત રહેવાનો ડર અને (૩) અલ્લાહથી શરમાવું કે તે પોતાના હાલથી વાકેફ છે અને એક દિવસ તેની સમક્ષ હાજર થવાનું છે, બસ સાબીત થયું કે હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ઉપરોક્ત્ત હદીષમાં તૌબાહ્ની ત્રણેય શરતો વર્ણવી દીધી છે.**

પ્રશ્ન :– *જેમ તૌબાહ્ પૂર્વની ત્રણ શર્તો આપે જણાવી, તેમ તૌબાહ્ પ્રશ્ચાત પણ કોઈ વાતો જરૂરી છે કે જેનાથી તૌબાહ્ પરીપૂર્ણ થાય છે તેમજ તૌબાહ્ તેના સાચા અર્થમાં જળવાઈ રહે છે?*

ઉત્તર :– હા, તૌબાહ્ કરવા બાદ બે વાતો જરૂરી છે, જેનાથી તૌબાહ્ પરીપૂર્ણ થાય છે. (૧) તૌબાહ્ પછી તમામ નાનાં-મોટા ગુનાહોથી બચવું અને (૨) ઈબાદત અને સામાજીક કાર્યોના સંબંધે અદાયગી કરવી.

પ્રશ્ન :– *એ કેમ શક્ય છે કે ઈન્સાનથી નાના-મોટા એટલે કે સગીરા-કબીરા ગુનાહ થાય જ નહીં?*

ઉત્તર :– એ દરજ્જા પર પહોંચવું કે ઈન્સાનથી સગીરા-કબીરા ગુનાહ થાય જ નહીં એ શક્ય છે, અશક્ય નથી. એટલું જ નહીં પરંતુ અલ્લાહત્આલાની તૌફીક જેના સાથે ભળે તેના માટે સરળ પણ છે. અલ્લાહત્આલા જેને ઈચ્છે તેને પોતાની રહેમતના સાથે ખાસ કરી લે છે.

પ્રશ્ન :– *ઈબાદત અને મામલાત(સામાજીક કાર્યો)ના મામલામાં અદાયગી કેવી રીતે?*

ઉત્તર :– ઈબાદતમાં અદાયગી એ રીતે કે છુટેલી ફર્ઝો અને વાજીબ ઈબાદતોની કઝા કરે અને મામલાત(સામાજીક સંબંધો-બંદાના હક્કો)ના મામલામાં અદાયગી એ રીતે કરેકે જે ઈન્સાનનો દોષ હોય તેનાથી માફી માંગે.

પ્રશ્ન :– *તૌબાહ્થી પહેલા જે ગુનાહ થઈ ચૂક્યો છે તેનું શું?*

ઉત્તર :– જ્યારે *તાઈબ* તૌબાહ્ કરે છે તો અલ્લાહત્આલા પોતાના કરમથી તેના સઘળા ગુનાહોને માફ કરી દે છે. એક રિવાયત છે કે, ''જ્યારે

બંદો પોતાના ગુનાહોથી તૌબાહ્ કરે છે તો અલ્લાહત્આલા એનાં રક્ષક ફરિશ્તાઓથી, તેના શરીરના પ્રત્યેક અંગોથી અને જમીનના તે ટુકડાઓથી જેના પર તેણે ગુનાહ કર્યો છે,પ્રત્યેક જગ્યાએથી અને પ્રત્યેક સાક્ષીથી તે ગુનેહગારના ગુનાહને મીટાવી દે છે, ત્યાં સુધી કે તાઈબ ક્યામતના દિવસે અલ્લાહત્આલા સમક્ષ હાજર થશે ત્યારે એના ગુનાહની સાક્ષી આપનાર કોઈનહીં હોય!'' એક રિવાયતમાં હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ફર્માવ્યું છે કે,''*અત્તાઈબો મીનઝઝમ્બે કમલ્લા ઝમ્બહુ.*'' (અર્થાત્:- ગુનાહોથી તૌબાહ્ કરનારો બેગુનાહ જેવો જ છે) બીજી એક હદીષમાં છે કે, ''*મામીન શયઈન અહબ્બો ઈલલ્લાહ મીન શબાબીન તાઈબ.*'' (અર્થાતઃ- યૌવનકાળમાં તૌબાહ્ કરનારથી વધીને કોઇ વસ્તુ અલ્લાહત્આલાને પ્રિય નથી.

પ્રશ્ન :– *અમુક લોકોની માન્યતા એવી છેકે, અમને અમારા નફસ પર ભરોસો નથી, કદાચ તૌબાહ્ પછી ગુનાહથી ન બચાય અને તૌબાહ્ પછી તેની પર સાબિત કદમ રહેવાય કે ન રહેવાય માટે તૌબાહ્ કરવાથી શું ફાયદો?*

ઉત્તર :– આવી માન્યતા એ સરાસર શૈતાનનો ધોખો અને ફરેબ છે, કારણકે તમે કેમ જાણ્યું કે તૌબાહ્ પછી ચોક્કસ તમારાથી ગુનાહ થશે જ? શક્ય છે કે, તૌબાહ્ કરવા પછી તરત જ તમને મૃત્યુ આંબી જાય અને ફરી ગુનાહ કરવાની તક જ ન મળે. બાકી એ વહેમ છે કે, કદાચ ફરી ગુનાહ થઈ જાય. એનો કોઇ ભરોસો નથી. તમારા માટે માત્ર એટલું જ જરૂરી છે કે, તૌબાહ્ કરતી વખતે ભવિષ્યમાં ગુનાહ છોડવાનો સાચો અને પાકો ઈરાદો હોય બાકી એ ઈરાદા પરની અટલતા અને અડગતા મળવી ખુદાના તરફથી છે; એ કામ ખુદાનું છે અને જો તમે એ ઈરાદા પર ખુદાના ફઝલથી અડગ અને કાયમ રહ્યા તો એ જ ધ્યેય છે; અને જો તમે એ ઈરાદા પર કાયમ ન રહ્યા તો પણ તમારા પહેલાં ગુનાહોથી તો તમને મુક્તિ મળી જ ગઈ! તમારા પહેલાંના ગુનાહ તો માફ થઈ જ ગયા! તૌબાહ્ પછીના કોઇ ગુનાહ થયા તો બસ એ જ ગુનાહ તમારા શિરે છે; તો પહેલાંના ગુનાહ માફ થઈ જવા એ નફો છે, તો તૌબાહ્ કરવાથી ન અટકો અને ફરીથી ગુનાહ થઈ જશે એ વાત તો એક જાતનો વહેમ છે; જેના કારણે આ દૌલતથી વંચિત ન રહો.

કશ્ફૂલ મેહજુબ **નામની કિતાબમાં હજરત દાતા ગંજબખ્શ લાહૌરી અલી હુજ્વૈરી (રહેમતુલ્લાહ અલયહ)લખે છે કે, ''એક શૈખનું બયાન છે કે, મેં જે ગુનાહ થી તૌબાહ્ કરી તે ગુનાહ મારાથી વારંવાર થતો રહ્યો ત્યાં સુધી કે સીત્તેરવાર મારી તૌબાહ્ તુટી અને એકોત્તેરમી વખત તૌબાહ્ કર્યા પછી મને ઈસ્તિકામત, અડગતા અને અટલતા પ્રાપ્ત થઈ.''**

હજરત અબુ ઉમર જુનૈદ (રહેમતુલ્લાહ અલયહ) ફર્માવે છે કે, "મેં પ્રથમ હઝરત અબુ ઉસ્માની હીરીની મજલીસમાં તૌબાહ્ કરી, પરંતુ થોડાજ દિવસોમાં દીલમા તે ગુનાહની ઈચ્છા પૈદા થઇ અને તૌબાહ્ તુટી ગઇ પુનઃ ગુનાહમાં સંડોવાય ગયો. ત્યાર બાદ પોતાના પીરની સોહબતથી ભાગતો રહ્યો ત્યાં સુધી કે ક્યારેક તેઓને દુરથી આવતો જોઇ લેતો તો ભાગી જતો કે ક્યાંક તેઓ મને જોઇ ન જાય, પરંતુ એક દિવસ અચાનક મારી તેઓથી મુલાકાત થઇ ગઇ. તેમણે કહ્યું, "બેટા, તું પોતાના દુશ્મનથી સોહબત ન રાખ. તેઓ ઈચ્છે છે કે, તું બદતર થતો જાય માટે તું ગુનાહ કરે છે, તો તેઓ ખુશ થાય છે અને તું ગુનાહથી બચે છે તો તે લોકને દુઃખ થાય છે. તું મારી પાસે આવ કે હું તારી બલાઓ ઊઠાવું અને તું પોતાના દુશ્મનોના મકસદોને પૂર્ણ કરવાથી બચી જાય." જુનૈદ ફર્માવે છે કે, "ત્યાર બાદ મારા દિલમાં ગુનાહોથી નફરત ભરાઇ ગઇ અને મારી તૌબાહ્ પાકી થઇ ગઇ."

સાબીત થયું કે, તૌબાહ્ પર કાયમ રહેવાની શક્તિ અલ્લાહ આપશે. તમારૂં કામ છે ફક્ત તૌબાહ્ કરવી. સાચી ખાલીસ તૌબાહ્થી તમને બે મોટા ફાયદાઓમાંથી એકતો જરૂર થશે જ. યા તો કાયમ માટે *તૌબતુન્નસુહા* પરીપૂર્ણ તૌબાહ્ પ્રાપ્ત થશે યા તો પહેલાંના ગુનાહ માફ થઇ જશે.

ગુનાહના પ્રકાર અને તૌબાહ્

તૌબાહ્ કર્યા બાદ સૌપ્રથમ આપના માટે જરૂરી છેકે, ગુનાહ ક્યાં પ્રકારનો હતો એ વિચારો, કારણકે જે ગુનાહોથી તૌબાહ્ કરવામાં આવે છે તેના ત્રણ પ્રકાર છેઃ-

(૧) એક તો એ છે કે જે બાબત ખુદાએ ફર્ઝ કરેલ છે તે તમારાથી અદા નથી થઇ અને હજુ સુધી એની અદા કરવાની જવાબદારી તમારા પર બાકી છે; જેમ કે નમાઝ, રોઝા, ઝકાત, કફફારો વગેરે તો એ ફક્ત મૌખીક તૌબાહ્થી માફ નહીં થાય, પરંતુ જ્યાં સુધી શક્ય હોય તેની કઝા જરૂરી અને લાઝમી છે.

(૨) બીજા પ્રકારનો ગુનાહ એવા છે કે જેમની કઝા થઇ શકતી નથી પરંતુ અશક્ય હોય, તે આપની અને અલ્લાહની દરમ્યાન હોય, જેમકે દારૂ પીધો હોય, વ્યાજ ખાધું હોય તો આ પ્રકારના ગુનાહોની માફીની રીત એ છે કે, વિતેલા ગુનાહો પર શરમીંદગી, પ્રશ્ચાતાપ કરવામાં આવે અને ભવિષ્યમાં આવા ગુનાહોને છોડવાનો પાક્કો ઈરાદો કરવામાં આવે.

(૩) ત્રીજા પ્રકારના ગુનાહ એવા છે કે આપની અને મખ્લુકની વચ્ચેના હોય. તમામ પ્રકારના ગુનાહોથી વધુ સંગીન અને ખતરનાક આ

ત્રીજા પ્રકારના ગુનાહો છે, જેમાંથી કેટલાક કોઇના માલથી સંબંધ રાખે છે, જ્યારે કેટલાકનો સંબંધ કોઇની ઈઝઝત કે હુરમતથી હોય છે અથવા એનાથી કોઇને દીની રીતે નુક્શાન પહોંચતું હોય.

તો જેનો સંબંધ માલથી છે એના માટે જરૂરી છે કે, તૌબાહ્ કરતી વખતે કે ત્યાર બાદ જો શક્ય હોય તો તેઓનો માલ પરત કરવામાં આવે. જો તૌબાહ્ કરનાર ગરીબી કે મુફલીસીના કારણે માલ પરત કરવાની શક્તિ નથી રાખતો, તો એ માલને માલીક પાસેથી માફ કરાવી લે અથવા બખ્શાવી લે; જેનાથી જાઇઝ અને હલાલ થઇ જાય. જો માલનો માલીક વફાત પામ્યો હોય અથવા ત્યાં હાજર નથી તો માલની મિક્દાર, કિંમત અને વજનનાં હિસાબ પ્રમાણે કોઇ ચીજ અલ્લાહની રાહમાં સદકો કરે અને એ પણ શક્ય ન હોય તો, *આમાલે સાલેહા* કિંવા નેકીના કામો વધુ કરે, અને અલ્લાહના દરબારમાં આહોઝારી કરે; જેથી ક્યામતના દિવસે અલ્લાહત્આલા માલના માલીકને રાજી કરી દે.

અને એ ગુનાહ કે જેનો સંબંધ કોઇની જાનથી હોય જેમ કે કોઇને કત્લ કર્યો હોય તો તેના બદલે ક્સિાસ અર્થાત્ બદલો દેવો જરૂરી છે. અથવા જેને કત્લ કરેલ છે તેના વારસોથી માફ કરાવી લે. જો તેના વારસ મૌજુદ નહોય તો દરબારી ખુદાવંદીમાં ગીર્યા વ ઝારી તેમજ કાકલૂદી સાથે રડીને ખુદાથી તેની માફી માંગવી જરૂરી છે; જેથી અલ્લાહત્આલા કત્લ થનારને તમારાથી રાજી કરી દે.

અને કોઇની ઈઝઝત કે આબરૂ સંબંધિત એ ગુનાહ છે કે, કોઇની નિંદા કરવામાં આવે, કોઇ પર બોહતાન-ખોટો આરોપ લગાવાય અથવા કોઇને ગાળો દેવામાં આવે, તો આ પ્રકારના ગુનાહોની માફીની રીત એ છે કે, તેની સમક્ષ પોતાને જુઠ્ઠો કહેવામાં આવે અને પોતાની જબરજસ્તી અને ભૂલ-ખતાને ક્બૂલ કરવામાં આવે. જો એવો ભય હોય કે આવું કરવાથી ફિત્નો વધશે અને સુલેહ-દોસ્તીને બદલે દુશ્મની વધશે તો આવી પરિસ્થિતીમાં અલ્લાહ ત્આલાની બારગાહમાં આહોઝારીથી માફી માંગે.

અને કોઇની આબરૂ સંબંધે એવો ગુનાહ થાય, કોઇના અહેલો-અયાલથી ખયાનત કરવામાં આવે અથવા કોઇ અન્ય બદ-હરકત કરવામાં આવે તો આવા ગુનાહ ન તો એની સમક્ષ જાહેર કરી શકીએ છીએ. ન તો એની પાસે બખ્શાવી શકીએ છીએ, તો એના માટે પણ દરબારે ખુદાવંદીમાં રોઇ રોઇને માફી માંગવી જોઇએ; અને જો ફિત્નાનો ડર ન હોય તો અલબત્તા (એ મુશ્કેલ છે) એની સમક્ષ ગુનાહ જાહેર કરી બખ્શાવી લેવો જોઇએ.

ઉપરાંત એ ગુનાહ કે જેનો સંબંધ કોઇના દીનથી હોય, જેમકે કોઇ

મોમીનને કાફીર અથવા કોઈને બિદઅતી કે ગુમરાહ કહેવામાં આવે તો આવા ગુનાહોની માફીની રીત પણ એજ છે જે આગળ વર્ણવામાં આવી.

તાત્પર્ય એ છે કે, તૌબાહ્‌ની સાથે તમે જેમને તક્લીફ પહોંચાડી હોય તેમને શક્ય હોય તો રાજી પણ કરે અથવા પછી માફી અને બખ્શીશ માટે અલ્લાહ સમક્ષ હાજર થાઓ અને તેનાં દરબારમાં ગીર્યા વ ઝારી, સદ્કા અને ખૈરાત કરો જેથી ક્યામતના દિવસે અલ્લાહ આપની અને તેની વચ્ચે સમજૂતી રજામંદી કરાવી દે.

તૌબાહ્‌ની જેશર્તો બયાન થઇ તેના પર જો આપ સંપૂર્ણ રીતે અમલ કરશો અને ભવિષ્યના માટે પોતાના દિલને દરેક પ્રકારના ગુનાહોથી પાક રાખવાનો નિશ્ચય કરી લેશો, તો તમારા આગળના તમામ ગુનાહો માફ થઇ જશે. હવે આવનારા દિવસોમાં આપ પોતાના અહદ, નિશ્ચય પર કાયમ રહ્યા પછી જો પાછળની કઝાઓ અદા ન કરી શક્યા અથવા નારાઝ લોકોને રાજી ન કરી શક્યા તો એ જ ગુનાહ તમાર શિરે રહ્યા,બાકી સઘળાં ગુનાહો બખ્શી દેવામાં આવશે.

પ્રશ્નઃ- *શું તૌબાહ્ કરનારાઓનાં પણ જુદાં-જુદા પ્રકારો છે?*

ઉત્તર :- જી હા! તૌબાહ્ કરનારાઓનાં પણ ત્રણ પ્રકારો છે. (૧)તાઇબ (૨)અનીબ અને (૩)અવ્વાબ.

(૧) જે વ્યક્તિ નિરર્થકવાતો તથા કાર્યો તેમજ જે વાતોથી અલ્લાહત્આલા નારાઝ થાય છે અને અલ્લાહત્આલાએ ચેતવણી આપી છે આ બધી વાતોથી પસ્તાઇને અલ્લાહની તરફ રુજુઅ્ કરે તેને **તાઈબ** કહેવાય. (૨) જે શખ્શ નાના સગીરા ગુનાહોથી અને નિરર્થક વિચારોથી શરમાઇને ખુદાની મોહબ્બત તરફ રુજુઅ્ કરે તેને **અનીબ** કહે છે. (૩) જે વ્યક્તિ પોતાની જાત અને અભિમાનથી શરમાઇને ખુદા તરફ રુજુઅ્ કરેતેને **અવ્વાબ** કહેવાય. હજરત ઝુન્નુન મીસરી(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવે છે કે, "*તૌબતુલ્અવ્વામે મીનઝ્ઝોનુબે વ તૌબતુલ્ખવ્વાસે મીનલ્ગફલતે.*" (**અર્થાત્**:- અવ્વામ(આમલોકો)ની તૌબાહ્ ગુનાહનાં કારણે હોય છે અને ખાસ લોકોની(આલ્લાહ વાળાઓની)તૌબાહ્ ગફલતના કારણે હોય છે.)

તૌબાહ્ નું મહત્વ

પ્રશ્ન :- *તૌબાહ્‌ની મહત્ત્વતા પણ સમજાવી દો.*

ઉત્તર :- તૌબાહ્‌ની અગત્યતાનો અંદાઝ આપ હઝરત અબુ ઈસ્હાક(રહેમતુલ્લાહ અલયહ)ના એક પ્રસંગથી લગાવી શકો છો. આપ ફર્માવે છે કે, "મેં ત્રીસ વર્ષ સતત અલ્લાહત્આલાથી *તૌબતુન્નસુહા*(ખાલીસ શુધ્ધ

તૌબાહ્)ની પ્રાપ્તી માટે દુઆ કરી. ત્રીસ વર્ષ બાદ મને આશ્ચર્ય થયું અને અલ્લાહત્આલાને અર્ઝ કરી કે, 'હે પરવરદિગારે આલમ ! ત્રીસ વર્ષ થયા હું તારાથી ફક્ત એક જ હાજત માટે ઈલ્તિઝા માંગણી વિનંતી કરૂં છું, પરંતુ તે હજુ સુધી એને પૂર્ણ નથી કરી' પછી જ્યારે હું સૂતો ત્યારે સ્વપ્નમાં એક વ્યક્તિને જોઈ જે કહી રહી હતી, 'તું તારી ત્રીસ વર્ષ સુધી માંગેલી દુઆ પર આશ્ચર્ય કરે છે, હજુ સુધી ક્બુલ કેમ નથી થઇ? તને ખબર નથી કે તું કેટલી મહાન વસ્તુ ખુદાથી માંગી રહ્યો છે કે, અલ્લાહત્આલા તને પોતાનો દોસ્ત બનાવી લે. શું તે આ અલ્લાહત્આલાનો એ ઈર્શાદ નથી સાંભળ્યો, '*ઈન્નલ્લાહા યોહીબ્બુત્તવ્વાબીન વ યોહીબ્બુલ્મુતતહેરીન.*' (બેશક, અલ્લાહત્આલા તૌબાહ્ ક્રવાવાળાઓને તથા પાક રહેવાવાળાઓને દોસ્ત રાખે છે.) તો શું તું તૌબાહ્‌ને મામૂલી વસ્તુ સમજે છે?''

હે ગાફીલ મુસ્લમાનો(જરા આ બુઝુર્ગોના હાલાતો પર નજર તો કરો)કે તેઓ તૌબાહ્ માટે કેટલી તકેદારી રાખતા હતાં અને દિલની સુધારણાં માટેસતત કઈ રીતે પ્રયત્નો કરતાં હતાં.? અને આખેરતનું ભાથું તૈયાર કરવા માટે કઈ રીતે સર-ધડની બાજીથી કામ લેતાં હતાં ? તમને જાણ હોવી જોઈએ કે, તૌબાહ્‌માં મોડું કરવું ખૂબજ નુક્સાનકારક વાત છે, કારણકે શરૂઆતમાં ગુનાહોને કારણે દિલ સખ્ત થાય છે. પછી ધીમે ધીમે ઈન્સાન ગુનાહોનાં કારણે કુફ્ર અને ગુમરાહી સુધી પહોંચી જાય છે, શું તમને ઈબ્લીસ અને બલઅમ્મ બાઉરનો પ્રસંગ યાદ નથી? શરૂઆતમાં તેઓનાથી એક જ ગુનાહ થયો, પરંતુ તેઓ પાછળથી કુફ્ર અને ગુમરાહી સુધી પહોંચી ગયાં અને કાફીરોમાં મળી ગયાં. કુર્આનેમજીદમાં છે કે, '*વકાનલ્મીનલકાફેરીન*' માટે તૌબાહ્‌ના મામલામાં સાવચેત રહેવું જોઈએ; અને પુરેપુરાં પ્રયત્નો કરવા જોઈએ. જો આપ તૌબાહ્ કરવામાં જલ્દી કરશો તો શક્ય છે કે ગુનાહોં પર અડગ રહેવાની બિમારી તમારા દિલમાંથી તરતજ નિક્ળી જાય; ગુનાહોંની ખરાબીની અસર તમારી ગરદન પરથી ઉતરી જાય. ગુનાહોંથી દિલ પર જે અસર થાય છે તેનાથી ગાફેલ રહેવું જોઈએ નહીં, પરંતુ પ્રત્યેક પળે પોતાના દિલ પર નજર રાખો, કારણકે અમુક સાલેહીનો એ ફર્માવ્યું છે કે, ''ચોક્ક્સ, ગુનાહ કરવાથી દિલ કાળું પડી જાય છે. દિલની કાળાશની નિશાની એ છે કે, આવી વ્યક્તિને ગુનાહ કરવાની ગભરામણ બીક નથી લાગતી; ખુદાની ફરમાંબરદારી માટે તક નથી મળતી અને નસીહત, સલાહ-સુચનથી કાંઇ નથી થતું. હે અઝીઝ! પોતાના કોઈ પણ ગુનાહને તુચ્છ ન સમજ.'' હઝરત ગહમસ બીન અલ્હુસૈન (રદીયલ્લાહો ત્આલા અન્હો)થી નક્લ છે આપે ફર્માવ્યું કે, ''મારાથી એક ગુનાહ થઇ ગયો તો હું તેના પર ૪૦ વર્ષ સુધી રોતો રહ્યો.'' લોકોએ આપને

પુછ્યું, ‘‘હે અબુ અબ્દુલ્લાહ! એ ક્યો ગુનાહ હતો ?’’ તો આપે ફર્માવ્યું કે, ‘‘એકવાર મારો એક દોસ્ત મારી મુલાકાત માટે આવ્યો એ વખતે મેં એના માટે માછલી પકાવી.જ્યારે તે ખાવાનું ખાઇ ચૂક્યો તો મેં ઉઠીને મારા પાડોંશીની ભીંત પરથી માટી લઇને મારા મહેમાનના હાથ ધોવડાવ્યા.’’

બસ, હે લોકો! પોતાના નફસને ગુનાહો પર ટોકતા રહો. તેનાથી નેકી અને બદીનો હિસાબ લેતા રહો અને તૌબાહ્ કરવામાં વાર ન લગાડો, અને સુસ્તી ન કરો, કારણકે મૃત્યુ ક્યારે આવશે એ ખબર નથી. અને દુનિયા ધોખા અને ફરેબમાં ફસાવી રહી છે. નફસ અને શૈતાન બંને ખતરનાક દુશ્મન તમને ગુમરાહ કરવાની તક જુએ છે. માટે ખુદાથી પનાહ માંગતા રહો અને આપણા વાલીદે માજીદ હઝરત આદમ(અલયહિસ્સલામ)નો હાલ વારંવાર યાદ કરતા રહો, જેમને અલ્લાહત્આલાએ પોતાના દસ્તે કુદરતથી જાતે પૈદા ફરમાવેલ, તેમનામાં રૂહ ફૂંકી, ફરિશ્તાઓથી સજ્દો કરાવ્યો, જન્નતમાં જગા આપી; પછી આપનાથી એક લગઝીશ થઇ તો આપને આલા-મકામથી હટાવી દેવામાં આવ્યા. એક રિવાયતમાં છે કે, લગઝીશ થયા બાદ અલ્લાહત્આલા આપને ક્હ્યું, ‘‘હે આદમ! હું તારો કેવો પડોશી હતો ?’’ આપે ક્હ્યું કે,‘‘બહુજ સારો પડોશી હે રબ્બ.’’ તો અલ્લાહત્આલાએ ક્હ્યું કે, ‘‘મારી પડોશથી દુર ચાલ્યો જા અને મેં આપેલ ઈઝ્ઝતનો તાજ ઊતારી દે કારણ કે, મારી ના-ફરમાની કરનાર મારી પડોશમાં રહેવાને લાયક નથી.’’

એક રિવાયતમાં આવ્યું છે કે, હઝરત આદમ (અલયહિસ્સલામ) ૨૦૦વર્ષ સુધી આ લગઝીશ પર રોતા રહ્યાં ત્યારે છેવટે અલ્લાહત્આલાએ આપની તૌબાહ્ ક્બૂલ કરી. આ તે કામીલ બુઝુર્ગનો હાલ છે જે અલ્લાહના નબી અને દોસ્ત હતાં, તો આમ સામાન્ય માણસનો હાલ શું હશે? જે બેશુમાર ગુનાહ કરતો રહે છે. ૨૦૦ વર્ષ સુધી અલ્લાહના નબી, ઈખ્લાસના પયકર રોતાં રહ્યાં, જે સાચા તાઇબ અને ખુદાની તરફ રુજુઅ્ કરનારા હતાં તો ગુનાહો પર અડગ રહેલા ગાફીલ લોકોએ કેટલું રડવું જોઇએ? તેનો અંદાઝ લગાવો.

હઝરત હુસૈન(રદીયલ્લાહો ત્આલા અન્હો)થી મરવી છે કે, જ્યારે અલ્લાહત્આલાએ હઝરત આદમ(અલયહિસ્સલામ)ની તૌબાહ્ ક્બૂલ કરી તો ફરિશ્તાઓએ આપને મુબારકબાદ કહી. હઝરત જીબ્રઈલ અને મિકાઈલ(અલયહિમુસ્સલામ) હાજર થયા અને ક્હ્યું કે, ‘‘હે આદમ, આપે તૌબાહ્ કરીને પોતાની આંખોને ઠંડી કરી લીધી.’’ હઝરત આદમ (અલય-હિસ્સલામે) ક્હ્યું, ‘‘ પરંતુ આ તૌબાહ્ના ક્બૂલ થયા પછી જો રબ તરફથી ફરીથી સવાલ થશે તો ?’’ ત્યારે અલ્લાહત્આલાએ આપ પર વહી મોકલી, ‘‘હે આદમ, તે પોતાની ઔલાદની મહેનત અને દુ:ખ તકલીફની વારીસ

બનાવી, અમે તેઓને તૌબાહ્ બખ્શી. જે પણ મને પોકારશે હું તેની પોકાર સાંભળીશ, જેવી રીતે તારી પોકાર સાંભળી; અને જે મારાથી મગ્ફેરતનો સવાલ કરશે હું તેને નિરાશ કે નાઉમ્મીદ નહીં કરૂં, કારણકે મખ્લુકથી નજીક થવું મારી સિફત છે; હું દુઆઓને ક્બૂલ કરનારો છું; હું તૌબાહ્ કરનારાઓને તેઓની કબ્રોથી એ રીતે ઊઠાવીશ કે તેઓ હસતાં હસતાં આવશે, તેઓની દુઆઓ મક્બૂલ થશે.’’

પ્રશ્ન :– *જ્યારે ગુનેહગાર ગુનાહોથી તૌબાહ્ કરે છે તો શું તે વખતે અલ્લાહત્આલા ખુશ થાય છે. ?*

ઉત્તર:– જી હા, ફર્માને નબવી છે કે,‘‘ રહેમતે ખુદાવંદીને બંદાની તૌબાહ્થી એ શખ્સથી પણ વધુ ખુશી થાય છે જે હલાક કરનારી જમીનમાં પોતાની સવારી પર ખાવા-પીવાનો સામાન રાખીને સફર કરી રહ્યો હોય અને ત્યાં આરામના હેતુસર રોકાય જાય અને જમીન પર માથું ટેકતાંજ તેને ઊંઘ આવી જાય અને પછી જ્યારે તે જાગૃત થાય તો તેની સવારી તેના સામાન સહીત ગાયબ થઇ ચુકી હોય પછી તે તેને શોધવા લાગે અને સખ્ત ગરમીના કારણે એને ખુબજ તરસ લાગે અને ભુખના કારણે બેહાલ થઇ જાય; અને પછી ફરીજ એ જ જગ્યાએ આવી જાય જ્યાં પહેલા સુતેલો હતો, ત્યાં આવીને મૃત્યુની વાટ જોતો હાથનો તકીયો બનાવીને સુંઇ જાય ત્યાર બાદ જાગૃત થતાં, પોતાની સવારીને સર-સામાન સાથે પોતાની પાસે જુએ અને તેની જે ખુશી થાય તેનાથી પણ વધુ ખુશી પોતાના બંદાની તૌબાહ્થી થાય છે.’’

પ્રશ્ન :– *ગુનેહગારની તૌબાહ્ કરવાથી શું નબી, રસુલ, સીદ્દીક અને બીજા ઔલીયાએ કિરામ પણ ખુશ થાય છે?*

ઉત્તર :– જી હાં એવુંજ થાય છે, જેનો પુરાવો હઝરત મુસા (અલય-હિસ્સલામ)ના ઝમાનામાં મળી ચૂક્યો છે. હઝરત મુસા(અલયહિસ્સલામ) ના ઝમાનામાં જ્યાં આપ રહેતાં હતાં એની બાજુનાં ગામમાં એક ખુબજ મોટા ગુનેહગારનું મૃત્યુ થઇ ગયું. એ ઝમાનાનાં રિવાઝ પ્રમાણે લોકોએ એને ગુસ્લ અને કફન આપ્યા વિના જ ગધેડા પર બાંધીને ગધેડાને જંગલ તરફ હાંકી કાઢ્યો. અહીં હઝરત મુસા(અલહિસ્સલામ) પર વહી નાઝીલ થઇકે,‘‘હે મુસા! બાજુનાં ગામમાં જાઓ ત્યાં મારો એક પ્યારો બંદો ઈન્તિકાલ કરી ગયો છે એને ગુસ્લ અને કફન આપીને દફન કરો.’’ (નમાઝે જનાઝાનો કાનુન ત્યાં સુધી નાઝીલ થયો ન હતો)હઝરત મુસા(અલયહિસ્સલામ)એ ગામમાં પહોંચ્યાં, તપાસ કરતાં ખબર પડી કે, ખૂબજ મોટો ગુનેહગાર, ફાસીક અને ફાજીર મૃત્યુ પામ્યો છે, કોઇપણ નેકબંદાએ ઈન્તિકાલ નથી કર્યો. અલ્લાહના નબીને આ સાંભળીને ખૂબજ આશ્ચર્ય થયું કે લોકો તેને ફાસીક, ફાજીર અને ગુનેહગાર

તથા બદકાર કહે છે જ્યારે ખુદા તેને પોતાનો પ્યારો બંદો કહે છે. ચોક્કસઆમાં કંઇ ભેદ હોવો જોઇએ. છેવટે હઝરત મુસા(અલયહિ-સ્સલામ)તેની લાશ શોધવા માટે જંગલમાં પહોંચ્યાં અને લાશ મળતાં એને ગુસ્લ તેમજ કફન આપીને દફન કર્યો.

મૈય્યતને દફન કર્યા બાદ અલ્લાહના નબીએ સજદામાં માથું નમાવીને પોતાના રબથી કહ્યું, ‘‘અય અર્રહમર્રહિમીન, જેને તું તારો પ્રિય દર્શાવે છે એને લોકો ગુનેહગાર અને બદકાર કેમ કહે છે ? પોતાના કરમથી આ ભેદ મને સમજાવી દે.’’ હઝરત મુસા (અલયહિસ્સલામ)ની આ અર્ઝ પછી આપની ઉપર ફરી વાર વહી નાઝીલ થઇ અને બતાવવામાં આવ્યું કે, ‘‘ હે મુસા! મૃત્તક એવો જ હતો, જેવો લોકો બતાવે છે, પરંતુ મરતાં સમયે તેણે તૌબાહ્ કરીને મારો પ્રેમ પ્રાપ્ત કરી લીધો. મને હક્ક છે કે હું તેની તૌબાહ્ ક્બૂલ કરૂં કે ન કરૂં હે મારા પ્યારા કલીમ ! સાંભળો તૌબાહ્ના સમયે તેની મુનાઝાત આ પ્રકારની હતી, હે ગુનાહો થી દરગુઝર કરનાર ! હે ગુનેહગારો ની તૌબાહ્ ક્બૂલ કરનાર ! હું આજે તારી બારગાહમાં તૌબાહ્ કરૂં છું હે અહકમુલ્હાકેમીન ! તું તૌબાહ્ ક્બૂલ કરે કે ન કરે એ તને હક્ક છે. જો તું મારી તૌબાહ્ ક્બૂલ કરી લઇશ તો તારા નબી,રસુલ,સિદ્દીક અને આ ઝમાનાનાં તમામ ઔલિયા-એ-કામેલીન ખુશ થશે અને જો તું તૌબાહ્ ક્બૂલ નહીં કરે તો શૈતાન ખુશ થશે; અય મુસા ! તમેજ બતાવો કે શું મારી શાનને લાયક એ વાત છે કે હું ઈબ્લિસને ખુશ કરૂં? માટે જ મેં મારી સિફત _તવ્વાબુર્રહીમ_ પ્રમાણે એની તૌબાહ્ ક્બૂલ કરી અને ગુનેહગાર હોવા છતાં એ તૌબાહ્ કરીને મારો પ્રિય થઇ ગયો.’’

હુઝુર નબીએ કરીમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું ફર્માન છે કે, ‘‘જો તમોએ આસમાનનાં બરાબર ગુનાહ કર્યા હશે અને શરમીંદા થઇને તૌબાહ્ કરશો તો રબ્બુલ ઈઝ્ઝત તમારી તૌબાહ્ ક્બૂલ કરી લેશે.’’ ફર્માને નબવી છે કે, ‘‘માણસ ગુનાહ કરે છે અને પછી એજ ગુનાહનાં કારણે જન્નતમાં દાખલ થાય છે.’’ સહાબાએ કીરામ(રીદવાનુલ્લાહ ત્આલા અલયહીમ અજમઈન)એ પૂછ્યું કે, ‘‘યા રસુલુલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આવું કેવી રીતે શક્ય છે ?’’ તો આપે ફર્માવ્યું, ‘‘ગુનાહનાં પ્રશ્નાતાપથી તરત જ બારગાહે રબ્બુલઈઝ્ઝતમાં એની આંખો અશ્રુ ભીની થાય છે.’’

એક શાયરે આ વાત કેટલા સુંદર અંદાઝમાં લખી છે,

(**તર્જુમો :-** તેઓ ધ્રુજી રહ્યા છે જેઓ પ્રત્યેક પળે તૌબાહ્ અને અસ્તગફારમાં પરોવાયેલા છે, તો પછી એ લોકોનો શું હાલ થશે જેઓ પહેલાંથી જ તૌબાહ્થી બેધ્યાન અને ગાફીલ છે.?)

ખુદા ન કરે અને જો તૌબાહ્ કર્યા પછી ફરી પાછા ગુનાહ શરૂ કરી દો

તો જલદીથી તૌબાહ્ તરફ વળો અને નફસ ને તૌબાહ્ તરફ આકર્ષાવા માટે કહો કે, ‘‘હે નફસ,હવે બીજીવાર ખુલુસથી તૌબાહ્ કરી લે કદાચ આ તારી છેલ્લી તૌબાહ્ હોય અને આના પછી તારાથી કોઇ ગુનાહ ન થાય અને તું મરી જાય.’’ આ જ રીતે ગુનાહથી પ્રશ્નાતાપ કરતાં રહો જેવી રીતે આપે ગુનાહને ટેવ, રિવાઝ કે દસ્તુર બનાવી લિધો છે એ જ રીતે તૌબાહ્ને પણ ટેવ બનાવી લ્યો. ગુનાહ કરીને તૌબાહ્ કરવાથી આજીઝ ન થાઓ; ન થાકો અને ક્યારેય તૌબાહ્થી મોઢું ન ફેરવો અને શૈતાનનાં ધોખામાં આવીને તૌબાહ્થી હરગીઝ ન રોકાવ, કારણકે તૌબાહ્ કરવી એ નેક હોવાની નિશાની છે.

શું તમે નબીએ કરીમ રઉફુર્રહીમ(સલ્લલ્લાહો અલયહે વસલલમ) નો એ ઈર્શાદ નથી સાંભળ્યો ? આપ ફર્માવે છે કે, ‘‘તમારામાં ઉત્તમ તે શખ્શ છે જે ગુનાહ પ્રશ્નાત તુરંતજ તૌબાહ્ કરે.’’

તમે કુર્આનેમજીદની આ આયાત પર ધ્યાન તો કરો રબ્બુલ ઈઝ્ઝત ફરમાવે છે, ‘‘*વ મંયયઅમલ સુઅન અવઅઝલીમ નફસહુ સુમ્મા અસ્તગફેરૂલ્લાહ યજેદલ્લાહો ગફુર્રહીમા.*’’ (**અર્થાત:-** જે દુરાચાર કરે અથવા પોતાની જાન પર ઝુલ્મ કરે પછી અલ્લાહ ત્આલાથી માફી માંગી લે તો અલ્લાહ ત્આલાને જરૂર બખ્શવાવાળો અને મહેરબાન પામશો.)

હુઝુર નબીએ કરીમ રઉફુર્રહીમની ખીદમતમાં એક હબ્શી હાજર થયો અને અર્ઝ કરી,‘‘યા રસુલલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)હું ખતાઓ કરૂં છું, શું મારી તૌબાહ્ ક્બૂલ થશે?’’ આપે **હા**. ફર્માવી એ થોડી દુર જઇને પાછો વળ્યો અને પૂછ્યું, ‘‘જ્યારે હું ગુનાહ કરૂં છું તો શું અલ્લાહત્આલા મને જુએ છે?’’ આપે ઈર્શાદ ફરમાવ્યો, **હા**. આટલું સાંભળતા હબ્શીના મોંમાંથી ચીસ નીક્ળી પડી અને તેની રૂહ પરવાઝ કરી ગઇ.

હઝરત અલી(રદીયલ્લાહોત્આલા અન્હો)થી મરવી છે કે, હુઝુરે (અલયહિસ્સલાતો વસ્સલામ)ફર્માવ્યુંકે,‘‘મખ્લુકની ઉત્પતિથી ૪૦૦૦વર્ષ અગાઉ અર્શની ચારે બાજુ લખી દેવાયું હતું કે, જેણે તૌબાહ્ કરી ઇમાન લાવ્યો અને સારા કાર્યો ર્ક્યા, હું એને બખ્શવાવાળો છું. જીવનનાં અંતિમ શ્વાસ સુધી તૌબાહ્ ક્બુલ થશે.’’

જ્યારે અલ્લાહત્આલાએ ઇબ્લીસને મલઉન ઠેરવ્યો અને એણે ક્યામતનાં દિવસ સુધીની મહોલત માંગી તો અલ્લાહત્આલાએ તેને મહોલત આપી; ત્યારે તેને કહ્યું, ‘‘મને મારી ઈઝ્ઝત અને જલાલની કસમ જ્યાં સુધી ઈન્સાનનો જીંદગીથી સંબંધ બાકી રહેશે, ત્યાં સુધી હું તેને ગુનાહો પર લલચાવતો રહીશ.’’ એ વખતે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ફર્માવ્યું કે, ‘‘મને મારી ઈઝ્ઝત અને જલાલની કસમ, હું ઈન્સાનનાં છેલ્લા શ્વાસ સુધી જો તે

તૌબાહ્ કરશેતો તૌબાહ્ ક્બૂલ કરી લઈશ અને એનાં ગુનાહો પર પડદો નાંખતો રહીશ.'' હુઝુર નબીએ પાકે(સલ્લલ્લાહો અલયહે વસ્સલમ)ફર્માવ્યું કે, ''અલ્લાહ ત્આલા પોતાના દસ્તે રહેમત રાતનાં ગુનેહગારો માટે સવાર સુધી અને દિવસનાં ગુનેહગારો માટે રાત સુધી માફી માટે ફૈલાવી રાખે છે.'' હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર(રદીયલ્લાહો ત્આલા અન્હો)નો ઈર્શાદ છે કે,'' જે ગુનાહોની યાદમાં શરમીંદો થઈ ગયો અને એનું દિલ અલ્લાહના ડરથી ધ્રુજી ઊઠ્યું, એના ગુનાહ મીટાવી દેવાય છે.'' હઝરત ફુઝૈલ બીન અયાઝ (રદીયલ્લાહો ત્આલા અન્હો)નો કૌલ છે કે, ''રબ્બે જલ્લજલાલહુનો ઈર્શાદ છે, ગુનેહગારોને બશારત દઈ દ્યો જો તેઓ તૌબાહ્ કરશે તો હું તેઓની તૌબાહ્ ક્બૂલ કરી લઈશ, સીદ્દીકીનને ખબર કરીદ્યો કે જો મેં તેઓના આમાલનો વજન ક્ર્યો તેઓને મારા અઝાબથી કોઈ બચાવી નહિં શકે.''

સહીહ મુસ્લીમ શરીફ ની એક હદીષ છે. હુઝુર નબીએ કરીમે (સલ્લલ્લાહો અલયહેવસલ્લમ)ફર્માવ્યું, ''એ ઝાતની કસમ, જેનાં કબ્ઝામાં અને કુદરતમાં મારી જાન છે, જો તમે ગુનાહ ના કરો અને બખ્શીશ તલબ ન કરો તો અલ્લાહત્આલા તમને નાબૂદ કરી દે અને તમારા બદલામાં એવી કૌમ લાવે જે ગુનાહ કરે અને અલ્લાહત્આલાથી બખ્શીશ તલબ કરે.''

હાકીમની સહી રિવાયત છે કે, ''આ વાત ઈન્સાનની સઆદ્દતમંદી ખુશકિસ્મતીની નિશાની છેકે, એની ઝિંદગી લાંબી હોય અને અલ્લાહત્આલા તેને તૌબાહ્ની તૌફીક અતા ફર્માવે. તૌબાહ્નો દરવાજો ક્યારેય બંધ થતો નથી.''

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ(રદીયલ્લાહો ત્આલા અન્હો)થી એક વ્યક્તિએ પૂછ્યું કે, ''હું ગુનાહ કરીને ખુબજ શરમાવું છું, મારા માટે તૌબાહ્ છે?'' આપે મોઢું ફેરવી લીધું. જ્યારે ફરીવારે તે વ્યક્તિ તરફ આપે જોયું ત્યારે આપની આંખોમાંથી આંસુ વહેતા હતાં. આપે ફર્માવ્યું, ''જન્નતનાં આઠ દરવાજા છે, જે ખોલવામાં આવે છે અને બંધ પણ કરવામાં આવે છે, સિવાય કે તૌબાહ્નો દરવાજો ક્યારેય બંધ કરવામાં આવતો નથી. અમલ ક્ર્યા કર અને રબ્બની રહેમતથી નિરાશ ન થા.''

તિરમીઝી શરીફની એક હદીષમાં છે કે, ''પશ્ચિમ તરફ એક દરવાજો છે. જેની પહોળાઈ ૪૦ કે ૭૦ વર્ષનાં સફર જેટલી છે. અલ્લાહત્આલાએ એને આસમાન અને જમીનનાં પૈદા કરવાના સમયથી તૌબાહ્ને માટે ખોલ્યો છે તે એને બંધ નહીં કરે જ્યાં સુધી પશ્ચિમથી સુરજ ન નીકળે.''

રિવાયત છે કે,''બની ઈસરાઈલના એક યુવાને ૨૦ વર્ષ સુધી લગાતાર અલ્લાહત્આલાની ઈબાદત કરી, પછી ૨૦ વર્ષ ગુનાહમાં વિતાવ્યા

પછી એક વખત તેણે અરીસામાં જોયું તો પોતાની દાઢીમાં વૃધ્ધાવસ્થાનાં ચિહ્નો દેખાયા, તે આ નિશાની જોઈને બહુજ ગમગીન થયો અને અલ્લાહ ત્આલાની બારગાહમાં મુનાઝાત કરીકે, ' અય રબ્બેકરીમ, મેં ૨૦વર્ષ તારી બંદગી કરી, મારા મૌલા,પછી સતત તારી બારગાહથી મોઢું ફેરવીને ૨૦ વર્ષ ગુનાહમાં વિતાવ્યા, હવે જો હું તારી બારગાહ તરફ પાછો વળું તો શું તું મને ક્બૂલ કરશે ?' આ વખતે તેણે હાતિફે ગૈબથી અવાજ સંભળાયો કે,'તે અમારાથી મહોબ્બત કરી, અમે તને મહેબૂબ બનાવ્યો. તે મને છોડી દીધો, મેં તને છોડી દીધો. તેં ગુનાહ કર્યા, મેં મહોબ્બત આપી. હવે જો તું અમારી બારગાહ તરફ પાછો વળીશ અમે તને શર્ફે ક્બૂલીયત બખ્શશું-ક્બૂલ ફર્માવશું.''

હે ગાફીલ ! ક્યાં સુધી ગફલતમાં પડ્યો રહીશ? હજુ પણ સમય છે પોતાના ગુનાહોનો અંદાઝ કર, પોતાની ભુલોને યાદ કર, મૃત્યુથી પહેલા અલ્લાહત્આલાની તરફ રુજુઅ્ થઈ જા અને ગુનાહોથી રોકાઈ જા, તૌબાહ્માં જલ્દી કર. હજુ તૌબાહ્નો દરવાજો ખુલ્લો જ છે; તારી તૌબાહ્ જરૂર ક્બૂલ થશે.

એક ગુનેહગારની તૌબાહ્

ફકીહ અબુલ્લયસથી મરવી છે કે, હઝરત ઉમર રદીયલ્લાહો ત્આલા અન્હો)એક વખત હુઝુર નબીએ કરીમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ખીદમતમાં રોતાં-રોતાં હાજર થયા. આપે ફર્માવ્યું, ''અય ઉમર ! શા માટે રડો છો?'' હઝરત ઉમર(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ ક્હ્યું કે,''યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દરવાજા પાસે ઉભા રહીને રડી રહેલાં યુવાનની ગીર્યા વ ઝારી, કાકલુદી મારા કલેજાને બાળી નાંખે છે.'' આપે ફર્માવ્યું, ''એને અંદર બોલાવો.'' જ્યારે તે યુવક અંદર આપની પાસે આવ્યો તો આપ સરકારે પૂછ્યું કે, ''અય જવાન, તું શા માટે રડે છે?'' યુવકે ક્હ્યું કે, ''હુઝુર હું મારા ગુનાહોંના વધારાથી અને મારા રબ્બે જલ્લજલાલહૂની નારાજગીના ડરથી રડી રહ્યો છું !'' આપે પુછ્યુ, ''શું તે શીર્ક ક્ર્યુ છે?'' એણે ક્હ્યું, ''ના, યા રસુલલ્લાહ(સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)'' આપે ફરીવાર પુછ્યું, ''શું તે કોઈને નાહક કત્લ કરી છે?'' એણે ક્હ્યું, ''ના, યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)'' તો આપે ક્હ્યું, ''જો તારા ગુનાહ સાતેય જમીનોં આસમાન જેટલા હોય તો પણ અલ્લાહત્આલા પોતાની રહેમતથી બખ્શી દેશે.'' યુવક બોલ્યો, ''યા રસુલલ્લાહ, મારો ગુનાહ એથી પણ મોટો છે.'' આપે ફર્માવ્યું, ''તારો ગુનાહ મોટો છે કે કુર્શી ?'' અર્ઝ કરી, ''મારો ગુનાહ.'' ફર્માવ્યું, ''તારો ગુનાહ મોટા છે કે અર્શે ઈલાહી? '' અર્ઝ કરી,

"મારો ગુનાહ" આપે ફર્માવ્યું, "તારો ગુનાહ મોટો છે કે રબ્બે જુલજલાલ?" અર્ઝ કરી, "રબ્બે જુલજલાલ ખુબ જ અઝીમ છે." હુઝુરે ફર્માવ્યું, "બેશક, ઝુર્મે અઝીમને રબ્બે અઝીમ જ માફ ફર્માવે છે," પછી આપે ફર્માવ્યું, "મને પોતાનો ગુનાહ તો બતાવ." અર્ઝ કરી, "હુઝુર મને આપની સમક્ષ ગુનાહ બયાન કરતાં શરમ આવે છે." આપે ફર્માવ્યું, "કશો વાંધો નથી તું બતાવ."

ત્યારે યુવકે કહ્યું કે, "યા રસુલલ્લાહ, સાત વર્ષથી હું કફન ચોરું છું અન્સારની એક છોકરી મરી ગઇ તો હું ત્યાં કફન ચોરવાનાં ઈરાદે જઈ પહોંચ્યો. કબ્ર ખોદી કફન ચોર્યુ અને ચાલી નીકળ્યો. થોડે દુર ગયો કે મારા પર શૈતાન સવાર થઇ ગયો અને હું પાછો વળ્યો અને તેની લાશ સાથે બદકારી કરી. હું ગુનાહ કરીને હજી તો થોડાક ડગલાં ચાલ્યો હોઇશ કે તેણી ઊભી થઇ ગઇ અને કહેવા લાગી, "ઓ જ્વાન, ખુદા તને ગારત કરે. તને એ નિગેહબાનનો પણ ડર ન લાગ્યો, જે પ્રત્યેક મઝલુમને ઝાલીમથી એનો હક્ક અપાવે છે? તે મને મુર્દાઓની જ્માઅતમાં નગ્ન કરી દીધી અને ખુદાનાં દરબારમાં નાપાક કરી દીધી."

હુઝુરે જ્યારે આ સાંભળ્યું તો કહ્યું, "દુર થઇ જા અય બદ-બખ્ત!" યુવક રડતો રડતો અલ્લાહથી અસ્તગફાર કરતો ત્યાંથી નીકળી ગયો, જ્યારે તેને આ જ હાલતમાં ૪૦ દિવસ નીકળી ગયા તો તેણે આસમાન તરફ નજર ઊઠાવીને કહ્યું, "હે મોહંમદ અને આદમ અને ઇબ્રાહીમ(અલયહિમુસ્સલાતો વત્તસ્લીમાતો)ના રબ્બ! જો તેં મારા ગુનાહને માફ કર્યો હોય તો હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)અને આપના સહાબાએ કિરામ ને વાકેફ કર, નહીં તો આસમાનથી આગ મોકલીને મને બાળી નાંખ અને દોઝખના અઝાબથી બચાવી લે, યુવકની દુઆ વખતે હઝરત જીબ્રઈલ (અલયહિસ્સ-લામ) હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસ્સલમ)ની ખિદમતમાં હાજર થયાં અને કહ્યું, !"આપનો રબ આપને સલામ કહે છે અને પૂછે છે કે, મખ્લુક ને આપે પૈદા કરી છે?" આપે કહ્યું, "નહીં, બલ્કે મને અને તમામ મખ્લુકને અલ્લાહ ત્આલાએ પૈદા કરેલ છે, અને એજ રિઝ્ક આપે છે." ત્યારે જીબ્રઈલે કહ્યું, "અલ્લાહ ત્આલા ફર્માવે છે કે, મેં તે જ્વાનની તૌબાહ્ કબૂલ કરી છે." બસ, હુઝુરે તે યુવકને બોલાવીને તેની તૌબાહ્ કબૂલ થયાની ખુશખબરી આપી તેને મુબારક બાદ આપી.

❋ એક દર્દ ભરી તૌબાહ

હઝરત મુસા(અલયહિસ્સલામ)ના ઝમાનામાં એક શખ્શ જ્યારે પણ તે તૌબાહ્ કરતો પછી તેને તોડી નાંખતો; ત્યાં સુધી કે તેને આ હાલતમાં

૨૦ વર્ષ નીકળી ગયાં. અલ્લાહત્આલાએ હઝરત મુસા(અલહિસ્સલામ)પર વહી મોકલી કે, "મારા આ બંદાને કહી દો કે, અલ્લાહ કહે છે કે, હું તારાથી સખ્ત નારાઝ છું."

જ્યારે હઝરત મુસા કલીમુલ્લાહ(અલયહિસ્સલામ)એ શખ્શને અલ્લાહનો એ સંદેશો આપ્યો તો તે ખુબજ ગમગીન થયો અને ગાઢ જંગલ તરફ ચાલી નીકળીયો. ત્યાં જઇને બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં અર્જ કરી, "અય રબ્બે ઝુલજલાલ, તારી રહેમત જ્તી રહી કે મારા ગુનાહોએ તને દુઃખ આપ્યું? તારી બખ્શીશના ખઝાના ખત્મ થઇ ગયાં કે બંદાઓ પર તારી નઝરે કરમ નથી રહી? તારી રહેમ અને દરગુજર કરતાં ક્યો ગુનાહ મોટો છે ? તું કરીમ છે, હું બખીલ-કંજૂસ છું, જો તું પોતાના બંદાઓને પોતાની રહેમતથી વંચિત કરી દઈશ તો કોના દરવાજા પર જશે તારા ગુન્હેગારો ? જો તું પોતાની બારગાહથી તેઓને કાઢી મૂકશે તો તેઓ ક્યાં જશે ? હે રબ્બે કાદિરો કહ્હાર, જો તારી બખ્શીશ જતી રહી અને મારા માટે અઝાબ જ રહી ગયો હોય તો તમામ ગુન્હે-ગારોનો અઝાબ મને આપી દે. હું તેઓ પર મારી જાન કુર્બાન કરૂં છું."

અલ્લાહત્આલાએ હઝરત મુસા(અલયહિસ્સલામ)પર ફરી વહી નાઝીલ કરી કે, "જાઓ અને મારા બંદા થી કહી દ્યો કે તેં મારી કુદરતનાં કમાલને અને રહેમ તથા દરગુજરની હકીક્તને સમજી લીધી છે. જો તારા ગુનાહોંથી જમીન ભરાઇ જાય તો પણ હું તને બખ્શી દઈશ."

❋ એક વ્યભિચારી સ્ત્રીની તૌબાહ

મુસ્લીમ શરીફની રિવાયત છે કે, એક સ્ત્રી જેવ્યભિચારથી ગર્ભવતી થઇ હતી, હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસ્સલમ)ની ખિદમતમાં આવી અને અર્ઝ કરી, "યા રસુલલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસ્સલમ)હું હદ (વ્યભિચારની મુકર્રર સજા)ને લાયક છું મારા પર હદ લાગુ પાડો."

હુઝુરે(સલ્લલ્લાહો અલયહે વસ્સલમ)એના વાલીને બોલાવીને ફર્માવ્યું કે, "આનાથી સારો વર્તાવ કરજો અને જ્યારે તેણીને બાળક જન્મે ત્યારે મારી પાસે લઇ આવજો." આપના ફરમાન પ્રમાણે તે શખ્શે એમજ કર્યું. જ્યારે તે સ્ત્રીને બાળક અવતર્યુ ત્યારે તે સ્ત્રી હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસ્સલમ)ની બારગાહમાં લાવવામાં આવી. આપે હુક્મ ફર્માવ્યો કે, "આ સ્ત્રીનાં કપડા એનાં શરીર સાથે સારી રીતે બાંધી દેવામાં આવે." ત્યાર બાદ આપે તેણી માટે સંગસાર કરવાનો હુક્મ સાદર કર્યો અને બાદમાં તેણીના જનાઝાની નમાઝ પઢી."

હઝરત ઉમર(રદીયલ્લાહોત્આલા અન્હો)એ અર્ઝ કરી, "યા

રસુલલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસ્સલમ) આપે વ્યભિચાર સ્ત્રીની જનાઝાની નમાઝ પઢાવી ?'' આપે ફર્માવ્યું, ''અય ઉમર ! તેણીએ એવી તૌબાહ્ કરી છે કે, જો તે તૌબાહ્ને મદિનાના સીત્તેર માણસો વચ્ચે વહેંચી દેવામાં આવે તો તે સર્વેને પુરી થઈ જાય. શું તે એનાથી વધીને અફઝલ વ્યક્તિ જોઈ છે કે, તેણી પોતાની જાતને અલ્લાહત્આલાની હદે તોડવાના પરિણામને ક્બૂલ કરવા સ્વંયને આગળ લઈ આવી હોય.

✻ એક યુવકની શરમિંદગી

હઝરત ઉમર(રદીયલ્લાહો ત્આલા અન્હો)એકવાર મદીના શરીફની એક ગલીમાં જઈ રહ્યા હતાં. આપે એક યુવકને જોયો, જે કપડાંની અંદર દારૂની બોટલ છુપાવીને આવી રહ્યો હતો. આપે પૂછ્યું કે, ''અય જ્વાન! આ બોટલમાં શું લઈને જઈ રહ્યો છે?'' યુવક ખુબજ શરમિંદો થયો કે, હું કેવી રીતે કહું કે, બોટલમાં શરાબ છે? એ સમયે યુવાને દિલમાંને દિલમાં દુઆ માંગી,''અય અલ્લાહ! મને હઝરત અમીરૂલ્મોઅ્મેનીન સમક્ષ રૂસ્વાઈ અને શરમિંદગીથી બચાવી લે. હું પછી ક્યારેય શરાબ નહીં પીઉં.'' આ પ્રમાણે દિલમાં દુઆ માંગતા અને તૌબાહ્ ક્ર્યા બાદ યુવાને હઝરત ઉમર (રદીયલ્લાહો ત્આલા અન્હો)ને જ્વાબ આપ્યો કે, ''અય અમીરૂલ્મોઅ્મેનીન! આ બોટલમાં સીર્કો છે.'' આપે ફર્માવ્યું કે, ''મને બતાવતો ખરો.'' અને પછી આપે જોયું તો અંદર સીર્કો જ હતો.

અય ગાફીલ ! જરા ધ્યાન દે,એક બંદો બીજા બંદાના ડરથી સાચા દિલથી તૌબાહ્ કરે છે, તો અલ્લાહત્આલા પોતાના કરમથી એની તૌબાહ્ ક્બૂલ કરીને, એને રૂશ્વાઈ થી બચાવી લે છે અને શરાબને સીર્કામાં પરિવર્તીત કરી દે છે. એ જ રીતે જો કોઈ ગુનેહગાર પોતાના ગુનાહોથી શરમાઈને તૌબાહ્ કરી લે છે, તો અલ્લાહત્આલા એની નાફરમાનીઓને શરાબને ફરમાંબરદારી-ઓના સીર્કામાં ફેરવીને એને દુનિયા અને આખેરતમાં રૂશ્વા-બદનામ થવાથી બચાવી લે છે.

✻ હિકાયત :-

એક યુવાન હતો તે જ્યારે પણ કોઈ ગુનાહ કરતો તો એને પોતાના ચોપડામાં લખી લેતો હતો. એક વાર એણે કોઈ ગુનાહ ક્ર્યો, પછી લખવા માટે ચોપડો ખોલ્યો તો જોયું કે એમાં આ આયાત સિવાય કાંઈ પણ લખેલું નથી. ''*ફઉલાએકા યુબદ્દેલુલ્લાહો સય્યે-આતેહીમ હસનાત.* આ તે લોકો છે કે, અલ્લાહ તેઓની બુરાઈઓને નેકીઓમાં ફેરવી દે છે.

તૌબાહનાં ઉત્કંઠ ઈરાદા વડે જ નજાત

સહીહેન(*બુખારી અને મુસ્લીમ શરીફ*)ની હદીષ છે કે હુઝુર નબીએ કરીમ રઉફુર્રહીમે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ફર્માવ્યું કે, ''તમારામાંથી પહેલાનાં લોકોમાં એક શખ્શ એવો હતો જે ૯૯ ખૂન કરી ચૂક્યો હતો. એક વખત તૌબાહ્ની નિય્યતથી એણે લોકો પાસે દુનિયાનાં મોટાંમાં મોટાં આલીમ સંબંધે પૂછપરછ કરી; તો લોકોએ તેને એક રાહીબ(ખ્રિસ્તી સંન્યાસી)નું ઠેકાણું ચીંધ્યું. ગુનેહગાર એ રાહીબ પાસે પહોંચ્યો અને ક્હ્યું કે, ''મેં ૯૯ ખૂન ક્ર્યા છે શું અલ્લાહત્આલા મારી તૌબાહ્ ક્બૂલ કરશે?'' રાહીબે ક્હ્યું કે, ''નહીં'' અને એજ વખતે એ ગુસ્સામાં આવી ગયો અને એ શખ્શે પેલાં રાહીબનું પણ ખૂન કરી નાંખ્યું. અને સો (૧૦૦) ખૂન પુરાં ક્ર્યા પછી તેણે તૌબાહ્ના માર્ગદર્શન માટે બીજીવાર દુનિયાનાં સૌથી મોટા આલીમની શોધ શરૂ કરી તો તેને એક આલીમનું નામ-પત્તો બતાવવામાં આવ્યાં. તે એ આલીમ પાસે ગયો અને ક્હ્યું કે, ''મેં ૧૦૦ખૂન ક્ર્યા છે, શું મારા માટે તૌબાહ્ શક્ય છે?'' આલીમે ક્હ્યું કે, ''હાં, તારી અને તૌબાહ્ વચ્ચે કોણ આવી શકે છે ?તું ફલાણી જ્ગ્યાએ જા, ત્યાં અલ્લાહનાં નેક અને ઈબાદતગુઝાર લોકો રહે છે, તું પણ ત્યાં જઈને ઈબાદત કર અને પછી પોતાના વતનમાં પાછો ન ફરીશ, કારણકે તે બહુજ ખરાબ જ્ગ્યા છે.''

એ યુવાન બીજા રાહીબની વાતચીત સાંભળીને નેક લોકોની વસ્તી તરફ ચાલતો થયો, અડધા રસ્તે પહોંચ્યો હશે ત્યાંજ તેને મૌત આવી ગઈ; પરિણામે એના સંદર્ભમાં રહેમતનાં અને અઝાબના ફરિશ્તાઓ વચ્ચે આ પ્રમાણે વાતચીત થવા લાગી. રહેમતનાં ફરિશ્તાઓ બોલ્યા કે, ''એ તૌબાહનો પાકો નિશ્ચય કરીને પોતાના દિલને રહેમતે ખુદાવંદીથી લગાવીલું રાખીને આવી રહ્યો હતો.'' જ્યારે અઝાબના ફરિશ્તાઓ બોલ્યાં કે, ''એણે કોઈ નેકી ક્યારેય કરી નથી.'' ત્યારે ફરિશ્તાઓની આ બંને જમાતો વચ્ચે એક બીજો ફરિશ્તો આવ્યો, જેને આ બંને જમાતોએ ફેંસલો કરવા માટે માન્ય રાખ્યો. એણે ફેંસલો ક્ર્યો કે, ''તમે બંને તરફની જમીન માપી લ્યો, એ જે વસ્તીની નજદીક હશે એનામાં ગણવામાં આવશે.'' એ ફેંસલા પછી જમીન માપવામાં આવી તો એ નેક લોકોની નજદીક નીકળ્યો પરિણામે એને રહેમતનાં ફરિશ્તાઓ લઈ ગયા.!

એક બીજી રિવાયતમાં છે કે, અલ્લાહત્આલાએ બુરાઈની વસ્તીવાળી જમીનને હુક્મ આપ્યો કે, ''આ યુવાનથી દુર ચાલી જા.'' અને નેક લોકોની વસ્તીવાળી જમીનને હુક્મ આપ્યો કે, ''તે નજીક થઈ જાય.'' પછી ફર્માવ્યું કે, આ વસ્તીઓનું અંતર માપવામાં આવે, તો ફરિશ્તાઓએ તેને એક વેંત

જેટલું નેક લોકો ની વસ્તીથી નજીક પામતાં, તેને બખ્શી દેવામાં આવ્યો.

✻ ઉતબાહનો અજીબ પ્રસંગઃ-

હઝરત ઇમામ હસન બસરી(રદીયલ્લાહો ત્આલા અન્હો) ના ઝમાનામાં ઉતબાહ નામના એક ગુલામની ફિત્નાખોરી અને દારૂ પીવાની વાતો પ્રખ્યાત હતી. તે એક દિવસ હઝરત હસન બસરી (રદીયલ્લાહો ત્આલા અન્હો)ની મજલીસમાં આવ્યો એ સમયે આપે "*અલમ યાઅનેલીલ્લઝીન આમનુ અનતખ્શવ્વ કોલુબોહુમ લે ઝીક્રિલ્લાહ*.."

(**અર્થાત્**:- શું મોમીનો માટે એ સમય નથી આવ્યો કે તેના દિલ અલ્લાહથી ડરે.) ની તફસીર બયાન કરી કે લોકો રડવા લાગ્યાં.એ યુવાને મજલીસમાં ઊભા થઇને આપને ક્હ્યું કે,"હે મોમીન બંદા ! શું મારા જેવા ફાસીક અને ફાજીર તૌબાહ્ કરશે તો અલ્લાહત્આલા ક્બૂલ ફર્માવશે?" આપે ફરમાવ્યું કે, "હા, અલ્લાહ ત્આલા તારા ગુનાહો ને માફ ફર્માવી દેશે."

જ્યારે ઉતબાહ ગુલામે આ વાત સાંભળી તો તેનો ચહેરો પીળો પડી ગયો અને એ કાંપતા-કાંપતા ચીખ મારીને બેહોશ થઇ ગયો. પછી જ્યારે હોંશમાં આવ્યો તો હઝરત હસન બસરી એની નજીક અરબી નો એક શેર પઢી રહ્યા હતાં જેનો અર્થ આ છે, "હે અલ્લાહની નાફરમાની કરનાર યુવાન, જાણે છે નાફરમાનીની સજા શું છે ? નાફરમાનો માટે પુરજોશ જહન્નમ છે અને હશ્રનાં દિવસે અલ્લાહત્આલાની સખ્ત નારાઝગી છે. જો તું દોઝખની આગમાં બળવા માટે રાજી છે તો બેશક, ગુનાહ કરતો રહે, નહીંતર રોકાઇજા. તેં તારા ગુનાહોને બદલે પોતાની ઝાતને ગીરવે રાખી દીધી છે, એને છોડવવાના પ્રયત્ન કર."

આ સાંભળી ઉતબાહે ફરી ચીખ મારી અને પુનઃ બેહોશ થઇ ગયો. જ્યારે ભાનમાં આવ્યો તો કહેવાં લાગ્યો કે, "અય શૈખ ! શું મારા જેવા બદ-બખ્તની તૌબાહ્ રબ્બેરહીમ ક્બૂલ કરશે?" આપે ક્હ્યું કે, "દરગુજર કરનાર રબ્બ, ઝાલીમ બંદાની તૌબાહ્ ક્બૂલ ફર્માવી લે છે." એ વખ્તે ઉતબાહે સાચા દિલથી તૌબાહ્ કરી અને તૌબાહ્ કરતાં-કરતાં માથુ ઊઠાવીને અલ્લાહ-ત્આલાથી ત્રણ દુઆઓ માંગી.

★(૧) અય અલ્લાહ ! જો તે મારા ગુનાહોને માફ કરીને મારી તૌબાહ્ને ક્બૂલ કરી હોય તો એવી યાદશક્તિ અને અક્કલથી મારી ઈઝ્ઝત વધારે કે હું કુર્આનેમજીદ અને દીનનાં ઇલ્મોમાંથી જે કંઇ સાંભળું એને ક્યારેય ન ભૂલું.

★(૨) અય અલ્લાહ ! મને એવો અવાજ અતા કરે કે જ્યારે હું

કલામેમજીદની તિલાવત કરું તો તે સાંભળીને સખ્તમાં સખ્ત હૃદયનો ઈન્સાન પણ ઝુમી ઊઠે.

★(૩) અય અલ્લાહ ! મને હંમેશા હલાલ રિઝ્ક એવી રીતે આપ કે, જેની હું કલ્પના પણ ન કરી શકું.

અલ્લાહત્આલાએ ઉતબાહની ત્રણેય દુઆઓ ક્બૂલ કરી.એની યાદ-શક્તિ અને અક્કલ વધી ગયાં અને એ જ્યારે કુર્આનની તિલાવત કરતો તો પ્રત્યેક સાંભળનાર ગુનાહોથી તાઇબ થઇ જતો અને તેના ઘરમાં દરરોજએક પ્યાલો શાકનો અને બે રોટલી રીઝ્કે હલાલ પહોંચી જતી અને કોઇને ખબર ન પડી શકી કે એ કોણ આપી જાય છે? ઉતબાહની પુરી ઝિંદગી આવું થતું રહ્યું. આ તે શખ્શનો હાલ છે જેણે અલ્લાહની લગ્ની લગાવી.

તૌબાહ્ કબુલ થવાની નિશાનીઓ

પ્રશ્ન :- *જ્યારે બંદો તૌબાહ્ કરે છે તો શું એને પોતાની તૌબાહ્ ક્બૂલ થઈ છે કે રદ થઈ છે એની ખબર પડે છે ?*

ઉત્તર :- એવી સ્પષ્ટ વાત તો નથી, પરંતુ અમુક નિશાનીઓ છે જેનાથી તૌબાહ્ ક્બૂલ થવાની ખબર પડી જાય છે.

પ્રશ્ન :- *તૌબાહ્ ક્બૂલ થવાની નિશાનીઓ પણ બતાવી દો.*

ઉત્તર :- તૌબાહ્ ક્બૂલ થવાની નિશાની એ છે કે તાઇબ પોતાની જાતને ગુનાહોથી પાક રાખે છે, એના દિલમાંથી ખુશી ગાયબ થઇ જાય છે, પ્રત્યેક પળે અલ્લાહને મૌજુદ સમજે છે. નેક ઇન્સાનોની નજીક રહેવા લાગે છે. બુરા ઈન્સાનોથી દુર રહેવા લાગે છે. દુનિયામાં જો અલ્લાહ તરફથી થોડી નેઅ્મત મળી જાય તો એને ખૂબ જ વધુ સમજે છે. આખેરત માટે વધુ નેકીઓને પણ ઓછી સમજે છે પોતાના દિલને પ્રત્યેક પળે ખુદાના ફર્ઝ અદા કરવામાં લગાવેલો રાખે છે. હંમેશા પોતાનાથી થયેલા ગુનાહો પર ચિંતાતુર રહે છે. ગમ અને પરેશાનીઓને પોતાના પર લાઝીમ કરી લે છે. ક્યાં તો ચુપ રહે છે અથવા તો જીભને અલ્લાહના ઝીક્ર માટે ખાસ કરી લે છે.

હઝરત માઘર (રદીયલ્લાહો અન્હો)ની તૌબાહ્

હઝરત માઘર બીન માલીક અસ્લમી એક શખ્શનાં ઘરમાં હતાં, જેનું નામ હઝરત હિઝ્ઝાલ(રદીયલ્લાહો ત્આલા અન્હો)હતું, તેઓ પણ અસ્લમી હતાં. હઝરત માઘરે હઝરત હિઝ્ઝાલાની આઝાદ કરેલ બાંદી સાથે વ્યભિચાર ક્ર્યો જ્યારે આ વાત હઝરત હિઝ્ઝાલનાં કાને આવી તો આપે માઘરથી ક્હ્યું, "તમારે હુઝુર સરકારે દોઆલમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)પાસે જઈને પોતાની વાત જણાવવી જોઈએ કે આપ શું કહે છે.?"

હઝરત માઘર(રદીયલ્લાહો ત્આલા અન્હો) આ સાંભળીને હુઝુર નબીએ કરીમ રઉફુર્રહીમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની બારગાહમાં હાજર થયાં અને અર્ઝ કરી, "યા રસુલલ્લાહ(સલ્લલ્લાહોઅલયહે વસલ્લમ) મને પાક ફર્માવો." આપ સરકારે ક્હ્યુંકે, "અફસોસ છે તારા પર, જા ખુદાથી બખ્શીશ માંગ અને તૌબાહ્ કર."

થોડીવાર રહીને તેઓ ફરીને આવ્યાં અને અર્ઝ કરી, "યા રસુલ્લલ્લાહ (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)મને પાક ફર્માવો." હુઝુરે ફર્માવ્યું, "કંઇ ચીજથી પાક કરૂં?" માઘરે અર્ઝ કરી, "વ્યભિચાર અને એની નાપાકી થી."

આ સાંભળી હુઝુરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)પોતાનું પવિત્ર મોઢું બીજી તરફ ફેરવી લીધું. હઝરત માઘર પણ બીજી તરફ આવીને ઊભા રહી ગયાં. હુઝુરે અકરમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરી પોતાનો પવિત્ર ચહેરો ફેરવી લીધો. અને ફર્માવ્યું, "શું આ શખ્શ ગાંડો છે કે આ વાત ગાંડપણમાં કહી રહ્યો છે ?" સહાબા(રદીયલ્લાહો ત્આલા અન્હુમ) એ ક્હ્યું, "યા રસુલલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ગાંડો નથી." આપે ફર્માવ્યું, "શું દારૂપીને એની મસ્તી અને નશામાં કહી રહ્યો છે ?" ત્યારે એક શખ્શે ઊઠીને તેમનું મોઢું સુંઘ્યું, પરંતુ તેમને દારૂની સુગંધ ન આવી. તો આપ સરકારે ક્હ્યું , "શક્ય છે કે એણે સ્ત્રીનું ચુંબન લીધું હોય કે આલીંગન આપ્યું હોય અથવા પોતાની સાથે સુવડાવી હોય અને વ્યભિચારની ચેષ્ઠાઓ કરી હોય અને તેને આ વ્યભિચાર કહી રહ્યો હોય."

હઝરત માઘરે ક્હ્યું, "ના, યા રસુલ્લલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મેં વ્યભિચાર જ ર્ક્યો છે. હઝરત હિઝ્ઝાલનાં ઘરમાં, તેઓની બાંદીથી વ્યભિચાર ર્ક્યો છે અને તેઓ એ મને આપની બારગાહમાં હાજર થવાંનો મશવેરો આપ્યો છે."

આના પર હુઝુર નબીએ કરીમે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હઝરત હિઝ્ઝાલ(રદીયલ્લાહોત્આલા અન્હો)ને ફર્માવ્યું, "જો તમે હઝરત માઘરની પર્દા-પોશી કરતાં અને એમના વ્યભિચારને જાહેર ન કરતાં તો તમારા માટે બહેતર હતું."

સારાંશ કે, જ્યારે હઝરત માઘરે ચાર વખત ક્બુલાત કરી લીધી તો હુઝુર અકરમે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)આપને રજમ (વ્યભિચારની સજા)અને સંગસાર કરવાનો હુક્મ ફર્માવ્યો. ત્યારબાદ આપને મદીના-એ-મુનવ્વરાહ(ઝાદહુમલ્લાહો શરફતંવ અઝીમ)ના સજાના સ્થળે લાવવામાં આવ્યાં અને સંગસાર કરવામાં આવ્યા. જ્યારે તેઓને પથ્થરની મારથી ખૂબજ

તકલીફ થવા લાગી તો તેઓ દોડવા લાગ્યા. આ સમયે એક શખ્શને હાથમાં ઊંટના જડબાનું હાડકું મળી ગયું. તેણે એ જ હાડકું હઝરત માઘર (રદીયલ્લાહો ત્આલા અન્હો)ની ઉપર માર્યુ તથા બાદમાં એટલા પ્રમાણમાં સંગસાર કરાયો કે તેઓ ઈન્તિકાલ કરી ગયાં. ત્યાર બાદ એ તમામ લોકોએ હુઝુર નબીએ કરીમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની બારગાહમાં હાજર થયાં અને સંપૂર્ણ કિસ્સો વર્ણવવા લાગ્યા અને કહેવા લાગ્યાં કે, "જ્યારે સંગસારથી વધુ તકલીફ થઇ અને મૃત્યુ નજીક પહોંચ્યાં તો તેઓ દોડવા લાગ્યાં." એ સમયે હુઝુરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ફર્માવ્યું, "એને છોડી શા માટે ન દીધો કે તે ખુદાથી તૌબાહ્ કરતો અને ખુદા તેની તૌબાહ્ ક્બૂલ ફર્માવતો અને રહેમત તથા કરમની સાથે તૌબાહ્ ક્બૂલ ફર્માવતો."

ત્યાર બાદ આપે હઝરત માઘર માટે અસ્તગફાર ફર્માવ્યો અને ક્હ્યું કે, "બેશક, એણે એવી તૌબાહ્ કરી છે કે જો એ તૌબાહ્ને પુરી ઉમ્મત પર વહેંચવામાં આવે તો તે સઘળી ઉમ્મત માટે પુરતી અને સૌને માટે ફાયદાકારક થાય."

અય ગાફીલો ! જરા વિચારો ક્યાં સુધી ગફલતમાં પડ્યા રહેશો.? આ બુઝુર્ગોના હાલાત પર નજર નાંખો કે, ગુનાહ માફ કરાવવા પોતાની જાનની બાજી લગાવી દેતાં હતાં. અને જાન આપીને અલ્લાહ અને તેના મહેબુબની ખુશનુદી પ્રાપ્ત કરી લેતાં હતાં, કારણકે આ બુઝુર્ગોને તૌબાહ્થી પ્રેમ હતો અને સાચી તૌબાહ્ એટલેકે *તૌબતુન્-નસુહા* માટે પુરો પ્રયત્ન કરતા હતાં.

જે શખ્સ ફક્ત દેખાવ પુરતી તૌબાહ્ કરે છે એનું દષ્ટાંત એવું છે કે જાણે કોઇ સડી ચુકેલા મુર્દા પર રેશમ અને કિનખાબની ચાદર નાંખી દેવાય હોય અને લોકો તેને આશ્ચર્યથી જોઇ રહ્યાં હોય. અને પછી જ્યારે ચાદર હટાવવામાં આવે તો લોકો નફરત કરતાં કરતાં મોઢું ફેરવીને ચાલતા થાય.

એ જ પ્રમાણે લોકો દેખાવની ઈબાદત કરતાં લોકો પ્રત્યે આશ્ચર્યની નઝરોથી જુએ છે. પરંતુ ક્યામતનાં દિવસે તેઓની દેખાવની ઈબાદત ઉપર જે રિયારૂપી(દંભરૂપી)ચાદર છે એને ચીરી દેવામાં આવશે ને એવા માણસોથી ફરિશ્તાઓ મોઢું ફેરવીને ચાલતાં થશે. માટેજ નબીએ કરીમ રઉફુર્રહીમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ફર્માવ્યું છે કે, " ખુદા તમારી સુરતોને નથી જોતો, પોષાકોને નથી જોતો, પરંતુ તમારા દિલોને જુએ છે."

હઝરતે ઈબ્ને અબ્બાસનું ફરમાન

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ(રદીયલ્લાહોત્આલા અન્હો)થી મરવી છે કે, "ક્યામતના દિવસે ઘણાં એવા લોકો હશે જેઓ પોતાને તાઇબ

સમજીને આવશે, પરંતુ તેઓની તૌબાહ્ ક્બુલ નહીં હોય, એટલા માટે કે, તેઓએ તૌબાહ્‌ના દરવાજાને શરમીંદગીથી, પ્રશ્ચાતાપથી ખટખટાવ્યો નહીં હોય, તૌબાહ્ બાદ ગુનાહોને છોડી દેવાનો ઈરાદો નહીં ક્ર્યો હોય, ઝુલ્મોને પોતાનાથી શક્ય હોય એટલી શક્તિથી ઠેલ્યાં નહીં હોય અને આસાન કામોના સબુતના સિલસિલામાં જે કામો તેઓએ ક્ર્યા છે, એ કામોથી તેઓએ મગ્ફેરત તલબ નહીં કરી હોય.’’

છેલ્લે અલ્લાહત્આલા હુઝુર નબીએ કરીમ રઉફુર્રરહીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના સદકામાં સૌ કોઈને તૌબાહ્‌ની તૌફીક અતા કરે, આપની આલ, ઔલાદ અને અસ્હાબના વસિલાથી સૌની તૌબાહ્ ક્બૂલ ફર્માવે.

આમીન, સુમ્મા આમીન...

બજાહે સૈયેદુલ્મુરસલીન(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

અય ઈશ્ક તેરે સદકે જલને સે છુટે સસ્તે,
જો આગ બુજાએગી વોહ આગ લગાઈ હૈ.
ઈમામે એહલે સુન્નત

ઈશ્ક કે ઈમ્તેહાં

ચાઅ્‌ની

અહેવાલુલ્‌અસ્‌ફીયા

ફી ફ્જાઈલે સિલસિલાએ નક્શબંદીયાહ

★ આરિફાના સિંધી કલામ ★

(૧) *જગ તિનહીજી જાઅ, જીનહીં છડયો જગ કે,*
સભ ઈ તો સેંહદા, જે તું સેહંદ ન તનસે.

(અર્થાત્ :- જેઓ દુનિયાને લાત મારી ચુક્યા છે દુનિયા તેઓની ગુલામ છે,જો તું તારા નફસનો વિરોધી બન તો આખી દુનિયા તારી વફાદાર છે.)

(૨) *જાહેલ જૌક સુખન જો, આરીફ સુર સહાઅ,*
સઉરન સંધી સાઅ, રાહત રસે રૂહ કે.

(અર્થાત્ :- અજ્ઞાની ભૌતિકસુખનો અભિલાષી છે જ્યારે આરિફ તકલીફ અને દુખનો અભિલાષી હોય છે, કારણ કે દુખ અને તકલીફો મારફતે રૂહને રાહત પ્રાપ્ત થાય છે.)

(૩) *આરિફ અંય ઉશ્શાક, પીસણ ગુરણ પ્રિયન જો,*
જન્નત જા મુસ્તાક, અંટયાં ઓરણં થેયા.

(અર્થાત્ :- આશીકો અને હક્કના તલબગારો ઉપર પ્રિયતમને પ્રાપ્ત કરવાની ધુન સવાર હોય છે,પરંતુ જન્નતના તલબગારો હજુ આ ભેદથી અજ્ઞાન છે.)

(૪) *ન કી ઓડો અખકે, નકી નઝરાં દુર,*
વયાં ઈ વેહલોર, જે ડીઠોઈ અણડેઠ મે.

(અર્થાત્ :- હે, આધ્યાત્મિકપથના અભિલાષી તારો પ્રિયતમ તારી દ્રષ્ટીથી દુર નથીઅને નઝદીક પણ નથી, તેના દિદાર માટે તો તારે દુર અને નઝદીકના બંધનોથી બહારઆવવુ પડશે.)

(૫) *છડેયો હીઓ જહાન, હુ પણ ગોરે ગોરીયું,*
પલક પરીઅન સાણ, જે મું સરે જેડીયું.

(અર્થાત્ :- હે મારી વિચારસરણીને અનુસરનાર, પ્રિયતમ (પાલનહાર)ના દિદાર માટે આ દુનિયાનો ત્યાગ કર અને તેના દર્શન માટે આખેરત પણ સદકામાં આપી દે.)

(૬) *સુખ રૂહાની સામઈ જીસ્મી જાહેલન,*
બગન મરછીમન પારસ પીસણ કેં કે.

(અર્થાત્ :- જાહેલોને ભૌતિક સુખની અભિલાષા હોય છે, જ્યારે આરિફોને આધ્યાત્મિક સુખની. અહીં આપ (સુલ્તાનુલ્‌ઔલિયા)જાહેલોની મહેનત અને પ્રતિક્ષાને પાણીમાં ઉભેલા બગલાની સાથે સરખામણી કરતા ફર્માવે છે કે, જાહેલરૂપી બગભગત પાણીમાં માછલી માટે તપસ્યા કરે છે તેને પારસમણી સાથે કંઈ જ લેવા દેવા નથી.)

સુલતાનુલ ઔલીયા હઝરત ખ્વાજા મોહંમદ ઝમાં
નક્શબંદી, મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ)

મુર્શીદ મેનું હજ મક્કે દા,
જોમત દા દરવાજા હુ,
કરાં તવાફ દુઆલે કિબ્લે,
હજજ હોવે નીત તાજા હુ,
કુન ફયકુન જદો કા સુણયાં,
ડિટ્ઠા ઓહ દરવાજા હુ,
મુર્શીદ સદા હયાતીવાલા,
ઓહ ખિજર તે ખ્વાજા હુ.

હઝરત સુલતાન બાહુ કાદરી
(ન્રેમતુલ્લાહ અલયહે)

(અર્થઘટન :- મુર્શીદિ કામીલ જ મારા માટે રહેમતનો દરવાજો છે, તેની પાસે જવું મક્કા શરીફના હજ સમાન છે, તે મારો કિબ્લ-એ-હાજત છે તેની પ્રદક્ષીણાં કરૂ છું.તેના થકી હજ્જના અન્વારો તાજા થાય છે. અજલના પ્રથમ સંભારણાના દ્વારને હું શોધતો હતો જે તનાં થકી મેળવી શક્યો. મુર્શીદિ કામીલ અનત જીવનવાળો છે અને તે જ સાચો માર્ગદર્શક છે.)

મનકી આંખે ખોલ...

(૨)

"રેહનુમાએ તરીકત"
એટલે કે
પીરની જરૂરત અને તેના આદાબો

"પી રા રાં બગુઝી કે બે પીર ઈ સફર,
હસ્ત રાહ પુર આફત વ ખૌફો ખતર,
દામને ઉં ગીર ઝુતર બે ગુમાં,
તા જ્હી અઝ આફતે આખીર ઝમાં."
-હઝરત મૌલાના રૂમ

(અર્થાત : પોતાના માટે પીર બનાવી લે કારણકે પીર વગર આ માર્ગ પર મુસાફરી કરવી ખુબજ ભય ભરેલું અને ખતરનાક છે. બેશક, અલ્લાહ ત્આલાના એ ખાસ બંદાનો દામન જલ્દી પકડ. જે થી તું આખરી જમાનાની આફતોથી બચે.)

★પીરની જરૂરત શા માટે ?★

અલ્હમ્દોલીલ્લાહે રબ્બીલઆલમીન અસ્સલાતો વસ્સલામો અલા નબીય્યીલ ઉમ્મીય્યીલ માઅદ્દનીલ્જુદે વલ કરમ વ આલેહી વ અસ્હાબેહી વ ઔલિયા-એ-ઉમ્મતેહી વ ઉલમાએ મીલ્લતેહી અજમઈન.

હમ્દે બારીત્આલા અને આકા એ નામદાર મદની તાજદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના દરબારમાં આજેઝી અને પ્રેમ-પૂર્વક દરૂદો-સલામ રજુ કર્યા બાદ હવે હું <u>પીરની જરૂરત શા માટે?</u> આ વિષય પર ચર્ચા કરૂં છું.

આજકાલ સામાન્ય રીતે અને ખાસ કરીને જેમને સુધરેલા તથા ભણેલા-ગણેલા લોકો કહેવામાં આવે છે, તેમનામાં આ ખ્યાલ વાળાઓ અસંખ્ય છે, "<u>કોઇને પીર અથવા મુર્શીદ બનાવવાની જરૂરત શા માટે?</u>" કારણકે અમે પોતે મુસલમાન છીએ, અને અમારા માટે નમાઝ રોઝા વગેરે બસ છે, સાથે સાથે ખુદાથી ડરવું જોઇએ.

ઉપર પ્રમાણે કહેવામાં અને કરવામાં બહુ જ ફર્ક છે. આપણે જાણીએ છીએ કે અલ્લાહત્આલા સર્વ-વ્યાપક છે, છતાં ચોરી કરતા અને ખરાબ કામો કરતાં અટકાતાં નથી, પણ બીજા ની હાજરી માં અટકી જવાય છે, આ એક દુન્યવી સત્ય છે. એનો અર્થ એ થયો કે ખુદાનું સર્વ-વ્યાપકપણું હોવા છતાં લોકો માણસનો ડર રાખે છે, ખુદાનો નહીં.

એથી ઉલટું, જેઓને ખુદાના સર્વવ્યાપકપણાંનો અનુભવ થયો છે, તેઓ અજુગતું કામ કરતાં નથી. બસ, મારૂં કહેવું છે કે, **<u>ખુદાના સર્વવ્યાપક-પણાંનો અનુભવ અલ્લાહત્આલાની તૌફીકથી અને લાયક પીર ની દોરવણીથી જ પ્રાપ્ત થઇ શકે છે,</u>** ફક્ત પુસ્તકો વાંચીને જ વ્યક્તિ હકીમ, ડોકટર કે વિજ્ઞાની બની શકતો નથી, પણ તેમને થીયરીકલ તથા પ્રેક્ટીકલ બંનેનું યોગ્ય શિક્ષણ આપ્યા પછીજ ડીગ્રી-પ્રમાણપત્ર આપવામાં આવે છે, તો આ રીતે જ્યારે જાહેરી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પણ શિક્ષકની જરૂરત રહે છે, તો પછી બાતીની જ્ઞાનની પ્રાપ્તી માટે પણ એક શિક્ષક એટલે કે પીર ની જરૂરત છે. ઇસ્લામમાં જેટલા ઔલિયાઅલ્લાહ થઇ ગયા, સર્વ ને <u>શૈખ</u> એટલેકે પીર કરવાની જરૂર પડી, તો પછી <u>આપણા જેવાઓને તો પીરની સખ્ત જરૂર છે.</u>

જે મહાન હસ્તીઓએ ઇસ્લામનું હકીકી જ્ઞાન પ્રાપ્ત કરીને પોતાના અનુયાયીઓને આપ્યું, બાપ અને માં બંને તરફથી જેઓ સયૈદ છે, જે માંના પેટથી જ જન્મજાત વલી છે, તેવા હઝરત ગૌષેપાક અબ્દુલકાદીર જીલાની, હઝરત ખ્વાજા બહાઉદ્દીનશાહ નક્શબંદ તથા સુલતાનુલહિન્દ ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તી (રીદવાનુલ્લાહેત્આલા અલયહીમ અજમઇન)એ પણ અનુક્રમે હઝરત અબુસઇદ અબુલખૈર(અબુ સઇદ મુબારક), હઝરત સયૈદ

શમ્શુદ્દીન અમીરે કુલાલ તથા હઝરત ખ્વાજા ઉસ્માન હરવુની (હારૂની) (રીદવાનુલ્લાહત્આલા અલયહીમ અજમઇન)થી રૂહાની જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તેઓને પોતાના *શૈખ* એટલે કે પીર તરીકે ક્બુલ કરી તેમના મુરીદ બની વર્ષો સુધી તેમની સેવા કરીને દુનિયાને સમજાવ્યું કે, "<u>પીરની સખ્ત જરૂરત છે, પણ પીર લાયક હોવો જોઇએ.</u>"

જે લોકોનું એવું માનવું છે કે,પાંચ વખત ની નમાઝ પઢવી, જુઠ્ઠુ ન બોલવું, નેક કામ કરવા, દગો ફટકો ન કરવો, પરાઇ ઔરતથી દૂર રહેવું. વગેરે નેકીના કાર્યો કરતાં રહીએ તો મુર્શીદ(*પીર*) ની જરૂરત રહે નહીં, કારણકે પીર પણ એજ શીખવશે, તેમનો આ ખ્યાલ ભૂલ ભરેલો છે.

કોઇ પણ માણસ મુર્શીદ વિના ગમે તેવો નેક હોય તો પણ તેને શૈતાન અને તેનો પોતાનો નફ્સ ગમે તે વખતે પછાડી નાંખે છે. માણસ જો સાચા દિલથી અલ્લાહ તરફ રુજૂઅ્ થાય તો પછી <u>અલ્લાહ તેને એવો પીર મેળવી દે છે, જે તેને હકીકત થી જાણકાર કરી દે છે.</u>

ગર ન બાશદ તાલેબાં રા દસ્તગીર,
તાલેબાં હરગીજ ન ગીરદ દસ્તે પીર.
નફ્સ ન તવાં કુશ્ત ઈલ્લા ઝીલ્લે પીર,
દામને આં નફ્સ કુશ રા સખ્ત ગીર.

(**અર્થાત્** :- અલ્લાહ જ્યારે બંદાને તૌફીક આપે છે ત્યારે જ તે પીરનો હાથ પકડે છે પીરની મદદ વિના નફ્સને પછાડી શકાતો નથી. નફ્સને પછાડવા માટે પીરનો પાલવ મજબૂતીથી પકડ.)

પીર હમેંશા પોતોના મુરીદની આત્મિક સ્થિતીનું રક્ષણ કરે છે. <u>*નૂરે-રોશન*</u> નામની કિતાબમાં હઝરત કાયમુદ્દીન ચિશ્તી (રહેમતુલ્લાહ અલયહે) બહુ જ સારો દાખલો આપ્યો છે કે, "એક બકરી એવો ખ્યાલ કરે છે કે મને ભરવાડની શી જરૂર? હું પોતે જ જંગલમાં જઇ ચારો ખાઉં છું. મારા પોતાના પગે ચાલીને જાઉં છું અને પછી ઘેર આઉં છું, હું પોતે જ મારો ચારો શોધી મારા દાંતોથી તોડી ચાઉં છું, પાણી પણ મારા મોઢે પીઉં છું, તો પછી ભરવાડને મારી ઉપર સરદારી કરવાનો શા હક્ક છે? તે શા માટે ડાંગ લઇને અહીં-તહીં ફર્યા કરે છે, તો આ જાતનો વિચાર એ બકરી નો ભૂલભરેલો છે, કારણકે ભરવાડ આગળ-પાછળ જોઇ જ્યાં સારો ચારો હોઇ, ત્યાં બકરીને લઇ જાય છે, બકરી તે ખાઇને પોતાના પેટ ભરે છે. જો ભરવાડ ન હોય તો બકરીમાં એટલી તાકત નથી કે સૌથી વધુ ચારો ક્યાં છે તે શોધી કાઢે, વળી પાણી ની જગ્યા સુધી પણ બકરીને ભરવાડ જ લઇ જાય છે; સૌથી અગત્ય ની વાત તો એ છે કે ભરવાડ હાથમાં ડાંગ લઇ સવારથી રાત સુધી બકરીની રખેવાળી કરે

છે, કે કોઇ વાઘ,વરૂ કે જંગલી જનાવર તેના પર હૂમલો કરે નહી.''

એવી જ રીતે પીર પોતાના મુરીદોની નિગેહબાની કરે છે.પીર વગરના માણસની હાલત ભરવાડ વગરની બકરી જેવી છે, તે ભલે નદી કિનારે કે જંગલમાં લીલું ઘાસ ચર્યા કરે પણ હંમેશા ફીકર રહે છે કે રખે રસ્તો ભૂલી જવાય કે એવી જગ્યાએ જવાય કે જ્યાં ઘાસ પાણી નહીં હોય અથવા વાઘ, વરૂ વગેરે ફાડી ખાનારા જનાવરો તેને ફાડી ખાય; તેથી પીર અથવા મુર્શીદ કરવાની જરૂરત છે.

માણસની હસ્તીના બે હિસ્સા

માણસની હસ્તી ના બે હિસ્સા છે (૧)શારિરીક(જીસ્માની) (૨) આધ્યાત્મિક (રૂહાની) જેવી રીતે આપણે શારિરીક સફાઇની તજવીજ કરીએ છીએ, એ જ રીતે આધ્યાત્મિક (રૂહાની) સફાઇની પણ તજવીજ કરવી જોઇએ અને એ પીરો મુર્શીદ વગર થઇ શકતી નથી. **એક કટાયેલા વાસણને સાફ કરવા માટે જેમ કલાઇગર (કલાઇ કરવાવાળા)ની જરૂર છે, તેવી જ રીતે દુન્યવી માણસને પોતાના દીલ ઉપરના માયા, અભિમાન તથા ક્રોધના પડ ને નાબૂદ કરવા લાયક પીરની જરૂરત છે. મુર્શીદ વિના બાતિનના (આંતરીક) ઇલ્મની ખબર પડી શકતી નથી.**

હવે આપણે કુર્આનેમજીદથી એ સાબીત કરીશું કે, અલ્લાહત્આલાએ પોતાની ખાસ વાતોને આમ નથી કરી, પણ ખાસ ખુલ્લા શબ્દોમાં ફર્માવ્યું છે કે, (૧) તે લોકો કે જેમને ઇલ્મ આપવામાં આવ્યું છે, તેમના સિનાઓમાં આયાતો છે. (સુરે અનકબુત) (૨) અલ્લાહે જેનો સિનો ઇસ્લામ માટે ખોલી દીધો છે, તે પોતાના રબ તરફથી નૂર પર છે. (સુરે અન્આમ) (૩)''*ફસઅલુ અહલઝ્ઝીક્રે ઇન કુન્તુમ લા તાઅલમુન*''(**અર્થાત્ :-** જો તમે નથી જાણતા તો ઝીક્ર કરવાવાળાઓને પૂછો.)(સુરે નહલ)

આમ, કુર્આનશરીફથી પણ ખબર પડે છે કે બધા મુસલમાન બરાબર નથી, બલ્કે અમુકથી અમુક શ્રેષ્ઠ છે, જ્યારે કુર્આનેમજીદથી શ્રેષ્ઠતા સાબીત થઇ ચૂકી તો હવે હું એટલે કે, **વઝીરઅલી** મારી ચર્ચાનાં અનુસંધાનમાં એક બીજી આયત રજૂ કરૂં છું, ''*ફલયૌમ નદઉકુલ્લુ ઉનાસીમ બે ઇમામેહીમ*'' (**અર્થાત્ :-** તે દિવસે એટલે કે ક્યામતનાં દિવસે અમે દરેક વ્યક્તિને તેના ઇમામની સાથે બોલાવીશું.) ઉપરની આયાતથી સાબીત થાય છે કે દુનીયામાં જેણે જેનું અનુકરણ કર્યુ મૈદાને મહેશરમાં પણ તેને તેની સાથે જ બોલાવવામાં આવશે. જેઓએ લાયક પીરના હાથમાં હાથ આપી સિલસિલાના ઝીક્ર-ફીક્રમાં લાગીને ખરા અર્થમાં પીરનું અનુસરણ કર્યુ તઓ મૈદાને હશ્રમાં પણ તે પીરની સાથે જ હશે.

મિર્સાદુલ્એબાદ નામની કિતાબમાં લખ્યું છે કે, ''*અશ્શૈખો ફી કૌમેહી કન્નબીય્યે ફીઉમ્મતેહી* એટલેકે, પીર પોતાની કૌમમાં(મુરીદોમાં) એવી રીતે છે કે જેમ નબી પોતાની ઉમ્મતમાં.''

અનુકરણથી જ ઇમામત સાબીત થાય છે. કોઇ પણ વ્યક્તિ પીર બનાવ્યા પછી પીરને રસ્તે ન ચાલે પણ સામેથી ગુનાહીત કૃત્ય કરી શૈતાનને રસ્તે ચાલે તો હકીકતમાં તેણે શૈતાનને પોતાનો પીર બનાવ્યો છે; આવી વ્યક્તિઓ મૈદાને હશ્રમાં પણ શૈતાનની સાથે હશે. **કશ્કોલે કલીમી** નામની કિતાબમાં હઝરત શાહ કલીમુલ્લાહ જહાંનાબાદી(રહેમતુલ્લાહ અલયહ)લખે છે કે, ''જેનો પીર કોઇ નથી તેનો પીર શૈતાન છે.'' ફક્ત આખેરત જ નહીં પણ આ દુનીયામાં પણ પીરની જરૂરત છે. અલ્લાહત્આલા કુર્આનેમજીદમાં સુરએ-માએદાહમાં ફર્માવે છે કે, *યા અય્યોહલ્લઝીના આમનુત્તકુલ્લાહ વબતગુ ઇલયહિમ વસિલાહ વ જાહેદુ ફી સબીલેહી લઅલ્લકુમ તુફલેહુન.* (**અર્થાત્ :-** હે ઇમાનવાળાઓ અલ્લાહથી ડરો અને તેની તરફ(આવવા માટે) વસિલો શોધો અને મુજાહેદા કરો કે જેથી તમે કામ્યાબી પ્રાપ્ત કરો)આ આયતથી કોઇ બુઝુર્ગને ખુદાની જનાબમાં વસિલો બનાવી મુજાહીદા કરવાનાં બધા મસ્અલાઓ સાબીત થઇ જાય છે. હવે સવાલ એ છે કે મુસલમાન જ્યારે મુસલમાન છે, તો શું હવે પરહેઝગાર મુસલમાનની હૈસીયત નથી રાખતાં? શું તેમનામાં તકવો નથી હોતો? જો હોય છે તો ખુદા શા માટે ફર્માવે છે કે, 'હે મોમીનો તકવો ઇખ્ત્યાર કરો.'

ખુદાએ એટલા માટે ફર્માવ્યું છે કે, તકવો-અલ્લાહનો ડર, પરહેઝગારી અલ્લાહને માટે ગ્રહણ કરવામાં આવે માત્ર જાહેરી તકવો કામ નથી આવતો પણ ઇર્શાદ છે, '*વબતગુ ઇલૈહીલ્વસીલા*' (**અર્થાત્ :-** એ તકવો ઇખ્તિયાર કરવા માટેતમારે વસિલા એટલેકે પીરની જરૂર છે જેથી તમને મારી બારગાહમાં આવવાનું પોપટપચીયું જ્ઞાન એટલેકે માત્ર સાંભળેલા અને વાંચેલા આદાબો નહીં પણ પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા શીખવવામાં આવેલ અને અનુભવેલા આદાબોની જાણ થઇ જાય અને સમજાય જાય કે, પીર અર્થાત્ રહેબર વિના એ રસ્તો નથી મળતો ખુદાના રસ્તામાં રહેબરની અગત્યતા અનિવાર્ય છે. જ્યારે તમે અમારા રસ્તામાં રહેબર(પીર) શોધી લીધો તો હવે '*જાહેદુ ફીસબીલેહી.*' (**અર્થાત્ :-** અલ્લાહના રસ્તામાં જેહાદ કરો. નફ્સ અને ગૈરીયતને દુર કરો.)'*લઅલ્લકુમ તુફલેહુન*' જેથી તમે કામ્યાબ થાવ.

ઉપરની ચર્ચામાં કુફ્ફાર સાથેનો જેહાદ નહીં પણ નફ્સ સાથેનો જેહાદ છે જેના ખુલાસા માટે એક હદીષ શરીફ રજુ કરૂં છું. હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર(રદીયલ્લાહોત્આલા અન્હો)એ ફર્માવ્યું કે, હુઝુર(સલ્લલ્લાહો અલયહે

વસલ્લમ)નો ઈર્શાદ છે કે, 'દરેક વસ્તુને માટે સફાઇ છે અને દીલની સફાઇ ખુદાનો ઝીક્ર છે અને કોઇ ચીજ અઝાબથી નજાત આપવાવાળી અલ્લાહના ઝીક્રથી વધીને નથી' સહાબીએ અર્ઝ કરી કે, 'હુઝુર, શું અલ્લાહ માટેનો જેહાદ પણ નહીં?' આપે કહ્યું, 'નહીં ભલેને એવી રીતે તલવાર મારે કે તે તુટી જાય.' ખુલાસો એ છે કે સાચા અર્થમાં જેહાદ નફ્સથી લડવાનું નામ છે. આ સિવાય એક જંગમાંથી પાછા ફરતા આપ સરકારે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ફર્માવ્યું કે, 'અમે નાના જેહાદથી મોટા જેહાદ તરફ પાછા વળી રહ્યા છીએ.'

ખાસ બંદાઓના સિનામાં ઈલાહી ભેદો છુપાયેલાં છે.

તો હવે ઉપર જણાવેલ આયાતો અને હદીષોથી સાબીત થાય છે કે, આમ મુસલમાનોમાંથી ખુદાએ પોતાના જ્ઞાન માટે ખાસ લોકોને ચુંટી લીધા છે સાથે સાથે કુર્આને મજીદ ઘણી જગ્યાએ આ વાત ઘણાંજ ઉંચા અવાઝથી સંભળાવે છે કે, 'દરેક માણસમાં એ કાબેલીયત નથી કે તે ખુદ બ ખુદ શરીઅત પર પાબંદ થઇને મંજીલે મકસુદ સુધી પહોંચી જાય બલ્કે તેમને એવી વ્યક્તિઓ તરફ દોરવ્યા છે, જેમના સિનાઓ અલ્લાહત્આલાએ રહસ્યો માટે ખોલી દીધા હોય તેઓજ કુર્આનેશરીફને ખરા અર્થમાં સમજી શકે છે. આ મજમુનનાં ટેકામાં ફક્ત એકજ હદીષ શરીફ રજુ કરૂં છું, *અનઝ-લલ્કુર્આન અલા સબઅત અહરફીન લે કુલ્લુ આયતીન મિન્હા ઝહરવ્વબતનુન વલે કુલ્લે ક્દ્દિનમતલઉન.* (**અર્થાત્**:- કુર્આને મજીદ સાત પ્રકારે ઉતારવામાં આવ્યું છે, હર આયતને માટે જાહીર (બાહ્ય)અને બાતિન(આંતરિક)છે તેમજ હર મુકામના માટે (તરક્કી) જાહેરી આલીમો જેઓ માત્ર સર્ફ અને નહવ(અરબી-વ્યાકરણ)નું જ્ઞાન પ્રાપ્ત કરી જાહેરી ઈલ્મમાં માહીર થઇ પોતાને ઈસ્લામના ભંડાર અને નબીઓનાં વારિસ સમજે છે, તેમને અલ્લાહ ત્આલા બાતીનની રોશની અતા કરે, આમીન...

સુફિયાએ કિરામ બાતિની તરક્કી ધરાવે છે.

અહીં જે મુકામની તરક્કી માટે જે ઈશારો છે, તે ખાસ સુફીઓ (લાયક પીરો)ની જમાઅત માટે છે, કારણકે તેમના વિના કોઇ બીજો એવો પંથ નથી કે જે બાતિની(રૂહાની)તરક્કી રાખતો હોય. જાહેરી આલીમોની તરક્કી ફક્ત જાહેર સુધી જ છે અને સુફિયાએ ક્રિામ જાહેર અને બાતિન બંનેથી સજ્જ છે, દા.ત.:- એક આલીમ ફક્ત ઈલ્મની બદૌલત કહે છે કે, 'ખાંડ મીઠી છે,' પણ સુફિયાએ ક્રિામ ખાંડ ચખાડીને પુરો અનુભવ કરાવી દે છે. એવી જ રીતે

આલિમોની માન્યતા છેકે ખુદા સર્વવ્યાપક છે, પરંતુ સુફિયો તો (તેનો)પ્રત્યક્ષ અનુભવ કરાવી દે છે.

નફ્સની ઓળખની માટે પીર જરૂરી છે.

હઝરત અલી(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ ફર્માવ્યું કે, '*મન અરફા નફસહુ ફક્દ અરફા રબ્બહુ*' (**અર્થાત્**:- જેણે પોતાના નફસને ઓળખ્યો તેણે પોતાના રબને ઓળખ્યો)માણસ હકીમ અથવા ડોકટરની મદદવિના પોતાના શરીરની અંદરના ભાગો ને ઓળખી શકતો નથી, તો પછી તે રૂહાની હકીમ એટલે કે પીરો મુર્શીદની મદદ વિના પોતાના નફસને કેવી રીતે ઓળખી શકશે? જેણે વિજ્ઞાનનો અભ્યાસ કર્યો છે તેઓ આ વાત સારી રીતે જાણે છે કે માઇક્રોસ્કોપ(સુક્ષ્મદર્શક)થી જીણી વસ્તુ ઘણી જ મોટીદેખાય છે, એ જ પ્રમાણ દૂરબીનથી દૂરની વસ્તુઓ પણ જોઇ શકાય છે. જે વ્યક્તિને સાયન્સનું જ્ઞાન નથી તેને જો એમ કહેવામાં આવે કે, "ભાઇ, પાણીની અંદર તો લાખોં જીણાં-જીણાં જંતુઓ તેમજ પુષ્કળ કચરો છે, તો તે માણસ આ વાતનો તરત જ અસ્વીકાર કરશે અને સામે દલીલ કરશે કે તમે ખોટા છો." કદાચ તે પાણીમાં જંતુઓ તથા કચરો કહેનારને ગાંડો પણ સમજે, પણ જો પાણી લાવનારને પાણીનું એકજ ટીપું કાચની એક ઈંચ લાંબી અને પોણોં ઈંચ પહોળી પટ્ટી પર ટપકાવી સુક્ષ્મદર્શક વડે દેખાડવામાં આવે તો પાણીનાં એકજ ટીપામાં હજારો જીવજંતુઓ તેને નાચ કરતાં દેખાશે. એ સિવાય બીજો સ્થિર કચરો પણ તેને દેખાશે; તો પછી તેને માનવું જ પડશે કે જે વસ્તુ નરી આંખે નથી જોઇ શકાતી તે સૂક્ષ્મદર્શક તથા દુરબીનથી જોઇ શકાય છે. આ યંત્રો તો ફક્ત જાહેરી વસ્તુ જોવાનાં છે, એવીજ રીતે જો પોતાના નફસને ઓળખવો હોય તો તેના માટે પણ યંત્ર છે અને તે દિલ છે. બસ આ યંત્રનો ઉપયોગ નફસ ઓળખવા માટે પીર દ્વારા થઇ શકે છે; એટલે જો નફસની ઓળખનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો રહેબર અથવા પીર કરી એની દોરવણી પ્રમાણે ચાલવું જ પડશે.

હઝરત મુસા (અલૈહિસ્સલામ)ની રૂહાની જ્ઞાન પ્રાપ્તિ

હઝરત મુસા(અલયહીસ્સલામ) ને રૂહાની જ્ઞાન મેળવવા માટે *મજમઉલ્બહરૈનની* નિકટ હઝરત ખિઝર(અલયહીસ્સલામ) પાસે મોકલવામાં આવ્યું જેનું વર્ણન કુર્આનેશરીફનાં પંદરમાં પારામાં મૌજુદછે. અને તેનો ખુલાસો *બુખારી શરીફ*ની હદીષમાં છે કે, એક વખત હઝરત મુસા (અલયહીસ્સલામ)બની ઈસરાઇલની વચ્ચે તક્રીર કરતાં હતા તે દરમ્યાન એક માણસે સવાલ કર્યો કે, "હે મુસા, શું દુનિયામાં તમારાથીએ કોઇ મોટો જ્ઞાની છે?" તો હઝરત મુસા (અલયહીસ્સલામે) નકારમાં જવાબ આપ્યો,

ત્યાર પછી વહી દ્વારા હઝરત મુસા(અલયહીસ્સલામ)ને હઝરત ખીઝર (અલયહીસ્સલામ)પાસે મોકલવામાં આવ્યા.

આ બનાવના અનુસંધાનમાં હઝરત મૌલાના રૂમ(રહેમતુલ્લાહ અલયહે)*મસ્નવી શરીફ* નાં પહેલા દફતરમાં એક હદીષ શરીફનો ખુલાસો લંબાણપૂર્વક કર્યો છે, જે આ પ્રમાણે છે :-

ગુફત પયગમ્બર અલી રા કય અલી,
શેરે હક્કી પહેલવાની પુર દિલી.
લે કબર શેરી મકુન હમ એ અત મીદ,
અંદર આ દર સાયએ નખલે ઉમ્મીદ.
બહરે કુર્બે હઝરતે બે ચુનો ચંદ,
તુ તકર્રુબ જવ બ અકલો સિર્રે ખ્વેશ.
નય શું ઈશાં બર કમાલ આવર બખ્વેશ.
યા અલી અઝ જુમલએ તા આતે રાહ
બસ ગુઝિં તુ સાયા એ ખાસ ઈલાહ
શું ગીરફતી પીર ઔન તસ્લીમ શવ
હમ શું મુસા ઝેરે હુકમે ખીઝર રવ.

ખુલાસો :- પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વસ્સલમ) હઝરત અલી(રદીયલ્લાહોત્આલા અન્હો)ને ફર્માવે છેકે, "તું અલ્લાહનો સિંહ અને બહાદુર પહેલવાન છે, પણ તારી પહેલવાની પર બેસીન જજે પણ કોઇ ખુદાના ખાસ બંદા એટલે પુરા કામીલ શખ્શ પાસે જજે, તેના આશરા હેઠળ રહેજે, લોકો ભલે ખુદાની પાસે પોતાની કરેલી બંદગી દ્વારા જ્વા માંગતા હોય પણ તું ખુદા પાસે કોઇ આકીલ તથા કામીલ માણસનાં સાયા હેઠળ રહીને જજે." 'હે અલી ખુદાની તાઅ્ત(ઇબાદ્દત ફરમાંબરદારી)ના બધા રસ્તા પૈકી તું ખુદાના ખાસ બંદાના સાચા હેઠળ રહેવાનું પસંદ કરજે અને જ્યારે તું પીર કરીલે તો પછી મુસા(અલયહીસ્સલામ)ની માફક ખીઝર (અલયહીસ્સલામ)ની તાબેદારી ગ્રહણ કરજે.'(તે પીરની તાબેદારી કરજે.)

★ પીરની જરૂરત સંબંધે મસ્નવી શરીફના ફરમાનો ★

પીરની જરૂરત શું છે? તે સમજવા માટે મૌલાના રૂમ (અલયહીર્રહમાં)ની આ પક્તિઓ ને ધ્યાનથી વાંચો તથા સમજો.

પીર રા બગુઝી કે બે પીર ઈસફર,
હસ્ત બસ પુર આફતો ખૌફોખતર.

ગર ન બાશદ સાયએ પીર અય ફુઝુલ,
બસ તોરા સર ગશ્ત દારદ બાગે ગુલ.
અંદર આ દર સાયાએ આં આકેલી,
કસ ન શાયદ બુર્દ રાહ અઝ નાકેલી.
ઝીલ્લે ઉં અંદર ઝમીં ચૂં કોહે કાફ ,
રૂહે ઉ સીમુર્ગ બસ આલી તવાફ.
ગર તું સંગે ખારાં વ મરમર શવી,
ચું બ સાહીબ દિલ રવી ગોહર શવી.
યક ઝમાના સોહબતે બા ઔલિયા,
બહેતર અઝ સદ સાલાહ તાઅતે બે રિયા.
હર કે ખ્વાહદ હમનશીંની બા ખુદા,
ગો નશીં અંદર હુઝુરે ઔલિયા.

(**ખુલાસો** :- તું પીરને પકડ કેમકે પીર વિના આ સફરમાં ઘણાંજ જોખમો છે. તેથી જો તારા માથે કોઇ પીરનો છાંયડો ન હશે તો તારે મહાન ચક્કરમાં ફસાવું પડશે. સાચા પીરનો સાચો પકડ કારણકે જુઠ્ઠા પીરથી રસ્તો મળશે નહીં. આ ધરતી પર સાચા પીરનો સાચો કોહે-કાફ સમાન છે, અને તેની રૂહ શાહમૃગ પક્ષી સમાન છે. તું પત્થર હોઇશ તો પણ તે સાહેબે દિલ પીરની સંગત થી સાચું મોતી થઇ જઇશ. એક ઘડી વલીઓની સંગતમાં બેસવું એવું છે કે જેવી સો(૧૦૦) વર્ષ સુધી સાચા દિલથી અલ્લાહની નિઃસ્વાર્થ ઇબાદ્દત કરવી. જો તું ખુદા પાસે બેસવા માંગતો હોય તો ઔલિયા-અલ્લાહ પાસે જઇને બેસ.)

હઝરત મૌલાના જલાલુદ્દીન રૂમી(રહેમતુલ્લાહ અલયહે) બીજી એક જ્યાએ વધુ ખુલાસો આ પ્રમાણે કરે છે,

મરદે હાજી હમ રહે હાજી તલબ,
ખ્વાહ હિંદો ખ્વાહ તુર્કો ખ્વાહ અરબ.
તુ મનિગર અંદર નક્શો રંગે ઉ,
બિનગર અંદર અઝમો દર આહંગે ઉ.
અય બસા હિંદો તુર્કો હમ ઝબાં,
અય બસા દુ તુર્ક ચું બે ગાન ગાં.

(**અથાત્** :- જો તારે હજ પઢવા જવાનો વિચાર હોય તો જેઓ હજ પઢીને આવ્યા છે, તેમની સાથે જજે, પછી ભલેને તે તુર્કી હોય, હિંદી હોય કે અરબ હોય. મતલબ એ છે કે જેને અલ્લાહના રસ્તાનું જ્ઞાન હોય તેને પીર બનાવ ભલે પછી તે ગમે તે દેશનો હોય અને તેનું રૂપરંગ તારે નથી જોવાનું તારે તો તેનું

યકીન અને હિંમત જોવાની છે. આ લાઇનમાં તો તુર્કી અને હિંદી એક ભાષા જાણનારાં પણ હોય છે અને એકબીજાથી અલગ પણ હોય છે. એનો મતલબ એ થયો કે, 'પિયા જીસકો ચાહે વહીં સુહાગન' એટલે કે પીર કરવામાં સચૈદ ,શૈખ, મોગલ,પઠાણ વગેરે જોવાતું નથી. જોવાનું ફક્ત એટલુંજ છેકે,પીરની સોહબતથી માણસમાં અલ્લાહની મોહબ્બત પ્રગટે છે કે નહીં ઓછામાં ઓછું તેના દુન્યવી ખ્યાલોમાં કંઇ ઘટાડો થઇ રૂહાનિયત તરફ દીલ ઢળતું દેખાય છે કે નહીં?)

★ હ. ફરીદુદ્દીનનું એક ફરમાન ★

ફરીદુદ્દીન નામના બુઝુર્ગ(હઝરત ફરીદુદ્દીન ગંજેશકર નહીં) પીરની અગત્યતા વિશે આ પ્રમાણે ખુલાસો કરે છે...

ગર હવાએ ઈ સફર દારી દિલા,
દામને રહેબર બગીરંદ પસ બરા.
દબ ઈરાદત બાશદ સાદિક અય ફરીદ,
તા બયાબી ગંજે ઈરફાં રા કલીદ.
બે રફીકે હર કે શુદ રાહે ઈશ્ક,
ઉમ્ર બુઝુગીશ્તા નશુદ આગાહે ઈશ્ક.

(**અર્થાત્ :-** હે દિલ જો તું આ રૂહાની જ્ઞાનના રસ્તા પર સફરનો અભિલાષી છે, તો રહેબરના(પીર)દામનને પકડીને નિકળજે. હે ફરીદ, તું તારા પોતાના ઈરાદેમાં સાચો થા કે જેથી તું રૂહાની જ્ઞાનના ખઝાનાની ચાવી મેળવી શકે.જે કોઇ અલ્લાહના ઇશ્કને રસ્તે સાથી(પીર)વિના ચાલવા માંડશે તો તેની જીંદગી પુરી થઇ જશે, છતાંયે હકીક્તે ઇશ્કથી જાણકાર નહીં થાય.)

સુધરેલા લોકોની માન્યતા.

સુધરેલા તથા ભણેલાં-ગણેલાં વર્ગની એક માન્યતા આ પણ છે કે હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના ઝમાનામાં પીર-મુરીદી ન હોતી, પણ તેમની આ માન્યતા ભુલભરેલી છે. હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)સહાબીઓનાં રહેબર તથા મુર્શીદ હતાં, સહાબીઓને હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો કુર્બ (નિકટતા)હંમેશા મળતો હતો; જેથી કરીને તેમને પળવારમાં જ તરક્કી મળી જતી હતી, અને નુરૂનઅલાનુર થઇ જતાં હતાં. એથી ઉલટો આપણો ઝમાનો હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી સેંકડો વર્ષ દુરનો છે. હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)ફર્માવ્યુંકે, *અસ્હાબી કન્નુજુમ બે અય્યેહીમ ઈક્તદૈતુમ ઈહતદૈતુમ.* (**અર્થાત્ :-** મારા સહાબીઓ સિતારાઓની જેમ છે,તેઓ માંહેથી તમે કોઇનું

પણ અનુકરણ કરશો તો કામ્યાબ થઇ જશો.)એ રીતે જોતાં હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી લઈને આજ સુધી એ બાતીની તવજ્જોહ અને તાલીમ પીરી-મુરીદીના રૂપમાં ચાલી રહી છે અને ઇન્શાઅલ્લાહ કયામત સુધી લગાતાર ચાલતી રહેશે, એટલે આ રીતે જેનો સિલસિલો હુઝુર નબી-એ-પાક(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)સુધી મળતો હોય તેને તાલીબે પોતાનો પીર બનાવી તેના હાથમાં હાથ આપવો જોઇએ. લાયક મુર્શીદની દોરવણીથી અને પુર-જોશ રૂહાની કુવ્વતથી તાલીબ પોતાની નફસાની ખ્વાહિશોને દબાવી ધીરે ધીરે રૂહાનીયતમાં તરક્કી કરે છે. મુર્શીદ પોતાની તવજ્જોહ્ અને યોગ્ય તાલીમથી મુરિદોનાં દિલોની સફાઇ કરે છે. જો દિલ સાફ ન હોય તો નમાઝ, રોઝા તથા તસ્બીહથી શું અસર થાય ? તેના માટે કોઈકે ખૂબ સરસ કહ્યું છે :-

બર ઝુબાં તસ્બીહો દર દિલ ગાવો ખર,
ઈ ચુંની તસ્બીહ ક્ય દારદ અસર.

(**અર્થાત :-** જીભથી તો અલ્લાહનું નામ રટે છે અને દિલ ગાયો અને ગધેડામાં(દુન્યવી ખ્યાલોમાં)મગ્ન છે તો એવાં રટણથી શું વળ્યું?) હુઝુરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ઈર્શાદ ફર્માવ્યો કે, *લા સલાત ઈલ્લા બેહુઝુરીલ્કલ્બ* (**અર્થાત્ :-** જો હૃદય-દિલ હાજર નથી (અલ્લાહની તરફ ધ્યાનીત નથી) તો નમાઝ નથી થતી) કોઇ શાયરે કહ્યું છે કે, 'વો નમાઝ હી નહીં જીસમેં સર જુકા, દિલ જુકા હીં નહીં.' આ જ કારણે પીરો મુર્શીદ બનાવવાની જરૂરત છે કે તે પોતાની રૂહાની તાકતથી મુરિદોના દિલ સાફ કરે છે.

ફક્ત જાહેરી નસીહતોથી કંઇ અસર થતી નથી પણ દિલનું સાફ હોવું જરૂરી છે કે જેને કારણે નસીહતોને દિલ ગ્રહણ કરે. હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું ફર્માન છે કે, *ઈન્નલ્લાહ લાયનઝોરો ઈલા સોવુરેકુમ વ આઅ્માલેકુમ વ ઈન્નમા યનઝોરો એલા કોલુબેકુમ વ નીય્યાતોકુમ.* (**અર્થાત્ :-** અલ્લાહ તમારી સુરતો તથા આઅ્માલો તરફ નથી જોતો, પરંતુ તમારા દિલો તથા નિય્યતો તરફ જુવે છે.)અહીં ફક્ત દિલ અને નિય્યતો જોવામાં ભેદ એ છે કે બધી જાહેરી હકીકતોનો આધાર જ્યારે દિલ ઉપર છે, તો પછી અલ્લાહત્આલા જાહેરી આઅ્માલો શા માટે જુએ છે?

મતલબ એ કે તમે ગમે તેવા સારા કામો કરો પણ એમાં ખુલુસ(નેક નિય્યત)નથી અથવા દુનિયાને દેખાડવા કરો છો, તો અલ્લાહત્આલા તમારી નિય્યત અને દિલની હાલત પ્રમાણે આવી નેકીઓને કબૂલ નથી કરતો. અટેલા માટે જ સુફિયોને ત્યાં જાહેરદારી પર વધુ જોર આપવામાં નથી આવ્યું, પણ તેમને ત્યાં બધા જ તરીકાઓ બાતિની છે; કેમકે પીરની મહેરબાનીથી જ્યારે

મુરીદએ તરીકાઓ અપનાવે છે, તો તેનું દિલ નુરાની થઈ જાય છે અને હુઝુરે-કલ્બ ની પ્રાપ્તી થાય છે. ખુલાસો એ છે કે હુઝુરે કલ્બ બાતિની તાલીમ પર આધાર રાખે છે અને બાતિની તાલીમ મુર્શીદ વિના મળી શકતી નથી.

★ ડો. ઈકબાલના કેટલાક શેરો ★

હવે હું **વઝીરઅલી** પીરની મોહબ્બત અગત્યતા તથા પીરની લાયકાતો માટે ડો. ઈકબાલનાં શેરો રજુ કરૂં છું આ શેરો **રમુઝે ખુદી અસરારે બે ખુદી** નામના પુસ્તકમાં છેઃ-

આશેકી આમુઝ વ મહેબુબી તલબ,
ચશ્મે નુહી કલ્બે અય્યુબી તલબ.
કિમીયા પૈદા કુન અઝ મુશ્તે ગીલે,
બોસા ઝન બર આસ્તાને કામીલે.
શમ્એ ખુદ રા હમચું રૂમી બર ફરોઝ,
રૂમ રા દર આતીશે તબરેઝ સોઝ.

(**ખુલાસો :-** તું ઇશ્ક કરતાં શીખ અને એ માટે એક મહેબુબ (પીરો-મુર્શીદ)ની શોધ કર અને એ મહેબુબની આંખો નુહ (અલયહીસ્સલામ)જેવી હોવી જોઇએ, એનું દિલ અય્યુબ (અલયહીસ્સલામ)જેવું હોવું જોઇએ, અને જ્યારે તને એવો કામીલ મહેબુબ મળી જાય તો પછી તું એના આંગણાંની ડેલીને ચુમકે જેથી તારી મુઠ્ઠીભર માટીનો કિમીયો થઇ જાય. મતલબ કે તારી કાયા સોનાની એટલે નુરૂનઅલાનુર થઇ જાય એ પછી તું તારા પ્રેમની શમ્આ(મીણબત્તી)ને મૌલાના રૂમી(અલયહીર્રહમત)ની જેમ રોશન કર અને જેવી રીતે મૌલાના રૂમ પોતાના પીર શમ્શ તબ્રેઝી (રહેમતુલ્લાહ અલયહ)ના ઇશ્કની આગમાં બળી ગયા(ફના-ફિશ્શૈખ)તેમ તું પણ તારા એ મહેબુબના પ્રેમમાં બળી જા ફના-ફીશ્શૈખ થઇ જા, જેથી ફનાફીર્રસુલ તથા ફનાફીલ્લાહના મકામ હાથ લાગે.)

આગળ આપણે ખુલાસો કર્યો તેમ કુર્આનશરીફની દરેક આયતનું જાહીર પણ છે, અને બાતિન પણ છે. અલ્લાહની તૌફીકથી તથા પીરની મદદ અને કૃપાદષ્ટીથી જ એ બાતિની અર્થ સમજાય છે. મૌલાના જામી(રહેમતુલ્લાહ અલયહ)કે જેમને મુલ્લાજામી પણ કહેવામાં આવે છે અને જેઓ પોતાના ઝમાનામાં પણ મહાન આલીમ તેમજ શિક્ષક હતાં. આવા મહાન આલીમને પણ પીરો મુર્શીદ કરવાની જરૂર પડી. અને તેઓ એવા પીરના મુરિદ થયા કે જેમના લિબાસમાં બાદશાહી(અમીરી) અને અમલમાં ફકીરી મૌજુદ હતાં; તેમનું નામ હતું હઝરત ખ્વાઝા ઉબૈદુલ્લાહ અહેરાર(રહેમતુલ્લાહ અલયહ) હઝરત મૌલાના અબ્દુર્રહમાન નુરૂદ્દીનજામી(રહેમતુલ્લાહ અલયહ) પોતે

તેમના મુર્શીદ વિશે લખે છે કે,

ફકીરે દર લિબાસે શાહી આમદ,
બતદબીરે ઉબૈદુલ્લાહી આમદ.

આવા મહાન આલીમોને પણ પીર કરવાની જરૂર પડી તો પછી જાહેરી આલીમો અને સામાન્ય મુસલમાન માટે તો એની અગત્યતા છે જ.

હઝરત શૈખ કબીરના કેટલાક પદો

હઝરત શૈખ તકી સોહરવર્દી(રહેમતુલ્લાહ અલયહ)ના ખલીફા હઝરત શૈખ કબીર જુલાહા સોહરવર્દી,ચિશ્તી(રહેમતુલ્લાહ અલયહ)ના અમુક પદો શૈખ અથવા ગુરૂની અગત્યતા હજુવધુ સારી રીતે સમજાય એ કારણે રજૂ કરૂં છુંઃ-

બસત કહાં ઢુંઢે કહાં? કિસ બિધ આવે હાથ,
કબીર તબ હી પાઈએ જબ ભેદી લીજે સાથ.
ભટક મુઆ ભેદી બિના, કોન બતાવે ધામ?
ચલતે ચલતે જુગ ભયો પાળ કોસ પર ગામ.
સતગુરૂ ઐસા કીજીએ તુરંત દિખાવે સાર,
પાર ઉતારે પલકમેં દર્પણ દે દાતાર.
સંત વૃક્ષ હરી નામ ફલ સત્તગુરૂ શબ્દ બિચાર,
જો હોતે ના સંત તો, જલ મરતાં સંસાર.
સંગ કીજે સંત કી, કભી ન નિષ્ફલ હોય,
લોહા પારસ પરસતે સોભી કંચન હોય.
ગુરૂ સેવા, જનબંદગી, હરી સુમરન બૈરાગ,
યે ચારો જબ આ મિલે પુરન સમજો ભાગ.
શબ્દ સરિખા ધન નહીં જો કોઈ જાને બોલ,
હિરા તો દામે મિલે શબ્દન આવે મોલ.
એક શબ્દ ગુરૂ દેવકા તાકા અનંત વિચાર,
પાકે મુનિજન પંડિતા ભેદ ન પાવે પાર.
હોઠ કંઠ હાલે નહીં જીભ ન નામ ઉચ્ચાર,
શબ્દ ગુપ્તમેં ખેલતે કોકો હંસ રસાલ.

ઉપરના કબીરજીના પદોથી પણ પીરો મુર્શીદની અગત્યતા સમજી શકાય છે.

પીરની ઓળખ પેટે બુઝુર્ગોના ખુલાસા

હઝરત સુલતાન બાહુ(રહેમતુલ્લાહ અલયહ) ઐનુલ ફકર માં લખે છે કે, 'મુર્શીદ બાપથીએ વધુ ભેદોનો જાણકાર હોય છે, તથા મુરીદો ઉપર બાપથી

પણ વધુ મહેરબાન હોય છે. તે તાલીબ માટે તલવારનો હુકમ રાખે છે. જે તાલીબ પોતાના નફસની ગરદન ઉડાવવા તથા તેને પોતાના હાથે ઝીબેહ કરવા ચાહતો હોય તેણે મુર્શીદ પાસે આવવું જોઇએ. મુર્શીદ તાલીબનાં હક્કમાં(તેના નફસ માટે)મલૈકુલ મૌત સમાન છે. જેને પોતાની જાનનો કંઇ પણ ડર ન હોય તેણે મુર્શીદ પાસે આવવું જોઇએ,જેને ફીક-ફાકા, ઇશ્ક અને મોહબ્બતની આગમાં પોતાના કાફીર નફસને બાળવું મંઝુર હોય તે મુર્શીદ પાસે આવે; જે માણસ ખુલુસ નિય્યતથી મુર્શીદ પાસે આવે તેના માટે જરૂરી છે કે મુર્શીદની મોહબ્બત પર નઝર રાખે, જેથી કામ્યાબ થઇ શકે.'

કશ્કોલે કલીમી નામની કિતાબમાં હઝરત શાહ કલીમુલ્લાહ જહાંનાબાદી (રહેમતુલ્લાઅલયહ)લખે છે કે, ''જેનો કોઇ પીર નથી તેનો પીર શૈતાન છે; એટલા માટે સાહેબે દિલ માટે અગત્યનું છે કે કામીલ પીર શોધે.'' અહીં એક મુશ્કીલ સવાલ એ છે કે, શોધવાવાળો સાચા તથા લુચ્ચા, કામીલ તથા નાકીસ પીરમાં ફર્ક નથી કરી શકતો અને વલીને ગૈર વલીથી અલગ નથી કરી શકતો એટલે સારાને ખરાબ અને ખરાબને સારા સમજી જાય છે, આ રીતે બંને તરફથી છેતરાઇને ભૂલ કરે છે.''

ઉપર બતાવેલી મુશ્કેલીનો જવાબ હઝરત શૈખશર્ફુદ્દીન ચાહ્યા મુનીરી(રહેમતુલ્લાહ અલયહ)એ આ રીતે બતાવ્યો છે કે, ''આદતે ઇલાહી તથા સુન્નતે ખુદાવંદી એવી રીતે જારી છે કે, કોઇ ઝમાનો મશાઇખો, ઝાહીદો, અબ્બાદ, ઔતાદ, અખ્યાર, નજબા, નુકબા, અબદાલ, અકતાબ અને ગૌષ તથા અલ્લાહના બીજા વલીઓ, જઝબાવાળા લોકો, આશીકો અને માશુકોથી ખાલી નથી અને ખાલી રહેશે પણ નહી; સાચા તાલીબોએ જોવું જોઇએ કે, જે મશાઇખો(પીરો) આ રસ્તે ચાલી રહ્યા છે અને પ્રખ્યાત છે તેમની ખિદમતમાં જઇને પોતાના દિલની ખબર લેતો રહે કે, જાતજાતનાં ખતરા તથા વસવસાઓ જે દિલમાં છે તેમાં કોઇ ઘટાડો થયો કે નહીં? અને જેની સોહબતમાં દિલની અંદર ખોટા વિચારોનો ઘટાડો જણાય તેની સોહબતને ગનીમત સમજે, અને એક મુદ્દત સુધી કોઇ પીરની ખિદમત તથા સોહબતમાં રહેવા છતાં તાલીબનાં દિલમાં ઉપર જણાવેલ ફેરફાર ન થાય, દુનિયાની મોહબ્બત ઓછી ન થાય, ખુદાની મોહબ્બત વધે નહીં તો પછી બીજો કોઇ દરવાજો શોધવો જોઇએ.''

સ્વની ઓળખ નું એક દ્રષ્ટાંત

હવે હું **વઝીરઅલી** મારી ચર્ચાને એક દ્રષ્ટાંતની સાથે સમજાવું છું : ''એક ગોવાળીઓ જંગલથી એક સિંહના બચ્ચાને પકડી લાવ્યો હતો અને તેને બકરીઓમાં જ રાખ્યું હતું. એ સિંહના બચ્ચાને બકરીનું દુધ પાતો અને બકરીઓની સાથે ચરાવવા લઇ જતો, એટલે સુધી કે સિંહનું બચ્ચું જવાન થઇ

ગયું. સાથે સાથે બકરીઓની સોહબતને લીધે એણે બકરીઓની આદતો ગ્રહણ કરી લીધી અને તે પોતાને બકરી સમજવા લાગ્યો, પોતાની અસલીયત ભુલી આ રીતે પોતાની સાચી ઓળખથી પોતે જગાફીલ બની ગયો. **(જે રીતે તું પોતે તને પોતાને ઓળખવાથી ગાફીલ બની ગયો છે.)** એક દીવસ હંમેશ મુજબ બકરીઓના ટોળા સાથે એ સિંહ જંગલમાં ચરવા ગયો ત્યાં અચાનક એકબીજો મોટો સિંહ તે જગ્યાએ આવી ચઢ્યો. બકરીઓની સાથે તેમના ટોળામાં જવાન સિંહને બકરીઓની માફક ચરતા જોઇ પેલા સિંહને ઘણી નવાઇ લાગી. અસલ વાત શું છે તે જાણવા માટે તેણે બકરીઓને ન છેડી, પણ આ જવાન સિંહને જ પકડ્યો અને પુછ્યું કે,'તું કોણ છો?' જવાન સિંહે પણ બકરીઓ-ની જેમ ધ્રુજતાં-ધ્રુજતાં કહ્યું કે, 'હુ બકરી છું.' ત્યારે પહેલાં આવનાર સિંહે કહ્યું કે, 'તારી કબુધ્ધી તથા અજ્ઞાનતા પર અફસોસ છે, તું મારા જેવો જ સિંહ છો; છતાં પોતાને બકરી સમજી બેઠો છે. આ બકરીઓ તો તારી અને મારી ખોરાક છે, પણ તું તારી ઓળખ અને હકીકતથી ગાફીલ છે.' ત્યારે જવાન સિંહે કહ્યું કે, 'મને એવી કંઇજ ખબર નથી.' પછી પેલા મોટા સિંહે તેનો પડછાયો એક સાફ તથા ઊંડા પાણીમાં બતાવ્યો અને તેને સમજાવ્યું કે, 'જોઇ લે તું મારા જેવો જ છે.' પછી મોટા સિંહે કહ્યું, 'આવ તને પણ બકરીનો ગોશ્ત (માંસ)ખવડાવું.' પછી તેણે એક બકરો માર્યો અને પોતે ખાધું તથા જવાન સિંહને પણ ખવડાવ્યું. હવે તો જવાન સિંહને પણ સાચી મજા અને આનંદ પ્રાપ્ત થયા અને તેણે પોતાની વિતેલી જીંદગી પર અફસોસ કર્યો.''

બરાબર ઉપરના દ્રષ્ટાંત પ્રમાણે હે દોસ્ત ! તું પણ સિંહના બચ્ચાની જેમ પોતાની અસલીયત અને હકીકતથી ગાફીલ છો, અને તું પોતાને મામુલી સમજે છે. જ્યાં સુધી તને કોઇ ખુદાના સિંહ (કામીલ પીર)ની સોહબત પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી ગફલતમાં જ રહીશ. જ્યારે તને પીરે કામીલની સોહબત પ્રાપ્ત થશે ત્યારે તને તે, 'તું બકરી નથી સિંહ છે.' એમ કહીને **ઇલ્મુલ્યકીન** કરાવશે, 'જો તું મારા જેવો જ છો.' એમ દેખાડીને **ઐનુલ્યકીન** કરાવશે. 'લે હવે તું પણ ચાખી લે.' આમ તને પ્રત્યક્ષ મજા ચખાવી હકીક્ત અને માઅ્રેફતનું આત્મિક જ્ઞાન **હક્કુલ્યકીન** કરાવી દેશે. આમ, ઇલ્મુલ્યકીન, ઐનુલ્યકીન તથા હક્કુલ્યકીનને લાયક પીર વિના નથી અનુભવી શકતો.

★ફવાએદુલ્ફવાદશરીફ નો એક ખુલાસો

પીરની જરૂર શા માટે? આ વિશે હઝરત નિઝામુદ્દીન ઔલિયા મહેબુબે ઇલાહી(રહેમતુલ્લાહ અલયહ)એ હીજરી સન્ ૭૦૮માં ઝીલ્હજજની ૨૯મી તારીખ સોમવારે પોતાની વાતચીતમાં ખુલાસો કરેલ જે, **ફવાએદુલ્ફવાદ**નામની કિતાબમાં પહેલાં ભાગની ૩૪મી મજલીસના ચોથા તથા પાંચમાં ફકરામાં

મૌજુદ છે જે આ રીતે છે...

તે પછી વાતચીત ખોરાક પર ધ્યાન રાખવા વિશે થઇ. આપે(મહેબુબે ઈલાહીએ)કહ્યુંકે, 'એક યુવાન હઝરત ઈબ્રાહીમ અદ્દહમ બલ્ખી(રહેમતુલ્લાહ અલયહ)પાસે આવીને મુરીદ બન્યો. આ નવો મુરીદ ઘણીજ ઈબાદત કરતો હતો. હઝરત ઈબ્રાહીમ અદ્દહમ(રહેમતુલ્લાહ અલયહ)ને પણ ખુદાના રસ્તામાં તેની મહેનત અને ઈબાદત જોઈને ઘણીજ હૈરત થતી હતી. તેઓ અવાર નવાર પોતાને જાતને સંબોધીને ક્હેતાં કે, આ નવો આવનારો આ રીતે આટલી બધી ઈબાદત કરે છે, જે તારાથી નથી થતી. થોડાક દિવસ પછી આપની રોશન ઝમીરીથી ખબર પડી કે, તેની બધી ઈબાદત નકામી છે જે એક શૈતાની વસવસો છે. આ આવનારો હલાલનું ખાણું નથી ખાતો જેને કારણે શૈતાને તેને તેની કરેલી ઈબાદત પર ફૂલાવી રાખ્યો છે. જ્યારે આપને આ ખબર પડી તો આપે એ મુરીદને બોલાવીને કહ્યું કે, ‘‘જે ખાણું હું ખાઉં છું તેમાંથી જ તમારે ખાધા કરવું.’’ આ રીતે તે મુરીદને આપના ખાણાંમાંથી ભાગ મળવા લાગ્યો. આપનું ખાણું લાકડાં કાપવાની મજૂરીમાંથી ઉપલબ્ધ થતું. આપ જંગલમાંથી લાકડાં કાપી લાવતાં તેને વેચીને અનાજ ખરીદી જીંદગીના દિવસો પુરાં કરતાં હતાં; જ્યારે યુવાને આ મહેનત તથા મજુરીથી ઉપલબ્ધ થયેલું હલાલ ખાણું ખાધુ, તો તેની પહેલી ઈબાદ્તો બિલકુલ ઓછી થવા લાગી, ત્યાં સુધી કે પાંચે વખતની નમાઝો પણ તેને ભારે પડવા લાગી. થોડા દિવસોમાં આપની તવજ્જોહ્ અને આધ્યાત્મિક તાકતથી તે યુવાનનું કામ બની ગયું અને તે અલ્લાહવાળો બની ગયો.'

<u>આમ ફર્માવીને હઝરત ખ્વાજા ઝીકરૂલ્લાહબીલ્ખૈરે (હઝરત નિઝામુદ્દીને) આ ભેદ જે તમામ ભેદોનો સરદાર છે, પ્રસ્તુત ર્ક્યો કે,</u> ‘‘<u>પીર આ માટે હોવો જરૂરી છે કે જે મુરીદોને ગુનાહીત કાર્યોથી બચાવે તથા ભુલથી રોકે.</u>’’

ભારતીય તત્વચિંતકનાં મંતવ્યો

પીર(ગુરૂ) ની જરૂરત સંબંધે એક વિશ્વવિખ્યાત ભારતીય તત્વચિંતક લખે છે કે,

"The another thing is necessary and that is the comming in direct contact with the Mahapurushas and thus moulding our lives according to those of the grate souled one who have reached the goal. Even disgust with the world and a burning desire for God are not sufficient. Initiation by the Guru is necessary. Why? be-

cause it is the bringing of yourself in to connection with that great source of power, which has been handed down through generations, from one Guru to another, in uninterrupted succession. The devotee must seek and accept the Guru or spiritual preceptor, as his counsellar, philosopher, friend and guide."

(**અર્થાત્ઃ-** એક અન્ય ચીઝની જરૂરત છે. અને તે એ કે <u>મહાપુરૂષો</u> સાથે સંગતમાં (સોહબતમાં) આવવુ છે,જે મહાપુરૂષો (પીરો)કમાલીયતે પહોંચેલ હોય તેઓની સંગત જરૂરી છે. દુનીયાથી કંટાળો આવી ગયો હોય અને ખુદાઇ જ્ઞાન(માઅ્રેફત)હાંસીલ કરવા માટે ગમે તેટલી ઉત્સુકતા હોય, પરંતુ ગુરૂ(પીર) કરવાની જરૂર જ છે, તેનું કારણ શું? તે એ છે કે ગુરૂ(પીર) દર ગુરૂ (સિના-બ-સિના)ચાલી આવેલી શક્તિ-રોશની(અન્વારો) તે લોકોમાં છે. તે શક્તિ સાથે સમાગમમાં આવવાથી તે શક્તિનો લાભ તમને મળશે. ગુરૂ(પીર)ને પોતાના સ્નેહી, રહેબર, ફીલસુફ અને સલાહકાર તરીકે સ્વીકારવું અને માનવું અત્યંત જરૂરી છે.)

અને એક અન્ય જગ્યાએ તેણે લખ્યું છે કે,

The soul can only receive impulse from another soul, and from nothing else... The inadequacy of books quicken spiritual growth is the reason why, although almost everyone of us can speak most wonderfully on spiritual matters, when it comes to action and the living of a truly spiritual life, we find ourselves so awfully dificient to quicken the spirit the impulse must come from another soul.

(**અર્થાત્ઃ-** એટલેકે એક રૂહને બીજી રૂહ તરફથી જ રૂહાની તાકત-ચૈતન્ય મળી શકે છે. ચોપડીઓથી મળી શકતું નથી. દાખલા તરીકે આપણને જો બોલવા માટે કહ્યું હોય તો ધર્મસંબંધી બાબત પર ઘણી જ સારી રીતે બોલી શકીએ, પરંતુ એક ધર્મીષ્ઠ (આધ્યાત્મિક, રૂહાની) જીવન ગુજારી શકાતું નથી. રૂહાની તાકત-ચૈતન્ય એક જીવંત આદમી થકી જ આપણને મળી શકે છે.)

★ ચર્ચાનો સારાંશ ★

ઉપર દર્શાવેલ પીરની જરૂરત સંબંધેની ચર્ચાનો સારાંશ એ છે કે...

★(૧) ખુદાના રસ્તે ચાલવા માટે પીરની અગત્યતા અનિવાર્ય છે.

★(૨) નફસની સાથે જેહાદ કરવા અને તેમાં કામ્યાબ થવા માટે પીરની જરૂર છે.

★(૩) નફસને ઓળખવા માટે પીરની સખ્ત જરૂરત છે પીર વિના નફસને ઓળખી શકાતો નથી.

★(૪) ઈશ્કે હકીકી(ખુદાનો સાચો પ્રેમ)પ્રાપ્ત કરવા માટેપીરની સખ્ત જરૂરત છે.

★(૫) દિલ નમાઝમાં અલ્લાહ તરફ જુકે તે માટે પીરની જરૂર છે.

★(૬) મનુષ્યમાં સમાયેલી ખરાબ આદતો ખાસ કરીને,માયા, અભિમાન તથા ક્રોધથી પીર છૂટકારો અપાવે છે.

★(૭) જેનો પીર કોઇ નથી તેનો પીર શૈતાન છે, માટે શૈતાનથી બચવા પીરની જરૂર છે.

★(૮) પીર પોતાની યોગ્ય તાલીમથી અને તવજ્જોહથી મુરિદોના દીલોની સફાઇ કરે છે. આ રીતે દિલની સફાઇ માટે પણ પીરની અગત્યતા અનિવાર્ય છે.

★(૯) નફસને મારવા માટે પીરની જરૂર છે.

★(૧૦) ખુદાથી સાચા અર્થમાં ડરવાની રીત પીર શીખવે છે. આથી આ રીત શીખવા માટે પીરની જરૂર છે.

★(૧૧) શૈતાનનાં હુમલાથી બચવાની રીત પીર દ્વારા પ્રાપ્ત થાય છે. આ રીત શીખવા માટે પીરની જરૂર છે.

★(૧૨) પીર પોતાના આત્મબળ વડે મુરીદોની ઇબાદતોનું રક્ષણ કરે છે. આથી પીરની સખ્ત જરૂર છે.

★(૧૩) પીર વગર રૂહની સફાઇ અશક્ય છે. રૂહની સફાઇ માટે પીરની જરૂર છે.

★(૧૪) પીર વગર રૂહાની ઈલ્મની ખબર પડતી નથી, આ ઈલ્મ જાણવા માટે પીરની જરૂર છે.

★(૧૫) ઈલ્મુલ યકીન,ઐનુલ્યકીન અને હક્કુલયકીન પ્રાપ્ત કરવા માટે પીરની સખ્ત જરૂર છે.

★(૧૬) ઇબાદતોથી સાચા અર્થમાં અલૌકીક આનંદ પ્રાપ્ત કરવા માટે પીરની જરૂર છે.

★(૧૭) ઇબાદતો મકબુલ થવાની રીત પીર શીખવે છે, એટલે પણ

પીરની જરૂર છે.

★(૧૮) પીર પોતાની આધ્યાત્મિક શક્તિથી મુરિદોને હરામ કાર્યોથી બચાવે છે, માટે પીરની જરૂર છે.

અલ્લાહત્આલા પોતાના કરમથી અને હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના વસિલાથી તાલીબે સાદીક(અલ્લાહના રસ્તાનો સાચો તલબગાર)ને પીરે કામીલ(લાયક તથા પરીપુર્ણ-પીર)નો દામન મજબૂતીથી પકડવાની તૌફીક અતા કરે, આમીન...

<u>લાયક અને પરીપૂર્ણ પીર દ્વારા જતાલીબે સાદીકની ઉપરોક્ત જરૂરતો પુરી થશે, નહીં કે લેભાગુ-લાયકાતવિહીન અને ઢોંગી પીર વડે.</u>

★★★ શૈખનો આદર ★★★

હઝરત બાબાફરીદ ગંજેશકર(રહેમતુલ્લાહ અલયહ)ના મલ્ફુઝાત **<u>અસ્રારુલ્ઔલિયા</u>** માં લખ્યું છે કે,'<u>પીરથી મુરીદની બયઅ્ત ઇશ્કના દરવાજા સુધી પહોંચી જવી જોઇએ, તે પુરી જીંદગી પોતાના પીરને માથા ઉપર ઉપાડીને હજ ક્ર્યા કરે તો પણ પીરના હક્કો પુરેપુરા અદા થઇ શકતા નથી.</u>' હઝરત શૈખુશ્શોયુખ શૈખ શાહબુદ્દીન ઉમર સોહરવર્દી(રદીયલ્લાહોત્આલા અન્હો) પોતાની ક્તિાબ **<u>અવારીફુલ્મઆરીફ</u>** ના બાબ નં-૫૧ માં ઠેક-ઠેકાણે કુર્આને શરીફની તે આયાતો જેમાં હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની અદબનો હુક્મ અસ્હાબા(રીદ્વાનુલ્લાહે ત્આલા અલયહીમ અજમઇન)ને આપવામાં આવ્યો છે, તે રજુ કરીને લખે છે કે, ''<u>મુરિદોએ પીરનો અદબ એ રીતેજ કરવો જોઇએ કે જેમ સહાબાએ કીરામ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો અદબ કરતાં હતાં.</u>''

હીજરી સન-૬ માહે ઝીલ્કઅ્દમાં જ્યારે નબી-એ-કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)હુદૈબીયાનાં મૈદાનમાં હતાં ત્યારે બદીલબીન વર્કા તથા અરૂહબીન મસ્ઉદ જેઓ તે વખત સુધી ઇમાન લાવ્યાં ન હતાં. હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી ચર્ચા કરવા આપની પાસે હાજર થયાં. ત્યાંથી પાછા ફરી કુરૈશને આ પ્રમાણે કહેવા લાગ્યાં...

''હે મારી કૌમ ! હું સોગંદપૂર્વક વાત કરું છું. અલબત્તા હું બાદશાહોનાં દરબારોમાં હાજર થયો છું. કયસર અને નજાશીને ત્યાં ગયો છું. કસમથી મેં કદી કોઇ બાદશાહની એવી ઇઝ્ઝત નથી જોઇ જેવી કે મોહમ્મદ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના સાથીઓ મોહમ્મદ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની ઇઝ્ઝત કરે છે. કસમથી તેણે જ્યારે કદી ખોંખારો ફેંક્યો તો કોઇને કોઇ અસ્હાબીએ તેને પોતાના હાથમાં ઝીલી પોતાના મુખ પર ફેરવી લીધો. જ્યારે

તે પોતાના સાથીઓને હુક્મ આપે છે, ત્યારે સાથીઓ તે હુક્મ પૂરો કરવા દોડા દોડ કરી મૂકે છે અને જ્યારે તે વુઝુ કરે છે ત્યારે વુઝુનું પાણી ઝીલવા તેના સાથીઓ પડાપડી કરે છે, જ્યારે તે વાત કરે છે ત્યારે તેના સાથીઓ ખામોશ થઇ જાય છે; તથા માનની દ્રષ્ટીએ તેના તરફ પુરી આંખ ઊઠાવીને પણ જોતા નથી, તેમણે મારી તરફ એક નેક અમલ રજુકર્યો છે, તો તમે તેને કબૂલ કરીલો.''

ઈબ્ને માજાહ્શરીફ ના બાબુલ રેજાલ ની અંદર એક હદીષ છે કે, સફવાન બીન અસ્સાલ રિવાયત કરે છે કે, ''યહુદીઓના એક કબીલાએ રસુલલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના હાથ મુબારક તથા બંને કદમ મુબારકને બોસો આપ્યો. (ચુમ્યાં)''

હજરત અલી મુર્તુઝા(કર્રમલ્લાહો વજહુલ્કરીમ)હાજેરીને મજલીસ સાથે હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સીરત વર્ણવતાં કહે છે કે, ''જ્યારે આપ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વાત શરૂ કરતાં તો આપના સાથીઓ એવી રીતે માથું ઝુકાવી દેતા હતાં કે જાણે તેમની માથે પક્ષીઓ બેઠા છે.''

ઉપર જણાવેલ આદાબોનું વર્ણન કુર્આનેમજીદમાં પણ છે, જેમાંથી અમુક આયતોનો તર્જુમો રજુ કરૂં છું:-

★(૧) હે મોમીનો અલ્લાહ અને તેના રસુલ થી આગળ ન વધો અને અલ્લાહથી ડરો. બેશક અલ્લાહ સાંભળવાવાળો તથા જાણવાવાળો છે.

(સુરે હજરાત,પા.૨૬, આ.નં.૧)

★(૨) હે મોમીનો તમારો અવાજ નબીના અવાજથી ઊંચો ન કરો અને તેમની સાથે ઊંચા અવાજથી વાત ન કરો, જેવી રીતે તમે એક બીજા સાથે વાતો કરો છો. એવું ન થાય કે તમારા આમાલ અકારત જાય; અને તમને તેની ખબર પણ ન પડે. (સુરે હુજરાત, આયાત નં.૨)

★(૩) બેશક, તે લોકો કે જે તમને(નબીને) હુજરા(રૂમ) ની બહારથી પોકારે છે; તેમાંથી ઘણાં અક્કલ નથી રાખતાં. (સુરે હુજરાત, આ.નં.૪)

સુરે હુજરાતની ઉપરની બધીજ આયાતોથી અલ્લાહ ત્આલાએ આદબની તાલીમ આપી છે; જેને મેં અહીં ટૂંકમાં રજુકરી છે. મુરીદોએ પોતાના પીરનો અદબ કેવો કરવો જોઇએ તે હવે બહુજ ટુંકાણમાં હું હઝરત શૈખુશ્શોયુખ શૈખ શહાબુદ્દીન ઉમર સોહરવર્દી (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ લખેલ કીતાબ **અવારીફુલ્મઆરીફ** તથા હઝરત સૈયદ મોહંમદ ગેંષુદરાઝ બંદાનવાઝ (રહેમતુલ્લાહ અલયહ)ની લખેલી કિતાબ **ખાતમએ તસવ્વુફ** માંથી રજુ કરૂં છું;

★(૧) મુરીદ પોતાના પીરનું નામ લેવું બે-અદબી સમજે. આપસમાં એકબીજાનું નામ લેવાય છે એ રીતે પીરનું નામ હરગીઝ ન લે,પણ જો જરૂર

જણાય તો એહતરામ અને અદબની સાથે ઈલ્કાબોથી નામ લે.

★(૨) પીરની પાસે બા-વુઝુ રહેવાની કોશીશ કરે. નમાઝની અંદર જેમ કાયદામાં બેસાય છે, તેમ માથું ઢાંકી અદબથી એ રીતે બેસે કે પીરની નઝર વારંવાર તેના ઉપર પડતી રહે. જ્યારે પીરની નઝર તેના ઉપર પડે ત્યારે પોતાની નઝરોને નીચી કરી લે.

★(૩) પીરની મહેફીલમાં બીલ્કુલ ખામોશ બેસી રહે. પીરની રજા વિના સરસ તેમજ ઉત્તમ વાત પણ ન કરે; જ્યાં સુધી પીરની રજા ન મેળવી લે.

★(૪) પીર પાસે પોતાના વિચારો તથા આવેગો(કામ કરવાની ઉત્કંઠા)નષ્ટ કરી નાંખે; પણ પીર જેમ કહે તેમ કરે, ત્યાં સુધી કે પીરની આજ્ઞા વિના પોતાની જાત તથા માલમાં પણ પોતાની મરજીથી કામ ન લે.

★(૫) પીરની બારગાહમાં ઊંચા અવાજથી વાત ન કરે. તેમજ બહુજ ન હસે.વધુ વાતો કરવાથી પણ બચે. વાત વાત ટુંકાણમાં અને મુદ્દાસર કહે.

★(૬) મુરીદ કોઇ પણ નેક અમલ પીરની મૌજુદગી (હાજરી)માં તેનાથી પહેલાં ન કરે, વાતચીત તથા આચરણમાં પીરથી આગળ ન વધે, જ્યાં સુધી પીર પોતે હુક્મ ન આપે.

★(૭) પોતાની રૂહાની હાલાતોની ચર્ચા પીર સાથે કરવામાં વાંધો નથી, પણ તાલીબે સાદીકેઆ વાતથી પણ બચવું જોઇએ, કારણકે તેની રજુઆત કર્યા સિવાય પણ બીજી કોઇપણ રીતે તે વ્યક્ત થઇ જાય છે. જેથી પીર પોતે તેની હાલત જાણી લે.

★(૮) પોતાના માટે મહાન મર્તબો(દરજ્જો)માંગવાનું પીરને ન કહે. પણ તમામ મહાન મતર્બાઓ, ઉચ્ચ ફૈઝો તથા બરકતો પીર માટે માંગતો રહે; આ તે જ મુકામ(સ્થળ) છે, જ્યાં મુરીદની ઉચ્ચ અકીદતનાં કણો વીકસે છે.

★(૯) પીર પર એવો ભરોસો તથા વિશ્વાસ હોવો જોઇએ કે જેવો હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉપર આપના પવિત્ર યુગમાં સહાબા-એ-કિરામ(રીદવાનુલ્લાહેત્આલા અલયહીમ અજમઇન) કરતાં હતાં.

★(૧૦) પીરથી આગળ ન ચાલે અને પાછળ ચાલવામાં શરમ પણ ન અનુભવે.

★(૧૧) જ્યારે પીરની સેવામાં હાજર થાય ત્યારે તેના જમાલે બા કમાલ(નુરાની ચહેરા)પર નઝર નાંખે અથવા નીચી નઝર રાખે પીરની સામે દોડીને ન ચાલે.

★(૧૨) જ્યારે પીરની પાસે બેસે તો આજુ-બાજુ નઝરો ન દોડાવે(ન ફેરવ્યા કરે)તેમજ વારંવાર ઊઠ-બેસ ન કરે, પીર ઊભા થાય અથવા બહારથી આવે ત્યારે પોતે પણ ઊભા થઇ જાય.

★(૧૩) જ્યારે પીરની ખિદમતમાંથી પાછો વળે તો શૈખ તરફ પીઠ ન કરે.

★(૧૪) પીરની સામે ન વઝીફો પડે અને ન તિલાવત કરે; ન ઊંઘવા માંડે, ન પીરને એકલો છોડીને નફલ પઢવા ચાલ્યો જાય.

★(૧૫) પીરની આંખોથી આંખો ન મેળવે જ્યારે પીર પોતે તેના તરફ જુએ તો તે પોતાની નજર નીચી કરી લે.

★(૧૬) પીરથી દુઆએ ખૈર સિવાય બીજુ કશું જ ન માંગે.

★(૧૭) પીરના તસવ્વુર માટે કોઈ સમય નક્કી ન કરે, પરંતુ એક-પણ સમય પીરના તસવ્વુરથી ખાલી ન રહે.

★(૧૮) પીરનું ફર્માન જો શરીઅત પ્રમાણે હોય તો તરત બજાવી લાવે અને જો નાજાઇઝ હોય તો થોભી જાય જો કોઈ વહેમ કે શક પૈદા થાય તો બેધડક પીરને કહીદે કેમ કે પીર તે જ્ઞાનથી જાણકાર છે; જેની મુરીદને ખબર નથી. આવા સંજોગોમાં હઝરત મુસા (અલયહીસ્સલામ)તથા હઝરત ખીઝર (અલયહીસ્સલામ)નો બનાવ યાદ કરવો જોઈએ.

★(૧૯) પીરના મર્તબાને સમજવું બહુજ મોટું કામ છે. ઓછામાં ઓછું એટલો ભરોસો જરૂર હોવો જોઈએ કે પીર જે કંઈ કરે છે, તે ખુદાના હુકમથી કરે છે. પીરથી વધીને કોઈ પણ કામીલ નથી (ચાલુ જમાનામાં)જો પીરના પીર પણ મૌજુદ હોય તો મુરીદે એમ જ સમજવું કે જે ફૈઝ પોતાના પીરથી મળે છે, તેને તે પીરના પીરથી પણ નહીં મળે.

★(૨૦) જો તમે પીરને રંજ પહોંચાડ્યો અને પીરે માફી પણ આપી દીધી તો પણ પીરના દિલમાં એક ગાંઠ જરૂર લાગી જશે. જેથી કદીને કદી પીરને જરૂર ખ્યાલ આવશે કે, આ તે જ માણસ છે જેણે મારી સાથે આવું વર્તન કર્યું હતું, કેમકે પીર પણ એક બશર (માનવી)છે અને બશરીય્યત રાખે છે.

★(૨૧) પીરના દોસ્તો અને સાથીઓને રંજ તથા તકલીફ ન પહોંચાડો આખીર તે ક્યાં સુધી તમારો લિહાઝ કરશે, નતીજો એ થશે કે, તમે ખરાબ થઈ જશો.

★(૨૨) પીરને <u>*શજરએ મુસા*</u>સમજે(હઝરત મુસા અલયહી-સ્સલામને ઝાડથી અલ્લાહનો અવાજ સંભળાયો હતો તે)પીરને તે ઝાડની માફક સમજે, અને તેના કલામને ખુદાનો કલામ સમજે, કેમ કે હદીષે કુદ્દસીના આધારે ખુદા તેના બંદાની ઝુબાનથી બોલે છે.

★<u>(૨૩) જો શૈખ કોઈ વર્ણન કરે કે વાત કરે તો મૌલવીઓથી એ વાતનો ખુલાસો ન માંગે. ખુલાસાની જરૂર પડે તો પીરથી જ આ વાતનો ખુલાસો મળી જશે.</u>

★(૨૪) પીરથી એવી મોહબ્બત હોવી જોઈએ કે પોતાના બાલબચ્ચા અને સગાવહાલાંઓથી તેમજ જાન માલથી તેમને અધીક સમજે, જો મરતી વખતે પીરની યાદમાં જ મૌત આવે તો મહાન ખુશનશીબી છે. પીર ખુદાના ખઝાનાનો અમીન છે; તમને જે કંઈ મળશે તેના જ હાથથી મળશે.

★(૨૫) જો કે ખ્વાબમાં ઔલિયાઓની ઝિયારત કરવી સારી છે.પણ પીરની ઝિયારતને સર્વશ્રેષ્ઠ સમજે અને અકીદો રાખે કે તમામ પીરો હક્ક પર છે, પરંતુ મારા પીરનો રસ્તો સર્વથી નજીક છે. જો ખ્વાબમાં પીરને અથવા વલીને બુરી હાલતમાં જુએ તો તેને પોતાની હાલત સમજે અથવા એમ સમજે કે દુનિયામાં મખ્લૂકની હાલત કોઈ કારણથી એવી થઈ જશે.

★(૨૬) પીરની ખિદમતમાં જે કંઈ ખર્ચ થાય તેનો આભાર માને અને પીરનો પોતાના ઉપર અહેસાન સમજે કે તેણે ક્બૂલ કરી.

★(૨૭) મુરીદનો એતેકાદ એવો મજબુત હોવો જોઈએ કે પીરથી કોઈ કરામત જોવાની ઈચ્છા અને જરૂરત ન રહે.

★(૨૮) પીરની ખિદમત જાનોદીલ તથા દરેક શક્ય રીતે બજાવી લાવે, પણ આ ખિદમત પોતાની શક્તિ તથા હોંસલા પ્રમાણે જ કરે.

★(૨૯) જોકોઈ મને પૂછે કે કમનસીબ કોણ છે? તો હું એજ કહીશ કે પીરની ફરમાંબરદારી અને સોહબત છોડીને પોતાની ઈચ્છાએ ચાલતો રહું. (હઝરત ખ્વાજા બંદાનવાઝ ગૅસુદરાઝ રહેમતુલ્લાહ અલયહ) લગભગ ૧૭ વર્ષ મારા પીરની સોહબતમાં રહયો અને હું મારી પોતાની બાબતે ઘણો જ ફખ્ર કરતો હતો, પરંતુ જ્યારે તેમનો વિસાલ થઈ ગયો, ત્યારે ખબર પડી કે હજી ઘણાં એવા કામો કરવાનાં બાકી રહી ગયાં જે તેમની સમક્ષ કરવા જોઈતાં હતાં, પણ મેં મારા પીરની એવી ખિદમત કરી,અકીદત તથા મોહબ્બત કરી કે જેવી કરવી જોઈએ, તે કારણે મારા પીર મારાથી ગાયબ નથી પરંતુ દરેક પળે મારી રહેબરી કરવા માટે મૌજુદ છે.આ ફક્ત વાતો જ નથી, પ્રત્યક્ષ અનુભવ છે.

★(૩૦) દરેક વખતે પીર માટે લાંબુ આયુષ્ય અને અલ્લાહની નજદીકી માટે દુઆ કરતો રહે જો કે ગરીબની દુઆથી શું થવાનું છે ? પણ આ વાતથી ઈશ્ક, ખુલુસ અને મોહબ્બત જાહેર થાય છે.

★(૩૧) જ્યાં હઝરત ખિઝર (અલયહીસ્સલામ) અબ્દાલ,અવતાદ વગેરે અલ્લાહના વલીઓ તથા પીર પણ હાજર હોય તો તે પોતાના પીરની જ ગરઝ રાખે, કોઈ બીજા તરફ રુજુઅ્ ન થાય.

★(૩૨) મુરીદે હંમેશા એ કોશીષ કરવી જોઈએ કે પીર પર તેનો બોજ ન પડે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી પોતે પીરનો બોજ ઊઠાવે અને સમજે કે પીર દીન અને દુનિયાના મામલામાં હરગીઝ તેનો મોહતાજ નથી.

★(૩૩) જો પીરની હયાતીમાં અથવા તેની વફાત પછી મુરીદને કોઇ પણ બુર્ઝુગથી કંઇ પણ ફૈઝ મળે તો તેને પોતાના પીર તરફથી સમજે.

★(૩૪)વુઝુ વગર પીરના કપડા અથવા જોડા હાથમાં ન લે. જો તેને પાસે રાખ્યા હોય તો કદી તેને ઝિયારત કરી આંખો એ લગાડે.

★(૩૫) પીરના મકાન અને મઝારની હુરમતનો ખ્યાલ રાખે, ન તે તરફ પગ લંબાવે ન તે તરફ થૂંકે.

★(૩૬) જો પીરનો વિસાલ થઇ ગયો છે, તો તેમની રૂહને સવાબ પહોંચાડીને ખુશ ક્ર્યા કરે અને દરેક પળે પીર પીર દિલ અને ઝુબાનથી જારી રાખે.

★(૩૭) ફુલો લઇ જઇ મઝાર પર રાખે કેમ કે ખુશ્બુથી રૂહ ઘણી જ ખુશ થાય છે.

★(૩૮) મઝાર પાસે જેટલી વાર બેસે મઝારને જોયા કરે અથવા કુર્આને મજીદની તિલાવત કરે, કાં પછી આંખો બંધ કરી શૈખનો તસવ્વુર કરે આમ તેમ જોયાં ન કરે.

★(૩૯) દુઆ ફકત અલ્લાહથીજ માંગી શકાય હાં, શૈખના મરતબા, મુજાહેદા, દીલના અન્વારો અને મજારને દુઆમાં વસીલો બનાવી શકાય. કારસાઝે હકીકી અલ્લાહત્આલા સીવાય કોઇ નથી, આ અકીદો મજબુત હોવો જોઇએ.

★(૪૦) શૈખના મઝાર પર હાજર થાય તો મઝારની પંગાતે કીબ્લા તરફ પીઠ કરીને ઉભો ત્રી સલામી પેશ કરી ફાતેહાનો હદીયો રજુ કરે. મઝારને બોસો આપવામાં (ચુંમવામા)માં વાંધો નથી પણ મઝારનો એહતરામ તથા શરીઅ્તની પાંબંદીનો પુરો ખ્યાલ રાખે જાહીલોની રીતભાતથી બચે

(નોંધ :- ચુંબન(બોસા)ના પ્રકારો (૧)ઇબાદતનો બોસો (૨)અઝમતનો બોસો (૩)અકીદતનો બોસો (૪)મોહબ્બતનો બોસો (૫)શફક્કતનો બોસો (૬)શેહવતનો બોસો (૭)ગફલતનો બોસો. જેમને બોસાના પ્રકારની જ ખબર નથી તે બિચારા જાઇઝ કે નાજાઇઝ શું સમજે?!?))

છેલ્લે મૌલાના રૂમ(ત્રેમતુલ્લાહ અલયહ)ની આ પંક્તિઓ પર મારી ચર્ચા પુરી કરૂં છું :-

ચું તુ ઝાતે પીર રા કરદી ક્બૂલ,
હમ ખુદા દર ઝાતશ આદમ હમ રસૂલ.
ગર બ જોઈ ઝાતે હક રા સુરતે મુર્શીદ બબી,
આશેકી શવ ઝાતે હકરા અંદર આં રોશન બબી.

(અર્થાત્ :- જો તે પીરની ઝાતને ક્બૂલ કરી લીધી, તો પછી તેની ઝાતમાં જ ખુદા અને રસૂલ આવી જાય છે. જો તું અલ્લાહની ઝાતને શોધે છે,તો મુર્શીદની સુરતને જો અને તેની ઉપર આશીક થઇ જા. અલ્લાહત્આલાની ઝાતને તું એ જ દર્પણમાં જો.))

અલ્લાહત્આલા પોતાના કરમથી તમામ મુરીદોને પોતાના પીરના હક્કો અદા કરવાની તૌફીક અતા કરે. આમીન, સુમ્મા આમીન...

(નોંધઃ- અહીં રજૂ કરેલ શૈખનાં આદરો(પીરના અદબો) માત્ર અને માત્ર લાયક તેમજ પરીપૂર્ણ પીર માટે છે, નહીં કે લેભાગુ, લાયકાતવિહીન અને ધંધાદારી નાકીસ-ઢોંગી પીરો માટે)

અય ઇશક તેરે સદકે જલને સે છુટે સસ્તે,
જો આગ બુજાએગી વોહ આગ લગાઈ હૈ.
આલા હઝરત ઇમામે એહલે સુન્નત





ઇશ્ક કે ઇમ્તેહાં

યાઅ્ની

અહેવાલુલ્અસ્ફીયા

ફી ફઝાઈલે સિલસિલાએ નકશબંદીયાહ

અલીફ અલ્લા ચમ્બેદી બુટી, મુર્શીદ મન વીચ લાઈ હુ,
નફી-ઈસ્બાત દા પાણી મીલચોસ,હર રગે હરજાઈ હુ,
અંદર બુટી મુશ્ક મચાયા, જાં ફુલ્લાં તે આઈ હુ,
જીવે મુર્શીદ કામીલ બાહુ, જૈં યહ બુટી લાઈ હુ.

હઝરત સુલતાન બાહુ કાદરી (રહેમતુલ્લાહ અલયહ)

(અર્થઘટન :- મુર્શીદ કામીલે મારા મનમાં ઈસ્મે આઝમ રૂપી ચંપાની કલમ રૂપી જેને નફી-અસ્બાતના ઝીક્ર મારફતે ઉછેરતા રગે રગમાં તેના પ્રત્યાઘાતો ફેલાણે ત્યાં સુધી કે ચંપાની સુગંધ મારા શરીરમાં ફેલાતા મારા માટે ત્યોહારની ખુશી પ્રાપ્ત થઈ. સુલ્તાન બાહુ કહે છે કે,હે મુર્શીદકામીલ ઘણું જીવો કે તમારા ફૈઝ થકી આ સુગંધ પ્રાપ્ત થઈ (આ શેઅરમાં ઝીક્ર-ઈસ્મેઝાત અને ઝીક્ર-નફીઅસ્બાત મારફતે સુલ્તાનુઝ્ઝીક્ર પ્રાપ્ત થવાનો ઉલ્લેખ છે.)

મનકી આંખે ખોલ...

(૩)

"અહેવાલુસ્સાદેકીન" એટલે કે પીરની જાહેરી લાયકાતો અને બાતીની સલાહીયતો

"નફ્સ રા ન કુશદ બગયર અઝ ઝીલ્લે પીર,
દામને આં નફ્સ કુશ મોહકમ બગીર."
-હઝરત મૌલાના રૂમ

(અર્થાત : નફ્સને પીરના સાચા વગર મારી શકાતોનથી, માટે નફ્સના મારનારા(કામીલ અને લાયક પીર)નો દામન મજબુતીથી પકડ.)

તમહીદ

કિતાબ **મનકી આંખે ખોલ...** જે નવા રૂપ-રંગ સાથે તમારા હાથમાં આવી છે, તેનું બીજું પ્રકરણ મે, રહેનુમાએ તરીક્ત એટલે કે પીરની જરૂરત સંબંધે રજુ કરી છે. જેમાં પીરના આદાબો અને પીરની જરૂરતને સારી રીતે ઉજાગર કરવાનાં પ્રયત્નો કર્યા છે; પરંતુ વર્તમાનકાળમાં પીરી-મુરીદીની આ પવિત્ર લાઇન કે જે **ઈખ્લાસ પ્રાપ્તીનો માર્ગ** છે તેની અંદર અનેક પ્રકારની ખરાબીઓ ફેલાય ચૂકી છે, તો જ્યારે ઇન્સાન પીરની જરૂરતને સમજી લેશે ત્યારે પીરની તલાશ પણ કરશે અને માટે જ **મનકી આંખે ખોલ...**નું પ્રકરણ-૩ *એહવાલુસ્સાદેકીન* એટલેકે પીરની જાહેરી લાયકાતો અને બાતિની સલાહિયતો અનુસંધાને રજુ કરી રહ્યો છું, કારણકે પીરની તલાશમાં પીર કેવો હોવો જોઇએ? તેની અંદર કેટલા પ્રકારની લાયકાતો હોવી જોઇએ? તેમાં કેવા કેવાં પ્રકારની સલાહિયતો જરૂરી છે? વગેરે બાબતોનું ઇલ્મ હોવું જરૂરી છે.

વર્તમાનયુગમાં પીરી-મુરીદી કરવી, બયઅત લેવી, ખિલાફત આપવી વગેરે માત્ર રસ્મો-રિવાઝ જ બનીને રહી ગયાં છે. આ જાતની પીરી-મુરીદી મુરીદ બનનારને કે બયઅત થનારાઓને કોઇ જ ફાયદો નહી પહોંચાડે, પરંતુ ઉલ્ટાનું તેને અંધકારમાં જ ધકેલીને તેના માટે ફૈઝના દ્વાર હંમેશા માટે બંધ કરી દેશે, કારણકે, તે આવ્યો હતો હક્કની તલાશ અને હિદાયત માટે, પરંતુ અહીં પીર પોતેજ જ્યારે હિદાયત આપવાની લાયકાત ધરાવતો નથી, તો આવનાર તાલીબ કે મુરીદને પોતાના ગુમરાહીનાં સંકજામાં સપડાવીને તેના માટે પણ ફૈઝના દ્વારને હંમેશા માટે બંધજ કરી દીધા. અને આ રીતે પોતે પણ ગુમરાહ થયો અને બીજાને પણ ગુમરાહ કર્યા. આ જ રીતે ઈખ્લાસ પ્રાપ્તીના આ પવિત્ર માર્ગને ધંધાનો માર્ગ બનાવી દીધો.

વર્તમાન યુગમાં કંઇ કેટલાય બની બેઠેલા પીરો કે જેણે સુલુક (તરિકતનો માર્ગ) પૂર્ણ નથી કર્યો, અને ખિલાફત અર્પણનાં નામે એજન્ટો બનાવવાનું કાર્ય કરે છે તેમજ ગમે તે તરકિબો વડે મુરીદોને લુંટવાનું કાર્ય કરે છે અને આ રીતની ખિલાફતો અર્પણ કરીને એજન્ટરૂપી ખલિફાઓને બેવડી રીતે ગુમરાહ કરી રહ્યાં છે. આજે લોકોએ ખિલાફત એટલે તાવીઝ દોરાની પરવાનગી એટલુંજ સમજી લીધું છે. અને આ રીતે કન્સલ્ટીંગપીરો નો રાફડો ફાટી નીકળ્યો છે કે જેઓ ડોક્ટરોની જેમ પોતાની કન્સલ્ટીંગ ગાદીઓ ચલાવી રહ્યાં છે, જ્યાં ઇલાજના નામે અનેક પ્રકારની અંધાધૂંધી અને ખરાબીઓ ફેલાયેલી છે. અને જ્યાં લોકોને નીતનવાં વહેમોમાં નાખવામાં આવે છે. જે તદ્દન ઈસ્લામની વિરુદ્ધમાં છે, કારણ કે ઈસ્લામતો વહેમો અને અંધશ્રધ્ધાઓ દુર કરવા માટે આવ્યો છે. જેના માટે સમાજ પણ પુરો દોષિત છે. આવા લોકોએ

માત્ર તાવિઝ-દોરાને જ સર્વ કાંઇ સમજી લીધું છે. જેને પીરી-મુરીદી સાથે જરા પણ લેવાં-દેવાં નથી, કારણકે પીરી-મુરીદીના આ પવિત્રમાર્ગમાં તો બંદાને અલ્લાહ ત્આલાની નિકટતા પ્રાપ્તીનો માર્ગ દેખાડવામાં આવેછે, તેમાં નફ્સની પાકીઝગી અને દિલની સફાઇની તાલીમ આવામાં આવે છે, તેમાં મુરીદ અને તાલીબનાં દિલમાં અલ્લાહ અને તેના રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની મહોબ્બતનો જઝબો બેદાર કરવામાં આવે છે; તેમજ મુરીદને અખ્લાકે મોહંમદી(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)વડે આભુષિત કરવામાં આવે છે.જ્યારે અહીં તો **ક્યાં રાજાભોજ અને ક્યાં ગાંગો તેલી** જેવો તાલ છે.

હિદાયતના આ મહાન કાર્યની ઝિમ્મેદારી અલ્લાહત્આલા એ મશાઇખે કિરામને સોંપેલી છે, કારણકે મશાઇખે કિરામ જ સાચા વારિસુ-લ્અમ્બિયા અને નાઇબે રસુલ છે; તેઓ બંને પ્રકારના ઇલ્મો (ઝાહેરી અને બાતિની)વડે પરિપૂર્ણ છે. પરંતુ આજની આ પીરી-મુરીદીમાં મહદઅંશે હિદાયતની કોઇ વાત જ દેખાતી નથી માત્ર મુરીદોનો જથ્થો એકત્રીત કરીને જલ્સા કરવા સિવાય બીજું કશુંજ દેખાતું નથી; અને જે મશાઇખો ખરેખર હિદાયતનું કાર્ય કરી રહ્યાં છે. અને મુરીદો તેમજ તાલીબોને અલ્લાહના રસ્તા પર લગાડી રહ્યાં છે, તેની ખુબીઓને કોઇપણ રીતે ખામીઓનું રૂપ આપીને તેની વિરુદ્ધ વિરોદ્ધનો વંટોળ ઊભો કરીને યેનકેન પ્રકારે આ હિદાયતનાં મહાન કાર્યમાં વિઘ્નો ઊભા કરી રહ્યાં છે. તો વિચારો શું આ રીતે આ ઈખ્લાસ પ્રાપ્તીના આટલા મહાન પવિત્ર માર્ગને ધંધાદારી માર્ગ નથી બનાવી દીધો?

ખરેખર વર્તમાનકાળની પીરી-મુરીદી ઉપર તો હઝરત બાયઝીદે બોસ્તામી અને હઝરત જુનૈદ બગદાદી(અલયહીર્રહમતો વર્રિદવાન)ની મુક્દ્દસ રૂહો પણ પોતાના મઝારે પાકમાં કલ્પાંત કરતી હશે !?! આજની આ પીરી-મુરીદીના પવિત્ર માર્ગની અવદશા નીહાળીને અલ્તાફહુસેન હાલી સાહેબના કેટલાંક અશઆરો (કાવ્યપંક્તિઓ)યાદ આવે છે, જેમાં દરેક પંક્તિ વર્તમાનકાળની પીરી-મુરીદીનું તાદ્રશ્ય ચિત્ર રજુ કરી રહ્યું છે :-

પડી હૈ સબ ઉજડી હુઇ ખાનકાહે,
વો દુર્વેશો સુલ્તાંકી ઉમ્મીદગાહે.
ફરીશ્તોકી પડતીથી ઇસપે નિગાહેં,
ખુલીથી જહાં ઇલ્મે બાતિનકી રાહેં.
કહાં હૈ વો જજબએ ઇલાહી કે ફંદે,
કહાં હૈ વો અલ્લાહ કે નેક બંદે.
બહોત લોગ પીરોકી ઔલાદ બનકર.
નહીં ઝાતેવાલામેં કુછ જીનકે જોહર.

અગર ફખ્ર હૈ ઈનકો લે દે કે ઈસપર.
કે થેં ઈનકે અસ્લાફ મકબુલો દાવર.
કરીશ્મે હૈ જા જા કે જુઠે દીખલાતે,
મુરીદોંકો હૈ લુંટતેં ઔર ખાતે.
યહી હૈ જુનૈદ ઔર બાયઝીદ અબ,
યહી હૈ મુરાદ ઔર યહી હૈ મુરીદ અબ.

જો કે પીરી મુરીદીના આ પવિત્ર માર્ગમાં દરેક યુગમાં ખરાબીઓ ફેલાણી છે, જેનો ઉલ્લેખ હઝરત દાતાગંજબખ્શ લાહૌરી (રહેમતુલ્લાહ અલયહે)પોતાની મશહુર કિતાબ *કશ્ફુલમહેઝુબ માં* **એહલે ઝમાનેકા શીકવા** એ હેડીંગ હેઠળ કરેલો છે તેમજ *અવારીફુલ્મઆરીફ શરીફ* માં હઝરત શૈખોશ્શોયુખ શૈખ સહાબુદ્દીન ઉમર સોહરવર્દી(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ પોતાના યુગમાં ફેલાયેલી ખરાબી અનુસંધાને પોતાની આ કિતાબમાં પુરૂં એક પ્રકરણ બાબ-૯ **નામ કે સુફી** એ હેડીંગ હેઠળ પ્રસ્તુત કરેલ છે, અને હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)ના યુગમાં તો આ ખરાબી ચરમસિમાએ પહોંચેલી હતી જેનો ઉલ્લેખ આપે પોતાના *મક્તુબાત શરીફ* માં અનેક જગ્યાએ કરેલ છે, એટલે આજે આ કાંઈ નવાઈની વાત નથી, પરંતુ એટલું જરૂર છે કે દરેક યુગની ખરાબીઓનો પ્રકાર અલગ અલગ હતો, જેમ કે આજના યુગમાં ઓન લાઈન ઈન્ટરનેટ પર કરવામાં આવતી પીરી-મુરીદી, સામુહીક ખિલાફત-અર્પણ, પ્રચાર માધ્યમ વડે પીરી-મુરીદોનો ફેલાવો, સુલુક એલલ્લાહના માર્ગને પર ક્ર્યા વગરની માત્ર રસ્મી પીરી-મુરીદી, માત્ર તાવીઝ દોરા અને ઈલાજમાં જ પીરી-મુરીદીને સમેટી લેવી, ઈલ્મે જાહીરને જ સર્વ કંઈ સમજીને ઈલ્મે બાતિનથી બિલ્કુલ જાહીલ રહેવું. અને પીરી-મુરીદી કરવી, મુરીદોની કોઈ પણ પ્રકારની સાર-સંભાળ કે દરકાર ન રાખવી બલ્કે તેના નામથી પણ અજાણ રહેવું વગેરે અનેક પ્રકારની ખરાબીઓ આ પવિત્ર માર્ગમાં ફેલાય ચુકી છે; તો આ રીતે કોઈ પણ યુગ આવી ખરાબીઓથી ખાલી નથી રહ્યું,

મેં અહીં સુધી વર્તમાનયુગની પીરી-મુરીદીની અવદશા પર કેટલીક વાતો રજુ કરી છે, જે અત્યંત જરૂરી હતી. પ્રસ્તુત કિતાબ **મનકી આંખે ખોલ**...ના પ્રકરણનં-૩નું વિષય વસ્તુ છે *એહવાલુસ્સાદેકીન* એટલેકે પીરની જાહેરી લાયકાતો અને બાતિની સલાહિયતો આ પ્રકરણને હું વાચક સરળતા પુર્વક સમજી શકે તે માટે નીચે મુજબ પાંચ★(૫) વિભાગોમાં વહેંચું છું :-

★(૧) પીરોનો ઉચ્ચ મર્તબો અને તેની શાન.

★(૨) પીરપદ માટે જરૂરી જાહેરી લાયકાતો.

★(૩) પીરપદ માટે જરૂરી બાતિની સલાહિયતો.

★(૪) નાકીસ પીરની ખરાબીઓ.

★(૫) *એહવાલુસ્સાદેકીન* નો ટુંકો ભાવાનુવાદ.

★(૧) પીરોનો ઉચ્ચ મર્તબો અને તેની શાન.

પીરનો ઉચ્ચ મર્તબો અને તેની શાન અનુસંધાને ક્તિાબ *અવારીફુલ્મઆરીફ શરીફ* કે જેના મુસન્નીફ(લેખક) સુફીવાદના ચાર મશહુર સિલસિલા પૈકી એક સિલસિલાએ સોહરવર્દીયાહના ઈમામ અને સ્થાપક હઝરત શૈખુશ્શોયુખ શૈખ શહાબુદ્દીન ઉમર સોહર્વદી (રદીયલ્લાહો ત્આલા અન્હો)છે. આ ક્તિાબ તસવ્વુફની પહેલી એવી ક્તિાબ છે કે, જેમાં હઝરત શૈખ(કુદ્દુસીર્રહુ)એ ખાનકાહો માટે કાયદેસરનું બંધારણ કાયમ ક્ર્યુ અને તેના આદાબો નિશ્ચિત કર્યા, જેની ઉપર આપના સિલસિલાવાળાઓજ નહીં પરંતુ બીજા સિલસિલાના અનુયાયીઓ પણ અમલ કરી રહ્યાં છે, અને તે આદાબોનું જ શક્ય હોય ત્યાં સુધી અનુસરણ કરી રહ્યાં છે; આ પ્રકારના આદાબો હઝરત શૈખ(કુદ્દસ્સીર્રહુ)એ મજકુર કિતાબના અબવાબો(પ્રકરણો)૩થી૧૮ સુધી ઘણાંજ વિવરણ સાથે બયાન ક્ર્યા છે.અને સુફીયાએ કીરામના દિવસ રાતનાં દૈનિક કાર્યોમાં શરીઅતના જે આદાબોનું ધ્યાન રાખવાનું જરૂરી ક્હ્યું છે તેનાથી એ નિષ્કર્ષ પર પહોંચી શકાય છેકે, આપે નિશ્ચિત કરેલું ખાનકાહી બંધારણ સુફી માટે એક એવો જીંદગી ગુજારવાનો કાનુન છે કે જે ઈન્સાની જીંદગીને કુર્આન તેમજ સુન્નતની પૈરવીનાં સાંચામાં ઢાળી દે છે.

આ ક્તિાબના બાબ(પ્રકરણ) ૧૦માં *પીરોનો ઉચ્ચ મર્તબો અને તેની મહાન શાન* બયાન ફર્માવી છે, જેમાંથી કેટલાક અવતરણો આ મુદ્દાને સમજવા માટે અહીં રજુ કરી રહ્યો છું.

પીરોનાં મહાન મર્તબાને સમજાવતાં હઝરત શૈખુશ્શોયુખ (કુદ્દસ્સીર્રહુ)એ સૌ પ્રથમ આ હદીષેપાક રજુ કરીને તેનું વિશદ વિવરણ રજુ કર્યુ છે :-

“રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ફર્માવ્યું કે, એ પવિત્ર ઝાતની કસમ જેના કબ્ઝામાં મારી જાન છે, જો તમે ઈચ્છો તો હું તમારી સામે કસમ ખાઈને કહી શકું છું કે અલ્લાહત્આલા ને એ જ વ્યક્તિઓ પ્રિય છે જેઓ તેના બંદામાં અલ્લાહત્આલાની મોહબ્બતનો જઝબો જાગૃત કરે છે અને તેઓને અલ્લાહત્આલાના મહેબુબ(પ્રિય)બનાવવાની કોશીશ કરે છે, માત્ર એટલું જ નહીં પરંતુ આ (હેતુની પરીપૂર્ણતા) માટે પુરા પ્રયત્નશીલ રહે છે.”

હઝરત શૈખુશ્શોયુખ(કુદ્દસ્સીર્રહુ)ની છણાંવટઃ- અહીં રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) જે ગુણ (સિફત)નો ઉલ્લેખ પોતાના ઈર્શાદમાં ફર્માવ્યો છે તે મશાઈખો(પીરો)નો મર્તબો અને દાવતે ઈલલ્લાહનો મર્તબો છે; મશાઈખો લોકોને અલ્લાહ તરફ બોલાવે છે, અને અલ્લાહના બંદાનો સંબંધ અલ્લાહથી જોડે છે.

(સુબ્હાનલ્લાહ! પીરોની કેવી મહાન શાન હદીષેપાકની રોશનીમાં હઝરત શૈખુશ્શોયુખે અહીં બયાન ફર્માવી છે.)

અલ્લાહની તરફ આમંત્રણ આપવા અને બોલાવવામાં તેઓની કોશીશો અલ્લાહત્આલાની બારગાહમાં સ્વીકૃતી પામે છે (અને અલ્લાહ ત્આલા તેનાથી મોહબ્બત કરવા લાગે છે)અને આ જ આધાર પર તસવ્વુફ (સુફીવાદ)ના તરીકામાં શૈખનો(પીર) મર્તબો એક ઉચ્ચ અને સર્વશ્રેષ્ઠ મર્તબો છે; એટલું જનહીં પરંતુ દાવતે ઈલલ્લાહમાં તેઓ પયગમ્બરોનું પ્રતિનિધીત્વ કરી રહ્યાં છે. શૈખ પોતાના મુરીદોમાં અલ્લાહત્આલાની મોહબ્બત એ રીતે જાગૃત કરે છે કે તેને રસુલલ્લાહ સલલ્લાહો અલયહે વસલ્લમની તાબેદારી અને અનુસરણના માર્ગ પર લગાડી દે છે અને જે યોગ્ય રીતે રસુલલ્લાહ(સલલ્લાહો અલયહે વસલ્લમ)ની તાબેદારી કરે છે, તો અલ્લાહત્આલા તેનાથી મોહબ્બત કરવા લાગે છે જેમકે ઈર્શાદે ઈલાહી છે :-

“કુલઈન્કુન્તુમ તોહીબ્બુનલ્લાહ ફત્તબેઉની યુહબીબ કોમુલ્લાહ.”

(પારા.૩,રૂકુ.૧૨)

(**અર્થાત્ :-** આપ ફર્માવી દ્યો કે, જો તમે અલ્લાહત્આલાથી મોહબ્બત કરો છો તો મારું અનુસરણ અને તાબેદારી કરો, તો અલ્લાહત્આલા તમારાથી મોહબ્બત કરવા લાગશે.)

(આ રીતે પીરનું કાર્ય છે બંદાને અલ્લાહત્આલાનો *મહેબુબ* બનાવવાનું અને તેનેજ **મકામે મહેબુબીય્યત** કહેવામાં આવે છે જે વિલાયતના મકામોમાં ઘણોજ બુલંદ છે *મકામે ગૌષીય્યત* અને *મકામે મહેબુબીય્યત* વચ્ચેનો તફાવત કીતાબ-***હયાતે શાહેઆલમ (ઉર્દુ)*** માં તેનાં મુસન્નીફ હઝરત સુફી નઝીર અહેમદ સાહેબ (રહેમતુલ્લાહ અલયહે)એ પાના નં.૯૦ (નવું સંસ્કરણ. ૨૦૦૧) માં કર્યો છે.)

મજકુર હદીષેપાકની વધુ છણાંવટ કરતાં હઝરત શૈખુશ્શોયુખ (કુદ્દસ્સીર્રહુ)એ આગળ ફર્માવ્યું કે, “ શૈખ લોકોના દિલમાં અલલાહની મોહબ્બત એ રીતે પૈદા કરી દે છે કે તેઓ મુરીદોને નફસની પાકીઝગી (તઝકીયાએ નફસ)ના માર્ગ પર ચલાવે છે. અને જ્યારે નફસ સ્વચ્છ અને પાક-સાફ થઈ જાય છે તો દિલરૂપી અરીસો રોશની હાંસીલ કરે છે અને તેમાં

અઝમતે ઈલાહીય્યાહની તજલ્લીઓ પ્રતિબિંબીત થાય છે અને જમાલે તૌહીદ તેમાં જલ્વાગર થઈ જાય છે અને આ રીતે તે મુશાહીદા-એ-હકક (અલ્લાહત્આલાના દિદાર)માં મશગુલ થઈ જાય છે અને આ પાકીઝગીનું પરિણામ એ હાંસીલ થાય છે કે તે પોતાના પરવરદિગારથી મોહબ્બત કરવા લાગે છે. અલ્લાહત્આલાનો ઈર્શાદ છે, “*કદ અફલહ મન ઝક્કાહા.*”(જેણે પોતાના નફસને પવિત્ર ર્ક્યો તેણે સફળતા મેળવી.)

અને સફળતાની સુરત એ જ છે કે બંદો અલ્લાહત્આલાની મઆરેફતમાં કામ્યાબ થયો. સફળતાની બીજી એક સુરત એ છે કે જ્યારે બંદાનો દિલરૂપી અરીસો સ્વચ્છ થઈ ગયો અને તેને રોશની હાંસીલ થઈ ગઈ તો ત્યારે તેને પોતાની તમામ આંતરિક ખરાબીઓ અને ગંદકીઓ નજરે ચઢી અને પોતાની અસલ હકીકતો તેની ઉપર જાહેર થઈ ગઈ; તેમજ આખેરતની અસલ અને તેની તમામ ખુબીઓ પણ તેની દ્રષ્ટીમાં સમાઈ ગઈ; તો એ જ સમયે તેની દિવ્યદ્રષ્ટી (ખુલી જતાં)તેમાં બંને જહાંનની હકીકતો અને નતીજાઓ સ્પષ્ટ થઈ જતાં તે મુરીદે હંમેશગીવાળી વસ્તુને(આખેરતને)અપનાવી તથા તેનાથી મોહબ્બત કરવા લાગ્યો, તેમજ નાશવંત્ વસ્તુને (દુનીયાને)છોડી દીધી. એ જ રીતે તઝકીયાએ નફસ(નફસની પાકીઝગી)નો એકબીજો ફાયદો એ નીકળ્યો કે તેના થકી મશાઈખોનો મહાન મર્તબો અને તેની તર્બીયતની અસરો જાહેર થઈ જાય છે. આનાથી સાબીત થયુંકે, “શૈખ અલ્લાહત્આલાના લશ્કરોનો મદદગાર છે એટલે કે મશાઈખ અલ્લાહત્આલાની ફૌજ છે જેના થકી અલ્લાહત્આલા મુરીદોને સાચા માર્ગ પર લગાડી દે છે અને હકીકી તાલીબોની તેના વડે રહેનુમાઈ કરે છે.”

ત્યાર બાદ હઝરત શૈખુશ્શોયુખ(અલયહિર્રહમા)ફર્માવે છે કે; “જે કોઈએ આ મહાન મકામ(મકામે શૈખી,પીરપદ)હાંસીલ કરી લીધો અથવા તો જે કોઈ આ હાલ પ્રમાણે છે જે અમે ઉપર વર્ણવ્યો તો એ જ પરીપૂર્ણ (કામીલ)શૈખ, આરીફે મોહક્કીક છે, જેની એકદ્રષ્ટી દવાનું કામ કરે છે અને તેનો કલામ શીફા આપનારો છે. (રૂહાની બિમારીઓથી), તે અલ્લાહ ત્આલાની સાથેજ ગુફતગુ કરે છે એટલે કે જે કંઈ કહે છે અલ્લાહની તરફથી કહે છે અને જો ખામોશ રહે છે તો અલ્લાહના હુકમથી જ.”

હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ પોતાની *મક્તુબાત શરીફ* ના દફતર-૨ના મક્તુબ નં.૫૭ માં એ મશાઈખે ક્રિામ કે જેઓ જાહેરી અને બાતિની બંને પ્રકારનાં ઉલુમો ધરાવે છે, તેને જ સાચા **વારિસુલ-અમ્બિયા** અને **નાયબે રસુલ** કહ્યાં છે; કે જેની ફઝીલત હદીષેપાકમાં આવી છે. આપ મજકુર *મક્તુબ શરીફ* માં ફર્માવે છે કે,

આપે સાંભળ્યું હશે કે, હદીષેપાકમાં આવ્યું છે કે, ‘‘કાલે ક્યામતનાં દીવસે ઉલ્માની સ્યાહીને શહીદ ફી સબીલીલ્લાહના લોહી વડે તોળવામાં આવશે તો તે સ્યાહીનો વજન શહીદોના લોહીથી વધી જશે.’’ બીજી ઉમ્મતને આ દૌલત પ્રાપ્ય નથી. તેઓને જે કંઇ મળ્યું છે તે માત્ર આનુસંગીક અને તેનાથી સંબંધીત છે, જે જડ છે તે તો કોઇ પણ સંજોગોમાં જડ જ છે અને શાખા આ જડમાંથી જ નીકળે છે. અહીં ઉમ્મતના મુબલ્લીગો અને હક્કની દાવત આપનારોઓ (દાઇ)ની બુઝુર્ગીને સમજવી જોઇએ.જો કે દાવત અને તબ્લીગના કેટલાય દરજ્જાઓ છે અને દાઇ તેમજ મુબ્લીગ વિવિધ દરજ્જાઓ ધરાવે છે. આલીમો મોટા ભાગે જાહેરી તાલીમ સાથે જોડાયેલાં છે અને સુફીયાએ કિરામ બાતીન(આંતરિક)તબ્લીગ સાથે જોડાયેલાં છે અને જે આલીમ તથા સુફી બંને છે તે **કિબ્રીયતે એહમર** (લાલગંધક ની જેમ અકસીર સમાન)છે. તેઓ જાહેરી અને બાતિની બંને પ્રકારની તબ્લીગને લાયક છે અને તેઓજ પયગમ્બર (સલ્લલ્લાહો અલયએ વસલ્લમ)ના (સાચા) નાયબ અને વારસદાર છે.

અમુક ઉલ્માઓએ આ ઉમ્મતના મોહદ્દીષોને કે જેઓ રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની અહાદીષોની તબ્લીગ કરે છે, તેઓને આ ઉમ્મતમાં શ્રેષ્ઠ માન્યતા છે, પરંતુ જો તેઓને તમામ રીતે સર્વશ્રેષ્ઠ સમજ્યા છે તો અહીં(તેઓની)ભુલ છે; અને જો તેઓને જાહેરી મુબલ્લીગોથી સંબંધીત કરે છે તો એ વાત શક્ય છે, કારણકે પુરે-પુરી ફઝીલત માત્ર તે જામેઅ્ મુબલ્લીગ (સર્વોમુખી પ્રતીભા ધરાવતા પ્રચારક) માટે છે કે જેઓ જાહેરી તબ્લીગ પણ કરે છે અને આંતરિક રીતે પણ.’’

મજકુર ઈબારતમાં હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહોત્આલા અન્હો)એ આ ઉમ્મતના દાઇ(ધાર્મીક નિમંત્રક)અને મુબલ્લીગ(ધાર્મીક પ્રચારક)ની ફઝીલતો રજુ કરી છે અને કહ્યું છે કે, માત્ર જાહેરી તબ્લીગ કરનાર એ પરીપુર્ણ દાઇ કે મુબલ્લીગ નથી પરંતુ જામેઅ્ મુબલ્લીગ અને દાઇ તો એ જ છે કે જે જાહેરી અને બાતિની બંને પ્રકારની દાવત આપનાર અને તબ્લીગ કરનાર છે **અને આવા સર્વોમુખી પ્રતીભા ધરાવનાર દાઇ અને મુબલ્લીગ માત્ર કામીલ મશાઇખે કિરામ અને સુફીયાએ કિરામ જ છે, અને તેઓ જ ખરેખર *વારિસુલ્અમ્બિયા* અને *નાયબે રસુલ* છે, નહીં કે માત્ર બે-ચાર ઉર્દુ કે ગુજરાતી કીતાબો પઢી લઇને હેર-ફેર તબ્લીગ માટે બિસ્તરા-પોટલા લઇને નીકળી પડનારાઓ તેમજ અગડમ-બગડમ કીતાબો વાંચીને બની બેઠેલા મુબલ્લીગો.**

અને તબ્લીગનો હેતુ પણ એ જ છે કે ઇન્સાનની જાહેરી અને બાતિની બંને પ્રકારની સુધારણાં કરવામાં આવે, માત્ર જાહેરી દાવત એ અધુરી દાવત છે, અને આ બંને પ્રકારની દાવત માત્ર *ઉલ્માએ રબ્બાની* નું જ કાર્ય છે, કે જેઓ બંને પ્રકારના જાહેરી તેમજ બાતિની ઇલ્મો વડે સુશોભીત છે, જેઓએ દુનીયા પર આખેરતને અગ્રીમતા આપી છે, જેઓ બાતિની અમરાઝ (બીમારીઓ)ના તબીબ છે, તેઓની દ્રષ્ટીમાં શિફા છે અને તેઓનો કલામ દવારૂપ છે અને આવા ઉલ્મા જ ખરેખર પીર પદની લાયકાત ધરાવે છે. તેમજ હકીકતમાં આ પ્રકારના દાઇ અને મુબલ્લીગ જ અલ્લાહત્આલાના સૌથી મહેબુબ બંદાઓ છે, કેમ કે તેઓ પોતાની જાહેરી અને બાતિની મહેનતો અને પ્રયત્નો થકી બંદાની દ્રષ્ટીમાં અલ્લાહ-ત્આલાને અને અલ્લાહત્આલાની નિગાહમાં બંદાને મહેબુબ બનાવવાનું ઉત્કૃષ્ઠ કાર્ય અંજામ આપી રહ્યાં છે અને બંદાના દિલોમાં અલ્લાહત્આલાની મોહબ્બતનો જઝબો બેદાર કરી રહ્યાં છે. કોઇ પણ શખ્સ આ પ્રકારની લાયકાત અને ખુબીઓ પોતાની અંદર ન ધરાવતો હોય ત્યાં સુધી તેણે પોતાને ***નાયબે રસુલ*** કે ***વારિસુલ્અમ્બિયા*** તરીકે ઓળખાવવું એ નરી મુર્ખામી છે !

તો આ છે કામીલ પીરો અને મશાઇખે કીરામની મહાન શાન અને તેના ઉચ્ચ મર્તબાઓ.

★(૨) પીરપદ માટે જરૂરી જાહેરી લાયકાતો

પીરનો મર્તબો અને તેની શાન કેટલી મહાન અને ઉચ્ચ પ્રકારની છે જેની આગળ આપણે ચર્ચા કરી ગયા. આટલી મહાન પદવી માટે લાયકાતો પણ એટલીજ મહાન હોવી જ જોઇએ. આ માટે ઉલ્માએ કીરામ અને સુફીયાએ ઉઝ્ઝામે કેટલાક જાહેરી ધારાધોરણો અને લાયકાતો નક્કી કરી છે, જે પીરપદની પ્રાપ્તી માટે હોવી જરૂરી છે, જેનું હું હવે બયાન કરી રહ્યો છું :-

કીતાબ-*આદાબે સાલીક*માં પીરની જાહેરી લાયકાતો સંબંધે હઝરત અલ્લામા મુફતી મોહંમદ મસ્ઉદશાહ સાહેબ નક્શબંદી-મુજદ્દેદી(રહેમતુલ્લાહ અલયહે)કે જેઓ દીલ્હીની ફતેહપુરી શાહી મસ્જીદનાં શાહી ઈમામ અને મહાન વલીએ કામીલ, સાહેબે નિસ્બત અને સાહેબે કશ્ફો-કરામત બુઝુર્ગ હતાં, તેઓ ફર્માવે છે કે, પીરમાં આ મુજબ ચાર*(૪)જાહેરી લાયકાતો હોવી જરૂરીછે.

***(૧) પીર પાબંદે શરીઅત હોવો જોઇએ.**

***(૨) પીરે કોઇ સાહેબે નિસ્બતથી નિસ્બત હાંસીલ કરેલી હોવી જોઇએ.**

***(૩) પીર સાહેબે ઇજાઝત પણ હોવો જોઇએ.**

***(૪) પીરનો તરીકતનો સિલસિલો આં હઝરત (સલ્લલ્લાહો**

અલયહે વસલ્લમ)સુધી અતુટપણે પહોંચતો હોવો જોઇએ, વચ્ચેથી તુટી ગયેલો ન હોવો જોઇએ.

આ ચાર*(૪)વાતોમાંથી એક પણ વાતમાં કશી ખામી હશે કે એક પણ લાયકાત ઓછી હશે તો માઅ્રેફત(ખુદાઇ જ્ઞાન)ની પ્રાપ્તી ના મુમકીન છે, તેનાથી મુરીદ બનીને ક્યારેય ખુદા સુધી પહોંચી શકાશે નહીં.

પછી આપે મજકુર ચારેય બાબતોનો ક્રમશઃ ખુલાસો આ મુજબ બયાન ફર્માવ્યો છે.

***(૧) પીર શરીઅતનો પાબંદ હોવો જોઇએ.**

એટલેકે શરીઅતની પાબંદી પૈકી સૌથી પહેલાં તે અહેલે સુન્નત વલ જમાઅ્તનાં અકાઇદમુજબ બિલ્કુલ દુરસ્ત હોવો જોઇએ અને તેનો ચુસ્ત પાબંદ હોવો જોઇએ, તેમાં બાલ બરાબર પણ ફર્ક ન હોવો જોઇએ કારણકે આ જ તો ઇમાનની જડ છે. ત્યાર બાદ શરીઅતનાં તમામ અહેકામો એટલે કે ફર્ઝો, વાજીબો, સુન્નતો અને મુસ્તહબોનો પુરો પાબંદ હોવો જોઇએ અને કોઇ કાર્ય શરીઅતના ખિલાફનું ન કરતો હોવો જોઇએ. આ એ જ ત્રાજવું અને કસોટી છે કે જેના થકી સાચા-ખોટાનો ભેદ પરખાય જાય છે. જો કોઇ હવામાં ઉડે, કે પાણી પર ચાલે અને આગ પર ચાલે પરંતુ શરીઅતની વિરુદ્ધ વાળ બરાબર પણ કાર્ય કરતો હોય તો તેને શૈતાન કહેવામાં આવે છે, કારણકે ઓછું ખાવું અને ઓછું ઊંઘવું એ બે કાર્ય થકી જોગીઓ, હિંદુસ્તાની બ્રાહ્મણો અને યુનાની હકીમો એ પણ આવા અનેક શોબદાઓ(ચમત્કારો જેમકે હવામાં ઊડવું વગેરે)દેખાડ્યા છે, આ અલ્લાહ સુધી પહોંચવાનો રસ્તો નથી. હઝરત ખ્વાજા મોહંમદ માસુમ સરહિંદી(રહેમતુલ્લાહ અલયહ)એ આ અનુસંધાને લખ્યું છે કે, ‘‘ જે વ્યક્તિ આવી વાતો દેખાડતો હોય(હવામાં ઊડવું વગેરે)અને શરીઅતથી વાળ બરાબર ખિલાફ ચાલતો હોય કદાપી કદાપી તમે એ શહેરમાં પણ ન રહો કદાચ તેનાથી સંબંધ થઇ જાય, તે શૈતાન અને ચોર છે, જે ઇમાન ચોરી લે છે.’’ અમુક બુઝુર્ગો ફર્માવે છે કે, ‘‘ પાણી પર લાકડી, ઘાસનું તણખલું ચાલે છે, હવા પર માખી અને મચ્છર પણ ઉડે છે. એ કરામતો નથી, પરંતુ મુર્દા દિલોને જીવંત કરવા એટલે કે અલ્લાહની યાદમાં લગાડી દેવા સૌથી મોટી કરામત છે.’’

***(૨) પીરે કોઇ સાહેબે નિસ્બતથીનિસ્બત હાંસીલ કરેલી હોવી જોઇએ.**

એટલે કે કોઇ પાબંદે શરીઅત અને સાહેબે કમાલ પીરથી મુરીદબનીને લાંબી મુદ્દત સુધી તેની સોહબત અને ખિદ્મતમાં રહીને બાતિની નિસ્બત અને સંબંધ અલ્લાહત્આલાથી કાયમ કરેલો હોય અને ફૈઝે બાતીની અને સુલુક એટલે કે **અલ્લાહ ત્આલા સુધી પહોંચવાનો રસ્તો** કાયદેસર રીતે પાર

ક્ર્યો હોય. આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સોહબતમાં જે સહાબી વધુ સમય સુધી રહ્યાં તેઓ ઊંચા દરજ્જાઓ પર પહોંચ્યાં. અહીં સોહબતની ફઝીલત અને સોહબતનું મહત્ત્વ સાબીત થાય છે. મોટાભાગના બુઝુર્ગોને દીન જેમકે ખ્વાજા-એ-હિંદ, ખ્વાજા ગરીબે નવાઝ(રદીયલ્લાહો ત્આલા અન્હો)૨૦ વર્ષ સુધી પોતાના પીરો-મુર્શીદની ખિદમતમાં રહ્યાં, કારણકે જે જેણે કંઇ મેળવ્યું છે, બુર્ઝુર્ગો-ની સોહબત અને ખિદમત થકી જ મેળવ્યું છે. અસલી પીર તે છે જેણે *ફૈઝાને મોહંમદી* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)જે સિના-બ-સિના પીરોને પહોંચ્યો છે, તે પોતાના પીર વડે હાંસીલ ક્ર્યો હોય, શહેનશાહે નક્શબંદ હઝરત બહાઉદ્દીનશાહ(રદીયલ્લાહો ત્આલા અન્હો) તેમાં પણ બે(૨) પ્રકાર બતાડે છે. *(૧)એક પીરે કામીલ અને *(૨)પીરે મુકમ્મીલ. ***કામીલ** પોતે તો નુરાની હોય છે, પરંતુ **નુરબખ્શ** નથી હોતો એટલે કે બીજાને નુર પહોંચાડવાની શક્તિ ધરાવતો નથી અને બીજો ***મુકમ્મીલ** કે જે ખુદ પણ નુરાની હોય છે અને **નુરબખ્શ** પણ.એટલેકે બીજાને નુર પહોંચાડવાની શક્તિ ધરાવતો હોય છે, અને એટલા માટે જ આ(મુકમ્મીલ)પીર જ પીરીને લાયક છે, કે જે નુરે મોહમંદી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મુરીદોનાં દિલમાં અલ્કા કરીને પહોંચાડીને તેને જગમગાવી દે છે; જે પીરમાં આ તાકત કે શક્તિ ન હોય તો મુરીદને તેના મુરીદ બનીને કે તેની સોહબત વડે શું ફાયદો થવાનો?

અસલી પીરથી અલગ થયા પછી પણ માત્ર *રાબ્તાહ*(એક પ્રકારનો રુહાની સંબંધ) અને *તસવ્વુરે પીર*વડે પણ ફૈઝયાબ થઇ શકાય છે અને થાય છે. હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદિયલ્લાહો ત્આલા અન્હો) પોતાના પવિત્ર મકતુબ નં.૨૨૧માં ફર્માવે છે કે, ‘‘જે રીતે આ પીર બુઝુર્ગવાર નિસ્બત અને ફૈઝ સાચા મુરીદોને અર્પણ કરવાની શક્તિ ધરાવે છે એજ રીતે ફૈઝ પાછો ખેચીંને મુરીદોને મુફલીસ અને ખાલી હાથ કરી દેવાની પણ શક્તિ ધરાવે છે. નારાઝ થવાથી કે જરા અમસ્થા બેધ્યાનપણાં વડેવર્ષોની નેઅ્મત છીનવી લે છે, અલ્લાહત્આલા પોતાના અને પીરોના ગઝબ તેમજ ગુસ્સાથી બચાવે.’’

આ પ્રકારની ઘટનાઓ અમારા પીરા માંહેથી હઝરત સૈયદ ઇમામ અલી શાહ સાહેબ(રહેમતુલ્લાહ અલયહ)થી ઘણી વાર સાદીર થઇ છે, કારણકે આ હઝરાતોનો મિજાઝ મેહબુબીય્યત અને લતાફતના કારણે ઘણો જ નાજુક હોય છે, જરા અમસ્થુ પણ મરજીની ખિલાફ કાર્ય થવાથી નાખુશ થઇને બધુંજ આપેલું લઇ લે છે અને છતાં પણ જો ખુશ થઇ જાય તો પાછું પણ અર્પી દે છે

હઝરત દાતાગંજબખ્શ લાહૌરી(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવે છે કે, ''મુરીદ ત્યારે જ બનાવે કે જ્યારે પોતાનામાં રદ્દોબદલ કરવાની પ્રચંડ શક્તિ(*કુવ્વતે તસર્રુફ*)જુએ એટલે કે ફૈઝ મુરીદોને પહોંચાડવાની તાકાત પોતાનામાં જુએ, નહીંતર પીર અને મુરીદ બંને ખરાબ થશે.''

તો આ રીતે પીરનું કોઇ સાહેબે નિસ્બત થકી નિસ્બતનું હાંસીલ કરવું અને અમુક મુદ્દત સુધી તેની સોહબત તેમજ ખીદમતમાં રહેવું અત્યંત જરૂરી છે.

***(૩) પીર સાહેબે ઇજાઝત પણ હોવો જોઇએ**

એટલે કે કોઇ કામીલ-મુકમ્મીલ અને શરીઅતના પાબંદ પીર દ્વારા તેને નિસ્બત પણ હાંસીલ હોય; તેના વડે સુલુકના માર્ગને પુરી રીતે પાર કરેલ હોય અને ખિલાફત પણ હાંસીલ કરી હોય. ત્યાર બાદ પીર તેની અંદર કુવ્વતે તસર્રુફનું નિરિક્ષણ કરીને પછી તેને કાયદેસર મુરીદ બનાવવાની પરવાનગી આપે ત્યારે જ તે આ મહાન કાર્યને લાયક બને છે. આજકાલતો કેટલાક નકલી અને નાકીસ પીરો મુરીદ થતાંની સાથે જ તેને ખિલાફત આપી દે છે, શું પીરાનેપીર દસ્તગીર અને હઝરત ખ્વાઝા ગરીબે નવાઝ(રદીયલ્લાહો અન્હોમાં) થી પણ આ પીર મોટા દરજ્જાનો છે ? તેઓએ તો વર્ષોના મુજાહીદા અને રિયાઝતો પછી હાંસીલ કર્યુ, જ્યારે અહીં તો મુરીદ બન્યા કે તરત જ આપી દીધું. ન તો આવા પીર પીરીને લાયક છે, ન તો તેના ખલિફા તેને લાયક છે. અમુક લોકો સુલુકના માર્ગને પરીપૂર્ણ કર્યા વિના જ બાપની ગાદી પર બેસી જાય છે. હઝરત શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દીસે દહેલ્વી(રહેમતુલ્લાહ અલયહ)એ આવી પીરી-મુરીદીને હરામ કહી છે. તો આ રીતે પીર માટે માત્ર ખિલાફત જ નહી પરંતુ ઇજાઝત પણ હોવી જરૂરી છે; એ પણ કામીલ-મુકમ્મીલ પીરની સોહબત અને ખીદમતમાં એક મુદ્દત સુધી રહીને સુલુકના માર્ગને પુરી રીતે પાર કર્યા પછી, નહીં કે ચટ મંગની ઔર પટ-બીયાહની જેમ. પીર બનવાના આવા ઇન્સટન્ટ પેકેજે જ સૌથી મોટું નુકસાન પહોંચાડ્યું છે, જેનો કાલે કયામતના દીવસે જવાબ આપવો પડશે.

***(૪) પીરના તરીકાનો સિલસિલો આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સુધી અતુટ પણે પહોંચતો હોવો જોઇએ, વચ્ચેથી કોઇ પણ રીતે તુટી ગયેલો ન હોવો જોઇએ** જો સિલસિલો તુટી ગયોતો તેનાથી મુરીદ બનવું બેકાર છે એટલેકે ખાનદાનના શજરામાં જે નામ પીરોના છે તેઓનો સિલ-સિલો બરાબર હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)સુધી પહોંચતો હોય, જો એક પીર અપૂર્ણ હોય કે વગર ઇજાઝતે અથવા તો સુલુક પાર કર્યા વગર જ પીર બની ગયો હોય અથવા પુત્ર બાપના તરીકાના સુલુકને

તય કર્યા વગર જ પીર બની બેઠો હોય એવો સિલસિલો સહી સલામત અને કાયમ ન રહ્યો તે વચ્ચેથી તુટી ગયો એટલા માટે એવા સિલસિલામાં મુરીદ થવું બેકાર બતાડેલ છે; તે ખુદા સુધી પહોંચી શકતો નથી, કારણકે તે ખુદજ ખુદા સુધી નથી પહોંચ્યો. તો આ રીતે રૂહાની સાંકળ સલામત હોવી જરૂરી છે કોઇએ જો સુલુકને પૂર્ણ કર્યા વગર જ ખિલાફત કે ઇજાઝત મેળવી લીધી તો આ પણ સિલસિલાની સાંકળ તુટી ગયેલી જ કહેવાશે, માત્ર શજરામાં નામ ચડાવી દેવાની વાત છે, બાકી તેના માટેની લાયકાત ક્યાં? આ તો એક જબરદસ્ત ધોખો અને બેવડી ગુમરાહી છે. કારણકે શજરા માટે શર્ત છે રૂહાની સાંકળ સલામત હોવી જોઇએ જ્યારે અહીં આ શર્તનો પુરેપુરો ભંગ થયેલો છે. આ મુદ્દો સમજવો ઘણો જ જરૂરી છે અને તેની ઉપર ચિંતન-મનન કરવું પણ જરૂરી છે.

★(૩) પીરપદ માટે જરૂરી બાતિની સલાહિયતો

અહીં સુધી આપણે પીરપદ માટેની જાહેરી લાયકાતોની ચર્ચા કરી, પીરમાં આ જાહેરી લાયકાતો ઉપરાંત પણ કેટલાય પ્રકારની બાતિની સલાહિયતો અને ખુબીઓનું હોવું જરૂરી છે. કારણકે પીરનું કાર્ય છે અલ્લાહના બંદાનું અલ્લાહથી મિલન કરાવવાનું અને આ કાર્યથી વધીને આ ધરતી પર એક પણ કઠીન કાર્ય નથી, માટે તેમાં અનેક પ્રકારની આંતરિક ખુબીઓ અને સલાહિયતો હોવી અત્યંત જરૂરી છે, તો જ તે આ કાર્યને અંજામ આપી શક્શે. આ અનુસંધાને બુઝુર્ગાને દિનના કેટલાક અવતરણો અને તેની સમજુતી રજુ કરી રહ્યો છું,

હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદિયલ્લાહો ત્આલા અન્હો)*પીરની બાતિની સલાહિયતો* અનુસંધાને પોતાના ***મકતુબાત શરીફ*** માં દફતરે અવ્વલના મકતુબ નં.૨૨૪ માં ફર્માવે છે કે; જાણવું જોઇએ કે શૈખ(પીર)બનવું અને હક્કની તરફ મખ્લુકને દાવત આપવાનો મકામ ઘણોજ ઊંચો છે. આપે સાભળ્યું હશે કે, ''*અશ્શૈખો ફી કવ્મેહી કનનબીય્યે ફી ઉમ્મતેહી.*'' **(અર્થાત્**:-શૈખ(પીર) પોતાના કૌમમાં એ રીતે છે કે જે રીતે નબી પોતાની ઉમ્મતમાં.) દરેક સલાહિયત વગરનાને આ ઉચ્ચ મકામ સાથે શી લેવા દેવા?

હર ગદાએ મર્દે મૈદાં કે શવદ,
પીરઝુએ આખીર સુલેમાં કે શવદ.

(અર્થાત્ :-દરેક ભીક્ષુક મૈદાનનો મર્દ નથી બની શકતો. છેવટે મચ્છર સુલૈમાન કેવી રીતે બની શકે?.)

અહવાલો અને મકામાતોનું વિસ્તૃત ઇલ્મ હોવું, મુશાહેદાત

અને તજલ્લીયાતની હકીકતોની જાણકારી હોવી, કશ્ફો અને ઈલ્હામાતોનું તેને હાંસીલ હોવું તેમજ વાકેઆત(રૂહાની બનાવો)ના અર્થઘટનોની જાણકારી હોવી આ ઉચ્ચ મકામ(મકામે શૈખી-પીરપદ)ની જરૂરીયાતો પૈકી છે, *વબેદુનેહા ખરતુલ્કેતાદ.* **(અને નહીંતર તો માત્ર બેફાયદા તકલીફ સિવાય કશુંજ નથી)**

મજકુર ઈબારતમાં હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ આ પીરના મહાન અને ઉચ્ચ મર્તબા માટે જરૂરી બાતિની સલાહિયતોનું વર્ણન ર્ક્યુ છે. ***મક્તુબાત શરીફ*** માં આપે અનેક જગ્યાએ પીરની બાતિની કુવ્વતો અને સલાહિયતો સંબંધે ખુલાસાઓ રજુ કરેલ છે, જે તમામનો સારાંશ એ છે કે પીરમાં નીચે મુજબની બાતિની સલાહિયતો હોવી અત્યંત જરૂરી છે, તો જ તે પીરીના મકામને લાયક અને આ મહાન કાર્યને સારી રીતે અદા કરવાની ખૂબી હાંસીલ કરી શકશે.

★(૧) સૌથી પ્રથમ તો તેણે આ સુલુક અને જઝબાહ્‌ના જે બે માર્ગો છે, જેના થકી બંદો કુર્બે ઈલાહી હાંસીલ કરી શકે છે, તે માર્ગોને પુરી રીતે પાર કરેલા હોવો જોઈએ તેમજ આ માર્ગોના રહસ્યોથી વાકીફ હોવો જોઈએ. તેમજ આ માર્ગો પર ચાલીને ફના અને બકાના મકામો હાંસીલ કરેલા હોવા જોઈએ તો જ તેના દરેક કાર્ય નફસાનીયત અને શૈતાની પ્રપંચોથી ખાલી હશે અને આ રીતે તે મુરીદને કે તાલીબને પણ *રાહેરઝા* (અલ્લાહ ત્આલાની રઝાના માર્ગ) પર ચલાવી શકશે.

★(૨) પીર, મુરીદ કે તાલીબની વિવિધ આંતરિક શક્તિઓ અને લાયકાતોને ઓળખનારો હોવો જોઈએ, કારણકે મુરીદ કે તાલીબ બનનારા અલગ-અલગ પ્રકારની આંતરિક શક્તિઓ અને લાયકાતો ધરાવતાં હોય છે, કોઈનામાં જઝબાહ્‌ના માર્ગ થકી ચાલવાની શક્તિ છુપાયેલી હોય છે, કોઈ સુલુકના માર્ગની લાયકાત ધરાવતો હોય છે તો આ સ્થિતીમાં જો પીર આવનાર તાલીબ કે મુરીદની આંતરિક શક્તિ અને લાયકાતથી અજાણ હશે તો તેને ઉલટ-સુલટ માર્ગ પર ચલાવીને તાલીબની આંતરિક શક્તિ તેમજ લાયકાતને તબાહ્ અને બરબાદ કરી નાખશે અને તેને ગુમરાહીની ઊંડી ગર્તામાં ધકેલીને હંમેશાની મૌતમાં ધકેલી દેશે, કારણકે પીરી- મુરીદી નામ છે ઈન્સાનમાં છુપાયેલી આ રીતની શક્તિઓને ઉજાગર કરીને તેને અલ્લાહના માર્ગ પર લગાડવાનું.

★(૩) પીર મુશાહેદાત અને તજલ્લીયાતોની હકીકતોની ઓળખ ધરાવતો હોવો જોઈએ અને તો જ તે મુરીદ કે તાલીબ પર નાઝીલ થતી વિવિધ તજલ્લીયાતો, કૈફીયતો અને અલગ-અલગ મુશાહેદાતોને ઓળખી શકશે

અને તેની વચ્ચેના ભેદ પારખીને એ મુજબ આ માર્ગમાં તાલીબને રૂહાની માર્ગદર્શન આપી શકશે.

★(૪) પીર પાસે રૂહાની હાલતો અને મકામાતોની ઓળખનું બહોળું જ્ઞાન તેમજ અનુભવો હોવા જોઈએ, કારણકે જો તેની પાસે આ પ્રકારનું જ્ઞાન અને અનુભવો હશેતો જ તે મુરીદો કે તાલીબોના વિવિધ રૂહાની મકામાતો અને હાલાતોને ઓળખી શકશે અને આ મકામાતોમાં તેને નફસની શરારતો અને ખતરાઓ તેમજ શૈતાનની પ્રપંચ-જાળો અને છળ-કપટોથી સુરક્ષીત રાખી શકશે તેમજ તેની જરૂરત અને લાયકાત મુજબ પોતાની તવજ્જોહ્ અને આત્મબળ વડે આગળના મકામો તરફ લઈ જઈ શકશે અને આ રીતે તેને *જમાલે ઈલાહી* નો મુશાહેદો કરાવી શકશે અને વસ્લની દૌલત વડે નવાજી શકશે.

★(૫) પીર પાસે કશ્ફો અને ઈલ્હામાતોનું ઈલ્મ હોવું જરૂરી છે, એટલે કે પીરનું રોશન ઝમીર હોવું જરૂરી છે તેમજ પીર પાસે વાકેઆત(રૂહાની બનાવો)ના અર્થઘટનોનું ઈલ્મ હોવું પણ જરૂરી છે કારણકે તો જ તે મુરીદો પર વિવિધ હાલાતોમાં ગુજરતા વાકેઆતો કે જે મિસાલી સુરતોમાં હોય છે, તેનું સાચી રીતે અર્થઘટનો કરીને મુરીદને શૈતાનની ધોખાબાજીઓ અને નફ્સાની ખતરાતોથી મહેફુઝ રાખી શકશે. અને જો પીર પાસે કશ્ફો-ઈલ્હામાતની લાયકાત હશે તો જ તે મુરીદ અને તાલીબને બુરા માર્ગોથી અને દુન્યવી લોભ-લાલચો અને વાસનાઓથી આગાહ કરીને તેને અખ્લાકે મોહંમદી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વડે સુશોભીત કરી શકશે.

★(૬) પીર પાસે એવી રૂહાની કુવ્વત અને આંતરીક હાલાતોને રદ્દો-બદલ કરવાનું પ્રબળ આત્મબળ(Willpower) તેમજ કુવ્વતે તસર્રુફ હોવી જોઈએ કે જેના વડે તાલીબો અને મુરીદોને એક મકામથી બીજા મકામ તરફ ખેંચીને લઈ જઈ શકે છે તેમજ તેના સીનામાં રહેલ *ફૈઝાને મોહમ્મદી* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)અને બાતિની નુર તાલીબને અર્પણ કરીને તાલીબને કમાલીયતના દરજ્જે પહોંચાડી શકશે તેમજ તાલીબની અંદર છુપાયેલી વિવિધ આંતરિક શક્તિઓને જાગૃત કરી શકશે.

ઓછામાં ઓછી આટલા પ્રકારની બાતિની સલાહિયતો પીરમાં હોવી અત્યંત જરૂરી છે કે જેનો ઉલ્લેખ હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ પોતાના પવિત્ર ***મક્તુબ શરીફ*** માં કર્યો છે, તદુપરાંત બીજી કેટલીય ખુબીઓની આવશ્યક્તા છે જેનો ઉલ્લેખ મહાન બુઝુર્ગાને દીને પોતાની કીતાબોમાં કર્યો છે, જે પૈકી કેટલાક અવતરણો હું રજુ કરુ છું.

પીરની બાતિની સલાહિયતો સંબંધે કિતાબ ***ફવાઈદુસ્સાલેકીન*** કે જે હઝરત ખ્વાઝા કુત્બુદ્દીન બખ્ત્યાર કાકી (રહેમતુલ્લાહ અલયહે)ના પવિત્ર મલ્ફુઝાતનો સંગ્રહ છે, જેને આપના અગ્રગણ્ય ખલિફા હઝરત બાબા ફરીદુદ્દીન ગંજેશકર અજોધની(રહેમતુલ્લાહ અલયહ)એ એકત્રીત કરેલ છે, તેમાં લખ્યું છે કે, ‘‘સજ્જાદાહ્(પીરની ગાદી) પર બેસવું અને બયઅત કરવું એ વ્યક્તિ માટે યોગ્ય છે, જેનામાં એવી તાકાત હોય કે બીજાને પણ સાહેબે સજ્જાદાહ્(પીર)બનાવી શકે અને જો વિલાયતની આ પ્રકારની શક્તિ તેનામાં ન હોય તો તે શૈખ(પીર) બનવાને લાયક નથી, એટલું જ નહીં પરંતુ તે સુલુકવાળાઓની નિકટતો માત્ર એક ખોટો દાવેદાર અને સૌથી મોટો જુઠ્ઠો છે.’’

અને મજકુર મલ્ફુઝાતમાં જ આપે એક બીજી જગ્યાએ ફર્માવ્યું છે કે, ‘‘શૈખની(પીર) અંદર એટલી હદે દિલની તાકાત તેમજ ઝમીરની સોહબત હોવી જોઈએ ક્યારે કોઈ વ્યક્તિ તેનાથી બયઅત થવા માટે આવે તો તેની ઉપર વાજીબ છે કે તે પોતાની આંતરિક શક્તિ વડે તે વ્યક્તિના સિનામાં રહેલી વિવિધ ખરાબીઓ કે જે દુન્યવી ગંદકીઓ વડે ખરડાયેલી છે, તેને બિલ્કુલ પાક-સાફ કરી દે કે જેથી જુઠ, દગો, ફરેબ, હસદ, બુરાઈઓ અને દુન્યવી ખરાબીઓ પૈકી કોઈ જ ખરાબી તેના સિનામાં ન રહે ત્યાર બાદ તેનો હાથ પોતાના હાથમાં લઈને તેને માઅ્રેફત(ખુદાઈ જ્ઞાન)ના ભેદોથી જાણકાર કરી દે અને જો પીરને આ પ્રકારની કુદરત હાંસીલ નહોય તો એ વાત ચોક્કસપણે જાણી લ્યો કે આવો પીર અને મુરીદ બંને ગુમરાહીના જંગલમાં ભટકતાં રહેનારા છે.’’

કીતાબ ***અસ્રારુલ્ઔલીયા*** કે જે હઝરત બાબાફરીદુદ્દીન ગંજેશકર અજોધની(કુદ્દસ્સીર્રહુ)ના મલ્ફુઝાતનો સંગ્રહ છે જેમાં આપે એક જગ્યાએ પીરની સલાહીયત અનુસંધાને ફર્માવ્યું છે કે,‘‘પીરમાં ઝાતી કુવ્વત એ પ્રકારની હોવી જોઈએ કે જ્યારે કોઈ શખ્સ મુરીદ બનવાની નિય્યતથી તેની ખિદમતમાં હાજર થાય તો તેની *હુસ્નેઅકીદત* ને જુએ; જો તેને ફર્માને હક્કમાં મજબુત ન જુએ તો તેને ધીમે રહીને કહીદે કે હજુ તારો સમય નથી આવ્યો, પાછો ચાલ્યા જા.’’

અને મજકુર મલ્ફુઝાતમાં જહઝરત ખ્વાઝા કુત્બુદ્દીન બખ્ત્યાર કાકી (રહેમતુલ્લાહ અલયહે)નું એક ફર્માન નોંધ્યું છે કે, ‘‘જ્યાં સુધી શૈખ પોતાના(બનનારા) મુરીદનો જાહેર તેમજ બાતિન જોઈ ન લે ત્યાં સુધી તેના માટે મુરીદ બનાવવો વાજીબ નથી.’’

પીરની બાતિની સલાહિયતો રજુ કરતાં સુલ્તાનુલ્મો-હક્કેકીન હઝરત

મખ્દુમે જહાં શૈખ શરફુદ્દીન એહમદ યાહ્યા મુનીરી(રહેમતુલ્લાહ અલયહે) પોતાના મક્તુબાત શરીફ કે જે **મક્તુબાતે સદી** ના નામથી મશહુર છે, તેમાં મક્તુબ શરીફ નં.૬માં એહલીયતે શૈખી કે બયાનમેં એ શીર્ષક હેઠળ જે ફર્માવ્યું છે તેનો ભાવાનુવાદ અહીં હું રજુ કરું છું:-

મારા પ્રિય ભાઈ શમ્સુદ્દીન ! તમને અલ્લાહત્આલા બંને જહાંમાં ઈઝ્ઝત અર્પણ કરે. તમને જાણ હોવી જોઈએ કે પીરપદ માટે કોણ લાયકાત ધરાવે છે? અને રહેબર બનવાનો કોણ હક્કદાર છે? આ કાર્યનો પાયો બુઝુર્ગાને દીને ટુંકમાં પાંચ★(૫)વાતો પર રાખેલ છે અને આ પાંચેય રૂકનો આ આયતે કરીમામાંથી કાઢેલ છે. કવલોહુ ત્આલા:- *ફવજદા અબ્દન્ મિન એબાદેના આતય્નાહો રહમતંમ મિન ઈન્દેના વ અલ્લમ્નાહો મીલ્લદુન્ના ઈલ્મા.*

(અર્થાત્:- તો મેળાપ થયો તે બંનેને એક બંદાનો મારા બંદાઓ પૈકી જેણે મે મારી તરફથી રહેમત અતા ફર્માવી અને તેને *ઈલ્મેલદુન્ની* શીખવ્યું.)

એટલા માટે કે અલ્લાહત્આલાએ હઝરત મુસા (અલૈહીસ્સલામ) ને મુરીદી અને મુતઅલ્લીમી(વિદ્યાવાંચ્છુક)ની શાન સાથે હઝરત ખીઝર (અલૈહીસ્સલામ)ની ખિદમતમાં મોકલ્યાતો તેમાં પીરપદ માટેના, રહેબર તરીકેના અને ઉસ્તાદ તરીકેના પાંચ મર્તબા-ઓ જાહેર થયાં,

★(૧)પહેલો મર્તબો ખાસ બંદા હોવાનો જે ***મિનએબાદેના*** વડે જાહેર થાય છે.

★(૨) બીજો મર્તબો એ હકીકતને સ્વીકારવાની સલાહિયત અને લાયકાત હતી, જેનો નુઝુલ વાસ્તા વિના હઝરતે ખુદાવંદીથી થતો હતો જે ***આતય્નાહો રહમતમ્*** વડે રોશન અને પ્રકાશીત છે.

★(૩) ત્રીજો મર્તબો એ કાર્યને વિશેષતા દેખાડી રહ્યો છે કે મકામે ઈન્દીયત(કુર્બનો ખાસ મર્તબો) થકી રહેમત ખાસની ચાસણી તેને હાંસીલ હતી જે ***રહમતમ્મીન્ઈન્દેના*** વડે સ્પષ્ટ છે.

★(૪) ચોથો મર્તબો અલ્લાહત્આલાએ વાસ્તા કે વસિલા વગર જ પોતાની પાસેથી તેને ઈલ્મ શીખવ્યું હતું જે ***અલ્લમ્ના*** વડે બિલ્કુલ સાફ નિકળી રહ્યું છે.

★(૫) પાંચમો મર્તબો ઈલ્મેલદુન્નીની દૌલત અર્પણ થઈ હતી જેનું પ્રગટીકરણ ***મીલ્લદુન્ના ઈલ્મા*** વડે થઈ રહ્યું છે.

જો હવે ધ્યાનપુર્વક જુઓ તો આ પાંચ મર્તબાઓ કમાલાતોના તમામ અર્થોના ભંડાર સમાન અને તમામ દરજ્જાઓ અને રૂહાની મકામોનો સમાવેશ કરનાર છે, હવે જો તમે એવું ઈચ્છો કે તેનું પુરૂં વિવરણ અને વિસ્તૃત ખુલાસાઓ

આ પત્રમાં કરવામાં આવે તો એ શક્ય નથી. કહેવાનો હેતુ એ છે કે શૈખ અને રેહબરના કમાલો એ જ છે કે તેમાં આ પ્રકારની વિશેષતાઓ(ખુબીઓ) મૌજુદ હોય તેમજ તે આ પ્રકારની સિફતો વડે આભુષીત હોય અને તેઓને આ મર્તબાઓની સૈર પ્રાપ્ત હોય, અથવા તો એમ સમજો છો કે જેટલા ઉત્કૃષ્ઠ મકામો અને જેટલી પસંદીદા આદતો(નેક આદતો)કે જેનો ઉલ્લેખ કુર્આનેમજીદ કે હદીષશરીફમાં છે તે એ વ્યક્તિમાં જોવા મળે, જેથી શૈખી(પીરપદ) અને રેહબર તરીકે તેને લાયક ગણવામાં આવે અને આ વાતને પણ સમજો અને સાંભળો કે તે પાંચ મકામ ક્યારે હાંસીલ થાય છે.

★**(૧) મકામે અબ્દીય્યત** ત્યારે હાંસીલ થાય છે જ્યારેકે સાલીક માસિવાય અલ્લાહની બંદગી અને પરસ્તીશથી આઝાદ થઇ જાય(મકામે ફના પ્રાપ્ત કરી લે) છે. કારણકે મર્તબાએ ઝાતની અબ્દીય્યત હોવી સહેલું નથી તેમજ *<u>વ મિન એબાદેના</u>* ની દૌલત વડે માલામાલ થવું ખેલ તમાશો નથી. (એટલેકે અલ્લાહત્આલાનું નિઃસ્વાર્થી(મુખ્લીસ)બંદા બનવું સહેલુ નથી. કારણકે શૈતાન તેની ઉપરજ કાબુ નહીં મેળવી શકે.)

★**(૨) આતય્નાહો રહમતમ્** ની સઆ્દત ત્યારેજ મળશે તેમજ વાસ્તા વગર હકાઇકની કબુલીયતની લાયકાત ત્યારે પ્રાપ્ત થશે, જ્યારે કે બશરીયતના તમામ ગુણોંથી પુરી રીતે નિકળી જશે.

★**(૩) રહમતમ્મીન્ઈન્દેના** ની ઉચ્ચ પદવી પર ત્યારે જ સ્થાન મળશે જ્યારે કે, *તો ખલ્લેકુ બે અખ્લાકીલ્લાહ*. વડે શોભાયમાન થશે (એટલે કે અલ્લાહની મખ્લુક પર એવી રહમત અને મહેરબાની થઇ જાય કે તેને પોતાની અયાલ સમજવા લાગે) અને પીરીના મકામમાં તેની <u>સીફાતે ઉલુહીય્યત</u> ની તજલ્લીયો પ્રતિબિંબીત થવા લાગે છે.

***(૪) અલ્લમ્ના** ની કરામત વડે મુકર્રમ ત્યારે જ થઇ શકશે જ્યારે દીલરૂપી તક્તી પરથી તમામ પ્રકારનું બુધ્ધિગમ્ય કે અકલી, સમઇ એટલે કે સાંભળેલું અને હીસ્સી એટલેકે અનુભવ વડે પ્રાપ્ત કરેલું ઇલ્મ ભુંસાઇ જશે.

***(૫) મીલ્લદુન્ના ઈલ્મા** ત્યારેજ અર્પણ થાય છે કે જ્યારે અલ્લાહત્આલાની ઝાતોસિફાત અને અફઆલની માઅ્રેફત (દીવ્યજ્ઞાન-ઓળખ)પ્રાપ્ત થઇ જાય. હઝરત રિસાલતે મઆ્બ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું આ ફર્માન કે, *<u>અરફતો રબ્બે બે રબ્બી</u>* **(અર્થાતઃ-** મેં મારા પાલનહારને મારા પાલનહાર વડેજ ઓળખ્યો)એ જ અર્થને જાહેર કરે છે (એટલેકે પોતાની ઝાતમાં <u>તઝલ્લીએ ઝાતી</u> પોતાની સિફાતમાં <u>તઝલ્લીએ સિફાતી</u> અને પોતાના કાર્યોમાં <u>તઝલ્લીએ અફઆલી</u> નું પ્રગટીકરણને નિહાળીને તેમને પાલનહારની ઓળખ પ્રાપ્ત થઇ.)

અહીં જેટલા મર્તબાઓ, મકામો અને સિફાતો બયાન થયા એ સીવાય મકામે શૈખી(પીરપદ)નો કમાલ ઉપર કમાલ તો એ છે કે તેની હદબંધી અશક્ય અને તેને સિમીત કરવું દુશ્વાર તેમજ તેની ગણાત્રી કરવી અસંભવિત છે, <u>કારણકે શૈખી (પીરપદ) અને મુક્તદાઇ(મુક્તદા કે રેહબર બનવું)એ માત્ર અમામો કે મોટી દાઢી રાખી લેવાનું જ નામ નથી.</u>

તેમજ પીરની ૧૪ પ્રકારની સલાહીયતો અને ખુબીઓ હઝરત હાજી હિદાયતુલ્લાહ શાહ સાહેબ નકશબંદી-મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહે) પોતાની મશહુર કીતાબ ***<u>મેઅ્યારુસ્સુલુક દાફેઉલ્અવહામે વશ્શોકુક</u>*** માં બયાન ફર્માવી છે, જે આ મુજબ છે. ★(૧) જે પીર જાહેરમાં સુન્નતોનો પાબંદ હોય ★(૨) જેને જોવાથી અલ્લાહની યાદ આવે ★(૩) જેની સોહબતમાં બેસવાથી દુનીયાની મોહબ્બત ઓછી થાય ★(૪) જેની સોહબતમાં બેસવાથી અલ્લાહની મોહબ્બતમાં વધારો થાય ★(૫) જેની સોહબતમાં બેસવાથી રસુલે ખુદા(સલ્લલ્લાહોઅલયહે વસલ્લમ)ની મોહબ્બતમાં વધારો થાય ★(૬) જેની સોહબતમાં બેસવાથી શૈતાની વસવસાઓ ઓછા થાય ★(૭) જેની સોહબતમાં બેસવાથી નફસાની ખતરાઓ ઓછા થાય ★(૮) જે મોટાભાગે અલ્લાહની ઈબાદતમાં મશગુલ રહેતો હોય ★(૯) જે આત્મપ્રશંસા કરતો ન હોય ★(૧૦) જે લોભી ન હોય, સંતોષી હોય ★(૧૧) જે જરૂરી વસ્તુઓ લઇને નકામી વસ્તુઓને છોડી દેતો હોય ★(૧૨) જેની સોહબતમાં દુનીયાની વાતો ઓછી થતી હોય ★(૧૩) જેની સોહબતમાં હમેંશા ભલાઇની વાતો થતી હોય ★(૧૪) જેના મોટા ભાગના મુરીદો નેક હોય અને ખુદા-રસુલની મોહબ્બતનો ગલ્બો ધરાવતા હોય.

આ છે હકીકી અને લાયક પીરની ખુબીઓ તેમજ સલાહીયતો.

હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ પોતાના એક મકતુબ શરીફમાં આવાજ કામીલ પીરની પ્રશંસા કરતા લખ્યું છે કે, ‘‘આ રીતે કામીલ અને કામીલ બનાવનારા શૈખની સોહબત **<u>કિબ્રીયતે એહમર</u>** (દરેક લોખંડને સોનુ બનાવનાર-લાલ ગંધક) છે, જેની દ્રષ્ટી દવારૂપ(રૂહાની બીમારીઓ માટે) અને તેનો કલામ બીમાર દીલોને તંદુરસ્તી આપનારો છે, અને તે સિવાય તો કાંટાળા ઝાડ પર હાથ ફેરવવા જેવી વાત છે.’’

મજકુર ઈબારતમાં હઝરત મુજદ્દીદ સાહેબ(કુદ્દસ્સીર્રહુ)નો હેતુ એ છે કે, ‘‘ઉપરોક્ત ખુબીઓવાળા કામીલપીર મળી જાય તો અને જો તેનામાં કામીલ બનાવવાની પણ ખુબી હોય તો તે *<u>કિબ્રીયતે એહમર</u>* એટલે કે લાલગંધકની જેમ અકસીર સમાન છે કે જે દરેક લોખંડને સોનું બનાવી દેશે

અને આવા પીરોની શાનમાં જ કોઇ કે કહ્યું છે કે,

કોઈ અંદાઝા કર શકતા હૈ ઉનકે ઝોરે બાજુકા,
નિગાહે મર્દે મોમીન સે બદલ જાતી હૈ તકદીરે.

કિતાબ ***તઝકેરએ ગૌષીયાહ્***માં હઝરત પીર સૈયદ ગૌષઅલી શાહ સાહેબ કાદરી કલંદરી પાનીપતી(રહેમતુલ્લાહ અલયહ)એ એક જગ્યાએ ફર્માવ્યું છે કે, ‘‘કામેલીન લોકોનો સમુહ ત્રણ પ્રકારોમાં વહેંચાયેલો છે *(૧) કામીલ *(૨) અકમલ અને *(૩) મુકમ્મીલ. ***કામીલ** તો તેને કહેવામાં આવે છેકે જે પોતે તો સાહેબે કમાલ હોય પરંતુ બીજાને ફાયદો કે ફૈઝ ન પહોંચાડી શકે, તેને લાઝમી પણ કહેવામાં આવે છે. ***અકમલ** એ છે કે જે ખુદ પણ સાહેબે કમાલ હોય અને ફૈઝાને બાતિની અને હિદાયતે ઝાહેરી વડે અન્યોને પણ ફાયદો પહોંચાડે, આ શખ્સ પહેલાં કરતા વધુ બુઝુર્ગ હોય છે અને ***મુકમ્મીલ** તેને કહેવામાં આવે છેકે જે બીજાઓને તકદીરે ઈલાહી અને મરઝીએ ખુદા મુજબ ચાહે તો કલાકમાં, ચાહે તો મહીનામાં, ચાહે તો વર્ષમાં કામીલ અને મુકમ્મીલ બનાવી દે અને જે પ્રકારના કશ્ફો તેમજ કરામતો પોતે ધરાવતો હોય તે મુરીદને પણ અર્પણ કરી દે.’’

કીતાબ ***અવારીફુલ્મઆરીફ શરીફ***માં હઝરત શૈખુશ્શોયુખ શૈખ સહાબુદ્દીનઉમર સોહરવર્દી(રદીયલ્લાહો ત્આલા અન્હો)બાબ નંબર-પર માં શૈખની સલાહિયતો સંબંધે વધુ ચર્ચા કરતાં ઘણી જ સારી અને મનનીય વાત રજુ કરી છે અને ફર્માવે છે કે,

‘‘એટલા માટે શૈખ(પીર) માટે જરૂરી છે કે તે મુરીદની હાલતનું સારી રીતે નિરિક્ષણ કરે અને પોતાના નુરે ઈર્ફાન અને ઈલ્મે માઅ્રેફતની શક્તિ વડે તેની લાયકાત અને સલાહિયત જાણી લે એટલા માટે કે આ માર્ગમાં મુરીદોની લાયકાતો અલગ-અલગ હોય છે. કેટલાક મુરીદો માત્ર ઈબાદત ગુઝારી અને શારિરીક આમાલોને નેક લોકો(અબરાર) ની જેમ અદા કરવાની સલાહિયતો ધરાવતા હોય છે, એ જ રીતે પ્રથમ સમુહ અને બીજા સમુહના આરંભ અને અંતની મંઝીલો પણ વિવિધતા ધરાવે છે. આ રીતે પીર તેના બાતિની એહવાલોનું રક્ષણ કરે છે અને આ રીતે તે મુરીદોની બાતિની લાયકાતોથી સારી રીતે જાણકાર થઇ જાય છે, **અને જો આવું નથી તો ઘણીજ નવાઇની વાત છે, જયારે કે એક ગામડીયો પોતાની જમીન અને તેની ફળદ્રુપતાની શક્તિઓથી ખુબ સારી રીતે જાણકાર હોય છે, તેમજ દરેક છોડ અને તે કંઇ જમીનમાં ઉછેર પામશે તેનો જાણકાર હોય છે, દરેક કારીગર પોતાના વ્યવસાય અને તેના સારા ખરાબ ગુણધર્મો (નફો-નુકશાન) નો જાણકાર હોય છે,(અરે) ત્યાં સુધી કે એક રેંટીયો**

કાંતનારી સ્ત્રી પણ પોતાના રૂ અને કાંતેલા તારની બારીકી અને જાડાઈથી સારી રીતે માહીતગાર હોય છે, પરંતુ પીર જ પોતાના મુરીદોના હાલાતો અને લાયકાતોથી અજાણ હોય !!! જો કે હુઝુર નબીએ પાક(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની નેક રીત-ભાત આ સંદર્ભમાં મૌજુદ છે કે આપ લોકોની સાથે તેની લાયકાત તેમજ તેની પ્રકૃતિગત સલાહિયત મુજબ જ વાતચીત કરતાં હતા તેમજ તેની લાયકાત અને સલાહિયત મુજબ જ તેને હિદાયત ફર્માવતાં હતા. આપ કેટલાક અસ્હાબોને માલ ખર્ચ કરવાનો હુકમ આપતા હતાં, જયારે અમુકને ફુઝુલખર્ચીથી મનાઈ કરતાં હતાં, અને એ જ રીતે અમુક લોકોને ધંધો કરવાની હિદાયત ફર્માવતાં હતા અને અમુક હઝરાતોને તવક્કલ પર જીવન ગુજારવા માટે મનાઈ કરતાં ન હતાં.’’

હઝરત શૈખુશ્શોયુખ(કુદ્દસ્સીર્રહુ)ની મજકુર ઈબારતથી તો જાણવા મળ્યું કે પીરની સાચી સલાહિયત અને ખુબી તો તેમાંજ છે કે તે મુરીદો સાથે કઇ રીતે વર્તે? અને આ રીતે મુરીદો સાથે તેનો વર્તાવજ તેની સાચી સલાહીયતો અને કમાલાતોનો અંદાઝ આપી દેશે. આ અનુસંધાને કીતાબ ***મેઅ્યારુસ્સુલુક***માં હઝરત હાજી હિદાયતુલ્લાહ શાહ સાહેબ(રહેમતુલ્લાહ ત્આલા અલયહે)એક પુરૂં પ્રકરણ *પીરનો મુરીદો સાથેનો વર્તાવ* એ નામે રજુ કર્યુ છે, જેમાં એક જગ્યાએ આપ ફર્માવે છે કે,‘‘જે પ્રમાણે બીજા લોકો એની(પીરની) શારિરીક સેવા, કફશ બરદારી(જોડા ઊંચકવાની સેવા)તેમજ નાણાં વડે ખિદમત કરે છે એ જ રીતે પીરે પણ પોતાનાથી કમ દરજ્જાના લોકો (મુરીદો વગેરે)ની ખિદમત કરવી જોઇએ એ જ ઐન તરીકત છે.’’

અને આ એ જ જગ્યા છે કે જ્યાં પીરની સાચી ખુબી તેમજ સલાહિયતો નિખરી ઊઠે છે. કોઇએ સાચું જ કહ્યું છે કે,

તરીકત બજુઝ ખિદમતે ખલ્ક નેસ્ત,
બ તસ્બીહો સજાદઓ દલક નેસ્ત.

(**અર્થાત્ઃ-** તરીકત જનસેવા સિવાય બીજું કશુંજ નથી. તસ્બીહ, સજ્જાદગી અને દલક(ગોદડી) એ તરીકત નથી.)

હઝરત શૈખુશ્શોયુખ શૈખ સહાબુદ્દીન ઉમર સોહરવર્દી (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ પોતાની મજકુર કીતાબમાં આ અનુસંધાને એક પુરૂં બાબ(પ્રકરણ) નં.-પર *મુરીદો ઔર તલામીઝાહ્ કે હુકુક જો શૈખ કે જીમ્મે હૈ* એ શીર્ષકથી બાંધેલ છે જેમાં પીરે મુરીદ સાથે કઇ રીતે વર્તવું જોઇએ તેમજ મુરીદના હક્કો શું છે? જેનું ઘણું જ છણાંવટથી વર્ણન કર્યુ છે, જે પૈકી એક-બે વાતો અહીં રજુ કરૂ છું જેથી વાંચકોને ખ્યાલ આવે કે પીરની જવાબદારીમાં પણ મુરીદના અમુક હક્કો હોય છે જેની અદાયગીમાં જ પીરનો

સાચો કમાલ અને સલાહિયત જાહેર થાય છે.

આપ મજકુર બાબ નં.-પર માં એક જગ્યાએ ફર્માવે છે કે, "જ્યારે એવો સમય આવે કે તે(પીર) લોકોમાં મકબુલ અને મહેબુબ બની જાય અને મખ્લુક તેની તરફ ધ્યાનીત થવા લાગે તેમજ તે શૈખ પોતાની(રૂહાની)હાલાતો પર કાબુ મેળવી લે તેમજ અલ્લાહ ત્આલા દ્વારા તેને એ વાતની જાણ થઇ જાય કે તેને મુરીદોની ઈસ્લાહ તેમજ તાલીમ માટે નીમી દીધેલ છે, તો ત્યારે શૈખ માટે જરૂરી છે કે તે મુરીદો સાથે એવો વર્તાવ અને પ્રેમસભર ભાષામાં વાતચીત કરે કે જે રીતે એક મહેરબાન બાપ પોતાના પુત્ર સાથે કરે છે કે જેમાં તેની દીનો દુનીયાની ભલાઇ તેમજ કામ્યાબી સમાયેલી હોય છે. અને જે તાલીબ કે મુરીદને રૂશ્દો-હિદાયત માટે અલ્લાહત્આલા તેની તરફ મોકલે તો ત્યારે શૈખ માટે જરૂરી છે કે તે મુરીદના મામલામાં અલ્લાહત્આલા તરફ ધ્યાનીત થાય તેમજ તેની નિગરાની અને માઅ્રેફતની તાલીમના સિલસિલામાં અલ્લાહ-ત્આલાથી જ મદદ તલબ કરે અને મુરીદની સાથે ત્યારે વાતચીત કરે જ્યારે કે તેનું દિલ અલ્લાહત્આલા તરફ ધ્યાનીત હોય."

એક બીજી જગ્યાએ આપે આ અનુસંધાને ફર્માવ્યું કે, "શૈખે તરીકત માટે જરૂરી છે કે તે પોતાના મુરીદો સાથે નરમી અને હળવાશ ભર્યો વર્તાવ કરે."

તેમજ એક અન્ય જગ્યાએ ફર્માવ્યું કે, "શૈખના આદાબોમાં એ પણ સામીલ છે કે શૈખ પાોતાના મુરીદોની સાથે હમદર્દી કરે અને તંદુરસ્તી તેમજ બીમારી બંને હાલાતોમાં તેઓના હક્કો અદા કરે."

તો આ રીતે જ્યારે આ રીતની જાહેરી લાયકાતો અને બાતિની સલાહિયતોથી સભર પીરે કામીલ અને મુકમ્મીલ કોઇને મળી જાય તો તેનાથી તરત જ બયઅત થવું જરૂરી છે; કારણકે હઝરત મૌલાના રૂમ(રહેમતુલ્લાહ અલયહ) પોતાની ***મસ્નવી શરીફ*** માં ફર્માવે છે કે,

પીર રાં બ ગુઝિં કે બે પીર ઈ સફર,
હસ્ત રહ પુર આફત વ ખૌફો ખતર.
દામને ઉ ગીર જુતર બે ગુમાં,
તા રહી અઝ આફતે આખીર ઝમાં.

(**અર્થાત્ :-** પોતાના માટે પીર બનાવી લે કારણકે પીર વગર આ માર્ગપર મુસાફરી કરવી ખુબ જ ભયભરેલું અને ખતરનાક છે. બેશક, અલ્લાહત્આલાના એ ખાસ બંદાનો દામન જલ્દી પકડ જેથી તું આખરી ઝમાનાની આફતોંથી બચે.) અને પીર બનાવતા પહેલાં નાકીસ એટલેકે ઢોંગી અને લેભાગુ પીરની ખરાબીઓ પણ જાણી લે.

★(૪)નાકીસ પીરની ખરાબીઓ

નાકીસ પીરની ખરાબીઓ વર્ણવતાં પહેલા અહી હું કીતાબ ***કશ્ફુલ્મહેઝુબ*** કે જે સુફીમત પર લખાયેલી સૌથી પહેલી ફારસી ભાષાની કીતાબ છે. અને હઝરત અલી બીનહીઝવરી દાતાગંજ બખ્શ લાહોરી(રહેમતુલ્લાહ અલયહ)ની જગ વિખ્યાતકૃતિ છે, તેમાં આપે *એહલે ઝમાને કા શીકવા* એ શીર્ષક હેઠળ પોતાના યુગમાં પૈદા થયેલ ઢોંગી સુફીઓ અને પીરોની ફરીયાદ કરતાં જે હૃદય વ્યથાઓ ઠાલવી છે તે પૈકી બે ફકરાનો ભાવાનુવાદ તેમજ આ કીતાબનું વિવરણ લખતાં તેના વિવરણકર્તા હઝરત મૌલાના અલ્હાજ કપ્તાન વાહીદ બખ્શ સાહેબ સિયાલવી-ચિશ્તી-સાબરીએ તેનો જે ખુલાસો રજુ કર્યો છે તે રજુ કરુ છું જેના થકી વાંચક *નાકીસ પીર* એટલે કે ઢોંગી પીરની વ્યાખ્યાને બરાબર સમજી શકશે.

હઝરત દાતા ગંજબખ્શ લાહૌરી(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવે છે કે, "અલ્લાહત્આલાએ આપણને એવા યુગમાં પૈદા કર્યા છે કે જેમાં લોકોએ લાલચ અને ખ્વાહિશાતની પૈરવીનું નામ શરીઅ્ત રાખી દીધું છે, માન મર્તબાની ઈચ્છા, મોટાઇ અને ઘમંડને ઇઝ્ઝત અને ઈલ્મ. દંભના આચરણને નેક કાર્ય, દિલમાં કપટ રાખવાને હીલ્મ, ફિત્નાઓ અને ફસાદને મુનાઝરો, લડાઇ ઝઘડાઓને બુઝુર્ગી, નિફાકને દુનીયાથી નિર્લેપતા, નફ્સની ખ્વાહિશાતોને ઝૌક, વ્યર્થ બકવાસ કરવાને માઅ્રેફત, નફ્સના જઝબાતો તેમજ ખ્વાહિશાતોને મોહબ્બતે ઈલાહી, બેદીની ને ફક્ર તેમજ નાફર્માનીનું નામ દોસ્તી, કાફીરો જેવી ચાલ ચલગતને ફના, શરીઅતને છોડી દેવાનું નામ તરીકત તેમજ જમાનાની આફતોને મુજાહેદાનું નામ આપીને હક્કવાળા લોકોને પરેશાન કરી દીધા છે, તેમજ આ પ્રકારના લોકોના પ્રભુત્ત્વ તેમજ ગલ્બાના કારણે એહલેહક્ક લોકોની હાલત એવી થઇ ગઇ છે કે જેવી હાલત રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની એહલેબૈતની મરવાનના જમાનામાં થઇ ગઇ હતી."

તેમજ મજકુર કીતાબમાં એક અન્ય જગ્યાએ હઝરત દાતા સાહેબ (કુદ્દસ્સીર્રહુ) ફર્માવે છે કે, "હું અલી બીન ઉસ્માન અલ્જલાબી અલ્હીજવરી (હઝરત દાતા સાહેબનું નામ છે) ખુદા તેની ઉપર રહેમ કરે કહું છું કે, અમારા યુગમાં ખાસ કરીને અમારા પ્રદેશમાં ઈલ્મે હકીકત જુનું થઇ ચુક્યુ છે, એટલેકે લોકો મનેચ્છાઓમાં ડુબીને રઝાએ હક્કના તરીકાથી વિમુખ થઇ ચુક્યા છે, યુગના આલીમો અને તરીકતના જુઠ્ઠા દાવેદારોની હાલત હકીકતથી તદ્દન વિપરીત થઇ ચુકી છે. તમે હીમત વડે કામ લ્યો કારણકે ખાસાને ખુદા સિવાય પુરી સૃષ્ટીની હીમત તુટી ચુકી છે, માઅ્રેફતની પ્રાપ્તી માટેની ઈચ્છા સમાપ્ત

થઇ ચુકી છે અને મોટાભાગના પીરો અને મુરીદો (એહલે ઈરાદત)હાલને છોડીને માત્ર કાલ પર જ સંતુષ્ટ છે તેમજ દીદારની જગ્યાએ હિઝાબ ઉપર જ શાંતી અનુભવે છે, સંશોધનને છોડીને માત્ર અનુકરણના જ તલબગાર છે તેમજ હકીકતને ગુમ કરી ચુક્યા છે. સામાન્યજન એ વાત પર ખુશ છે કે અમે હક્કને ઓળખીએ છીએ અને ખાસ લોકો એ વાત પર ખુશ છે કે અમે હક્કના તલબગાર છીએ, જો કે તેઓના દિલોમાં નફ્સાની ખ્વાહિશાતો ઉછળી રહી છે અને છતાં પણ દાવો એવો કરે છે કે આ ઝાતે હક્કની ખ્વાહીશ છે અને તેઓના દિલોમાં હક્કની મોહબ્બતની આગ પ્રજવળીત છે.''

ઉપરોક્ત ઈબારતનું વિવરણ(શર્હ)વર્ણવતા મજકુર કીતાબની જ શર્હ <u>*શર્હે કશ્ફુલ્મહેજુબ*</u> માં તેના વિવરણકર્તા હઝરત મૌલાના અલ્હાજ ક્પ્તાન વાહીદબક્ષ સિયાલવી-ચિશ્તી-સાબરી ફર્માવે છે કે, ''યાદ રહેવું જોઇએ કે હઝરત અલી બીન ઉસ્માન અલ્જલાબી અલ્હીજવરી ઉર્ફે હઝરત દાતા ગંજબક્ષ લાહૌરી (રહેમતુલ્લાહ અલયહ)નો યુગ પાંચમી સદી હિજરીનો છે(આજે પંદરમી સદી ચાલે છે એટલે કે હજાર વર્ષ પહેલાની વાત છે) જ્યારે એ યુગમાં દુનિયાની હાલત આવી હતી, તો આજકાલની હાલતનો અંદાઝ આપણે સરળતાપુર્વક લગાવી શકીએ છીએ એટલું જ નહી પરંતુ આપણી આંખોથી નિહાળી રહ્યાં છીએ કે આપણી શું હાલત છે? તેમ છતાં પણ આપણે તસવ્વુફ તથા તરીકત અને ઔલીયાએ કીરામની મોહબ્બત તેમજ તાબેદારીના બની બેઠેલા દાવેદારોએ તરીકતની જે મજાક ઉડાડી છે, તેનું દષ્ટાંત કોઇ જગ્યાએ નથી મળતું ! આપણી હાલત એ છે કે તસવ્વુફની કેટલીક કીતાબો વાંચીને વિલાયતના દાવેદારો બની ગયા છીએ. બુઝુર્ગોના ઘરમાં પૈદા થઇને આપણે એહલુલ્લાહ તેમજ મખ્લુકના હાદી બની બેઠા છીએ. પ્રથમ તો આપણે <u>*સુલુક એલલ્લાહ*</u> પર ચાલવાનું તો એક બાજુ રહ્યું, પરંતુ તેના નામથી પણ જાણકાર નથી. અને જો નામ સાંભળી પણ લઇએ છીએ તો સુલુક તય કરવાનો ન તો મતલબ સમજીએ છીએ કે ન તો તેની રીત જાણીએ છીએ તેમજ ન તો તેને કશુ મહત્ત્વ આપીએ છીએ ! કારણકે આપણને મુરીદો મળી જાય છે, હાથ પગ દબાવવાવાળાઓની વિપુલતા હોય છે. ખાણી-પીણીની દાવતોની ભરમાર હોય છે અને માટે જ સુલુક તય કરવાની જરા પણ જરૂરત મહેસુસ થતી નથી. ખુદ પોતેજ હિદાયતના મોહતાજ હોય છે અને બીજાઓને તે બયઅતમાં લઇને તેઓને પણ રાહે હક્કથી વંચીત કરીએ છીએ. <u>બસ, આજકાલ આનું નામ જ તસવ્વુફ અને તરીકત રાખી દીધું છે, આનું નામ જ હિદાયત છે અને આનું નામ જ પીરપદ અને પીરી-મુરીદી છે. મુરીદોના ટોળે ને ટોળા દરે દૌલત પર ખાલી હાથે આવે છે અને ખાલી હાથ પાછા ફરે છે.</u> ''

<u>***કશ્ફુલમહેજુબ***</u> ના કર્તા હઝરત દાતાગંજબખ્શ લાહૌરી (રહેમતુલ્લાહ અલયહ)જેવાં મહાન બુઝુર્ગે જે હૃદય વ્યથાઓ ઉપરોક્ત ઈબારતોમાં ઠાલવી છે અને તેના વિવરણ કર્તાએ તેની ઉપર જે ટીપ્પણ રજુ કરી છે. તે બંનેમાં નાકીસ પીરની ખરાબીઓજ ડોકાઇ રહી છે. નાકીસ પીર એટલે ''જે સુફીવાદના ઈલ્મથી અજ્ઞાન, અપુર્ણ, ગૈરલાયક તેમજ હાલનો ઢોંગ કરનાર હોય.''

હઝરત મૌલાના રૂમી (રહેમતુલ્લાહ અલયહ)એ <u>**નાકીસ**</u> અને <u>**કામીલ**</u> ની ઓળખ આપતાં પોતાની <u>***મસ્નવી શરીફ***</u> માં ફર્માવ્યું છે કે,

અય બસા ઈબ્લીસ આદમ રૂએ હસ્ત,
પસ બ હર દસ્તે ન બાયદ દાદ દસ્ત.
હર કે ઉ અઝ કશ્ફે ખુદ ગોયદ સુખંદ,
કશ્ફે ઉ રા કફશ કુન બર સર બ ઝન.
મા બરાએ ઈસ્તિકામત આમદીમ,
ન પયે કશ્ફો કરામત આમદીમ.

(**અર્થાત્ :-** માનવીના સ્વરૂપમાં ઘણાં શૈતાનો હોય છે, માટે પુરી તપાસ ક્ર્યા વગર ગમે તેના હાથમાં હાથ આપવો ન જોઇએ. જે કોઇ પોતાના કશ્ફના મોટાં-મોટાં બણગાં ફુંકે તેના કશ્ફનો જોડો તેના જ માથા પર મારી દે(કારણકે) આપણે શરીઅ્તના હુકમો પર મજબુત રહેવા માટે આવ્યા છીએ નહી કે કશ્ફો-કરામત દેખાડવા માટે.)

ઉર્વતુલ્વુસ્કા હઝરત ખ્વાઝા મોહંમદ માસુમ (રદીયલ્લાહો ત્આલા અન્હો) નાકીસ અને ઢોંગી પીરની ખરાબીઓ વર્ણવતા ફર્માવે છે તેમજ ચેતવણી આપે છે કે, ''જેની સાથે મનમેળ ન થાય તેવા વિરોધીની સોહબતથી બચ, અને બિદઅતીની સોહબતથી ભાગ, તેમજ શૈખી(પીરપદ)ની મસ્નદ પર બેઠાં હોવા છતાં જેના અમલ સુન્નતને ખિલાફ હોય તેનાથી હજારો વખત બચ અને તેનાથી દુર ભાગ; બલ્કે તે શહેરમાં પણ ન રહે(કારણકે)કદાચ કોઇક વાર તારું વલણ તેની તરફ થઇ જાય અને તારા અકીદાઓમાં ફરક આવી જાય. આવો પીર છુપો ચોર છે અને શૈતાનની જાળ છે. ભલે તેનાથી જાતજાતના ખર્કે-આદત(ચમત્કારો) જોવામાં આવે અને દુનિયાથી પણ તેને નીર્લેપ જુએ, છતાં પણ તું એની સોહબતથી ભાગ જેવી રીતે સિંહથી ભાગે છે.''

મજકુર ઈબારતમાં <u>નાકીસ પીરની ખરાબીઓને</u> ઘણી જ સારી રીતે ઉજાગર કરવામાં આવી છે તેમજ તેનાથી દુર ભાગવાની ચેતવણી આપવામાં આવી છે, જેનું વારંવારનું વાંચન તમારી દીવ્ય બુધ્ધીને જરૂર જાગૃત કરશે.

હઝરત મૌલાના રૂમ(રહેમતુલ્લાહ અલયહ)એક બીજી જગ્યાએ ફર્માવે છે કે,

દસ્તે નાકીસ દસ્તે શૈતાનસ્ત વ દેવ,
ઝીક્રે અંદર દામો તકલીફસ્ત રેવ.

(અર્થાત્ઃ- નાકીસનો હાથ શૈતાનનો હાથ છે, જેમાં પુરી રીતે છળ-કપટ અને તકલીફ છે.)

નાકીસ પીર એટલે એવો પીર કે જેમાં આ ત્રણ પ્રકારની ખામીઓ હોય *(૧) ન તો તેણે તરીકતના માર્ગ, એટલે કે સુલુકે તરીકા પાર કર્યો હોય *(૨) ન તો તેણે તરીકતના કાયદા કાનુન અને ઉસુલો મુજબ ઈજાઝત મેળવી હોય અને *(૩)ન તો તે શરીઅત તેમજ સુન્નતનો પાબંદ હોય. અને આ જ પ્રકારના નાકીસ પીરોની ખરાબીઓને વર્ણવતા હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ પોતાના *મક્તુબાત શરીફ* ના દફતરે અવ્વલના મક્તુબ નં.-૨૩ માં ફર્માવ્યું છે કે,

“હે કમાલ જાહેર થવાની લાયકાત ધરાવતાં મારા પ્રિય ભાઈ! અલ્લાહત્આલા તમારી શક્તિને કાર્ય તરફ ખેંચી લાવે. તમને જાણ હોવી જોઈએ દુનિયા આખેરતની ખેતી છે, તો તેની ઉપર અફસોસ કે જેણે તેમાં કશું જ વાવ્યું નહીં અને લાયકાતરૂપી જમીનને ખાલી રાખી તેમજ અમલોરૂપી બીજ વેડફી નાખ્યું.

અને એ પણ જાણવું જોઈએ કે જમીનને બરબાદ કરવી અને બેકાર છોડી દેવી બે રીતે છે *(૧) તો તેમાં કશું જ ન વાવે અને *(૨) એ કે તેમાં ખરાબ તેમજ નાપાક બીજ વાવે અને એ વાત તો ઘણી સ્પષ્ટ છે કે બીજને વેડફી નાંખવાનો આ બીજો પ્રકાર બરબાદી માટે અતિ નુકશાનકારક તેમજ વધુ ખરાબ છે અને આ બીજનું ખરાબ તથા નાપાક હોવું એ રીતે છે કે કોઈ નાકીસ પીરથી તરીકો ગ્રહણ કરે અને તેના માર્ગદર્શન પ્રમાણે ચાલે, કારણ કે નાકીસ પીર પોતાની નફસાની વાસનાઓના તાબે અને તેનું અનુસરણ કરનારો હોય છે અને જે વસ્તુમાં નફ્સની વાસનાઓ તેમજ મનેચ્છાઓનું મેળવણ હોય તે ક્યારેય અસરકારક બની શક્તી નથી. અને જો અસર કરશે તો પણ તે નફ્સની લાલસાઓનું જ પોષણ કરશે અને આ રીતે અંધકાર પર અંધકારમાં જ વધારો થશે.

અને બીજી ખરાબી એ છે કે નાકીસ પીર અલ્લાહત્આલા સુધી પહોંચનારા માર્ગો અને નહીં પહોંચનારા માર્ગો વચ્ચેનો ભેદ પારખી શકતો નથી, કારણકે તે પોતે જ વાસીલ(મેળાપ પામેલો) નથી તેમજ આ નાકીસ પીરો તાલીબોની વિવિધ પ્રકારની આંતરિક-શક્તિઓ તેમજ લાયકાતો

વચ્ચેનો ભેદ પારખી શકતો નથી. અને જ્યારે તે જઝબાહ્ અને સુલુકના તરીકા વચ્ચે ભેદ સમજી શકતો નથી તો એ વાતની પુરી શક્યતા છે કે એક તાલીબની લાયકાત પ્રારંભમાં <u>જઝબાહ્</u> ના રસ્તા પર ચાલવાની હોય તેમજ સુલુકનો માર્ગ તેના માટે અનુકુળ ન હોય; જ્યારે નાકીસ પીર વિવિધ માર્ગો અને અલગ અલગ લાયકાતો વચ્ચેનો ભેદ પારખી ન શકતો હોવાને કારણે તેને (તાલીબને) સુલુકના રસ્તા પર ચલાવી દે તો આ રીતે તાલીબને પણ ગુમરાહીમાં નાખી દીધો કે જે રીતે ખુદ પોતે જ ગુમરાહીમાં પડેલો છે.”

અહીં ***મક્તુબાત શરીફ*** ની ઈબારત પુરી થઈ. મજકુર ઈબારતમાં હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ નાકીસ પીરની ખરાબીઓ પેટે ઘણીજ વિશદ તેમજ ઊંડી ચર્ચા રજુ કરી છે, જે પૈકી ઘણાં ખુલાસાઓ હું આગળ લખી ચુક્યો છું માટે અહીં તેનું પુનરાવર્તન કરતો નથી.

<u>નાકીસ પીરની ખરાબીઓ</u> અનુસંધાને એક સત્ય ઘટના તેમજ પોતાને થયેલ એક અનુભવ હઝરત પીર સૈયદ ગૌષઅલીશાહ સાહેબ કાદરી, કલંદરી પાનીપતી(રહેમતુલ્લાહ અલયહ)એ પોતાની કીતાબ ***તઝકેરાએ ગૌષીયાહ્*** માં રજુ કર્યો છે જે હું અહી શબ્દશઃ રજુ કરૂ છું, અને ત્યારબાદ મારી આ ચર્ચાને પુરી કરું છું :-

આપ મજકુર કીતાબમાં ફર્માવે છે કે, “પછી ફરીવાર અમે જ્યારે પીરાને કલીયર(કલીયર શરીફ) પહોંચ્યા તો ત્યાં હઝરત બાબા ફરીદુદ્દીન ગંજેશકર(રહેમતુલ્લાહ અલયહે)ની ઔલાદમાંથી એક બુઝુર્ગ મિંયા ગુલામફરીદ પોતાના કેટલાક મુરીદો સાથે તશરીફ લાવ્યાં હતા. તેઓના દરેક મુરીદને એક એક ખિદમત સોંપાયેલી હતી. સંજોગો વસાત્ જે મુરીદને ઘોડા માટે ઘાસ લાવવાનું કામ સોપાયેલું હતું તેને સખ્ત તાવ આવી ગયો જેના કારણે બિચારો પીરજીના ઘોડાનું ઘાસ લાવી શક્યો નહી.” આ વાત પર પીરજીનો ગઝબ તે મુરીદ પર નાઝીલ થયો અને ફર્માવ્યું કે,“જા, તને મરદુદ કર્યો અને ૧૪ ખાનવાદાઓમાંથી(સુફીવાદનાં ૧૪ મશહુર ખાનવાદાઓ) બહાર ફેંકી દીધો.” આ સાંભળીને તે બિચારા મુરીદના હોંશ કોશ ઉડી ગયા, તે ખુબજ રડવા તેમજ છાતી કુટવા લાગ્યો અને તૌબાહ્ તથા અસ્તગ્ફાર કર્યા, પરંતુ પીરજીએ તેની એક પણ ન સાંભળી. છેવટે તે રડતો રડતો મારી પાસે (હ. ગૌષ અલી) આવ્યો અને કહેવા લાગ્યો કે, “હઝરત, આજે તો ગઝબ થઈ ગયો, મારું ઠેકાણું કોઈ જગ્યાએ ન રહ્યું અને હું બંને જહાંનમાં તિરસ્કારને પાત્ર બની ગયો.” તો મેં કહ્યું કે, “મુર્ખ, તેમાં રડવાનું શું છે? તારા પીરજીના તો માત્ર ૧૪ ખાનવાદાઓ જ હતાં અમને ૩૬ યાદ છે. હું આજે તારી ૧૫ માં

ખાનવાદામાં ભરતી કરી લઉ છું, તું ગભરા નહીં. તું જા અને તારા પીરજીને સૌપ્રથમ એ વાત પુછ કે, 'હઝરત, તમે મને જ્યારે ૧૪ ખાનવાદાઓમાં દાખલ કર્યો હતો ત્યારે હું ક્યાનો બાદશાહ, વઝીર કે પછી વલીએ કામીલ બની ગયો હતો અને હવે જ્યારે તમે મને કાઢી મુક્યો છે તો મારું શું લુંટાય ગયું? હું તો જેવો ત્યારે હતો એવો જ(કોરોકટ) અત્યારે છું. હા, તમે મને કાઢી મુક્યો તો એક ફાયદો જરૂર થયો કે ઘાસના બોજની જવાબદારીમાંથી મારો છુટકારો થઇ ગયો.' અને જો તેઓ પછી તને પુછે કે, 'આ વાત તને ક્યાંથી શિખવા મળી?' તો કહેજે કે, 'હું જે આ નવા ૧૫ માં ખાનવાદામાં દાખલ થયો છું તેની આ બિસ્મિલ્લાહ છે (ફૈઝની શરૂઆત છે.)' કહેવાનું તાત્પર્ય એ કે તેણે જઇને આ જ રીતે બયાન કર્યુ, જે સાંભળીને પીરજીના બીજા મુરીદોના કાન પણ ઊભા થઇ ગયા અને તેઓ પીરજીથી કહેવા લાગ્યા કે, 'આ પંદરમું ખાનવાદ તો બહુ જ સારૂ લાગે છે, તેમાં સૌથી પહેલા તો ઘોડાના ઘાસથી છુટકારો મળ્યો અને બીજું અમારાથી એક વધુ આગળના ખાનવાદમાં તેને પ્રવિણતા પ્રાપ્ત થઇ માટે અમે પણ ૧૫ માં ખાનવાદમાં દાખલ થઇએ છીએ.''

પછી તો પીરજીના પગ નીચેથી જમીન સરકવા લાગી અને ગભરાઇને બોલ્યા કે, 'આ ક્યાંક મિંયા ગૌષઅલીશાહ પાસેતો નથી પહોંચી ગયોને? કારણકે આ બધાજ ફિત્નાઓ તેના જ હોય શકે (એટલે કે આવી પોલંપોલ ખોલવામાં એ યુગમાં આપ મશહુર હતાં) નહીંતર બીજા કાઇને આવી ખબર ન પડે.' તેઓ દોડતાં દોડતાં અમારી પાસે આવ્યાં અને ફરીયાદ કરવા લાગ્યા કે, 'વાહ, મિંયાસાહેબ તમે તો મારા તમામ મુરીદોને ફેરવી નાંખ્યા.' તો મેં કહ્યું કે, 'મિંયાસાહેબ ! જરા વિચારો તે બિચારા ઘર-બાર, બીવી-બચ્ચાઓને છોડીને તમારી પાસે અલ્લાહનું નામ શીખવા(ઝીક્ર-ફીક્રનો તરીકો શીખવા) માટે આવ્યા છે નહીં કે ઘોડાનું ઘાસ ખોદવા માટે !!! જો તમને અલ્લાહનું નામ આવડે છે(ઝીક્ર-ફીક્રનો તરીકો જાણો છો અને તેના અન્વારો સિનામાં ઉતારી શકો છો)તો તે દેખાડીને તેને વિદાય કરો નહીંતર સ્પષ્ટ જવાબ આપી દ્યો, તે બિચારા તો તમારી સેવા-ચાકરી અને ખિદમત કરે અને તમે કોઇ પણ રીતે તેની ઉપર મહેરબાની ન કરો, આ શું માનવતા છે ? અને જે વાત માટે તેઓ મુરીદ બન્યા છે (કુર્બે ઇલાહી અને ઇખ્લાસની પ્રાપ્તી માટે)તેની તો તેઓને હવા પણ નથી લાગી. આપ એટલો તો જવાબ આપો કે, બુઝુર્ગોની ઔલાદ હોવા સિવાય તમે આ ગીરોહની(મશાઇખે કીરામ)બીજી કોઇ ખુબી કે સલાહિયત પણ ધરાવો છો ? અને તમાશો તો એવો છે કે આટલી હદે અણઆવડત (નાકીસ) હોવા છતાં નાઝો-નખરાનો પાર નથી, જરાક તો શરમ કરો અને અલ્લાહથી ડરો.''

મજકુર હિકાયતમાં હઝરત સૈયદ પીર ગૌષઅલીશાહ સાહેબ કાદરી, કલંદરી, પાનીપતી(રહેમતુલ્લાહ અલયહે)એ નાકીસ પીરની ખરાબી પેટે તેમજ કામીલ પીરની ખુબીઓ તેમજ સલાહિયતો પેટે ઘણું-ઘણું કહી દીધું છે, જેના ખુલાસાની જરૂરત નથી, પરંતુ તેની ઉપર ચિંતન-મનન જ તમારી **મનરૂપી આંખ**ને જરૂર ખોલી નાખશે. તેમજ તમને દીવ્યદષ્ટી પ્રાપ્ત થશે. આ પીરી-મુરીદીની આટલી મહાન પવિત્ર લાઇનમાં આટલી હદે ખરાબીઓ અને દુષણો ઘુસી ગયા હોવાથી જ કૌમને કહેવું પડે છે કે,

અય કૌમ જલ્દ જાગ ખુદાકી કસમ તુઝે,
કુછ સોંચ દિલમે કબરસે જગાતે હય હમ તુઝે.

અંતમાં દુઆ છે કે અલ્લાહત્આલા હુઝુર ખાતેમીન્નબિય્યીન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના સદકા અને તુફૈલથી આપણને આવા નાકીસ પીરોની ખરાબીથી બચાવે અને કામીલ-મુકમ્મીલ પીરની બારગાહમાં પહોંચાડે કે જે લાલગંધકની જેમ અકસીર સમાન છે અને દરેક લોખંડને સોનું બનાવી દેનાર છે, અને તેના થકી પોતાની બારગાહમાં કુર્બ(નિકટતા)નસીબ ફર્માવે. આમીન... છેલ્લે કહેવું પડે છે કે,

અંદ કે પયશે તુ ગુફતમ ગમે દીલ તરસીદમ,
કે દીલ આઝુરદાહ શવી વર્ના સુખન બિસ્યારસ્ત.

(**અર્થાત્ :-** મેં મારા હૃદયની વ્યથા થોડીક જ ઠાલવી છે, મને ડર છે કે તારું દીલ દુભાશે નહીંતર તો વાતો ઘણી જ છે.)

હક્કના તલબગારો માટે એક જરૂરી હિદાયત

જો કોઇ હક્ક નો તલબગારને પોતાની સમજ પ્રમાણે કામીલ પીરની તલાશ કરવા છતાં તેને મેળવી ન શકે તો તેવા તાલીબે તિલાવતે-કલામેપાક અને દરૂદશરીફનો ઝીક્ર વધુ પ્રમાણમાં કરવો જોઇએ જેથી આ ઝીક્રના અન્વારો તેને ખુદ-બ-ખુદ જ કામીલ પીર સુધી પહોંચાડી દેશે.

★(૫) એહવાલુસ્સાદેકીન નો ટુંકો ભાવાનુવાદ★

કામીલ પીરની જાહેરી લાયકાતો અને બાતિની સલાહિયતો પેટે ઘણી વાતો,બુઝુર્ગાને દીનના અકવાલો અને એહવાલો મજકુર પ્રકરણમાં આપણે જોયાં, છતાં પણ આ પ્રકરણમાં કશું ખુટતું હોવાનો એહસાસ સતત થતો રહેતો હતો, જે અનુસંધાને હઝરત પીરો મુર્શીદ કીબ્લા(દામત ફુયુઝો બરકાતોહુ) ની બારગાહ શરીફમાં અર્ઝ કરતાં આપે કહ્યું કે, ''હઝરત ઇમામ અબ્દુલ વહાબ શોઅ્રાની (રહેમતુલ્લાહ અલયહ)ની મશહુર કૃતિ

એહવાલુસ્સાદેકીન કે જેમાં કામીલ પીરો અને મશાઇખોના સદ્‌ગુણો અને તેની ખુબીઓ અનુસંધાને સલ્ફ સાલેહીનના કેટલાય અકવાલો, એહવાલો અને હિકાયતો રજુ કરવામાં આવી છે, તો તેનો ટુંકો ભાવાનુવાદ આ પ્રકરણ સાથે ઉમેરી દેવામાં આવે જેથી આ પ્રકરણ પૂર્ણતાના આરે પહોંચી શકે.'' માટે અહીં હું **એહવાલુસ્સાદેકીન** નો ટુંકો ભાવાનુવાદ રજુ કરી રહ્યો છું.

મજકુર ટુંકા ભાવાનુવાદમાં દરેક સદ્‌ગુણ એક શીર્ષક હેઠળ રજુ કરેલ છે તેમજ જે શીર્ષક અંતર્ગત કોઇ વિશેષ નોંધ, ટીપ્પણ કે સમજુતીની જરૂરત પડેલ છે ત્યાં તેના સંકલનકર્તા તરફથી ઉમેરો કરવામાં આવેલ છેહઝરત ઇમામ અ. વહાબ શોઅ્રાની (રહેમતુલ્લાહ અલયહ)કૃત *અહેવાલુસ્સાદેકીન* એટલે કે પીરના અખાલાકે હુસ્ના અને તેની ખુબીઓ :-

⋆(૧) કિતાબ અને સુન્નતની ઈત્તેબા

કામીલ (પીરો)ના સદ્‌ગુણો પૈકી એક એ પણ છે કે, ''કોઇ પણ સંજોગોમાં કીતાબ અને સુન્નતને ન છોડે અને દરેક પરિસ્થિતિ-માં તેનુ અનુસરણ કરતો રહે તેમજ મસ્નદે ઈર્શાદ(પીરની ગાદી)પર ત્યારે જ બિરાજમાન થાય કે શરીઅ્તના ઇલ્મો પર એટલી પ્રવિણતા હાંસીલ કરીલે કે જે મઝહબો નાશ પામ્યા છે અને જે પ્રચલિત છે તે તમામથી સારી રીતે જાણકારી પ્રાપ્ત કરી લે અને મુનાઝરાની મજલીસમાં તેઓના ઉલ્માઓને ખામોશ કરી શકે.''

⋆સૈયદુત્તાઇફા અબુલ કાસીમ જુનૈદ બગદાદી(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ ફર્માવ્યુંકે, ''અમારી કિતાબ એટલે ***કુર્આન*** તમામ કિતાબોની સરદાર અને સૌથી વધુ સમૃદ્ધ અને સર્વશ્રેષ્ઠ છે અને અમારી શરીઅ્ત તમામ શરીઅ્તોથી સૌથી વધુ સ્પષ્ટ અને સૌથી વધુ બારીકાઇવાળી છે તેમજ અમારો તરીકો એટલે કે સુફીયાએ-કિરામનો તરીકો કિતાબ અને સુન્નત વડે આભુષીત છે. માટે(આ તરીકાની રહેનુમાઇ એ વ્યક્તિ જ કરી શકે છે જે કિતાબ અને સુન્નતનો જાણકાર છે.)જે ન તો ***કુર્આન*** પઢેલો હોઇ અને ન તો હદીષોનો હાફીઝ હોય અને ન તો તેના અર્થોની જાણકારી હોય તેનું અનુસરણ યોગ્ય નથી.''

⋆તદુપરાંત આપ પોતાના દોસ્તોને એવું પણ ફર્માવતા હતા કે, ''જો તમે કોઇને હવા પર પલાંઠીવાળીને બેઠેલો જુઓ તો પણ તેનું અનુસરણ ન કરો ત્યાં સુધી કે તમે એ જોઇ ન લ્યો કે અવામીરો-નવાહી(શરીઅ્તના હુકમો અને મનાઇઓ)પર અમલ કરતી વખતે શું કરે છે ? હવે તમે જોવો કે તે તમામ અવામીરે ઇલાહીય્યાહ(અલ્લાહ ત્આલાના હુકમોનું)તમામ મનાઇ કરેલી બાબતોથી બચીને અનુ-સરણ કરે છે. તો તેના અકીદતમંદ બની જાવ

અને જો તમે જોવો કે તે હુકમો પર અમલ નથી કરતો અને મનાઇ કરેલી બાબતોથી બચતો નથી તો તેનાથી દુર ભાગો.''

⋆હઝરત ઇમામ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ)ખુદ ફર્માવે છે કે, ''તસવ્વુફના તરીકાનો જુઠ્ઠો દાવેદાર પૈકી એક શખ્સ કે જે ઇલ્મ વગર જ અને ફના અને બકાની હાલતમાંથી ગુજર્યા વગર જ ખોટી ચર્ચા અને વાદ વિવાદમાં ઉતરતો હતો તેની સાથે તેના અકીદતમંદની એક જમાઅત હતી અને તે મારી પાસે આવ્યો અને કેટલાક દિવસો સુધી દરરોજ આ રીતે મારી પાસે આવતો રહ્યો એક દિવસ મેં તેને કહ્યું કે, 'આપ જરા બતાવશો કે વુઝુ અને નમાઝની શર્તો કંઇકંઇ છે ?' તેણે કહ્યુ કે, 'હું તો જરા પણ ઇલ્મ ધરાવતો નથી.' ત્યારે મેં તેને કહ્યું કે, 'ભાઇ, ઇબાદ્તને કિતાબ તેમજ સુન્નત મુજબ દુરુસ્ત કરવું સર્વસંમતીથી વાજીબ છે. અને જે વ્યક્તિ વાજીબ અને મુસ્તહબમાં તફાવત ન કરે તેમજ ન તો હરામ અને મકરૂહ વચ્ચે કશો ભેદ રાખે તે જાહીલ છે અને જાહીલનું અનુસરણ ન તો જાહેર તરીકા(શરીઅ્ત)માં જાઇઝ છે, અને ન તો બાતિની તરીકામાં (તરીકત કે તસવ્વુફમાં)' આ વાત પર તે બિલ્કુલ ચુપ થઇ ગયો અને એ દિવસથી મારી પાસે આવવાનું છોડી દીધું એ વ્યક્તિએ મને પોતાની બે અદબીઓ વડે ઘણી ખરાબ રીતે પરેશાન કર્યો હતો તો આ રીતે અલ્લાહત્આલાએ મને તેનાથી છુટકારો આપ્યો.'

(વલહમ્દોલીલ્લાહે અલા ઝાલીક)

તો આ રીતે સમજી લેવું જોઇએ કે(અને ન તો બનાવટી અને ઢોંગી સુફીઓ(પીરો)ની રહેણી-કરણી વડે ધોખો ખાવો જોઇએ અને ન તો નાવાકિફોનું એ વાત કે,તસવ્વુફનો તરીકો શરીઅ્તની ખિલાફ છે. તેની પર ધ્યાન આપવું જોઇએ. બલ્કે તસવ્વુફના તરીકાને એ હદબંધીમાં રહીને હાંસીલ કરવો જોઇએ. જે આગળ દેખાડેલ છે. એટલે કે કિતાબ અને સુન્નતનીતાબેદારી વડે.)

⋆(૨)આગળના બુઝર્ગોની તાબેદારી

કામિલ પીરના સદ્‌ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ કોઇ પણ કૌલ કે કાર્ય પર ત્યાં સુધી અમલ નથી કરતા જ્યાં સુધી તેઓ તેની હૈસિયતને કિતાબ અને સુન્નત અથવા તો ઉર્ફ (એટલે કે આગળના બુઝુર્ગોના અમલો)ની મુજબ સારી રીતે સમજી ન લે અને કિતાબ અને સુન્નત તથા સલ્ફના અનુસરણના આધાર પર તે અપનાવવું જાઇઝ છે કે નહીં?તે જાણી ન લે તેમજ ઇત્મિનાન પ્રાપ્ત ન કરી લે ત્યાં સુધી તેને અપનાવવા માટે આગળ વધતાં નથી. અહીં અમે ઉર્ફનો ઉલ્લેખ કર્યો છે. કારણકે ઉર્ફ પણ શરીઅ્તની દલીલો પૈકી છે. ઉર્ફ એટલે કે આગળના બુઝુર્ગોએ જે વાતો પર અમલ કર્યો છે

તે. અને અહીં ઉર્ફથી મુરાદ એ જ ઉર્ફ છે કે જે કિતાબ અને સુન્નત પ્રમાણે હોય, નહીં કે જે તેની વિરુદ્ધ હોય.

તો અહીં એ વાત પણ જાણવા મળી કે સુફીયાએ કિરામ પોતાના અકવાલો અને અફઆલોમાં માત્ર પોતાના યુગના રિવાજોને જ પુરતા સમજતા નથી, કારણકે તેમાં બિદઅતો પ્રવેશવાનો સંભવ છે બલ્કે જે રિવાજો કિતાબ અને સુન્નત પ્રમાણે હોય તેનેજ મહત્ત્વ આપે છે. હદિષશરીફમાં છે કે, "કયામત ત્યાં સુધી નહીં આવે કે જ્યાં સુધી કે સુન્નત(જેના પર અમલ છોડી દેવાના કારણે લોકોની નજરમાં)બિદઅ્ત બની ન જાય અને એ હાલત ન થઇ જાય કે જયારે કોઇ બિદઅ્ત છોડી દેવામાં આવે તો લોકો કહેશે કે સુન્નત છોડી દેવામાં આવી." (અને આવું બનવું સંભવીત છે)કારણકે ઔલાદ પોતાના મા-બાપ પાસેથી એક બિદઅ્ત લે છે પછી જયારે બિદઅ્તો પર અમલીકરણમાં લાંબો સમયગાળો પસાર થઇ જાય છે તો લોકો સમજે છે કે આ પણ એક સુન્નત છે એ સુન્નતો પૈકી જેને જનાબ રસુલે અકરમે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નિશ્ચિત કરેલ છે. (અને આ જ રીતે છોડી દીધેલી સુન્નતને બિદઅ્ત સમજવામાં આવે છે અને રિવાજ પામી ચુકેલી બિદઅ્તને સુન્નત તો આ રીતે આ સુફીયાએ કિરામ માત્ર રિવાઝને બિલ્કુલ તુચ્છ સમજે છે બલ્કે એ વાતની તેહકીક કરે છે કે શું તે રિવાજ પામી ચુકેલ બિદઅ્તો પૈકી છે કે પછી વારસારૂપે પ્રાપ્ત સુન્નતો પૈકી)?

સુફીયાએ કિરામ પૈકી એક એ પણ જમાઅ્ત છે કે જેના અમલનો તરીકો એવો છે કે,જયારે તેઓને એક અમલની દલીલ કિતાબ અને સુન્નત વડે કે જે હદિષો અને સિરતની કિતાબોમાં સાબીત છે, નથી મળતી તો તેઓ પોતાના કલ્બો વડે આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)તરફ ધ્યાનીત થાય છે. પછી જયારે તેઓ(રૂહાની અને કશ્ફી હુઝુરી વડે)આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની બારગાહમાં હાજર થાય છે તો આ કાર્ય સબંધે પુછપરછ કરે છે અને જે આપ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)તેને હુક્મ આપી દે છે તેની ઉપર અમલ કરે છે. પરંતુ આ મોટા લોકોની વાત છે જે બધા માટે નથી તેમજ તેઓએ લોકોને આ કાર્ય કરવાનો હુકમ આપવો ન જોઇએ કારણકે આ કાર્ય સહીહ અને સાબીત હોવાથી વધારાનું છે અને આ રીતે તે વ્યક્તિ લોકોને નિશ્ચિત કરેલી હદોથી આગળ વધવાની તકલીફમાં નાંખે છે કારણકે દીન તો જનાબ રસુલે અકરમ(સલ્લલ્લાહો અલયહે વસલલમ) ની હયાતીમાં જ પરીપૂર્ણ થઇ ચુક્યો છે. હવે તેમાં ફેરફાર કરવાની રદ્દો-બદલ કરવાની કે વધારો કરવાની જરા પણ ગુંજાઇશ નથી એટલા માટે તમામ લોકોને આ દીન પર સાબીત રહેવાની તકલીફ આપવામાં આવી છે

નહીં કે કોઇ વધારાના કાર્ય પર(આજે લોકો દીનના મામલામાં મૂળભુત અને મુકમ્મીલ થઇ ચુકેલા દીનમાં ઘણાં જ વધારાના કાર્યો દાખલ કરી દીધા છે. અને તેને દીનની પરીપૂર્ણતા સમજવા લાગ્યા છે. જ્યારે કે દીનતો હુઝુર નબીએપાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના જમાનામાં જ પરીપૂર્ણ થઇ ચુક્યો છે, તો પછી તું વધારો કરનાર કે મુકમ્મીલ કરનારો કોણ? (અલ્લાહની પનાહ) તું શું કરી રહ્યો છો, તેનું તને ભાન નથી !)

સલ્ફ સાલેહીન આમ લોકોને અને ખાસ કરીને પોતાના દોસ્ત-બિરાદરોને કિતાબ તેમજ સુન્નતની પાબંદી અને બિદઅ્તોથી અળગા રહેવાની તાકીદ કરતા હતા અને તે માટે રગબત પૈદા કરતા હતાં તેમજ આ મામલામાં ઘણી જ સખ્તી કરતા હતા. ત્યાં સુધી કે અમીરૂલમોઅ્મેનીન સૈયદના ઉમર બીન ખતાબ(રદીયલ્લાહો અન્હો)એક વાતનો ઈરાદો કરતા તેમજ તેને મજબુત કરી લેતા પછી તેઓને કોઇ કહેતું કે જનાબ રસુલે મકબુલ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)ન તો પોતે આવું કર્યું અને ન તો બીજાને આવો હુકમ આપ્યો હતો જે વાતનો પોતે પાકો ઈરાદો કરી કરી ચુકયા હતા તે બદલી નાંખતા હતાં એકવાર જ્યારે આપને જાણ થઈ કે અમુક કપડાં બોલ એજાઝ (એક પ્રકારનો પ્રર્દાથ)વડે રંગવામાં આવે છે તો આપે ઈરાદો કર્યો કે લોકોને આ કપડાં ઉતારવાનો હુકમ કરૂં જેને તેઓ પહેરે છે.ત્યારે કોઇકે અર્ઝ કરીકે,"જનાબે રસુલે મકબુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)આવા કપડાં પોતે પણ પહેર્યા છે અને આપના યુગમાં બીજાઓએ પણ આવા કપડા પહેર્યા છે." આ સાંભળી તેઓએ ખુદાથી અસ્તગ્ફાર કર્યું અને પોતાનો ઈરાદો ફેરવી નાખ્યો.

તો આ જ તરીકો મશાઈખે કિરામ અને સલ્ફ સાલેહીનનો રહ્યો છે; જ્યારે દીનના મામલામાં કિતાબ અને સુન્નતની ખિલાફ કોઈ વાત દાખલ કરવામાં આવે છે તો દીનના ફોયુઝો બરકાત અને અન્વારો તદ્દન મંદ પડી જાય છે. એ જ રીતે તરીકતના મામલામાં જ્યારે સલ્ફ સાલેહીનની તરીકાથી હટીને કોઇ નવી વાત ઉપજાવી કાઢવામાં આવે છે, તો તેના ફોયુઝો બરકાત નાશ પામે છે અને અન્વારો અંધકારમા પલટાઇ જાય છે.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૩) પોતાના દરેક કાર્યો અલ્લાહત્આલાને સૌંપવા

કામીલ પીરોના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ પોતાના અને પોતાની ઔલાદ તેમજ દોસ્ત-અહબાબના મામલા-ઓને અધિકમાત્રામાં ખુદાને હવાલે જ કરી દેતા હોય છે.

હઝરાતે સુફિયા પહેલાં તો કોઇ ખ્વાહિશ જ ધરાવતા હોતા નથી બલ્કે દરેક મામલો ખુદા પર છોડી દે છે કે જે તારી નજીક બહેતર છે તે કર અને

જો ક્યારેય ખ્વાહિશ કરે છે તો ત્યારે પણ તેની નઝર તો માત્ર અલ્લાહ-ત્આલાની ઝાત તરફ જ હોય છે, ગૈરૂલ્લાહ તરફ કદાપી હોતી નથી કારણકે તે જ કરવાવાળો છે, અને તે જ કરશે.

(આનું નામ સુફીવાદની ભાષામાં એહદીય્યતે મુજર્રદાની તવજ્જોહ કહે છે,જે નક્શબંદી બુઝુર્ગોની ખાસિયત છે.)

ત્યાર બાદ હઝરત ઈમામ શોઅ્રાની(રહેમતુલલાહ અલયહ)એ દરેકકાર્યમાં ખુદાને હવાલે કરી દેવા વિશે અમુકવાકેઆતો બયાન કરીને કહ્યુકે, "મારા પુત્ર અબ્દુર્રહમાનને ઈલ્મની તલબ માટે કોઈ રગબત નહોતી અને તેની તરફથી હું ઘણો જ તંગ હતો." તો અલ્લાહત્આલાએ મને ઈલ્હામ ફર્માવ્યું કે, "હું આ મામલો અલ્લાહત્આલાને સોંપી દઉં." તો મેં એવું જ કર્યુ તેનું પરિણામ એ આવ્યું કે, એ જ રાતથી તે ખુદ પોતાની જાતે જ મને કહ્યા વગર ઈલ્મ શીખવા લાગ્યો અને એ જ રાતથી તેને ઈલ્મની સમજ એ બાળકોથી પણ વધી ગઈ જેઓ વર્ષો પહેલાથી ઈલ્મમાં મશગુલ હતાં તો આ રીતે મેં તેનો મામલો ખુદાને સુપર્દ ક્ર્યો તો મને તેણે આ માથાકુટથી છુટકારો અર્પણ કર્યો જેમાં હું નિરાશ થઈ ચુક્યો હતો. અલ્લાહત્આલા તેને ઉલ્માએ બા અમલ પૈકી બનાવી દે. આમીન... (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૪) ઈલ્મ તેમજ અમલમાં નિઃસ્વાર્થતા

કામીલપીરોના સદ્‌ગુણો પૈકી એક એ પણ છે કે તેઓના ઈલ્મ અને અમલમાં પુષ્કળ માત્રામાં ઈખ્લાસ(નિઃસ્વાર્થતા)હોય છે. અને તેઓ તેમાં રિયા દંભને પ્રવેશવાથી ડરતા રહે છે. કારણકે ઈલ્મ તેમજ અમલમાં ઈખ્લાસ સખ્ત જરૂરી છે,તેના વગર અમલ મક્બુલ થતો નથી અને આ ઈખ્લાસની પ્રાપ્તી માટે જ સુફિયાએ કિરામના વિવિધ તરીકાઓ અસ્તિત્ત્વમાં આવ્યા છે.

આ અનુસંધાને હઝરત ઈમામ અ.વહાબ શોઅ્રાની (રહેમતુલ્લાહ અલયહ)એ ઘણીજ હિકાયતો રજુ કરી છે જે પૈકી કેટલીક અહીં રજુ કરૂં છું,:-

★હઝરત હસન બસરી (રહેમતુલ્લાહ અલયહ) પોતાના નફ્સ ઉપર પુષ્કળ માત્રામાં આ શબ્દો વડે ખફગી જાહેર કરતા હતાં અને મલામત કરતા રહેતા હતાં કે, "હે નફ્સ, તું વાતોતો નેકોકાર, ફરમાંબરદારો અને આબીદો જેવી કરે છે. પરંતુ કાર્ય તો ફાસીકો, મુનાફીકો અને રિયાકારો જેવા કરે છે. (તો તું ઈખ્લાસનો દાવેદાર કંઈ રીતે છો?) મુખ્લીસોની વાતો આવી નથી હોતી."

★ હઝરત યાહ્યા બીન માઅ્ઝથી(રહેમતુલ્લાહઅલયહ) પૂછવામાં આવ્યું કે, "આદમી ઈખ્લાસ વાળો ક્યારે બને છે?" તો આપે ફર્માવ્યું કે, "જ્યારે તેની ખસ્લત(ટેવ-આદત)દુધ પીતા બાળક જેવી બની જાય છે કે તે એ વાતની પરવાહ નથી કરતાં કે કોણ તેની પ્રશંસા ક્રે છે અને કોણ તેની

ટિકા?"

★ હઝરત ફુઝૈલ બીન અયાઝ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતા હતાં કે, "જ્યાં સુધી આદમી લોકોની મોહબ્બતમાં સપડાયેલો રહે છે ત્યાંસુધી સલામત નથી રહેતો એટલા માટે કે જે વ્યક્તિ રિયાથી બચવા ઈચ્છે તેણે અલ્લાહત્આલાથી મોહબ્બત અને મખલુકથી ભય અપનાવવો જોઈએ."

★હઝરત ઈન્તાકી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવે છેકે, "સુશોભીત થનારાઓ ત્રણ પ્રકારના છે :- *(૧) જેઓ ઈલ્મ વડે શોભાયમાન બને છે. *(૨) જેઓ અમલ વડે સુશોભીત થાય છે અને *(૩) જેઓ શણગારના ત્યાગ વડે આભુષીત થાય છે અને આ ત્રીજા પ્રકારના લોકો સૌથી વધારે ધોખેબાજ છે તેમજ સૌથી વધુ શૈતાનને પસંદ છે કારણકે આ લોકો શૈતાન માટે પ્રથમ બે પ્રકારના લોકો કરતા કામ આવનારા છે એટલા માટે કે તેઓનાં વેર વિખેર વાળના કારણે લોકો તેના (આંતરિક) હાલની તબાહીથી ઘણી જ મુશ્કિલથી જાણકાર થશે તેમજઘણી જલ્દી તેના ફંદામાં ફસાય જશે."

★હઝરત યુસુફ બીન અસ્બાત(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતા હતાં કે, "મેં જ્યારે પણ મારા નફસનો હિસાબ લીધો તો મને એવું લાગ્યું કે હું પુરેપૂરો રિયાકાર છું."

★હઝરત હસન બસરી (રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતા હતાં કે, "જે વ્યક્તિ લોકોના સુમહ વચ્ચે પોતાની ટિકા કરે છે તે હકીકતમાં પોતાની પ્રસંશા જ કરે છે અને આ પણ રિયાની અલામતો પૈકી એક અલામત છે."

★હઝરત અબ્દુલ્લાહબીન મુબારક (રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતા હતાં કે, "એક વ્યક્તિ ખાનએ કાબાનો તવાફ કરે છે અને ખુરાસાન-વાળાઓને(જે અહીંથી એક્સો ગાઉ દુર છે)દેખાડે છે." કોઈએ આશ્ચર્ય પામીને સવાલ કર્યો કે, "આ કેવી રીતે?" તો આપે ફર્માવ્યું કે, "તે એ રીત કે ખુરાસાનવાળાઓ તેના વિશે એવું કહે કે, ફલાણો શખ્સ તવાફ અને સઈ માટે મક્કામાં રોકાયો છે તેને મુબારક થાય."

(તો આનાથી સાબીત થયું કે રિયા માત્ર લોકોની મૌજુદગી સુધી સિમીત નથી, પરંતુ તેઓની ગેરહાજરીમાં પણ સંભવિત છે અને તેની સુરત એ છે કે આદમી એકાંતમાં કોઈ અમલ કરે અને તેની ખ્વાહિશ એ હોય કે કાશ! લોકો મને આ હાલતમાં જુએ અને મારી પ્રસંશા કરે.)

★હજરત ફુઝૈલ બીન અયાઝ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવે છે કે, "પહેલા તો લોકોને અમે એવી હાલતમાં જોયા હતાં કે તેઓ એ નેકીયોમાં રિયા કરતા હતાં જે તેઓ કરતા હતાં અને હવે લોકોની એ હાલત છે કે એ વાતમાં રિયા કરે છે જે તેઓ કરતા નથી એટલેકે પહેલાં લોકો મખલુક માટે નેક કામ

કરતા હતાં અને હવે નેક કામ પણ કરતા નથી બલ્કે નેક લોકોની સુરત બનાવીને એ વાતનું યકીન અપાવવા ઇચ્છે છે કે તેઓ નેક કામ કરે છે, તો આ રીતે આ લોકો અગાઉના રિયાકારોથી ઘણાં જ બદતર છે.''

★ હઝરત ઇબ્રાહીમ બિન અદહમ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''જે વ્યક્તિ એ વાતને પસંદ કરે છે કે લોકો તેને સારો કહે તે ન તો મુત્તકી છે, અને ન તો ઇખ્લાસ વાળો.''

★હઝરત દાઉદતાઇ(રહેમતુલ્લાહ અલયહ)એ એકવાર કપડાં ઉલ્ટા પહેરી લીધા તો લોકોએ કહ્યું કે, ''આપ તેને સીધા કેમ નથી કરી લેતાં.?'' જેના જવાબમાં આપે ફર્માવ્યું કે, ''મેં તેને ખુદા માટે પહેરેલ છે એટલા માટે તેને નહીં બદલું.''

(કહેવાનો હેતુ એ કે પહેરતી વખતે ખુલુસ હતો જ્યારે હવે બદલવા એ વિચારથી હતાં કે લોકો બેવકુફ ન સમજે અને તેઓને ખરાબ ન લાગે એટલા માટે ખુલુસને રિયા વડે બદલી શકતો નથી.)

★હઝરત શદ્દાદ બીન હકીમ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતા હતાં કે, ''જેની અંદર આ ત્રણ વાતો હોય તેણે જોઇએ કે તે તાલીમે ઇલ્મ માટે બેસે, નહીંતર દર્સની ખુરશી પર બેસવાનું છોડી દે. *(૧) તો એ કે લોકોને ખુદાની નેઅમ્તો યાદ કરાવે જેથી તેઓ તેનો શુક્ર અદા કરે *(૨) એ કે તેઓના ગુનાહ યાદ કરાવે જેથી તેઓ તૌબાહ્ કરે અને *(૩) એ કે તે તેઓને તેના દુશ્મન ઇબ્લિસની યાદી આપે જેથી તેનાથી બચે.''

તો આ રીતે હે ભાઇ ! આ બુઝુર્ગોના અકવાલો અને કાર્યો જાણી લીધા પછી તું પોતાના ઇલ્મ અને અમલમાં પોતાના નફસને ફંફોસ અને જો કે તેમાં તેની શું હાલત છે ? પછી જો તું તેમાં દંભ કે ખ્યાતિની ખ્વાહિશ જુએ તો પોતાની જાત પર રૂદન કર અને તેને છોડવાની કોશીશ કર.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૫) પદવી ઈચ્છતા લોકોથી દુર રહેવું

કામીલપીરો અને એહલે તસવ્વુફ લોકોનો એ પણ એક સદ્ગુણ છે કે તેઓ પોતાના ભાઇથી નસીહતરૂપે કે હિફાઝતના તૌર પર સંબંધ કાપી નાંખે છે જ્યારે કે તેઓ કોઇ શરઇ મસ્લેહત કે જરૂરત વગર ઉમરાઓથી મેળ-મીલાપ રાખે છે. અને તેનું કારણ આ હદીષેપાક પર અમલ કરવો છે કે જહન્નમમાં એક વાદી છે જેનું નામ હુબહુબ છે અને અલ્લાહત્આલાએ તેને સરકશો અને એ એહલે ઇલ્મ માટે તૈયાર કરેલ છે જેઓ ઝાલીમ સત્તાધીશો પાસે જાય છે.

★હઝરત મોહંમદબીન વાસેઅ્(રહેમતુલ્લાહ અલયહ) કતૈબાહ બીન મુસ્લીમની પાસે ગયા, ત્યારે તેઓએ સુફ(ઉન)નો ઝબ્બો પહેરેલો

હતો. તેના કારણ કતૈબાહે કહ્યું કે, ''આપે સુફનો ઝભ્ભો કેમ પહેર્યો છે?'' જેના પ્રત્યુત્તરમાં મોહંમદ ખામોશ થઇ ગયા. જેના કારણે તેઓએ કહ્યું કે, ''શું વાત છે ? કે હું આપનાથી વાત કરું છું અને આપ ખામોશ છો.'' જેના પ્રત્યુત્તરમાં તેઓએ કહ્યું કે, ''(તમારા સવાલના જવાબ પેટે)જો હું એવું કહું કે દુનિયા તર્કના કારણે મેં આવું કર્યું છે તો તે મારી સફાઇ છે કે હું દુનિયાથી બેપરવા છું અને જો હું કહું કે નાદારીના કારણે મેં આવું કર્યું છે તો આ ખુદાની શિકાયત છે અને આ બંને વાતો મને પસંદ નથી માટે જ ચુપકીદી સેવવા સિવાય કોઇ જ માર્ગ ન હતો.''

★હઝરત ફુઝૈલ બીન અયાઝ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''કસમપૂર્વક કહું છું કે જો હારૂન રશીદ મારી પાસે આવવાની ઇજાઝત ચાહે તો હું તેને ઇજાઝત નહીં આપું એ પરિસ્થિતિ સિવાય કે આ માટે મને મજબુર કરવામાં આવે જો કે હું દુર્વેશ નથી, તો પછી આ દુર્વેશ કેવા છે જેઓ ખુદબખુદ તેની પાસે જાય છે.''

તો આ રીતે સુફીયાએ કિરામ હમેંશા પદવી ઇચ્છુક લોકો અને ઉમરાવો તેમજ બાદશાહ પાસે જવાથી દુર રહ્યા છે, તો પીરોમાં પણ આ પ્રકારની ખુબી હોવી જરૂરી છે કે તે માલદારો પાસે જવાથી બચે અને પોતાની મહેફીલોમાં ગરીબો અને મિસ્કીનો તેમજ નાદાર મુરીદોને અગ્રતા આપે.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૬) નિફાક(પાખંડતા)થી દુરી

કામીલ પીરો અને સુફીયાએ બાસફાના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ નિફાકને છોડી દેવા માટે એ રીતે અમલ કરે છે કે નેકીમાં તેઓનું જાહેર અને બાતિન બંને એકસરખુ જ હોય છે.અને આ જ કારણસર તેઓ પૈકી કોઇ એકનો પણ અમલ એવો નથી હોતો જેના કારણે કાલે આખેરતના દિવસે રુશવા અને બેઆબરૂ થવું પડે. (કારણકે તેઓ જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી બુરુ કાર્ય કરતા જ નથી અને કદાચ માનવ સહજ ભુલના કારણે કોઇ ગુનાહ થઇ પણ જાય તો તરત જ અસ્તગ્ફાર અને તૌબાહ્ કરી લે છે જેના કારણે ગુનાહ નેસ્તોનાબુદ થઇ જાય છે.)

★અબુલ અબ્બાસ ખીઝર(અલયહીસ્સલામે)ઉમરબીન અબ્દુલ અઝીઝ (રદીયલ્લાહોત્આલા અન્હો)ને વસીયત ફર્માવી હતી જ્યારે કે તેઓની આપની સાથે મદીનાએ મુનવ્વરામાં મુલાકાત થઇ હતી, જે આ હતી કે, ''ઉમર, ખબરદાર એવું નહીં કરતો કે જાહેરમાં તો ખુદાનો દોસ્ત બનો અને બાતિનમાં ખુદાના દુશ્મન કારણ કે જેની જાહેરી અને બાતિની હાલત એક સમાન ન હોય તે મુનાફીકો દોઝખના સૌથી નીચલા તબક્કામાં હશે.'' આ સાંભળીને હઝરત

ઉમરબીન અબ્દુલઅઝીઝ એટલી હદે રડ્યાં કે આસુંઓથી દાઢી-મુબારક ભીંજાઇ ગઇ.

★હઝરત યાહ્યાબીન મઆ્ઝ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ‘‘દિલ હાંડી(દેગ) જેવું છે અને દિલવાળાઓની જબાન તેના ડોયા(એટલે કે જે રીતે હાંડીનું શાક ડોયા વડે કાઢવામાં આવે છે એ જ રીતે દિલની વાત ઝબાન થકી જાહેર થાય છે)તો જે રીતે સાલન(શાક)નું અસલી ઠેકાણું હાંડી હોય છે એ જ રીતે બંદા હોવાનું અસલ ઠેકાણું કલ્બ છે. એટલેકે જે રીતે તમે મુંહ વડે બંદા છો એ જ રીતે દીલ વડે પણ બંદા બનો.’’ (એટલે કે એવું ન હોવું જોઈએ કે ઝબાન વડે તો અબદીય્યત(બંદાપણા)નો અને બંદગીનો સ્વીકાર કરો અને દિલથી ઈન્કાર પ્રથમ દિલથી બંદા બનો અને પછી ઝબાનથી.)

★હઝરત ઉતબા બીન આમીર(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ‘‘જ્યારે આદમીનું બાતિન તેના જાહેર પ્રમાણે હોય છે તો અલ્લાહત્આલા પોતાના ફરિશ્તાઓને ફર્માવે છે કે, ‘‘આ ખરેખર મારો બંદો છે.’’

★હઝરત અબુ અબ્દુલ્લાહ ઈન્તિલાકી(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ‘‘તમામ આમાલોમાં સર્વશ્રેષ્ઠ અમલ ગુપ્ત ગુનાહો-ને છોડી દેવું છે.’’ કોઇએ કહ્યું કે, ‘‘તે કેવી રીતે?’’ આપે ફર્માવ્યું કે, ‘‘જ્યારે આદમી છુપા ગુનાહોને છોડશે તો તે જાહેરી ગુનાહોને તો તેની કરતા વધુ ચીવટાઇથી છોડશે.’’ પછી ફર્માવ્યું કે, ‘‘જેનું બાતિન તેના જાહેર કરતાં શ્રેષ્ઠ છે એ તો ઘણો મહાન દરજ્જો છે, અને જેનું જાહેર અને બાતિન બંને એકસમાન હોય તે મધ્યમ માર્ગ છે, પરંતુ જેનું જાહેર તેના બાતિન કરતાં આગળ વધેલું હોય તો એ ઝુલ્મ છે.’’

★હઝરત ઝુબૈર બીન અવામ(રદીયલ્લાહો અન્હો)ફર્માવતાં હતાં કે, ‘‘તમે પોતાના નેક કાર્યોનો પણ ગુપ્ત સંગ્રહ કરો જે રીતે તમારી પાસે બુરા આમાલોનો ગુપ્ત સંગ્રહ છે’’.

તો હે ભાઇ ! હવે જ્યારે તને **તર્કે નિફાક** અનુસંધાને બુઝુર્ગોને સલ્ફના ઘણાં જ અકવાલો અને હિકાયતોની જાણકારી હાંસીલ થઇતો તું તારા નફ્સને ફંફોસ અને જો, કે શું તારું જાહેર અને બાતિન એકસમાન છે કે નહીં ? અને જો છે તો, અલ્લાહનો શુક્ર અદા કર અને જો નથી તો, અને શક્યતા તો એ જ છે કે હશે જ નહીં તો, તેને એકસમાન બનાવવાની કોશીશ કર અને દરેક પરિસ્થિતિમાં અસ્તગ્ફારની અધિકતા કર અને સમજી લે કે જે લોકોની સામે પોતાની હાલત પોતાના બાતિનથી વિરુદ્ધ જાહેર કરશે તે એકગણો મુનાફીક છે અને તેમાં નિફાકનો એક અંશ છે એટલા માટે તેનો હશ્ર મુનાફીક સાથે થશે, આ વાતને ખુબ જ સમજી લે. (વલ્હમ્દોલીલ્લાહેરબ્બીલ્આલમીન)

★(૭) હાકીમોના ઝુલ્મ પર સબ્ર કરવી

કામીલ પીરો અને અલ્લાહવાળાઓના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે, તેઓ સત્તાધીશોના ઝુલ્મો પર ઘણી જ સબ્ર કરે છે અને ધીરજ ધરે છે. તેમજ એ વાત પુરી રીતે મહેસુસ કરે છે કે આ તે સજાથી ઘણી જ ઓછી સજા છે કે જે તેને પોતાના ગુનાહોના કારણે મળવી જોઇએ.

★હઝરત સાલેહ મુરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવે છેકે, ‘‘જ્યારે લોકોનું બાતિન અને જાહેર એકસમાન ન હોય તો તેણે જોઈએ કે જે પ્રકારની પણ મુશીબતો અને આફતો તેની ઉપર નાઝીલ થાય તેને નવાઇજનક ન સમજે.’’(કારણકે,આ વગર કારણે આવેલી મુસીબત નથી કે તેની પર નવાઇ લાગે બલ્કેઆ તેની બદઆમાલીઓના જ કારણે છે.)

★હઝરત મોહંમદબીન યુસુફ(રહેમતુલ્લાહ અલયહ)ના ભાઇએ તેઆને પોતાના દેશ(મુલ્ક)ના હાકીમોના ઝુલ્મોની ફરિયાદ કરતાં એક પત્ર લખ્યો. તો હઝરત મોહંમદ બીન યુસુફ(રહેમતુલ્લાહ અલયહ) એ તેઓને આ શબ્દોમાં પ્રત્ત્યુત્તર આપ્યો. ‘‘ અમને તમારો પત્ર મળ્યો મારા ભાઇ તમારાથી એ વાત છુપી નથી કે જે વ્યક્તિએ ગુનાહ કર્યો છે તેનો એ અધિકાર નથી કે તે સજાની સંભાવના પર કશો એતરાઝ કરે જે મુસીબતમાં તમે ફસાયેલા છો તેને માત્ર ગુનાહોની જ ફરિયાદ સમજું છું.’’ વસ્સલામ....

★ખલીફા હારૂન રશીદે એક વ્યક્તિને ખોટી રીતે કૈદકરી લીધો. તો તેણે તેઓને આ શબ્દોમાં એક પત્ર લખ્યો, ‘‘હે હારૂન, તું સમજી લે કે મારી કેદ અને મારી તકલીફનો જે દિવસ પસાર થઇ રહ્યો છે એ જ રીતે તારી જીંદગી અને તારા એશો-આરામનો પણ એક દિવસ પસાર થઇ રહ્યો છે અને એ વાત ઘણી નજીક છે જરા પણ દુર નથી (ઘણા નજીકના સમયમાં મારી મુસીબત અને તારા એશો-આરામનો યુગ સમાપ્ત થઇ જશે)અને અલ્લાહત્આલા મારી અને તારી વચ્ચે ફૈંસલો કરી દેશે.’’ રિવાયત કરનાર કહે છે કે, ‘‘જ્યારે હારૂન રશીદે આ પત્ર વાંચ્યો તો તરત જ તેને છોડી મુકયો અને તેની સાથે કંઇક સારો સુલુક પણ કર્યો.’’

★હઝરત ઈબ્નુલ્સીમાક(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ‘‘જ્યારે તમે એવાં આમાલોમાં મશગુલ થઇ જાવ કે જે તમારો પરવરદીગાર પસંદ નથી કરતો અને પછી પોતાની વિવશતા જાહેર કરતાં એવું કહો કે, અલ્લાહત્આલાએ તેને તકદીરમાં લખી દીધું હતું જેમાં અમારો કોઇ વાંક નથી. તો તમે પોતાના હાકીમને પણ મજબુર માનો કારણકે ઝુલ્મ તે તમારી ઉપર કરે છે તેને પણ અલ્લાહ ત્આલાએ જ તેની તકદીરમાં લખેલ છે કારણ કે તેઓ પૈકી દરેક શખ્સ એવી જ દિલીખ્વાહિશ ધરાવે છે કે તેઓ તમારા પૈકી કોઇની

ઉપર પણ ઝુલ્મ ન કરે. પરંતુ તમારા આમાલો જ તમારી ઉપર ઝુલ્મ કરવાનું કારણ બની જાય છે.'' (કારણકે તમે જ્યારે બુરા આમાલો કરોછો તો અલ્લાહત્આલા તમારી સઝા માટે તેઓને ઝાલીમ બનાવી દે છે હવે જો તકદીરે ઈલાહી તમારા માટે મજબુરી છે, તો હાકીમો માટે પણ મજબુરી છે અને જો હાકીમો માટે નથી અને તમે પણ માનો છો કે નથી તો પછી તકદીરે ઈલાહી તમારા માટે પણ મજબુરી નથી. એટલે કે તમારે પણ બુરા કાર્યો છોડી દેવા જોઈએ.)

⋆હઝરત વહબ બીન મમ્બાહ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવે છે કે, ''જ્યારે હાકીમ ઝુલ્મ કરવાનો ઈરાદો કરે છે, તો હક્કત્આલા તેની રૈયતમાં તંગી નાંખી દે છેત્યાં સુધી કે બઝારોમાં, રોઝીઓમાં, ખેતરોમાં, ફળોમાં અને આંચળોમાં(દુધમાં)એટલે કે દરેક વસ્તુમાં અછત પૈદા કરી દે છે.''(કહેવાનો અર્થ એ છે કે હાકીમોના ઝુલ્મથી રૈયતમાં પણ કમી આવી જાય છે એ રીતે કે પૈદાઈશ ઓછી થઈ જાય છે, મરણો વધી જાય છે અને બઝારોમાં અછત વર્તાવા લાગે છે અને ઉત્પાદનમાં ઓછપ આવી જાય છે તેમજ જાનવરોના દુધ સુકાય જાય છે)

⋆હઝરત અબુલ્આલીયાહ(રહેમતુલ્લાહ અલયહ)એક દિવસ હારૂન રશીદની પાસે ગયા તો તેને એ નસીહત ફર્માવી કે, ''મઝલુમની બદદુઆથી બચ કારણકે અલ્લાહત્આલા તેને રદ કરતો નથી. પછી ભલેને તે બદકારની જ તરફથી હોય.'' અને એક રિવાયત માં છે કે, ''ભલેને તે કાફીરની જ તરફથી હોય.''

તો આ રીતે હે મુસલમાનભાઈ ! (તું પણ તારા નફસ અને તારા અંગોનો હાકીમ છો માટે) હવે તું તારા દિલમાં વિચાર કે તેં તેનાથી પોતાના એકાંતમાં પોતાની રૈયત એટલે કે નફસ અને તેના અંગોનો હક્ક અદા ક્ર્યો છે અને એ એવી રીતે કે તેં તેનાથી રઝાએ-ઈલાહીનું કાર્ય લીધું છે અને તેને નાફરમાનીઓથી રોક્યો છે, કે પછી તેં તારા નફસ અને પોતાના અંગો સાથે ખયાનત કરી છે. (માટે વિચારવાની જરૂરત છે)કારણકે, દરેક નિગેહબાનને તેની નિગેહબાની નીચે આવતી વસ્તુ સંબંધે પૂછપરછ કરવામાં આવશે.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

⋆(૮) ઈસ્લામનું સન્માન

કામીલપીરો અને સુફીયાએ કિરામના સદ્ગુણો પૈકી એક એ પણ છેકે, ''જ્યારે હક્કત્આલાની કોઈ એહતરામને લાયક ચીઝ (જેમ કે અહેકામ વગેરે)ની હાંસી ઉડાવવામાં આવે તો તેઓને ખુદા માટે અને પવિત્ર શરીઅતની મદદ માટે ગૈરતરૂપી જુસ્સો હોય છે.'' અને આ કારણસર જ તેઓ કોઈ કાર્ય

નથી કરતાં અને ન તો કોઈની સંગત અપનાવે છે ત્યાં સુધી કે તેઓ જાણી ન લે કે તેમાં ખુદાની રઝા(પ્રસન્નતા)છે. અને એટલા માટે જ તેઓ કોઈની સાથે ન તો દુન્યવી સ્વાર્થ માટે દોસ્તી રાખે છે અને ન તો દુશ્મની (અને આ જ તેઓના ઈમાનની એક મજબૂત દલીલ છે) કારણકે, હદીષશરીફમાં આવ્યું છે કે,''*<u>ખુદા માટે મોહબ્બત અને ખુદા માટે અદાવત ઈમાનના બે મજબૂત સ્તંભો છે.</u>*'' માટે જો કોઈ વ્યક્તિ તમામ જીન્નાતો અને ઈન્સાનોની ઈબાદતો બરાબર પોતાના પાલનહારની ઈબાદત સવાબના ઈરાદાથી કરે અને તે રઝાએ ઈલાહીથી ગાફીલ હોય તો તે સુફીયોનાં તરીકાથી ફેંકાય ગયેલો છે.

(કારણકે સુફીયાએ કિરામની નજીક દરેક કાર્યની પાછળનો હેતુ રઝાએ ઈલાહી અને અલ્લાહત્આલાની ઝાત છે અને તેના થકી તેના ઈન્આમાતોનો ફાયદો ઊઠાવવો છે, જ્યારે મજકુર વ્યકિતએ <u>મકસુદ-બીઝ્ઝાત</u>નો છેદ ઉડાડીને માત્ર ફાયદાને જ <u>મકસુદ બીઝ્ઝાત</u> બનાવી લીધેલ છે માટે તે આ તરીકાથી દુર ફેંકાય ગયો છે.)

⋆હઝરત અબ્દુલ્લાહબીન મસ્ઉદ(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવે છે કે, '' જ્યારે કોઈની સાથે તારો મેળ-જોળ હોય તો તું તેને એ ન પૂછ કે તને મારાથી મોહબ્બત છે કે નહીં? બલ્કે ખુદ પોતાના દિલને ફંફોસ અને જો કે તારા દિલ અને તારા નફસમાં તેના માટે શું છે ? (શું મોહબ્બત છે કે બીજું કંઈ છે ?) કારણકે જે તારી અંદર હશે તે બિલ્કુલ એવું જ હશે જેવું કે તેની અંદર છે.'' (હવે જો તારી અંદર મોહબ્બત હશે તો તેની અંદર પણ મોહબ્બત હશે અને જો બીજું કાંઈ હશે તો તેની અંદર પણ બીજું કાંઈક જ હશે.)

⋆હઝરત અબુ હુરૈરાહ(રદીયલ્લાહો ત્આલા અન્હો)ફર્માવતા હતાં કે, ''કયામતના દિવસે એક વ્યકિતને ખુદાએત્આલાની સામે લાવવામાં આવશે અને અલ્લાહત્આલા તેને ફર્માવશે કે શું તે ખાસ મારા માટે(કોઈપણ જાતના પોતાના સ્વાર્થ વિના) કયારેય કોઈ દોસ્ત સાથે દોસ્તી કરી છે કે હું તને તેના હવાલે કરી દઉં. (અને તે તને જન્નતમાં લઈ જાય.)'' તમારે આ હદીષથી સબક હાંસીલ કરવો જોઈએ અને નેક લોકોથી મોહબ્બત કરવી જોઈએ અને પોતાને તેના અહેસાનાતોનો હક્કદાર બનાવવો જોઈએ કારણકે જો કે આજ તે તમારી સાથે કશી ભલમનસાઈ કરવાને પાત્ર નથી, પરંતુ ક્યામતમાં તેનો દબદબો હશે ત્યારે તેઓ તમને કેટલાય ફાયદાઓ પહોંચાડી શકે છે.

તો આ છે અલ્લાહવાળાઓની ઈસ્લામ માટેની ગૈરત તેઓનો દરેક અમલ અલ્લાહની રઝા માટે જ હતો. તેઓએ કોઈપણ મામલામાં કયારેય પણ દુન્યવી ગરઝો કે ખ્વાહિશાતોને પ્રાધાન્ય આપ્યું નથી પરંતુ દરેક મામલામાં માત્ર અને માત્ર અલ્લાહની રઝા ને જ મહત્ત્વ આપ્યું છે.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૯) દુનિયાથી નિર્લેપતા

કામીલ પીરો અને સુફિયાએ બાસફાના અખ્લાકો પૈકી એક એ પણ છે કે તેઓ હસે છે ઓછું અને દુનિયાની કોઇ ચીઝથી ખુશ થતાં નથી બલ્કે દુનિયાનો જે કંઇ સાજો-સામાન પણ તેઓને પ્રાપ્ત થાય છે ચાહે તે કપડાંઓ હોય, કે સવારીઓ હોય કે બીવીઓ હોય કે મનસબો હોય તેનાથી તેઓ દુનિયાદારની રીતથી વિરુદ્ધ રીતે તંગી અનુભવે છે. એવા ભયના કારણકે કદાચ તે આખેરતની નેઅ્મત હોય; જે તેને દુનિયામાં જ આપી દેવામાં આપી હોય અને તેના કારણે તેઓ આખેરતની નેઅ્મતોથી વંચિત થઇ જશે. અને એ સિવાય દુનિયામાં ખુશીનો કોઇ મોકો પણ નથી; કારણકે મોમીન દુનિયારૂપી કૈદખાનામાં જકડાઇને દિદારે ઇલાહીથી વંચિત છે અને તે વ્યક્તિ કેવી રીતે ખુશ થઇ શકે છે કે જે કૈદખાનામાં જકડાઇને દિદારે ઇલાહીથી વંચિત હોય.

આથી જે રીતે કોઇ વ્યક્તિને ઘર જવાથી કે ઘરના લોકો સાથે મળવાથી રોકી દેવામાં આવે છે, અને તેના કારણે તેઓ રંજો-ગમમાં ડુબેલા હોય છે એ જ રીતે આ લોકો પણ રંજો-ગમમાં ઘેરાયેલા હોય છે, કારણકે અલ્લાહવાળાઓને પોતાની લાંબી ઉમ્ર અને દુનિયામાં જકડાઇને દિદારે ઇલાહીથી વંચિત રહેવાનો ગમ હોય છે.

★હદીષ શરીફમાં છે કે, "જનાબ રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)ફર્માવ્યું, કસમ છે એ ઝાતની જેના કબ્ઝામાં મારી જાન છે જો તમને એ વાતની જાણકારી હોત જે હું જાણું છું તો તમે થોડું હસતાં ખૂબ રડતાં અને તમને ઔરતોની સાથે બિસ્તર પર મઝા ન આવતી અને તમે ખુદાત્આલાથી ફરિયાદ કરતાં કરતાં રસ્તાઓ પર નીકળી પડતાં." (અને જેનું મોઢું જે તરફ ઊઠતું ગભરાહટના કારણે એ જ તરફ ભાગતો.)

★હઝરત અબ્દુલ્લાહ બીન મસ્ઉદ(રદીયલ્લાહો ત્આલા અન્હો) ફર્માવતા હતાં કે, "મને હસવાવાળાઓ પર નવાઇ લાગે છે (કે તેઓ કઇ રીતે ખુશ થાય છે) જો કે તેની સામે મૌત પણ છે ?"

★હઝરત અનસ બીન માલીક(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, "મજલીસમાં દરેક ખૂબ હસવાવાળાની સાથે એક શૈતાન હોય છે જે તેને આખેરતથી ગાફીલ કરીને હસવા માટે પ્રોત્સાહીત કરે છે."

★એક દિવસ હઝરત મઆઝાહ અદવીયા(રદીયલ્લાહોત્આલા અન્હો) એવા જવાનો પાસેથી નીકળ્યા કે જઓએ સુફ (ઉન)નો લિબાસ પહેરેલો હતો અને હસી રહ્યા હતાં તો આપે ફર્માવ્યું, "અજીબ વાત છે કે

લિબાસ તો નેક લોકોનો છે અને હસવું ગાફીલોની જેવું."

★હઝરત વહબ બીન અનવર(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતા હતાં કે, "વ્યર્થ હસવું એ છે કે જેમાં માત્ર દાંત ખુલી જાય અને અવાજ સંભળાય અને ફુઝુલ ખર્ચી વિનાનો ખોરાક એ છે કે જેના વડે ભુખ રોકાય જાય અને પેટ ન ભરાય."

★હઝરત અબ્દુલ્અઝીઝ બીન અબી દાઉદ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતા હતા કે, "જ્યારે સાહબાએ કિરામમાં હંસી મઝાક જાહેર થઇ તો હક્કત્આલાએ આ આયત નાઝીલ ફર્માવી કે, *અલમ યઅ્ને લીલ્લઝીન આમનુ અન તખ્શઅ કોલુબોહુમ લે ઝીક્રીલ્લાહ.* **(અર્થાત્:-** શું મુસલમાન માટે હજુ એ સમય નથી આવ્યો કે ખુદાની યાદ વડે તેઓના દિલ કંપી ઉઠે.) આ સાંભળીને તેઓએ હંસી મઝાક છોડી દીધી અને તેઓ ડરી ગયા.

તો હે અઝીઝ, આ બધા વાકેઆતોનો નિચોડ એ છે કે એહલુલ્લાહ અને ગૈર-અહેલુલ્લાહ વચ્ચેનો તફાવત માત્ર બે વાતો છે *(૧) આખેરત તરફ ધ્યાનીત થવું અને *(૨)તેના વાકેઆતો માટે તૈયાર રહેવું; તો જેમાં જેટલી હદે આ બે વાતો જોવા મળશે એટલી જ હદે તેનો સમાવેશ અહેલુલ્લાહમાં થશે અને જેમાં જેટલી હદે આ વાતો નહીં હોય એટલી જ હદે તેની ગણત્રી અહેલુલ્લાહમાં નહીં થાય. તો હવે હે ભાઇ, તું પોતાના નફ્સ અને આ ભુલો અને ગફલતો પર ચિંતન-મનન કર અને જે રૂકાવટો કુર્બે ઇલાહી હાંસિલ કરવા માટે તારી અંદર છે તેનાથી અસ્તગ્ફાર અને આહોઝારી કર તેમજ તેને દુર કરવા માટે ભરપુર કોશીશ કર. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૧૦) આખેરતનું આકર્ષણ

કામીલપીરો અને એહલે તસવ્વુફના સદ્ગુણો પૈકી એક એ પણ છેકે તેઓ દુનિયા પર આખેરતને પુરેપુરી ફઝીલત આપનારા હતાં. જ્યારે તેઓને કોઇ એવા કાર્યમાં ફસાઇ જવાનો ભય લાગતો કે જેના કારણે ખુદા તેનાથી નારાજ થાય તો તેઓ મૌતની આરઝુ કરતાં હતાં.

★હઝરત આબીસ ગફ્ફારી(રદીયલ્લાહો અન્હો)તાઉન (વબા-પ્લેગ)ના ઝમાનામાં ફર્માવતા હતાં કે, "હે તાઉન, મને લઇ લે." અને આવુ વારંવાર ફર્માવતા હતાં જે સાંભળીને તેઓના એક પીતરાઇ ભાઇએ કહ્યું કે, 'હે આબીસ મેં રસુલુલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી સાંભળ્યું છે કે,આપ ફર્માવતા હતાં કે, "કોઇ વ્યક્તિ તમારા પૈકી મૌતની તમન્ના ન કરે, કારણકે તેના કારણે તેના કુટુંબીજનો(આપ્તજનો)જુદા થાય છે અને આ જુદાઇના કારણે તેઓને તકલીફ થાઇ છે." માટે આદમીએ પોતાના ઇખ્તિયાર વડે કોઇ એવું કાર્ય ન કરવું જોઇએ કે જેના કારણે બીજાઓને અને ખાસ કરીને

આપ્તજનોને તકલીફ થાઇ; જયારે કે તે શરીઅતની દ્રષ્ટીએ આ વાત પેટે જવાબદાર નથી. તો પછી તમે (હુકમે નબીની વિરુદ્ધ) આવું શા માટે કરો છો?'' જેના જવાબમાં હઝરત આબીસે કહ્યું કે, મેં પણ એવું જ સાંભળ્યું છે પરંતુ હું એ કારણોસર એવું કરું છું કે મને એ વાતનો ડર છે જેના વિશે મેં હુઝુર નબીએ કરીમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી સાંભળ્યું છે કે, ''તેઓ આ વાતનો પોતાની ઉમ્મત પર ભય રાખતા હતાં કે *(૧) બેવકુફ અને મુર્ખ લોકોની હુકુમત *(૨) પુષ્કળ પ્રમાણમાં શરતો *(૩) હિકમતોનું વેંચાણ *(૪) સબંધીઓથી રિશ્તો કાપવો *(૫) ખુન કરવાને બિલ્કુલ સામાન્ય વાત સમજવી *(૬) એ ગાયક (રીંદ) જે ***કુર્આન*** ને રાગ બનાવશે એટલે કે નમાઝમાં એવા લોકોને આગળ વધારશે જેઓ દીની હૈસીયતથી સાફ બયાન નહીં હોય (એટલે કે સારુ પઢવાવાળો નથી હોતો કે તે આગળ વધવા માટે હક્કદાર હોય) બલ્કે તેઓ તેને એટલા માટે આગળ વધારશે કે તેઓને ગાયન સંભળાવી દે.'' (અલ્લાહની પનાહ)

★ હઝરત અબુદરદા(રદીયલ્લાહોત્આલા અન્હો)ફર્માવતાં હતાં કે, ''ચાહે કોઇ મોમીન હોય કે કાફીર દરેકમાટે મૌત બેહતર છે.'' (મોમીન માટે એટલેકે તેને આખેરતની નેઅ્મતો મળશે) આખેરતની નેઅ્મતો અંગે ફર્માને ઇલાહી છે કે, *વમા ઈન્દલ્લાહે ખયરુલ્લીલ્અબરાર.* એટલે કે, ''ખુદાની પાસે જે નેઅ્મતો છે તે નેક લોકો માટે બહેતર છે.'' અને કાફીર માટે અલ્લાહત્આલા ફર્માવે છેકે, ''અમે તેને એટલા માટે મોહલત આપી છે કે જેથી તે વધુ ગુનાહ કરે અને તેના માટે આખેરતમાં રૂશ્વા કરનારો અઝાબ છે.'' આ કારણોસર તેનું જલ્દી મરી જવું ઓછા ગુનાહોનું કારણ બનશે માટે મૌત તેના માટે પણ બહેતર છે.

★ હઝરત સુફીયાન સૌરી(રહેમતુલલાહત્આલા અલયહ) ફર્માવતા હતાં કે, ''એક એવા જમાનો હતો કે તેમાં આપણા મશાઇખો મૌતની આરઝુ કરતા હતાતો મને તેની નવાઇ લાગતી હતી(કેતેઓ શા માટે આવી આરઝુ કરે છે?) અને હવે નૌબત ત્યાં સુધી પહોંચી છે કે હવે હું તે લોકો પર તાઅ્જ્જુબ કરું છું કે, જેઓ મૌતને પસંદ નથી કરતા.''

(કહેવાનો હેતુ એ કે આ યુગમાં અને આગળના યુગમાં જમીન આસમાન જેટલો ફરક આવી ગયો છે.એ યુગ એવો હતો કેજેમાં જીંદગી મૌતથી સારી હતી અને જે યુગ હવે છે એ એવો છે કે તેમાં મૌત જીંદગીથી સારું છે.)

★ હે અઝીઝ, અહીં તું વિચાર કે હઝરત સુફીયાન સૌરી (રહેમતુલ્લાહ અલયહે)નો યુગ આજથી ૧૦૦૦ વર્ષ પહેલાંનો યુગ છે જેના માટે આપ ફર્માવે છે કે, ''હવે હું એ લોકો માટેતાઅ્જ્જુબ ક્રું છું કે જેઓ મૌતને પસંદ નથી કરતા

'' તો જયારે આજથી ૧૦૦૦ વર્ષ પહેલાંનો યુગ જો એવો હોય કે તેમાં મૌત જીંદગી કરતાં સારું હોય તો આજના આ હળાહળ જુઠાણાઓ અને તુત-ફતુરોના યુગમાં તો જીંદગી કરતા મૌત કેટલી હદે સારી હશે ? કાશ, હઝરત સુફીયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)આ યુગમાં મૌજુદ હોત તો તેના માટે શું ફર્માવતા?

★ હઝરત અબ્દુલ્લાહ બીન મસ્ઉદ(રદીયલ્લાહો ત્આલા અન્હો) ફર્માવતા હતાં કે, ''દુનીયાનો સાફ સુથરો યુગ સમાપ્ત થઇ ચુક્યો તેમજ ગંદો અને ખરાબ યુગ રહી ગયો. એટલા માટે આજકાલ દરેક મુસલમાન માટે મૌત તોહફાની જેમ પસંદ કરવા લાયક છે.''

★ હઝરત ઉમર બીન અબ્દુલઅઝીઝ(રદીયલ્લાહો ત્આલા અન્હો) ફર્માવતા હતાં કે, ''હું એ વાત પસંદ નથી કરતો કે મને મૌતની સખ્તીઓમાં જરા પણ રાહત આપવામાં આવે કારણકે તે એવી અંતિમ વસ્તુ છે, જેની ઉપર મોમીનને બદલો આપવામાં આવશે.'' (અને ત્યાર પછી કોઇ એવી ઘટના તેની સામે ઘટીત થવાની નથી કે જેના પર બદલો આપવામાં આવે એ સમયે જેટલો બદલો મળી જાય ગનીમત છે.)

★ હઝરત અબુ દરદા(રદીયલ્લાહોત્આલા અન્હો)ફર્માવતા હતાં કે, ''કોઇ ભાઇએ મને આજ સુધી એવો હદિયો નથી મોકલ્યો જે સલામ થી વધુ સારો હોય અને કોઇ ભાઇ વિશે મને કોઇ એવા સમાચાર નથી મળ્યાં કે મને તેનાં મૌતના સમાચારથી વધુ પસંદ હોય.'' (બલ્કે તેની મૌતની ખબર તેની બીજી બધી ખબરોથી વધુ પસંદ કરવાને પાત્ર છે.)

★ હઝરત લુકમાન(અલયહીસ્સલામે) પોતાના સાહબઝાદાને ફર્માવ્યું કે, ''બેટા, મેં વજનદાર પત્થરો પણ ઉંચક્યા છે. અને લોખંડ પણ ઉપાડયુ છે. પરંતુ મે કર્ઝથી વધુ કોઇ વસ્તુ વધુ વજનદાર ન જોય. અને મેં ઉમદા ખાણાં પણ ખાધા છે તેમજ હસીનોથી (બીવીઓ)હમ આગોશ પણ થયો છું, પરંતુ આફીયત(આરામ)થી વધુ મઝેદાર વસ્તુ એક પણ નથી જોય અને મેં દરેક પ્રકારની કડવાશ ચાખી છે પરંતુ લોકોની પાસે પોતાની જરૂરત લઇ જવાથી વધુ અન્ય કોઇ વસ્તુ કડવી જોય નથી.''

★(૧૧) ખૌફ તેમજ ખશીય્યતે ઈલાહી

કામીલ પીરો અને અલ્લાહવાળાઓના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે આ હઝરાતો પોતાની પ્રારંભીક હાલતમાં તેમજ સુલુકની મંઝીલો પાર કર્યા પછી અંતિમ હાલતમાં એમ બંને હાલતમાં ખુદાત્આલાથી બેહદ ડરે છે, પરંતુ બંને હાલતમાં ફર્ક એ છે કે પ્રારંભીક હાલતમાં તો ગુનાહ અને અઝાબોના કારણે ડરે છે અને અંતિમ હાલતમાં અઝમત તેમજ જલાલે ખુદાવંદીના કારણે ખોફ હોય છે. કારણકે જયારે તેને અઝમત અને જલાલે ખુદાવંદીના દિદાર

થાય છે તો તેના મુકાબલામાં તેઓ પોતાની ઈબાદતોને બિલ્કુલ હલ્કી સમજે છે અને પોતાને સરાપા ગુનેહગાર સમજે છે અને આ જ કારણસર ડરે છે. અને આ બંને હાલતો માટે જરૂરી છે પોતાના કસુરો માટે પ્રશ્ચાતાપ.

★ હઝરત અબુસઈદ ખુદરી(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવે છે કે, ‘‘ચાર વસ્તુમાં જ્યારે આદમી અતિરેક કરે છે તો તે તેને ગારત(તબાહ્) કરી દે છે અને તેના હોશ હવાસ ને ગુમ કરી દે છે (૧) જિમાઅ્(સંભોગ)ની અધીકતા (૨)શિકાર (૩)જુગાર અને (૪) ગુનાહ.’’

★ હઝરત અબુ તુરાબ નખ્શી(રહેમતુલ્લાહ ત્આલા અલયહ) ફર્માવતા હતાં કે, ‘‘જ્યારે આદમી ગુનાહ છોડી દેવાનો મજબુત ઈરાદો કરી લે છે, તો અલ્લાહત્આલાની મદદ તેને દરેક તરફથી મળે છે અને અલ્લાહત્આલા તેને ગુનાહ છોડવા માટે દરેક રીતે મદદ કરે છે. અને દિલ કાળુ પડી જવાની ત્રણ નિશાનીઓ છે. (૧) તો એકે ગુનાહોથી ગભરાહટ ન થાય (૨) એ કે ઈબાદત માટે દિલમાં જ્ગ્યા ન હોય અને (૩) એ કે નસીહત દિલમાં ગભરાહટ પૈદા ન કરે.’’

★ હઝરત અબુ મોહંમદ મરોઝી(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતા હતાં કે, ‘‘ઈબ્લીસ પાંચ ટેવોને કારણે બદબખ્ત થઈ ગયો (૧) તો એક કે તેણે પોતાના ગુનાહનો સ્વીકાર ન કર્યો (૨) એ કે તેને તેની ઉપર પ્રશ્ચાતાપ ન થયો (૩) એ કે તેણે પોતાની ઉપર મલામત(ફીટકાર)ન કરી (૪) એ કે તેણે તૌબાહ્ની તરફ પહેલ ન કરી અને (૫) એ કે તે ખુદાની રહેમતથી નાઉમ્મીદ થઈ ગયો.’’ તેઓએ એ પણ ફર્માવ્યું કે, ‘‘તેનાથી ઉલ્ટુ હઝરત આદમ અલયહી-સ્સલામની હાલત છે કારણકે તેઓ પાંચ ખસ્લતોને કારણે નેકબખ્ત બન્યાં *(૧)એ કે તેઓએ પોતાનો ગુનાહનો સ્વીકાર કર્યો *(૨)એ કે તેઓને એ વાત પર પસ્તાવો થયો*(૩)એ કે તેઓએ આ વાત પર પોતાનો ફીટકાર વરસાવ્યો *(૪)એ કે તેઓએ જલ્દીથી તૌબાહ્ કરી *(૫)એ કે તે રહેમતે ખુદાવંદીથી નાઉમ્મીદ ન થયાં.’’

★ હઝરત જાફર બીન મોહંમદ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ‘‘અલ્લાહત્આલા જેને ગુનાહોની ઝિલ્લતમાંથી બહાર કાઢે છે તેને માલ વગર જ ગની કરી દે છે(એટલે કે તેના દીલમાં બેનિયાઝીનો(બેપરવાઈનો) ગુણ પૈદા કરી દે છે)તેમજ કબીલા કે કુટુંબ વગર જ ગલ્બો અતા કરે છે તેમજ પોતાનામાં મશગુલ કરીને આદમીઓ વગર જ તેનું દિલ બહેલાવે છે.’’

★ હઝરત હસન બસરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતા હતાં કે, ‘‘ખુદા પોતાના નાફરમાનને દુનીયા તેમજ આખેરતમાં લોકોની સામે ઝલીલ કર્યા વગર નહી રહે અને જો કોઈ રાતના અંધકારમાં પણ ગુનોહ કરે તો તેની

ઝીલ્લત સવારના સમયે જરૂર તેના ચહેરા પર જાહેર થઈ જાય છે.જેને દ્રષ્ટીવાળા(આંતરીક દ્રષ્ટીવાળા) મહેસુસ કરી લે છે.’’

હઝરત ફુઝૈલ બીન અયાઝ(રહેમતુલ્લાહ અલયહ) અલ્લાહ ત્આલાનો કૌલ, *..લાયોગાદેરો સગીરતવ્વ કબીરતન ઈલ્લા અહસાહા..* સબંધે ફર્માવતા હતાં કે, ‘‘તમે લોકો કબીરા ગુનાહોથી પહેલાં સગીરા ગુનાહોથી હોંશમાં આવો(કારણકે મજકુર આયતે કરીમામાં સગીરાથી બચવું કરતાં કબીરાથી બચવાને અગ્રીમતાં આપવામાં આવી છે જેનો મકસદ એ છે કે સગીરાઓથી બચવા માટેની તૈયારી કબીરાથી વધુ હોવી જોઈએ કારણકે લોકો તેને તદ્દન મામુલી સમજે છે અને તેનાથી જરા પણ એહતિયાત કરતાં નથી અને આ બે એહતિયાતીના કારણે તેઓ ગુનાહમાં સપડાઈ જાય છે. જ્યારે કબીરા ગુનાહોથી તો મોટાભાગના એહલે ઈસ્લામ સાવચેતી રાખે છે.’’

★ હઝરત અવામ બીન હોશબ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતા હતાં કે, ‘‘ગુનાહ પછી ચાર વાતો અપનાવવી ગુનાહથી પણ ખરાબ છે. (૧) એ કે ગુનાહોથી માત્ર મૌખીક અસ્તગફાર કરે છે અને તેને છોડવાનો મક્કમ ઈરાદો નથી કરતાં (૨) હુકમે ખુદાવંદી થી ધોકો ખાય છે એટલે કે ગુનાહ પર દુનીયામાં કોઈ સજા મળતી નથી, તો ગુનાહ કરવાથી રોકાતા નથી (૩) ગુનાહોથી તૌબાહ્ નથી કરતાં પરંતુ વારંવાર ગુનાહ કરે છે અને (૪) એ કે જ્યારે ગુનાહ પછી કોઈ નેક કાર્ય કરી લે છે તો ખુશ થઈ જાય છે કે તેના વડે અમારા ગુનાહ માફ થઈ ગયા જો કે આ તેની બહુ જ મોટી ભુલ છે. કારણકે ક્યારેક અલ્લાહ-ત્આલા માત્ર જરૂરી ઈબાદત વડે આગળના ગુનાહ માફ નથી કરતો બલ્કે તેના માટે સતત તૌબાહ્ની જરૂરત છે.’’

★ હઝરત બશર હાફી(રહેમતુલલાહ અલયહ)ફર્માવતા હતાં કે, ‘‘એક સમય અમે એવો જોયો છે કે જેમાં લોકો પહાડો જેવાં નેક કાર્યો કરતાં અને છતાં પણ તેઓ સુસ્ત થતાં ન હોતાં(અને અમલ બરાબર ચાલુ રાખતા)અને એક સમય અમે એ પણ જોઈ રહ્યા છીએ કે તમારી પાસે આમાલ બિલ્કુલ નથી છતાં પણ તમે સુસ્ત છો (અને અમલો માટે પ્રયત્નો નથી કરતાં)ખુદાની કસમ આપણી વાતો તો તારીકુદ્દુનીયા(દુનીયા ત્યાગ કરનાર) લોકો જેવી છે પરંતુ આપણા કાર્યો સરકશો અને મુનાફીકો જેવા છે.’’(કેટલી હદે અફસોસની વાત છે.)

તો આ રીતે હે ભાઈ ! તું આ વાતોને સારી રીતે સમજી લે અને ખબરદાર જ્યારે તને ગુનાહ કરવાની એક અવધી પસાર થઈ જાય તો ત્યારે પણ તું અસ્તગ્ફારમાં જરાય સુસ્તી કે આળસ ન કર કારણકે તને ગુનાહનું તો યકીન છે અને તેની માફીમાં શંકા. અને યકીનને આ રીતે શંકાના આધારે

નજર અંદાજ કરવું બેવકુફી છે. તો તું રાત-દિવસ અસ્તગ્ફારમાં લાગી જા.

★(૧૨) બંદાના હક્કો અદા કરવાની ઉત્કંઠા

કામીલપીરો અને સુફીયાએ બાસફાના સદ્દ્ગુણો પૈકી એક એ પણ છે કે, તે લોકો ખુદાથી અત્યંત ડરે છે; કે કદાચ અનાયાસે જ ખુદા તેઓના ગુનાહો પર અઝાબ દે જેને તેઓએ પોતાના નફ્સ ઉપર જોર ઝુલ્મ કરીને કે બીજાઓના હક્ક મારીને સાદર કર્યા છે. ભલેને પછી આ હક્ક મારવાનો સબંધ માત્ર એક ખિલાલ કરવાની સળી કે નાની એવી સોય જ સાથે હોય. ખાસ કરીને તેઓ પૈકી કોઇ એવો હોય છે કે જેની દ્રષ્ટીમાં પોતાના નેક અમલો ખુબજ ઓછા હોય છે તો તેને વધુ ખૌફ અને બેચૈની થાય છે કારણેકે (તેઓની દ્રષ્ટીમાં) તેઓની પાસે નેકીઓ પણ નથી હોતી જેને ક્યામતમાં દાવેદારોને આપી દે અને એવું પણ બની શકે છે કે એક મઝલુમ ક્યામતના દીવસે લાલચ કરે અને માલ કે આબરૂની હક્ક તલ્ફી અથવા તો એક થપ્પડના બદલામાં ઝાલીમના તમામ નેક આમાલો લીધા પછી પણ રાજી ન થાય(તો એ પરિસ્થિતિમાં તો જેટલી પણ નેકીઓ હોય ઓછી છે અને દરેક વ્યક્તિ માટે ડરવું જરૂરી છે ચાહે તેની પાસે વધુ નેકીઓ હોય કે ઓછી.)

★ હદીષ શરીફમાં આવ્યું છે કે, જનાબે રુસલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ફર્માવ્યું છે કે, "શું તમે જાણો છો કે ક્યામતના દિવસે મારી ઉમ્મતમાં સૌથી વધુ મુફલીસ કોણ હશે?" લોકોએ અર્ઝ કરી કે, "હુઝુર, અમે તો મુફલીસ તેને સમજીએ છે કે જેની પાસે ન રૂપિયા હોય ન અશરફી કે ન તો સરોસામાન" (તેનાથી વધુ અમે જાણતાં નથી) તો આપે ફર્માવ્યું કે, "મુફલીસ એ છે જે ક્યામતમાં નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ લઇને આવશે અને તેણે કોઇને ગાળ આપી હશે, કોઇનો માલ ખાધો હશે, કોઇનું ખુન વહેવડાવ્યું હશે, કોઇને માર્યા હશે અને આ જ કારણે તેની કેટલીક નેકીઓ એકને આપી દેવામાં આવશે કેટલીક બીજાને અને પછી તેની નેકીઓ હક્કની અદાયગી કર્યા પછી પુરી થઇ જશે તો મઝલુમોના ગુનાહ લઇને તેની ઉપર નાંખી દેવામાં આવશે."

(તો આ રીતે ક્યામતના દિવસે ઉમ્મતના સૌથી મુફલીસ લોકો આ પ્રકારના બંદાઓના હક્કમારવાવાળા અને ઝુલ્મ કરનારાઓ હશે, ભલેને તે પછી તેઓની પાસે પહાડો જેટલી નેકીઓ હોય.)

★ હઝરત વહબ બીન મમ્બાહ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવે છે કે, "બની ઈસ્રાઈલના એક યુવાને તમામ ગુનાહોથી તૌબાહ્ કરી લીધી અને અલ્લાહની ઈબાદત કરવા લાગ્યો. અને સીતેર(૭૦) વર્ષ સુધી આ જ રીતે ઈબાદત કરી કે દિવસે રોઝુ રાખતો અને રાત્રે શબ-બેદારી કરતો અને ન તો

ક્યારેય છાયામાં આરામ કરતો હતો અને ન તો સ્વાદીષ્ટ ભોજન લીધું પછી જ્યારે તેનો ઈન્તિકાલ થઇ ગયો તો તેના કોઇ દોસ્તે તેને ખ્વાબમાં પુછ્યું કે, "ખુદાએ તારી સાથે શું મામલો કર્યો?" તેણે જવાબ આપ્યો કે, "મારાથી હીસાબ લીધો અને મારા તમામ ગુનાહોને માફ કરી દીધા માત્ર એ એક તણખલા સિવાય જેના વડે મેં તેના માલીકની પરવાનગી વગર ખિલાલ કર્યો હતો(દાંત સાફ કર્યા હતાં) અને તેના કારણે જ હું હજુ સુધી જન્નતમાં જવાથી રોકી દેવામાં આવ્યો છું." હું કહું છું કે, તેની તાઇદમાં(સમર્થન પેટે)હદીષશરીફ પણ છેકે, "અલ્લાહત્આલા એ ત્રણ વસ્તુઓને ત્રણ વસ્તુઓમાં ગુપ્ત રાખી છે. પોતાની રઝા (પ્રસન્નતા)ને પોતાની ફરમાંબરદારીમાં, પોતાના ગુસ્સાને પોતાની નારફમાનીમાં, અને પોતાના દોસ્તો(વલીઓ)ને પોતાના બંદામાં.." હદીષના અંત સુધી. તો આ રીતે ક્યારેય હક્કત્આલા પોતાના કોઇ બંદા પર પોતાની નારાઝગીને એવા ગુનાહોમાં સંપડાવા સાથે જોડી દે છે કે જે તેની નજરમાં બિલ્કુલ સામાન્ય લાગતા હોય જેમ કે દાંતોના ખિલાલ માટે સળી લઇ લેવી. જે રીતે ઉપરની હિકાયતમાં આવી ચુક્યું. (વલ્લાહો આલમ...)

★ હઝરત હારીસ મુહાસબી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, " અમને જાણવા મળ્યું છે કે કોઇ વજન કરવાવાળાએ વજન કરવાથી તૌબાહ્ કરી લીધી અને અલ્લાહત્આલાની ઈબાદતમાં લાગી ગયો પછી જ્યારે તેનો ઈન્તિકાલ થઇ ગયો તો તેના કોઇ દોસ્તે તેને ખ્વાબમાં જોયો અને કહ્યું કે, "હે ફલાણા ! તારી સાથે ખુદાએ શું મામલો કર્યો?" તો તેણે કહ્યું કે, "અલગ અલગ અનાજના પંદર તોલ મેં જે કર્યા હતાં તેના વિશે મારાથી પુછપરછ કરવામાં આવી અને ફર્માવ્યું કે, "બતાવો આ શું વાત છે?" તેણે કહ્યું કિસ્સો એ છે કે, "હું એ વાતનું ધ્યાન કે ચીવટ રાખતો ન હતો કે ત્રાજવાને ધુળથી સાફ કરી લઉં અને એટલા માટે તેના તળીયે કેટલીક માટી ચૌંટી ગઇ હતી જેનાં કારણે દરેક તોલમાં તે માટીના કારણે ઓછું જોખાયું. (જેની ઉપર મારી પક્કડ કરવામાં આવી)"

★ અમીરૂલ્મોઅ્મેનીન અલી ઈબ્ને અબી તાલીબ(કર્રમલ્લાહો વજ્હુલ કરીમ)ફર્માવતા હતાંકે, "હકીકતમાં કોઇ ન તો કોઇની ઉપર ઝુલ્મ કરે છે કે ન તો કોઇ કોઇનાથી બુરુ કરે છે કારણકે અલ્લાહત્આલા ફર્માવે છે કે, "જે સારું કરે છે તે પોતાના માટે જ કરે છે અને જે બુરાઇ કરે છે તેની વબાલ પણ તેની ઉપર જ છે." (તો આ રીતે સાબિત થયું કે જે કોઇ કોઇની ઉપર ઝુલ્મ કરે અથવા તો જે કોઇ કોઇની સાથે બુરાઇ કરે છે તે હકીકતમાં પોતાની સાથે જ કરે છે.)

★ હઝરત સુફીયાન સૌરી(રહેમતુલલાહ અલયહ)ફર્માવતા હતાં કે,

"તમારું ખુદાની પાસે એવા સીત્તેર(૭૦)ગુનાહ લઇને જવું કે જેનો સબંધ માત્ર તમારી અને અલ્લાહ વચ્ચે છે એ તેનાં કરતાં વધુ ખતરનાક છેકે તમે માત્ર એક એવો ગુનાહ લઇને જાવ કે જેનો સબંધ તમારા અને બંદાઓની વચ્ચે હોય. (કારણકે અલ્લાહત્આલા બેપરવા છે, બીજું તે રહીમ પણ છે એટલા માટે તેની નજીક સીત્તેર (૭૦)શું બલ્કે સાતસો(૭૦૦)ગુનાહ માફ કરી દેવા કોઈ મોટી વાત નથી)જ્યારે બંદાના મામલે તેનાથી ઉલ્ટો છે કે તેઓ નેકીઓને મોહતાજ અને પોતાના ગુનાહોથી છુટકારો હાંસીલ કરવાની તમન્ના ધરાવતો હોય છે એટલા માટે તેનાથી એક ગુનાહની માફીની પણ ઉમ્મીદ રાખી શકાતી નથી."

તો હે ભાઇ ! તું બુઝુર્ગોને સલ્ફના ખૌફને જોઇને તેમાં તેઓનું અનુસરણ કર; કારણકે તું હલાકતના કિનારે ઊભો છો અને ખૌફેખુદા તેનાથી બચવાનો ઉપાય છે,તો આ રીતે જે વ્યક્તિ કરતી રહે તે હલાકતથી બચી ગઇ.

(અલહમ્દોલીલ્લાહે રબ્બીલ આલમીન.)

★(૧૩)આખેરતના હોલનાકીઓથી રડવું અને ડરવું

કામીલપીરો અને અલ્લાહવાળાઓને સદ્દ્ગુણો પૈકી એક એ પણ છે કે, "જ્યારે તેઓ ક્યામતના હોલનાક(હૃદય હચમચાવી દેનારી)ઘટનાઓ યાદ કરે છે તો ખુદાથી ખુબજડરે છે. તેમજ **કુર્આન** તેમજ અન્ય ઝીકે ઈલાહી સાંભળે છે તો તેઓ પર બેહોશી અને મુર્છા છવાઇ જાય છે જનાબ રસુલે અકરમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એક દિવસ આ આયાત પઢી. *ઈન્ન લદયના અન્કાલવ્વ જહીમવ્વ તઆમન ઝા ગુસ્સતીવ્વ અઝાબન અલીમા.* એ સમય આપની આગળ હઝરત હુમરાન બીન આઅ્યન (રદીયલ્લાહ ત્આલા અન્હો) હતાં તો તે સાંભળીને તેમની રૂહ પરવાઝ કરી ગઇ અને તેઓ મુડદુ બનીને ઢળી ગયાં."

★હઝરત હુસૈન બીન સાલેહ(રહેમતુલ્લાહ અલયહ)એકવાર અઝાન આપી રહ્યા હતાં તેમાં જ્યારે *અશ્હદો અલ્લા ઈલાહા ઈલ્લલ્લાહો* પર પહોંચ્યા તો તેના કારણે જે અઝમતે ખુદાવંદી જાહેર થઇ તેનાથી બેહોંશ થઇ ગયાં લોકો તેઓને મિનારા પરથી ઉઠાવીને નીચે લઇ આવ્યા અને આપના ભાઇએ ઉપર ચઢીને અઝાન આપી અને નીચે આવીને નમાઝ પઢાવી જ્યારે હુસૈન બીન સાલેહ તો હજુ સુધી બેહોંશ જ હતાં ખબર નથી ક્યારે હોંશ આવી હશે.

હઝરત અબુ સુલૈમાન દારાની(રહેમતુલ્લાહઅલયહ)ફર્માવે છેકે, "મેં હુસૈન બીન સાલેહથી વધીને વધુ ખુશઅ્વાળા (આજેઝી-વાળા) કોઈને ન જોયા એક રાતની ઘટના છે કે, તેઓ નમાઝ પઢવા ઉભા થયા અને *અમ્મયતસાઅલુન* પઢી અને સુરત પઢતી વખતે વચ્ચે જ(ચાલુ નમાઝમાં

જ) બેહોંશ થઇ ગયા. જ્યારે હોંશ આવ્યો તો વઝુ કર્યું અને નમાઝ શરૂ કરી ફરી વાર એ જ સુરત *અમ્મયતસાઅલુન* પઢી અને બેહોંશ થઇ ગયા આ રીતે સવાર સુધી આમ જ કરતા રહ્યાં પરંતુ સુરત પુરી ન કરી શક્યા."

(આ છે અલ્લાહવાળાઓનું ચાલુ નમાઝમાં બેહોંશ થવું અને ચાલુ નમાઝની રૂહાની કૈફીયત અને અન્વારોની હાલત...જે દરેક માત્ર દેખાવરૂપે નમાઝ કે માત્ર રસ્મો-આદત મુજબ નમાઝ પઢતા નમાઝીઓને હાંસીલ થતું નથી એટલે બિચારાઓ એવું કહે છે કે, "અરે ચાલુ નમાઝમાં અને મસ્જિદમાં તો આવું કંઇ થતું હશે આ તો એક પ્રકાર નો ઢોંગ છે." પણ જે અલ્લાહવાળાઓ છે તેને ઢોંગ કે દંભ સાથે શી લેવા દેવા.?)

★ હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ(રદીયલ્લાહોત્આલા અન્હો) એકવાર *ઈઝશમ્શકુવ્વેરત* (સુરે શમ્સ)પઢી રહ્યા હતાં જ્યારે *એઝસ્સોહોફોનોશેરત* પર પહોંચ્યા તો બેહોંશ થઇને પડી ગયાં અને ઘણી વાર સુધી ઝમીન પર આળોટતાં રહ્યાં.

★ હઝરત રબીઅ્ બીન અસીમ(રદીયલ્લાહોત્આલા અન્હો)એ એક પઢવાવાળાની પાસે આ આયાતેપાક પઢતા સાંભળી, *એઝા રાઅતહુમ મીમ્મકાનીન બઈદીન સમેઉ લહા...* તો બેહોંશ થઇને પડી ગયા બેહોંશ થઇ ગયા પછી લોકો તેઓને તેના મકાન પર લઇ ગયા ત્યાં પણ તેઓને હોંશ ન આવી અને આ જ બેહોંશીની હાલતમાં તેઓની નમાઝે ઝોહર, અસર, મગરીબ અને ઈશા કઝા થઇ ગઇ અને તેઓ પોતાના મોહલ્લાના ઇમામ હતાં. એક રિવાયતમાં છે કે આયત પઢનાર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ (રદીયલ્લાહોત્આલા અન્હો)હતાં.

★ હઝરત ફુઝૈલ બીન અયાઝ(રહમતુલ્લાહ અલયહ) એ એક દિવસ સવારની નમાઝ પઢી તો તેમાં 'સુર-એ-યાસીન' પઢી પછી તેઓ જ્યારે *ઈનકાનત ઈલ્લા સયહતવ્વાહેદતન ફએઝોહુમ જમીઉલ્લદૈના મોહદરૂન* સુધી પહોંચ્યા તો તેઓના સાહેબઝાદા અલી(રહેમતુલલાહ અલયહ)બેહોંશ થઇને(ચાલુ નમાઝમાં)પડી ગયા. અને તુલુઅ આફતાબ(સુર્યોદય)સુધી હોંશ ન આવ્યો તેમજ અલી મજકુરની હાલત એ હતી કે જ્યારે કોઈ સુરત પઢવા ઇચ્છતા તો તેને પુરી કરી શકતા નહતા અને બેહોંશ થઇ જતાં હતાં.

હવે હે ભાઇ, તું આપણાં આગળના બુઝુર્ગોના હાલાતો પર ચિંતન-મનન કર અને વિચાર કે શું તું તારા પાલનહારનો કલામ સાંભળી ક્યારેય બેહોશ થયો છે ખરો?!? કારણકે દંભ અને સ્વાર્થી-પણાને કારણે તારું દિલ પત્થર થઇ ચુક્યું છે માટે તારા ઉપર બેહોંશી ક્યાંથી છવાય અને આનો ઈલાજ તો એ જ છેકે કોઈ અલ્લાહવાળા અને સાહેબે દિલનું દામન પકડી લે અને તેનાં

માર્ગદર્શન મુજબ *તસ્ફીયાએ-કલ્બ* અને *તઝકીયાએ-નફસ* માં લાગી જા તો જ તું આ રૂહાની કૈફીયતની આહ્‌લાદકતાને માણી શકીશ, નહીંતર તો આ જ રીતે રસ્મો-રિવાઝ અને આદતરૂપી ઈબાદતમાં મશગુલ રહીશ પરંતુ તેની રૂહાની કૈફીયતો અને અન્વારોથી વંચિત જ રહીશ; અને આવા હાલવાળા લોકોને જોઇને તેનો વિરોધ કરતો રહીશ તેમજ પોતાની આકેબત ખરાબ કરતો રહીશ. અલ્લાહની પનાહ...

★(૧૪) બિમારીઓમાં અલ્લાહતરફ ધ્યાનીત થવું

કામીલ પીર અને સુફીયાએ બાસફાના સદ્‌ગુણો પૈકી એક એ પણ છેકે, તેઓ જ્યારે પણ કોઇ બિમારીમાં સપડાય છે તો તેઓના દિલ શરીરથી ઉચાટ અનુભવવા લાગે છે અને તેઓ શારિરીક તદબીરોથી બેફીકર બનીને આખેરતની દુરુસ્તીમાં લાગી જાય છે; અને તેનું કારણ એ છે કે તેઓનો ખ્યાલ એ હોય છેકે કદાચ બિમારી દુનિયાથી કુચ માટેના સંદેશારૂપે હોય અને અમે તેને તદ્દન સામાન્ય બિમારી સમજીને બેફીકર રહીએ. અને તેનું પરીણામ એ આવેકે ન તો અમને તૌબાહ્ નસીબ થાય અને ન તો જે હક્કો અદા કરવા વાજીબ છે તેની અદાયગી થઇ શકે. બલ્કે અમે આ જ રીતે નાફરમાનીની સ્થિતીમાં આલમે આખેરત તરફ રવાના થઇ જઇએ અને અમારી હાલત તદ્દન એ ગુલામ જેવી થઇ જાય કે જેણે પોતાના આકાની હદબંધીમાં બદકારી કરી હોય અને એટલા માટે આકા તેનાથી ખુબજ ગુસ્સામાં અને નારાજ હોય; અને આ જ ગઝબ અને ગુસ્સાની હાલતમાં લોકો એ ગુલામને તેઓની સામે લઇ આવે અને એ જ રીતે ત્યારે અમારો હશ્ર એ જ થશે કે જે મજકુર ગુલામની થઇ. એટલા માટે આપણે તેને અંતિમ હાલત તસવ્વુર કરીને સફરે આખેરતની તૈયારીમાં મશગુલ થઇ જવુ જરૂરી છે. (કહેવાનો હેતુએ કે આ કારણ હોય છે કે જેના આધારે દરેક બિમારીઓમાં તે લોકોના દિલો તેઓના શરીરથી ઉચાટ અનુભવે છે. હવે, તે અનુસંધાને કેટલાક વાકેઆતો સાંભળો.)

★ એકવાર હઝરત હસ્સાન બીન સનાત(રહેમતુલ્લાહ અલયહ) બિમાર પડી ગયા તો તેઓના દોસ્ત-અહેબાબ તેઓના ખબર-અંતર પુછવા માટે તેઓની પાસે આવ્યાં, અને કહ્યું કે, ‘‘તબિયત(મિજાઝ)કેવી છે?’’ તો ફર્માવ્યું કે, ‘‘જો દોઝખથી બચી જાઉં તો મિજાઝ સારો સમજો.’’ (નહીંતર મિજાઝ-બિજાઝ કંઇ જ નથી) જે અનુસંધાને તેઓએ ફરીને પુછયું કે, ‘‘આપનું મન શું ઇચ્છે છે?’’ ફર્માવ્યું કે, ‘‘મારું મન ઇચ્છે છે કે મારા મૃત્યુ પહેલા મને એક એવી લાંબી રાત મળી જાય કે જેને હું નમાઝ અને અસ્તગ્ફાર વડે જીવંત કરુ.’’

★ હઝરત માલિક બિન દિનાર(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતા હતાં

કે, ‘‘મારો એક પડોશી બદઆમાલ હતો તે મરવા લાગ્યો. તો હું તેની પાસે ગયો અને જઇને કહ્યું કે, ‘તમે ખુદાથી વાયદો કેમ નથી કરી લેતા કે હવે હું ગુનાહ નહીં કરું કારણકે કદાચ તમે આ જ વાયદાની સ્થિતિમાં ગુજરી જાવ.’ (અને મૃત્યુ પછી આ વાયદો તમારા માટે ફાયદાકારક સાબિત થાય) માલીક કહે છેકે, આ વાતનો જવાબ તેણે તો કશો આપ્યો નહીં પરંતુ ઘરની અંદરથી અવાજ આવ્યો કે, ‘‘જનાબ આપ તેનાથી પણ એવો વાયદો કરવા ચાહો છો જેવો કે આપ અમારાથી કરો છો કે આજે વાયદો કર્યો અને કાલે તોડી નાખ્યો તો એવા વાયદાનો કોઇ જ ફાયદો નથી બલ્કે તેનાથી તો તે વધુ ગઝબને લાયક અને બારગાહનો ધુત્કારેલો થઇ જશે.’’ આ સાંભળીને હઝરત ઈમામ માલિક(રહેમતુલ્લાહ અલયહ)બેહોંશ થઇને પડી ગયા.

★ હઝરત સુફિયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતા હતાં કે, ‘‘મોટા લોકો સિવાય અન્ય લોકોમાં બહું ઓછા બિમારો આ ચાર બિમારીઓથી અળગા રહે છે. (૧) લાલચ (૨) જુઠ (૩) શિકાયત(ફરિયાદ) (૪) રિયા(દંભ).’’

★ હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ(રદીયલ્લાહોતઆલા અન્હો) જ્યારે બિમાર પડતાં તો તબીબની સલાહ મુજબ કોઇ ઈલાજ કરતાં નહોતા. એકવાર લોકોએ અર્ઝ કરી કે, ‘‘અમે તબીબને બોલાવી લાવીએ.’’ તો આપે ફર્માવ્યું, ‘‘હરગીઝ નહીં ખુદાની કસમ, જો મને એ વાતની ખબર પડી જાય કે કાનનો સ્પર્શ કરવાથી હું સારો થઇ જઇશ,તો હું મારા કાનને પણ નહીં સ્પર્શ કરું માટે ખુદા જે કરે એ જ સારું છે.’’

★ હઝરત દાઉદ તાઇ(રહેમતુલ્લાહ અલયહ)ની બિમારીના સમયમાં એક અમીર તેઓની પાસે આવ્યો અને તેઓની સામે એક હઝાર દિનાર રાખી દીધા તો આપે ફર્માવ્યું કે, ‘‘મારે જરૂરત નથી રાખો અલ્લાહ તમને આફિયત અતા કરે.’’ જેના જવાબમાં તેણે કહ્યું કે, ‘‘કોઇ મારા લાયક સેવા હોય તો ફર્માવો.’’ તો આપે ફર્માવ્યું કે, ‘‘જી હા છે, અને તે એ કે ફરી પાછા મારી પાસે પધારતા નહીં.’’ અને ત્યારબાદ હાજર જનો તરફ ધ્યાનીત થઇને ફર્માવ્યું કે, ‘‘આ હઝરત એવું ઇચ્છે છેકે મરવાથી પહેલાં મને બાતિનની સફાઇનો મૌકો ન આપે બલ્કે મારા હાલના મેલ ઉપર મેલનો વધારો કરે.’’

★ હઝરત ઉતબાતુલ્‌અલ્લામ(રહેમતુલ્લાહ અલયહ)ની મૌતની બિમારીના સમયે તેઓની પાસે ગયા અને પૂછ્યું કે, ‘‘આપની હાલત કેવી છે?’’ તો તેઓએ આ શેરો પઢ્યા જેનો અર્થ એ છે કે,‘‘મારી હાલત એ છે કે હું દુનિયાથી રૂખ્સત થવા ચાહું છું અને જે દિવસે ઊઠાવવાવાળા મારો જનાઝો ઊઠાવશે એ જ દિવસે મારી ક્યામત આવી જશે અને મારા અઝીઝો મારા માટે

જલ્દી કબ્ર ખોદાવશે અને તેની તરફ મને જલ્દી લઇ જવામાં મારી તાઅ્ઝીમ સમજશે માટે જેટલી હદે જલ્દી થઇ શકે મને કબ્રમાં પહોંચાડી દેશે અને જે દિવસે મારા મૃત્યુનો દિવસ અને તેની રાત મારી ઉપર આવશે એ દિવસે તેઓની એ હાલત હશે કે જાણે તેઓ મને ઓળખતા જ નથી.''

★ જ્યારે હઝરત સલમાન ફારસી(રદીયલ્લાહોત્આલા અન્હો)ના ઇન્તિકાલનો સમય આવી ગયો તો આપ રડવાં લાગ્યાં અને ફર્માવ્યું કે, ''અમને જનાબે રસુલેપાકે(સલલ્લાહો અલયહે વસલ્લમ)વસિયત કરી હતી કે તમારી પાસે દુન્યવી સામાન એટલો હોવો જોઇએ કે જેટલો સવારનો તોશો. અને મારી હાલત એ છે કે મેં આટલો સામાન એકઠો કરી રાખ્યો છે; તો પછી હું કેમ ન રડું?'' (પછી જ્યારે તેઓ વફાત પામ્યા તો તેઓના સમાનની કુલ કિંમત પંદર દિરહમ થઇ) (આના ઉપરથી એ લોકોનો ખૌફ અને તેઓની એહતિયાતની ખબર પડે છે.)

★ હઝરત સુફીયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)એક બાળક પાસે ગયા. જે સકરાતની હાલતમાં હતો. અને તેના મા-બાપ તેની પાસે બેસીને રડી રહ્યાં હતાં તો એ બાળકે કહ્યું કે, ''તમે લોકો રડો નહીં હું જેની પાસે જઇ રહ્યો છું તે મારી ઉપર તમારાથી પણ વધુ મહેરબાન છે.''

હવે હે ભાઇ ! તું તારા નફસને ફંફોસ કારણકે તું દરેક ક્ષણે મૃત્યુ પર બેઠેલો છો. અને એકશ્વાસ પણ તારા કબ્જામાં નથી; કે તારા અધિકારથી બહાર આવે કે અંદર ચાલ્યો જાય. અને રાત-દિવસ ખૂબ જ અસ્તગ્ફાર કર્યા કર. કારણકે તું એવી ઘાટીના કિનારા ઉપર છો જે ધસવાની તૈયારીમાં છે અને અલ્લાહત્આલા તારી હિદાયત માટે પૂરતો છે અને તે જ નેક લોકોની કિફાયત કરેછે અને તેની ઉપર જ ભરોસો છે. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૧૫) જનાઝો નિહાળીને ઈબ્રત હાંસીલ કરવી

કામીલ પીર અને એહલે તસવ્વુફના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે જ્યારે તેઓ કોઇ જનાઝાને જુવે છે તો તેનાથી ખૂબ જ ઇબ્રત હાંસીલ કરે છે. અને રડે છે. તેમજ મૌત માટે ખૂબ જ એહતેમામ (તૈયારીઓ)કરે છે.

★ હઝરત અબુ હુરૈરાહ(રદીયલ્લાહોત્આલા અન્હો)જ્યારે કોઇ જનાઝાને લઇ જતાં જોતા તો જનાઝો સંબોધીને કહેતા કે, ''મિયાં ખુદાની પાસે જાવ, અમે પણ તમારી પાછળ પાછળ આવીએ છીએ.''

★ હઝરત મકહુલ દમીશ્કી(રહેમતુલ્લાહ અલયહ)જ્યારે કોઇ જનાઝાને જોતા તો ફર્માવતાં કે, ''તમે સવારે જાવ. સાંજે અમે પણ આવનારા છીએ(અને ફર્માવતાં કે)મૌત પણ ઘણી જ વૈવિધ્ય-સભર અને ટુંકી નસિહત છે(અને આપણી ગફલત પણ)ઘણી જ ખરાબ ગફલત છે કે આગલો જાય છે

પણ પાછળવાળાને ઈબ્રત હાંસીલ નથી થતી.'' (અને તે વિચારતો નથી કે એક દિવસ આ રીતે અમે પણ ચાલ્યા જઇશું) (અને જનાઝાને જોઇને)તેઓની હાલત કેટલાય દિવસો સુધી એવી રહેતી કે જાણે કોઇ પાગલ હોય.

★ હઝરત અસયદ બીન હઝીર(રદીયલ્લાહોત્આલાઅન્હો) ફર્માવે છેકે, ''જ્યારે હું કોઇ જનાઝાને જોવ છું તો મને માત્ર એ હાલતનો ખ્યાલ આવે છે જે તેની થનારી છે.અને તે સિવાય અન્ય કોઇ જ વિચાર નથી આવતો.'' એટલું જ નહીં તેઓ(જનાઝો નિહાળીને) કેટલાક દિવસ સુધી ખાવા-પીવાનું છોડી દેતા હતાં; એકવારની ઘટના છેકે, તેઓ કોઇ જનાઝાની સાથે કબ્રસ્તાનમાં ગયા જ્યારે મૈયતને કબ્રમાં ઉતારવામાં આવ્યું તો તેઓ બેહોંશ થઇ ગયા. અને લોકો તેને એ પલંગ પર ઊઠાવીને લાવ્યા જેની પર તેઓ મૈયતને કબ્રસ્તાન લઇ ગયા હતાં.

★ હઝરત અમશક(રદીયલ્લાહોત્આલા અન્હો)ફર્માવતા હતાં કે, ''અમે જનાઝામાં શરીક થતાં તો એ ઓળખી શકતા નહોતા કે મૈયતના ઘરવાળા કોણ છે? કે જેનાથી શોક પ્રદર્શીત કરી શકાય. કારણકે તમામ લોકોને રંજ થતો હતો.'' (જેથી મૈય્યતના ઘરવાળા ઓળખી શકાતા નહીં)(પરંતુ અફસોસ કે આજે તેનાથી તદ્દન ઉલ્ટું જોવા મળે છે. કારણકે આજે તો જનાઝામાં જવું માત્ર ઔપચારિકતા, સામાજીક રિવાઝ અને દેખાદેખી સિવાય બીજું કશું જ નથી. મોમીન માટે જે સૌથી મોટી ઇબ્રત છે તેને સામાજીક રિવાઝ બનાવી નાખ્યો અને લોકોના દિલ એટલી હદે આંધળા થઇ ચૂક્યા છે કે જનાઝાથી જરા પણ ઈબ્રત હાંસિલ નથી કરતાં,બલ્કે જનાઝામાં હસી-મઝાકની વાતો કરતાં હોય છે.દિલના મૌતની આનાથી વધુ ક્ઇ નિશાની હોય શકે ?!?)

તો હે ભાઇ, તું આ વાતોને સમજી લે. અને તું પણ આ રીતે ઈબ્રત હાંસિલ કર જે રીતે આ અકાબીરો કરતાં હતાં અને ખૂબ જ રડ્યા કર અને ખૂબ જ ચીસો પાડ્યા કર, કારણકે તારી સામે એ હૃદય હચમચાવી દેનાર ઘટનાઓ છે જેનું વર્ણન થઇ શકતું નથી. સકરાત, મૌત, જનાઝો, કબ્રવગેરે.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૧૬) મૌતની સખ્તી અને તંગીઓને યાદ કરવી

કામીલ પીર અને સુફીયાએ બાસફાના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે જ્યારે તે લોકો મૌત અને સકરાતે મૌતને યાદ કરે છે તો બુરા ખાત્માના ડરથી રંજોગમ કરે છે ત્યાં સુધી કે ગમની સખ્તાઇના કારણે તેઓની અક્કલો ધ્રુજી ઊઠે છે.

★ હઝરત કાઅ્બ અહબાર(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતા હતાં કે, ''જ્યારે હઝરત યાકુબ(અલયહીસ્સલામ)ની પાસે હઝરત યુસુફ

(અલયહીસ્સલામ)નું જીંદા તેમજ ખુશી મઝામાં હોવાની ખબર આપવાવાળો આવ્યો અને આવીને તેણે આ ખુશખબરી સંભળાવી તો આપે ફર્માવ્યું કે, 'ભાઇ, મારી પાસે કોઇ વસ્તુ નથી કે જેના વડે હું તારી ખુશખબરીનો બદલો ચુકવું. હા, હું એ દુઆ કરું છું કે, અલ્લાહત્આલા તારી ઉપર મૌતની સકરાત આસાન ફર્માવે.'' (તો આ વાત પરથી તમે અંદાઝ લગાવો કે મૌતની સકરાત કેટલી હદે ભયભીત કરનારી વસ્તુ છે અને તેનાથી કેટલી હદે ડરવું જોઇએ?)

★ તદુપરાંત હઝરત કાઅ્બ અહબાર(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ''મૌતનું દ્રષ્ટાંત એવું છે કે જે રીતે એક કાંટાળા ઝાડને આદમીના શરીરમાં ખુંપાવી દેવામાં આવે અને તેનો દરેક કાંટો શરીરની એક રગ(નસ)ને પકડી લે અને પછી તેને કોઇ જોરથી બળપૂર્વક ખેંચે જેના કારણે કેટલીક રગો તુટી જાય અને કેટલીક વાંકી-ચુકી બનીને રહી જાય છે.''

★ હઝરત સલમાન ફારસી(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ''જ્યારે મૌતના સમયે મોમીનની પેશાની(કપાળ)પર પરસેવો આવે અને આંખોમાં ચમક હોય તેમજ નસ્કોરા ફુલી જાય તો આ સારી નિશાનીઓ છે. અને તેનાથી ખબર પડે છે કે મૈય્યત મરહુમ(રહેમ કરેલા પૈકી)છે (કારણકે પેશાની પરનો પરસેવો નઝાઅ્(સકરાત)ની સખ્તી પર દલીલરૂપ છે, જે ગુનાહોનો કફ્ફારો છે, અને આંખોની ચમક તેમજ નસ્કોરાનું ફુલવું એ વાતની દલીલ છે કે મૈય્યતને આખેરતની નેઅ્મતોના દિદાર થઇ ગયા છે જેના કારણે ખુશી પ્રાપ્ત થઇ છે) અને જ્યારે તે એ રીતે ખરખર (ખરેરાટી)કરે જે રીતે કે ગળું ઘોંટાઇ રહ્યું હોય અને તેની રંગત ઝાંખી પડી જાય અને મોંઢામાં ઝાગ (ફીણ) આવી જાય તો આ નિશાનીઓ ખરાબ છે તેનાથી ખબર પડે છે કે મૈય્યત અઝાબવાળાઓ પૈકી છે.''

★ હઝરત હસન બસરી(રદીયલ્લાહોત્આલા અન્હો)જ્યારે પોતાના કોઇ ભાઇની રૂહ કબ્ઝ થવાના સમયે હાજર રહેતાં, તો તેઓ પર તેની એટલી અસર થતી હતી કે કેટલાય દિવસો સુધી કશું ખાતા-પીતા નહીં અને માત્ર રડતા અને ચીસો પાડતાં રહેતાં હતાં. અને ફર્માવતાં હતાં કે, ''મોમીને ત્રણ વસ્તુને ક્યારેય ભુલવી ન જોઇએ, (૧)દુનિયા (૨)તેની હાલાતોનો અંત અને (૩)મૌત.'' (દુનિયાને ન ભુલવાનો અર્થ એ છે કે તેના દરેક ક્ષણે સાવધાન રહેવું જોઇએ અચાનક જ ક્યારે ધોખો દઇ દે તેમજ તેના હાલાતોનાં અંત અને અંજામને ન ભુલવાનો અર્થ એ છેકે તેની ખુશી તેમજ ગમને હંમેશા રહેનાર ન સમજે તેમજ ખુશીથી ન તો નિશ્ચિંત થઇ જાય તેમજ ગમથી ન તો ચિંતીત બલ્કે એવું સમજે કે આ બધું જ ખત્મ થનારું છે તેમજ મૌતને ન ભુલવાનો અર્થ એ છે કે દરેક પળે તેના માટે તૈયારી કરતો રહે.)

★ હઝરત શફીક ઝાહીદ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''લોકોએ દીનમાં અમુક વાતોની સખ્ત મુખાલીફત કરી છે ***એક*** તો એ કે તેઓ(દીની હૈસિયતથી)ઇકરાર કરે છે કે ખુદા અમારી રોઝી માટે પુરતો(કફીલ)છે પરંતુ તેઓ તેની ઉપર અમલ નથી કરતાં અને(તેઓને ખુદાત્આલાના કાફી હોવા પર ભરોસો નથી બલ્કે)તેઓ જે એકઠું કરી લે છે તેના પર જ ઇત્મિનાન પ્રાપ્ત કરતાં હોય છે. ***બીજું*** (તેઓ દીની હૈસિયતથી)ઇકરાર કરે છે કે આખેરત દુનિયાથી બહેતર છે પરંતુ(તેઓ તેની પર અમલ કરતાં નથી એટલે)અમે તેઓને જોઇએ છીએ કે તેઓ માલ એકઠો કરે છે પરંતુ તેઓ(તેના વડે આખેરતમાં ફાયદો હાંસીલ કરવા માટે)તેને ખર્ચ કરતાં નથી. ***ત્રીજું*** તેઓ ઇકરાર કરે છે કે અમારે મરવું જરૂર છે પરંતુ તેઓ (પોતાના અમલો વડે તેની પણ મુખાલીફત કરે છે અને) એવા લોકો જેવા કામ કરે છે કે જેઓને મૌતનો ખ્યાલ જ નથી.

★ હઝરત હસન બીન ઇમરાન(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ''મૌત કરવત વડે ચીરવાથી અને હાંડીઓમાં પકાવવાથી વધુ તકલીફ આપનારી છે. અને જો મૈય્યતના એક વાળની તકલીફ તમામ દુનિયાવાળાઓ ઉપર નાંખવામા આવે તો તેનાથી તે એટલી હદે તકલીફ અનુભવે કે તેઓ ખાવા-પીવાની ભાન ભુલી જાય.''

★ હઝરત હામીદ લીફાફ(રહેમતુલ્લા અલયહ)ફર્માવતાં હતાં કે, ''જે વ્યક્તિ મૌતને વધુ યાદ કરશે તેને ત્રણ નેઅ્મતો પ્રાપ્ત થશે, (૧) તો એ કે પોતાના ગુનાહોથી જલ્દી તૌબાહ્ કરશે (૨) એ કે તેને સંતુષ્ઠનફસ(નફસે મુત્મઇન્નહ)હાંસીલ થશે અને (૩) એ કે તે દિલ ખોલીને ઇબાદત કરશે.''

★ હઝરત વહબ બીન મમ્બાહ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''આદમી ત્યાં સુધી નથી મરતો જ્યાં સુધી કે તે અમલો લખનાર ફરિશ્તાઓને ન જોઇ લે. હવે જો તેણે તેની સાથે સારી રીતે દોસ્તી નિભાવી છે તો તેઓ કહે છે કે, ખુદા તારા જેવા સાથીદારને ઉત્તમ બદલો અર્પણ કરે કે તું અમારો સારો સાથીદાર હતો. તું અમને ઘણીવાર સારી મજલીસોમાં પોતાની સાથે લઇ ગયો છો અને તારી દંભ રહીત ઇબાદત વડે ઘણીવાર અમે ઉમદા ખુશ્બુ સુંઘી છે. અને જો તેણે તેની સાથે બુરાઇની સાથે દોસ્તી કરી છે તો કહે છે કે, ખુદા તને સારો બદલો ન આપે તું અમારો બુરો સાથી હતો તેં ઘણીવાર પોતાની સાથે અમને ગુનાહોમાં મૌજુદ રહેવાનો મૌકો આપ્યો છે અને અમે તારાથી ઘણીવાર બદબુ સુંઘી છે. તેમજ તેઓ એવું પણ ફર્માવતાં હતાં કે, ખુદાને એ જ વ્યક્તિ રાજી કરી શકે છે જે હરઘડી એવું સમજતો હોય કે ખુદા મને જોઇ રહ્યો છે.''

(આ મકામને *મકામે હુઝુરી* કહે છે. નક્શબંદી સુલુકમાં તેને *દવામે હુઝુર* કહેછે જે પીરની તવજ્જોહ્ વડે આ તરીકામાં સરળતાપૂર્વક હાંસીલ થઇ જાય છે.)

★ હઝરત સુફીયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતા હતાં કે, "જે વ્યક્તિ એવું સમજે કે તે કાલે પણ જીવીત રહેશે તે મૌત માટે તૈયાર નથી." તદુપરાંત તેઓ ફર્માવતા હતાં કે, "ફરમાંબરદારી ખુદાની યાદ વડે પૈદા થાય છે. અને ગુનાહ (નાફરમાની)તેને ભુલવાથી."

તો હે ભાઇ, તું ખુબ સમજી લે કે તન્હાઇ તેમજ ઉલ્માએ બાઅમલ (મશાઇખ)અને આબીદો અને ઝાહીદોની સોહબત અપનાવ તેમજ ગાફીલો અને દુનિયા તરફ રગબત ધરાવનારાની સોહબતથી ખૂબ જ પરહેઝ કર કારણકે તેઓની સાથે મેળ-મિલાપ દિલમાં અંધકાર પૈદા કરે છે અને કયામતની ખૌફનાક ઘટનાઓ નિહાળવામાં રૂકાવટ બને છે.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૧૭) દુનિયા પર ઈબ્રતની દ્રષ્ટિ

કામીલ પીર અને અલ્લાહવાળાઓના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ દુનિયા તેમજ તેની ખ્વાહિશાતોંને ઇબ્રતની દ્રષ્ટિએ રાખે છે નહીં કે મોહબ્બતની દ્રષ્ટિએ. એટલા માટે તમામ સલ્ફસાલેહીન આ જ તરીકા ઉપર ચાલે છે.

★ હઝરત સઅ્દબીન અબી વક્કાસ(રદીયલ્લાહોત્આલા અન્હો) એકવાર જનાબ રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ખિદમતમાં હાજર થયાં આપે ફર્માવ્યું, "સઅ્દ કયાં હતા?" તેઓએ અર્ઝ કરી કે, "હુઝુર હું જંગલમાં એવા લોકોની પાસે હતો જેઓને ખાવા-પીવા અને શહેવતોમાં મશગુલ રહેવા સિવાય બીજી કોઇ પ્રવૃતિ ન હોતી." જેના જવાબ હુઝુર નબીએ પાકે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફર્માવ્યું કે, "તમને તેઓની હાલાત પર તાઅ્જ્જુબ છે? તમે કહો તો તેઓથી પણ વધુ તાઅ્જ્જુબને પાત્ર વાત બતાવું?" તો તેઓએ કહ્યું, "જરૂર બતાવો." આપે ફર્માવ્યું કે, "જે વ્યક્તિ એવી વાતોની ખરાબીઓને જાણતો હોય જેને તમે એ લોકો સંબંધે વાંધાજનક લહેજામાં વર્ણવી છે, અને પછી તે આ પ્રકારની વાતો કરે તેઓની હાલાત તેના કરતા પણ વધુ નવાઇજનકછે."

(એટલે કે જે વ્યક્તિ ખાવા-પીવા અને મોજમઝા ઉડાવવાની ખરાબીઓને જાણતો હોવા છતાં તેમાં મશગુલ રહે તે ઘણી જ નવાઇજનક બાબત છે. કારણકે ઇન્સાને દુનિયાની દરેક બાબતોથી ઈબ્રત અને નસિહત હાંસીલ કરવી જોઇએ. મોમીન દુનિયાની દરેક બાબતોમાંથી ઈબ્રત હાંસીલ

કરનારો હોય છે.)

★ હઝરત સુફિયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, "જે વ્યકિત દુનિયાની હાલાતો પર ચિંતન કરે અને તેનાથી ઈબ્રત હાંસીલ કરે, તેના નેક આમાલોમાં કમી નહીં આવે." અને હઝરત અસમ(રહેમતુલ્લાહ અલયહ)થી કોઇએ પૂછયું કે, "આદમી એ વાતને લાયક ક્યારે બને છે કે તેને દુનિયાથી ઈબ્રત હાંસીલ કરવાવાળો સમજવામાં આવે.?" આપે ફર્માવ્યું કે, "જ્યારે આદમી દુનિયાની દરેક વસ્તુનો અંત બરબાદી સમજે અને તેનો માલીક માટીમાં જશે." (એટલે કે આ ઈલ્મ તેની દ્રષ્ટિ સામે સતત હાજર હોય અને તેના તકાજાઓ પર અમલ કરનારો હોય નહીંતર આટલી વાતતો દરેક વ્યકિત જાણે જ છે.)

★ હઝરત હાતિમ અસમ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, "જે ઘરમાંથી જનાઝો નીકળે અને તે તેનાંથી ઈબ્રત હાંસીલ ન કરે તો ન તો તેના માટે ફાયદાકારક ઈલ્મ(ઈલ્મેનાફેઅ)છે ન હિકમત છે કે ન નસિહત છે."

★ હઝરત અહમદ બીન હરબ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, "જમીન બે વ્યકિતઓની હાલાત પર તાઅ્જ્જુબ કરે છે. એક વ્યકિત જે પોતાના સુવા માટે ખ્વાબગાહ(બેડરૂમ)તૈયાર કરે અને બિસ્તર પાથરે તેનાથી જમીન કહે છેકે, તું એ યાદ કેમ નથી કરતો કે તારે મારી અંદર ખૂબ લાંબા સમય સુધી બિસ્તર વગર જ રહેવાનું છે. અને બીજી એ વ્યક્તિ કે જે પોતાના કોઇ ભાઇ સાથે કોઇ જમીનના ટુકડાં વિશે ઝઘડો કરે છે તેનાથી જમીન કહે છેકે, તું એ વ્યક્તિઓની હાલાતો પર કેમ વિચારતો નથી જેઓ આ પહેલાં તેના માલીક રહી ચુકયા છે, કારણકે કેટલાય એવા લોકો ગુજરી ચુકયા છે જે તેના માલીક બન્યાં પરંતુ તેમાં ન રહી શકયાં."

★ હઝરત માલીક બીન દીનાર(રહેમતુલ્લાહ અલયહ) ફરમાવતા હતાં કે,"જે વ્યકિતને જાહેરી અને બાતીની આંખે આ દુનિયાથી ઈબ્રત હાંસિલ ન કરી અને આખેરત તરફ પાછો ન પલ્ટયો તેના દિલ ઉપર પડદો નાંખેલો છે અને તે અમલ ઓછા કરશે."

★ હઝરત સાબીત બનાની(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે," હઝરત દાઉદ(અલયહીસ્સલામ)એકવાર એક તંદુર (ભઠ્ઠી)ની પાસેથી પસાર થયા જે ભડકાવવામાં આવી રહી હતી. જેને જોઇને આપને દોઝખની યાદ આવી ગઇ તે યાદ આવતાં જ આપ પાછા ફર્યા અને બેહોંશ થઇ ગયાં તેમજ ખુદાના ખૌફના કારણે તેઓની એ હાલત થઇ જતી હતી કે તેઓના અવયવો અને સાધાં એકબીજાથી અલગ થવાની અણી પર આવી જતાં અને લોકો આપના અવયવોને રસ્સી વડે બાંધી દેતા હતાં જેથી તેઓ તેને હરક્ત

આપી શકે. અને થોડાક દિવસો સુધી આ જ રીતે બાંધેલા રહેતાં. તેમજ ગરમીના સમયમાં ફર્માવતા હતાં કે, "ઇલાહી અમારાથી તો સુરજની ગરમી પણ સહન નથી થતી અમે તારી આગને કઇ રીતે સહન કરી શકશું ?"

(હે ભાઇ, આ એવી શખ્સીયતની હાલત છે, જેઓ માસુમ છે જેના માટે ગુનાહની કલ્પના કરવી પણ કુફ્ર છે છતાંપણ તેઓનો **ખૌફે ખુદા** જુઓ જયારે આપણા માટે કોઇ જ ગેરેંટી નથી, આપણા ગુનાહોંની કોઇ હદ નથી અને છતાં ખુદાના ખૌફથી આંખમાંથી એક આંસુ પણ ટપકતું નથી. તો આપણે આપણી જાતને શું સમજીએ છીએ ? જે આપણે વિચારવાનું છે અને ઇબ્રત હાંસીલ કરવાની છે.)

★ હઝરત અહમદ બીન હરબ ફર્માવતાં હતાં કે, "મેં કોઇને પણ નથી જોયા કે આપણી કરતાં વધુ કમજોર અક્કલવાળો હોય. આપણે લોકો તડકાના મુકાબલામાં છાયો પસંદ કરીએ છીએ પરંતુ દોઝખના મુકાબલામાં જન્નતને અપનાવતા નથી જો કે દોઝખ તડકાથી પણ વધુ તકલીફ આપનારું છે અને જન્નત છાયાથી કેટલુંય વધારે રાહત આપનાર છે."

(તો હે ભાઇ, આ વાતને સમજી લે અને સૃષ્ટિની દરેક વસ્તુ કે જે તું આંખો વડે નિહાળે છે તેને ઇબ્રતનો વિષય બનાવ એટલેકે જે કંઇ તું જો તેના વડે ઇબ્રત હાંસીલ કર. મોમીનનું એકપણ કાર્ય ઇબ્રતથી ખાલી હોતું નથી.)

(અલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન.)

★(૧૮)મુસલમાનોની ભલાઇ ચાહવી

કામીલ પીર અને સુફીયાએ બાસફા લોકોના સદ્ગુણો પૈકી એક એ પણ છેકે તેઓ લોકોને તેનાથી બચાવતાં હતાં કે તેઓ તેમના એ બુરા કાર્યો કે જે તેમનાથી ભુલ કે ગફલતના કારણે કયારેય સાદિર થઇ જતાં હતાં, તેનું અનુસરણ કરે. અને તેનાથી તે લોકોનો હેતુ તે લોકોની ભલાઇ ઇચ્છવી હતી. જીંદગીમાં પણ(કે તેઓ મારા આ કાર્યોથી બચે)અને મર્યા પછી પણ(કે તેના બુરા પરિણામથી બચે) તેમજ આ બાબતમાં તેઓનો એક હેતુ એ પણ હતો કે, એ લોકોના કારણે જેઓએ તેમની એ બુરી વાતોનું અનુસરણ કર્યું હતું જે તેઓથી ગફલત કે ભુલના કારણે સાદિર થઇ ગઇ હતી જેમાં ખુદ આ હઝરાતો ગુનેહગાર ન થાય.

અમને જાણવા મળ્યું છે કે સિકંદર ઝુલ્કરનૈનના યુગમાં પુરમાં એક સોનાની કબ્ર જાહેર થઇ જેની લંબાઇ અને પહોળાઇ દસ દસ હાથ જેટલી હતી. લોકોએ આ કબ્રને ખોલી તો જોયું કે એક વ્યક્તિ એવા તખ્ત પર સુતેલો છે કે જેના પાયા સોનાના છે અને રેશ્મી ચાદર ઓઢેલી છે અને તેના ગળામાં પન્નાની એક તખ્તી પડેલી છે જેમાં લખ્યું છે કે, *બેઇસ્મી વાજીબુલ્વજુદ વ*

ઇલ્લતુલ્અલલ. (આ *બિસ્મીલ્લાહ...*ના બદલે છે અને ત્યારબાદ અસલ મકસદ જે છે તે આ છે) જે વસ્તુની શરૂઆત છે તેનો અંત પણ છે. એટલા માટે હું એક હઝાર વર્ષ સુધી દુનિયાના ચાર ખંડોનો માલીક રહ્યો અને મારા મુલ્કની રોજની આવક આટલું સોનું હતું જેટલી કે મારી કબ્રમાં લાગેલું છે.અલ્લાહ ત્આલાની વિશાળ મખ્લુક ઉપર મારી હુકુમત હતી આ બધા જ મારા ફરમાં-બરદાર હતાં. આ સર્વ કાંઇ હતું છતાં પણ હું આસમાને બાલા પર ચાલ્યો ગયો(મૃત્યુ પામ્યો) અને તમારી વચ્ચે મારું આ શરીર છોડી ગયો, જે પણ કયારેક ફના થઇ જશે. જેથી મારા પછી આવનારી પેઢી તેના થકી સબક હાંસીલ કરે.

અહીં આ ઘટના લખવાનું કારણ અને હેતુ એ છે કે, એ બાદશાહે લોકોને તેનાથી બચાવી લીધા, કે તેઓ દુનિયામાં મશગુલ થઇને ગાફીલ બનવામાં તેનું અનુસરણ કરે.

★ હઝરત યાહ્યાબીન મઆઝ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવે છે કે, "મને લોકો પર આશ્ચર્ય થાય છે કે તેઓ નેકીઓ પર એટલી હદે સખ્તી કરે છે કે જો તે બિચારો કોઇ મુબાહ(બીન વાંધા જનક) કાર્ય કરે છે તો આ લોકો તેને બુરુ સમજે છે જયારે ખુદ પોતાની જાત માટે એટલી નરમી અપનાવે છે કે અત્યંત બુરા ગુનાહો કરે છે અને ક્યારેય વિચારતા નથી કે અમે લોકો ખરાબ કરી રહ્યા છીએ; એટલેકે તે લોકો ગીબત કરેછે, ચુગલખોરી કરે છે, ઇર્ષા કરે છે, કપટ રાખે છે, તકબ્બુર કરે છે, અહ્મને પોષે છે, કહેવાનો હેતુ કે દરેક પ્રકારના ગુનાહ કરે છે પરંતુ ક્યારેય સાચા હૃદયથી અસ્તગ્ફાર કરતાં નથી. અને જો કોઇ બુઝુર્ગ મુબાહ કપડાં પહેરી લે કે મુબાહ મીઠાઇ કે મુબાહ સાકર ખાઇ લે તો તેઓ પર વાંધા-વચકો રજૂ કરે છે. અને કટાક્ષ કરે છે (કે આ તો કેવા બુઝુર્ગ છે કે જે આવું આવું કરેછે. અલ્લાહ બચાવે આઅત્યંત ખરાબ દ્રષ્ટિકોણ અને અત્યંત ખરાબ સમજથી.)

★ હઝરત સાલેહ મુરી(રહેમતુલ્લાહ અલયહ)એ એકવાર ફર્માવ્યું કે, "જો કોઇ અલ્લાહત્આલાનો દરવાજો ખટખટાવતો રહેશે, તો કયારેને કયારે તો જરૂર ખુલી જશે." આ સાંભળીને એક ઔરતે કહ્યું કે, "કેમ હઝરત, શું અલ્લાહત્આલાનો દરવાજો કયારેય કોઇની ઉપર બંધ પણ થયો છે ખરો?" તો તેઓને પોતાની ભુલ સમજાણી અને ફર્માવ્યું કે, "હે ઔરત તું સમજી ગઇ, પણ આ બુઢ્ઢો સમજી ન શકયો." (આ હતુ તે લોકોનું હક્કનું અનુસરણ અને તેઓની હાલત એ હતી કે લોકોને પોતાની લગઝીશોના અનુસરણથી બચાવે.)

★ હઝરત ઇસા(અલયહીસ્સલામ)ફર્માવતાં હતાં કે," નબી કે

બુઝુર્ગને એ લોકો જ બુરા કહે છે કે જેઓ તેના શહેરવાસીઓ કે પાડોશીઓ છે. કારણકે તેઓ તેને નીસહતો કરે છે અને તે સાંભળવા ઇચ્છતા નથી. એટલા માટે તેઓ તેને(બુઝુર્ગને)બુરા સમજે છે અને બુરા કહે છે.'' (અને આ જમાનામાં તો હાલાત તેનાથી પણ વધુ ખરાબ થઇ ગઇ છે કે એહલુલ્લાહ (અલ્લાહવાળા)ના શહેરવાસીઓ અને પડોશીઓ તેમાંય ખાસ કરીને તેના જ્ઞાતિભાઇઓ માત્ર ઇર્ષાના કારણે જ તેઓથી બળે છે. અલ્લાહત્આલા આ પુર-ફ્તનઘૈરથી આપણને બચાવે.)

★ હઝરત હાતીમ અસમ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવે છે કે, ''જે વ્યક્તિ દિરહમ(રૂપિયા)થી તેની ઝાતના કારણે મોહબ્બત કરે છે તે પણ તેનાથી આખેરતના કારણે જ મોહબ્બત કરે છે.'' (કહેવાનો અર્થ એ છેકે જેને ખુદ રૂપિયાથી મોહબ્બત છે આ મોહબ્બત પણ ખરાબ નથી, કારણકે રૂપિયા પણ એકહદે ખુદાત્આલાની ઝાતની નેઅ્મત છે. અને ખુદાની દરેક નેઅ્મત મોહબ્બત કરવાને પાત્ર છે. અને તેની મોહબ્બત અહીં શરીઅ્તની દ્રષ્ટિએ મતલબ ધરાવનારી છે. હા જો કોઇ રૂપિયાથી એટલે મોહબ્બત કરે કે તે તેને ગુનાહોનો ઝરીયો બનાવે અને પોતાની શહેવતો અને ખ્વાહિશાતોનું પોષણ કરે તો ચોક્કસ તે ખરાબ છે.)

તો હે ભાઇ, આ વિષયને સારી રીતે સમજી લે અને ખુદાથી દુઆ કરકે અલ્લાહત્આલા આપણને બીજા માટે ઇબ્રતનું કારણ બનાવે અને અમારી ખામીઓ દેખાડી દે. આમીન....

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૧૯) નમ્રતા અને આજેઝી

મશાઇખે કિરામ અને સુફીયાએ બાસફાના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ પોતાને સૌથી વધુ ફાસિક(ગુનેહગાર)સમજે છે. અને એવું માને છેકે તેઓ એવી લાયકાત ધરાવતા નથી કે અલ્લાહ ત્આલા તેઓની દુઆ કબુલ કરે અને આ જ કારણોસર તેઓ પૈકી અમુક હઝરાતો વરસાદ માટેની દુઆ તેમજ બલાઓ દફા કરવા માટેની દુઆઓ માટે લોકોની સાથે નહોતા જતાં (આ તેઓની નમ્રતા અને આજેઝીના કારણે હતું. નહિંતર તેઓ અલ્લાહત્આલાના મુકર્રબ બંદાઓ પૈકી છે.)

★ હઝરત સઅદ બિન જીબર(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતા હતાંકે, ''બની ઇસ્રાઇલના બાદશાહો પૈકી એક બાદશાહના જમાનામાં દુષ્કાળ પડ્યો લોકોએ વરસાદની માંગણી કરી પરંતુ વરસાદ વરસ્યો નહી, જે અનુસંધાને બાદશાહે કહ્યું કે, 'જો ખુદા ત્આલા એ આપણી ઉપર વરસાદ વરસાવી દીધો તો ઠીક છે નહીંતર હું તેને સતાવીશ.' કોઇએ તેને કહ્યું કે, 'તું

તેને કઇ રીતે ઇજા પહોંચાડી શકીશ કારણકે હકત્આલાનું આસમાનમાં હોવું પણ અશક્ય છે કારણકે તે ઝમાના અને મકાનથી પાક છે.' (તો તું તેને કઇ રીતે ઇઝા પહોંચાડીશ)તો તેણે કહ્યું કે, 'હું તેને એ રીતે ઇઝા પહોંચાડીશ કે તેના દોસ્તો અને ફર્માબરદારોને કત્લ કરી દઇશ અને આ જ તેની ઇઝા છે.' (જોકે આ વાત ઘણી જ બેબાક અને નિર્ભયતા પર દલીલરૂપ છે માટે તે બાદશાહ સખ્ત સજાને પાત્ર છે)પરંતુ અલ્લાહત્આલાએ માત્ર પોતાના ફઝલો કરમ વડે તેને વરસાદ અતા ફર્માવ્યો.''

★ હઝરત માલીક બીન દિનાર(રહેમતુલ્લાહ અલયહ)થી લોકોએ અર્ઝ કરી કે, ''તમે ઇસ્તિસ્કા(વરસાદની દુઆ અને નમાઝ) માટે શા માટે નથી પધારતા?'' તેઓએ ફર્માવ્યું કે, ''હું એટલો ગુનેહગાર છું કે મને એવો ભય છે કે મારા કારણે તમારી ઉપર પત્થરો ન વરસે?'' અને ફર્માવતાં હતાં કે, ''તમે લોકો એવું સમજતા હશો કે વરસાદમાં કેમ વાર લાગી ? અને હું એવું સમજતો રહીશ કે પત્થરની વર્ષામાં વિલંબ થઇ ગયો.''

★ હઝરત વહબ બીન મમ્બાહ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માતા હતાં કે, ''હઝરત ઇસા(અલયહીસ્સલામ) ઇસ્તિસ્કા (વરસાદની દુઆ)માટે તશરીફ લઇ ગયા. અને જઇને ખૂબ જ રૂદન અને અશ્રુવહન કર્યુ, પરંતુ વરસાદ ન વરસ્યો ત્યારે આપે ફર્માવ્યું કે, 'જે કોઇએ ગુનાહ કર્યો હોય તેઓ ચાલ્યા જાય.' આ સાંભળીને તમામ લોકો પાછા ફર્યા. અને માત્ર એક વ્યક્તિ રહી ગયો. તેનાથી આપે ફર્માવ્યું કે, 'કેમ મિંયા તમે કોઇ ગુનાહનું આચરણ કર્યુ જ નથી?' તેણે કહ્યું, 'જી, હા(ખુદાનો શુક્ર છે કે મેં કોઇ ગુનાહ નથી કર્યો) માત્ર એકવાર એવું બન્યું હતું કે મેં એક સ્ત્રીની તરફ જોઇ લીધું હતુ તો પછી જ્યારે તે ચાલી ગઇ તો તેના બદલામાં એ કર્યુ કે મારે આંખમાં આંગળી ઘોંચીને તેને બહાર કાઢી નાંખી.' ત્યારે હઝરત ઇસા(અલયહીસ્સલામે)કહ્યું કે, 'સારુ લોકો માટે ખુદાથી દુઆ કરો.' તેણે દુઆ કરી તો તરત જ પુરા આસમાન પર વાદળો છવાય ગયા અને લોકોને વરસાદ અર્પણ કરવામાં આવ્યો.''

★ હઝરત સુફિયાન સૌરી (રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતા કે, ''બની ઇસ્રાઇલ પર સાત વર્ષ સુધી દુષ્કાળ પડયો જેનું પરિણામ એ આવ્યું કે લોકો મુર્દા જાનવર અને પોતાના બાળકોને ખાવા લાગ્યાં જ્યારે અહીં નૌબત પહોંચી તો લોકોએ એવું કર્યુ કે, પહાડોમાં જવા લાગ્યાં પરંતુ તેઓની દુઆ કોઇ પણ રીતે કબુલ થતી નહોતી.(જ્યારે લોકો હદથી વધુ પરેશાન થયા)ત્યારે અલ્લાહત્આલાહએ હઝરત મુસા (અલયહીસ્સલામ)તરફ વહી મોકલી કે, 'આપ તેઓને ફર્માવી દ્યો કે જો તમે મારી એટલી ઇબાદત કરો કે સુકાઇને સાઠીકડાં જેવા થઇ જાવ તો પણ હું દુઆ કબુલ નહીં કરું ત્યાં સુધી કે તમે

નાજાઇઝ તરીકાથી હાંસીલ કરેલ માલો અને બીજા હક્કો તેના હક્કદારોને પાછા ન ફેરવી દ્યો.' તો હઝરત મુસા(અલયહીસ્સલામ) આ હુકમ તેઓ સુધી પહોંચાડી દીધો, જેના જવાબમાં તેઓએ કહ્યું કે, ' આવા હક્કો તો હદ બહાર(અસંખ્ય)છે અમે તેને કઇ રીતે પાછા ફેરવી શકીએ? ' તો જ્યારે તેઓએ આ રીતે હુકમનો અનાદર કર્યો તો અલ્લાહત્આલાનો કહેર હંમેશા રહ્યો અને તેઓ ભૂખ્યા તરસ્યા મરી ગયા.''

હે ભાઇ, તું સલ્ફ સાલેહીનની હાલત જો કે તેઓ પોતાના નફસો પર હદથી વધુ તોહમતો લગાડતા હતાં તો તું પણ તેઓનું અનુસરણ કર અને કદાપી ઈસ્તિસ્કા માટે જવામાં જલ્દી ન કર. હા, જો તું એવું સમજતો હો કે, <u>ખુદાએ મારા તમામ ગુનાહ માફ કરી દીધા છે તો કશો વાંધો નથી.</u> (પરંતુ આવું અનુમાન કેવી રીતે થઇ શકે? જ્યારે કે એટલા મોટા અને મહાન બુઝુર્ગો પોતાની ઝાતને તદ્દન ક્ષુલ્લક અને નકામી સમજતા હતા અને પોતાને સૌથી વધુ ગુનેહ-ગાર ગણાવતા હતાં તો તું કંઇ ગણત્રીમાં? બલ્કે ઇન્સાનનું પોતાની ઝાતને સારું સમજવું એ જ સૌથી મોટો ગુનાહ છે.)

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૨૦) દરગુજર કરવું અને માફી આપવી

કામીલ પીરો અને એહલે તસવ્વુફ લોકોના સદ્ગુણો પૈકી આ એક તેઓનો ખાસ સદ્ગુણ છે કે, ''જે વ્યક્તિ તેઓને મારીને અથવા તો તેઓનો માલ છીનવીને અથવા તો તેઓની આબરૂ પર હુમલો કરીને અથવા આ જ રીતે બીજા અન્ય કોઇ તરીકા વડે તેઓને તકલીફ આપે તો તેઓ અખ્લાકે મોહંમદી(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)વડે આભુષીત હોવાના કારણે તેને માફ કરી દે છે અને તેનાથી દરગુઝર કરે છે.'' કારણકે જનાબે રસુલે અકરમ(સલલ્લાહો અલયહે વસલ્લમ)પણ પોતાની ઝાત માટે ક્યારેય બદલો લેતા ન હતા, બલ્કે ત્યારે બદલો લેતા હતાં કે જ્યારે અલ્લાહત્આલાની એહતરામોને લાયક કોઇ ચીઝની(તે અહકામો હોય કે અલ્લાહની નિશાનીઓ પૈકી)બેઇઝ્ઝતી કરવામાં આવે.

★ હઝરત હાતિમ અસમ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''એ તમારી બેઇન્સાફી છે કે જ્યારે બીજા લોકો ખુદાની નાફર્માની કરે તો તમે તેનાથી અદાવત રાખો. અને જ્યારે તમારો નફસ ખુદાની નાફરમાંની કરે તો તેનાથી અદાવત ન રાખો; હું કહું છું કે પોતાના નફસથી અદાવત રાખવાનો મતલબ એ છે કે તેને ભુખ અને તરસ વડે અને બિસ્તર પર ન સુઇને એ જ રીતે આ પ્રકારની વાતો વડે સજા આપવામાં આવે અને તેની સાથે એવો મામલો કરવામાં આવે કે જેવી રીતે આદમી તેની સાથે કરે છે, જેને તે નાપસંદ કરે છે

અર્થાત્ તેની ઉપર ગુસ્સો કરે છે અને મહેરબાની નથી કરતો. અને તેની સાથે મામલો ન કરવામાં આવે જેવી રીતે આશીક પોતાના માશુકથી કરે છે કે તેની દરેક ખ્વાહિશ પુરી કરવામાં આવે.''

(આજે તો લોકોની એ હાલત છે કે તેને પોતાની નફ્સ તરફ તો જોવાની ફુરસદ જ નથી, કે તેની અંદર કેટલી હદે ખરાબીઓ અને દુષ્ટતાઓ ભરેલી છે બસ માત્ર અન્યના જ દોષ જોવા માટેની ફુરસદ છે. તો આનાથી વધીને બેઇન્સાફી કઇ હોય શકે.?)

★ એક ઔરતે હઝરત માલીક બીન દિનાર(રહેમતુલ્લાહ અલયહ)ની ચાદર અને **કુર્આન શરીફ** ચોરી લીધું જ્યારે તેઓની ખબર પડી તો પાછળ પડ્યાં. અને તેઓ દોડતા જતા હતાં અને કહેતા જતાં હતાં કે,''બહેન, ડર નહીં હું તને કાંઇ જ નહીં કરું તું ચાદર લઇ જા અને **કુર્આન શરીફ** મને આપી દે.''

★ હઝરત અબુસઇદ મકબરી(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''પુરેપુરી માફી એ છે કે ઝાલીમથી બદલો ન લેવામાં આવે અને તેની પર રહેમ કરે. તેમજ ખુદાત્આલાથી તેની માફી માટે દરખાસ્ત કરતો રહે.''

★ જ્યારે હઝરત ઇમામ માલીક(રદીયલ્લાહોત્આલા અન્હો)ને કોરડા મારવામાં આવ્યા હતાં તો આપે અગાઉથી જ મારવાવાળાને માફી આપી દીધી હતી.

★હઝરત ઇમામ એહમદ હમ્બલ(રદીયલ્લાહો ત્આલા અન્હો)ને જ્યારે કોરડા મારવામાં આવ્યાં હતાં તો પણ મારવાવાળાને માફ કરી દીધું હતું અને ફર્માવતાં હતાં કે, ''આદમીનું શું નુકશાન?જો તેના કારણે અલ્લાહ ત્આલા કોઇને અઝાબથી બચાવી લે.''

★ હઝરત કઅ્બ બીન અહબાર(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ''જે વ્યક્તિ પોતાની પત્નીની તકલીફો પર સબ્ર કરશે તો અલ્લાહત્આલા તેને હઝરત અય્યુબ (અલયહીસ્સલામ)ના સબ્રનો સવાબ અર્પણ કરશે. અને જે સ્ત્રી પોતાના પતિની જોર-ઝુલ્મ પર સબ્ર કરશે અલ્લાહત્આલા તેને એ સવાબ અર્પણ કરશે જે આશિયા બીન્તે મુઝાહીમ એટલે કે ફીરઔનની પત્નીને આપવામાં આવ્યો.''

★(૨૧) એહલે ઈસ્લામની ઈઝઝત કરવી

મશાઇખે કિરામ અને સુફિયાએ કિરામના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ મુસલમાનોની ઇઝઝતનો બહુ જ ખ્યાલ કરતા હતા અને તેની અઝમતને હંમેશા દ્રષ્ટિ સમક્ષ રાખતાં હતાં કારણકે તેઓ તે અલ્લાહની નિશાનીઓ પૈકી છે જેની બેઇઝઝતી કે તેને બેઆબરૂ કરવું હરામ છે તેમજ મુસલમાનોની ભલાઇને પસંદ કરતા હતા

★ હઝરત અબુબક સીદીક(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ‘‘કોઇ વ્યક્તિ કોઇ મુસલમાનને હલકો ન સમજે કારણકે સામાન્ય કક્ષાનો મુસલમાન પણ ખુદાની નિકટ મર્તબામાં મોટો છે.’’

★ હઝરત અબ્દુલ્લાહ બીન અબ્બાસ(રદીયલ્લાહો ત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ‘‘પોતાના હમનશીનો(દોસ્તો)ની ઇઝઝત કરવી, ખૂબ ઊંચા પ્રકારની નેકી છે. તેમજ તેઓ કાઅ્બાની તરફ જોતાં અને ફર્માવતાં હતાં કે, હે કાઅ્બા અલ્લાહત્આલાએ તને મોહતરમ અને શરાફતવાળો અને ઇકરામને લાયક બનાવ્યો છે. પરંતુ મોમીન ખુદાની નજીક ઇઝ્ઝતમાં તારાથી પણ વધીને છે.’’

★ હઝરત અબુ હુરૈરાહ(રદીયલ્લાહોત્આલા અન્હો)ફર્માવતાં હતાં કે, ‘‘મોમીનની હૈસિયત ખુદાની નજીક અમુકએ ફરિશ્તાઓથી વધુ છે જે મુકર્રબ (નિકટ રહેનાર)છે.’’

★ હઝરત હાતિમ અસમ(રહેમતુલ્લાહ અલયહ)થી પુછવામાં આવ્યું કે, ‘‘હાથની દૈત (ખુનના બદલામાં આપવામાં આવતી રકમ)તો પાંચસો દિનાર છે તો પછી શું કારણ છે કે, પાંચ દીરહમોનો ચોરનો હાથ કાપી નાંખવામાં આવે છે ?’’ તો આપે ફર્માવ્યું કે, ‘‘હાથ કાપવામાં માત્ર દીરહમોનો જ ખ્યાલ નથી હોતો બલ્કે તેની સાથે પર્દાદારી(ઐબ છુપાવવો), ઝુલ્મ, અને બંદાના માલના એહતરામને છોડી દેવું વગેરે પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. અને આ કાર્ય ચોક્કસ ખૂબ જ મહાન એહતરામો પૈકી છે માટે હવે કશી જ શંકા રહેતી નથી.’’

હવે હે ભાઇ, તું તારા નફસની હાલત પર ચિંતન કર, અને વિચાર કે ઉલ્મા અને નેક લોકોની તો ઠીક પણ આમ મુસલમાનની પણ તાઅ્ઝીમ કે ઇઝઝત કરી છે, કે જે રીતે અમે બયાન કર્યુ તે તેઓને હકીર સમજ્યા અને તેની આબરૂ પર હુમલો કર્યો અને આ રીતે તું ફાસીકમાં દાખલ થઇ ગયો; માટે તું ખુદાથી અસ્તગ્ફાર કર અને હવે પછી એવું ન બને તેનાથી તૌબાહ્ કર.

વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલ્મીન

★(૨૨) ઘરવાળાઓથી સદ્વર્તન

કામીલ પીરો અને એહલે તસવ્વુફ લોકોના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે, તેઓ પોતાની પત્નીઓ અને કુટુંબીજનોની તકલીફો પર સબ્ર કરે છે. અને સમજે છે કે, તેઓની બીવીઓ અને કુટુંબી જનોથી તેઓની જેટલી મુખાલિફત થાય છે એટલી જ હદે તેઆનો ખુદાત્આલા સાથેનો મામલો મુખાલીફ હશે માટે જ ખુદાત્આલા તેની પત્નીઓ અને કુટુંબીજનોને તેનો મુખાલીફ બનાવી દે છે. (આ તેઓની અંગત માન્યતા છે, કોઇ એવો કાનુન

નથી.)અને આ કાયદો અંશતઃ છે સંપૂર્ણ નથી કારણકે ઘણીવાર અમ્બિયાએ કિરામની બીવીઓએ પણ મુખાલિફત કરી છે, જ્યારે અમ્બિયાએ કિરામ તો હક્કત્આલાની મુખાલિફતથી માસુમ છે. માટે અહીં કદાચ કોઇ બીજી મસ્લેહત હોઇ શકે; જે કંઇ હોય તે પરંતુ આ હાલત ખાસ સલ્ફસાલેહીનની હતી જ્યારે આમ લોકો આટલી બારીકદ્રષ્ટિ ધરાવતા નથી હોતા માટે તેઓ આ વાતને સમજી શકતા નથી પરંતુ એટલું જરૂર કે તેઓ આ સાંભળીને સહન કરતા હતાં અને સમજતા હતાં કે તેના નુકશાન કે તકલીફો કરતાં ફાયદો વધારે છે. એટલે આ રીતે આમ તેમજ ખાસ બધાં જ ઔરતોનો હક્ક પુરો અદા કરતાં હતાં; અને તેણીઓની મુખાલિફત તેઓ માટે આ કાર્ય(હક્કની અદાયગી)માં રૂકાવટ પૈદા કરતી ન હોતી. કારણકે તેઓનું હેતુ આ હદીષેપાક પર અમલ કરવાનો હતો કે, ‘‘જેણે તમને અમાનતદાર બનાવ્યો છે, તમે તેને અમાનત અદા કરો અને જે તમારી સાથે ખયાનત કરે, તેની સાથે ખયાનત ન કરો તો આ રીતે આ હદીષના આધાર પર તેઓ સ્ત્રીઓના તમામ હક્કો સારી રીતે અદા કરતાં હતાં, અને પોતાના હક્ક છુટી જવાની પરવા કરતાં ન હતા.’’

★ હઝરત હસન બસરી(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતા હતાં કે, ‘‘ચાર વાતો બદબખ્તી પૈકી છે, (૧) બાલ- બચ્ચાઓનું વધું હોવું (૨) માલનું ઓછુ હોવું કે તંગદસ્તી (૩) હંમેશા રહેવાના સ્થળે પડોશીનું ખરાબ હોવું અને (૪) ખરાબ ઔરત જે પોતાના પતિ સાથે ખયાનત કરે.’’

★ હદીષ શરીફમાં છે કે,‘‘જો અલ્લાહત્આલા ઔરતો પર શરમરૂપી પડદો નાંખતો નહીં તો તે મુઠ્ઠીભર માટી બરાબર પણ ન હોત.’’ (કારણકે અત્યંત બદકાર હોત)(તો જે ઔરત બેશરમ છે, ત્યાં બદકારી જરૂર છે. હયા જ સ્ત્રીનું ઘરેણું છે અને તેનો પડદો છે.)

★ હઝરત અલી બીન અબીતાલીબ(કર્રમલ્લાહોવ જહુલ્કરીમ) ફર્માવતા હતાં કે, ‘‘પાંચ વાતો આદમીની પરિપૂર્ણ ખુશનસીબીઓ પૈકી છે. *(૧) એ કે તેની પત્ની તેના સ્વભાવ પ્રમાણે હોય *(૨) એ કે તેની ઔલાદ નેક હોય *(૩) એ કે તેના દોસ્ત એહબાબ નેક હોય *(૪) એ કે તેના પાડોશી સારા હોય અને *(૫) એ કે રોઝી તેના માટે વતનમાં જ હોય, અને તેના માટે તેણે બહાર જવું ન પડે.’’

★ હુઝુર નબીએ પાક(સલલ્લાહો અલયહે વસલ્લમે)ફર્માવ્યું કે, ‘‘હે અલ્લાહ તારાથી હું ત્રણ પ્રકારના આદમીઓથી પનાહ માગું છું (૧)એક એ આદમીથી જે દીનથી ગાફીલ છે (૨) બીજું ખરાબ પાડોશીથી અને (૩) ત્રીજું એ બીવીથી કે જે પતિને સતાવે.’’

★ હઝરત અહમદ બીન હરબ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતા હતા

કે, ''જ્યારે કોઇ સ્ત્રીની અંદર આ છ (૬) વાતો એકઠી થઇ જાય તો તે પુરી નેક છે *(૧) એ કે તે પંજગાના નમાઝીની પાબંદ હોય *(૨) એ કે પોતાના ખાવીંદ(પતિ)ની ફરમાંબરદાર હોય *(૩) એ કે પોતાના પતિને ખુશ રાખે *(૪) એ કે પોતાની જીભને ગીબત તેમજ ચુગલીથી સુરક્ષીત રાખે *(૫) એ કે દુનિયાના સાજો સામાન(ઘરેણા-કપડા વગેરે)થી લગાવ ન હોય *(૬) એ કે મુશીબતો પર સબ્ર કરે.''

★ હઝરત અબ્દુલ્લાહ બીન મુબારક(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે,''ઔરતોનો એ ફિત્નો કે જેનાથી હુઝુર(સલલ્લાહો અલયહે વસલ્લમ)ડરાવતાં હતાં તે આ છે કે, તેણી મર્દોથી સંબંધો સગપણ તોડવી નાંખે છે(કત્અ રહમ)તેમજ એવા ઝલીલ કાર્યો માટે મજબુર કરે છે જે તેની ઝાતી નફસાની ખ્વાહિશાતો અને રગબતોના ફિત્નાથી વધારાના હોય છે.'' (ખુલાસો એ છેકે ઔરતોના ફિત્ના પૈકી એક તો એ છે કે તે મર્દોને મા-બાપ, ભાઇ-બહેન વગેરેથી જુદો કરે છે તેમજ બીજોએ કે તેણી તેને એવા કાર્યો માટે મજબુર કરે છે જેને આદમી પોતાના નફસની ખ્વાહિશાતોંના કારણે કરી શકતો નથી કારણકે તેણી બિલ્કુલ વ્યર્થ ફરમાઇશો કરે છે અને તેની ફરમાઇશ પુરી કરવા માટે આદમીએ દરેક શકય હોય તેવી તદબીરો કરવી પડે છે જો કે તે પોતાની ઝાતી ખ્વાહિશો માટે આવું કરી શક્તો નથી.)

★ હઝરત અબ્દુલ્મલીક બીન ઉમર ફર્માવતાં હતાં કે, ''જ્યારે ઔરતોની ઉમ્ર વધી જાય છે, તે તેના રહમ(ગર્ભ)બાળકો પૈદા કરવાથી રોકાય જાય છે અને તેની જીભ બગડી જાય છે અને આદત ખરાબ થઇ જાય છે અને જ્યારે મર્દોની ઉમ્ર વધી જાય છે તો તેની અક્કલ પીઢ થઇ જાય છે અને તેની ચપળતા જતી રહે છે અને આદત સારી થઇ જાય છે.''

★ હઝરત અબુ મતીઅ બલ્ખી(રહેમતુલ્લાહ અલયહ)એ અય્યુબ બીન ખલ્ફથી પોતાની પત્નીની શિકાયત કરી તો આપે ફર્માવ્યું કે, ''જ્યારે તું તેની તકલીફ પર સબ્ર નથી કરી શકતો તો પછી તું કેવી રીતે દાવો કરી શકે છે કે તું તેની કરતાં ચઢિયાતો છો (કારણકે ન તો તારામાં સહનશક્તિ છે ન તો તેણીમાં) અને ન તો તેણીમાં અક્કલ છે, ન તો તારામાં ; તો હવે તમે બંને બરાબર.''

★ હઝરત હાતિમ અસમ(રહેમતુલ્લાહ અલયહ)પોતાના ઘરમાં એવી રીતે રહેતાં હતાં કે જેવી રીતે બાંધેલું જાનવર(પાલતું જાનવર)જો કોઇએ કશું તેની સામે રાખી દીધું તો ખાઇ લીધું નહીંતર ખામોશ ભુખ્યા રહેતા.

તો હે ભાઇ, હઝરાતે સલ્ફસાલેહીન આ તરીકા પર જ ચાલતા હતા કે તેઓ ઔરતની તકલીફો પર સબ્ર કરતાં હતાં અને તેણીઓને બદલો કે સજા

આપતાં ન હતા સિવાય કે એવી પરિસ્થિતિમાં કે તેમાં ખુદ ઔરતની જ ભલાઇ રહેલી હોય. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૨૩) મોટાઇ તેમજ પદવીથી નિર્લેપતા

કામીલ પીરો અને સુફિયાએ કિરામની સારી આદતો અને હુસ્ને અખ્લાક પૈકેએક એ પણ છે કે જ્યાં સુધી સરદારી (આગેવાની, નેતૃત્વ)ખુદ-બ-ખુદ તેઓને મળતી નથી તેઓ પોતાની જાતે તેના માટે કોશીશ કરતાં નથી. બલ્કે લોકો ખુદ જ તેઓને પોતાના સરદાર માનવા લાગે છે અને તેઓ કહે છે કે, અમે આ ઇમામતની પદવી વગેરે માટે લાયકાતથી અને લોકો કહે છે કે, આપ જરૂર તેને લાયક છો, બલ્કે આ પદવી થકી તમારી શાન ખુબ જ ઊંચી છે.

★ હઝરત સુફિયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, '' જે શખ્સ સરદારીને તેનો ખુદ-બ-ખુદ મળવાં પહેલાં તલબ કરશે તો તે તેનાથી ભાગે છેઅને તેનાથી ઘણું જ ઇલ્મ છુટી જાય છે.''(કારણકે જ્યારે તે સરદારીની પ્રાપ્તિ માટે પ્રયત્નો કરવામાં લાગેલો રહેશે તો ઇલ્મ હાંસીલ કરવાની તક તેને ઓછી મળશે. અને માટે ઇલ્મથી તે વંચિત થઇ જશે અને જો તેણે ઇલ્મની પ્રાપ્તિ કોઇ પદવી મળે તેના માટે કરી અને તે કારણોસર તે ઇલ્મની પ્રાપ્તિમાં લાગેલો રહ્યો તો તે ખુબ જ મોટા ઇલ્મથી વંચીત રહ્યો કારણકે જેટલી હદે હકીકતો ખુદા માટે ઇલ્મ પ્રાપ્ત કરનાર પર મુન્કશીફ થાય છે, તે તેની પર મુન્કશીફ થતી નથી જે દુનિયા માટે ઇલ્મ હાંસીલ કરે. તો આ રીતે તે ઘણા જ ઇલ્મોથી વંચિત રહી ગયાનું સાબીત થઇ ગયું.)

★ તેમજ તેઓ એવું પણ ફર્માવતાં હતા કે, '' સીત્તેર વર્ષ સુધી મુજાહદા કર્યા પહેલાં આદમી એ સરદારી મેળવવાનો પ્રયત્ન ન કરવો જોઇએ'' (જેનો મતલબ એ નથી કે સીત્તેર વર્ષના મુજાહેદા પછી પ્રયત્નો કરવા જોઇએ બલ્કે તેનો મતલબએ છે કે જ્યાં સુધી સીત્તેર વર્ષ સુધી મુજાહેદાઓ ન કરી લેવામાં આવે આદમીની અંદર સરદારીની લાયકાત પૈદા થતી નથી.)

★ હઝરત ઇન્તાકી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતા કે, ''સરદારી જડ છે દંભ પ્રત્યેના પ્રેમ ભાવની અને માશુક છે નફસની અને શૈતાનની આંખોની ઠંડક છે.'' (એટલેકે સરદારીમાં ત્રણ ઐબ છે (૧) એ કે તેનાથી દંભ અને દેખાડો કરવાનો લગાવ પૈદા થાય છે (૨) એ કે તેનાથી નફસ ફુલાય છે અને (૩)એ કે તેનાથી શૈતાન ખુશ થાય છે. કારણકે તેના દ્વારા તેને મકસદમાં ઘણી જ મદદ હાંસીલ થશે.)

★ હઝરત ઇબ્રાહીમ બીન અદ્હમ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''તમે પૂંછડી બનો, માથુ(સર)ન બનો. કારણકે માથું હલાક થઇ જાય છે.'' (એટલે કે માથું એ આફતોનું કેન્દ્ર કે ઉદ્દભવસ્થાન છે જ્યારે પૂંછડી

આફતથી ઘણી દુર છે માટે તમે માથું ન બનો પરંતુ પૂંછડી બનો એટલે કે સરદાર ન બનો પણ તાબેદાર બનો.)

★ હઝરત ફુઝૈલ બીન અયાઝ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''જે વ્યકિત સરદારીને પસંદ કરે છે તે એ વાતને પસંદ કરે છે કે લોકોની ખામીઓ અને ઐબો વર્ણવવામાં આવે જેથી તે કમાલમાં સૌથી ચઢિયાતો જણાય (અને આ રીતે તેનો હેતુ સરદારી હાંસીલ થઇ શકે) અને એ વાતને નાપસંદ કરે છે કે લોકો કોઇને સારા કહે. (કારણકે તેનાથી તેના મકસદને ઠેસ પહોંચે છે) અને જે વ્યક્તિ સરદારીનો આશીક થઇ ગયો સમજી લ્યો કે તેણે પોતાની ભલાઇને અલવિદા કરી દીધી.'' (આજે આ પ્રકારની જમાદારીનો લોકોને ઘણો જ શોખ છે અને તેનું પરિણામ છેવટે તબાહી અને બરબાદી જ હોય છે. કોઇને ખુદના નફ્સ ઉપર સરસાઇ કે સરદારી હાંસીલ કરવી નથી, પરંતુ લોકો પર સરદારી હાંસીલ કરવી છે માટે જે તેઓ વિવિધ પ્રકારના ઠેકાઓ લઇને ફરતાં હોય છે જેમ કે કોઇ દીનના ઠેકેદાર બની ગયા, કોઇ સુન્નીય્યતના ઠેકેદાર બની ગયા, કોઇ મસ્જિદના ઠેકેદાર બની ગયા, કોઇ સમાજના ઠેકેદાર બની ગયા, કોઇ તસવ્વુફના ઠેકેદાર બની ગયા, પરંતુ પોતાના નફ્સનો તો ઠેકો લીધો જ નહીં.?)

★ હઝરત સુફિયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''સરદારીને છોડવી અને સ્ત્રીની મોહબ્બતનો ત્યાગ કરવો એલવાથી પણ વધુ કડવું છે.'' (એલવો એક એવું ફળ છે કે જે સૌથી મીઠી વસ્તુ મધને પણ કડવું ઝેર બનાવી દે છે.)

સૌથી પહેલી વ્યક્તિ કે જેની તાબેદારીમાં લોકો મસ્જિદથી ઘર સુધી ચાલ્યાં છે *અશ્અષ બીન કૈયસ* હતો. એ રીતે કે તે સવાર થતો હતો અને ગુલામ તેની આગળ-આગળ ચાલતાં હતાં તો જ્યારે એ સમયના લોકો તેને જોતાં તો કહેતા હતા કે ખુદા આ જાબીરને તબાહ્ કરે.

તો હે ભાઇ, તું કોઇ એવા કાર્યમાં જે વાસ્તા વગર કે વાસ્તા વડે દુન્યવી હોય તેમાં સરદાર બનવું ક્યારેય પસંદ કરતો નહીં (વાસ્તા વગર દુન્યવી કાર્ય હુકુમતના કાર્યો છે અને વાસ્તાવાળુ દુન્યવી કાર્ય અનામત વગેરેના કાર્યો છે જો કે આ કાર્ય ખુદ દીની છે પરંતુ જ્યારે તેમાં પદવીનો હેતું હોય તો પણ દુન્યવી જ બની જાય છે.)

★(૨૪)મુસલમાનોને નસીહત

કામીલ પીરો અને સુફિયાએ બાસફા લોકોના અખ્લાકો અને સદ્ગુણો પૈકી એક એ પણ છે કે, તેઓ અરસ-પરસ એકબીજાને નસીહતો કરે છે મોટો નાનાને અને નાનો મોટાને. (પરંતુ જ્યારે નાનો મોટાને નસીહત કરે છે તો

અદબનો પુરેપુરો ખ્યાલ રાખે છે.) અને તેઓ પૈકી કોઇ નસીહતના કારણે એકબીજા પ્રત્યે ઘૃણા કરતાં નથી અને આ પ્રકારની તેઓની રીત-ભાત આજકાલના ઘમંડી લોકોની રીત-ભાતની વિરૂદ્ધ છે. કારણકે તેઓને આજકાલના આ ઘમંડી અને પાખંડી લોકોને)કોઇ નસીહત કરે છે તો બુરુ માને છે અને તેને માઠું લાગે છે. હઝરત ઇમામ શોઅ્રાની ખુદ ફર્માવે છે કે, ''એ જ રીતે મેં એકવાર આ સમયના શૈખ(પીર)ને નસીહત કરી હતી જેનું પરિણામ એ આવ્યું કે, મરતા દમ સુધી મારાથી નારાઝ રહ્યા અને મને મળ્યા નહીં.''

(તો હે ભાઇ વિચાર,એ યુગમાં લોકોની અને પીરોની આ હાલત હતી તો આજની તો કલ્પના જ કયાંથી થઇ શકે.?!?)

★ હઝરત અનસ બીન માલીક(રદીયલ્લાહો ત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ''ખુદાત્આલાને સૌથી વધુ એ જવાન પસંદ છે જે બુઢ્ઢાને નસીહત કરે અને એ બુઢ્ઢો પસંદ છે જે જવાનને નસીહત કરે અને આ જ કારણોસર એ જવાન કે જે ગુનાહોથી તૌબાહ્ કરે ખુદાને મેહબુબ છે કારણકે તેણે નફ્સને નસીહત કરી.''

★ જનાબ રસુલે અકરમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ફર્માવ્યું કે, ''હું તમને જવાનોની સાથે ઉમદા વર્તાવની નસીહત કરું છું કારણકે આ લોકો નરમ દિલના હોય છે (જેના કારણે અસર ને જલ્દી કબુલ કરે છે) હવે જો તમે તેને સારી વાત શીખવશો તો તે સારા બની જશે અને જો બુરી વાતો શીખવશો તો બુરા બની જશે.'' (માટે તમે તેને સારી વાત કરો)

આ અનુસંધાને એક શેર પણ છેજેનો તર્જુમો આ મુજબ છે.

''જ્યારે તમે ડાળીઓને નરમ કરશો તો તે સીધી થઇ જશે અને જ્યારે તમે સુકી લાકડીને નરમ કરશો તો તે નરમ નહીં થાય.'' (તો આ રીતે આ શેરમાં જવાનોને ડાળીની સાથે અને બુઢ્ઢાઓને સુકી લાકડી સાથે સરખાવેલ છે. અને કહ્યું છે કે,જવાન ડાળીની જેમ અસર કબુલ કરવાને પાત્ર અને બુઢ્ઢા સુકી લાકડીની જેમ અસર સ્વીકારવાથી પાછો પડનાર છે)પીછે હઠ કરનાર છે.

★ હઝરત અહમદ બીન હરબ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, '' આદમી માટે જરૂરી છે કે આ સમયગાળામાં ખેલ-કુદ તેમજ ગુનાહોને છોડી દે (૧) જ્યારે ચાલીસ વર્ષની ઉમ્ર થઇ જાય. (૨) જ્યારે વાળ સફેદ થવા લાગે (૩) જ્યારે ખાનએ કાઅ્બાની હજ્જ કરે. (૪) જ્યારે નિકાહ થઇ જાય. કારણકે નિકાહ પછી ઝીના (વ્યભિચાર)ખરાબમાં ખરાબ છે.'' (હવે અહીં આપનો કહેવાનો હેતુ એ છે કે જે લોકોમાં આ વાતો સામુહીક રીતે કે વ્યકિતગત રીતે જોવા મળે તેઓના ગુનાહ ઘણાં જ ઐબદાર છે.અને તેનો

મતલબ એવો નથી કે ચાલીસવરસની પહેલાં ગુનાહ મુબાહ છે બલ્કે અહીં કહેવાનો અર્થ એ છે કે જેમ કે રોઝદાર માટે ગીબતથી બચવું સારું છે તો એનો અર્થ એવો નથી કે જે રોઝદાર નથી તેના માટે ગીબત મુબાહ છે. પરંતુ અહીં કહેવાનો મતલબ એ છે કે રોઝદાર માટે આ ગુનાહનું સાદીર કરવું બીજાના મુકાબલામાં વધુ અયોગ્ય છે.)

એક બુઢ્ઢાથી પૂછવામાં આવ્યુ કે, ‘‘બડે મિંયા શું હાલત છે?’’ તેણે જવાબ આપ્યો કે, ‘‘હાલત એ છે કે જે આ અમલોમાં મારી સાથે હતાં તેઓ હવે આગળ વધી રહ્યાં છે અને જે પાછળ હતા તેઓ બરાબર થઇ ગયાં છે. અને જે સારી વાત સાંભળું છું તેને ભુલી જાવ છું અને જયારે ઊભો થાવ છું તો જમીન મારી નિકટ આવી જાય છે (કારણકે સીધો ઊભો થઇ શકતો નથી)અને જયારે બેસું છું તો દુર થઇ જાય છે અને એકને બે જોવા લાગ્યો છું. અને જેનું હું સફેદ હોવું પસંદ કરતો હતો તે કાળો પડી ગયો છે (એટલે કે રંગ કે બુઢ્ઢાપામાં લોહીની કમીના કારણે રંગતમાં કાળાશ આવી જાય છે) અને જેનું કાળુ હોવું પસંદ કરતો હતો તે સફેદ થઇ ગયું છે (એટલેકે વાળ)અને જેનું નરમ હોવાનું પસંદ કરતો હતો તે સખ્ત થઇ ગયું છે એટલેકે દિલ. અને જેનું સખ્ત હોવાનું પસંદ કરતો હતો તે નરમ પડી ગચેલ છે એટલેકે શરીરના અવચવો.’’

તો હે ભાઇ, જે વાતો મેં ઉપર વર્ણવી છે તેની ઉપર ચિંતન-મનન કર અને પોતાની જવાનીને ગનીમત સમજ અને પોતાના બુઢ્ઢાપાનું પુષ્કળ અસ્તગ્ફાર વડે નુકશાન ભરપાઇ કર જે ગાબડું તારા દીનમાં પડી ચુક્યું છે તે તેના વડે બંધ થઇ જશે. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

⋆(૨૫) દરેકનો એહતરામ

કામીલ પીરો અને સુફિયાએ બા-વકારના સદ્‌ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ નાના મોટા, તેઓ સાથે સંબંધ ધરાવતા કે અપરિચીત, આલીમ કે જાહીલ તમામ સાથે અદબથી વર્તે છે.

જુઓ અલ્લાહત્આલા એ હઝરત મુસા અને હારૂન (અલચહીસ્સ-લાતોવસ્સલમ)ને ફિરઔનની સાથે અદબની તકેદારી રાખવાની તાલીમ ફર્માવી હતીઅને ફર્માવ્યું હતુંકે, ‘‘તેની સાથે નરમાશથી વાતચીત કરશો.’’જો કે ફીરઔન ઘણો જ બદકાર હતો (તો આ રીતે જયારે અદબની સાવચેતી ફિરઔનની સાથે જરૂરી થઇ તો બીજાઓ તો તેનાથી વધુ હક્કદાર છે)અને એકવાત એ પણ છે કે આ વાત સર્વસંમતી ધરાવે છે કે ઊંચો દરજ્જો કે મર્તબો અદબમાં ખુબ જ વધારો કરવાથી હાંસીલ થાય છે એટલેકે જેની અંદર જેટલી હદે અદબ વધુ હશે એટલી જ હદે તેનો મર્તબો ઊંચો હશે. અને તેનું રહસ્ય એ છે કે અદબનો હેતુ એ છે કે આદમી ઓછી અદબ ધરાવતા લોકોની વિરૂધ્ધ

પોતાની અંદર નુકશાન અને ખામીઓ તેમજ બીજાઓની અંદર કમાલનો મુશાહેદો કરે. (અને એ વાત તો જાહેર છે કે જેની અંદર જેટલી હદે આ વાત હશે એટલી જ હદે તેનો મર્તબો ઊંચો હશે અને જેની અંદર આ વાત ઓછી હશે તેનો રૂત્બો નીચો હશે.)

⋆ હઝરત અબુબક્ર બીન અબ્દુલ્લાહ મઝી(રહેમતુલ્લાહ અલચહ) ફર્માવતાં હતાં કે, ‘‘જયારે તું પોતાનાથી મોટાને જુએ તો તેની તાઅ્ઝીમ કર અને એવું સમજ કે તેણે તારી પહેલાં ઈસ્લામ તેમજ નેક કાર્યો અપનાવ્યાં છે અને તું જયારે તારાથી નાનાને જુએ તો તેની પણ તાઅ્ઝીમ કર અને ખ્યાલ કર કે હું તેની પહેલાં ગુનાહો-માં સંપડાયેલો છુંઅને લોકો જયારે તારી તાઅ્ઝીમ કરે તો તું સમજકે આ ખુદાનું તારી ઉપર ઈન્અ્આમ છે અને જયારે તેઓ તારી તૌહીન કરે તો સમજ કે આ મારા ગુનાહોનો બદલો છે જે મેં કર્યા છે. અને જયારે તું પોતાના પાડોશીના કુતરાને ઢેલું કે પત્થર માર તો સમજ કે તે તારા પડોશીને ઈજા પહોંચાડી.’’

⋆ હઝરત હાતિમ અસમ(રહેમતુલ્લાહ અલચહ)ફર્માવતાં હતાં કે, ‘‘ત્રણ વાતોમાં લોકોના અખ્લાક(સદ્‌ગુણો-નિતીમતા)માં ઓછપ આવી ગઇ છે. *(૧) એ કે પોતાના ભાઇઓના પ્રશંસનીય સદ્‌ગુણોની ઈઝઝત કરવી. *(૨) તેઓની ખામીઓ છુપાવવી અને *(૩) તેની તકલીફ બરદાસ્ત કરવી.’’ (પરંતુ કોઇ આવું કરતું નથી બલ્કે ઉલ્ટાનું પ્રશંસનીય સદ્‌ગુણોની ઈઝઝત કરવાને બદલે તેનાથી બળે છે, તેમજ તેની ખુબીને ખામી તરીકે બતાવવાના પ્રયત્નો કરે છે તેમજ ન તો કોઇ કોઇની તકલીફ સહન કરે છેબલ્કે ઉલ્ટાની તકલીફ આપવાના પ્રયત્નો કરે છે.)

⋆ હઝરત યાહ્યા બીન માઅ્ઝ(રદીયલ્લાહો ત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ‘‘એ લોકો પણ ખરાબ લોકો છે જેની હાલત એ હોય કે જો તેઓની વચ્ચે કોઇ મુસલમાન માલદાર થઈ જાય તો તેની પ્રસંશા કરે અને જો કોઇ મુફલીસ-ગરીબ થઇ જાય તો તેને ઝલીલ કરે.અને જે કોઇ નાનો મોટાની આગળ ચાલ્યો છે તેને જરૂર સજા આપવામાં આવી છે કે ભલાઇઓથી તેને વંચિત કરી દેવામાં આવ્યો.’’

⋆ હઝરત ફુઝૈલબીન અચાઝ(રહેમતુલ્લાહ અલચહ)ની સામે એક વ્યક્તિની તાઅ્રીફ કરવામાં આવી અને કહેવામાં આવ્યું કે, ‘‘ફલાણો વ્યક્તિ **ખુબીષ** ખાતો નથી.’’(ખુબીષ એક પ્રકારની વાનગી છે જેને ખજુરમાંથી બનાવવામાં આવે છે) તો આપે ફર્માવ્યું કે, ‘‘ખુબીષ ન ખાચ તો એમાં શું નવાઇની વાત છે ? પરંતુ તમે એમ જુઓ કે સિલારહેમી(રિશ્તેદારો સાથેનો વર્તાવ)ના મામલામાં તેની વર્તણુંક કેવી છે? તેમજ ગુસ્સો પી જવાના મામલામાં

તેનો વર્તાવ કેવો છે ? તેમજ જુઓ કે પાડોશી, વિધવા, યતીમ એ લોકો પર તેની મહેરબાની કેવી છે ? તેમજ જુઓ કે પોતાના ભાઇ સાથે સદ્વર્તાવના મામલામાં તેની શી હાલત છે?'' (કહેવાનો હેતુ એ છે કે શરીઅ્તના કમાલાતો પર દ્રષ્ટિ દોડાવવી જોઈએ અને આમ લોકોની નજરમાં જે કમાલાતો છે તેને નઝર અંદાઝ કરવા જોઇએ.)

★ હઝરત યાહ્યા બીન માઅ્ઝ(રહેમતુલ્લાહ અલયહ)એ એક વ્યક્તિને માલની તમન્ના કરતાં જોયો. તો આપે ફર્માવ્યું કે, ''મિયાં માલનું શું કરશો?'' તો તેણે કહ્યું કે, ''હું ગરીબોને આપીશ.'' જેના જવાબમાં આપે ફર્માવ્યું કે, ''ગરીબોનો ભાર ખુદા પર રહેવા દ્યો. જેનાથી તમને તેઓ તરફ પ્રેમભાવ રહેશે. અને જો તેઓનો ભાર તમારી ઉપર આવી પડશે તો તમે તેઓને ખરાબ સમજવા લાગશો. અને તમારા દિલ ઉપર બોજલ લાગવા લાગશે.'' તેમજ આપ ફર્માવતાં હતાં કે, ''મુસલમાન ભાઇની એક તાઅ્ઝીમ એ પણ છે કે જ્યારે તે બીજા શહેરમાં હોય અને તેને ત્યાં કોઇ મૈય્યત થઇ જાય તો તેનાં શોક-પ્રદર્શન અને દિલાસા માટે સફર અપનાવો.'' (અને તેના ઘેર જઇને દિલાસો અને શોક-પ્રદર્શન કરવામાં આવે.)

તો આ રીતે હે ભાઇ, તું તમામ મુસલમાન ભાઇની સાથે બાઅદબ રહે ખાસ કરીને ફકીરો, મીસ્કીનોની સાથે(કારણકે માલદારો અને માન-મોભાવાળા સાથે તો સૌ કોઇ અદબથી વર્તે છે.) આ જ બિચારાઓ એવા છે કે જેની સાથે અદબ વર્તવાની કોઇ પરવા કરતું નથી માટે તેઓની સાથે અદબ વર્તવાનો એહતમામ વધુ જરૂરી છે. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલ્મીન)

★(૨૯) બુરા ખાત્માનો ભય

કામીલ પીરો અને સુફિયાએ બાસફાના સદ્ગુણો પૈકી એક સદ્ગુણ એ પણ છે કે, તેઓ અલ્લાહત્આલાથી ડરતા રહે છે કે તેનો ખાત્મો બુરો ન કરી દે. અને દોઝખમાં જઇને તેનાથી પડદા પડી જાય (એટલેકે તેના દિદારથી વંચિત રહી જવાય) અને તેઓ પૈકી કેટલાક તો એવા હતા કે આ જ ફિકર અને ચિંતામાં એટલા ગમગીન અને ડૂબેલા રહેતા હતા કે તેઓને એ પણ ખબર રહેતી ન હોતી કે તેઓની પાસે કોણ બેઠું છે.?

★ હઝરત હસન બસરી(રહેમતુલ્લાહ અલયહ)જ્યારે આ હદીષ સાંભળતા કે, ''સૌથી છેલ્લો વ્યક્તિ જે દોઝખથી નીકળશે તે એ હશે કે જે હઝાર વર્ષ પછી નીકળશે.'' તો ફર્માવતા, ''હે કાશ, હું જ એ વ્યક્તિ છું.'' કોઇએ તેઓને કહ્યું કે,''હઝરત તમે આવી તમન્ના કેમ કરો છો?'' તો આપે ફર્માવ્યું કે, ''શું તેઓ દોઝખમાંથી નીકળશે નહીં?'' (કહેવાનો હેતુ એ હતો કે છેવટે એવા લોકો પણ હશે જેઓ હંમેશા માટે અનંતકાળ સુધી દોઝખમાં રહેશે

જ્યારે આ વ્યક્તિ તેઓથી તો સારો જહશે અને મને પણ એ જ શંકા છે કે કદાચ હું પણ એ લોકો પૈકી હોઉં જેઓ અનંતકાળ સુધી દોઝખમાં રહેશે અને હું તેને પસંદ કરતો નથી અને માટે જ હું તમન્ના કરું છું કે અનંતકાળ સુધી રહેવાવાળાઓ પૈકી હું ન હોવું કે જે કયારેક તો તેમાંથી નીકળશે. ચાહે એ જ વ્યક્તિ હોઉં કે જેસૌથી છેલ્લો નીકળશે કારણકે તે આ બલાથી તો છુટી જશે ભલેને બીજાઓથી પાછળ પણ કેમ નહીં.?)

★ હઝરત રબીઅ્ બીન ખસીમ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવે છે કે, ''આદમીની રૂહ એ જ હાલત પર પરવાઝ કરે છે જે તેની ઉપર મૌતથી પહેલાં ગાલીબ હોય છે તેની સાબિતી પેટે તેઓએ આ ઘટના વર્ણવી કે હું એક મૃત્યુની નિકટ પહોંચેલ વ્યક્તિની પાસે ગયો તો હું જ્યારે તેને '*લાઈલાહા ઈલલ્લાહ*' ની તલ્કીન કરતો હતો તો તે રૂપિયાનો હિસાબ કરતો હતો.'' (કે આટલા રૂપિયા મારા ફલાણાની જવાબદારીમાં છે જે હજુ સુધી આવ્યાં નથી. વગેરે... વગેરે...)

★ હઝરત મુતરફ બીન અબ્દુલ્લાહ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''મને હલાક થઇ જનારા પર આશ્ચર્ય નથી થતું કે તેઓ કઇ રીતે હલાક થઇ ગયા. પરંતુ મને બચી જનારાઓ પર આશ્ચર્ય થાય છે કે તેઓ કઇ રીતે બચી ગયા. (કારણકે દુનિયામાં રહીને ઈમાનથી હાથ ધોઇ નાખવાં મુશ્કેલ નથી બલ્કે તેનાથી બચવું મુશ્કેલ છે.) એટલા માટે ખુદાનું સૌથી મોટું ઈન્અ્મ બંદા પર એ જ છેકે તે તેને ઈસ્લામ પર મૌત આપે.''

★ એકવાર હઝરત સુફિયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ) એટલી હદે રડયા કે બેહોંશ થઇ ગયાં. જેની ઉપર એક ગુલામે તેનું કારણ પૂછયું? તો આપે ફર્માવ્યું કે, ''ભાઇ, પહેલાં તો અમે ગુનાહો પર રડતાં હતા હવે અમે ઈસ્લામ પર રડીએ છીએ. કે જુઓ ઈસ્લામ પણ બચે છે કે નહીં.'' અને ફર્માવતાં હતાં કે, ''કેટલીવાર આદમી બુત-પરસ્તી કરે છે પરંતુ અલ્લાહની નિકટ તે નેકબખ્તો અને સઆદતમંદો પૈકી હોય છે અને કેટલીવાર આદમી અલ્લાહત્આલાનો બેહદફરમાંબરદાર હોય છે પરંતુ અલ્લાહત્આલાના ઈલ્મમાં તે બદબખ્તો પૈકી હોય છે. કારણકે હદીષશરીફમાં આવ્યું છે કે, 'અમુક લોકો જન્નત માટે અમલ કરે છે, ત્યાં સુધી કે તેની અને જન્નતની વચ્ચે એક હાથનું અંતર રહી જાય છે, પરંતુ તકદીરે ઈલાહી ગાલીબ હોય છે અને તે જન્નતના અમલો છોડીને દોઝખીયોના કાર્યો કરવા લાગે છે અને દોઝખમાં ચાલ્યો જાય છે...'(હદીષના અંત સુધી) આ એ વાત છે કે જેનાથી અક્કલ દંગ રહી જાય છે અને કોઇ જફેંસલો કરી શકતો નથી કે ફલાણી વ્યક્તિનો અંજામ શું આવશે.? અને હદીષશરીફમાં છેકે, 'મોમીનોમાં સૌથી વધુ સાદીકુલ્ઈમાન એ વ્યક્તિ

છે જે દુનિયાની હાલાતો પર સૌથી વધુ ચિંતન-મનન કરે છે.''' (અને તેનાથી ઈબ્રત હાંસીલ કરવાનો આદી છે. અને જન્નતમાં સૌથી વધુ એ વ્યક્તિ ખુશ હશે જે સૌથી વધુ દુનિયામાં પોતાના આમાલો પર ખરાબ ખાત્માના ડરથી રડતો રહ્યો.)

★ હઝરત યાહ્યા બીન માઅ્ઝ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતા હતા કે, ''ચિંતન-મનન અને ઈબ્રત હાંસીલ કરવી આ બે વસ્તુ મોમીનના કલ્બરૂપી ખઝાનામાંથી અજીબ હિકમતો કાઢે છે અને આદમી તેનાથી એવી એવી વાતો સાંભળે છે જેને હિકમત-વાળાઓ(હુકમા)પસંદ કરે છે. અને જેની સામે ઉલ્માઓની ગરદન ઝુકી જાય છે અને જેનાથી ફુકહાઓ નવાઈ પામે છે અને જેને યાદ કરવા માટે એહલે અદબ(સાહિત્યકારો)દોડે છે.''

★ હઝરત સુફિયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''મોમીનનો ખૌફ અને તેના ગમ તેની *નુરે બસીરત* ના અંદાઝ મુજબ હોય છે.'' (તો જેટલી હદે *નુરે બસીરત* (આંતરિક પ્રકાશ) હશે એટલો જ ખૌફ અને ગમ હશે.)

★હઝરત ઇબ્રાહીમ બીન અદ્હમ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતા હતા કે, ''જે રીતે શારિરીક બિમારીઓનું પ્રાગટયસ્થાન શારિરીક રોગ છે એ જ રીતે દિલની બિમારીઓની જડ(મુળ)ગુનાહ છે. અને અલ્લાહત્આલાએ દરેક બિમારીની દવા પૈદા કરી છે એટલા માટે તેણે દિલની બિમારીની પણ દવા પૈદા કરી છે અને તે રંજો ગમ છે. તો પછી જયારે(પોતાના ગુનાહોના કારણે)અત્યંત ગમગીન થશે અને તેના આસું તેની આંખોમાંથી દિલ તરફ પરીવર્તીત થઇ જશે એટલેકે તે આંખોને બદલે દિલથી રડશે તો તેનું બદન (શરીર) ખુલી જશે.'' (એટલેકે તે બિલ્કુલ તંદુરસ્ત થઇ જશે.)

★ હઝરત બશર બીન હારીષ(રહેમતુલ્લાહ અલયહ)થી કોઈએ પૂછયુ કે, ''શું વાત છે કે આપને હંમેશા ગમગીન જ જોઈએ છીએ.'' તો આપે ફર્માવ્યું કે, ''મિંયા વાત એમ છે કે હું એ વ્યક્તિ છું જેને હાકિમ(સત્તાધીશ) તરફથી સરકારી તેમજ ગેરસરકારી હક્કોના સંબંધે બોલાવવામાં આવ્યો છે.'' (અને હજુ સુધી રજુ કરવામાં આવેલ નથી એટલા માટે તે ડરે છે કે જુઓ આ અનેક મુકદ્દમાઓ(કેસ)નું પરિણામ શું આવે છે જે મારી ઉપર દાખલ કરવામાં આવ્યા છે. એટલા માટે મારે ગમગીન રહેવું જરૂરી છે) તેમજ તેઓ ફર્માવતાં હતાં કે, '' દરેક ગમ વહેલો મોડો પણ દુર થઇ જાય છે પરંતુ ગુનાહોનો ગમ દરેક શ્વાસ પર તાઝો થાય છે.'' (કારણકે બીજા ગમોની હાલત એ છે કે તેના અસ્બાબો જતા રહેશે અથવા તો જુના થતા રહે છે એટલા માટે ગમ દુર થતો રહે છે પરંતુ ગુનાહોનો ગમ એવો છે કે જેમ જેમ સમય પસાર થતો જાય છે એટલી

જહદે તેના સબબને મજબુતી મળે છે કારણકે મૌત તથા અલ્લાહની બારગાહમાં રજુ થવાનો જમાનો નિકટ આવતો જાય છે એટલા માટે તેનું દરેક શ્વાસ પર વધવું જરૂરી છે.)

★હઝરત હાતિમ બીન અબ્દુલ્જલીલ(રહેમતુલ્લાહ અલયહ) નો નિયમ હતો કે જે દિવસે ઈદ હોય (તમામ લોકો ખુશ થતાં પરંતુ) તેઓ પોતાના માનવાવાળાને એકઠાં કરતાં અને તમામ એક જગ્યાએ ભેગામળીને રૂદન કરતાં. કોઈએ પૂછયું કે, ''હઝરત શું વાત છે કે દુનિયા ઈદના દિવસે ખુશ થાય છે, પરંતુ આપ રડો છો?'' તો આપે ફર્માવ્યું કે, ''ભાઈ, હું બંદો છું જેને ખુદાત્આલાએ ફરમાંબરદારીનો હુકમ આપ્યો છે અને ગુનાહોથી મનાઈ ફર્માવી છે તો મને ખબર નથી કે મેં આ અમ્રો-નહી(આદેશ અને નિષેધ)નો હક્ક અદા કરી દીધો છે કે નહીં? (તો હું કેવી રીતે ખુશી મનાવી શકું?)ઈદની ખુશી તો એ લોકો માટે શોભાસ્પદ છે જેઓને અઝાબનો કોઈ અંદેશો ન રહ્યો હોય.''

★ હઝરત માલીક બીન દિનાર(રહેમતુલ્લાહ અલયહ)ના ખૌફેખુદાની એ હાલત હતી કે, તેઓ ફર્માવતાં હતાં કે, ''હું ઈરાદો ધરાવું છું કે, હું મારા ઘરવાળાઓને વસીયત કરી દઉં કે જ્યારે મારો ઈન્તિકાલ થઈ જાય તો મને ગળામાં તોક અને હાથ પગમાં બેડીઓ અને સાંકળો પહેરાવીને કબ્રમાં રાખે જેવું કે એ કસુરવાર ગુલામની સાથે કરવામાં આવે છે જે પોતાના માલીકથી ભાગી ગયો હોય. અને તમે લોકો એ બતાવો કે તમે દોઝખના હક્કદાર અને હલાકમાં પડેલા હોવા છતાં ક્યા મોંઢે પોતાના નફસને જન્નતમાં જવાથી તેમજ હુરો અને બહિશ્તી મહેલોની લાલચ દેવડાવો છો?''

તો હે ભાઈ, આ હિકાયતો વડે આ હઝરાતોના ખૌફનો અંદાઝો લગાવી લ્યો કે કેટલી હદે ખૌફેખુદા તેઓના દિલમાં હતાં. જો કે આ લોકો અલ્લાહ-ત્આલાના મુકર્રબ બંદાઓ પૈકી અને મહાન દરજ્જાઓ ધરાવતાં લોકો પૈકી છે અને તેઓની ઈબાદતો, રિયાઝતો અને મુજાહેદાઓ એટલા સખ્ત હતા કે જેની કલ્પના પણ ન કરી શકાય, છતાં પણ ખરાબ ખાત્માના ડરથી કાંપતા હતાં. જ્યારે આજે આપણી હાલત તેઓથી તદ્દન ઉલ્ટી છે છતાં પણ ખુદાના ખૌફ કે ખરાબ ખાત્માના ડરથી આપણું રૂંવાડુંયે ફરકતું નથી. અફસોસ.... સદઅફસોસ....આ ખૌફેખુદા પૈદા કરવા માટે જ કામીલ-મુકમ્મીલ પીરની જરૂરત છે, જે પોતાના મજબુત આત્મબળ વડે તાલીબના દિલની દરેક બુરાઈઓથી સફાઈ કરીને તેની અંદર ખૌફેખુદા ભરી દે, પછી જ આ પ્રકારની દૌલત નસીબ થઈ શકે છે, દરેક ઢોંગી, લેભાગુ, નફસપરસ્તકે અપૂર્ણ અને અયોગ્ય પીર વડે આ દૌલત પ્રાપ્ત થતી નથી કારણકે તે ખુદ જ આ દૌલતથી વંચિત છે, તો બીજાને કયાંથી અર્પી શકશે, બલ્કે આવા પીરની ખામીઓ

અને ખરાબીઓ ઉલ્ટી તાલીબના દીલને ખરાબ કરીને તેની યોગ્યતાને તબાહ કરી દેશે. આજે લોકોમાં ખૌફેખુદા માત્ર નામ પુરતો અને ઘણો જ નહીવત્ પ્રમાણમાં જોવા મળે છે. જેના કારણો પૈકી સૌથી મોટું કારણ આ નાકિસ પીરની ખરાબી છે. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૨૭) નમાઝે તેહજ્જુદ્દની પાબંદી

કામીલ પીરો અને સુફિયાએ એહલે દિલની સારી ટેવો અને સદ્ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ ગરમી હોય કે ઠંડી દરેક પરિસ્થિતિમાં ક્યામુલ્લૈયલ (રાતની નમાઝો, તહજ્જુદ્ વગેરે)પર હંમેશગી અપનાવે છે. અને ફર્ઝની જેમ તેને પોતાની ઉપર જરૂરી સમજે છે. તેમજ આ મામલામાં એટલું હદથી વધીને જોર આપે છે કે તેઓ કહે છે કે, "જે સુફી નિંદરના ગલ્બા વગર જ રાતે સુવે છે તેના વડે તરીકામાં કશું જ થઇ શકવાનું નથી. હા,પરંતુ આજકાલ આ સદ્ગુણોને ઘણા સુફીઓએ છોડી દીધો છે તેમજ આમ લોકો અને દુનિયાદારોની જેમ નિર્ભયપણે રાત્રે બિસ્તર પર સુવે છે. (અને ક્યામુલ્લૈયલનો વિચાર પણ નથી આવતો) અને અમુકની નઝાક્તની કૈફીયતતો એવી છે કે કોઇ પણ પ્રકારની જરૂરત વગર માત્ર નઝાકતના તૌર પર (અમીરો અને માલદારોની જેમ) સવાર થતાં જ હમામમાં(ગુસ્લ કરવા)જાય છે અને સૂર્યોદય થતાં સુધી ત્યાંથી નીકળતા નથી. પીર થઇને દરરોજ સવારે હમામમાં જાય અને અવામ તેમજ મુરીદો તેની આ હાલત જુએ જે ઘણું જ ખરાબ કહેવાય. (આવા નાઝો નખરા પીર માટે યોગ્ય નથી)અને આ અત્યંત ખરાબ પીર છે કારણેકે આનાથી તો તે ખુદ જ ખરાબ નથી થતાં, પરંતુ અવામ તેમજ મુરીદોને પણ પોતાની સાથે ખરાબ કરી રહ્યા છે. રાત્રીના મેદાનના શેહસવારરૂપે તો મેં જે શૈખોની મુલાકાત કરી છે એ પૈકી એક હઝરત શૈખ મોહંમદબીન અનાન(રહેમતુલ્લાહ અલયહ)છે જેઓનો મામુલ દરેક રાતે પાંચસો રકાતો પઢવાનો હતો."

(આ વાત કિતાબના મુસન્નીફ હઝરત ઇમામ શોઅ્રાની (રહેમતુલ્લાહ અલયહ)રજુકરી છે. આપનો યુગ લગભગ ૮૦૦ વર્ષ પહેલાંનો યુગ છે, તો જો એ યુગમાં પીરી-મુરીદીના આ મુકદ્દસ માર્ગમાં અને પીરમાં આટલી ખરાબીઓ ફેલાણી હોય તો હવે આજના આ હળાહળ જુઠ્ઠાણાના યુગની પીરી-મુરીદી વિશે તો શું કહી શકાય? હવે પીરી-મુરીદી માત્ર રસ્મો-રિવાજ સિવાય કશું જ રહ્યું નથી. અને આ અનુસંધાને જ હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહોત્આલા અન્હો)પોતાના ***મકતુબાત શરીફ***-માં દફતરે-અવ્વલના મકતુબ નં-૨૨૧માં ફર્માવે છે કે, "હત્તા કે ઉનમે સે મુતાખેરીનને પીરી-મુરીદી કો કુલાહ્ વ શજરા પર મુનહસીર કર દીયા હૈ." (**અર્થાત્**:- ત્યાં સુધી કે તેઓમાંથી(પીરોમાંથી) પાછળવાળાઓ પીરી-મુરીદીને ટોપી અને શજરાહ પર જ સમેટીને રાખી દીધી છે) અને (હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)નો સમય પણ ૪૦૦ વર્ષ પહેલાંનો છે, તો ત્યારે પણ જો આ પીરી-મુરીદીની આવી દુર્દશા હોય કે માત્ર તેને કુલાહ(ટોપી)પહેરાવા અને શજરો આપવા પર જ સમેટી લીધેલી હોય તો આજના યુગમાં આ સંદર્ભમાં કંઇ જ ચર્ચા કરવા જેવી નથી. આજે સુન્નીયતને સૌથી મોટું નુકશાન તસવ્વુફના ઇલ્મથી નાવાકીફ મૌલ્વી છાપ પીરો કે, જેણે માત્ર એ પહોંચાડ્યું છે મોટા મોટા ઝભ્ભા કુભ્ભા અને રોનકદાર સ્ટેજો, લોકોની વાહ વાહ અને શાબ્દીક ભરમારોવાળી તકરીરમાં જ પીરી-મુરીદી સમેટીને રાખી દીધી છે. જોકે અફાટ રણની વચ્ચે પણ કોઇ જગ્યાએ રણદ્વીપ પણ હોય છે એ જ રીતે આજે પણ કામીલ-મુકમ્મીલ પીર છે ખરા, પરંતુ તેને ઓળખવા માટે ઘણી જ વેધક દ્રષ્ટિની જરૂરત છે. હા, એકવાત જરૂર છે કે જે હક્કનો સાચો તલબગાર છે અને ખરેખર તેને હક્ક સિવાય(અલ્લાહ સિવાય)કોઇની જ તલબ નથી તેને આવા પીર પણ જરૂર મળીને જ રહેશે. કારણકે આ દુનિયા અલ્લાહ-વાળાઓથી ખાલી નથી. સંકલનકર્તા)

★ હઝરત શૈખસાલેહ(રહેમતુલ્લાહ અલયહ)જેઓ *શરકીય્યાહ* ગામના રહેવાસી છે. તેઓ જ્યારે શૈખ સૈયદી મોહંમદ બીન અનાન (રહેમતુલ્લાહ અલયહ)કે જેનો ઉલ્લેખ મેં ઉપર કર્યો, તેઓની પાસે આવતાં તો ફર્માવતાં, "રાઇસોહયબ મર્હબા."અને રાઇસોહયબ તેઓને એટલા માટે કહેતા હતાં કે તેઓ ક્યામુલ્લૈલ(તહ્જ્જુદ)પર હંમેશગી કરતાં હતાં અને તેઓનો મામુલ હતો કે ઠંડીની ઋતુમાં તહેજ્જુદની નમાઝ કોઠા ઉપર ચઢીને પડતાં હતાં અને હદીષ શરીફમાં આવ્યું છે કે, "તમે કયામુલ્લૈલ(તહ્જ્જુદ)પર હંમેશગી અપનાવો. કારણકે તેમાં ઘણાં જ ફાયદાઓ છે ***એક*** એ કે તે તમારાથી પહેલાંના નેક લોકોની સુન્નત છે. ***બીજું*** એ કે તે કુર્બે ખુદાવંદીનો ઝરીયો છે ***ત્રીજું*** એ કે તેના વડે ગુનાહનો કફ્ફારો થાય છે અને ***ચોથું*** એ કે તે ગુનાહોથી રોકે છે અને ***પાંચમું*** એ કે તે શરીરમાંથી બિમારીને દફા કરે છે."

★ હઝરત ઉમર ઇબ્ને ખત્તાબ(રદીયલ્લાહો ત્આલા અન્હો)નો નિયમ હતો કે તેઓ રાત્રે કુર્આનેપાકની દૈનિક નિયમ પ્રમાણે જ્યારે તિલાવત કરતાં હતાં અને તેમાં કોઇ અઝાબ વગેરેની આયત આવી જતી તો બેહોંશ થઇને પડી જતાં અને કેટલાય દિવસો સુધી તેઓની એ રીતે ખબર-અંતર પૂછવામાં આવતી જેવી રીતે બિમારની પૂછવામાં આવે છે તેમજ તેઓ પોતાના ખિલાફતના યુગમાં ન તો રાત્રે સુતા હતાં ન તો દિવસે બલ્કે કયારેક બેઠાબેઠા ઝોકું ખાઇ લેતાં હતાં અને ફર્માવતાં કે, "જો હું રાત્રે સુઇ જાવ તો મને પોતાને

ખોઇ બેસું છું.(એટલે કે મારું કયામુલ્લૈચલ છુટી જાય છે)અને જો દિવસે સુઇ જાવ છું તો રૈયતને ખોઇ બેહું છું અને મને આ અનુસંધાને પણ પૂછતાછ થશે.'' (માટે હું ન તો રાત્રે સુવું છું ન તો દિવસે.)

⋆ હઝરત સુફિયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)જ્યારે કયારેય જ્વલ્લે પોતાના નફસની તરફથી ગાફીલ થઇ જતાં અને વધુ ખાઇ લેતા તો પુરી રાત નમાઝમાં વીતાવતા અને ફરમાવતાં કે, ''જ્યારે ગધેડાને ચારો વધુ આપવામાં આવે છે તો તેનાથી મહેનતનું કામ લઇને તેને થકવી પણ વધુ દેવામાં આવે છે.''

સલ્ફ સાલેહીનની એ હાલત હતી કે જે શખ્સ તેહજ્જુદની નમાઝ ન હોતા પઢતાં તેઓની સુરત જોઇને જ ઓળખી લેતાં અને ફરમાવતાં કે,''મિંચા રાતે અમે તમને ખુદાએત્આલાના દરબારમાં જોયા નહીં પરંતુ ફલાણા હાજર હતાં અને તેઓને ઇન્આમ આપતાં હતાં.''

અમુક બઝુર્ગોનો વાકેઓ છે કે જ્યારે તેઓ સફરથી આવ્યાં તો બીસ્તર પર બેસી ગયાં થકાવટના કારણે કમર સીધી કરવા માટે લાંબા થયા તો નીદર આવી ગઇ આ નીંદરના કારણે તેઓનો રાતનો મામુલ(દૈનિક વઝાઇફ)છુટી ગયો અને કઝા થઇ ગયો જેના કારણે તેઓએ જિંદગીભર બિસ્તર પર લાંબા નહી થાવાની કસમ ખાધી.

⋆ હઝરત હસન બસરી(રહેમતુલ્લાહ અલયહ)ફરમાવતાં હતાં કે, ''જે કોઇનો કયામે શબ(રાતની નમાઝ-તહજ્જુદ)છુટી જાય છે તે જરૂર કોઇ એવા ગુનાહની સઝામાં છુટે છે જે તેનાથી સાદિર થયેલો છે, માટે તમે દરરોજ રાત્રે તમારા નફસનું પરીક્ષણ અને તપાસ કરો અને જુઓ કે આજે તમે કેટલા ગુનાહ કર્યા છે.અને જેટલાં ગુનાહ કર્યા હોય તે બધાંથી તૌબાહ્ અને અસ્તગ્ફાર કરો જેથી તમને કયામુલ્લૈચલ નસીબ થાય તેમજ આપ ફર્માવતાં હતાં કે, રાતની નમાઝો તેની પર જ બોજરૂપે હોય છે, જેની પર ગુનાહનો બોજ હોય છે.''(કારણ કે જે રીતે હીસ્સીબોજ(વજનદાર વસ્તું)ની શરીર પર અસર થાય છે એ જ રીતે નફસાની બોજની અસર રૂહ પર થાય છે.)

⋆ એક વ્યકિતએ હઝરત ઇબ્રાહીમ બીન અદહ્મ(રહેમતુલ્લાહ અલયહ)થી અર્ઝ કરી કે,'' હું કયામુલ્લૈચલ કરી શકતો નથી તમે મને કોઇ દવા બતાવો.'' (જેથી હું રાતનો કયામ કરી શકું)તો આપે ફરમાવ્યું કે, ''મિંચા, દિવસે ગુનાહ કરવાનું છોડી દ્યો,તમે દિવસે ગુનાહ નહીં કરો અલ્લાહત્આલા તમને રાત્રે પોતાની સામે ઊભો કરી દેશે.અને તેની પાછળ રાઝ(ભેદ)એ છે કે રાત્રે અલ્લાહ ત્આલાની સામે ઉભુ રહેવું ખૂબ જ મોટી ઇઝ્ઝત છે અને નાફરમાન આ ફઝીલતનો હક્કદાર થઇ શકતો નથી.''(માટે તમે નાફરમાની છોડી દયો.)

તો હે ભાઇ, આ છે બુઝુર્ગાને સલ્ફ અને મશાઇખે કિરામની ઇબાદત અને કયામુલ્લૈચલ નો જઝબો અને તેના માટેનો ખંત અને ખેવના તેઓ રાત-રાતભર સુતા નહીં છતાં પણ અલ્લાહના ખૌફથી કાંપતા હતા જ્યારે આજે તો મુશ્કેલથી પંજગાના નમાઝ અદા થતી નથી છતાં પોતાને શું માનવા લાગે છે? તો પોતાના નફસની મોટાઇ ખોટી આડોળાઇને તોડવા માટે બુઝુર્ગાનેદીનના હાલતો આ રીતે જોતા રહેવા જોઇએ અને પોતાની કોતાહીઓ અને ખરાબીઓ પર દષ્ટિચાત કરતો રહેવો જોઇએ, તેમજ તેઓની આ હિકાયતો થકી ઇબ્રત હાંસીલ કરવી જોઇએ. કારણ કે અલ્લાહવાળાઓનો કલામ અલ્લાહના લશ્કરો પૈકી એક લશ્કર છે,જેની અંદર બીમાર દિલોની શીફા રહેલી છે.જ્યાં સુધી કામીલ-મુકમ્મીલ બુઝુર્ગોની સોહબત નસીબ ન થાય ત્યા સુધી તેઓના કલામ થકી મદદ હાંસીલ કરવી જોઇએ.

⋆(૨૮) નફ્સ ઉપર નિયંત્રણ અને આજેઝી

કામીલ પીરો અને સુફિયાએ બા-વકારના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ નફસને ખુબજ દબાવવાની અને તેને બીલકુલ તુચ્છ સમજવાની કોશીશ કરે છે ત્યાં સુધીકે તેઓ પૈકી અમુક હઝરાતો તો પોતાના શાર્ગીદો પાસેથી બરકતો હાંસીલ કરે છે.જો કે (તેઓની દુન્યવી ઇઝ્ઝતની એ હાલત હોય છે કે)તેઓને બીજા લોકો(પાલખી વગેરેમાં)ઊઠાવતા હોય છે,(પરંતુ તેઓ આ ઇઝ્ઝતની પરવા કરતાં નથી,તેમજ ન તો તે લોકોની એ વાત પર દ્રષ્ટિ હોય છે કે હું શાગીર્દોથી વધુ આલીમ છે.અથવા તો અમલમાં તેઓથી આગળ વધેલા છે.)પરંતુ આ બધી વાતો શરીઅતની હદોમાં રહીને હોય છે અને ત્યારે હોય છે જ્યારે કે તે શાર્ગીદનું ફીત્ના (એટલેકેઘમંડ તેમજ મોટાઇ)માં ફસાઇ જવાનો ડર ન હોય. હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની (રહેમતુલ્લાહ અલયહ)ખુદ ફર્માવે છે કે અમને આ અનુસંધાને જાણવા મળ્યું છે કે,''જ્યારે હઝરત ઇમામ શાફઇ(રદીયલ્લાહોત્આલા અન્હો)એ હઝરત ઇમામ એહમદ (રદીયલ્લાહો ત્આલા અન્હો)ની પાસે પોતાનો સંદેશાવાહકએ સંદેશો લઇને મોકલ્યો કે,' તમે ઘણા નિકટના સમયમાં એક સખ્ત મુશીબતમાં ફસાય જનારા છો પરંતુ તેની સાથે એ પણ છે કે આપ તેમાંથી દીનની સલામતી સાથે છુટકારો હાંસીલ કરી લેશો.' તેઓનો હેતુ આનાથી કુર્આનનું મખ્લુક કે ગૈર-મખ્લુક હોવા વિશેના મસ્અલા તરફ ઇશારો હતો તો જ્યારે સંદેશાવાહકે આ સંદેશો પહોંચાડ્યો તો તેઓએ તેના આવવાની ખુશીમાં પોતાનું પવિત્ર પહેરણ ઉતારીને તેના હવાલે કરી દીધું.''

⋆ હવે જ્યારે સંદેશાવાહક આ ઝભ્ભો(પહેરણ)લઇને હઝરત ઇમામ શાફઇ(રદીયલ્લાહોત્આલા અન્હો)ની પાસે પહોંચ્યો અને તેઓને આ

ઘટનાની જાણકારી આપી તો હઝરત ઇમામ શાફઇ (રદીયલ્લાહોત્આલા અન્હો)એ તેને પૂછ્યું કે,"શું ઇમામ અહમદે પહેરણની નીચે તો કશું પહેર્યું ન હતું ને?" તેણે અર્ઝ કરી કે નહીં. રાવી કહે છે કે,"આ સાંભળીને હઝરત ઇમામ શાફઇ(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ તેને બોસો આપ્યો અને પોતાની આંખોથી લગાડવું અને એક વાસણ વડે તેની ઉપર પાણી રેડીને તેને ખુબ જ ચોળ્યું અને પછી તેને નીચોડીને તેના ધોવાણને એક શીશીમાં બંધ કરીને પોતાની પાસે રાખ્યું ત્યારબાદ તેઓનો મામુલ એ હતો કે જ્યારે તેઓનો કોઇ સંબંધી કે તાઅલ્લુકવાળો બિમાર થતો તો તે પાણી તેઓની પાસે મોકલતાં અને તેઓ તેને પોતાના શરીર ઉપર લગાડતાં અને તરત જ તંદુરસ્તી હાંસીલ કરતાં હતાં."

★ હવે તમે વિચારો કે હઝરત ઇમામ અહેમદ(રદીયલ્લાહો ત્આલા અન્હો)હઝરત ઇમામ શાફઇ(રદીયલ્લાહો ત્આલા અન્હો)ના શાગીર્દો પૈકી હોવા છતાં પણ હઝરત ઇમામ શાફઇ (રદીયલ્લાહો ત્આલા અન્હો)ની વર્તણુંક તેઓની સાથે કેટલી હદે આજેઝીવાળી અને નરમાશવાળી હતી.અને અહીં આ વાતથી તમને એ પણ જાણવા મળ્યું કે આ હઝરાતો પોતાના અસંખ્ય નેક અમલો હોવા છતાં પોતાને કોઇ મુસલમાનથી ઉચ્ચત્તર સમજતા ન હતા જ્યારે આજકાલના બની બેઠેલા મશાઇખોં(પીરો)(કે ત્યાં નેક અમલોનું તો નામ નિશાન નથી અને ઘમંડ અને મોટાઇનો તો એ હાલ છે કે પોતાનાથી ઉચ્ચતો એકબાજુ રહ્યું પરંતુ કોઇને પોતાની બરાબર પણ સમજતા નથી(આ તો આગળના સલ્ફ સાલેહીનનો કિસ્સો છે)અને જે મશાઇખે કિરામને અમે નિહાળ્યો છે તેઓ પૈકી એ અંતિમ બુઝુર્ગો છે જેઓ પોતાના શાગીર્દોનો મોઅતકીદ(અકીદતમંદ)અને તેઓ થકી બરકતો હાંસીલ કરતાં અને તેઓની પાસે આંખની બિમારીવાળાઓ અને બીજા પ્રકારના બિમારીને ઝાડ ફૂંક માટે મોકલતા હતાં તેઓ હઝરત શૈખ મોહંમદબીન અનાન અને હઝરત શૈખ મોહંમદ સરવી(રહેમતુલ્લાહ અલયહેમા) હતાં.

★ હઝરત શૈખ મોહંમદ બીન અનાન(રહેમતુલ્લાહ અલયહ)જે વ્યક્તિ પોતાની બિમારી માટે દુઆ કરાવવા ચાહતો હઝરત શૈખ યુસુફ હરતી (રહેમતુલ્લાહ અલયહ)પાસે મોકલતા હતાં કે જેઓ આપના શાગીર્દ હતાં. તેમજ હઝરત શૈખ મોહંમદ સરવી (રહેમતુલ્લાહ અલયહ)હઝરત શૈખ અલી હદીદી(રહેમતુલ્લાહ અલયહ)પાસે મોકલતા હતાં જેઓ તેમના શાગીર્દ હતાં.

તો હે ભાઇ,આ વાતને ખુબ જ સારી રીતે સમજી લે.જો હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ)ના યુગમાં મશાઇખોની હાલત એવી હોય કે જેનો ઉલ્લેખ આપે કર્યો છે તેમજ તે અનુસંધાને આપે બળાપાઓ

કાઢેલ છે તો પછી આજના આ નર્યા જુઠાણા ના યુગમાં તો આ વિશે કશી ચર્ચા કરવી મુનાસીબ સમજતો નથી.પરંતુ એટલું જરૂર કહીશ કે હઝરત અ.વહાબ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ)જેવા ઇમામે જ્યારે ત્યારના યુગના મશાઇખો(પીરો)ની ખરાબી તરફ અંગુલીનિર્દેશ કર્યો છે તો તેને નજરઅંદાઝ પણ કરી શકાતો નથી.દરેક યુગમાં તસવ્વુફના ઇલ્મથી નાવાકિફ અને જાહીલ લોકોએ જ્યારે આ પવિત્ર લાઇનમાં ટાંગ અડાડી છે ત્યારે ખરાબી જ ફેલાણી છે,અને આજે પણ ફેલાય રહી છે.)

★(૨૯) જલાલે ખુદાવંદીની ઈજ્જત

કામીલ પીરો અને સુફિયાએ કિરામના સદ્‌ગુણો પૈકી એક એ પણ છે કે એ લોકોને આ વાત પર અત્યંત ગયરત આવે છે કે કોઇ શખ્સ ગફલતની સ્થિતિમાં(અને કોઇ દુન્યવી ગરઝ માટે)ખુદા ત્આલાનું નામ લે;જેમ કે એવો એક રિવાજ છે કે માં રાતના સમયે બાળકના કારણે જાગતી હોય તો તેને સુવડાવવા માટે ઝીક્રે ઇલાહી કરે છે.(એટલે કે અલ્લાહ-અલ્લાહ કહીને બાળકને સુવડાવવા માટે હાલરડું ગાય છે)તો આ વાત તેઓને પસંદ નથી.કારણ કે ઝીક્રે-ખુદાની શાન તેનાથી ઊંચી છે કે તેને આવા હેતુ માટે કરવામાં આવે એક દિવસ એક બુઝુર્ગે કોઇ બિમારને કહ્યું કે,"મિયાં તમે તંદુરસ્તી પ્રાપ્ત કરવા માટે *યા લતીફો* પઢયા કરો." અને એ સમયે તેઓ ગફલતની હાલતમાં હતાં તો અલ્લાહત્આલાએ આ વાત પર તેઓ ઉપર ખ્વાબમાં ખફગી(નારાજગી) જાહેર કરી અને ફર્માવ્યું કે,"તમે મારા ઝીક્રને ખેલ તમાશો બનાવી દીધો છે."

તો હે ભાઇ,સલ્ફ સાલેહીન અલ્લાહની યાદ માત્ર **રઝાએ-ઇલાહી** માટે જ કરતાં હતાં અને તેઓની તવજ્જોહ્ હંમેશા **એહદીયતે-મુજર્રદ**. (એટલેકે માત્ર અલ્લાહત્આલાની ઝાત)તરફ જ રહેતી હતી. તેઓ ઝાતને છોડીને સિફાત તરફ ક્યારેય પલટનારા ન હોતા અને આનું નામ જ દિલ પર અલ્લાહત્આલાનો નક્શ બાંધવો છે. કામીલ-મુકમ્મીલ પીર પોતાની તવજ્જોહ્ અને આત્મબળ વડે તાલીબોની દિલો પર અલ્લાહનો નક્શ બાંધે છે,અને તેની તવજ્જોહ્નો કિબ્લા ઝાતે ઇલાહી બનાવી દે છે.પછી તેનું દરેક કાર્ય અલ્લાહત્આલા માટે અને તેની રઝા માટે જ હોય છે કારણ કે દિલમાં જ્યારે અલ્લાહના નામનો નક્શ બંધાય જશે તો તેને નિસ્યાને માસિવા અલ્લાહ હાંસીલ થઇ જશે તો તે અલ્લાહ સિવાયની બધી વસ્તુને ભુલી જશે.અને અલ્લાહ સિવાયની બધી વસ્તુને ભુલી જવાનું નામ જ *મકામે ફના* કે *વિલાયત* છે.

(૩૦)નરમાશપૂર્વકનું વર્તન

કામીલ પીરો અને અને સુફીયા એ ઉઝઝામની નેક આદતો અને સદ્‌ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ અત્યંત નરમ સ્વભાવના હોય છે.તેઓ એક બાળકની સાથે એ રીતે ચાલે છે કે જેવી રીતે ઊંટ તેના રખેવાળની પાછળ ચુપચાપ ચાલે છે જે હદીષોમાં સફો(હરોળ)ને બરાબર કરવાનો આદેશ છે તેમાં આ પ્રકારની નરમીનો ઉલ્લેખ છે.એટલેકે જે રીતે ફર્માવ્યુ છે કે, *..યીન્નુ ફીયદે ઇખ્વાનેકુમ..*એટલે પોતાના ભાઇઓના હાથમાં નરમ બની જાવ (અને જે રીતે તેઓ તમને ઉભા કરે એજ રીતે ઊભા થઇ જાવ અને કોઇ પણ પ્રકારની તંગદીલી ન અનુભવો)આ વાતની ફઝીલત કુર્આનેપાકમાં પણ આવી છે કે જે રીતે ફર્માવ્યુ છે, *વલવ કુન્ત ફઝ્ઝન ગલીઝલ્કલ્બે લન્ફદ્દુ મીન હવલીક.* (**અર્થાત્‌**:-જો આપ તંગ સ્વભાવના અને સખ્ત હૃદયના હોતાં તો આ લોકો આપની પાસેથી વેર વીખેર થઇ જતાં)જ્યારે તે નરમીની ખુબી તેમજ તે ફાયદાકારક હોવાની જાણ થઇ ગઇ તો હવે સમજો કે સુફીયાએ કિરામની નરમીમાં એ વાત પણ આવીજાય છે કે જ્યારે તેઓ પૈકી કોઇ વ્યક્તિ એવી જમાઅતની પાસે જાય જેઓ ખુદાનો ઝીક્ર એ રીતે કરી રહ્યા હોય કે તે જે રીતે અજમી લોકો અથવા તો મગરીબી લોકો કે પછી સનાવીયા, મુતાવીયા, રફાઇઆ વગેરે. (આ એ સમયના સુફીવાદના તરીકાઓ હતાં)કહે છે તો શરીઅતની હદમાં રહીને ઝીક્રની નીચ્યતમાં તેઓનું અનુસરણ કરતાં તેઓની સાથે ઝીક્રમાં મશગુલ થાવ.તેમજ એ જ રીતે ઝીક્રમાં પણ તેઓનું અનુસરણ કરે;જે રીતે કે તેઓને મશાઇખોએ સીલસીલામાં દાખલ કરતાં સમયે તાલીમ કરેલ છે.જેમકે નફી,અસ્બાત અથવા તો અન્ય કોઇ ઝીક્રનો તરીકો.અને એવુ ન કહે કે આ એ તરીકો નથી જેની તાલીમ અમને અમારા પીરે આપેલ છે કારણકે આ પ્રકારની બલામાં ઘણાં લોકો ફસાયેલા છે. અને આનાથી તેઓને બે પ્રકારનું નુકશાન થાય છે.એક તો એ કે તેઓ સવાબથી વંચીત રહે છે.અને બીજુ એ કે ખરાબ આદતો (દુર્ગુણો) અને અક્કડ સ્વભાવની બલામાં ફસાઇ છે.(કારણ કે આ પ્રકારનું અનુસરણ પીરની તલ્કીન થી વિરુધ્ધ નથી.)

તો હે ભાઇ,આ વાતને સારી રીતે સમજી લે અને હઝરત ઇમામ શોઅ્‌રાની(રહેમતુલ્લાહ અલયહ)નો કહેવાનો હેતુ બરાબર સમજીને તેની પર અમલ કરવાની કોશીષ કર.

⋆ (૩૧) ઓછું ખાવુ

કામીલ પીરો અને સુફિયાએ બાસફાના સદ્‌ગુણો પૈકી એક સદ્‌ગુણ એ પણ છે કે,તેઓ શરઇ રીતે પ્રમાણે ભુખ્યા રહે છે(જેમ કે તેઓ રોઝા રાખે છે અથવા તો ઓછું ખાય છે)અને જો તેઓને હલાલ ખોરાક ઉપલબ્ધ થતો નથી ત્યારે પણ તેઓ કેટકેટલા દિવસ ભુખ્યા કશું જ ખાધા વગર વિતાવી દે છે.અને

તેનો ફાયદો એ છેકે તેઓ એ ખાલી પેટને સરાપા નુર અને સર્વશ્રેષ્ઠ અનુભવ્યુ છે.ત્યાં સુધી કે તેઓએ જે ઢોલ વિશે મશહુર કહેવત છે કે, <u>ઢમ ઢોલ માંહે પોલ</u> એટલેકે જે અંદરથી ખાલી હોય છે તેનુો અવાઝ ઊંચો હોય છે આ વાતને તેઓએ ખાલી પેટની ખુબી સાથે સરખાવીને તેના માટે દલીલરૂપ ગણેલ છે.

તેમજ તેઓએ કહ્યું છે કે, આલીમ માટે જરૂરી છેકે તે પેટ ભરીને ખાણુ કદાપી ન ખાય.ખાસ કરીને ત્યારે કે જ્યારે તે ઇલ્મ શીખવામાં મશગુલ હોય અને તો જ તે કુર્આન, હદીષ, ફીકહ, વગેરેને પુરી રીતે સમજીને તેના વડે પુરેપુરો ફાયદો ઉઠાવી શકશે, કારણકે જેનું પેટ ભરેલું હોય છે તેની સમજ કમજોર હોય છે. (અને આ બિલ્કુલ સહી વાત છે જેને પણ આ બાબતે શંકા હોય તે અનુભવ કરીને જોઇ લે અને હઝરત ઇમામ અ.વહાબ શોઅ્‌રાની (રહેમતુલ્લાહ અલયહ)ફર્માવે છે કે, ‘‘અમે સુફીયાએ કિરામ ખુબજ મોટી જમાઅતને જોઇછે જેભુખ્યા રહેવાની બાબતે અંતિમકક્ષાનો કમાલ ધરાવતા હતાં ત્યાં સુધી કે તે પૈકી અમુક હજરાતો તો ૭-દિવસમાં માત્ર એક જ વાર જાજરૂ જતાં હતાં તેનું કારણ એ હતું કે તેઓને અલ્લાહત્આલાથી શરમ આવતી હતી કે તેઓ વારંવાર જાજરૂ જઇને પોતાનું સતર ખોલે.’’)

⋆ હઝરત શેખ તાઅ્‌જુદીન ઝાકીર(રહેમતુલ્લાહ અલયહ)ની હાલતતો ત્યાં સુધી પહોંચેલી હતી કે તેઓ દર ૧૨ દિવસે માત્ર એકવાર વુઝુ કરતાં હતા હઝરત સૈયદી અલી શાહદી જેઓ ‘‘ઝુઅયબ’’ ના લકબ વડે મશહુર હતાં તેઓની હાલતો એવી હતી કે જે તેઓને મળતો આપ તેને ભુખ્યા રહેવાની નસીહત કરતાં હતાં અને ફર્માવતા હતાકે,‘‘આ મોમીનોનું હથીયાર છે.’’ (જેના વડે તે પાશવી શક્તિઓ પર કાબુ મેળવીને નફ્સ અને શૈતાનના મુકાબલામાં સફળતા મેળવે છે) અને આપ ફર્માવતા હતાં કે,‘‘ભુખ્યો આદમી જો ખુદાની ફરમાંબરદારી નહીં કરે તો તેની નાફરમાંની પણ નહીં કરે.’’ (કારણકે તેમાં પાશવીશક્તિઓની નરમીના કારણે મુખાલીફત(નાફરમાની) ની પ્રકૃતી જ નહી હોય.)

⋆ જે હઝરાતોમાં નીત્યક્રમ સૌમેદહર(નિરંતર રોઝા રાખવા) હતો તેઓએ પૈકી એક શૈખ ઉમરૂલબન્તીની સરબ રહીના (રહેમતુલ્લાહ અલયહ) અને બીજા આપના ચચાજાદ(પીતરાઇ) ભાઇ હઝરત શૈખ અબ્દુલ કાદીર સરબ રહીના(રહેમતુલ્લાહ અલયહ) હતાં અને આ બંને હઝરાતો સૌમે દ હરની બરકતોના કારણે અત્યંત નુરાની બાતિનવાળા અને ખુબજ ઉચ્ચ પ્રકારની(રૂહાની)હીમત ધરાવતાં હતાં.

તો હે,ભાઇ તારે આ મામલામાં સલ્ફ સાલેહીનનું અનુસરણ કરવું જોઇએ અને ત્યારે જ ખાણું ખાવું જોઇએ જ્યારે કે તને સખ્ત ભુખ લાગી હોય

અને તારા આંતરડા ભુખના કારણે ભડકી ઉઠે અને તેમાં આગ લાગી જાય. તો આ વાતને સમજીને તેની ઉપર અમલ કરવો જોઇએ.

★ (૩૨) સુધારણા માટેની તૈયારી

કામીલ પીરો અને સુફીયાએ બાસફાના અખ્લાકો પૈકી એક એ પણ છે કે તેઓને જ્યારે દોસ્તોની તરફથી પોતાનાથી સંબંધિત લોકોના નિફાક અને પાખંડતાની જાણકારી હાંસીલ થાય છે તો તેઓ તેને તાલીમ આપવામાં પાછી પાની કરતાં નથી.(કારણકે તાલીમ આપવી એ શરીઅતનો મકસદ છે.)

★ હઝરત સૈયદ અલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ)ફમાવતા હતાં કે,‘‘દરેક ઈલ્મવાળો પોતાના ઈલ્મ પર અમલ કરે છે. ચાહે તો તે ગુનાહ જકરે તેમજ તેના અમલ પોતાના હક્કમાં જ હોય અને લોકોની નિકટ ન હોય કારણકે તે ગુનાહ કરશેતો બીજીવાર તેનાથી તૌબાહ્ કરશે અને તેની ઉપર પસ્તાવો થશે અને હવે જો ઈલ્મજ ન હોત તો તે વાતની પણ ખબર ન હોત કે આ ગુનાહ છે અને તેનાથી તૌબાહ્ પણ ન કરતો.’’

તો આ રીતે આ હૈસીયતથી તેઓ આજ પણ તેની ઉપર અમલ કરી રહ્યાં છે.જો કે કદાચ લોકોની નિકટ તેઓ તેની ઉપર અમલ કરનાર દેખાતા ન હોય, તો આ રીતે આ વાતને ખુબજ સારી રીતે સમજી લેવી જોઇએ. ખુલાસો એ જ છે કે, ઈલ્મ દરેક રીતે ફાયદાકારક છે અને એ વાતતો દરેક યુગમાં રહી છેકે લોકોનું ઈલ્મ તેઓના અમલ કરતાં વધુ હોય. તો આ રીતે અમલની ખામીના કારણે ઈલ્મને ફાયદાવિહિન કે વ્યર્થ ન સમજવું જોઇએ.

વલ્હમ્દોલિલ્લાહે રબ્બીલ્આલમીન.

★(૩૩) ઈલ્મ ઉપર અમલ

કામીલ પીરો અને સુફીયાએ બાસફાના સદ્દ્ગુણો પૈકી સૌથીઉત્તમ સદ્દ્ગુણ એ છેકે તેઓ દરેકએ આલીમના ઈલ્મ પર અમલ કરવા માટે તૈયાર હોય છે કે જેઓ પોતે પોતાના ઈલ્મ પર અમલ કરવાની કશી પરવા કરતાં નથી. અને આ રીતે સુફીયાએ કિરામ તેઓના ઈલ્મ પર અમલ કરીને તેનો સવાબ પોતાના નામાએ આમાલમાં લખાવી દે છે. (એટલેકે આ રીતે તેઓ તેનો સવાબ તેને(બે-અમલ આલીમો)બખ્શી દે છે)તેમજ પોતાના અજ્ર (બદલા)પેટે અલ્લાહત્આલા ફઝલ અને એહસાનની ખ્વાહીશ ધરાવતાં હોય છે જે રીતે તે લોકોનો નીયમ છેકે જ્યારે તેઓ કોઇ ઈલ્મ પડે છે તો તેનો સવાબ તેના મોઅલ્લીફ (સંકલન કર્તા)ને બખશી દે છે અને તેમાં તેઓની દખલગીરી કરતાં નથી. કારણકે દરેક કૌલનો સવાબ તેના કહેનારાનો હોય છે તેને ખુબ

સમજી લેવું જોઇએ.

તો હે ભાઇ,આ છે મશાઇખે કિરામનો ઈસાર અને ભલાઇ ચાહવાની ભાવના, તો તું પણ તેઓના અનુસરણમાં તારી અંદર આ પ્રકારના સદ્દ્ગુણો પૈદા કર. (વલહમ્દઘેલીલ્લાહે રબ્બીલ આલમીન)

★ (૩૪) વિરોધીઓની સાથે સદ્વ્યર્તાવ

કામીલ પીર અને સુફીયાએ કિરામના સદ્દ્ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ એવા લોકોથી પણ મેળ-મીલાપ રાખે છે. કે જેઓ બાતિનમાં તેઓની ખામી શોધનારા હોય છે અને બાહ્ય રીતે દોસ્તીનો દાવો કરનારા હોય છે અને પોતાના અમલની રીત વડે તેઓ પર જાહેર કરે છે કે તેઓને તેમની દોસ્તીના દાવામાં જરાપણ શંકા નથી તેમજ તેઓ આવા લોકોના ઈખ્લાસના દાવાનો જાહેરમાં ઈન્કાર પણ કરતાં નથી તેમજ આવા લોકો જ્યારે તેઓની નિકટતા ઇચ્છે છે તો તેને ધુતકારતા પણ નથી કારણકે તેનાથી તેઓની દુશ્મની અને ફીત્નો વધુ ભડકી ઉઠશે.

પરંતુ હું(એટલેકે હઝરત અબ્દુલ વહાબ શોઅ્રાની રહેમતુલ્લાહ અલયહ)કહું છું કે,‘‘જે વ્યકિત પોતાના દુશ્મનથી મેળ-મિલાપ રાખે તેના માટે સાવધાની વતર્વી અત્યંત જરૂરી છે અને સલામતીની વાતતો એ જ છે કે ત્યાં સુધી એ લોકો સાથે મેળ-મીલાપ રાખે જેઓ ખુલુસ અને મોહબ્બતની સાથે તેઓના અકીદતમંદ હોય.’’

★ (૩૫) એહલે ઈસ્લામ પ્રત્યે સારા વિચારો

કામીલ પીરો અને અહલે તસવ્વુફ લોકોના અખ્લાકો પૈકી એક એ પણ છેકે તેઓ માત્ર લોકોની ખુબીઓને જ જુએ છે અને તેઓની બુરાઇઓથી આંખ બંધ કરી લે છે ત્યાં સુધીકે તેઓ કોઇ મુસ્લમાન ભાઇમાં કોઇપણ પ્રકારની બુરાઇ નીહાળતાંજ નથી.કે જેના વડે તેઓતેની બુરાઇ કરે અને આજ કારણસર તમામ મુસ્લમાનો તેઓની નિકટ નેક જ હોય છે. અને આનાથી એ વાત પણ જાણવા મળી આ હઝરાતો નફસાનીયતના કારણે કોઇનાથી દુશ્મની કરતાં નથી;બલ્કે ખુદ લોકો જ આ હઝરાતોથી ઈર્ષા અને સતામણી માટે દુશ્મની કરે છે. હવે જો કઇ એવું કહે કે જે લોકો આ મર્તબાના છે તેઓનો લાભ તેમના મુરીદો અને અકીદતમંદોને જરૂર ઓછો મળશે. કારણકે ન તો તેઓ કોઇને નસીહત કરશે ન તો કોઇને બુરી વાતોથી બચાવશે,માટે હંમેશા ગુનાહોમાં સપડાયેલો રહશે, અને તેનાંથી બચવાનો માર્ગ મેળવશે નહીં. કારણકે જ્યારે આ હઝરાતોએ તેઓની બુરાઇઓને નઝર અંદાઝ કરી દીધી છે, તો તેઓની અંદર બુરાઇ નીહાળતાં જ નથી માટે નસીહત શેના આધાર પર કરશે?

તે તેનો જવાબ એ છે કે,તેઓ પોતે કોઇના માટે બદગુમાની કરતાં નથી,પરંતુ સંભવિત છેકે,તેઓને સહી ઇલ્હામ થકી લોકોની ખરાબીઓની જાણ થઇ જાય અને તેઓ સાથેના સંબંધના કારણે તેમને બુરાઇથી રોકી લે. તેમજ બીજી વાત એ છેકે ઇલ્હામ વગર પણ તેઓ પોતાની હાલતોને લોકોની હાલતો પર અનુમાનિત કરે અને સમજે છેકે જે રીતે પોતાની અંદર ખામીઓ અને ખરાબીઓ સંભવિત છે એ જ રીતે તેઓની અંદર પણ સંભવિત છે જેથી તેઓ માત્ર આ આધાર પર જ લોકોને નસીહત કરે છે અને સુફીયાએ કિરામ પોતાના દાસ્તોની બુરાઇઓ ખૌફે ખુદાના કારણે દર્શાવે છે નહીં કે ઇત્મિનાન અને અકીદતના કારણે અને તેઓ એવું અનુમાન પણ નથી કરતાં કે આ બુરાઇ તમારામાં ચોક્કસપણે છે જ કારણ કે તેઓ આવી બદગુમાનીઓથી મુક્ત છે, તેઓ (સુફીયાએ કિરામ)આંતરિક ચક્ષુઓ ધરાવે છે અને તેઓ પોતાની આ આંતરિક દ્રષ્ટિ વડે ઇન્સાનનાં સિનાની ખરાબીઓને જોઇ લે છે

(તો હે ભાઇ,હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની (રહેમતુલ્લાહ ત્આલા અલયહ)ની ઉપરોક્ત ચર્ચાનો સારાંશ એ જ છેકે, કામીલ-મુકમ્મીલ-પીર(શૈખ)ની શાન એ છેકે મુરીદની બાતિની ખરાબીઓને જોઇ લેછે અને તેને પોતાની બાતીની હિમ્મત અને કુવ્વતે તસર્રુફ વડે દુર કરી દે છે. કારણકે મશાઇખને અહીં આંખવાળા કહ્યાં છે એટલે કે પીર હંમેશા રોશનઝમીર જ હોય છે. અને તો જ તે મુરીદને અલ્લાહના રસ્તા પર ચલાવી શકશે અને તેની ખામીઓ અને તેમજ ખુબીઓથી આગાહ કરી શકશે.અને જો પીરમાં આ પ્રકારની લાયકાત નહીં હોય તો માત્ર કાંટાળા થોર પર હાથ ફેરવવા જેવી વાત છે અલ્લાહ ત્આલા જ પીરે રોશનઝમીર સુધી પહોંચાડનારો છે અને તેના વસિલા થકી પોતાની કુર્બતનો રસ્તો દેખાડનારો છે.)

★(૩૬)હાસીદખોરો માટે અલ્લાહ શુક્ર અને અસ્તગ્ફાર

કામીલ પીરો અને સુફીયાએ બા-વકારના સદ્દગુણો પૈકી એક એ પણ છેકે,જ્યારે તેઓના હાસીદો(ઇર્ષાળુઓ)અને દુશ્મનો વધુ હોય તો અલ્લાહ ત્આલાનો શુક્ર અદા કરે છે અને ત્યારબાદ ખુદાત્આલાથી અસ્તગ્ફાર કરે છે. શુક્રનું કારણ તો એ છે કે ખુદાએ તેની પર અહેસાન કર્યો જેનાં કારણે તે ઇર્ષાને પાત્ર થયો. અને અસ્તગ્ફારનું કારણ એ હોય છેકે ટુંકમાં, તેઓ ગુનાહોનું કારણ બન્યા. કારણકે જો તે ન હોત તો તેઓ પર ઇન્આમ કે અહેસાન જ ન થતું અને અહેસાન તેમજ ઇન્આમ ન થાત તો લોકો તેની પર હસદ પણ ન કરતાં અને હરામ કાર્ય સાદિર પણ નથતું,તો આ રીતે આ હસદરૂપી હરામ કાર્યના ઘટીત થવાનો સબબ તેઓ બન્યા માટે જ તેઓ અસ્તગ્ફાર કરે છે.

અને જે રીતે પોતાના માટે અસ્તગ્ફાર કરે છે એ જ રીતે ઇર્ષાળુઓ

માટે પણ અસ્તગ્ફાર કરે છે કે જેઓ ઇર્ષા કરી ખોટી રીતે પોતાનો દીન બરબાદ કર્યો અને કહે છેકે, ‘‘હે અલ્લાહ અમારા ઇર્ષાખોરોના ગુનાહો બખ્શીદે. કારણકે તે બિચારાઓ વિવશ,લાચાર અને મજબુર છે, તારા જે અહેસાનો અમારી ઉપર છે તેની પોતાની સકુંચિતતાના કારણે તેઓ જોઇ શકતાં નથી અને જો આ લોકો હૃદયની વિશાળતા ધરાવતાં હોત તો અમારી ઇર્ષામાં ક્યારેય સપડાતા નહીં.’’ અને આ એક એવો સદ્દગુણ છે કે જે ખુબજ ઓછા લોકો ધરાવે છે ,કારણકે મોટાભાગે તો સ્થિતી એજ હોય છે કે તેઓ પોતાના ઇર્ષાખોરો માટે શક્ય હોય તેટલી(વધુમાં વધુ)બુરાઇની ઇચ્છા જ ધરાવતા હોય છે.

તો હે ભાઇ, તું પણ આ રીતે તારા હાસીદો સાથે સદ્દવર્તન કર અને તેના માટે અસ્તગ્ફાર કર તેમજ અલ્લાહની નેઅમતોનો ખુબજ શુક્ર અદા કર.

★ (૩૭)ન્યાયી વર્તુણંક

કામીલ પીરો અને અહલે તસવ્વુફ લોકોના સદ્દગુણો પૈકી એક સદ્દગુણ એ પણ છે કે, તેઓ એ લોકો સાથે ન્યાયી રીતથી વર્તે છે જેઓએ તેમની અનિચ્છા હોવા છતાં તેમના માટે અમીરો અને હાકિમોને ત્યાંથી રોઝી, હદિયા કે જાગીરની પ્રાપ્તી માટે પ્રયત્નો કરેલા હોય. તેમજ આ જે કંઇ રિઝક, જાગીર કે હદીયો તે લોકોના પ્રયત્નો થકી મળે તેમાંથી આ બુઝુર્ગો તે લોકો ખુશ થાય તેટલો હિસ્સો જેમકે, અડધો, પા કે તેનાંથી પણ વધુ તેમને આપી દે છે. ઘણીવારતો જેટલું લાવ્યાં હોય એ બધું જ પુરેપુરું આપી દેછે કારણકે તે લોકો પોતે મહેનત કરીને લાવ્યાં હોય છે એ સ્થિતીમાં શૈખે એવું ન કરવું જોઇએ કે ખુદ પોતેજ બધું હજમ કરે જાય.બલ્કે કોશીશ કરવાવાળા માંગે તેટલું તેને આપી દે તેમાં જરા પણ લોભ ન કરે.કારણકે હકીકતમાં તો તેની(મહેનત કર-નારની)જ કમાઇમાં ગણતરી થશે. એટલુંજ નહીં પરંતુ બહેતર તો એજ છે કે તેમાંથી ખુદ કશું જ ન લે. હા,શરીઅતની હદમાં રહીને લેવામાં કશો જવાંધો નથી.

★ હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની(રહેમતુલ્લાહ ત્આલા અલયહે)ફર્માવે છેકે,‘‘અમુક મશાઇખો(પીરો) તો (આ કાર્ય માટે)પોતાના ઉઘરાવવાવાળો નીમી દે છે.જેઓ અમીરો અને આરબ શૈખોને ત્યાંજ રહીને માલ હાંસીલ કરવાની મહેનત બર્દાશી કર અને પછી જ્યારે તેઓ માંગીને કંઇ લાવે તો પોતે જ બધું હજમ કરી જાય અને જેણે તેની પ્રાપ્તિ માટે મહેનતો અને તકલીફો સહન કરી હતી તેને કંઇજ આપતાં નથી. અને આ ઘણોજ મોટો જુલ્મ છે. અને મેં અમુક આવા ઉઘરાવવાવાળા વ્યક્તિઓને જોયાં છે કે તેઓએ શૈખની આ પ્રકારની સતામણીથી તંગ આવીને શૈખ વિરુધ્ધ ફરીયાદ કરીને તેઓને અદાલતમાં હાજર કરાવ્યાં છે અને તેની પવિત્રતાની ખુબ ખુબ પોલો

ખોલી છે ત્યાં સુધી કે હાકીમે શૈખને કહ્યું કે, "તું ખુબજ લાલચી છો."

તો હે ભાઇ, તું આ પ્રકારના મશાઇખો(પીરો)ની હાલત જોઇને એવું ન સમજતો કે પહેલાંના જમાનાના મશાઇખો આવા જ હતાં તેઓ વિશે ખરાબ અનુમાન ન કર કારણકે તે લોકો ખુબજ ઝાહીદ અને પરહેઝગાર હતાં અને તેઓની હાલત કદાપી પણ આ સમયના મશાઇખો(પીરો)જેવી ન હતી.આ વાતને ખુબ સમજી લેવી જોઇએ.

(ઉપરની વાત હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની (રહેમતુલ્લાહ ત્આલા અલયહે)પોતાના યુગની એટલે કે હિ.સ.૯૦૦ની આસપાસની વાત કહી છે અને તે યુગના મશાઇખોની ખરાબીઓ રજુ કર છે.તો હવે શું પરીસ્થિતી હશે તેનો અંદાઝ ખુદજ લગાવી લ્યો.આજેપણ કેટલાયે એવાં ઢોંગી અને નાકીસ પીરો એજન્ટનુમાં ખલીફાઓની નિંમણુકો કરીને વિવિધરીતે લોકોનું મુંડન કરી રહ્યાં છે....આ પ્રકારની ખરાબીઓ દરેક યુગમાં ફેલાતી રહી છે.પરંતુ અફસોસ એ જ છે કે ઇલ્મ અને અમલના રૂહ સમાન ઇખ્લાસની પ્રાપ્તિ માટેનાં આ પવિત્ર માર્ગ એટલે કે પીરી-મુરીદીને લોકોએ ધંધાદારી બનાવી દીધી છે.ત્યાંસુધી કે ઓનલાઇન એટલે કે ઇન્ટરનેટ પર મુરીદો બનાવીને ડોનેશનો ઉઘરાવવામાં આવે છે. અલ્લાહની પનાહ...)

★ (૩૮) શરીઅતનું અનુંસરણ

કામીલ પીરો અને સુફિયાએ કિરામના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ દરેક મામલામાં અને દરેક પરિસ્થિતિમાં શરીઅતના એહકામોનું અનુસરણ કરતાં હતાં, શરીઅતની વિરુધ્ધ વાળ બરાબર ચાલવું પણ તે લોકો પસંદ કરતાં ન હોતા.કારણકે શરીઅત જ જડ છે બાકી બધું તેની શાખાઓ પ્રશાખાઓ છે; જેમકે તેઓ જ્યારે કોઇ ઔરતને શાદીનો પયગામ મોકલતાં તો સુન્નત પર અમલ કરતાં હતાં અને તેણીનો ચહેરો અને હાથ જોઇ લેતાં હતાં.જો કે આ જોવામા પણ ઉલ્માનો ઇખ્તિલાફ છે.અમુક તો કહે છે કે આ નિહાળવું શેહવત(વાસના)વગર હોવું જોઇએ.કારણકે હજુ એ ઔરત ફાયદો હાંસીલ કરવા માટેનું સ્થાન નથી.જ્યારે મોટાભાગના તેની વિરુધ્ધમાં છે(અને તેનું કારણ કે એ બતાવે છે કે શરીઅતે નજરની ઇજાઝત આપી દીધી છે.અને આ સ્થિતિમાં શહેવતનું પૈદા થવું એ કે કુદરતી બાબત છે.)તો આ રીતે આ સુન્નત પર અમલ કરવો જોઇએ.

તો હે ભાઇ, આ સલ્ફસાલેહીન શરીઅતના મામલામાં ઘણાં જ ચુસ્ત હતાં કારણ કે, તેઓ જાણતાં હતાં કે, કાલે કયામતના દિવસે શરીઅત વિશે જ સવાલ થશે નહીં કે કશ્ફો કરામત વિશે.

મનકી આંખે ખોલ

★ (૩૯) ઉસ્તાદનો અદબ

કામીલ પીરો અને સુફિયાએ બાસફાના સદ્ગુણો પૈકી એકએ પણ છે કે, જે શખ્સ તેઓને બાળપણમાં કુર્આનની એક સુરત કે આયત પઢાવી દે છે, તેનું પણ તેઓ ખુબ જ સન્માન કરે છે. તેમજ જે શખ્સ તેઓને ઇલ્મનું એક પ્રકરણ શીખવી દે છે તેઓની તેઓ એટલી હદે તાઅ્ઝીમ કરે છેકે તેઓની પાસેથી સવારી ઉપર નીકળતાં નથી તેમજ તેઓની તલ્લાકશુદા સ્ત્રીઓ સાથે શાદી કરી શકતા નથી, ભલેને પછી તેઓ શૈખુલ્ઇસ્લામકે શૈખે તરીકતના દરજ્જા પર પહોંચી જાય.

તેમજ તેઓની સાથે જે અદબોથી વર્તે છે તેઓ પૈકી એક એ પણ છે કે તેઓ પોતાની હૈસીયત મુજબ તેમને હદિયા આપ્યા કરે છે તેમજ તેમના ઘરવાળાઓ અને સંબંધીઓ માટે કપડાં વગેરે બનાવતા રહે છે.અને આ બધુ તેઓની ખુશી માટે કરે છે.

★ હઝરત અબુ ઝયદ કીરવાની '<u>સાહેબે રિસાલા</u>'(રહેમતુલ્લાહ અલયહ)ની હિકાયત છે કે, "જ્યારે તેના બાળકના ઉસ્તાદે તેને કુર્આનની એક મંઝીલ પઢાવી દીધી તો તેઓને સૌ દિનાર આપ્યાં." તો તેણે તે લેવાથી બહાનું કાઢ્યું.અને કહ્યું કે, "મેં એવું કોઇ કાર્ય કર્યુ નથી કે જેના માટે હું આટલી માટે રકમનો હક્કદાર બનું.તો તેઓએ પોતાના બાળકને તેની પાસેથી ઊઠાડીને બીજા મોઅલ્લીમ ને સોંપી દીધું અને ફરમાવ્યું કે, તે શખ્સ કુર્આનને હકીર સમજેછે."

★ હઝરત ઇમામ શોઅ્રાની(અલયહીર્રહમત)ખુદ ફર્માવે છે કે, "હી.સ.૯૧૮ની ઘટના છે.હું એક દિવસ હઝરત શૈખ શમ્સુદ્દીન દમીયાતીની સાથે જઇ રહ્યો હતો એ દરમીયાન તેઓએ એક નાબીના(અંધ)શખ્સને જોયો જેને તેની છોકરી લઇ જતી હતી.તેને જોઇને તેઓ ઘોડા પરથી ઉતરી પડયાં. તેમજ તેના હાથ બોસો આપ્યો અને દુર સુધી તેઓની સાથે ચાલ્યા.જ્યારે આપ પાછા ફર્યા તો મેં તે શખ્સ સંબંધે સવાલ કર્યો કે,"આ કોણ વ્યકિત હતી?"તો આપે ફર્માવ્યું કે, "એ શખ્સ તે છે કે જેના થકી મેં બાળપણમાં કુર્આન શીખ્યું હતું. અને મારાથી અવું થઇ શક્તું નથી કે હું સવારી ઉપર તેની પાસેથી નીકળું.(આ હાલત હતી તેઓના અદબની)જો કે શૈખ શમ્સુદ્દીન દમીયાતીને ઘણી જ મોટી પદવી, લોકોની અકીદત અને ઇલ્મ તેમજ સલાહકાર તરીકે નો દરજ્જો સુલતાનો અને તેનાથી નીચીકક્ષાના લોકોમાં હાંસીલ હતો. મારી દ્રષ્ટિએ આપને જે પદવી અને માન-મર્તબો હાંસીલ હતો તે તેઓના સમકાલીન પૈકી કોઇને હાંસીલ ન હતો. ત્યાંસુધી કે એક દિવસ મેં તેઓને બે ફકીરોની વચ્ચે એ હાલતમાં નિહાળ્યાં કે લોકો હાથ ચુમવા માટે તેઓ પર

ઘસારો કરી રહ્યા છે અને જેઓ તેમના સુધી પહોંચી શકતાં નથી તેઓ પોતાની ચાદરો ખોલીને તેઓ પર ફેંકી રહ્યા છે જેથી તે શૈખના કપડાને સ્પર્શી જાય અને પછી તેને ચુમતા હતાં,જે રીતે કે લોકો કાહીરાથી પસાર થતી વખતે કાબતુલ્લાહના ગીલાફ સાથે કરે છે.''

તો હે ભાઇ, તું આ વાતને સારીરીતે સમજી લે. અને અદબવાળાનું અનુંસરણ કર.ખુદાત્આલા અદબવાળાઓથી રાજી થાય.

બાઅદબ બા-નસીબ, બેઅદબ બદ-નસીબ.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલઆલમીન)

⋆ (૪૦)પોતાના આમાલોને તુચ્છ સમજવા

કામીલ પીરો અને એહલે તસવ્વુફ લોકોના સદ્ગુણો પૈકીએ પણ છે કે,તેઓ પોતાના સંબંધે એ વાતનો ખ્યાલ નથી કરતા કે નફલ ઈબાદતોનો સવાબ પુરેપુરો તેઓને જ મળે.જોકે નવાફીલો માટે તે લોકોએ ભરપુર કોશીષો કરી હોય છે કે તેઓના પગમાં પણ સોજા આવી ગયા હોય.બલ્કે તેઓ તો એવું સમજે છેકે આ ઈબાદત માત્ર તે કમીને પુરી કારવા માટે છે જે તેઓના ફર્ઝોમાં રહી ગઇ છે. (કારણકે ગુનાહોથી તેઓ માસુમ નથી માટે તેઓના ફર્ઝોમાં આ પ્રકારની કમીકે નુકસાન જરૂર હશે જેની પૂર્તિ આ નવાફીલો વડે કરવી જરૂરી છે)અને નવાફીલો તો ખરેખર તેમના માટે છે કે જેની ફર્ઝો પરિપૂર્ણ હોય.અને તેમાં કોઈપણ પ્રકારની ક્ષતિ ન હોય.(અને આ પ્રકારના ક્ષતિરહિત ફર્ઝો તો માત્ર હુઝુર નબીએ પાક સલલ્લાહો અલયહે વસલ્લમના જ છે)અને આથી જ હક્કત્આલાએ *વ મીનલ્લયલે ફતહજજદ બેહી નાફેલતલ્લક*માં એ વાત તરફ ઈશારો ફરમાવી દીધો છે.અને દેખાડી દીધું છેકે, આં હઝરત(સલલ્લાહો અલયહે વસલ્લમ)ની તેહ્જ્જુદ તેઓના ફરાઈઝોથી વધારાની હશે.(એટલે કે તેમાં પુરેપુરો સવાબ હશે અને તેના વડે ફર્ઝોની તકમીલ(પુર્તી)કરવામાં નહી આવે)કારણકે આપના ફર્ઝો બીલકુલ પરિપૂર્ણ છે અને તેનુ કારણ એ છે કે આપ માસુમ છે કે આપની ઈબાદતમાં કોઇ જ ખામી નથી.

અને આથી જ હઝરત શૈખ જલાલુદીન સુયૂતી(રહેમતુલ્લાહ અલયહ)એ આ વિષયને પોતાની ખસાઇસ(ખસાઇસે કુબ્રા)અને તે સિવાય અન્ય કિતાબોમાં વર્ણવી છે.અને જો માની પણ લેવામાં આવે કે કોઇ વલીની ઈબાદત પણ નુકશાનથી ખાલી હોય શકે તો તે નબીના વારસા પેટે હશે.(કારણ કે વલી નબીના વારસદાર છે) તો આ રીતે કમાલે ઈબાદતની વિશેષતામાં આં હઝરત સલલ્લાહો અલયહ વસલ્લમમાં કશી ખલેલ ન પડી.

તો હે ભાઇ, સુફિયાએ કિરામ અને મશાઇખે કિરામના આ સદ્ગુણને સારી રીતે સમજી લ્યો અને તેની ઉપર અમલ કરો.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

⋆ (૪૧) હદિયાની પ્રતિક્ષા ન કરવી

કામીલ પીરો અને સુફિયાએ બાસફાના સદ્ગુણો પૈકી એક ઉત્તમ સદ્ગુણ એ પણ છે કે તેઓ કદાપી હદિયાની પ્રતિક્ષા કરતાં નથી કે આજે ફલાણી જગ્યાએથી હદિયો આવશે.તેમજ દિલમાં એવો વિચાર પણ નથી કરતાં કે ફલાણી-ફલાણી વ્યક્તિ અમને આજ ફલાણી વસ્તુ મોકલશે.બલ્કે તેઓ આવા વિચારોથી પોતાના દિમાગને ખાલી રાખે છે.એ જ રીતે તેઓ જ્યારે પોતે કોઇ સફરથી પાછા ફરનાર વ્યક્તિને કોઇ હદિયો વગેરે આપે છે તો તેઓને એવો વિચાર નથી આવતો કે તેઓ અમને તેનો બદલો ચુકવે,બલ્કે તેઓનું દિમાગ આ વિચારથી પણ બીલ્કુલ ખાલી હોય છે. અને કોઇ વ્યક્તિ પ્રત્યે બદ ગુમાની કરતાં નથી (કે ફલાણો વ્યક્તિતો અહેસાન ફર્માવે છે) બલ્કે તેઓનું હેતુ લાલચથી બચવું છે.

⋆ મારા સરદાર હઝરત અલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ) જ્યારે કોઇ વ્યક્તિ પાસે એવુ સાંભળતા કે, ''તે પોતાના પાડોશીઓને ત્યાંથી ધુમાડો નીકળતો જોતો રહેતો હતો.'' અને જેને ત્યાં ધમાડો નીકળતો દેખાતો ત્યાં ખાવા માટે પહોંચી જતો. તો ફર્માવતાં કે,''ખુદા તેની ઉપર રહેમ કરેકે, તેને પોતાના પડોશીઓ પ્રત્યે સદ્ભાવના હતી(અને તે સમજતો હતો કે મારે કોઇ પાડોશી કંજુસ નથી.અને મને ખાણું આપવામા અફસોસ નહી કરે)તો આ રીતે ખુદાત્આલા તેને જઝાએ ખૈર અતા કરે.'' અને તેનો હેતું એ હતો કે પોતે પોતાની સદ્ભાવનામાં પ્રશંસા પાત્ર છે.અને તમારે સમજી લેવું જોઇએ કે તમે જ્યારે કોઈની પાસે હદિયો મોકલે અને તમે તેની એ ટેવથી માહિતગાર છો કે તે તમારી પર અહેસાન કરશે એટલે કે તે આ હદિયાનો બદલો જરૂર ચુકવશે તો હદિયાની સાથે પોતાના સંદેશા વાહક સાથે એ પણ કહેવડાવી દેવું જોઇએ કે હું જે આ વસ્તુ મોકલું છું તે એટલી બધી પાત્રતાવાળી નથી કે તેના બદલા માટે ચિંતીત થવું પડે.અને હું તમને કસમ આપું છુ કે તમે બદલો ચુકવવાનો વિચાર કદાપી ન કરો નહીંતર મારું દિલ દુભાશે. અને આ એટલા માટે કે તેના કારણે તે બદલો ચુકવવાના વિચાર અને તેના પરિશ્રમથી બચી જાય ભલેને પછી થોડી-વાર માટે કેમ નહીં.?

⋆હદીષ શરીફમાં છે કે, '' મે હદિયાની લેણદેણ આપસમાં રાખો તમારા વચ્ચે મોહબ્બત પેદા થશે.''અને ઉમદા હદિયો કે જે ખુલુસ(નિઃસ્વાર્થ) પર આધારીત હોય તેની અસર એ છે કે તેનાથી સિનામાંથી અરસ-પરસની ખરાબીઓ દુર થઇ જાય છે.તો ખુલાસો એ જછે કે તમારે શરીઅતના કાનુન પ્રમાણે(એટલે કે તદ્દન નિઃસ્વાર્થતા અને પ્રેમભાવનાથી)હદીયો આપવાની

શરૂઆત કરવી જોઇએ.તેમજ કોઇ દુર દરાઝની સફરેથી પાછો ફરે તો તેનાથી એ લાલચ ન રાખવી જોઇએ કે તે અમારા માટે કશું લાવ્યો હશે.અને તમે જેને હદિયો આપો તેનાથી ન તો બદલાની ઉમ્મીદ રાખવી જોઇએ. અને જો તમે આ વાતોની વિરૂધ્ધ વર્તન કરશો તો તમે તમારા સલ્ફ સાલેહીનના તરીકામાંથી નીકળી જશો માટે આ વાતને ખુબ જ સમજી લ્યો.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૪૨) મહેમાન નવાઝી

કામીલ પીરો અને સુફિયાએ કિરામના સદ્ગુણો પૈકી એ ખાસ સદ્ગુણ છે કે તેઓ મહેમાનોને સખ્ત તાકીદ કરે છે કે તેઓ ખાણું અન્ય કોઇ જગ્યાએ ન ખાય કારણકે તેઓ જાણે છે કે તે જે કંઇ તેઓને ત્યાં ખાશે પોતાના તકદીરનું જ ખાશે.(અને તેમાં તેઓનું કશુ જ નુકશાન નથી.)

★હઝરત શૈખ અબ્દુલહલીમ બીન મસ્લાહ(રહેમતુલ્લાહ અલયહ) પોતાના મહેમાનોને કસમ આપતાં હતાં કે, ‘‘જ્યાં સુધી તમે આ શહેરમાં રહો બીજા કોઇને ત્યાં ખાણું ખાતા નહીં’’ અને તેઓના આ આગ્રહના કારણે લોકો તેઓને ત્યાં મહેમાન પણ ઓછા થતાં હતાં. મેં એકવાર તેઓની સાથે વાતચીત કરી તો તે તેઓએ ફર્માવ્યું કે, ‘‘અહીં આ તાકીદના કારણે અમને ખુશી હાંસીલ થાય છે અમારો દાવો સાબીત થઇ ગયો અને મહેમાન તો પોતાની તકદીરનું જ ખાય છે (તો પછી અમે મફતની ભલાઇ શા માટે ન કરીએ)અને હું જો આ રીતની રીતભાત ન અપનાવતો અને લોકોને આટલી હદે તાકીદ ન કરતો તેનું પરિણામ એ આવતું કે જો તેની તકદીરમાં મારા ઘરનું ખાણું લખેલું હોત તો તે મારી નારાઝગીની સ્થિતિમાં પણ જરૂર ખાતો. અને આ રીતે હું તેનીનજીક પણ ખરાબ બનતો અને ખુદાની નજીક પણ બુરો સાબીત થતો અને મખ્લુકની નજીક પણ ખરાબ કહેવાતો.’’

★ હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ)ખુદ ફર્માવે છે કે, ‘‘મેં પણ આ જ પ્રમાણેનું વર્તન હઝરત શૈખ મોહંમદ શનાવી અને શૈખ અબ્દુર્રઝાક બુખારીની ઔલાદ સાથે કર્યુ હતું જ્યારે તેઓ મારે ત્યાં ત્રણ મહિના સુધી મહેમાન તરીકે રહ્યાં હતાં.આથી જ્યારે તેઓ અનાયાસે કોઇ જગ્યાએ ખાણું ખાઇ લે તો હું તેઓ પર ગુસ્સો કરતો હતો.અને તેનાથી તેઓને ખુશી થતી હતી અને તેઓનો એ ખ્યાલ દુર થઇ જતો હતો કે મારી ઉપર તે લોકો બોજરૂપ છે.અથવા તો તેઓએ મારી ઉપર બોજ લાદી દીધો છે.’’

તો હે ભાઇ,આ વાતને ખુબ જ સમજવી જોઇએ અને મેહમાનથી કદાપી પણ દિલમાં તંગી પૈદા ન થવી જોઇએ.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૪૩) હલાલ રોઝી માટેનો એહતમામ

કામીલ પીરો અને સુફિયાએ બાસફાના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ ખાવા પીવાના મામલે અત્યંત સાવચેતી રાખતાં હતાં,ત્યાં સુધી કે અમુક હઝરાતો તો તેમાં એટલી હદે જોર આપતા હતાં કે જ્યાં સુધી તેઓ એ જાણી ન લેતાં કે આ ખાણું વગેરે સાત અથવા તો ઓછામા ઓછું ત્રણ આદમીઓનાં કબ્જામાં હલાલ રીતે આવ્યું હોય ત્યાંસુધી તેઓ તે ખાતાં ન હોતાં.અને જો કદાચ તેઓને આવું ખાણું ન મળતું તો જ્યાંસુધી તે તેઓના ઇરાદા પ્રમાણેનું ખાણું મળતું નહીં ત્યાંસુધી ભુખ્યા રહેતા હતાં.

★ હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવે છે કે, ‘‘શૈખ અફઝલુદ્દીન(રહેમતુલ્લાહ અલયહ)એ સાવચેતીવાળા લોકો પૈકી છેલ્લી વ્યક્તિછે કે જેની મેં સંગત હાંસીલ કરી છે. તેઓનો નિયમ હતો કે જ્યાં સુધી કોઇ ખાણું એક પછી એક સાત વ્યક્તિના કબ્જામાં હલાલ તૌર પર આવેલ ન હોય તેઓ તેને ખાતાં નહીં.(એટલે કે જે વ્યક્તિ તેઓને ખવડાવે તેની પાસે હલાલ રીતે આવ્યું હોય...આ રીતે સાત વાસ્તા સુધી હલાલ રીતે આવ્યું હોય)અને જો તેઓને એવું ખાણું મળતું નહીં તો તેઓ ઉપરા ઉપરી કેટલાય દિવસો સુધી ભુખ્યા રહેતાં હતાં ત્યાં સુધી કે સખ્ત ભુખના કારણે તેઓના આંતરડા એક બીજાને ખાવા લાગતાં હતાં અને તેઓની અક્કલ તેમજ દીન બરબાદ થઇ જવાનો ભય પૈદા થઇ જતો ત્યારે તેઓ પોતાને વ્યાકુળતાવાળી વ્યક્તિ સમજીને જે મળી જતું એ જ ખાઇ લેતાં હતાં.અને આ લોકો મુલ્ક(દુનિયા,દેશપ્રદેશ)માં થનારા ફેરફારો પરિવર્તનોને કશ્ફ વડે જોઇ લેતાં હતાં અને હક્ક ત્આલાએ મને પણ તેઓની અનુસરણનું સદ્ભાગ્ય અર્પણ કર્યુ છે. પરંતુ સાત તો નહી હાં, ત્રણ પ્રાદેશીક પરિવર્તનોનો ચિતાર હું પણ(કશ્ફ વડે) જોઇ શકું છું અને જો કશું હરામ કે શંકાશીલ હોય છે તો મને તરત જ ઉલ્ટી થઇ જાય છે.અથવા તો કયારેય અલ્લાહત્આલા તરફથી જ જાણકારી હાંસીલ થઇ જાય છે.’’(કે આ ખાણું તારા માટે ખાવા યોગ્ય નથી,તું તે ખાતો નહીં.)

તો હે ભાઇ, ખાવા પીવાના મામલામાં ખુબ જ સાવચેતી રાખવી જરૂરી છે. કારણકે શંકાશીલ અને હરામ ખાણાથી બચવાના કારણે ઇન્સાન કશ્ફની દૌલત વડે માલામાલ થાય છે. બુઝુર્ગોએ તો કરાહતથી પકાવેલું ખાણું પણ મકરૂહ કહ્યું છે કારણ કે જે પણ કાર્ય કરાહતથી કરવામાં આવે તેમાં કશી જ ભલાઇ હોતી નથી. (કરાહતથી એટલે કે અલ્લાહની યાદથી ગાફીલ બનીને અણગમો રાખીને, બેદરકારીપૂર્વક અને જબરદસ્તથી કોઇ કાર્ય કરવું.)હઝરત ખ્વાજા બાકી બીલ્લાહ(રહેમતુલ્લાહ અલયહ)કદાપી કરાહતની સાથે પકાવેલું

ખાણું ખાતાં ન હતા, જ્યારે આપની સામે આ પ્રકારનું કરાહતથી પકાવેલું ખાણું આવતું તો આપ ફર્માવતાં હતાં કે, "આ ખાણું મારા લાયક નથી, કારણકે તે કરાહત અને ગફલતથી પકાવેલું છે, જેના કારણે દિલમાં અંધકાર અને ગફલત પૈદા થાય છે." તો વિચારો કે માત્ર ગફલત કે કરાહતથી પકાવેલા ખાણાની જો દિલો પર અસર થતી હોય તો જે ખાણું હરામ જ હોય તેની ખરાબી કેટલી હદે દિલની તબાહી નોતરશે.(અલ્લાહની પનાહ)

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

⋆(૪૪) મુરાકિબા એ નફ્સની હિફાઝત

કામીલ પીરો અને સુફિયાએ બાસફાના સદ્‌ગુણો પૈકી એ પણ છે કે તેઓ દરેક પળ પોતાના નફ્સની દેખભાળ રાખે છે (તેનું નામ જ મુરાકિબાએ નફ્સ છે)જેથી તેઓ પોતાનામાંથી મુનાફીકપણાનો આ અવગુણ દુર કરે (અને આ રીતે પોતાનામાં મોમીનોનો સદ્‌ગુણ પૈદા કરે)કારણે મોમીન હોવું એ મુનાફીકપણાંની વિરૂધ્ધ છે. માટે તેને મુનાફીકપણા સાથે એકત્રીત કરી શકાય નહીં. હવે મોમીનોના સદ્‌ગુણોને સમજવા જોઇએ કે તે ક્યાં ક્યાં છે. તો તે પૈકી અમુક તો એ છે જેને અલ્લાહત્આલાએ કૌલ *અત્તાએબુનલ્આબેદુન* અને *કદઅફ્લહુલ્મોઅમેનુલ્લઝીન હુમ સલાતેહીમ ખાશેઉન* માં તેમજ આ જ રીતની બીજી આયાતોમાં બયાન ફર્માવ્યું છે. અને અમુક સદ્‌ગુણો એ છે કે જે અહાદિષોમાં આવ્યાં છે. આ સંદર્ભમાં એક હદીષે પાકમાં છે કે, તમારા પૈકી કોઇ કામીલ મોમીન નથી થઇ શકતો જ્યાં સુધીકે તે પોતાના ભાઇ મુસલમાન માટે એ વસ્તુ જ પસંદ ન કરે જે પોતાના માટે કરે છે, અને બીજી હદીષમાં છે કે, તમારા પૈકી કોઇ શખ્સ ત્યાં સુધી મોમીન કામીલ નથી થઇ શકતો જ્યાં સુધી કે તેનો પાડોશી તેની બલાઓથી (તકલીફોથી)સરક્ષીત ન હોય. લોકોએ અર્ઝ કરી કે, "હુઝુર, બલાઓથી શું મુરાદ છે?" તો આપે ફર્માવ્યું કે, "ખ્યાનત અને ઝુલ્મ."(આ જ રીતે મોમીનોના સદ્‌ગુણો બીજી અહાદિષોમાં ઉલ્લેખાયેલ છે)

⋆હઝરત ઉમર ઇબ્નુલ્ખત્તાબ(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, "જ્યારે તમે મને જુઓ કે હું વાંકોચુકો ચાલું છું તો મને સીધો કરી દ્યો. અને મને નસીહતો કરો કારણકે મુસલમાનની શાન એ છે કે તે પોતાના ભાઇને નસીહત કરે છે."

⋆હઝરત યાહ્યાબીન મઅઝ(રહેમતુલ્લાહ અલયહ)એ મોમીનોનાં કેટલાય સદ્‌ગુણો પોતાના રિસાલામાં વર્ણવ્યાં છે અને ફર્માવ્યું છે કે, "મોમીનની શાન એ છે કે તે અત્યંત શરમાળ હોય છે અને બીજાને તકલીફ ઓછી પહોંચાડનારો હોય છે, અને તેમાં ભલાઇ વધુ હોય છે અને બુરાઇ

ઓછી, જબાનનો સાચો હોય છે, ઓછું બોલનારો હોય છે, નેક અમલો વધુ કરતો હોય છે, ભુલો બહું ઓછી કરનાર હોય છે, તેમજ વ્યર્થ વાતોમાં ખુબ ઓછો સપડાય છે. ખુબ નફો પ્રાપ્ત કરનારો હોય છે, સીલા-રહેમી વધુ કરનાર હોય છે, વકારવાળો અને શુક્ર ગુજાર હોય છે. જ્યારે તેની પર રિઝ્કની તંગી હોય છે ત્યારે પણ ખુદાથી બહુ ખુશ હોય છે, સહનશીલ હોય છે, પોતાના ભાઇઓ સાથે નરમ હોય, અત્યંત મહેરબાન હોય, લાનત કરનારો તેમજ કટુવાણી બોલનારો નથી હોતો ન તો ગીબત કરવાવાળો હોય, ન ચુગલખોર હોય, ન જલ્દબાજ હોય, ન ઈર્ષાળુ હોય, ન તો કપટી હોય , ન તો ઘમંડી હોય, ન અહમ્ ધરાવનારો હોય, ન તો દુનિયાથી રગબત રાખવાવાળો, ન તો લાંબી-પહોળી ઉમ્મીદો રાખનાર હોય છે, ન તો વધુ ઊંઘવાવાળો કે ન તો વધુ ગાફીલ હોય છે અને ન તો દંભ કરનારો, ન મુનાફીક હોય, ન તો કંજૂસ હોય, ન તો ખામી જોનારો હોય અને ખુદા માટે જ મોહબ્બત કરે અને ખુદા માટે જ અદાવત કરનારો,ખુદા માટે જ ખુશ થનારો અને ખુદા માટે જ નારાજ થનારો હોય છે, તેનું ભાથુ પરહેઝગારી છે અને તેનો મકસદ આખેરત હોય, તેનો હમનશીન તેની યાદેખુદા હોય અને તેનો મહેબુબ(પ્રિય)તેનો મૌલા(ખુદા) હોય. તેના તમામ પ્રયત્નો આખેરત માટે હોય. આ જ રીતે આપે લગભગ ૧૦૦ સદ્‌ગુણો રજૂ કર્યા છે."

⋆હઝરત હુઝૈફાહ(રદીયલ્લાહોત્આલા અન્હો)ફર્માવતાં હતાં કે, "આદમી જનાબ રસુલે અકરમ સલલ્લાહો અલયહે વસલ્લમના જમાનામાં માત્ર એકવાત કહેતો હતો તો તે પોતાની દ્રષ્ટિમાં તેનાં થકી મુનાફીક થઇ જતો હતો હવે એ જ વાતને હું તમારા દ્વારા એક જ મજલીસમાં દસવાર સાંભળુ છું પરંતુ તમને ખબર પણ હોતી નથી કે આ સારી વાત છે કે ખરાબ વાત અલ્લાહ... અલ્લાહ... કેટલી હદે તફાવત પડી ગયો છે."

હઝરત ઉમરબીન અબ્દુલઅઝીઝ(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાંકે, "મોમીનનાં દિલમાં તાકાત હોય છે અને મુનાફીકના હાથમાં." (કારણ કે મોમીન બાતીનની સુધારણા માટે મુજાહેદાઓ કરે છે જેના કારણે તેના દિલમાં કુવ્વત અને શરીરમા નબળાઇ વધી જાય છે. જ્યારે મુનાફીક બાતીનની સુધારણા છોડીને શરીરને હુષ્ટપુષ્ટ બનાવવાની ચિંતામાં રહે છે માટે તેના દિલમાં કમજોરી અને શરીરમાં તાકાત હોય છે.)

તો હે ભાઇ, આ બધી વાતોને ખુબ જ સમજી લેવી જોઇએ અને મરતાં પહેલાં પોતાના કલ્બનું(દિલનું)બારીકાઇથી નિરીક્ષણ કરી લેવું જોઇએ અને જો તેમાં મુનાફીકો જેવા અવગુણો જોવા મળે તો તેની પર ખુબ જ રૂદન અને અશ્રુંવહન કરવું જોઇએ તેમજ ખુબ જ અસ્તગ્ફાર કરતાં રહેવું જોઇએ.

જીભ વડે કંઈક બોલવુ અને દિલમાં તેનાથી વિરુધ્ધ હોવું અથવા તો જેનું જાહેર અને બાતીન બંને એક--બીજાના વિરુધ્ધ છે તેને મુનાફીક કહેવામા આવે છે. તો આ બંને વાતો પર ખુબ જ ચિંતન-મનન કરો કે મુનાફીકનો અવગુણ કેટલી હદે ખરાબ અને વિનાશ નોતરનારો છે. કારણ કે મુનાફીકો દોઝખના સૌથી નીચલા તબક્કામાં હશે. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૪૫) જરૂરતના સમય માટે માલનો સંગ્રહ કરવા

કામીલ પીરો અને એહલે તસવ્વુફ લોકોના સદ્‌ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ સુલુકની પ્રારંભીક અવસ્થામાં દીરહમ કે દીનારો રાખતાં નથી, પરંતુ અંતમાં પહોંચીને ખર્ચ માટે તેને એકઠાં કરે છે. કારણ કે જયારે તેઓ મુબ્તદી એટલે પ્રાથમીક ચરણમાં હોય છે ત્યારે તેઓની હાલત દુધપીતા બાળક જેવી હોય છે અને બાળકની એ હાલત હોય છે કે તેનું દુધ છોડાવવામાં આવે છે. પરંતુ જયારે એલવા(એક અતિકડવું ફળ)ના કારણે તેને દુધ પીવાથી નફરત પૈદા થઇ જાય છે અને પછી તો આ નફરત એ કક્ષાએ પહોંચી જાય છે કે તેને ખુદ દુધથી જ નફરત પૈદા થઇ જાય છે અને પછી એલવા વગેરેની જરૂરત રહેતી નથી. બસ એ જ રીતે સુફી માટે પ્રારંભ દુનિયાથી નફરત પૈદા કરવા માટે એ યુક્તિની જરૂરત હોય છે કે તેની પાસે રૂપિયા-પૈસા રહેવા દેવામાં ન આવે પરંતુ જયારે અંતમાં આ નફરત ખુબ જ મજબુત બની જાય છે ત્યારે આ રૂપિયા પૈસા તેના માટે નુકસાન કારક નથી હોતા. અને ત્યારે તેના માટે કમાલ એ જ છે કે તે પોતાની પાસે રૂપિયા-પૈસા રાખે જેથી લોકો પાસે માંગવાથી બચેલો રહે અને ખુદાના રસ્તા પર ખર્ચ પણ કરી શકે.

★હઝરત ઈબ્રાહીમ બીન અદ્દ્હમ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ‘‘મકામે સુફી ત્યારે કામીલ બને છે કે જયારે તે દુનિયા પર લાત મારી દે. અને દુનિયાના અનુસંધાને પોતાના ભાઈઓને પોતાના નફસ પર અગ્રતા આપે છે સિવાય કે એ સંજોગમાં કે તેને તેની વધુ જરૂરત હોય.’’ અને એક વ્યક્તિએ હઝરત ઈબ્રાહીમ બીન અદ્દ્હમ(રહેમતુલ્લાહ અલયહ)ને દરખાસ્ત કરી કે, ‘‘મને આપ પોતાના મુરીદોંમાં દાખલ કરી લ્યો.’’ તેઓએ કહ્યું, ‘‘બહું સારું પરંતુ શરત એ છે કે તમે પોતાના માલ પર મારાથી વધુ હક્કદાર નહીં રહી શકો.’’ તો તેણે કહ્યું કે, ‘‘એ તો મારાથી નહીં બની શકે. અને આમ કહી ને ચાલ્યો ગયો.’’

★અને હઝરત યાહ્યા બીન મઆ્ઝ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ‘‘એ વાત ખૂબ સમજી લ્યો કે દીરહમ વીંછી છે અને જેને તેનો મંત્ર(વીંછી ઉતારવાનો મંત્ર)આવડતો ન હોય, તેનું ઝેર તેને મારી નાંખે છે.’’ લોકોએ પૂછ્યું, ‘‘હઝરત, તેનો મંત્ર શું છે ?’’ તો આપે ફર્માવ્યું કે,‘‘ તેનો મંત્ર એ છે

કે જાઈઝ રીતે પ્રાપ્ત કરવામાં આવે અને યોગ્ય જગ્યાએ વાપરવામાં આવે.’’

★હઝરત ઈસા (અલયહીસ્સલામ)ફર્માવતાં હતાં કે, ‘‘આદમી ત્યાં સુધી નેક નથી બની શકતો કે જયાં સુધી તેની દૃષ્ટિમાં સોનું અને માટી બંને બરાબર ન થઈ જાય.’’

★હઝરત અલી ઈબ્ને તાલીબ(રદીયલ્લાહો ત્આલા અન્હો)દીરહમને હાથમાં લઈને ફરમાવતાં હતાં કે, ‘‘તારી ઉપર તુફ છે કે જયાં સુધી તું ખર્ચાતો નથી ત્યાં સુધી મને તારાથી કોઈ જ ફાયદો મળી શકતો નથી.’’

★હઝરત સુફિયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)ઘણીવાર આ અરબી અશ્આરો પઢતા રહેતાં હતાં જેનો અર્થ એ છે કે, ‘‘મને એ બાબતની પુરી જાણકારી મળી ચુકી છે માટે તમે તેનાથી વિરુધ્ધ ન સમજશો કે વરાઅ્(પરહેઝગારી)રૂપિયાની બાબતમાં ભરોસો કરવાને પાત્ર છે, તો આ રીતે તમે જયારે તેની પર કાબુ મેળવી લ્યો અને તે હોવા છતાં તેને લાત મારી દયો. ત્યારે સમજો કે આપણો તકવો સાચા મોમીનનો તકવો છે.’’

(અને જયાં સુધી આ વાત ન હોય ત્યાં સુધી તકવો નથી બલ્કે માત્ર તક્વાનો પોકળ દાવો જ છે.)તો હે ભાઈ, તારા માટે આ રીતે જરૂરી છે કે જરૂરતથી વધુ દુનિયાથી બચ. અને તેનાથી ઘૃણા કરવા બાબતે પોતાના સલ્ફ સાલેહીનનું અનુસરણ કર જેનાથી તું તેની આફતોથી બચેલો રહે.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૪૬) મુરીદની ભલાઈ ઈચ્છવી

કામીલ પીરો અને સુફિયાએ બાસફાના સદ્‌ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ મુરીદો માટે અલ્લાહત્આલાની ફરમાંબરદારીને પોતાની ખિદમત પર અગ્રતા આપે છે અને આ વાત પેટે જયારે તેઓ પોતાના કોઈ મુરીદોને બોલાવે અને તે તિલાવતે કુર્આન કે ઝીકુલ્લાહમાં મશગુલ હોવાના કારણે ન આવે તો તેઓને તેઓથી કશી નારાઝગી પૈદા નથી થતી કારણકે ખુદાત્આલાની બંદગી તેઓની નજીક પોતાની જરૂરતોથી, ચાહે તે ખુબ જ જરૂરી હોય જેમ કે લોટ દળવો, કે રોટી પકાવવી વગેરેથી, અગ્રેસર હોય છે. અને આ એ સદ્‌ગુણ છે જેની ઉપર એ લોકો જ અમલ કરે છે જેની અંદર ગુરૂર કે ઘમંડ નથી, અને જેઓને હક્કત્આલાની ખુશી એટલા હદે પ્રિય છે કે તેઓ પોતાની તમામ ખ્વાહીશાતો પર તેને અગ્રતા આપે છે(રહ્યા એ લોકો કે જેઓની આ હાલત નથી તો તેઓ મુરીદના આ કાર્યને ગુસ્તાખી અને નાફરમાની સમજીને તેનાથી નારાઝ થાય છે.)

★(૪૭) દુનિયા પર દીનને અગ્રતા

કામીલ પીરો અને સુફિયાએ બાસફા લોકોની સારી આદતો પૈકી

એક એ પણ છે કે તેઓ આખેરતના કામોને દુનિયાના કામો પર અગ્રતા આપે છે. અને આ અનુસંધાને જ સવારની નમાઝ પછી પોતાના નિત્યક્રમ(ઝીક્ર-ફીક્ર વીર્દ-વઝાઇફ વગેરે)ને બીજી જરૂરતો પર અગ્રતા આપે છે જેવી રીતે કે ઠંડી રાતોમાં તેહ્જ્જુદને રજાઇમાં સુવા કરતાં અગ્રતા અર્પે છે. અને સલ્ફસાલેહીનનો આ જ નિત્યક્રમ રહ્યો છે. માટે જે વ્યકિતનો અસલી હેતુ દુનિયા હોય તે આ તરીકાથી અલગ છે.

★હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલચહ) ખુદ ફર્માવે છે કે, "એકવાર મેં એક શૈખ(પીર)ને જોયો કે તે ફરવા માટે બાગમાં જવા ઇચ્છતો હતો. અને તેના માટે તેણે વિર્દ-વઝાઇફો અને સવારની જમાઅતને છોડી દીધી તેમજ સુફીયાના તરીકા મુજબ તેણે અમામો બાંધેલો હતો અને તેનો છેડો પીઠ પાછળ લટકાવ્યો હતો." ત્યારે મેં તેને કહ્યું કે, "બિરાદર, જો તમે ધારીદાર અમામો બાંધતા અને ધારીદાર કપડાં પહેરતાં જેવું કે રીંદ લોકો કરે છે, અને તેમ છતાં સાથે સાથે સવારની નમાઝ બા-જમાઅત અદા કરતાં અને તમારો નિત્યક્રમ(વિર્દ-વઝાઇફ વગેરે) પૂરો કરતાં તો તે તમારા માટે સારું હોત." આ સાંભળીને તે ખમોશ રહ્યો અને કશો જ પ્રત્યુત્તર ન આપ્યો.

★હઝરત માલીક બીન દીનાર(રહેમતુલ્લાહ અલચહ) ફર્માવતાં હતાં કે, "જે શખ્સ દુનિયાથી રીશ્તો બાંધશે તો તે તેનાથી મહેર પેટે પુરો દીન જ માંગી લેશે. અને છતાં પણ તેનાથી ખુશ નહીં થાય."

★ હઝરત શૈખ અબુલ હસન શાઝલી(રહેમતુલ્લાહ અલચહ) ફર્માવતાં હતાં કે, "દુનિયા શૈતાનની પુત્રી છે. તો જે શખ્સ તેનાથી સગપણ બાંધશે તો તેના બાપ શૈતાનની અવર જવર તેને ત્યાં વધી જશે. હવે જો તે તેનાથી હમબીસ્તર થશે તો તેને ત્યાં તે બીલકલ રહી જશે."

(હું કહું છું કે સગપણ બાંધવાથી મુરાદ અહીં દુનિયાની આરઝુ અને ચાહત છે અને હમ બિસ્તરીથી મુરાદ તેનું કોઇ શરઇ કારણ વગર કે વિના જરૂરતે ઘરમાં રાખવું છે.)

તો હે ભાઇ, આ પરથી જાણવા મળ્યું કે જે વ્યક્તિ એવું ઇચ્છે કે તેની પુત્રીથી શાદી કરવાં છતાં શૈતાન તેની પાસે ન રહે તે તલબ બીલ્કુલ અશક્ય છે. તો આ રીતે જે શૈતાનથી બચવા ચાહે તેનો તરીકો એ જ છે કે તે દુનિયાથી દુર રહે. અને યાદ રાખ કે દુનિયાની વ્યાખ્યા બુઝુર્ગોએ એ આપી છે કે, "જે વસ્તુ કે જે કાર્ય તને અલ્લાહની યાદથી ગાફીલ કરી દે તેનું નામ જ દુનિયા છે." તો દુનિયાથી દુર રહેવાનો કે દુનિયા છોડી દેવાનો મતલબ એવો નથી કે દુનિયાનો ત્યાગ કરીને જંગલો પહાડોમાં ચાલ્યા જવું પરંતુ તેનો અર્થ એ છે કે ગાફીલ

મનકી આંખે ખોલ

કરનારી વસ્તુઓથી બચવું, વ્યર્થ કામોથી બચવું. કારણ કે હદીષ શરીફમાં છે કે, "બંદાનું ફુઝુલ(વ્યર્થ)કામોમાં મશગુલ થવું એ અલ્લાહતઆલાની નારાઝગીની સૌથી મોટી નિશાની છે." તો આ રીતે વ્યર્થ કામો નું નામ જ દુનિયા છે. વ્યર્થ કામો, વ્યર્થ વાતો, વ્યર્થ ખર્ચાઓ આ બધું જ દુનિયામાં દાખલ છે. તો આ રીતે ગાફીલ કરનારા કાર્યો છોડી દેવાનું નામ જ તર્કે દુનિયા છે. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૪૮) સખાવત અને માલનું ખર્ચ કરવું

કામીલ પીરો અને સુફિયાએ કિરામના અખ્લાકો પૈકી એક અખ્લાક એ પણ છે કે, તેઓને પોતાના ઇન્તિકાલ પછી બાલ-બચ્ચાઓ વગેરેની બરબાદીનો ડર હોતો નથી અને એટલા માટે જ તેઓનો નિયમ હતો કે જેટલી હદે દુનિયા તેઓના હાથમાં આવતી તેઓ તેને તરતજ ખર્ચ કરી નાંખતાં હતાં; અને બચાવીને કશું જ રાખતા ન હતાં અને જો તેઓને પોતાના બાલ-બચ્ચાઓની બરબાદીનો ડર હોત તો તેઓ પર લાલચ,કંજુસાઇ વગેરે પ્રભુત્વ જમાવી લેતા અને તે સુફિયાએ કિરામના વર્તુળમાંથી બહાર ફેંકાય જતાં.(આનાથી એ પણ જાણવા મળ્યું કે જો કોઇ લાલચ અને કંજુસાઇ વગેરેથી સુરક્ષિત રહીને પોતાના બાલ-બચ્ચાઓનો ખ્યાલ રાખે તો તે ખરાબ વાત નથી.)

★હઝરત હસન બસરી(રહેમતુલ્લાહ અલચહ)ફર્માવતાં હતાં કે, "હે આદમની ઔલાદ ખૂબ ખર્ચ કરો અને ફાડી ખાનાર જંગલી જાનવરો એટલે કે ઔલાદ, પત્નીઓ અને અન્ય સગા-સંબંધીઓ અને ખાદિમોથી ધોખો ન ખાવ. કારણકે તમારી ઔલાદ શેર ની જેમ છે જે તમારી હુકુમતમાં તમારી સામે લડે છે, જેથી તેની ઉપર તે કબ્જો કરી લે અને તમને એક કુટીકોડી પણ ન આપે, કારણકે ન તો તેઓ મર્યા પછી તેને તમારી તરફથી સદકો કરશે કે ન તો તમારી જીંદગી દરમીયાન તમારા કબ્ઝામાં રહેવા દેશે, જેથી તમે પોતે ખુદાની ખુશ્નુદી માટે તેને ખર્ચ કરી નાંખો. રહી તમારી પત્નીઓ તો તેનું દ્રષ્ટાંત એવું છે કે જેમ કે કુતરાઓ જે તમારી સામે પૂંછડી પટપટાવી અને કુઉં કરતી રહે છે(એટલે કે ઔલાદ જોર ઝુલ્મથી વસુલ કરે છે અને પત્નીઓ ખુશામદ અને નાઝો નખરાં વડે)હવે રહ્યાં સગાવ્હાલાઓ તો તેઓની હાલત એ છે કે એક દિરહમ જે તમારા મર્યા પછી તેને મળશે તે તેને તમારી ઝીંદગીથી વધું પ્રિય લાગશે. હવે બાકી રહ્યો તમારો ખાદીમ તો તે ચાલબાજી અને ચોરીમાં લોમડી (શિયાળ)ની જેવો છે, તો આ રીતે જ્યારે તમામની હાલત જાણી લીધી તો તેનાથી મોહબ્બતની આશા ન રાખો અને ન તો તેઓ માટે માલ એકઠો કરો, અને ન તો પોતાની કમર પર આકેબતનો બોજ રાખો કારણ કે આ તમામ લોકો

તારાથી ધોખાબાજી કરી રહ્યાં છે(જે આજે તારી સાથે મિત્રતા કે દોસ્તી જતાવી રહ્યાં છે)અને હકીકત એ છે કે જ્યારે તને કબ્રમાં રાખી દેશે તો પોતાના ઘરે પાછા ફરીને (તેઓ)કપડાંને ખુશ્બુમાં તરબતર કરશે અને પોતાની પત્નીઓ સાથે હમઆગોશ થશે અને ખુબ જ ખાશે પીશે અને તારા માલ પર ખુબ જ અકડાશે.''(અને તને તો ભુલથી પણ યાદ નહીં કરે અને સૌથી વધું દુઃખ-દાયક તો એ હશે કે મઝા તેઓ ઊડાવશે અને પુછ-તાછ તારાથી થશે એટલે કે ભોગવવું તારે પડશે.)

★હઝરત સાલમ બીન અબી જઅ્દ(રહેમતુલ્લાહ અલયહ)નો કાયદો હતો કે જે કંઇ તેઓના હાથમાં આવતું તે બરાબર તેને ખર્ચ કરતાં રહેતાં એક દિવસ તેની પત્નીએ તેઓની મલામત કરતાં કહ્યું કે, ''તમારામાં આ કેવી ખરાબ ટેવ છે કે જેઆવ્યું તે બધું જ ખર્ચ કરી નાખો છો.'' તો તેઓએ ફર્માવ્યું કે, ''જો હું દુનિયાથી સારી હાલતમાં જાઉં(અને તને ખરાબ સ્થિતિમાં છોડી જાઉં)તો એ તેના કરતાં સારું છે કે હું ખરાબ હાલતમાં જાઉં અને તને સારી હાલતમાં છોડી જાઉં.''

★હઝરત મોહંમદ બીન યુસુફ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, '' પોતાના નેક ભાઇઓ(બિરાદરે તરીકત વગેરે..) પર ખર્ચ કરો અને પોતાના વારસાદારો માટે માલ છોડી જવાની કોશીશ ન કરો કારણ કે તે નેક ભાઇઓ તમારા માટે તમારા વારસદારો કરતાં વધુ લાભદાયક છે. જ્યારે તમે કબ્રમાં દફન થઇ જશો તે સમયે તેઓ તમારા અહેસાનાતોને યાદ કરીને તમારા માટે દુઆ કરતાં રહેશે.અને શક્ય છે કે તેનું પરિણામ એ આવે કે જ્યારે તમે કયામતના દિવસે કબ્રથી નીકળશો તો તેની દુઆના કારણે તમારી ઉપર એકપણ ગુનાહ ન હોય. હવે રહ્યાં તમારા વારસદારો તો તેઓની હાલત એ છે કે,...માલ વહેંચી લેશે અને તમને ભુલી જશે અને તમારો જરા અહેસાન પણ નહીં માને અને કહેશે કે આ માલ તો અમને ખુદાએ આપ્યો છે, તેમાં તેનો શું અહેસાન ?''

★ હઝરત માલીક બીન દીનાર(રહેમતુલ્લાહ અલયહ)એક નમાઝ માટે કંતાનનો ટુકડો અને એક કુર્આન તેમજ વઝુ વગેરે માટે એક લોટા સિવાય ઘરમાં બીજુ કશું જ રાખતાં ન હોતાં એકવાર એક વ્યક્તિએ તેને એક નવો મશ્કીઝો(વઝુ માટેનો લોટો)આપ્યો તો જ્યારે સવાર પડી તો તેઓએ પોતાના એક દોસ્તને આપી દીધો. અને ફર્માવ્યું કે, ''ભાઇ, તેને તમે લઇ જાવ કારણ કે તે ચોરાઇ જશે એ ખ્યાલમાં મારું દિલ તેમાં જ લાગેલું રહ્યું.''

હઝરત મદાયની(રહેમતુલ્લા અલયહ)ફર્માવતા હતાં કે, ''ઔલાદને અદબના વારસદાર બનાવવા તેઓને માલના વારસદાર બનાવવા કરતાં

ઉત્તમ છે. કારણકે અદબ વડે તેને માલ-દૌલત, માન-મર્તબો અને લોકોની મોહબ્બત પ્રાપ્ત થઇ જશે. અને તે (અદબ) તેના માટે દુનિયા અને આખેરતની ભલાઇઓ એકઠી કરી દેશે. રહી વાત માલની તો તે ખુબ જ જલ્દી નાશ પામનારો છે અને તેના જતા રહ્યાં પછી તેઓ દુનિયા અને આખેરત બંનેથી વંચીત રહી જશે. અને અમે વારસામાં મળેલા માલનો મોટા ભાગે અનુભવ કર્યો છે કે તેમાં કશી જ ખૈરો-બરકત હોતી નથી. કારણકે તે વારસદારોનો કમાયેલો હોતો નથી.(કે જેનું તેના દિલમાં દર્દ હોય. એટલા માટે તેઓ માલે-મુફ્ત દિલે-બેરહમ ની જેમ હોય છે.)તેમજ ઘણીવાર વારસો ધરાવનારો એ માલને પોતાના કુંટુંબી જનો વગેરે પર ખર્ચ કરવામાં કંજુસ હોય છે. અને એટલા માટે તેઓ(વારસદારો)તૈયાર રહે છે કે આ મરે તો અમે તેને ઉડાવીએ. પછી જ્યારે તે મરી જાય છે તો વારસદારોનાં ઘણા સમયની પ્રતીક્ષાનો અંત આવે છે અને તેઓ ખુબ જ દિલ ખોલીને પોતાના અરમાનો પૂરા કરે છે. માટે તે(માલ) જલ્દી પુરો થઇ જાય છે. માટે હે ભાઇ, આ વાતને ખુબ જ સારી રીતે સમજી લે. અને માલ એકઠો કરવાની તૈયારી ક્યારેય ન કરવી જોઇએ.

(વલ્હદોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(૪૯) કબ્રોની ઝિયારત

કામીલ પીરો અને સુફિયાએ બાસફાના સદ્‌ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ જનાબ રસુલે અકરમ સલલ્લાહો અલયહે વસલ્લમના આ ઈર્શાદ પર અમલ કરવા માટે કે, ''તમે કબ્રોની ઝિયારત કર્યાકરો કારણકે તે આખેરતની યાદ અપાવે છે.'' તેઓ જલ્દી જલ્દી કબ્રોની ઝિયારત કર્યા કરે છે. અને આજકાલ આ સદ્‌ગુણ પર અમલ કરવાવાળા ઘણા ઓછા લોકો રહી ગયા છે. અને જો કોઇ અનાયાસે કબ્રની ઝિયારત કરે પણ છે તો ઇબ્રતની પ્રાપ્તિ માટે કરતાં નથી, બલ્કે માત્ર રસ્મો રિવાઝ રૂપે કરે છે. જેવું કે પહેલાં જુમ્આના દિવસે અથવા તો મહિનો પુરો થતાં લોકો મય્યતનીકબ્રની ઝિયારત એ નિય્યતથી કરે છે કે જો નહીં જઇએ તો મય્યતવાળાને ખોટું લાગશે અને ખાસ કરીને જ્યારે એ લોકો ઝીયારત કરે છે કે જેની ઉપર મય્યતનો ઝિયારત માટે હક્ક પણ હોય છે જેમ કે બાપ પોતાના પુત્રની કબ્રની ઝિયારત કરે છે અથવા તો પુત્ર પોતાના બાપની કબ્રની. તો અહીં તો ઇબ્રત માટે નહીં બલ્કે મોહબ્બતના કારણે અથવા તો બદનામીથી બચવા માટે કરવાનું સ્પષ્ટ રીતે જાહેર થઇ રહ્યું છે. ગમે તે રીતે પણ આ ઝિયારત ઉપરોક્ત હેતુથી અસંબંધીત છે. કારણકે આપણો હેતુ એ છે કે ઝિયારત વડે ઇબ્રત પ્રાપ્ત થાય, તો તે આજકાલ ઘણું જ ઓછું જોવા મળે છે. (આ વાત આજથી ૬૦૦ વર્ષ પહેલાની છે.)

★ હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ)ખુદ

ફર્માવે છે કે, ''જેઓને મેં આ સદ્દગુણ પર અમલ કરતાં જોયા છે તેઓ પૈકી અંતિમ શખ્સ હઝરત શૈખ મોહંમદ બીન અનાન(રહેમતુલ્લાહ અલયહ)છે, તેઓ મિસરના કબ્રસ્તાન કઝાફીય્યાહ ની દર જુમ્આના દિવસે ઝિયારત કરતાં હતાં, અને તેમાં તેઓ પરિચિત કે અપરિચિતની કબ્રો હોવાનું મહત્ત્વ આપતાં ન હતા, બલ્કે આપ પરિચિત-અપરિચિત તમામ કબ્રવાળાઓની ઝિયારત એક સરખી જ કરતાં હતાં. અને જ્યારે કબ્રો ઉપર દ્રષ્ટિ પડતી તો રડવા લાગતા હતાં તેમજ દુઆએ માસુરાહ પઢતાં હતાં અને પછી ફર્માવતાં હતાં કે આ તમામ લોકો એવું ઇચ્છે છે કે ઓછામાં ઓછી બે રકાત અથવા તો એક જ વાર *લાઈલાહા ઈલ્લલ્લાહ મોહમ્મદુર્રસુલુલ્લાહ* પઢી લે. (પરંતુ બીચારા મજબુર છે)તો આથી હે લોકો, તમે તમારી ઝિંદગીને ગનીમત જાણો.''(અને જેટલી હદે તમારાથી નેક અમલો થઈ શકે કરી લ્યો, નહીંતર તમે પણ આ લોકોની જેમ નાના નાના અમલો માટે તરસશો, પરંતુ તે શકય નહીં હોય.)

⋆ હઝરત ઉમર બીન અબ્દુલ્અઝીઝ(રદીયલ્લાહોત્આલા અન્હો) પોતાના બાપ-દાદાઓ બની ઉમય્યાહ્ની કબ્રોની ઝિયારત કરતાં અને ફર્માવતાં કે, ''હે મારા બાપ-દાદાઓ એવું લાગે છે કે તમે કયારેય દુનિયાદારો સાથે મોજ-મજા અને આનંદ-પ્રમોદમાં ભાગીદાર જ ન હોતા.'' અને ફર્માવતાં હતાં કે, '' આ કબ્રોની જાહેરી હાલત કેવી સારી લાગે છે, પરંતુ તેની અંદર મુશીબતો ભરેલી પડી છે.'' (કારણકે મોટાભાગનાં બની ઉમય્યાહ્ દીનના મામલામાં બીલ્કુલ કમઝોર હતાં.)

⋆હઝરત યઝીદ રક્કાસી(રહેમતુલ્લાહ અલયહ)જ્યારે કબ્રસ્તાનની ઝિયારત કરતાં તો રૂદન કરતાં અને ફર્માવતાં કે, ''કાશ, મને ખબર પડી જાય છે કે તમે ક્યા અમલ વડે ખુશ થાવ છો.''(જેથી હું પણ એ અમલ કરું)અને આવું ફર્માવીને એ રીતે ચીસો પાડતાં જેવી રીતે બળદ કે આખલો ચીખે છે.

⋆ હઝરત હુશ્શામ દસ્તવાઈ(રહેમતુલ્લાહ અલયહ)જ્યારે કબ્રોની ઝિયારત કરીને મકાનપર પાછા ફરતાંતો દિવસો સુધી ઘરમાં ચિરાગ સળગાવતા નહીં અને ફર્માવતાં હતાં કે, ''તેના વડે હું કબ્રના અંધકારને યાદ કરું છું.''

⋆એકવાર હઝરત અબ્દુલ્લાહ બીન ઉમર(રદીયલ્લાહોત્આલા અન્હો) એક મકબરા પાસેથી નીકળ્યાં તો આપે પોતાની ચાદર બીછાવી અને બે રકાતો પઢી લોકોએ તેનું કારણ પૂછયું. આપે ફર્માવ્યું કે, ''મને વિચાર આવ્યો કે કબ્રવાળાઓને ઈબાદતથી તો રોકી દેવામાં આવ્યાં છે. એટલા માટે મેં ઈચ્છીયું કે તેઓની વચ્ચે બે -રકાત પઢીને અલ્લાહત્આલાનો કુર્બ હાંસીલ કરું.'' (જેથી તેની બરકત તેઓ સુધી પહોંચે.)

⋆ હઝરત અબુ દરદા(રદીયલ્લાહોત્આલા અન્હો)ફર્માવતાં હતાં કે, ''જ્યારે તમારા આમાલો તમારા મુડદાઓ સુધી પહોંચે છે તો ક્યારેક તો તેની ખુશી થાય છે, કયારેક રંજ.''(ખુશી તો સારા આમાલો વડે થાય છે અને રંજ ખરાબ આમાલો થકી)અને ફર્માવતાં હતાં કે, ''હે અલ્લાહ હું તારાથી એવા અમલોથી પનાહ માગું છું જેના કારણે મુડદાઓ વચ્ચે મારા મુડદાઓ રૂશ્વા થાય.''

⋆હઝરત હસન બસરી(રદીયલ્લાહોત્આલા અન્હો)જ્યારે કોઈ મૈય્યતની દફનમાં શરીક થતાં તો બેહોશ થઈ જતાં અને હોશ આવ્યાં પછી ફર્માવતાં કે, ''જે વસ્તુનો અંત આ હોય તે તેને લાયક નથી કે તેની સાથે પહેલેથી જ દિલ લગાવવામાં આવે.''(માટે પોતાના અંતથી ડરતો રહે.)

⋆હઝરત ઈમામ અ.વહાબ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ) ખુદ ફર્માવે છેકે, ''તદુપરાંત જાણવું જોઈએ કે હઝરાત અહેલુલ્લાહ (અલ્લાહ-વાળાઓ)ના સદ્દગુણો પૈકી એ નથી કે તેઓ પોતાની જીંદગી દરમીયાન જ પોતાની કબ્ર તૈયાર કરે. કારણ કે તેઓ અલ્લાહ ત્આલાના આ કૌલનો અદબ કરે છે. *વમા તદરી નફસુમ બેઅય્યે અરદીન તમુત* (**અર્થાત્ઃ**-કોઈને ખબર નથી કે તે ક્યાં મરશે અને ક્યાં દફન થશે.)(જો કે આ બુઝુર્ગોનો એવો દાવો નથી હોતો કે અમે અહીં જ મરીશું અને આ જગ્યાએ જ દફન થઈશું. નહીંતર કુફ્ર થઈ જતું.)બલ્કે આ કબ્ર ખોદવાથી તેઓનો માત્ર જાહેરી હેતુ હતો અને તેની પાછળ મકસદ્ એ હતો કે જો અમે અહીં મરી જઈએ તો આજ કબ્રમાં દફન કરવામાં આવે. અને માટે જ તેને *તર્કે-અદબ* કહ્યું છે કારણકે તેમાં મત-મતાંતર હોવાનો સંભવ છે, પરંતુ અમારા સુધી એ ખબર પહોંચી છે કે(વલ્લાહો આઅલમ તેસાચી છે કે ખોટી છે)હઝરત ઉમર બીન અબ્દુલઅઝીઝ (રદીયલ્લાહોત્આલા અન્હો)એ પોતાની રૈય્યતની મહોબ્બતમાં **દીબર-સમ્આન**માં (કબ્રસ્તાનનું નામ) પોતાની કબ્ર ખોદી હતી. અને હઝરત ઉમરબીન અબ્દુલઅઝીઝ (રદીયલ્લાહો ત્આલા અન્હો)પોતે જ ખોદતા હતાં અને તેઓના આદમી માટી ઉઠાવતાં હતાં, ત્યાં સુધી કે તેઓ આ કાર્ય પુરું કરી ચુકયા અને સાતમાં દિવસે તેમાં જ આપ દફન થયા.''(જો આ ઘટના સાચી હોય તો એ એક અપવાદરૂપ ઘટના છે, જેનાથી એવું સાબીત નથી થતું કે બુઝુર્ગોની આદત આ પ્રમાણે હતી.)

⋆પછી હઝરત ઈમામ સાહેબ(રહેમતુલ્લાહ અલયહ)આગળ ફર્માવે છે કે, '' મેં મશાઈખે અજમ પૈકી એક શૈખ(ઢોંગી અને નાકીસ પીર)ને જોયો કે જેણે પોતાની કિતાબો, પોતાના કપડાં અને પોતાનો ઘરનો સમાન વહેંચીને પોતાના માટે કબ્ર અને એક તાબુત તૈયાર કરાવ્યો અને દરવાજા પર પડદા

વગેરે નખાવ્યાં તેમજ નગારા પણ રખાવ્યા. અને આ બધી વસ્તું પાછળ પુષ્કળ ખર્ચ કર્યો અને ત્યારબાદ કબ્રના દરવાજા પર આ અક્ષરો લખાવ્યા.'' **(તર્જુમોઃ-** એટલેકે આ દરવાજા પર નમીને ઉભા રહો અને નેક ગુમાન રાખો અને હાજત પુરી થવાની ઉમ્મીદ રાખો. આ દરવાજો હાજતોના પુરા થવા માટે વારંવાર અજમાવેલો છે. તો હે ભાઇ, ઢોંગી અને નાકીસ પીરો આવા તરક્ટો રચીને લોકોને ધોખાઓ આપે છે અને સસ્તી લોકપ્રિયતા હાંસીલ કરવાની કોશીશ કરે છે. તેમજ આવા તરકટો રચવા પાછળ એ લોકોનું એક હેતુ એ પણ હોય છે કે, જીંદગીમાં જો આપણને કોઇએ પુછયું નહીં તો મર્યા પછી કયાંથી પુછશે? એટલે કે આવા પ્રપંચો અને યુક્તિઓ વડે લોકોને પોતાની તરફ ધ્યાનીત કરવાનું નાટક કરે છે. આ છે આજથી ૬૦૦વર્ષ પહેલાની આ પીરી-મુરીદીના પવિત્ર માર્ગમાં ઘુસેલી ખરાબીનો ચિતાર.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

⋆(૫૦) ઝીક્રે ઈલાહીની વિપુલતા

કામીલ પીરો અન સુફિયાએ કિરામાના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ જે મજલીસમાં પણ બેસે છે ઝીકુલ્લાહ અને દુરૂદશરીફથી ગાફીલ નથી રહેતા કારણકે તેઓ જનાબ રસુલે મકબુલ સલલ્લાહો અલયહે વસલ્લમના આ ઈર્શાદ ઉપર અમલ કરે છે કે, 'જે લોકો કોઇ એવી મહેફીલ (બેઠક) રચે જેમાં તેઓ ન તો ખુદાનો ઝિક્ર કરે અને ન તો પોતાના નબી ઉપર દુરૂદ મોકલે...તો એ મહેફીલ તેના માટે કયામતના દિવસે ધરપકડ અને બદલો ચુકવવાનું કારણ બનશે.'

⋆તદુપરાંત હુઝુર નબીએ પાક(સલલ્લાહોઅલયહે વસલ્લમ)ના આ ઈર્શાદે ગીરામી પર અમલ કરે છે કે, '' એહલે જન્નતને કોઇ ચીઝ પર હસરત નહીં થાય, સિવાય કે જે ઘડી તેઓએ અલ્લાહની યાદથી ગફલતમાં વિતાવી.''

⋆હઝરત હસન બસરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''હક્ક ત્આલાએ *ફઝકોરુની અઝ કોરકુમ* (**અર્થાતઃ**-તમે મને યાદ કરો, હું તમને યાદ કરીશ.)ફર્માવીને તેમજ તેમા કોઇ ખાસ જગ્યાની કેદ ન લગાવીને આપણા માટે સરળતા કરી દીધી. જે તેનું અતિમહાન અહેસાન છે. કદાચ જો તે ઝીક માટે કોઇ જગ્યા નિશ્ચિત ફર્માવી દેતો. જેમ કે તેણે હજ માટે કાઅ્બતુલ્લાહ નિશ્ચિત ફર્માવી દીધેલ છે, તો પણ આપણે તેની તરફ જવું અને ત્યાં જઇને ઝીકુલ્લાહ કરવો વાજીબ હોત. ભલેને પછી તે સ્થળ સો વરસની સફર જેટલું દુર હોય. તો આ રીતે તેનો શુક્ર અને અહેસાન છે.''(અને જ્યારે હકીકત આવી છે તો જે લોકો આ સરળતાની સ્થિતિમાં પણ ખુદાનો ઝિક્ર કરતાં નથી તેઓ

કઇ રીતે માઝુર હશે.)

⋆જે વ્યક્તિ હઝરત ઈબ્રાહીમ બીન અદ્હમ(રહેમતુલ્લાહ અલયહ)ના મુરીદ બનવાનો ઈરાદો કરતો તો આપ તેની સાથે શર્ત કરતાં હતા કે, ''ભાઇ, અમારી મહેફીલમાં ઝીકુલ્લાહ થી ગાફીલ નહી રહેતો.''

⋆હઝરત અતા સલમી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''ગુનેહગાર માટે જરૂરી છે કે તૌબાહ્ અને અસ્તગ્ફાર કર્યા પછી ખુદાનો ઝીક કરે. કારણ કે ગુનેહગાર જ્યારે ગુનાહો પર અડેલો હોય છે એ હાલતમાં ખુદાનો ઝીક કરે છે તો તે ઝીક તેની ઉપર લાનત કરે છે.''

⋆હઝરત દાઉદતાઇ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''જે આદમી દુનિયાથી જાય છે, તે તરસ્યો હોય છે, સિવાય કે ઝાકેરીન તેઓ તરસ્યા નથી હોતાં, કારણકે તેઓ ઝીકુલ્લાહ વડે તૃષા છીપાવી ચુકયા હોય છે.''

⋆હઝરત સાબીત બનાની(રદીયલ્લાહો ત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ''હું એ જાણી લઉ છું કે ક્યારે ખુદા મને યાદ કરે છે.'' લોકોએ પૂછયું કે, ''એ કેવી રીતે ?'' તો આપે ફર્માવ્યું કે, 'અલ્લાહ ત્આલા ફર્માવે છે કે,''તમે મને યાદ કરો, હું તમને યાદ કરીશ. તો જ્યારે હું ખુદાને યાદ કરું છું તો સમજી જાઉ છું કે, તે મને યાદ કરે છે.''

⋆ હઝરત અબુલમલીહ(રહેમતુલ્લાહ અલયહ)નો નિયમ હતો કે, જ્યારે તેઓ ઝીકુલ્લાહ કરતાં તો વજદ્માં આવી જતાં હતાં અને ફર્માવતાં કે, 'મને એ વાત પર વજદ્ આવી જાય છે કે મને ખુદાત્આલા યાદ ફર્માવે છે. કારણકે તે ફર્માવે છે કે, તમે મને યાદ કરો હું તમને યાદ કરીશ.'' તદુપરાંત તેઓનો કાયદો હતો કે જ્યારે તેઓ રસ્તામાં ચાલતા હોય અને કોઇ કારણસર ખુદાની યાદથી ગફલત જઇ જતી તો પાછા ફરતાં પછી ભલેને એક મંઝીલ(અમુક કિલોમીટરનું અંતર)પાર કરી ચુકયા હોય અને બીજીવાર યાદે-ઈલાહી સાથે ચાલતા અને ફર્માવતાં કે, ''હું ઈચ્છુ છું કે જે જમીન ઉપર હું ચાલુ કયામતના દિવસે તમામ મારા ઝિક્રુલ્લાહની ગવાહી આપે.''

(અલ્હમ્દોલીલ્લાહ, આ દવામે-ઝીક(ઝીક પર હંમેશગી) **ખ્વાજગાને નક્શબંદ**ના તરીકામાં(નક્શબંદી સિલસિલામાંના) ઘણી જ સરળતાપૂર્વક હાંસીલ થઇ જાય છે. કારણકે આ તરીકામાં ઝીક્રનું જે નુર મશાઇખોના સીના-બ-સીના પીરના સીના સુધી પહોંચેલુ હોય છે, તે પોતાની તવજ્જોહ્ અને આત્મબળ વડે તાલીબ -ના કલ્બમાં ઉતારે છે અને જેના કલ્બમાં ઝીક્રનું નૂર સ્થાયી થઇ જાય છે તેને ઝીક પર હંમેશગી અને નિરંતરતા હાંસીલ થઇ જાય છે. પછી તે ગમે તે સ્થિતિમાં હોય તેના ઝીક્રે કલ્બી શરૂ રહે છે. આ તરીકો અલ્લાહત્આલાએ મહ્ઝ પોતાના ફઝલો-કરમ વડે હઝરત

ખ્વાજાએ ખ્વાજગાં *ખ્વાજા બહાઉદ્દીનશાહ નક્શબંદ* (રદીયલ્લાહો ત્આલા અન્હો)ને આપની ઈલ્તિજા પર અતા ફરમાવ્યો હતો. હઝરત ખ્વાજા બહાઉદ્દીનશાહ (કુદસ્સીર્રહુ)ને અલ્લાહ ત્આલાએ અજલથી જ ઉમ્મતની આસાની માટે પૈદા ફર્માવ્યાં હતાં. આપ લોકોના દિલ પર અલ્લાહના નામનો નક્શ બાંધી દેતા હતાં અને આ રીતે મુર્દા દિલોને જીવંત કરી દેતા હતાં. માટે જ આપ **નક્શબંદ** નામથી મશહુર થયાં અને આ નામ જ આપની આ મહાન કરામતનું સુચક છે, કારણકે મુર્દા શરીરને જીવંત કરવા કરતાં મુર્દા દિલ ને જીવંત કરવા એ સૌથી મોટી કરામત છે.

અને નક્શબંદી તરીકામાં આ ઝીક્રની સરળતાના કારણે જ હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહોત્આલા અન્હો)એ પોતાના મકતુબાત શરીફમાં પોતાના એક ખલીફાને લખી જણાવ્યું છે કે,"જો કોઈ તાલીબે હક્ક નક્શબંદી સિવાય(બીજા કોઈ) મુબારક તરીકામાં બયઅત થવા ઈચ્છે તો ફાતિહા વડે ઈસાલે સવાબ કરીને તે જે તરીકામાં બઅયત થવા ચાહે છે (જેમ કે કાદરી, ચિશ્તી વગેરે...)તે જ તરીકાના બુઝુર્ગોના વસીલાથી તમે પોતાના માટે તેમજ તાલીબ માટે અલ્લાહત્આલાની બારગાહમાં સફળતા માટે દુઆ કરો અને પછી તે તાલીબની માંગ મુજબ તેને એ જ સિલસિલામાં બયઅત કરો, પરંતુ તેને ઝીક્ર તો નક્શબંદી તરીકાનો જ શીખવો કારણકે એ આસાન છે અને અલ્લાહ સુધી જલ્દી પહોંચાડનાર છે." સંકલન કર્તા)

★હઝરત વહાબ બીન મંબાહ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, "લોકો પણ અજીબ છે એ વાત પર તો રડે છે જેનું શરીર મરી ગયું હોય અને તેની પર નથી રડતાં જેનું દિલ મરી ગયું હોય. જો કે દિલનું મરી જવું શરીરના મરી જવા કરતાં વધું ખરાબ દુર્ઘટના છે."(દિલના મરી જવાનો અર્થ એ છે કે તે અલ્લાહની યાદથી ગાફીલ થઈ જાય. ગફલત જ દિલની મૌત છે, જ્યારે દિલમાં *અલ્લાહના નામનો નક્શ* બંધાય જશે તો તે જીવંત થઈ જશે. આ રીતે *નક્શબંદ* શબ્દ જ દિલની જીવંતતા તરફ ઈશારો કરી રહ્યો છે. હદીષ શરીફમાં છે કે, ઈન્સાનના જિસ્મમાં એક ગોશ્તનો ટુકડો છે, જે સુધરી જશે તો પુરું શરીર સુધરી જશે અને જો તે બગડી જશે તો પુરું જિસ્મ બગડી જશે અને તે દિલ છે. તો જ્યારે દિલ ઉપર અલ્લાહના નામનો નક્શ બંધાય જશે તો તેનું દિલ જીવંત થઈ જશે અને જયારે દિલમાં જીવન પ્રવેશશે તો તેને ગુનાહોનો અહેસાસ થશે આ રીતે શરીરની સુધારણાનું કારણ બનશે. સંકલન કર્તા)

તો હે ભાઈ, આ વાતોને ખૂબ સમજી લેવી જોઈએ અને ગફલતની જગ્યાઓ તેમજ ગાફીલ કરનારા કામોથી બચવું જોઈએ અને ઝીક્ર પર નિરંતરતા હાંસીલ કરવી જોઈએ કારણ કે દવામે-ઝીક્ર વડે જ ઈન્સાન દરેક

પ્રકારની સફળતા હાંસીલ કરી શકશે બલ્કે આ જ સફળતાની ચાવી છે. કારણકે અલ્લાહત્આલા કુર્આને પાકમાં **સુરે જુમ્આ**માં ફર્માવે છે કે, "*વઝકોરુલ્લાહ કસીરલ્લઅલ્લકુમ તુફલેહૂન.*" (**અર્થાત્**:- અને અલ્લાહને ખુબ જ યાદ કરો(ઝીક્ર કરો)એ ઉમ્મીદ પર કે તમે સફળતાં હાંસીલ કરો.)

★(૫૧) ઓછું ઉંઘવું

કામીલ પીરો અને સુફિયાએ બાસફાના સદ્‌ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ જમીન પર ત્યાં સુધી કમર ટેકવતાં નથી,કે જ્યાં સુધી તેઓ લાચાર કે વિવિશ ન બની જાય તેમજ તેઓને એ વાતની ખાત્રી હોય છે કે, અલ્લાહત્આલા આ સ્થિતીમાં અમને માફ કરી દેશે, કારણકે તેઓ આ સ્થિતીમાં મજબુર હોય છે.

★હઝરત ઈમામ અ.વહાબ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવે છે કે, "એ અતિમ વ્યક્તિ કે જેને મેં આ રીતભાત પર નિહાળી તે સૈયદી શૈખ તાજુદ્દીન ઝાકીર(રહેમતુલ્લાહ અલયહ)હતાં કારણ કે જે રાત્રે તેઓનો ઈન્તિકાલ થયો, તે રાત્રે તેઓએ પોતાના દોસ્તોને ફર્માવ્યું કે,'મેં સતાવીશ (૨૭)વર્ષથી જમીન પર કમર ટેકવી નથી.'"(આ વાત તેઓએ રગબત પૈદા કરવાના હેતુથી કહી હતી નહીં કે પોતાના કમાલને જાહેર કરવા માટે)

★આ જ હાલત હઝરત સૈયદી શૈખ અબુલ્સઉદ જાશ્હી(રહેમતુલ્લાહ અલયહ)ની હતી. તેમજ આગળના બુઝુર્ગો પૈકી હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝ(રદીયલ્લાહો અન્હો), હઝરત બશર હાફી, મોહંમદ બીન ઈસ્માઈલ બુખારી, હઝરત ઈમામ અહમદ બીન હમ્બલ, હઝરત ઈમામ અબુ હનીફા, હઝરત રાબીયા અદવીય્યાહ્, હઝરત અવઝાઈ (રીદવાનુલ્લાહે ત્આલા અલયહીમ અજમઈન)હતાં તેમજ એક બીજી જમાઅત પણ હતી જેનો ઉલ્લેખ અમે **તબક્કાત**(કિતાબનું નામ)માં કરેલ છે.

★હઝરત ઉમર બીન અબ્દુલઅઝીઝ(રદીયલ્લાહોત્આલા અન્હો)નો નિયમ હતો કે જ્યારે તેઓને નીંદર આવતી હતી ત્યારે મકાનમાં દોડતાં હતાં અને આ શેર પઢતાં હતાં, જેનો તર્જુમો છે. "એટલે કે એ આંખ સુખચૈનથી કેવીરીતે ઊંઘે કે જ્યારે તેને ખબર નથી કે તે દોઝખમાં જશે કે જન્નતમાં.?"

(**અર્થાત્**:- તેઓ આ રીતે નીંદરને ભગાડતાં હતાં અને આ જ હાલત હઝરત રાબીયા અદવીય્યાહ, અને ફાતમા રહ્લીય્યાહ(રીદવાનુલ્લાહ અલયહુમા અજમઈન)વગેરેની હતી. તેઓ ફર્માવતી હતી કે, "અમે એટલા માટે ઉંઘતી નથી કે ખુદા ન કરે અમારી અચાનક જ ધરપકડ કરવામાં આવે." (અને અમે અમારી વિવશતા, તૌબાહ્ અને અસ્તગ્ફાર વગેરે પણ ન કરી શકીએ.)

તો આ રીતે આ બયાનથી સાબીત થયું કે, જે વ્યક્તિ ઝોહદે તકવાનો દાવો કરતો હોય અને રાતના સમયે કશી જ મજબુરી વિના ઉંઘતો પડ્યો રહે, તે જુઠ્ઠો છે. આ વાતને ખૂબ સારી રીતે જાણી લ્યો.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★(પર) રિક્કતે કલ્બ અને નફસનો હિસાબ

કામીલ પીરો અને સુફિયાએ બાસફાના સદ્‌ગુણો પૈકી એક એ પણ છે કે તેઓનું દિલ ખુબ જ નરમ હોય છે. અને પોતાની એ ખામીઓ કે જે અલ્લાહત્આલાના હક્કોને અદા કરવામાં રહી ગઇ હોય, તેની ઉપર ખૂબ જ રૂદન કરે છે. એ વિચારથી કે કદાચ અલ્લાહત્આલા તેની પર રહેમ કરી દે.

★આ મકામ હઝરત સીદ્દીકે અકબર, હઝરત ઉમર બીન ખત્તાબ અને હઝરત અબુ દરદા(રીદ્વાનુલ્લાહે અલયહીમ અજમઇન)ને હાંસીલ હતો.

★હઝરત ઉમર બીન ખત્તાબ(રદીયલ્લાહો ત્આલા અન્હો)ની હાલત એ હતી કે, આંસુ વહેવાના કારણે તેઓના ચહેરા પર બે કાળી લીટીઓ પડી ગઇ હતી. અને આ જ હાલત અબ્દુલ્લાહ બીન અબ્બાસ, ઉમર બીન અબ્દુલ અઝીઝ(રીદ્વાનુલ્લાહ અલયહીમ અજમઇન)ની હતી.

★હઝરત ઉમર બીન અબ્દુલઅઝીઝ(રદીયલ્લાહો ત્આલા અન્હો) નો નિયમ હતો કે તેઓ રાતભર રડતાં રહેતાં હતાં. અને ઘરમાં દોડતાં રહેતાં હતાં. તેમજ સવાર સુધી આહોઝારી(વિલાપ, આક્રંદ) કરતાં રહેતાં હતાં. અને ઘણીવેળા બેહોશ થઇને પડી જતાં હતાં અને તેઓનો નિયમ હતો કે મહેલની છત પર નમાઝ પઢતાં અને સજદામાં એટલી હદે રૂદન કરતાં હતાં કે આંસુ વહીને પરનાળામાંથી સુવાવાળાઓ પર ટપકતાં હતાં જેનાંથી સુવાવાળા - ઓને એવો વહેમ પડતો હતો કે કોઇ વાદળ પસાર થાય છે અને વરસાદ વરસી રહ્યો છે.

★ હઝરત રાબીયા અદવીય્યાહ(રહેમતુલ્લાહ અલયહા)નો એક નિયમ હતો કે તે રડતી રહેતી હતી અને આંસુ લુંછી લુંછીને પોતાની આસપાસ છાંટતી રહેતી હતી અને તેના કારણે ઝમીનની હાલત એવી થઇ જતી કે આવનારો એવું સમજતો કે તેણીએ અહીં વઝુ કર્યુ છે.

★ હઝરત કઅ્બ બીન અહબાર(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, “મારું ખુદાના ખૌફના કારણે એક આંસુ વહેવડાવવું મને તેનાથી વધુ પ્રિય છે કે હું સખ્ત દિલ બનીને સોનાના પહાડ ખર્ચી નાંખુ.”

★હઝરત ફુઝૈલ બીન અયાઝ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, “રડવું એ નથી કે આંખોથી આંસુ વહેવવા લાગે, બલ્કે અસલી રૂદન તો દિલથી રડવું છે, કારણકે આદમી ક્યારેક આંખો વડે રૂદન કરે છે પરંતુ દિલ

ઉપર જરા પણ અસર થતી નથી, તો આ રીતે મુનાફીકનું રૂદન માત્ર જાહેરી આંખો વડે જ હોય છે, નહીં કે દિલની આંખો વડે.”

★હઝરત સુફિયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, “રડવાનાં દસ ભાગ છે. જેમાં નવ ભાગ તો માત્ર દંભ (રિયા)સાથે સંબંધિત છે અને એક હિસ્સો ખુદાના ખૌફ સાથે આથી જો પુરા વર્ષ દરમીયાન ફક્ત એકવાર પણ એ સમય આવી જાય કે માત્ર ખુદા માટે રડે તો આશા છે કે ઇન્શાઅલ્લાહ ત્આલા તેની નજાત થઇ જશે.”

★હઝરત ઇમામ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ)ખુદ ફર્માવે છે કે, “હું કહું છું કે આદમીનું રડવું ત્યારે જ કમાલ હાંસીલ કરે છે કે જ્યારે તેનું રડવું આંખ અને દિલ બંને વડે હોય. કારણકે માત્ર એક વડે રડવાવાળો નાકિસ હોય છે, ખાસ કરીને જ્યારે કે તે શૈખ (પીર)હોય. અને તેની તાબેદારી કરનારાઓ પણ હોય તેને તો બંને વડે રડવાની વધુ જરૂરત છે.”(એટલે કે દિલ અને આંખ બંને વડે.)

★ હઝરત સૈયદી અલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, “ફકીર ત્યાં સુધી કામીલ થઇ શકતો નથી, જ્યાં સુધી કે એ હાલત ન હોય કે કયામતની હાલતો રાત દિવસ તેની દ્રષ્ટિ સમક્ષ રહે જેથી તે દુનિયામાંથી જ તેના માટે તૈયારી કરીને જાય. તેમજ તેઓ ઘણીવાર ફરમાવતાં હતાં કે જે વ્યક્તિ કબ્રમાં સુકુને કલ્બ(દિલની શાંતિ)ઇચ્છે, તેના માટે જરૂરી છે કે તે કોઇ એવી કુટેવ ન રાખે જેના કારણે કયામતના દિવસે બેઆબરૂ થવું પડે. અને જ્યાં સુધી તેની અંદર કોઇ કુટેવ હશે ત્યાં સુધી તેના ઉપર ભય ઝળુંબી રહ્યો છે ત્યાં સુધી કે કબ્રમાંથી પણ ભયભીત હાલતમાં જ ઊઠશે.”(કારણ કે તેને એ વાતનો ખતરો રહેશે કે કદાચ મારી આ કુટેવ પર પૂછતાછ થાય અને મને સજા મળે.)

★ આ જ કારણસર હઝરત લુકમાન(અલયહીસ્સલામ) પોતાના પુત્રને ફર્માવતા હતાં કે, “હે પુત્ર, જે રીતે તમે સુવો છો એ જ રીતે મરશો અને જે તમે જાગો છો, એ જ રીતે કબ્રમાંથી ઊઠશો. અને જ્યારે વાસ્તવીકતા આ છે તો તમારે નેક કાર્યો કરવા જોઇએ; જેથી તમારું સુંવું અને જાગવું બંને દુલ્હનની જેમ હોય. અને કોઇ બુરુ કાર્ય ન કરો નહીંતર તમારું સુવું અને જાગવું મુજરીમ(ગુનેહગાર)જેવું હશે. કે જેને બાદશાહ કત્લ કરવા માટે બોલાવે છે. એટલે કે તમે ઉંઘશો પણ ભયભીત દશામાં અને ઊઠશો પણ ભયભીત દશામાં.”

★ હઝરત અબુ ઇમરાન જુની(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, “જ્યારે હયવાનાત(જાનવરો, પશુ-પંખીઓ)એ વર્તાવને નિહાળશે કે જે

ક્યામતના દિવસે ગુનેહગારોની સાથે કરવામાં આવશે તો કહેશે કે ખુદાતઆલાનો શુક્ર છે કે અમને આદમી ન બનાવ્યા.''

★હઝરત યાહ્યાબીન મઆઝ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''તમે પ્રયત્નો કરો કે એ લોકો પૈકી ન બની જાવ કે જેને ઇન્સાફના તરાજુ અને ક્યામતના હિસાબ કિતાબ સમયે બેઆબરૂ કરવામાં આવે કારણકે મને જાણકારી મળી છે કે, તમામ સમુહ(એકઠો થયેલો સમુહ)હક્કતઆલાથી શરમાઇને પોતાની આંગળી દાંતો વચ્ચે દબાવીને ઊભો હશે. અને દરેકનો ગમ એટલી હદે હશે કે જેટલી હદે તેણે અલ્લાહતઆલાના મામલમાં કોતાહી (આળસ,સુસ્તી) કરી હશે.''

★મેં (હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ) હઝરત સૈયદી અલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ)થી સાંભળ્યું છે કે, તેઓ ફર્માવતાં હતાં કે, ''આદમીને મૃત્યુવેળાએ એટલી જ સરળતા હોય છે કે જેટલી તેણે હક્કતઆલાની ખુશ્નુદી માટે તકલીફો અને મહેનતો સહન કરી હોય.''

★હઝરત સૈયદી અલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ)એક બીજી જગ્યાએ ફર્માવે છે કે, ''જે વ્યક્તિ બાગમાં ફરવા, ખુબસુરત ઔરતો અને નરમ બિસ્તરો પર સુવાની અને ખુશ્બુદાર-લિબાસ પહેરવાની ખ્વાહીશ પોતાની અંદર જુએ તે કયામતના હૌલનાક મંઝરથી ગાફીલ છે, હા,જો ઔલિયાએ કામેલીન પૈકી હોય કે જેને બંને જહાંની કોઇ નેઅ્મત ખુદાની યાદથી ગાફીલ કરી શકતી નથી, તો તે આ વાતથી અપવાદરૂપે છે.''

તો હે ભાઇ, આ વાતોને ખુબ સારી રીતે સમજવી જોઇએ. અને ખૌફેખુદાથી ખુબ જ રૂદન અને અશ્રુહન કરવું જોઇએ; કારણકે મશાઇખે કિરામની આદતો પૈકી આ ખાસ આદત છે કે, તેઓ હંમેશા પાછલી રાતે અલ્લાહની બારગાહમાં રૂદન અને અશ્રુવહનમાં જ વિતાવે છે, જે તેઓની **રિક્કતે-કલ્બ** ની સૌથી મોટી નિશાની છે.

★ (૫૩) લાંબી અભિલાષાઓથી સાવચેતી

કામીલ પીરો અને સુફિયાએ બાસફા લોકોના સદ્દગુણો પૈકી એક એ પણ છેકે, તેઓ મકાનો ઇમારતો વગેરે બનાવવાની દરકાર કરતાં નથી. અને કદાચ જો તેઓ પૈકી કોઇ મકાન બનાવે પણ છે તો જેનાથી જરૂરત પુરી થઇ જાય તેટલા પર જ સંતોષ માને છે. અને તેમા શોભા શણગારની ખેવના કરતાં નથી જેના બે કારણો છે. એક તો એ કે હલાલ માલ મળવો મુશ્કેલ છે, કે જેના વડે તે મકાનો બનાવે. અને તેને ખુબ શણગારે અને બીજુ એ કે તેઓને આટલી લાંબી-પહોળી અભિલાષાઓ કે આકાંક્ષાઓ નથી હોતી કે જેના આધારે તેઓ તેને બનાવવાની કે શણગારવાની તકલીફો ઊઠાવે.

હઝરત સૈયદી અહમદ ઝાહીદ(રહેમતુલ્લાહ અલયહ)એ પોતાની ખાનકાહ અને પોતાનું મકાન ઇંટગારા વડે બનાવ્યું હતું અને તેની છત ખજૂરીની ડાળીઓની હતી.

તો આથી હે ભાઇ, આ વાતોથી જાણવા મળ્યું કે જે લોકો તકવા અને પરહેઝગારીનો દાવેદાર હોય અને દુનિયાથી ખુશ થઇને મજબુત ઇમારતો બનાવે તે પોતાના દાવામા જુઠ્ઠો છે ખાસ કરીને તે જ્યારે અવો દાવો કરતો હોય કે હું ખુદાનો જ બની ચુકયો છું કારણકે આ વાત કોઇપણ સ્થિતિમાં તેની શાનને અનુરૂપ નથી. સિવાય કે એ સ્થિતીમાં કે તે તેને ભલાઇના કાર્યોમાં ઉપયોગ માટે અને સદકા વગેરેની રીત મુજબ બનાવી લે. તેમજ મજબુત ઇમારત બનાવવા પાછળ તેનો હેતુ એ હોય કે લોકો તેનાથી લાંબી અવધિ સુધી ફાયદો ઊઠાવતાં રહે. તેમજ તેનો સવાબ મર્યા પછી તેને મળતો રહે.

★હઝરત સૈયદી અબ્દુલ્કાદીર જીલાની, ગૌષે આઝમ દસ્તગીર (રદીયલ્લાહો તઆલા અનહો)એક એવી વ્યક્તિ પાસેથી પસાર થયાં જે પોતાના માટે મજબુત ઇમારત બનાવી રહ્યો હતો. તો આપે તેને જોઇને કેટલાક અરબી અશ્આરો પઢયા, જેનો તર્જુમો નીચે મુજબ છે.

''એટલે કે શું તું એવા લોકોની જેવું ઘર બનાવે છો કે જેઓ હંમેશા રહેવાવાળા છે.(તારે આવું ન કરવું જોઇએ)કારણકે જો તારામાં સમજદારી હોય તો તું સમજકે તેમાં તારું રહેવાનું ઘણું જ અલ્પસમય માટે છે. અરે ભાઇ, જેની હાલત એ હોય કે તેની પાછળ એક દિવસ કુચ(વિદાય)લાગેલી હોય. તેના માટે તો પીલુનો છાયો કાફી છે.'' (મકાનની જરૂરત નથી.)

ત્યારબાદ કિતાબના મુસન્નીફ હઝરત ઇમામ શોઅ્રાની (રહેમતુલ્લાહ અલયહ)ખુદ ફર્માવે છે કે, ''જે હઝરાતોને અમે આ પ્રકારની રીત-ભાત પર જોયા તે પૈકી એક અમારા શૈખ અલી ખ્વાસ (રહેમતુલ્લાહ અલયહ) છે, તેઓ જ્યારે કોઇ ફકીરને મકાન બનાવતા જોતાં તો તેના માટે તે બુરું સમજતાં અને તેને કહેતાં કે, જેટલો માલ તું આ ઇમારત પર ખર્ચી રહ્યો છો, તું કયારેય એવી પરિસ્થિતિ સુધી નહીં પહોચી શકે કે તે આ માલના બદલામાં કાયમી વસવાટ કરી શકે.''(એટલેકે જો ભાડાના મકાનમાં પણ રહે તો પુરી જીંદગી દરમ્યાન આટલો માલ ભાડા પેટે થઇ શકતો નહીં.)

જ્યારે ભાઇ અબુલ્અબ્બાસે <u>જામેબશીર</u>(ગામનું નામ)માં પોતાના માટે મકાન બનાવ્યું તો તેની ઉપર ૭૦૦દીનાર ખર્ચી નાંખ્યા; જે વાત પર શૈખ તેને ઠપકો આપ્યો. અને ફર્માવ્યું કે, ''જો તું ભાડાના મકાનમાં રહેતો તો તારા માટે તેનો દસમો ભાગ પુરતો હતો(૭૦ દિનાર)કે જે તે ઇમારત પાછળ ખર્ચયા છે, અને બાકીનો માલ તું સદકો કરી શકતો હતો. અને આ ઘટનાના

સાત વરસ પછી અબુલ્અબ્બાસનો ઈન્તિકાલ થઇ ગયો.''(અને આ રીતે શૈખની વાતને સમર્થન મળી ગયું અને આ રીતે શૈખની કશ્ફી કરામત સાચી ઠરી.)

હદીષ શરીફમાં આવ્યું છે કે, હુઝુરનબીએ પાક (સલલ્લાહો અલયહે વસલ્લમ)ને એ વાતની ખબર પડી કે ઉસામાહ(એક સહાબીનું નામ)એ એક મહિનાના કરાર પર ખરીદી કરી છે તો આપે ફર્માવ્યું કે, ''કસમ ખુદાની ઉસામાહ બહુ જ લાંબી અભિલાષા ધરાવનારો છે.''(જે એ વાતની ઉમ્મીદ રાખે છે કે હું એક મહિના સુધી જીવતો રહીશ અને ખાઇશ તેમજ પૈસા ચુકવીશ.)પછી ફર્માવ્યું કે, ''ખુદાની કસમ, હું એક કદમ ઉઠાવીને એવું નથી વિચારતો કે બીજો કદમ રાખી શકીશ અને આંખ ખોલીને એવું નથી સમજતો કે આંખ બંધ કરી શકીશ. અને મોઢામાં કોળીયો મુકીને એવું નથી વિચારી શકતો કે તેને ગળા નીચે ઉતારી શકીશ.''

★હઝરત યાહ્યા બીન મઆઝ (રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''જે વ્યક્તિ ભુખી રહે અને પોતાની ઉમ્મીદો બહું ઓછી રાખે તેના દિલમાં શૈતાન જગ્યા મેળવી શકતો નથી.''

★હઝરત સુફિયાન સૌરી (રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''આદમી જાણે કે કેટલાંક દિવસોનો સમુહ છે. અને એટલા માટે જ્યારે કોઇ દિવસ પસાર થઇ જાય છે, તો તેનો એક અંશ સમાપ્ત થઇ જાય છે.''

★એકવાર લોકોએ હઝરત મઅરુફ કર્ખી(રહેમતુલ્લાહ અલયહ)ની સામે નમાઝની તૈયારી કરી અને એક સુફીને નમાઝ પઢાવવા માટે આગળ વધારવા ઇચ્છયું, તો તેણે ઈન્કાર કર્યો અને કહ્યું કે, ''મને ડર છે કે કદાચ હું નમાઝમાં જ મરી જાઉં અને લોકોની નમાઝ અસ્ત વ્યસ્ત થઇ જાય.'' તો લોકોએ ખુબ જ આગ્રહ કર્યો. આ આગ્રહ પર તેણે કહ્યું કે, ''સારુ, અત્યારે તો હું પઢાવી દઉં છું પરંતુ શર્ત એ છે કે હવે પછી નમાઝ પઢાવવાનું મને કહેતા નહીં.''આ સાંભળીને હઝરત માઅરુફ કર્ખી(રહેમતુલ્લાહ અલયહ) ફરર્માવ્યું કે, ''જનાબ તમે અહીંથી હટી જાવ, તમે ઈમામતને લાયક નથી. કારણ કે તમે ગરબડવાળા આદમી છો. એક તરફતો તમે એવું વિચારો છો કે હું નમાઝમાં જ મરી જઇશ. બીજી તરફ તમે તમારા દિલમાં એવું પણ કહો છો કે, હું આગામી નમાઝ સુધી જીવંત રહીશ. (અને આ હળાહળ ગડબડ(માનસીક અસંતુલન) છે) જો તમે આ નમાઝ પુરી કરવાની પણ આશા નથી રાખતા તો આવું કહેવાનો શું અર્થ કે, હવે પછી મને ઈમામ નહીં બનાવતા અને જો નમાઝ સુધી જીવંત રહેવાની ઉમ્મીદ છે તો તેનો શું અર્થ કે, હવે પછી મને આ નમાઝ પુરી કરવાની ઉમ્મીદ નથી. કહેવાનો અર્થ એ જ કે તું ઈમામતને લાયક નથી.''

★હઝરત અબ્દુલ્લાહ બીન અબ્બાસ(રદીયલ્લાહો ત્આલા અન્હો) ફર્માવતા હતાં કે, ''દરિયામાં માછલીની પીઠ પર અને ખોરાકની અંદર તેના ઠળિયા પર લખેલું છે કે આ ફલાણાની રોઝી છે. અને તેની સિવાય તેને કોઇ ખાઇ શકતું નથી. અને છતાં પણ લાલચુ આદમી કોશીશોમાં મરી જાય છે અને ડરે છે કે કાંઇ એવું ન બને કે તેને બીજો કોઇ લઇ લે.''તો આ રીતે હે ભાઇ, લાંબી ઉમ્મીદો અને અભિલાષાઓ ઇન્સાન માટે હલાકતનું કારણ બને છે, માટે આ વાતોને ખૂબ સારી રીતે સમજી લેવી જોઇએ.

વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન.

★ (પ૪) મખ્લુક પર મહેરબાની

કામીલ પીરો અને સુફિયાએ બાસફાના સદ્‌ગુણો પૈકી એક એ પણ છે કે, ''તેઓ તમામ મુસલમાનો પર ચાહે તે નેક હોય કે બદ તેમજ તમામ જાનવરો પર મહેરબાની કરે છે.'' અને એ રીતે કામ કરે છે કે તેઓના કારણે કોઇના દીનમાં કોઇ પ્રકારની ખરાબી પૈદા ન થાય. અને આ તેઓનો અત્યંત ઉચ્ચ પ્રકારના સદ્‌ગુણ છે. અને આ સદ્‌ગુણ વડે એ જ આભુષિત થઇ શકે છે, જેને અલ્લાહ ત્આલા આંતરિક પ્રકાશ(નુરે બાતીન)અર્પણ કરે છે. અને હકીકી *વારિસુલ્અંબિયા* હોવાના નાતે તેઓ પોતાના નફસોથી વધુ લોકો પર મહેરબાન છે. અને તેઓની પડોશમાં રહેલા મકાનની ખરીદી માટે તેઓ પોતાના સગાવહાલાના પડોશમાં રહેલા મકાન કરતાં વધું કિંમત આપે છે, અને તેના માટે વધુ પૈસા ખર્ચે છે.

★ હઝરત અબ્દુલ્લાહ મગરબી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''જે વ્યક્તિ ગુનેહગારોને રહેમની દ્રષ્ટિથી ન જુએ તે સુફીઓના તરીકાથી નીકળી ચુકયો છે.''

★હઝરત માઅરુફ કર્ખી(રહેમતુલ્લાહ અલયહ)જયારે કોઇ ગુનેહગારને જોતા તો તેના માટે મગ્ફેરતની દુઆ કરતાં અને તેના માટે રહેમતની ઉમ્મીદ રાખતાં અને ફર્માવતાં હતાં કે, ''જનાબ મોહંમદુ ર્રસુલુલ્લાહ (સલલ્લાહો અલયહ વસલ્લમ)ને લોકોની નજાત તેમજ તેઓની પર રહેમત માટે મોકલવામાં આવ્યાં છે તેમજ શૈતાનને તેઓની બરબાદી અને તેઓની તકલીફોથી ખુશ થવા માટે મોકલવામાં આવ્યો છે.'' (આથી તમે ખુલ્કે મોહંમદી(નબવી સદ્‌ગુણો) અપનાવો નહીં કે ખુલ્કે શૈતાની.(શૈતાની દુર્ગુણો.)

★ હઝરત ઇબ્રાહીમ તયમી(રહેમતુલ્લાહ અલયહ)નો નિયમ હતો કે, જે કોઇ તે તેઓની સતામણી કરતાં તેના માટે કયારેય બદદુઆ ફર્માવતા નહીં અને ફર્માવતાં કે, ''તેના માટે તેના ઝુલ્મનો બોજ જ પુરતો છે.''(હું

બદદુવા કરીને મરતાંને શા માટે મારું?.)

★હઝરત ઉમર બીન અબ્દુલઅઝીઝ(રહેમતુલ્લાહઅલયહ) નો એ નિયમ હતો કે, ‘‘જ્યારે કોઇ મુસાફીર લોકો તેઓના મકાન પાસે રોકાતા તો આપ રાતભર જાગતાં હતાં અને સવાર સુધી તેઓના સામાનનું રક્ષણ કરતાં હતાં અને લોકોને આ વાતની જાણ થવા દેતા ન હતા.’’

★હઝરત હસન બસરી(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ‘‘અબ્દાલની નિશાની એ છે કે તેઓ આમ મુસલમાનો પર અત્યંત મહેરબાની કરનારા અને માયાળુ હોય છે.’’

★હઝરત માઅ્રુફ કર્ખી(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ‘‘જે વ્યક્તિ દરરોજ આ દુવા કર્યા કરે કે, હે અલ્લાહ, ઉમ્મતે મોહંમદીય્યાહ્‌ની સુધારણાં ફરમાવ, હે અલ્લાહ ઉમ્મતે મોહંમદીય્યાહ્‌ની તકલીફો દુર ફર્માવ. તો અલ્લાહતઆલા તેને અબ્દાલોમાં લખશે.’’ (સલલ્લાહો અલયહે વસલ્લમ)

તો હે ભાઇ, આ વાતને ખૂબ જ સમજી લે અને લોકો પર મહેરબાની કરવાના મામલામાં પોતાના આગળના બુઝુર્ગોનું અનુકરણ કર.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (પપ) લડાઈ ઝઘડાનો ત્યાગ

કામીલ પીરો અને સુફિયાએ બાસફા લોકોના સદ્‌ગુણો પૈકી એક સદ્‌ગુણ એ પણ છે કે, જ્યારે કોઈ આલીમે ઝાહેર તરીકાના કોઇ હાલનો ઈન્કાર કરે અથવા તો તેઓને કોઇ વાતનો આદેશ આપે તો તેઓ તેમનું અનુસરણ કરે છે અને તેની સામે કોઇ દલીલો રજૂ કરતાં નથી. સિવાય કે હાલતમાં કે જ્યારે તેઓને ચોક્કસ ખાત્રી હોય કે આલીમ મારી વાત માની લેશે અને તેનો ઈન્કાર નહીં કરે. (ત્યારે દલીલો રજૂ કરે છે)અને તેનું કારણ એ જ છે કે જાહેર-પરસ્ત લોકો એક નિશ્ચિત વર્તુળમાં કેદ છે અને તેનાથી બહારની વસ્તુઓ કે વાતોની તેઓ જાણકારી ધરાવતા નથી.(અને માટે જ જાહેરી આલીમે સુફિયાએ કિરામની કોઇ વાતોમાં ટાંગ ન અડાડવી જોઇએ તેમજ સુફી એ પણ આલીમની કોઇ વાતમાં માથું ન મારવું જોઇએ, કારણકે ફિત્નાની જડ આ જ છે અને અહીંથી જ દરેક ફિત્નાઓ પ્રગટે છે)આ રીતે જાહેરી આલીમો બિચારા માઝુર(વિવશ)છે.

તો આ રીતે જ્યારે તને કોઇ માત્ર જાહેરનું ઈલ્મ ધરાવનાર કોઇ આલીમ કહે કે, કુતુબ, અબ્દાલ, અવતાદ વગેરે કોઇ ચીઝ નથી બલ્કે માત્ર નામ જ છે આ પ્રકારની પદવી ધરાવનાર કોઇ નથી તો તમારે તેને કહેવું જોઇએ કે બરાબર છે.(કોઇ બીજી દલીલ ન કરવી જોઇએ)અને તેનાથી તમારો હેતુ એ

હોવો જોઇએ કે ખરેખર તમારી નિકટ તેની કોઇ હકીકત નથી અને આ માત્ર ધારણ કરેલું નામ જ છે. અને જ્યારે તેઓ કહે કે, ઔલિયાઅલ્લાહ તો પહેલાંના યુગમાં થઇ ગયા, હવે કોઇ વલી નથી. તો તમારે કહેવું જોઇએ, બરાબર કહો છો એટલે કે તમારો અકીદો બેશક અવો જ છે. એ જ રીતે તેઓ જો કહે કે ખીઝર નું વજુદ નથી તો ત્યારે પણ કહેવું જોઇએ કે, બરાબર છે ભલેને પછી તે આ વાતના સમર્થનરૂપે કોઇ બીજા મુન્કિરનું કથન પણ રજૂ કરે. અને ત્યારે તો તમારે તેનો બિલ્કુલ વિરોધ ન કરવો જોઇએ. એક સમુહના લોકોએ આ સદ્‌ગુણને છોડીને ઉલ્માઓ સાથે વિરોધો નોંધાવાનું શરૂ કર્યુ જેના કારણે તેઓ વચ્ચે ઝઘડા પૈદા થઇ ગયા. અને એક બીજાએ અરસપરસ એકબીજાની આબરૂના ચીંથરા ઉડાડયા અને સુફિયાએ કિરામનીજમાઅત વિશે સારી-નરસી વાતો કરી. તો આ પ્રકારની રીત-ભાત આગળના મશાઈખોની ન હોતી.

હઝરત શૈખ અફઝલુદ્દીન (રહેમતુલ્લાહ અલયહ)નો કાયદો હતો કે, જ્યારે કોઇ આલીમ તેઓથી વાદવિવાદ કરવા માટે બેસતો તો તેના મુકાબલામાં આપ હઝરત જુનૈદ વશીબ્લી(રહમકોમુલ્લાહોત્આલા અજમઈન)ના કથનો રજૂ કરતાં ન હોતાં, બલ્કે અવું કહેતાં કે હઝરત ઈમામે ગીઝાલી(રહેમતુલ્લાહ અલયહ) આમ કહે છે. કિતાબના લેખક હઝરત ઈમામ અ.વહાબ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવે છે કે, ‘‘એકવાર મેં મઝકુર બુઝુર્ગ સાથે આ બાબતે ચર્ચા કરી તો તેઓએ જવાબ આપ્યો કે, હું ઉલ્માએ ઝાહીરના મુકાબલામાં હઝરત ઈમામ ગીઝાલી (રહેમતુલ્લાહ અલયહ)ના કથનો એટલા માટે રજૂ કરું છું કે , તેઓ(આ આલીમો)તેને માને છે કારણકે તસવ્વુફને અપનાવ્યાં પહેલા તેઓ પણ આ આલીમોના સમુહમાં જ હતાં. અને જો હું કોઇ એવું કથન રજુકરીશ કે જે તેઓના સમુહ પૈકી નહીં હોય તો તેઓ મારી વાત કદાપી નહીં સ્વીકારે. હું કહું છું કે એ દલીલો કે જે અબ્દાલોના અસ્તિત્વ અંગે દલીલરૂપે છે, નીચે મુજબ છે.’’

★જનાબે રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ફર્માવ્યું કે, ‘‘મારી ઉમ્મતના અબ્દાલો નમાઝ અને રોઝાની વિપુલતાના કારણે જન્નતમાં નહીં જાય બલ્કે તેઓ પોતાની સખાવતે નફસ અને ઉમ્મતની ભલાઇ ચાહવાના કારણે દાખલ થશે.’’

★હઝરત અમીરૂલ મોઅ્મેનીન અલી(રદીયલ્લાહો ત્આલો અન્હો) ફર્માવતાં હતાં કે, ‘‘અબ્દાલ શામમાં છે, અને નુકબા ઈરાકમાં અને નુજબા મીસરમાં છે.’’ (આ તમામ વિલાયતની પદવીઓ છે.)

★હઝરત ઈમામ અબુ અબ્દુલ્લાહ બીન માજીદ(રહેમતુલ્લાહ અલયહ)થી સવાલ કરવામાં આવ્યો કે, ‘‘ઔરતોમાં પણ અબ્દાલો હોય

છે.?'' તેઓએ ફર્માવ્યું કે, ''હાં.''

⋆હઝરત હસન બસરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''જો અબ્દાલ ન હોત તો જમીન પોતાની ઉપર રહેવાવાળી સુષ્ટિને લઇને અંદર ધસી પડતી. અને જો સાચા લોકો ન હોત તો દુનિયા ખરાબ થઇ જતી અને જો ઉલ્મા(ઉલ્માએ રબ્બાની, ઉલ્માએ આખેરત)ન હોત તો આદમી ચોપગા જાનવરો જેવો હોત. અને જો બાદશાહ(સતાધીશો)ન હોત તો એક એકને મારી નાંખતા અને જો બેવકુફ લોકો ન હોત તો દુનિયા વિરાન થઇ જાતી.'' (કારણકે, અક્કલમંદ એ જ છેકે જે દુનિયાથી નિર્લેપ હોય અને જો બધા જ લોકો દુનિયાથી વિમુખ થઇ જતાં તો તેની તરફ કોઇ જ ધ્યાનીત ન થાત. અને આ રીતે દુનિયા વિરાન થઇ જતી.)

તો હે ભાઇ, મશાઇખે કિરામ અને સુફિયાએ ઉઝ્ઝામ આ રીતે જાહેર પરસ્ત આલીમો સાથે કયારેય ઝઘડતા નથી તેમજ તેઓની વિરુધ્ધ કયારેય સુફિયાએ કિરામ કે એહલે દિલ લોકોના કથનો રજૂ કરતાં નથી કારણ કે આ વાતો તેઓના ગળે ઉતરવી ઘણી જ મુશ્કેલરૂપ હોય છે.

(વલ્હમ્દોલિલ્લાહે રબ્બીલ્આલમીન.)

⋆ (પ૬) પોતાની ઝાત માટે બદગુમાની

કામીલ પીરો અને સુફિયાએ કિરામના અનેક સદ્દગુણો પૈકી એક એ પણ છે કે તેઓ પોતાના નફસોની ખૂબ જ સુધારણા કરે છે, ત્યાં સુધી કે એ લોકોની હાલત એવી થઇ જાય છે કે, જે તેને અનુકુળ હોય તેની સામે દષ્ટિ પણ નથી નાંખતા. આ રીતે તેઓ જ્યારે અલ્લાહ ત્આલા નો આ કૌલ સાંભળે છે કે, *હલ યસ્તવીલ્લઝીન યાઅ્લમુન વલ્લઝીન લા યાઅ્લમુન.* (**અર્થાતઃ**- ઇલ્મવાળા અને ઇલ્મવગરના(જાહીલ) બરાબર નથી.)તો તેઓ પોતાને આલીમ સમજીને બીજાથી પોતાને ચઢિયાતા નથી સમજતા. બલ્કે શરૂ-આતથી જ પોતાને જાહીલ અને પોતાના તમામ સમકાલીનોને આલીમ માને છે. અને એવું સમજે છે કે તેઓ પોતાના સમકાલીનોમાં હાલ તેમજ મકામમાં સૌથી નિમ્ન અને કોઇની પણ બરાબર નથી.

તો હે ભાઇ, મશાઇખે કિરામના આ સદ્દગુણોને ખુબ સમજો અને તેની ઉપર ચિંતન-મનન કરો. ખરેખર, જેણે પોતાની ઝાતને કોઇ ન સમજી, તેની અંદર જ સર્વ કાંઇ હોય છે. (વલ્હમ્દોલીલ્લાહ રબ્બીલ્આલમીન)

⋆ (પ૭) હિજાબો હટાવવા માટેના પ્રયત્નો

કામીલ પીરો અને સુફિયાએ બાસફા લોકોના સદ્દગુણો પૈકી એક એ પણ છે કે, તેઓ હિજાબો એટલે કે અડચણો અને રૂકાવટોને દુર કરવા માટે

ખુબ જ પ્રયત્નશીલ રહે છે. (ખુદા અને બંદા વચ્ચેના હિજાબો-રૂકાવટો)જેના ફળ સ્વરૂપે ઘણાં હિજાબ દુર હટી જાય છે. અને દરેક મૌજુદ ચીઝને જીવંતરૂપે જુએ છે. અને તેની સાથે એવો જ વ્યવહાર કરે છે, કે જે જીવંત સૃષ્ટિ સાથે કરવામાં આવે છે. અને આ જ કારણોસર તેઓને કોઇ જગ્યાએ એકાંતવાસ નસીબ નથી થતો અને એવું સમજે છે કે તે વસ્તું મને જોઇ રહી છે, અને આ કારણોસર તેનાથી તેઓ શરમ અનુભવે છે, અને તેનો પુરો લિહાઝ રાખે છે. અને આવું એટલા માટે કે જે જગ્યાએ ગુનાહ કરવામાં આવે છે, તે જગ્યા કયામતના દિવસે તેની વિરુધ્ધમાં સાક્ષી પૂરશે. એટલા માટે તેઓ કોઇ જગ્યાએ ગુનાહ કરવાની હિમ્મત કરતાં નથી. અને તેઓની હાલત એ હોય છે કે જ્યારે અકસ્માતે તેઓ પૈકી કોઇનાં મોંમાંથી બુરી વાત નીકળી જાય છે, તો ત્યારે શરમના માર્યા પાણી-પાણી થઇ જાય છે. અને એવું ઇચ્છે છે કે આ જમીન તેને પોતાની અંદર સમાવી લે.

તો હે ભાઇ, આ પ્રકારના સદ્દગુણો આ જે બીલકુલ નહિવત્ પ્રમાણમાં જોવા મળે છે જો કે આવા લોકોથી જમાનો ખાલી પણ નથી, હે શૈખીના દાવેદાર, તારી અંદર આ પ્રકારના સદ્દગુણો કુટી- કુટીને ભરેલા હોવા જોઇએ નહીંતર તારો દાવો જુઠ્ઠો છે અને તું ઢોંગી પીર છો. !?!

⋆ (પ૮) દુઆની કબુલીયત માટે કોઈ તલબ નહી

કામીલ પીરો અને સુફિયાએ ઉઝ્ઝામના સદ્દગુણો પૈકી એક એ પણ છે કે, તેઓ ખુદાત્આલાથી ન તો એ વાતની ખ્વાહીશ ધરાવે છે કે, ખુદ પોતાના માટે પોતાની દુવા કબુલ કરવામાં આવે તેમજ ન તો એવી ઇચ્છા ધરાવે છે કે, બીજાના હક્કમાં પણ તેઓની દુઆ સ્વીકૃતી પામે.

⋆હઝરત સૈયદી અલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''જે શખ્સ એવું ઇચ્છે કે તેની અયોગ્યતાના કારણે તેની દુઆ રદ્ કરવામાં ન આવે તો તેના માટે જરૂરી છે કે તે ફરિશ્તાની રીત-ભાત મુજબ ચાલે, કે જેઓ ખુદાની નાફરમાની કરતાં નથી.''

⋆હઝરત અબુ નજીહ (રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''જો મોમીન ખુદાની નાફરમાની ન કરતો તો તેની હાલત એ હોત કે જો કોઇ પહાડ વિશે કસમ ખાઇ લે કે તે આ પહાડને તેના સ્થાનેથી હટાવી દેશે તો તે તેને પણ કબૂલ કરી લેતો.''

⋆હઝરત ખાલીદ રબઇ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે,''એક દિવસ હઝરત ઇબ્રાહીમ બીન અદ્હમ(રહેમતુલ્લાહ અલયહે) ખાનએ કાબાના છાંયામાં બેઠા હતાં. અચાનક જ એક શખ્સ આવીને ઊભો રહ્યો અને કહ્યું કે, 'હે અબુ ઇસ્હાક, એ વ્યક્તિની ઓળખ શી છે જેનો મામલો

ખુદાની સાથે દુરસ્ત હોય ?’ આપે ફર્માવ્યું કે, ‘જો તે આ પહાડ અબુકુબૈસને કહે કે તું પોતાના સ્થાનેથી હટી જા તો અલ્લાહત્આલા તેને તેના સ્થાનેથી હટાવી દે.’ તેઓ કહે છે કે ત્યારે અબુકુબૈસમાં ધ્રુજારી ઉત્પન્ન થવા લાગી. તો આપે તેની તરફ ઈશારો કર્યો કે, ‘‘મારો હેતુ આ ન હતો.’’

★હઝરત ઈબ્રાહીમ બીન અદ્‌હમ(રહેમતુલ્લાહ અલયહ)એક દિવસ શહેર મરદુરરોઝના એક પુલ નીચે બેઠેલા હતાં. અચાનક જ એક આદમી પુલ પરથી નીચે પડયો. આપે તરત જ દુઆ કરી કે, ‘‘અલ્લાહ તેને હવામાં ત્યાં સુધી રોકી દે જયાં સુધી તેને કોઈ બચાવવાવાળો ન આવી જાય.’’ આપની દુવાથી તે હવામાં જ રોકાઈ ગયો ત્યાં સુધી કે લોકોએ આવીને તેને નીચે ઉતાર્યો.

★કોઈ વ્યક્તિએ હઝરત મુતરફ બીન અબ્દુલ્લાહ(ન્રેમતુલ્લાહ અલયહ)પર કોઈ આરોપ લગાડ્યો તો આપે ફર્માવ્યું કે,‘‘હે અલ્લાહ જો તે જુઠ્ઠો છે, તો તેને હમણાં જ મારી નાંખ.’’ આપની દુઆના કારણે તે લોકો જોતા રહ્યાને તે મુડદુ બનીને પડી ગયો. આ જોઈને લોકો આપને વીંટળાઈ વળ્યા અને પકડીને બસરાના હાકિમ પાસે લઈ ગયાં અને તેની સામે આ ઘટના વર્ણવી. તેણે સાંભળીને જવાબ આપ્યો કે, ‘‘નેક આદમી ની બદદુઆ હતી અને તે મરી ગયો.’’ (તેમાં અમે શું કરી શકીએ?.)

તો હે ભાઈ, આ હતી સલ્ફસાલેહીનની દુઆઓની તાત્કાલીક અસરો તેઓ આટલા ‘મુસ્તજાબુદદાઅ્વાત’(જેની દુઆ ક્યારેય રદ નથી થતી તે)હોવા છતાં ક્યારેય પણ પોતાની દુઆની કબુલીયાત માટે અલ્લાહ-ત્આલાની બારગાહમાં તલબ રજુ કરતાં ન હોતા અને તેઓની આ આજેઝી અને ઈન્કેસારી જ અલ્લાહત્આલાને ખૂબ પસંદ આાવતી હતી.

વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન

★ (૫૯) નફ્સ પ્રત્યેના પ્રેમભાવની કસોટી ★

કામીલ પીરો અને સુફિયાએ કામેલીનના સદ્‌ગુણો પૈકી એક એ પણ હતો કે જ્યાં સુધી પોતાની મોહબ્બતની કસોટી એવી રીતે ન કરી લે કે પોતાના નફસને જુએ કે તે પોતાનો અડધો માલ એ વ્યક્તિને આપવા માટે રાજી છે કે નહીં કે જેની મોહબ્બતનો તે દાવેદાર છે જો તેને કોઈ તકલીફ પડે છે, તો તેની બરાબર તેને તકલીફ થશે કે નહીં ત્યાં સુધી તે કોઈની મોહબ્બતનો દાવો કરતાં નથી. (આ રીતે દરેક વ્યક્તિ માટે જરૂરી છે કે તેઓ આ જ રીતે પરીક્ષા કરે)અને જો તેનો નફસ આ વાત પર રાઝી હોય તો એવો દાવો કરે કે મને તેનાંથી મોહબ્બત છે; નહીંતર જુઠ્ઠ બોલવાથી દુર ન્રે કારણકે તે નિફાક છે અને આ પ્રકારના સદ્‌ગુણો વડે આજે ખૂબ ઓછા લોકો આભુષિત છે. તો હે ભાઈ, આ વાતને ખૂબ સારી રીતે સમજી લેવી જોઈએ અને દરેક સમયે પોતાના નફસના

મોહબ્બતના દાવાનું પરીક્ષણ કરતાં ન્રેવું જોઈએ.

વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન

★ (૬૦) ગુનેહગારો પર રહેમ

કામીલ પીરો અને સુફિયાએ બાસફા લોકોના અખ્લાકો પૈકી એક નેક અખ્લાક એ પણ છે કે, તેઓને ગુનેહગારો પ્રત્યે દયા આવે છે. અને તેઓ તેને તુચ્છ(હકીર)નથી સમજતા અને તેની ઉપર પોતાની જાન કુર્બાન કરવા માટે તત્પર ન્રે છે.

★હઝરત માઅ્રુફ બીન અબ્દુલ્લાહ(ન્રેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ‘‘જેને ગુનેહગારો પર ન્રેમ ન આવે અને તેના માટે જરૂરી છે કે તેઓ તેના માટે તૌબાહ્‌ની તૌફીક અને મગફેરતની દુઆ કરે કારણકે ફરિશ્તાઓનો એ સદ્‌ગુણ છે કે તેઓ જમીનવાળાઓ માટે અસ્તગ્ફાર કરે છે.’

★હઝરત ઝુબૈર બીન નઈમ(ન્રેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ‘‘ખુદાની કસમ, હું એ વાત પર રાજી છું કે મારી ચામડી કાતર વડે કાપવામાં આવે, પરંતુ કોઈ વ્યક્તિ ખુદાની નાફરમાની ન કરે.’’ (કારણકે મારી તકલીફ તો સહન કરી લઈશ, પરંતુ તેઓની તકલીફ મારાથી નહીં જોઈ શકાય.)

★હઝરત મનસુર બીન મોહંમદ(રહેમતુલ્લાહ અલયહ) કોઈને કશો જ હુકમ કરતાં ન હોતા, જેની પાછળ તેઓનો આશય ન્રેમ હતી અને આપ ફર્માવતાં હતાં કે, ‘‘જો તે મારા કહેવાની વિરુદ્ધ કાર્ય કરશે તો ગુનેહગાર થશે. અને અઝાબમાં પકડાય જશે; અને હું તેના માટે કારણરૂપ બનીશ. જેમ કે તેઓ બે નમાઝીથી એવું ન હોતા કહેતા કે, ‘તું નમાઝ પઢ’ કારણકે તેઓને એ વાત નો ભય ન્રેતો હતો કે કદાચ તે ઈન્કાર કરી દે અને તર્કે-નમાઝની સાથે ઈન્કારનો વબાલ પણ તેની ઉપર આવી પડે.’’

★હઝરત મયમુન બીન મેહરાન(ન્રેમતુલ્લાહ અલયહ)ની હાલત એ હતી કે, જ્યારે તેઓને જાણ થઈ જતી કે ફલાણી કૌમ પર ઝુલ્મ થઈ રહ્યો છે ચાહે તે પૃથ્વીના કોઈ પણ ટુકડા પર હોય તો આપ તેના ગમમાં રોતા હતાં અને બિમાર પડી જતાં હતાં અને તેઓના ખબર અંતર એ રીતે પૂછવામાં આવતાં કે જે રીતે બિમારોના પૂછવામાં આવે છે. અને જયારે તેઓને કહેવામાં આવતું કે અલ્લાહ ત્આલાએ તેઓની મુશીબત દુર ફરમાવી દીધી છે, તા તેઓ તરત જ તંદુરસ્ત થઈ જતાં હતાં.

★હઝરત સાબીત બનાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)ની હાલત એ હતી કે જયારે તેઓની કોઈ દરખાસ્ત કરતું કે, ‘‘મારું ફલાણું કામ કરી દ્યો.’’ તો આપ દરેક નમાઝ પછી સજદામાં પડીને તેના માટે દુઆ ફર્માવતાં ત્યાં સુધી કે તેનું કામ થઈ જતું.

તો હે ભાઇ, તારે પણ તારા દિલને ફંફોસવું જોઇએ અને તેમાં જોવું જોઇએ કે શું તને તારા ભાઇઓ પ્રત્યે આ પ્રકારના પ્રેમ,દયાભાવ અને હમદર્દીનો કોઇ હિસ્સો છે કે નહીં? અને જો ન હોય તો તારે તારી હાલત પર રૂદન અને અશ્રુવહન કરવું જોઇએ. કારણકે નેક લોકોના મકામ માં તારો કોઇ હિસ્સો નથી. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૯૧) સંતોષ

કામીલ પીરો અને સુફીયાએ બાસફા લોકોના સદ્ગુણો પૈકી એક સદ્ગુણ એ પણ છે કે, તે વર્તમાન પરિસ્થિતિ પર સંતોષ માનનારા હોય છે. તેમજ ખાવા-પીવા, કપડા-લતા, સવારી, નિકાહ તેમજ મકાન વગેરેના મામલામાં ખૂબ વધારાની ઇચ્છા ધરાવનારા નથી હોતા.

★હઝરત વહબ બીન મમ્બાહ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, "ઇઝઝત અને માલદારી આ બંને એ વાતની શોધ માટે ચાલ્યા કે કોની પાસે રેહવું? માર્ગમાં તેઓને એક સંતોષીત મળી ગયો અને તેઓ તેની પાસે જ રહી ગયા." કહેવાનો હેતુ એ છે કે સંતોષમાં ઇઝઝત અને માલદારી બંને રહેલા છે.

★હઝરત મોહંમદ બીન વાસેઅ્(રહેમતુલ્લાહ અલયહ)નમક(મીઠું) અને સીરકા વડે રોટી ખાતા હતાં અને ફર્માવતાં હતાં કે, "જેઓ આટલી દુનિયા પર સંતોષ માને તેને પોતાની ઝાતને લોકો સામે ઝલીલ કરવાની જરૂરત નથી પડતી."

★હઝરત સુફીયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, "જે વ્યક્તિ આ યુગમાં જવની રોટી પર સંતોષ નહીં માને, તે અનિચ્છા એ પણ ઝીલ્લત અને ખ્વારીમાં ફસાય જશે." અને એક વ્યક્તિએ તેઓ પાસે માલ એકત્રીત કરવાની પરવાનગી માંગી, તો આપે ફર્માવ્યું કે, "જે વ્યક્તિ માલ એકઠો કરે છે, તે પાંચ પ્રકારની કુટેવોમાં ફસાઇ જાય છે. (૧) લાંબી ઉમ્મીદો બાંધવી (૨)ખૂબ જ લાલચ (૩)અધિકમાત્રામાં કંજુસી (૪) આખેરત ને ભુલી જવું અને (૫)પરહેઝગારીમાં ખૂબ જ કમી આવી જવી." (હવે તમે તમારો નફો-નુકશાન જોઇ લો.)

★હઝરત હામીદ લીફાફ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, "જેઓ માલદારી સંતોષ વડે તલબ કરે છે તે યોગ્ય માર્ગ પર છે અને જે તેને માલ વડે તલબ કરે છે તે માર્ગથી ભટકી ગયો છે."

★મજકુર કિતાબના લેખક હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની (રહેમતુલ્લાહ અલયહ) પછી ફર્માવે છે કે, "આહ, મેં આ મકામવાળા લોકો પૈકી ઘણાંને જોયા છે. તેઓ પૈકી અમારા શૈખ શૈખુલ્ઇસ્લામ ઝકરીયા

અન્સારી, અને શૈખ અમીનુદ્દીન તેમજ શૈખ અબ્દુલ્અલીમ બીન મુસ્લેહ, શૈખ અલી બનીતી, શૈખ અલી બજરી હઝરત શૈખ મોહંમદ બીન અનાન, શૈખ મોહંમદ મીર, શૈખ મોહંમદ અદ્લ(રહેમકોમુલ્લાહત્આલા અલયહીમ અજમઇન)છે. મેં તેઓને જોયા છે કે, આ લોકો પાણીમાં સુકી રોટી પલાળી ખાતા હતાં અને તેની પર જ સંતોષ માનતાં હતાં."

★હઝરત શૈખ અલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ)જ્યારે ખાણું ખાતા તો નવ(૯) કોળીયાથી વધુ ખાતા નહીં અને ફર્માવતાં હતાં કે, જનાબ રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)ફર્માવ્યું છે કે, "આદમી થોડાક કોળીયા પૂરતાં છે, કે જે તેની કમર સીધી રાખી શકે." અને કોળીયાઓ(તેના માપના હિસાબે)ત્રણથી માંડીને નવ સુધી હોય શકે છે. અને એ વાત પૂરેપુરી સ્વીકૃતી પામેલી છે અને આપનું આ ફર્માન તદ્દન સાચું છે એટલા માટે જે આપના ઇર્શાદ પર કામીલ ઇમાન ધરાવે છે તેના માટે નવ કોળીયા જરૂર પૂરતાં થશે અને તેને વધુની જરૂરત પડશે નહીં." તેમજ મેં તેઓને એવું ફર્માવતાં પણ સાંભળ્યાં છે કે, "જેના માટે દિવસ-રાત દરમ્યાન નવ કોળીયા પૂરતાં ન હોય તો તે જનાબ રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના આ ઇર્શાદ પર પુરું ઇમાન ધરાવતો નથી." ત્યારબાદ આ અનુસંધાને લેખક હઝરત ઇમામ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવે છેકે, "હું કહું છું આ હદીષને એ લોકોનેલાગુ પડે છે કે જેઓ મહેનતનું કાર્ય નથી પરંતુ જેઓ મહેનતનું કાર્ય કરે છે જેમકે ખેડુત, લુહાર, નાવિક વગેરે માટે આટલું પુરતુ નથી સિવાય કે તેની તાક્ત ફરિશ્તાઓ જેવી થઇ જાય તેમજ તેઓની રૂહાનિયત તેઓની શારિરીક શક્તિઓ પર પ્રભુત્ત્વ હાંસીલ કરી લે."

જેમ કે અહાદિષે પાકમાં આવ્યું છે કે, હઝરત જીબ્રઇલ (અલયહી-સ્સલામે) હઝરત લુત(અલયહીસ્સલામ)ની વસ્તીઓને ઉખેડીને તેને આસમાનની એટલી નજદીક લઇ ગયા કે આસમાનવાળાઓએ મુર્ગાની બાંગો તેમજ કુતરા ભસવાનો અવાજ સાંભળી લીધો જો કે હઝરત જીબ્રઇલ(અલયહી-સ્સલામ) ન તો ખાતા હતાં કે ન તો પીતા હતાં. તો હે ભાઇ, આ વાતને ખૂબ જ સારી રીતે સમજી લેવી જોઇએ.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૯૨) દુનિયાથી નિઃસ્પૃહતા

કામીલ પીરો અને સુફીયાએ બાસફા લોકોના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે,તેઓ દુનિયા અને આખેરત વચ્ચેના હીજાબો દુર કરવા માટે ખૂબ જ પ્રયત્નશીલ રહે છે. ત્યાં સુધી કે તે લોકો પોતાની દિલરૂપી આંખ વડે આખેરત અને તેની નેઅમતોનું અવલોકન ન કરી લે. અને આ પ્રયત્નો તેઓ

એટલા માટે કરે છે કે તેઓ દુનિયાથી નિર્મોહી બનીને આખેરતના આમાલો માટે ફુરસદ મેળવી શકે. નહીંતર જે લોકો આખેરતના અવલોકનથી વંચીત છે, તેના માટે દુનિયાની મોહ માયા છોડવી અશક્ય છે.

★હઝરત અબુવાક્દી લયસી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, "અમે આખેરતના આમાલોમાં ખૂબ જ મહેનતો ઊઠાવી પરંતુ કોઈ અમલને દુનિયાથી નિર્મોહિત થવાના અમલથી વધુ ઉચ્ચ દરજ્જાનો ન જોયો." (કારણકે હદીષ શરીફમાં છે, *હુબ્બુદ્દુનિયા રાસો કુલ્લે ખતીઅતીન્* એટલે કે દુનિયાની મોહબ્બત દરેક ગુનાહની જડ છે. તો આ રીતે દુનિયાથી નિર્મોહિત થવું એ દરેક ગુનાહથી બચાવનારું છે. માટે એ વાત સાબીત થઈ કે દુનિયાથી નિર્લેપતા એ સૌથી શ્રેષ્ઠ અમલ છે.)

★મેં હઝરત સૈયદ અલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ)ને આવું ફર્માવતાં સાંભળ્યા છે કે, "હઝરત સુલયમાન(અલયહીસ્સલામે)જે આવી હુકુમત માંગી હતી કે જે તેમનાં પછી કોઈને ન મળે તો તેનું કારણ(લાલચ નહોતું બલ્કે)એ હતું કે તેમની દુનિયા પ્રત્યેની નિર્લેપતા સંપૂર્ણ થઈ જાય અને તેઓને પરિપૂર્ણ ઝોહદ(દુનિયાથી નિર્લેપતા) પ્રાપ્ત થઈ જાય. કારણ કે દુનિયાથી નિર્લેપતાની બે સુરતો છે. એક (૧)એ કે ન તો દુનિયા હોય કે ન તો તેની તરફ કશો મોહ કે આકર્ષણ હોય અને આ કોઈ કમાલની વાત નથી તેમજ (૨) એ કે દુનિયા તેની પાસે હોય છતા પણ તેની તરફ કશો મોહ કે આકર્ષણ ન હોય, તો આ વાત ઘણી ઉચ્ચ પ્રકારના કમાલની છે, માટે જ તેઓએ આ મર્તબો હાંસીલ કરવા માટે દુનિયા હાંસીલ થવાની દરખાસ્ત કરી હતી."

★હઝરત ઈમામ શાફઈ(રદીયલ્લાહોત્આલાઅન્હો) ફર્માવતાં હતાં કે, "જો કોઈ એવી વસિયત કરે કે મારો માલ તેને આપવો જોઈએ જે સૌથી વધુ અક્કલમંદ હોય, તો હું કહીશ કે તેને આપવો જોઈએ કે જે દુનિયાથી તદ્દન નિર્લેપ છે."

★હઝરત હસન બસરી(રદીયલ્લાહોઅન્હો)ફર્માવતાં હતાં કે, "તમામ લોકો કબ્રોમાંથી નગ્ન અવસ્થામાં ઊઠાવવામાં આવશે સિવાય કે જેઓ દુનિયાથી નિર્લેપ છે."(તેઓને આઅવસ્થામાં ઉઠાવવામાં નહીં આવે.)

★હઝરત અબ્દુલ્લાહ બીન મસ્ઉદ(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતા કે, "જે વ્યક્તિ સૌથી વધુ દુનિયાથી નિર્લેપ હશે, તે જ સૌથી વધુ સારા કાર્યો કરી શકશે."

★હઝરત હમ્માદ બીન ઝૈદ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, "દુનિયાની નિર્લેપતાથી વધીને કોઈ વસ્તું શૈતાનની કમર તોડ્નારી નથી."

★હઝરત ઈબ્નુસ્સીમાક(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે,

"દુનિયાની નિર્લેપતાની વાતો માત્ર કિતાબોમાં રહી ગઈ છે અને તેનો કરવાવાળો અમને મળતો નથી." (આ વાત આજથી ૯૦૦ વર્ષ પહેલાંની છે, તો આજની પરિસ્થિતિ અને લોકોની હાલત શું હશે? જેની કલ્પના જ ધ્રુજાવી દેનારી છે. અલ્લાહની પનાહ...) હકીકત તો એ છેકે (દુનિયાથી નિર્લેપતા કે દુનિયાના ત્યાગનો અર્થ એ જ છે કે અલ્લાહત્આલાની યાદથી ગાફીલ કરનારા કારણોને દુર હટાવવા. જે વસ્તુ પણ તને અલ્લાહની યાદથી ગાફીલ કરે તે દુનિયામાં સમાવિષ્ટ છે, અને તેનો ત્યાગ કરવો એટલે જ દુનિયાથી નિર્લેપતા છે, નહીં કે બીવી, બાલ-બચ્ચાઓ અને સંસારનો ત્યાગ કરીને જંગલો અને પહાડોમાં ચાલ્યા જવું. આ તો **રહેબાનીયત** છે જેની ઈસ્લામે મનાઈ કરી છે અને મેં જ્યારે આ ગાફીલ કરનારા કારણો ને દુર હટાવવા વિશે ખૂબ ચિંતન-મનન કર્યુ તો મને નક્શબંદી તરીકાનો **ઝીક્રે કલ્બી** ખૂબ જ ફાયદાકારક જણાયો, કારણ કે તેના વડે ગફલતથી સંપૂર્ણપણે છુટકારો હાંસીલ કરી શકાય છે. અને આ ગફલતથી છુટકારો એટલે જ દુનિયાથી નિર્લેપતા. કારણકે અલ્લાહ-ત્આલા કુર્આને પાકમાં એક જગ્યાએ ફર્માવે છે કે, *રીજાલુલ્લા તુલ્હીહીમ તીજારતુવ્વલા બયઉન અન ઝીક્રીલ્લાહ* (**અર્થાત**:- મારા બંદાઓ એવા લોકો છે કે જેઓને વેપાર કે ખરીદ-વેચાણ મારા ઝીક્રથી ગાફીલ કરતાં નથી.) તો આ રીતે મર્દએ જ છે તેમજ અલ્લાહનો સાચો બંદો એ જ છે કે તેને દુનિયાનો કોઈ કારોબાર, દુનિયાની કોઈ સત્તા-સંપત્તિ કે વેપાર ધંધો અલ્લાહની યાદથી કયારેય ગાફીલ કરી શકતા નથી. પછી ચાહે તો તે મોટા મહેલ કે બંગલામાં રહેતો હોય કે, ઝુંપડામાં રહેતો હોય તેના માટે બંને બરાબર હોય છે. નક્શબંદી તરીકામાં આ મકામને જ **દવામેહુઝુર** (હંમેશા દિલનું અલ્લાહ તરફ ધ્યાનીત હોવું)કહેવામાં આવે છે. અને આ તરીકામાં દવામે હુઝુર કામીલ પીરની પ્રથમ તવજ્જોહ્માં જ તાલીબને હાંસીલ થઈ જાય છે. માટે આ તરીકો આજના અતિઆધુનીક યુગમાં તાલીબો માટે ઘણો જ સરળ અને આસાનીથી કુર્બે ઈલાહીની પ્રાપ્તિ કરાવનારો છે. આ તરીકાની ખૂબીઓ અને સરળતાઓ તેમજ ફઝીલતોની વિશેષ જાણકારી માટે અમારા આગામી પ્રકાશન **અહેવાલુલ્અસ્ફીયા ફી ફઝાઈલે સિલસિલાએ નક્શબંદીય્યાહ** ની પ્રતિક્ષા કરો. -સંકલન કર્તા) (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૯૩) ઈલાહી આદેશોની તાઅ્ઝીમ

કામીલ પીરો અને સુફિયાએ બાસફાની નેક આદતો પૈકી એક આદત એ પણ છે કે તેઓ ઈમામની પાછળ નિય્યત બાંધવામાં ખૂબ જ જલ્દી કરે છે, કારણકે આવું કરવામાં ઈલાહી આદેશની તાઅ્ઝીમ છે અને તેમાં વિલંબ કરવો તેને ઉતારી પાડવા સમાન છે. અને આવી ઉતાવળ કરવાનું કારણ એ નથી કે

તેઓને વધું સવાબ મળશે અથવા તો નમાઝમાં અલ્લાહત્આલા સાથે નિકટતા અને સહવાસ હોય છે અને આ નિકટતા તથા સહવાસ ઘણાં જ આનંદદાયક હોય છે માટે જેટલી હદે જલ્દી કરવું શકય હોય કરી લેવામાં આવે કારણકે આ બંને હેતુઓમાં નફસની દખલગીરી છે. અને જે વ્યક્તિ પોતાના નફસની ગરઝો માટે આવું કરે છે તે પોતાના નફસને ખુશ કરી રહ્યો છે. બલ્કે તે લોકોનો આ ઉતાવળ કરવા પાછળનો હેતુ માત્ર ઈલાહી આદેશોની તાઅ્ઝીમ કરવાનો અને તેને હકીર સમજવાથી બચવાનો હોય છે.

તો હે ભાઈ, તું આ વાતને ખૂબ સારી રીતે સમજી લે અને હુકમે ખુદાવંદી પર અમલ કરવામાં હંમેશા તત્પર રહે તેની પાછળનો તારો આશય માત્ર હુકમે ખુદાવંદીની તાઅ્ઝીમ અને તેને તુચ્છતાથી બચાવવાનો જ હોવો જોઈએ. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

⋆ (૯૪) દુનિયાના મહત્વનો ત્યાગ

કામીલ પીરો અને સુફિયાએ બાસફા લોકોના અનેક સદ્દ્ગુણો પૈકી એક એ પણ છે કે, તેઓની નિકટ દુનિયાની કોઈ જ કદર-કિંમત હોતી નથી. અને તેઓ જનાબ રસુલે અકરમ સલલ્લાહો અલયહે વસલ્લમના આ ઈર્શાદ પર અમલ કરવા માટે કે, "દુનિયાના પણ ફરઝંદો હોય છે અને આખેરતના પણ,તમે આખેરતના ફરઝંદો બનો." કે જેઓ દુનિયાને એક જઝટકે છોડીદે.

⋆તેમજ હદીષશરીફમાં આવ્યું છે કે, જનાબ રસુલેકરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એક કૌમની કચરો ફેંકવાની જગ્યા(ઉકરડો) પાસે રોકાયા તો આપે એક મરેલી બકરી જોઈ જે નિહાળીને આપે તેનો કાન પકડયો અને ફર્માવ્યું કે, "જુઓ છો આ પોતાના ઘરવાળાઓની નિકટ તદ્દન નિર્થક થઈ ગઈ." લોકોએ અર્ઝ કરી, "હુઝુર, તેની નિર્થક્તાના કારણે જ તો તેને અહીં ફેંકી દીધી છે." તેઓના આ પ્રત્યુત્તર પર આપે ફર્માવ્યું કે, "દુનિયા અલ્લાહ ત્આલાની નિકટ આનાથી પણ વધુ નિરર્થક છે, કે જેટલી હદે આ બકરી તેના ઘરવાળાઓની નિકટ નિરર્થક છે."

⋆હઝરત અબુ આઝીમ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, "જે લોકો દુનિયાને બહું મોટી ચીઝ સમજે છે, તેઓને અલ્લાહત્આલા સામે ઊભા રાખવામાં આવશે અને કહેવામાં આવશે કે, 'આ એ લોકો છે કે જેઓ એ વસ્તુને સાર્થક સમજતા હતાં, જેને ખુદા નિરર્થક સમજતો હતો.' આ સાંભળીને શરમના માર્યા તેઓના ચહેરાનું ગોશ્ત પડી જશે." ખુલાસો એ છે કે જે વ્યક્તિ એવો દાવો કરે છે કે, તે ખુદાથી મોહબ્બત કરે છે, છતાં તે દુનિયાથી પણ મોહબ્બત કરતો હોય તો તે જુઠ્ઠો છે કારણકે મોહબ્બત કરવાવાળા માટે અત્યંત જરૂરી છે કે તે એ વસ્તુને નાપસંદ કરે કે જેને તેનો મહેબુબ નાપસંદ કરતો હોય.

⋆હઝરત માલિક બીન દીનાર(રહેમતુલ્લાહઅલયહ) ફર્માવતાં હતાં કે, "અલ્લાહત્આલા ફર્માવે છે કે, ' આલીમ જ્યારે પોતાની નફસાની ખ્વાહીશોને મારી તાબેદારી પર અગ્રતા આપે છે, તો સૌથી મામુલી વર્તાવ હું તેની સાથે જે કરૂં છું તે એ છે કે તેને હું મારી આહ્લાદાયક વાણીથી(કલામ)વંચીત કરી દઉં છું.'" (એટલે કે ગુનાહની બીલકુલ સામાન્ય ખરાબી એ છે કે તેનાથી ઝીકુલ્લાહની તૌફીક સલ્બ કરી લેવામાં આવે છે. અલ્લાહની પનાહ...)

⋆હઝરત અબુ સુલયમાન દારાની(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, "સુકી રોટી પણ દુનિયાથી ડરતાં ડરતાં ખાવ, અને પોતાને આ સ્થિતિમાં પણ દુનિયાથી નિર્લેપ કદાપી ખ્યાલ ન કરો કારણકે જરાક અમસ્થી દુનિયાથી ખૂબ જ થઈ જાય છે અને આદમીને તેનું ભાન પણ નથી રહેતું" (ખુલાસો એ છે કે, આદમીને દુનિયાથી જરાક અમસ્થો જ સંબંધ થઈ જાય કે જે દરેક માટે જરૂરી હોય છે, તો પણ તેણે દુનિયાથી ગાફીલ ન રહેવું જોઈએ કારણકે જેવો તે ગાફીલ થયો કે દુનિયા તેની ઉપર સવાર થઈ ગઈ)

⋆હઝરત સુફીયાન બીન અયનીય્યાહ(રહેમતુલ્લાહઅલયહ) ફર્માવતાં હતાં કે, "સુફિયાએ કિરામ ઝીકુલ્લાહ એટલા માટે કરે છે કે દુનિયા તેનાથી દુર રહે કારણકે તેની ખાસિયત છે કે જ્યાં સુધી લોકો ખુદાની યાદમાં હોય છે ત્યાં સુધી તેઓથી દુર રહે છે. અને જ્યારે તેને(ઝીકને)છોડીને વેર-વિખેર થઈ જશે કે તુરંત જ તેઓની ગરદન પકડી લેશે." આ વાતને ખૂબ જ સમજી લેવી જોઈએ. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

⋆ (૯૫) લાજ-શરમ

કામીલ પીરો અને સફીયાએ બાસફા લોકોના સદ્દ્ગુણો પૈકી એક એ પણ છે કે તેઓ વારંવાર પેશાબ પાખાનામાં જવાથી શરમ અનુભવે છે અને માટે જ તેઓ વધુવાર જતાં નથી અને તેની સુરત એ હોય છે કે તેઓ ખાણું ખાવામાં શરીઅતની હદમાં રહે છે તેમજ વધુ પ્રમાણમાં તો હુઝુર નબીએપાક સલલ્લાહો અલયહે વસલ્લમના અનુસરણમાં હંમેશા ભુખ્યા જ રહે છે.

⋆હઝરત અબ્દુર્રહમાન બીન અબી નઅ્મ(રહેમતુલ્લાહ અલયહ)દર પંદર દિવસે એકવાર ખાણું ખાતા હતાં આ વાતની જાણ જ્યારે હજ્જાઝ્ બીન યુસુફને થઈ તો તેણે તેઓને બોલાવ્યાં અને એક મકાનમાં બંધ કરી દીધા જ્યારે પંદર દિવસ પછી ખોલ્યું તો જોયું કે તેઓ ઊભા થઈને નમાઝ પઢી રહ્યાં હતાં.

⋆હઝરત અબ્દુલ્લાહ બીન ઝુબૈર(રહેમતુલ્લાહ અલયહ) એક અઠવાડીયા સુધી ભુખ્યા રહેતો હતાં માત્ર શનીવારના રોજ ખાણું ખાતા હતાં.

⋆હઝરત ઈમામે આઝમ અબુ હનીફા(રદીયલ્લાહો ત્આલા અન્હો)

ખૂબ જ અલ્પ માત્રમાં ખાણું ખાતાં હતાં અને એટલું ખાતા હતાં કે જેટલું એક પક્ષી ખાય છે. તેમજ તેઓના ઘરમાં એક બોરીયા સિવાય કશું જ ન હોતું.

★હઝરત ઈમામ અવઝાઈ(રહેમતુલ્લાહઅલયહ)પુરા મહિના દરમ્યાન માત્ર એકવાર જાજરૂ માટે જતાં હતાં અને ત્યારબાદ આપ મહિનામાં બે વાર જવા લાગ્યાં તો તેમની વાલેદાહ તેઓના દોસ્તોને કહેતી હતી કે, ‘‘અબ્દુર્રહેમાન માટે દુઆ કરો કે તેઓને ઝાડા થઈ ગયા છે.’’ અને હઝરત માલિક બીન દીનાર(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ‘‘હું ત્રણ દિવસમાં એકવાર જાજરૂ જાઉં છું, પરંતુ તેનાથી પણ શરમ અનુભવુ છું.’’ આ પ્રમાણેની જ હાલત હઝરત ઈમામ માલિક, અને હઝરત ઈમામ બુખારી (રહેમકોમુલ્લાહ ત્આલા અલયહીમ અજમઈન)ની હતી.

★હઝરત સુફીયાન સૌરી અને હઝરત ઈબ્રાહીમ બીન અદ્દહમ (રહેમકોમુલ્લાહ અલયહીમ અજમઈન) જયારે હલાલ ખાણું હાંસીલ કરી શકતાં નહીં ત્યારે પંદર-પંદર દિવસ બલ્કે તેનાંથી પણ વધુ દિવસો સુધી માત્ર રેતી ફાંકતા હતાં.

★અમને એ વાતની જાણકારી પ્રાપ્ત થઈ છે કે હઝરત અબુ અક્કાલ મગરબી(રહેમતુલ્લાહ અલયહ)દર છ મહિને માત્ર એકવાર ખાતાં હતાં ‘ મેં હઝરત શૈખ અલી મરસ્ફી(રહેમતુલ્લાહ અલયહ)થી સાંભળ્યું છે કે,‘ તેઓ ફર્માવતાં હતાં કે, ‘‘હઝરત શૈખ ઈસા બીન નજમ(રહેમતુલ્લાહ અલયહ) જેઓનો મઝાર ભુમધ્ય સમુદ્રના કિનારા પર છે તેઓ સત્તર (૧૭)વર્ષ સુધી ખાધા પીધા વગર અને નીંદર કર્યા વગર એક જ વઝુની સાથે રહ્યા.’’

(તો હે બુઝુર્ગીનો જુઠ્ઠો દાવો કરનાર ! તું માત્ર સત્તર દિવસ કે સત્તર કલાક જ એક વઝુની સાથે રહીને દેખાડ. પીરપદ હાંસીલ કરવું અને શૈખીનો દાવો કરવો કોઈ આસાન વાત નથી. હંમેશા બા-વઝુ રહેવું એ અંબિયાએ કિરામની સુન્નત છે. પીર જો હંમેશા બા-વઝુ રહેશે તો જ મુરીદો કે તાલીબોને ફૈઝ અને અન્વારો પહોંચાડી શકશે. - સંકલન કર્તા)

★હઝરત અબુ ઉસ્માન ખૈરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ‘‘તલબની પ્રારંભીક અવસ્થામાં અને મારી સફરના જમાનામાં એક એક વર્ષ સુધી મને ખાવા પીવાનો વિચાર પણ ન હોતો આવતો હા, કોઈ જગ્યાએથી કશું આવી જતું તો અલગ વાત હતી.’’

તો હે ભાઈ, સલ્ફસાલેહીન આટલી હદે ભુખ, પ્યાસ સહન કરતાં હતાં અને વારંવાર જાજરૂ પેશાબ જવાથી પરહેઝ કરતાં હતાં અને તેની પાછળ તેઓને હેતુ અલ્લાહત્આલાથી હયા અને શરમ હતી કારણકે જાજરૂમાં જઈને વારંવાર સતરેઔરત(શર્મ ગાહ) ખોલવાને તેઓ બેહયાઈ સમજતાં હતાં.

માટે આ વાત પર તું ખૂબ જ વિચાર કર અને તેની ઉપર અમલ માટે પૂરો પ્રયત્નશીલ રહે. કારણકે હંમેશા બાવઝુ રહેવામાં સેંકડો રૂહાની, અને જિસ્માની ફાયદાઓ રહેલા છે. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૯૬) દુનિયાથી સંબંધ તોડવો

કામીલ પીરો અને સફીયાએ ઉઝ્ઝામના ઉત્તમ સદ્ગુણો પૈકી એક એ પણ છે કે, જો કે આ હઝરાતો દુનિયાતો છોડી ચુકયા હોય છે, અને તેનાથી બિલ્કુલ ખાલી હાથ હોય છે એટલા માટે તેનાથી બચવાને તેની પ્રાપ્તિ કરતાં અગ્રતા અર્પે છે. એટલું જ નહીં પરંતુ તેઓ તો તેનાથી ખાલી હાથ રહેવાને, તેને એકઠી કરવા અને તેને એકઠી કરીને ખુદાની રાહમાં ખર્ચવા કરતાં પણ વધુ અગ્રતા આપે છે; અને માત્ર એક જ વિચારના કારણકે એકઠી કર્યા પછી કદાચ તેનો હક્ક અદા ન થઈ શકે, માટે તેનાથી દુર રહેવું જ સારું છે એટલા માટે અમુક હઝરાતો તો ફરમાવે છે કે, હે એ વ્યક્તિ જે દુનિયા એ હેતુથી તલબ કરે છે કે તેના વડે બીજાઓને ફાયદો પહોંચાડુ, તો તું એવા વ્યર્થ ખ્યાલમાંથી બહાર નીકળ. તારું તેને છોડી દેવું એ જ વધું નફા કારક છે.

★હઝરત હસન બસરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ‘‘જે વ્યક્તિ તમામ કામોને છોડીને પોતાના પરવરદિગારની ઈબાદતમાં લાગી જાય એ તેનાથી સારું છેકે જે ઈબાદત છોડીને બાલ-બચ્ચાઓ માટે કમાણીની ચિંતામાં લાગેલો રહે.’’

★હઝરત ઈબ્રાહીમ બીન અદ્દહમ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ‘‘તમારામાં અને અસલી સુફીઓમાં ખૂબ જ તફાવત છે તેઓની હાલત તો એ હતી કે દુનિયા તેઓની તરફ આવતી હતી અને તેઓ ભાગતાં હતાં અને તમારી હાલત એ છે કે દુનિયા તમારાથી ભાગી રહી છે અને તમે પીછો કરી રહ્યા છો.’’

★એક રાત્રે હઝરત ઈસા(અલયહીસ્સલામ)એક એવી વ્યકિત પાસેથી પસાર થયા કે, જે ઊંઘી રહ્યો હતો. અને ત્યાં અન્ય પણ કેટલાક લોકો હતાં, જેઓ ઊભા થઈને નમાઝ પઢી રહ્યા હતાં. તો આપે તેને ફર્માવ્યું કે, ‘‘મિંયા, ઊઠો અને તમે નમાઝ પઢો.’’ તો તેણે જવાબ આપ્યો કે, ‘‘મેં ખુદાની એવી ઈબાદત કરી છે કે જે સૌથી ચઢિયાતી છે.’’ તો આપે ફર્માવ્યું, ‘‘એ કઈ ઈબાદત છે?’’ તેણે કહ્યું કે, ‘‘તે એ છે કે મેં દુનિયા તર્ક કરી દીધી છે.’’ આ વાત પર હઝરત ઈસા અલયહીસ્સલામે તેને ફર્માવ્યું કે, ‘‘સારું, સુતો રહે કારણકે તું તમામ ઈબાદતો કરવાવાળાથી ચઢિગયો છે.’’

સુફિયાએ કિરામ આ પ્રકારના સદ્ગુણો વડે આભુષીત હતાં, તો હે ભાઈ, તું પણ દુનિયાથી નિર્લેપ બનીને ખુદાની બંદગી કર, તો જોતું તારા

દાવામાં સાચો છો, નહીંતર પીર હોવાનો અને સુફી હોવાનો ખોટો દાવો છોડી દે. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

⋆ (૯૭) મુસલમાનો પ્રત્યે સારો અભિગમ

કામીલ પીરો અને સુફિયાએ ઉઝઝામના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે, જ્યારે તેઓ કોઇને જુએ છે કે તે લોકોથી તદ્દન વિમુખ બનીને પહાડો વગેરેમાં જઇને રહેવા લાગ્યો છે, અને પાછું એ પણ જુએ છે કે તે લોકોની પાસે આવતો જતો પણ રહે છે, તેમજ દાવતોમાં પણ સામેલ થાય છે તેમજ તેઓના મૈયતની કફન દફનમાં પણ સામેલ થાય છે, તો તેઓ આ વાતને કોઇ ખરાબ દૃષ્ટિએ ન હોતા જોતાં કે તેના માટે કોઇ ખરાબ વિચાર લાવતાં ન હોતા બલ્કે મુસલમાનોની સાથે નેક વર્તણુક માટે આવશ્યક તો એ છે કે તેના આ કાર્યને એ વાત પર અનુમાનીત કરવું જોઇએ કે તે આવું માત્ર ખુદા માટે જ કરી રહ્યો છે તો આ રીતે ખબરદાર, તમે ક્યારેય એવા શખ્સ માટે કે જે કોઇ જંગલ કે પહાડોમાં જઇને રહેવા લાગ્યો છે અને પછી તે લોકો સાથે હળતો ભળતો પણ હોય છે, તેના માટે બદ-ગુમાની ન કરો. બલ્કે તમારા માટે જરૂરી છેકે તેના માટે સારા વિચાર કરો. આ વાતને ખૂબ સમજી લવી જોઇએ અને કોઇ અદના મુસલમાન માટે પણ ક્યારેય બદગુમાની ન કરવી જોઇએ.

વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન

⋆ (૯૮) રોઝીની પ્રાપ્તી માટેની વ્યવસ્થાનો ત્યાગ

કામીલ પીરો અને સુફિયાએ બાસફા લોકોના સદ્ગુણો પૈકી એક સદ્ગુણ એ પણ છે કે, તેઓ રીઝકની પ્રાપ્તિ માટે કશી જ તૈયારીઓ કરતાં નથી. અને જ્યારે કોઇ રાત એવી પસાર થાય છે કે તેઓની પાસે દીરહમ કે દીનાર નથી હોતા તો(ગમગીન કે નિરાશ થવાના બદલે)તેઓ ઘણા જ ખુશ થાય છે. અને શુક્ર અદા કરે છે. (કે આજ ખુદાએ અમને બુરી બલાથી બચાવી લીધા) તેમજ તેઓ આવતી કાલ માટે ખાણું પણ રાખતા ન હોતા. (બલ્કે જે કાંઇ મળે છે તેને દરરોજ ખર્ચ કરી નાંખે છે) અને જ્યારે ક્યારેક એવું બને છે કે તેઓ પૈકી કોઇ એક દિવસ, કે એક અઠવાડિયું કે એક વરસનો ખોરાક રાખી લે છે તો એ(ખોરાક)તે લોકોના નામે હોય છે, કે જેનો બોજ તેઓની ઉપર હોય છે. (જેમ કે બીવી, બાલ-બચ્ચા, મા-બાપ વગેરે)અને પોતાના નામે કશું હોતું નથી. અને તેનું કારણ એ નથી હોતુ કે ખુદા પર ભરોસો નથી, કે તે તેના બાલ-બચ્ચા વગેરે ને ખાવાનું નહીં આપે, બલ્કે આનાથી(આ સંગ્રહ કરવાથી) તેઓનો હેતુ એ હોય છે કે, ખુદ બાલબચ્ચાઓની એ પરેશાનીઓ દુર થાય કે જે તેઓની પાસે કશું જ ખાવાનું નહીં હોય ત્યારે પૈદા થશે. અમુક લોકોએ એવું

પણ કહ્યું છેકે, ફકીર ક્યારેક ક્યારેક એ ખોરાકને પણ પોતાની પાસે રાખી લે છે, જેના વિશે તેને કશ્ફ વડે જાણકારી હાંસીલ થઇ જાય છે કે આ તેની જ તકદીરની રોઝી છે. અને તે બીજો કોઇ ખાઇ શકતો નથી. (એટલા માટે કોઇને આપવું વ્યર્થ છે) પરંતુ મેં હઝરત સૈયદી અલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ) પાસે આ અનુસંધાને સાંભળ્યું છે કે, તેઓ ફર્માવતાં હતાં કે, ‘‘આરીફનો કમાલ એ છે કે જ્યારે તેને જાણ થઇ જાય કે ફલાણી વસ્તુ પોતાની જ તકદીરની રોઝી છે(અને બીજો કોઇ તેને ખાઇ શકતો નથી)તો તેને રોકી ન રાખે બલ્કે તે તરત જ આપી દે. અને જ્યાં સુધી તે તેઓની પાસે નિશ્ચિત સમયે પાછી ફરીને ખુદ જ ન આવી જાય ત્યાં સુધી સબ્ર કરે. કારણ કે આ વાતમાં તે વસ્તુને રોકી રાખવા કરતાં દુનિયામાં ખાલી હાથ હોવાને અગ્રીમતા હાંસીલ છે. તેમજ આ વસ્તુ રોકી રાખવાથી કોઇ ફાયદો પણ નથી.’’

⋆મેં હઝરત શૈખ અલી નબતીતી બસીર(રહેમતલ્લાહ અલયહ)થી સાંભળ્યું છે કે તેઓ ફર્માવતાં હતાં કે, ‘‘જે ફકીર હઝરત ખીઝર(અલયહી-સ્સલામ)થી મુલાકાત ઇચ્છે છે, તેના માટે જરૂરી છે કે તેઓ આગળના દિવસનું ખાણું સંગ્રહી ન રાખે. કારણકે જેઓ આગળના દિવસ માટે ખાણું રાખે છે તેનાથી તેઓ મળતાં નથી.’’

⋆હઝરત ખીઝર (અલયહીસ્સલામ)નો એ નિયમ છે કે તેઓ કામેલીન (અંતિમકક્ષાએ પહોંચેલ મુરીદકે તાલીબ)થી જાગૃત અવસ્થામાં જ મુલાકાત ફર્માવે છે. અને મુબ્તદીઓ(પ્રારંભીક કક્ષાના મુરીદ)થી ખ્વાબમાં મળે છે કારણકે મુબ્તદી તેઓની જાગૃત અવસ્થાની મુલાકાતને સહન કરી શકતાં નથી. આ જ કારણસર તેઓ ખ્વાબમાં આવીને તેને તરીકા(સુફીવાદ નો એ તરીકો જેની પર તે ચાલી રહ્યો છે)વિશે એ વાતો ની તાલીમ આપે છે, જેને તેઓ જાણતા નથી.

⋆હઝરત અબુ અબ્દુલ્લાહ યન્સરી(રદીયલ્લાહોત્આલા અન્હો) જેઓ દરબારે રિસાલતમાં હાજર થનારાઓ પૈકી એક શખ્સ હતા, જેની સાથે હઝરત ખિઝર (અલયહીસ્સલામ)જાગૃત અવસ્થામાં જ મુલાકાત ફર્માવતાં હતાં અને ઘણીવાર સુધી વાતચીત કરતાં રહેતાં હતાં ત્યારબાદ તેઓએ જાગૃત અવસ્થામાં મળવાનું બંધ કરી દીધું અને ખ્વાબમાં તશ્રીફ લાવવા લાગ્યા. તેઓએ તેનું કારણ પૂછ્યું કે, ‘‘આપ જાગૃત અવસ્થામાં હવે કેમ મળતાં નથી?’’ તો તેઓએ જવાબ આપ્યો કે, ‘‘અમારી આદત છે અમે એ વ્યક્તિથી જાગૃત અવસ્થામાં નથી મળતાં જેઓ આગલા દિવસ માટે ખાણું મુકી રાખે છે અને તમે ફલાણા સમયે તમારી બીવીને કહ્યું હતું કે, ‘‘આ દિરહમ અલ્મારીમાં રાખી દે કાલે કામ આવશે.’’ જે સાંભળીને હઝરત અબુ અબ્દુલ્લાહ

(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ અર્ઝ કરી કે, ‘‘આ વાત તદ્દન સાચી છે. પરંતુ મેં તેનાથી તૌબાહ્ કરી લીધી છે.’’ પરંતુ છતાં પણ ત્યારબાદ આપ તેઓને જાગૃત અવસ્થામાં ક્યારેય મળ્યા નહીં ત્યા સુધી કે તેઓનો ઈન્તિકાલ થઇ ગયો. અને આ ઘટના તેઓએ પોતાની મૃત્યુવેળાની બિમારીમાં પોતે જ મારી સમક્ષ વર્ણવી હતી.(હઝરત ઇમામ અ.વહાબ શેઅરાની(રહેમતુલ્લાહ અલયહ)ખુદ ફર્માવે છે)

⋆એકવાર હઝરત બાયઝીદે બોસ્તામી(રહેમતુલ્લાહ અલયહ)થી કોઇએ કહ્યું કે, ‘‘આપ કયાંથી ખાવ છો, પીવો છો?’’ આપે ફર્માવ્યું કે, ‘‘જ્યાંથી અલ્લાહત્આલા મચ્છર અને માખીને રીઝક પહોંચાડે છે. શું તમે એવું સમજો છો કે માખી અને મચ્છરને તો તે ખાણું આપશે અને બાયઝીદ ને ભુલી જશે?’’

⋆<u>હઝરત બાયઝીદે બોસ્તામી(રહેમતુલ્લાહ અલયહ) એ એક મુદ્દત સુધી એક ઇમામની પાછળ નમાઝ પઢી. એક દિવસ ઇમામે પૂછ્યું કે, ‘‘અહીંયા હું તમને કશું કમાતો જોતો નથી, તો પછી તમે ખાવો છો કયાંથી?’’ તેના પ્રત્યુત્તરમાં હઝરત બાયઝીદ(રહેમતુલ્લાહ અલયહ) એ ફર્માવ્યું કે, ‘‘પહેલા હું એ નમાઝોની કઝા કરી લઉં જે મેં તારી પાછળ પઢી છે, પછી જવાબ આપીશ. કારણકે તું ખુદાને ઓળખતો નથી અને જે ખુદાને ઓળખતો નથી તેની પાછળ નમાઝ જ થતી નથી.’’</u>

તો હે ભાઇ, સલ્ફસાલેહીન પૈકી મોટાભાગના રીઝકની પ્રાપ્તિ માટે કશી જ વ્યવસ્થા કરતાં ન હોતા, કારણકે **<u>યકીનતર કામીલતર</u>** એ મુજબ યકીન જ તેઓની દૌલત હતી. હવે તું તારા નફસની પરીક્ષા કર કે તે આવતીકાલ માટે ખાણું રાખવા ઇચ્છે છે કે નહીં? અને જો તે તેને રાખવા માટે ઉત્સુક હોય તો તેને કહી દે કે સાલેહીનના મકામો પૈકી તારો કોઇ જ હિસ્સો નથી.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

⋆ (૬૯) મુશીબતો પર સબ્ર કરવી

કામીલ પીરો અને સુફીયાએ બાસફા લોકોના સદ્દ્ગુણો પૈકી એક એ પણ છે કે, તેઓ સખ્તીઓ અને મુશીબતોને ખુશી મઝા અને તવંગરી પર અગ્રતા આપે છે. કારણકે તેના દ્વારા ખુદા તરફ ધ્યાનીત થઇ શકે છે અને જે વ્યક્તિ પણ ખુદાત્આલાથી મોહબ્બત કરે છે, તે આ વાતને પસંદ કરશે કે જેના થકી તે કુર્બે ઇલાહીહાંસીલ કરી શકે છે.

⋆હઝરત માલીક બીન દીનાર(રહેમતુલ્લાહ અલયહ)પાસે લોકો ગયા તો તેઓને એ હાલતમાં જોયા કે એક અંધારિયા મકાનમાં બેઠેલા છે અને હાથમાં રોટી છે. જેથી લોકોએ તેઓને પૂછ્યું કે, ‘‘હઝરત, શું તમારી પાસે

ચિરાગ નથી(કે આ અંધારામાં બેઠા છો) શું કોઇ એવી વસ્તું નથી કે જેની ઉપર રોટી રાખો?’’ (કે જેના કારણે હાથમાં રોટી પકડેલી છે) તેઓએ જવાબ આપ્યો કે, ‘‘મને તો મારી ભુતકાળની હાલતો પર પશ્ચાતાપ થઇ રહ્યો છે કે જ્યારે મારી પાસે સર્વકાંઇ હતું.’’ (અને હવે આ હાલતને પસંદ કરું છું કે જ્યારે કશું જ નથી.)

⋆અમીરુલ્મોઅ્મેનીન હઝરત ઉમર ઇબ્ને ખત્તાબ રદીયલ્લાહો ત્આલા અન્હો ફરમાવતાં હતાં કે, "જેને રાત્રે રોટીનો સુકો ટુકડો પણ મળી જાય તો તે મોહતાજ નથી, મોહતાજ તો એ છે કે જેને કશું જ ન મળે.’’

⋆હઝરત ખફઝ બીન હમીદ(રહેમતુલ્લાહ અલયહ)બયાન ફર્માવતા હતાં કે, ‘‘ઉલ્મા, ફુકરા, હુકમા, શોઅ્રા એ તમામની એ વાત પર એકમત છેકે આખેરતની નેઅ્મતોના કમાલનો અહેસાસ(સંવેદના) ત્યારે જ થઇ શકે છે જ્યારે દુન્યવી નેઅમતો તેને ઓછી મળેલી હોય નહીંતર અહેસાસ તો જરૂર થશે પરંતુ ખૂબ જ અલ્પ માત્રામાં.’’

તો હે ભાઇ, કામેલીન લોકો દુન્યામાં જ કયામતની ખૌફનાક ઘટનાઓ જોતા રહેતા હતાં હને તેના કારણે તેઓને દુન્યાની કોઇ વસ્તુમાં મઝા આવતી ન હતી; તો આ રીતે તારે પણ આ વાત પર ખૂબ જ ચિંતન-મનન કરવું જોઇએ અને દરેક ક્ષણે આખેરત અને કબ્રની હોલનાક હાલતોને દષ્ટિ સમક્ષ રાખવી જોઇએ જેને સુફીવાદી-ની જબાનમાં **<u>મુરાકીબાએ એહવાલે કયામત</u>** કહેવામાં આવે છે. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

⋆ (૭૦) સમકાલીન બુઝુર્ગોનો એહતરામ

કામીલ પીરો અને સુફીયાએ બાસફા લોકોના સદ્દ્ગુણો પૈકી એક એ પણ છે કે, જ્યારે કોઇ વ્યક્તિ પોતાની જરૂરત વગેરે અનુંસંધાને તેઓથી દુઆની દરખાસ્ત કરે છે. તો તેઓ પોતાના શહેર કે મોહલ્લામાં રહેતાં પોતાના કોઇ સમકાલીન શૈખની પાસે તેને દુઆ માટે મોકલી દે છે અને શૈખ પ્રત્યે તે વ્યક્તિના એતેકાદને દુરસ્ત કરવાના પ્રયત્નો કરે છે.

⋆અને આ તરીકો હઝરત સૈયદી શૈખ અલી ખ્વાસ (રહેમતુલ્લાહ અલયહ)નો હતો. એટલે કે જ્યારે કોઇ વ્યક્તિ તેઓની પાસે આવતો અને આપનાથી કોઇ વાતની દરખાસ્ત કરતો તો તેનાથી પૂછપરછ કરતાં હતાં કે, ‘‘ભાઇ, તું ક્યા મોહલ્લા(શહેર)નો રહેવાસી છો?’’ જ્યારે તે દેખાડતો તો ફર્માવતાં હતાં કે, ‘‘પોતાના શહેરના શૈખ પાસે જાવ કારણકે અલ્લાહ ત્આલાએ તમારા શહેરના શૈખને એટલા માટે જ ત્યાં રાખ્યા છે કે તેઓ મોહલ્લાવાસીઓ (શહેરવાસીઓ)ની જરૂરત પૂરી કરે.’’

<u>(તો હે ભાઇ આ વાતને ખૂબ સમજી લેવી જોઇએ. સુફીવાદનો પવિત્ર</u>

માર્ગતો દિલની સફાઇ અને નફસની પાકીઝગી હાંસીલ કરવા માટે છે, આ માર્ગમાં ક્યારેય હસદ, કીનો, કપટ, બુગ્ઝ, અદાવત વગેરે પ્રકારના દુર્ગુણો પ્રવેશી શકતાં નથી. પરંતુ આજે અફસોસ તો એ જ છે કે આ પવિત્ર માર્ગના અલમબરદારો(પીરો) વચ્ચે જ ગળા કાપ હરિફાઇ અને હસદ જોવામાં આવી રહી છે. આ રીતે જો આ પવિત્ર માર્ગના રેહબરો જ આવી નિમ્નકક્ષાની દિલની અને રૂહની બિમારીઓમાં સપડાચેલા છે તો તે અન્યના દિલની કે રૂહની સફાઇ કઇ રીતે કરી શકશે ? અને સુફીવાદના આ પવિત્ર માર્ગમાં આ પ્રકારની ખરાબીઓ અને દુષણો ઘુસવાનું કારણ તસવ્વુફના કાલ તેમજ હાલરૂપી ઇલ્મથી નાવાફિક મૌલ્વીછાપ પીરો છે. સુલુકનો માર્ગ પાર ક્ર્યા વિના માત્ર ખિલાફતરૂપી કાગળીયો હાંસીલ કરી લેવાથી કંઇ તસ્ફીયાએ કલ્બ અને તઝકીયાએ નફસ હાંસીલ થઇ જતાં નથી. હાં, તાવીઝ-ધાગાની દુકાન જરૂર ખોલી શકાય છે.અને તેને જ ખિદમતે ખલ્ક (માનવ સેવા) સમજી લેવામાં આવી છે પરંતુ ખરેખર તો તે ખિદમતે ખુદ જ(પોતાની સેવા)છે. કહેવાનો અર્થ એ જ છે કે, જ્યારે સુફીવાદના કાયદા મુજબ કોઇ ઇન્સાન સુલુક-એલલ્લાહના માર્ગને પરિપૂર્ણ રીતે પાર કરીને પછી કોઇ સાહેબે નિસ્બત બુઝુર્ગથી ખિલાફત હાંસીલ કરે છે અને મુરીદો તથા તાલીબોની તરબીય્યત ફરમાવે છે તો જ તેમાં દુર્ગુણોની જગ્યાએ સદ્દગુણો પૈદા થાય છે અને આવો ઇન્સાન જ પીરપદને લાયક હોય છે કારણકે તે હસદ, કીના વગેરેથી પાક થઇ ચુકચો હોય છે અને તે પોતાના સમકાલીન દરેક બુઝુર્ગોનો પુરેપુરો એહતરામ કરે છે અને દરેકનો ખ્યાલ રાખે છે.-સંકલન કર્તા)

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૭૧) ખુદા અને રસુલની મોહબ્બત

કામીલ પીરો અને સુફિયાએ કિરામના સદ્દગુણો પૈકી એક એ પણ છે કે, જ્યારે અલ્લાહત્આલા તેઓથી દુનિયાને વિમુખ કરી દે છે, તો તેઓ ખુશ થાય છે, કારણકે આ હઝરાતો ખુદા અને રસુલથી મોહબ્બત કરે છે અને જે ખુદા અને રસુલને મોહબ્બત કરશે તે દુનિયાને જરૂર નાપસંદ કરશે કારણકે તે ઇબાદતમાં કમાલની પ્રાપ્તિ માટે અવરોધ રૂપ છે. એટલા માટે તેઓનો સૌથી ઉચ્ચકક્ષા -નો સદ્દગુણ એ છે કે તેઓની તરફ જ્યારે દુનિયા ઝુકે છે તો તેઓના દિલ તંગી અનુભવે છે. અને તમે એ વાત પર વિચારો કે, જ્યારે સાહબાએ કિરામ(રીદવાનુલ્લાહે અજમઇન)ને જ્યારે હુઝુર નબીએ- પાક(સલલ્લાહો અલયહે વસલ્લમ)થી મોહબ્બત હતી, તો તેઓની હાલતો કઇ રીતની હતી? કે તેઓ મોટા ભાગના પાસે ન તો સવારના સમયે દીરહમ કે દીનાર હોતા અને ન તો સાંજના સમયે. (અને આ વાત પર ચિંતન થકી જાણવું જોઇએ કે

જનાબ રસુલલ્લાહ સલલ્લાહો અલયહે વસલ્લમની મોહબ્બતનો આધાર જ દુનિયાથી ખાલી હાથ રહેવું છે.) અને માટે જ જનાબ રસુલલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) પોતાની એહલેબૈત તરફની મોહબ્બત અને એહલેબૈતની આપનાથી મોહબ્બતના કારણે એ દુઆ ફર્માવી હતી કે, ''અલ્લાહ મારી આલને બસ ખાવા પુરતુ રીઝ્ક અતા ફર્માવ તેનાંથી વધુ ન આપ.'' અને રીઝ્કની તંગી એટલા માટે જરૂરી છે કે આદમી ખુદા તરફ ધ્યાનીત રહે અને કોઇ રોકવાવાળી વસ્તુ તેના આ ધ્યાનમાં ભંગાણ ન સર્જી શકે. ખાસ કરીને જો કોઇ વ્યક્તિ એવો હોય કે જે ભુખ સહન કરી શકતો ન હોય, તો તેને તો એ વાતની જરૂરત વધુ છે. કારણકે તે રાત દિવસ અલ્લાહ-ત્આલાની તરફ ધ્યાનીત રહેશે. અને તેનાથી બરાબર રોઝી માંગતો રહેશે. અને તેમાં જરાપણ આળસ નહીં કરે.

★હઝરત અબ્દુલ્લાહ બીન મસ્ઉદ(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ''આદમીઓ પર એક એવો સમય આવનારો છે કે જેમાં મોમીન લોંમડીથી વધુ ઝલીલ(બેઆબરૂ) હશે. અને એ રીતે જીવન ગુજારશે કે જે રીતે કીડો સુરકાની અંદર''(જે રીતે સુરકાની અંદર કીડો ખદબદતો હોય છે એ રીતે.)

★હઝરત અબ્દુલ્લાહ બીન અબ્બાસ(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ''જે આદમીથી અલ્લાહત્આલા ત્રણ દિવસ સુધી દુનિયાને રોકી લે(અને તેને ત્રણ દિવસ સુધી ખાવા-પીવાનું ન મળે) અને તે તેની ઉપર સબ્ર કરે તો તેના માટે જન્નત વાજીબ થઇ જશે.''

★હઝરત સૈયદી અલી ખ્વાસ(રહેમતુલ્લાહઅલયહ) ફર્માવતાં હતાં કે, ''જ્યારે આદમી માઅ્રેફતે ઇલાહીના મકામોમાં તરક્કી કરે છે. તો દુનિયા તેનાથી ત્યાં સુધી નફરત કરવા લાગે છે કે જો તે તેને બોલાવે છે, તોપણ તે આવતી નથી. કારણકે તે જાણે છે કે તેના દિલમાં મારી જગ્યા નથી, હું ક્યાં રહીશ.?'' (કારણ કે તેનું દિલ ખુદા અને રસુલની મોહબ્બત વડે ભરેલું છે.)

તો હે ભાઇ, આનાથી જાણવા મળ્યું કે, સુફીવાદના જુઠ્ઠા દાવેદારોની ઓળખ એ છે કે જેમ જેમ તેની ઉંમર વધતી જાય છે, એટલો જ તેનો દુન્યવી સાજો-સામાન વધતો રહે છે આ વાતને ખૂબ સમજી લેવી જોઇએ.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૭૨) દુન્યવી તંગીઓ પર ખુશી

કામીલ પીરો અને સુફીયાએ બાસફા લોકોના સદ્દગુણો પૈકી એક સદ્દગુણ એ પણ છે કે, જેટલી હદે અલ્લાહત્આલા તરફથી તેઓના દુન્યવી મામલાઓમાં તંગીઓ આવે છે, તેટલી હદે તેઓ ખુશ થાય છે. અને કહે છે કે

જો અલ્લાહત્આલાને અમારી સાથે મોહબ્બત ન હોત તો અમારા આ મકસદોમાં તંગી કરવામાં ન આવતી કે જે અમને તેનાથી રોકનારા છે.

★હઝરત માલીક બીન દીનાર(રહેમતુલ્લાહઅલયહ)ફર્માવતાં હતાં કે, ‘‘મને મારા ઉસ્તાદ હઝરત અબ્દુલ્લાહ રાઝી રહેમતુલ્લાહ અલયહે ફર્માવ્યું કે, ‘ જો તું ખુદાની નિકટતા ચાહે છે, તો પોતાની અને પોતાની દુન્યવી લાલસાઓ વચ્ચે દિવાલ ઊભી કરી દે.’’ (એટલે કે નફસાની મનેચ્છાઓ તદ્દન છોડી દે.)

★હઝરત ઉમર બીન અબ્દુલઅઝીઝ(રદીયલ્લાહો અન્હો) ફર્માવતાં હતાં કે, ‘‘તમે પોતાના દિલમાં પોતાની ખ્વાહીશાતોને મારી નાંખો અને પોતાની જાતને તેની તલબ પાછળ બરબાદ ન કરો. કારણકે જે વ્યક્તિ પોતાની ખ્વાહીશાતોને પોતાના પગ નીચે કચડી નાંખશે શૈતાન તેના પડછાયાથી પણ ભાગશે. તેનાથી ઉલટું, જે વ્યક્તિ તેને(ખ્વાહીશાતો)ને પોતાના દિલમાં સ્થાન આપશે શૈતાન તેની ઉપર સવાર થઈને જે તરફ ઈચ્છશે તે તરફ ફરશે. કારણકે ખુદાત્આલા તેના ગુનાહની સજારૂપે શૈતાનને તેની ઉપર કાબુ અર્પી દેશે.’’

★હઝરત અબ્દુલ્લાહ બીન અબ્બાસ(રદીયલ્લાહો ત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ‘‘ખૂબ નજીકના સમયમાં લોકો પર એક એવો યુગ આવશે કે તેનો હેતુ માત્ર પેટ ભરવાનો હશે. અને તેનો દીન તેની ખ્વાહીશે નફસાની (એટલે કે પોતાના વિચારો અને મનચ્છાઓનું નામ જ દીન રાખી દેશે) અને તેઓની તલવાર તેઓની જીભ હશે.’’ (જેમ ફાવે તેમ વ્યર્થ બકવાસ કર્યા કરશે)

★અને સુફીયાએ કિરામના આ સદ્ગુણ કે દુન્યવી તંગીઓથી તેઓ ખુશ થતાં હતાં તે પેટે તેઓની દલીલ એ છે કે, ‘જનાબ રસુલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફર્માવ્યું કે, ‘‘દોઝખ ખ્વાહિશાતો વડે ઘેરાયેલી છે અને જન્નતના પસંદીદા વાતો વડે.’’ (તો જે વ્યક્તિ ખ્વાહીશાતો નું અનુસરણ કરશે તે દોઝખમાં પહોંચશે અને જે વ્યક્તિ નાપસંદ વાતો સહન કરશે તે જન્નતમાં દાખલ થશે.)

તો હે ભાઈ, બુઝુર્ગાને દીન અને સુફિયાએ કિરામે આ રીતે પોતાના માટે દુનિયાની તંગી એટલે અપનાવી કે જેના કારણે તેઓ અલ્લાહ અને તેના રસુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મોહબ્બત -માં ડૂબેલા રહે અને તેઓની તવજ્જોહ્ હંમેશા અલ્લાહની ઝાત તરફ રહે.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૭૩) સાદો પોશાક

મનકી આંખે ખોલ

કામીલ પીરો અને સુફીયાએ બાસફા લોકોના સદ્ગુણો પૈકી એક એ સદ્ગુણ પણ છે કે, તેઓ ખૂબ કિંમતી પોશાક માટે કશું આયોજન કરતાં ન હોતાં બલ્કે મોટો-જોટો જેવો પણ હલાલ તરીકાથી પોશાક મળી જતો તેને પહેરી લેતાં હતાં અને જ્યારે તેઓ સુફ(ઉન)નો જભ્ભો કે અમામો પહેરતા તો વધુ કિંમતનો ખરીદતાં ન હતા. જ્યારે આજકાલના સુફિઓ તો જ્યારે સુફ(ઉન)નો જભ્ભો કે અમામો પહેરે છે, તો તે વેપારીઓના કપડાથી પણ વધુ કિંમતી હોય છે. હાં, એ લોકો કે જેઓ પોતાની તમામ તદબીરો અલ્લાહ ત્આલાની સામે ફના કરી ચુક્યા છે(આવા લોકો આ પ્રકારની ટીકા, ટીપ્પણથી પર છે અને તેઓને ઈજાઝત છે કે તેઓ જે ઈચ્છે પહેરે પરંતુ શર્ત એ છે કે તે મુબાહ્ હોય. કારણકે ફના ફીલ્લાહના મર્તબા સુધી પહોંચી ગયેલા લોકોની પોતાની કોઈ ખ્વાહીશ હોતી નથી તેનું દરેક કાર્ય અલ્લાહની રઝા માટે જ હોય છે અને તેઓ પોતાના ઈલ્હામ પર અમલ કરનારા હોય છે.)

★હઝરત હાતિમ અસમ(રહેમતુલ્લાહ અલયહ)પોતે અને તેઓના મુરીદો જૂના-જર્જરીત તેમજ થીગડા મારેલા કપડા સિવાય બીજું કશું પહેરતાં ન હતા.

★હઝરત ઈબ્રાહીમ બીન અદ્હમ(રહેમતુલ્લાહ અલયહ) કાળો ઝભ્ભો પહેરતા હતાં (અને એકવાર પહેરીને તેને ઉતારતાં નહી ત્યાં સુધી કે તે ફાટી જતો અને પહેરવા યોગ્ય ન રહેતો) એક મુરીદે પૂછ્યું કે, ‘‘આ ઝભ્ભો પહેર્યાને કેટલો સમય થયો ?’’ આપે ફર્માવ્યું કે, ‘‘નવ વર્ષથી મેં તે ઉતાર્યો નથી.’’

★હઝરત અલી ઈબ્ને અબી તાલીબ(કરમલ્લાહુ વજ્હુલકરીમ) એ અમીરૂલ્મોઅ્મેનીન હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ(રદીયલ્લાહો અન્હો)થી ફર્માવ્યું કે, ‘‘આપ જનાબ રસુલલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને હઝરત અબુબક્ર સીદ્દીક(રદીયલ્લાહો ત્આલા અન્હો)ની સાથે સામીલ થવા ઈચ્છતા હો તો પોતાના કપડાંમાં થીગડા લગાડો, તમારા જોડા તમે જ બાંધો અને તમારી ઉમ્મીદો તંગ કરો અને એટલું ખાણું ખાવ કે પેટ ન ભરાય.’’

★હઝરત અબુઝર(રદીયલ્લાહો ત્આલા અન્હો)ના ઘરમાં કશો જ સામાન ન હોતો. માત્ર એક લોટો હતો, જેના વડે તેઓ વઝુ કરતાં હતાં. કોઈએ કહ્યું કે, ‘‘હઝરત થોડો ઘણો સામાન તો ઘરમાં જરૂર હોવો જોઈએ.’’ તો આપે ફર્માવ્યું કે, ‘‘માલીકે મકાન(અલ્લાહ ત્આલા)અમને આ ઘરમાં રહેવા દેશે નહીં(તો પછી સામાનને શું કરવો છે?) આપણું ઘર તો બીજું છે, માટે તેના માટે અમે નેક અમલો મોકલી રહયા છીએ.’’ (જે તેનો સામાન છે)

★હઝરત અબુઈદ્રીશ ખોલાની(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં

કે, ‘‘કપડાં ધોવા માટે તૈયારી ન કરો કારણકે કપડાં સાફ હોય અને દિલ મેલું હોય તેના કરતાં દિલ સાફ હોય અને કપડાં મેલા હોય એ વાત હક્કત્આલાને વધુ પસંદ છે.’’

★હઝરત અબ્દુલ્લાહ બીન મસ્ઉદ(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ‘‘સહાબા(રીદ્વાનુલ્લાહે અલયહીમ અજમઈન)ના કપડાં વધુ મોટા(જાડા ખરબચડા)અને દિલ વધુ નરમ હતાં. અને હવે એવો જમાનો આવશે કે લોકોનાં કપડાં નરમ અને દિલ સખ્ત હશે.’’

★હઝરત અબુ ઉબૈદાહ(રદીયલ્લાહોત્આલા અન્હો)ફર્માવતાં હતાં કે, ‘‘એવા ઘણાંય લોકો છે કે જેઓ કપડાંને સફેદ, પરંતુ પોતાના દીનને મેલો કરી રહ્યાં છે.’’

★હઝરત સાબીત બનાની(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ‘‘હું ઘણીવાર કપડાં ધોવાનો ઈરાદો કરું છું અને પછી કંઈક વિચારીને રોકાય જાઉં છું. મોટાભાગે એ વિચાર આવી જાય છે કે તારું દિલ તો સાફ નથી, તો તું કપડાંને શું સાફ કરે છે ? પહેલા દિલને સાફ કર.’’ (તો આ રીતે આ લોકોની પુરી તવજ્જોહ્ (ધ્યાન)માત્ર બાતિનની સફાઈ પર જ રહેતી હતી. કે જે તમામ સદ્ગુણોની જડ છે.)

★હઝરત માલીક બીન દીનાર(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ‘‘હે આલીમ, તારે રેશમી કપડાંથી શી લેવા દેવા ? તારે તો ચરવાહા (ભરવાડ) ની જેમ એક ચાદર અને લાઠી (લાકડી)ની જરૂરત છે અને એ વાત તારા માટે જરૂરી છે કે તું અલ્લાહ ત્આલાના કહેરથી તેની રહેમત તરફ ભાગ અને પોતાના ભાઈઓમાં હક્ક સુબ્હાનહુ ત્આલાની નિકટતાનો ઉમંગ પૈદા કર.’’

★હઝરત યુસુફ બીન અસ્બાત(રહેમતુલ્લાહ અલયહ) ફરમાવતાં હતાં કે, ‘‘હઝરત સુફિયાન સૌરી રહેમતુલ્લાહ અલયહને મેં મક્કાના રસ્તામાં જોયા. મેં તેના કપડાંનો તેના જુતાં સાથે હિસાબ લગાડ્યો તો મારા અંદાજ મુજબ કુલ ૧ દિરહમ અને ચાર દાંગ(એક સિક્કો)ની કિંમતના હતાં.’’ અને જાણવું જોઈએ કે હઝરત સુફિયા આ પ્રકારની નેક આદત માટે આ હદીષેપાક દલીલરૂપે રજૂ કરે છે કે જેમાં આવ્યું છે કે, ‘‘બઝ્ઝાત ઈમાન સાથે સંબંધ ધરાવે છે. અને બઝ્ઝાત નો અર્થ છે જુના કપડાં પહેરવા.’’ તો આ રીતે સાબીત થયું કે જુના કપડાં પહેરવાનો સંબંધ ઈમાન સાથે છે. અને આ જ હેતુ હતો કે આવી સ્થિતિમાં આદમીએ એ વાતની દરકાર ન કરવી જોઈએ કે તેણે કેવા કપડાં પહેર્યા છે.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૭૪) થોડા પર સંતોષ અને ફુઝુલખર્ચીનો ત્યાગ

કામીલ પીરો અને સુફીયાએ ઉઝ્ઝામના સદ્ગુણો પૈકી એક સદ્ગુણ એ પણ છે કે, આ હઝરાતોને જ્યારે હલાલ માલ મળી જાય છે તો તેની ખૂબ જ સાવચેતી પૂર્વક વાપરે છે. કારણકે હલાલ દરેક ઝમાનામાં શખ્શીયતના મર્તબાઓના તફાવત મુજબ અલ્પ માત્રામાં હોય છે. અને મર્તબાઓમા તફાવતના હિસાબે અમે એટલા માટે કીધું કે ક્યારેક એક કૌમના હિસાબે તેની પરિસ્થિતિ મુજબ એક વસ્તુ હલાલ હોય છે, અને બીજી એક કૌમ કે જે વધુ સાવચેતી રાખનારી હોય તેના માટે તે હરામ. (તો આ રીતે દરેક તબક્કાની હલાલપણાની મર્યાદા અનુસાર હલાલની પ્રાપ્તિમાં તફાવત રહેવાનો. દા.ત. જે લોકો વધુ સાવચેતીવાળા છે, તેઓની દ્રષ્ટિએ હલાલ ખૂબ જ અલ્પ પ્રમાણમાં હશે. અને જે ઓછી સાવચેતીવાળા છે, તેના માટે હલાલ વધુ પ્રાપ્ય હશે. તો કહેવાનો હેતુ એ છે કે દરેક તબક્કાની મર્યાદા અનુસાર હલાલની પ્રાપ્તિ હોય છે અને એટલા માટે જ તેના ખર્ચમાં પણ આ હિસાબ અનુસાર જ સાવચેતી રાખવાની જરૂરત છે. અને સલ્ફનો એ કાયદો હતો કે તેઓ હલાલ દિરહમ કમાવાને સૌપ્રથમ અગ્રતા આપતા હતાં. કારણકે આ લોકો નિઃશંકપણે આખેરતના લોકો પૈકી છે. અને એ વાત તો સ્પષ્ટ છે કે જે લોકો હરામ કે શંકાશીલ માલ ખાય છે, તેઓથી નેક આમાલો થઈ શકતાં નથી, કારણકે જે હરામ ખાશે તેનાથી હરામ કાર્યો જ થશે. અને જે શંકાશીલ માલ ખાશે તેનાથી શંકાશીલ કાર્યો જ થશે. ત્યાં સુધી કે જો હરામ ખાવાવાળો એ વાતનો ઈરાદો કરશે કે તે ખુદાત્આલાની પૂરેપૂરી ઈતાઅત કરે તો હરામ ખાણાની ખરાબીઓના કારણે તે આ ઈરાદાને પાર પાડી શકશે નહીં.

★હઝરત યુનુસ બીન ઉબયદ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ‘‘આજ એક દિરહમથી ઓછું પણ હલાલ મૌજુદ નથી અને જો તે અમને મળી જતું તો તેની બરકતો વડે પોતાના મરીઝો માટે તંદુરસ્તી હાંસીલ કરતાં.’’

★હઝરત સુફિયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ‘‘આદમીનો દીન ત્યારે છે કે જ્યારે તેની રોટી હલાલ તરીકાથી પ્રાપ્ત થયેલી હોય અને આજકાલ જે લોકોના દસ્તરખાન પર હલાલ રોટી મળે છે, તેઓ ગરીબ લોકો છે.’’

★હઝરત અબ્દુલ્લાહ બીન અબ્બાસ(રદીયલ્લાહોત્આલા અન્હો) ફર્માવતાં હતાં કે, ‘‘હલાલ કમાઈ મુસલમાન માટે એક પહાડથી બીજા પહાડની તરફ સ્થળ-પરિવર્તન કરવા કરતાં પણ વધું મુશ્કેલ છે.’’

★હઝરત ઈમામ હસન(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ કોઈને આ દુઆ કરતાં સાંભળ્યો કે, ‘‘હે અલ્લાહ, મને હવે એવી હલાલ રીઝ્ક અતા

ફર્માવ કે જે બિલ્કુલ પાકસાફ હોય.'' તો આપે ફર્માવ્યું કે, ''હે શખ્સ, પોતાના માટે એ હલાલની દુઆ કર જેની ઉપર ખુદા તને સજા ન દે રહ્યું એ હલાલ જે બીલકુલ પાક-સાફ હોય તો એ તો અંબિયાએ કિરામનું રીઝ્ક છે.'' (અમને કે તમને કયાંથી નસીબ થવાનું.)

⋆હઝરત ઈબ્રાહીમ બીન અદ્‌હમ(રહેમતુલ્લાહ અલયહ)મોટા -ભાગે સાંજ સુધી મેહનત કરતાં હતાં જ્યારે તેઓને મજૂરી આપવામાં આવતી તો તેઓ તેને જોતાં અને પોતાના સાથીઓને ફર્માવતાકે, ''મને ભય છે કે જે શક્તિ ખર્ચવાનું કહેવાવાળો મારી પાસે ઈચ્છા રાખતો હતો કદાચ મેં તે પૂરી શક્તિ ખર્ચી ન હોય; અને માટે આ મજૂરી મારા માટે હલાલ ન હોય. આવું કહીને વ્યવસાયના હલાલપણા માટે એ શર્ત પણ લગાવતાં હતાં કે પોતાના કામમાં મશગુલ થઈને ખુદાની યાદથી ગાફીલ ન થઈ જાવ અને એટલા માટે જે કાર્ય તેઓ ગફલતની હાલતમાં કરતાં હતાં તેની મજૂરી લેતાં ન હોતા.''

⋆હઝરત મુસઅર બીન કદામ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''મને આજ તો કોઈ જગ્યાએ હલાલ નજરે આવતું નથી સિવાય એ પાણી કે જે આદમી દજ્લા અને ફૂરાત નદીમાંથી ખોબો ભરીને પીવે.''

⋆હઝરત માલીક બીન દીનાર રહેમતુલ્લાહ અલયહથી એ નબીદ(એક પ્રકારનું ખજૂરનું પીણું)વિશે સવાલ કરવામાં આવ્યો જે સામાન્ય રીતે લોકો ઘરોમાં બનાવે છે. તો આપે સવાલ કરનારને ફર્માવ્યું કે, ''તારું ભલુ થાય. તું પાણીમાં નાખતાં પહેલાં ખજૂરોને જોઈ લે કે તે કયાંથી આવી છે. નબીદનો સવાલ તો પછીનો છે.'' (કારણકે જો ખજૂરો હલાલ હોય ત્યારે તો આ સવાલ બરાબર છે, કે જ્યારે તેને પાણીમાં નાંખીને નબીદ તૈયાર કરવામાં આવ્યું, તો તેના માટે શું હુકમ છે ? અને જો ખજૂરો જ હરામ હોય જેવું કે આજકાલ આ બલા સામાન્ય છે તો પછી આ સવાલ જ વ્યર્થ છે.) (આ સ્થિતિ આજથી ૧૦૦૦ વર્ષ પહેલાંની હતી.)

⋆હઝરત ઈબ્રાહીમ બીન અદ્‌હમ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''મેં એક આબીદને જોયો કે તે નમાઝ માટે પરાણે ઊઠે છે, તો તેનાં કારણ પર મેં ચિંતન કર્યું. મને જાણવા મળ્યું કે તેનું ખાણું પાક-સાફ નથી. (માટે જ તેને આ પ્રકારની સુસ્તી થાય છે)અને જો તેનો ખોરાક પાક સાફ હોત તો આ પ્રકારની આળસ તેને થતી નહીં.''

⋆હઝરત સુફિયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)જયારે કોઈ દાવતમાં જતાં તો પોતાની રોટી પોતાની સાથે લઈ જતાં. અને ત્યાં જઈને પોતાની રોટી ખાતાં હતાં અને જ્યારે સાહેબેખાના(નિમંત્રક) કહેતો કે, ''જનાબ, તમે મારી રોટી શા માટે નથી ખાતા ?'' તો ફર્માવતાં કે, ''મિંયા

તમને તમારી રોટીનું ઈલ્મ છે તે ક્યાંથી આવી અને મને મારી રોટીનું.'' (એટલા માટે જેને જે રોટીની હકીકતની જાણકારી હોય, તેને તે જ રોટી ખાવી જોઈએ.)

તો હે ભાઈ, હલાલ રીઝકના મામલામાં ખૂબ જ સાવચેતી-પૂર્વક વર્તવું જોઈએ અને સલ્ફસાલેહીનનું અનુસરણ કરવું જોઈએ કારણકે હલાલ રોઝી જ તકવાની જડ સમાન છે.

વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન

⋆ (૭૫) હક્ક વાતની વસીયત કરવી

કામીલ પીરો અને સુફીયાએ બાસફા લોકોના સદ્‌ગુણો પૈકી એક સદ્‌ગુણ એ પણ છે કે તેઓ અરસ-પરસ એકબીજાને નસીહતો કરે છે, અને નસીહતોને કબુલ કરે છે. અને નસીહતો કરનારનો આભાર પણ માને છે.

⋆એક વ્યક્તિએ હઝરત હસન બસરી(રહેમતુલ્લાહ અલયહ) થી અર્ઝ કરી કે, ''મને કંઈક વસિયત ફર્માવો.'' આપે ફર્માવ્યું કે, ''તમે જે કોઈ જગ્યાએ રહો અલ્લાહ ત્આલાના હુકમની ઈઝઝત કરો તેનું પરિણામ એ આવશે કે તમે જ્યાં પણ હશે ખુદાત્આલા તમને ઈઝઝત અતા કરશે.''

''⋆એક શખ્સે હઝરત ઉમરબીન અબ્દુલ્અઝીઝ(રદીયલ્લાહો અન્હો)થી અર્ઝ કરી કે, ''મને કંઈક વસિયત ફર્માવો.'' આપે ફર્માવ્યું કે, ''એ વાત થી બચો કે તમે નેક લોકોથી મળો અને તેની સોહબત વડે ફાયદો ન ઊઠાવો અથવા તો ગુનેહગારો પર મલામત કરો અને ખુદ ગુનાહોથી ન બચો અથવા તો જાહેરી રીતે તો શૈતાન પર લાનત કરો અને છુપી રીતે તેની તાબેદારી કરો.''

⋆કોઈએ હઝરત હસન બસરી રહેમતુલ્લાહ અલયહ થી અર્ઝ કરી કે, ''કોઈ નસીહત ફર્માવો.'' તો આપે ફર્માવ્યું કે, ''ગુનાહ ન કરો કે તમે તમારી જાતે જ તમને આગમાં ફેંકી રહ્યા છો; અને તમારી હાલત એવી છે કે જો કોઈ તમારી સામે એક મચ્છર આગમાં ફેંકી દે તો તમે તેની ઉપર એતરાઝ કરો છો પરંતુ તેમ છતાં પણ તમે ગુનાહો કરીને ખુદ પોતાને દરરોજ અનેકવાર આગમાં ફેંકી રહ્યા છો તમને તમારી ઉપર કોઈ જ એતરાઝ નથી થતો.''

⋆એક વ્યક્તિએ હઝરત સુફીયાન બીન ઐયનીય્યાહ (રહેમતુલ્લાહ અલયહ)થી અર્ઝ કરી કે, ''મને કંઈક નસીહતો ફર્માવો.'' આપે ફર્માવ્યું કે, ''ખબરદાર, તકબ્બુર નહીં કરતો. અને નાહકલોકોનો માલ નહીં ખાતો કારણકે જે લોકો પર મોટાઈ જતાવે છે તે તેઓની દષ્ટિમાં બેઆબરૂ થઈ જાય છે અને જે લોકોના માલને લુંટે છે છેવટે તે મોહતાજ બની જાય છે.''

⋆હઝરત હસન બસરી(રહેમતુલ્લાહ અલયહ)એ એક વ્યક્તિને કહેતા સાંભળ્યો કે, *અલ્મરઓ મઅ મન અહબ્બ* (**અર્થાત** :- આદમી

ક્યામતના દિવસે તેની સાથે જ હશે, જેનાથી તે મોહબ્બત કરે છે.) તો આપે ફર્માવ્યું કે, "હે ભાઈ તું આ કૌલથી ધોખામાં નહી પડી જતો અને એવું નહીં સમજતો કે હું ફ્ર્ઝ કર્યા વિના જ નેકોની સાથે સામીલ થઈ જઈશ. કારણકે તું તેઓની સાથે ત્યારે જ સામીલ થઈ શકે છે, જ્યારે કે તું તેમના જેવાં અમલો કરીશ. જુઓ યહુદી અને નસારા પોતાના પયગમ્બરોથી મોહબ્બત કરે છે, પરંતુ તેઓ તેમની સાથે સામીલ નહીં હોય કારણકે આમાલમાં તેઓથી અલગ છે અને તેઓના મુખાલીફ બની ગયેલા છે."

⋆જનાબ રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ફર્માવ્યું કે, "પાંચ વાતોને પાંચ વાતોથી પહેલા ગનીમત સમજો. યુવાનીને વૃધ્ધાવસ્થા થી પહેલાં, તંદુરસ્તીને બિમારી પહેલાં, તવંગરી (માલદારી)ને મોહતાજીથી પહેલાં ફુરસદને પ્રવૃતિમય બની જતાં પહેલાં,અને જિંદગીને મૃત્યુથી પહેલાં."

તો હે ભાઈ, આ વાતોને ખૂબ સમજી લેવી જોઈએ અને પોતાના નફ્સની દરેક પળે ખબર રાખવી જોઈએ કારણકે શૈતાનતો ખુલ્લો દુશ્મન છે, જ્યારે નફ્સ છુપો દુશ્મન પણ છે અને ઘરમાં છુપાયેલો ચોર એટલે કે ઘરનો ચોર પણ છે માટે તેનાથી સાવચેતી વધુ જરૂરી છે.

વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન.

⋆ (૭૬) વસિયતની શરતોનું પાલન

કામીલ પીરો અને સુફીયાએ બાસફા લોકોના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે, તેઓ નસીહત તેમજ વસીયત તેને કરે છે જેના વિશે તેઓને ખુબ નિકટના સાથીઓ દ્વારા એ જાણકારી હાંસીલ થઈ ગઈ હોય કે તે તેની નસીહતો અને વસિયતોને કબુલ કરશે. નહીંતર તેઓ આ મામલામાં વિલંબ કરે છે ત્યા સુધી કે તેને નસીહત માટે કોઈ શરીઅત મુજબનો કોઈ તરીકો હાસીલ થઈ જાય, જેમ કે કોઈ વાઈઝ વગેરેની મજલીસ કે જેમાં તે હાજર હોય. વગેરે...

⋆હઝરત હામીદ લિફાફ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, "તમે જેને નસીહત કરો કે જેનાથી તમને કબુલ કરવાની અપેક્ષા હોય નહીંતર શક્ય છે કે આ નસીહતનું પરિણામ એક એવી તકલીફ હોય કે તમે સહન ન કરી શકો. અને ખબરદાર, આ યુગમાં કોઈની ઉપર અફસરી નહીં કરતાં કારણકે આજકાલ દરેક પોતાને મોટો સમજે છે અને પોતે તાબેદાર બનીને રહેવાને શરમ-જનક સમજે છે અને જૂઓ, દરેક શખ્સની તાબેદારી નહીં કરતાં કારણકે નફસાની ખ્વાહીશાતોની બજાર ગરમ છે અને ખુલુસ(નિઃસ્વાર્થતા) અને લિલ્લાહીય્યત ખૂબ જ અલ્પ પ્રમાણમાં રહી ગઈ છે. એટલા માટે દરેક વ્યક્તિ પર ભરોસો કરવો સારો નહીં અને એટલો ખ્યાલ રાખજે કે તારું રાઝ(રહસ્ય, ભેદ)કોઈની પાસે ખોલતો નહીં કારણકે આજકાલ અમાનત તદ્દન ઊઠી ચુકી

છે અને લોકોમાં રાઝદારીની લાયકાત રહી નથી."

⋆હું (કિતાબના લેખક હઝરત ઈમામ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ)કહું છું કે, હઝરત હામીલ લિફાફ(રહેમતુલ્લાહ અલયહ)એ બિલ્કુલ સાચું ફરમાવ્યું કારણકે મારી ખુદની સામે આ પ્રકારની એક ઘટના બની ચુકી છે કે મેં આ યુગના મશાઈખોં પૈકી એક શૈખ(પીર)ને નસીહત કરી કે તે ઝાલીમોને ત્યા ખાણું ન ખાય અને આ વાત મારી અને તેની વચ્ચે જ હતી. કોઈ ત્રીજી વ્યક્તિને તેની જાણ ન હતી,પરંતુ તેનું પરિણામ એ આવ્યું કે, સત્તર વર્ષ સુધી તેણે મારી સાથે વાતચીત ન કરી અને મેં ખૂબ જ મુશ્કેલથી તેની સાથે સમાધાન કર્યું. હવે તમે અંદાજો કરી લ્યો કે જો હું તેને લોકોના સમુહ વચ્ચે નસીહત કરતો તો મારી શું હાલત થતી ? એ નવાઈની વાત નથી કે તે મને મારી નાંખવાની કોશીશ કરતો તો આનાથી સમજી લેવું જોઈએ અને પોતાના ઝમાનાની હાલતને ઓળખીને પોતાના ભાઈઓને યુક્તિપૂર્વક નસીહતો કરવી જોઈએ.

હે ભાઈ, આ છે હઝરત ઈમામ અ.વહાબ શોઅ્રાની (રહેમતુલ્લાહ અલયહ)ના યુગના મશાઈખોની હાલત, જ્યારે કે કેવા કેવા મહાન બુઝુર્ગાને-દીન મૌજુદ હતા અને કેટલો સારો યુગ હતો તો હવે તેની ઉપરથી આજના આ અતિનાજુક યુગનો ક્યાસ કરી લે કે સુફીવાદના આ પવિત્ર માર્ગમાં ન જાણે કેટલીયે ખરાબીઓ ફેલાણી હશે અને કેવા કેવા ઢોંગી અને ધૂતારા લોકો તેમાં પૈદા થઈ ચુકયા હશે. ?!? (અલ્લાહની પનાહ)

⋆ (૭૭) પોતાના અમલોની તુચ્છતા

કામીલ પીરો અને સુફીયાએ બાવકાર લોકોના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે, તેઓની પોતાની દ્રષ્ટિમાં પોતાના અમલો બિલ્કુલ તુચ્છ અને અલ્પમાત્રામાં જ હતાં, ભલેને પછી તેઓની ઈબાદત જિન્નો ઈન્સાની સામુહિક ઈબાદતો બરાબર હોય. અને તેઓ એવું જ સમજતાં હતાં કે અમારાથી અલ્લાહ-ત્આલાનો હક્ક એક તણખલા બરાબર પણ અદા થઈ શકયો નથી.

⋆હુઝુર નબીએ પાક(સલલ્લાહો અલયહે વસલ્લમ)ની એ હાલત હતી કે, "આપ નમાઝમાં એટલી હદે ઊભા રહેતાં હતાં કે આપના પવિત્ર પગોમાં સોજા આવી જતાં ગયા હતાં અને તેમાંથી લોહી ટપકવા લાગ્તું હતું." લોકોએ અર્ઝ કરી કે, "યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આપના તો આગળ પાછળના તમામ ગુનાહો માફ થઈ ચૂકયા છે, છતાં પણ આપ આટલી હદે તકલીફો ઊઠાવી રહ્યા છો." તો આપે ફર્માવ્યું કે, "શું હું શુક્ર ગુઝારબંદો ન બનું અને જ્યારે હક્કત્આલાએ મારી ઉપર એહસાન ફર્માવ્યો છે કે મારી લગઝીશોથી દરગુજર ફર્માવી છે તો શું મને એ શોભાસ્પદ છેકે હું

તેની ઈબાદત છોડી દઉં.’’

★હઝરત હસન બસરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ‘‘અમે એવા આદમી જોયા છે કે જેઓ પોતાના દીન અને પોતાની ઉમ્ર સંબંધે કેટલા કંજુસ હતાં કે જેટલાં લોકો દીરહમ અને દીનાર સંબંધે હોય છે.’’ (એટલે કે જે રીતે તમે તમારા પૈસા હાથથી છોડવાનું પસંદ કરતાં નથી એ જ રીતે તેઓ પોતાના દીન અને પોતાની ઉમર બરબાદ કરવી પસંદ કરતાં ન હોતાં.)

★હઝરત ઉતબતુલ્ગુલામ(રહેમતુલ્લાહ અલયહ)ની હાલત એ હતી કે જ્યારે તેઓએ તૌબાહ્ કરી ત્યારે ન તો તેઓને ખાવાનું સારું લાગતું હતું ન તો કશું પહેરવાનું કે ન તો સુવાનું ત્યાં સુધી કે એ જ હાલતમાં તેમનો ઈન્તિકાલ થઇ ગયો.

★હઝરત મુજાહીદ(રહેમતુલ્લાહ અલયહ)પોતાના યુગના આબીદોને ફર્માવતાં હતાં કે, ‘‘તમે લોકો આબીદ નથી બલ્કે ઇબાદતથી લિઝઝત ઊઠાવવાવાળાઓ છો. (એટલે કે જે રીતે તમને ખાવાની ઈચ્છા થઈ ખાઈ લીધું પીવાની ઈચ્છા થઈ પી લીધું ફરવાનું મન થયું ફરી લીધુ એ જ રીતે જ્યારે કોઈની ઈબાદત કરવાની ઈચ્છા થઇ તો ઈબાદત પણ કરી લીધી. તો આ ઈબાદત નથી, પરંતુ નફસપરસ્તી જ છે)અમે એ લોકોને જોયા છે કે જ્યારે તેઓની ઉમ્ર ચાલીસ વર્ષની થઇ તો સુવાનો બિસ્તરો તેઓએ સંકેલી લીધો અને મૃત્યુપર્યંત સુવાનું નામ પણ ન લીધુ.’’

★હઝરત કહસન બીન હસન(રહેમતુલ્લાહ અલયહ)નો કાયદો હતો કે, દરરોજ હઝાર રકાત પઢતાં હતાં અને જ્યારે તેનાથી ફારિગ થતાં તો તેઓમાં ચાલવાની શક્તિ રહેતી ન હોતી બલ્કે એ રીતે ચાલતાં હતાં કે જે રીતે થાકેલું ઊંટ ચાલતું હોય અને તેમ છતાં આટલા પર સંતોષ માનતા ન હતા. બલ્કે પોતાના નફસને ફર્માવતાં હતાં કે, ‘‘હે દરેક બુરાઇનું પ્રાગટયસ્થાન તે ખૂબ જ આરામ કરી લીધો, હવે બીજી ઈબાદત માટે ઊઠ.’’ અને જ્યારે તેઓ પાછલી ઉમરમાં ખૂબ જ અશક્ત બીન ગયા તો પાંચસો રકાતો પઢવા લાગ્યા અને રોતાં રોતાં ફર્માવતાં હતાં કે, ‘‘જુઓ ખુદાત્આલા મારી કેવી ગર્તા કરે છે, કે મેં મારી અડધી ઈબાદત ઓછી કરી નાંખી.’’

★હઝરત ઈબ્નુલ્જુવેરીય્યાહ(રહેમતુલ્લાહ અલય)ફર્માવતાં હતાં કે, ‘‘હું ઘણા લોકોની સોહબતમાં રહ્યો છું, કે જેઓ રાત્રે જાગૃત રહેવાની તકલીફો ઊઠાવતાં હતાં, પરંતુ હઝરત ઈમામે આઝમ અબુ હનીફા(રદીયલ્લાહો ત્આલા અન્હો)થી વધીને મુશીબત ઊઠાવનારો મારી નજરમાંથી કોઈ પસાર થયો નથી. હું તેઓની પાસે છ મહિના સુધી રહ્યો પરંતુ તે સમય દરમીયાન તેઓએ એક રાત પણ જમીન પર કમર ટેકવી ન હોતી.’’

★હઝરત ઈબ્ને મકાતીલ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ‘‘હઝરત ઈમામ અબુ હનીફા(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ ત્રીસ વર્ષ સુધી ઈશાના વઝૂથી સવારની નમાઝ અદા ફર્માવી અને એક રિવાયતમાં ચાલીસ વર્ષ છે. અને એકમાં ૪૬ વર્ષ અને એકમાં પચાસ(૫૦)અને એ શક્ય છે કે આ તમામ સહીહ્ હોય અને દરેક રાવીએ પોતાના જમાના સુધીની હાલત વર્ણવી હોય.’’

★હઝરત યુસુફ બીન ખાલીદ(રહેમતુલ્લાહઅલયહ)ફર્માવતાં હતાં કે, ‘‘ઈમામ અબુ હનીફા(રદીયલ્લાહો ત્આલા અન્હો) શરૂઆતમાં માત્ર અડધી રાત સુધી જ જાગતા હતાં, અનાયાસે જ કેટલાક લોકો તેઓની પાસેથી નીકળ્યાં, તો તેઓને એવું કહેતાં સાંભળ્યું કે, ‘આ શખ્સે પૂરી રાત જાગૃત અવસ્થામાં વિતાવી છે.’ અને ઈમામની તરફ ઈશારો કર્યો. આ સાંભળીને ઈમામ સાહેબે ફર્માવ્યું કે, ‘હું સમજુ છું કે મારા વિશે એ વાતો બયાન કરવામાં આવી રહી છે, કે જે હું કરતો નથી ત્યાર બાદ આપ પૂરી રાત કયામ ફર્માવવા લાગ્યા અને વફાત સુધી તેઓનો એ જ નિયમ રહ્યો.’’

★હઝરત માલીક બીન દિનાર(રહેમતુલ્લાહ અલયહ)એ પોતાના મકાનમાં કબ્ર ખોદીને રાખી હતી અને દરેક રાત્રે તેમાં ઉતરીને સવાર સુધી નમાઝ પઢતાં હતાં.

★જ્યારે ખિલાફત હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ(રદીયલ્લાહો ત્આલા અન્હો) ને હાંસીલ થાય છે, તો તેઓનો કાયદો હતો કે ન રાતે સુતા હતાં કે ન દિવસે અને ફર્માવતાં હતાં કે, ‘‘જો હું રાત્રે ઊંઘું છું તો મને પોતાને બરબાદ કરું છું અને જો હું દિવસે ઊંઘું છું તો રૈયતને બરબાદ કરું છું. જો કે તેના વિશે મારી પૂછપરછ થનારી છે.’’ (એટલા માટે ન તો દિવસે આરામ ક્રું છું ન તો રાત્રે)

તો હે ભાઇ, આ રીતે તું આ બુઝુર્ગોની હાલત નિહાળીને પોતાની હાલત પર દ્રષ્ટિપાત કર કે ક્યાં સુધી આ બુઝુર્ગોના હાલતોને અનુરૂપ છે.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૭૮) ફત્વો આપવામાં સાવચેતી

કામીલ પીરો અને સુફીયાએ કામેલીનના સદ્ગુણો પૈકી એક સદ્ગુણ એ પણ છે કે, તેઓને એ વાતનો બહું જ ડર રહે છે કે, પોતાના ઈલ્મ અને અમલ કે જેના વડે તે મખ્લુકે ખુદાની દીન અને દુનિયાની ભલાઇઓ તરફ રહેનુમાઇ કરે છે, કોઇ એવી વાત પૈદા ન થઇ જાય કે જે તેના દીનને બરબાદ કરી દે. (એટલે કે માન મર્તબાની મોહબ્બત કે માલની મોહબ્બત અને જ્યારે આ લોકોની હાલત આવી છે)તો આપણે તેઓ પૈકી કોઇના વિશે પણ એવું અનુમાન ન કરવુ જોઇએ કે તેઓ દુનિયાના કોઇ કાર્યમાં સરદારીના ઈચ્છુક છે

બલ્કે આ લોકોની હાલત તો એવી હોય છે કે તેઓ તો ફત્વાને નાપસંદ કરે છે.(જો કે જરૂરતના સમયે તેને અપનાવવું પડે છે)

★હઝરત અબ્દુર્રહમાન બીન અબી લયલા(રદીયલ્લાહો ત્આલા અન્હો)ફર્માવે છે કે, ''મેં એકસો વીસ સહાબીઓને જોયા છે, કે જેઓની હાલત એ હતી કે, તેઓ પૈકી જે મોહદ્દીષ હતાં, તેઓ એ વાતની તમન્ના કરતાં હતાં કે કાશ, હદીષ બયાન કરવાનું કામ બીજો કોઈ ઉઠાવી લે અને હું તેનાથી મુક્ત થઈ જાઉં અને જે મુફ્તી હતાં તેઓની તમન્ના એવી હતી કે આ ફત્વાનાં કાર્યની જવાબદારી બીજો કોઈ સાંભળી લે અને ભારથી હું બચી જાઉં.''

★હઝરત શબ્ઈ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''અમે હઝરત ઈબ્રાહીમ તયમ્મી રહેમતુલ્લાહ અલયહ માટે ખૂબ કોશીશ કરી કે તેઓ મસ્જિદમાં બેસીને હદીષનો દર્સ આપે. (કારણ કે આપ મોટા મોહદીષ હતાં)પરંતુ તેઓએ આ વાત માની નહીં અને જ્યારે તેઓ મસ્જિદમાં પધારતાં તો ન તો મોટા લોકોની જેમ થાંભલાને ટેકો લગાડતાં અને ન તો દિવાલ સાથે. બલ્કે સામાન્ય માણસોની જેમ બેસી જતાં હતાં.''

★હઝરત અબ્દુલ્લાહ બીન મસ્ઉદ(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ એકવાર પાછું ફરીને જોયુ કે કેટલાક લોકો ખીદમત માટે તેઓની પાછળ પાછળ ચાલી રહ્યા છે એ જોઈને આપે ફર્માવ્યું કે, ''સાહેબો, તમે મારા એ કાર્યો જુઓ જે હું દરવાજો બંધ કરીને કરું છું એટલે કે ખુદાથી ગાફીલ થઈ જવું અને બીવી-બચ્ચામાં મશગુલ થઈ જવું, તો પછી તમારામાંથી એક પણ મારી પાછળ નહીં ચાલે.''

★હઝરત સલમાન ફારસી(રદીયલ્લાહો ત્આલા અન્હો) જ્યારે લોકોને પોતાની પાછળ ચાલતાં જોતાં તો ફર્માવતાં હતાં કે, "સાહેબો, આમાં તમારો ફાયદો છે, પરંતુ મારા માટે તો નુકસાન જ છે. (એટલે કે આના કારણે મારામાં ઘમંડ અને મોટાઈ પૈદા થાય છે) હવે તમે ચાહો તો પાછા ફરો અને મારી પાછળ ન ફરો.''

★જ્યારે કોઈ હઝરત રબીઅ્ બીન ખમીસ(રદીયલ્લાહો ત્આલા અન્હો)ની પાછળ ચાલતું તો ફર્માવતાં કે, ''સાહેબો,જો તમારી જુબાનનો ભય ન હોત તો હું તમને હદીષો સંભળાવતો.'' (પરંતુ મને ભય છેકે તમે મારા વિશે સારી નરસી વાતો કરશો એટલા માટે મેં આ કાર્ય અપનાવી લીધું છે)આ વાત પર કોઈએ કહ્યું કે, ''આપ હદીષ બયાન કરવાથી આટલા શા માટે બચો છો ?તેમાં સરાસર નફો છે,શક્ય છે કે અલ્લાહત્આલા આપના અને આપના ઈલ્મ વડે લોકોને ફાયદો પહોંચાડે.'' તો આપે ફર્માવ્યું કે,''આ વાત તો ઘણી દુરની છે, કારણકે જ્યારે મને ખુદને નફો નથી પહોંચ્યો તો બીજાને શું નફો થઈ

શકવાનો?'' અને ફર્માવતાં હતાં કે, ''જે વ્યક્તિ એવું પસંદ કરતો હોય કે તમે ફાયદો હાંસીલ કરવા માટે તેની પાસે બેઠા છો તો તેની પાસે ન બેસો અને જે વ્યક્તિએ વાતને પસંદ કરે કે તમે તેના માટે(સન્માન માટે)ઉભા થઈ જાવ તો તેના માટે ઊભા ન થાવ.'' (કારણ કે તે અહંકારી અને સ્વાર્થી છે ન તો તે સન્માનને પાત્ર છે કે ન તો કશો ફાયદો હાંસીલ કરવાને લાયક છે)

★હઝરત યાહ્યા બીન સઅદ(રહેમતુલ્લાહઅલયહ) ફર્માવતાં હતાં કે, ''જ્યારે કોઈને હદીષ બયાન કરવામાં મઝા આવે તો તેના માટે જરૂરી છે કે હદીષ બયાન ન કરે.'' (કારણકે આ માન મર્તબા પ્રત્યેનો પ્રેમભાવ દર્શાવે છે.)

★હઝરત હાતીમ અસમ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''ખાનકાહમાં(દુકાન ગોઠવીને)તે બેસે છે, જેનો હેતુ દુનિયા એકઠી કરવાનો હોય.''

★હઝરત ઈસ્માઈલ બીન સલ્ફ(રહેમતુલ્લાહ અલયહ)હઝરત સુફીયાન સૌરી (રહેમતુલ્લાહ અલયહ)ને કહ્યું કે, ''જ્યારે તમે હદીષનો દર્સ આપો છો ત્યારે તમારી તબિયતમાં ખુશી અને અવાજ ઊંચો થઈ જાય છે અને જ્યારે આપ હદીષનો દર્સ નથી આપતા તો ત્યારે આપ બિલ્કુલ મુર્દા જેવા થઈ જાવ છો તેનું કારણ શું ?'' આપે ફર્માવ્યું કે, ''ભાઈ, તમને ખબર નથી આ કલામ(ભાષણ, તકરીર)માટે પણ એક ફિત્નો છે. ખુદા ની કસમ, મારી પાસે જ્યારે ત્રણ આદમીઓથી વધુ લોકો બેઠેલા હોય છે, તો મારી હાલત અલગ જ થઈ જાય છે. (મતલબ એ હતો કે આ જોશ અને ખુશી એક મર્ઝે કલ્બી(દિલની બિમારી)નો અસર હતો, જેનુ નામ માન -મોભાની મોહબ્બત છે.'' (આ વાત પરથી આ હજરાતોના ખુલુસનો અંદાજો લગાવવો જોઈએ કે પોતાના ઐબ(ખામીઓ)ને કેટલી સફાઈપૂર્વક વર્ણવે છે.)

★હઝરત અમીરૂલમોઅ્મેનીન અલીબીન અબીતાલીબ (કર્રમલ્લાહો વજહોહુ)કુફાની મસ્જિદમાં તશરીફ લઈ ગયા. ત્યાં આપે એક વાઈઝ કરનારને વાઈઝ કરતો જોયો, તો આપે ફર્માવ્યું કે, ''આ વ્યક્તિ શોહરત(ખ્યાતિ)નો ઈચ્છુંક છે અને એવું કહી રહ્યો છે કે મને ઓળખી લ્યો હું ફલાણો છું.'' (એટલે કે હું ફલાણો-ફલાણો ખતીબ, શૈખુલ્કુર્રા અને ફલાણો-ફલાણો બુલબુલ અને શેર છું તેમજ ન જાણે કેવા કેવા ઈલ્કાબો પોતાની માટે ધારણા કરી લે છે.)

★હઝરત સુફીયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''જો તમારાથી થઈ શકે કે તમે એવા આલીમ બનો કે જેને કોઈ ઓળખતું ન હોય, તો જરૂર એવું કરો; કારણકે જો લોકો તમારા કમાલાતોથી જાણકાર થઈ ગયા તો તમારી બોટીઓ ખાઈ જશે.''

★લોકોએ હઝરત સુફીયાન બીન ઐનીય્યાહ(રહેમતુલ્લાહ અલયહ) થી લોકોએ દરખાસ્ત કરી કે, તેઓ એક ખાસ જગ્યા પર બેસીને અહાદીષો બયાન ફર્માવે. આપે તેને કબુલ ન કર્યુ. અને ફર્માવ્યું કે, ''હું ન તો અહાદીષો બયાન કરવાને લાયક છું અને ન તો તમે તેને સાંભળવાની લાયકાત ધરાવો છે મારું અને તમારું દ્રષ્ટાંત બિલ્કુલ એવું છે કે, જેવી રીતે કોઇએ કહ્યું કે, રૂસ્વા (બેઆબરૂ)થઇ ગયા તો અરસ-પરસ વ્યાખ્યા નક્કી કરી લીધી.'' (એટલેકે, *મન તોરા હાજી બગોયમ તુ મોરા કાજી બ ગો* -તું મને હાજી કહે હું તને કાજી કહું)

(આ જ પ્રકારની હાલતો આજે વાઇઝો(વાઇઝ કરનારાઓ) અને વાઇઝો સાંભળનારાઓની અરસ પરસ છે કે, જેના વિશે એટલું જ કહી શકાય કે, તેરી ભી ચુપ,મેરી ભી ચુપ.)

★જ્યારે હઝરત બશરહાફી(રહેમતુલ્લાહ અલયહ)એ હદીષનો દર્સ આપવાનું છોડી દીધું તો લોકોએ તેઓને કહ્યું કે, ''આપ ખુદાને શો જવાબ આપશો, જ્યારે આપનાથીએ સવાલ થશે કે તમે અમારા નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની હદીષો લોકોને સંભળાવવાનું કેમ છોડી દીધું ?'' તો આપે ફર્માવ્યું કે, ''હું એ જવાબ આપીશ કે, હે અલ્લાહ, તે મને ખુલુસ (નિઃસ્વાર્થતા, માત્ર અલ્લાહની રઝા માટે કોઇ કાર્ય કરવું)નો હુકમ આપ્યો હતો,પરંતુ મેં મારી અંદર ખુલુસ ન જોયો માટે મેં આ કાર્ય છોડી દીધું''

★હઝરત માલીક બીન દીનાર(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''હું અને સાબીત બનાની અને યઝીદ રક્કાશી, હઝરત અનસ બીન માલીક(રદીયલ્લાહો ત્આલા અન્હો)ની ખિદમતમાં હદીષ સાંભળવા માટે હાજર થતાં હતાં તો આપ ફર્માવતાં હતાં કે, 'તમે લોકો અસ્હાબે રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સાથે ઘણું એક સરખા પણું ધરાવો છો.'' અને પછી ફર્માવતાં હતાં કે, ''(તમે નહીં પરંતુ)તમારું માથું અને તમારી દાઢીઓ.'' (અહીંયા આપનો હેતુ ખૂબ સારી અને સુંદર વિષય વડે તેઓને નસીહત કરવાનો અને એ વાત જણાવવાનો હતો કે તમારી સુરત(બાહ્ય ચહેરો મહોરો)તો સહાબા જેવો છે, પરંતુ અમલો તેની જેવા નથી.)

★હઝરત આઅ્મીશ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''મેં વીસ વર્ષથી કોઇ એવો ઇલ્મવાળો નથી જોયો કે જેનો ઇલ્મથી મકસદ માત્ર રઝાએ ખુદા(ખુદાની ખુશ્નુદી)હોય હવે તો ઇલ્મ મોહ તાજોનો ધંધો બની ગયું છે.'' (કે જેને ખાવા-પીવાનું ન મળ્યું તેણે વિચાર્યુ કે ચાલો ઇલ્મ હાંસીલ કરીએ અને તેના વડે દુનિયા એકઠી કરીએ.)

(આ બુઝુર્ગે આ વાત તો આજથી૧૦૦૦વર્ષ પહેલાં ફર્માવેલી છે, તો

મનકી આંખે ખોલ

આજના આ હળાહળ જુલ્માણાસભર યુગમાં શું પરિસ્થિતિ હશે ? તેનો અંદાજો લગાવવો મુશ્કેલ છે. પરંતુ આજે આપણે આ બધું નજરે જોઇ રહ્યા છીએ કે પેટભરૂ અને નફસ પરસ્ત લોકોએ ઇલ્મની કેવી અવદશા કરી છે; અરે આજે તો જ્યારે કહેવાતી દર્સગાહો, ખાનકાહો વગેરે જ નીતનવા લોભામણા નામો વડે વ્યાપારી ધોરણે ચાલવા લાગી છે, તો પછી તેમાં ઇલ્મ શીખનારો તો વેપાર જ કરશે ને ?!?) અલ્લાહની પનાહ...

★હઝરત સુફીયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''જ્યાં સુધી આલીમ પોતાના ઇલ્મ વડે દુનિયાને ન ખેંચે ત્યાં સુધી તે દીનનો તાલીબ છે અને જ્યારે તે દુનિયા ખેંચવા લાગ્યો, ત્યારે તેની હાલત એ હોય છે કે તે બિમારીને પોતાની તરફ ખેંચી રહ્યો છે અને તે ખુદ જ જ્યારે બીમારીને પોતાની તરફ ખેંચે છે, તો બીજાનો ખાક ઇલાજ કરશે.''

★હઝરત ફુઝૈલ બીન અયાઝ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''કોઇ ઉમ્મત પોતાના ઉલ્માએ સુઅ્(નફસપરસ્ત, દુનિયાદાર આલીમો) સિવાય બીજા અન્ય કોઇ કારણોસર હલાક નહીં થાય, આ લોકો ખુદાના માર્ગ પર બેસીને પોતાના ગંદા કાર્યો વડે અલ્લાહના બંદાઓ પર લૂંટ ફાટ ચલાવી રહ્યા છે.''

(આહ, આજે ઉમ્મતની આટલી ખરાબ સ્થિતિનું નિર્માણ થવાનું કારણ હઝરત ફુઝૈલ બીન અયાઝ(રહેમતુલ્લાહ અલયહ)ના ઉપરોક્ત ફરમાન વડે ખૂબ સારી રીતે જાણવા મળ્યું જેની ઉપર દરેક મુસલમાનોએ ખૂબ જ ચિંતન-મનન કરવાની જરૂરત છે આજે અલ્લાહના બંદાઓની છેડે ચોકે લૂંટ ચલાવાય રહી છે, પરંતુ તે ક્યારે જાગૃત થશે.?!?)

★હઝરત માલીક બીન મગુલ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''જનાબ રસુલલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી કોઇએ પૂછ્યું કે, 'સૌથી ખરાબ આદમી કોણ છે?' આપે ફર્માવ્યું કે, 'ઉલ્મા(આલીમો) જ્યારે કે તે બગડી જાય છે.'''

★હઝરત મોહંમદ બીન સીરી(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''આલીમો વિદાય થઇ ગયા અને તેઓના ઇલ્મનો બચેલો-કુચેલો હિસ્સો ખરાબ વાસણોમાં બાકી રહી ગયો.'' (મજકુર ઇબારતનો ખુલાસો કરતાં હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની (રહેમતુલ્લાહ અલયહ)ખુદ ફર્માવે છે કે, ''આજકાલના આલીમો આ ખરાબ વાસણો છે અને તેઓનું ઇલ્મ આગળના ઉલ્માઓનો વધેલો-ઘટેલો હિસ્સો છે, નહીં કે તેઓનું પુરું ઇલ્મ.'')

★હઝરત કઅ્બ બીન અહબાર(રદીયલ્લાહો ત્આલા અન્હો) ફરમાવતાં હતાં કે, ''આખરી જમાનામાં ઉલ્મા(આલીમો)માલદારોની

નિકટતા પર એ રીતે ગર્વ કરશે કે જે રીતે સ્ત્રીઓ પુરુષો સંબંધે ગર્વ કરતી હોય છે, આ લોકો અલ્લાહની મખ્લુકમાં સૌથી વધુ ખરાબ હશે.''

(અને આવા આલીમો વિશે જ હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ પોતાના મકતુબાતશરીફના પ્રથમ દફતરના પત્ર નં-૩૩માં ફર્માવ્યું છે કે, ''આલીમો માટે દુનિયાની મોહબ્બત અને રગબત તેઓના સુંદર ચહેરા પર કદરૂપો ડાઘ છે. મખ્લુક ને જો કે આવા આલીમોથી ઘણો ફાયદો પહોંચે છે પરંતુ તેઓનું ઈલ્મ ખુદ પોતા માટે કશું જ ફાયદાકારક નથી.'')

આવા આલીમો પારસના પથ્થર(પારસમણી)જેવા છે, કે જે બીજાને તો સોનું બનાવી દેશે, પરંતુ પોતે તો પથ્થર જ રહેશે.

અને પછી આપ આગળ ફર્માવે છે કે, ''અને એ ઈલ્મ તેઓના માટે નુકશાનકર્તા છે કારણકે જે ઈલ્મ ખુદાત્આલાની નજીક ખૂબ જ પ્રિય અને તમામ મખ્લુકમાં શ્રેષ્ઠ છે તેને તેઓએ (આવા દુનિયા પરસ્ત આલીમોએ) કમીની દુનિયાના માલ-મર્તબા મેળવવાનું માધ્યમ બનાવ્યું છે.''

અહીં એક વાત સમજવાની એ છે કે આ એ યુગના આલિમોની વાત હતી કે જેઓ ખરેખર આલીમો અને મહાન વિદ્વાનો હતા.તેમજ ખરેખર પારસમણી સમાન હતાં અને બીજાને સોનું બનાવી દેવાની શક્તિઓ ધરાવતાં હતાં. જ્યારે આજે તો આ પ્રકારના ઈલ્મો કે વિદ્વતાનું પણ નામ નિશાન નથી છતાં બે કિતાબ પઢેલા લોકો પોતાને આલીમ તરીકે ઓળખાવે છે જો કે તેઓની પાસે પૂરુ દિનીયાતનું પણ ઈલ્મ હોતું નથી. મકતુબાત શરીફનીઈબારતમાં આપે જે આલીમોની ખરાબીઓની વાત કરી છે, તે એ યુગના મહાન વિદ્વાનોની વાત કરી છે નહીં કે આજના બે કિતાબ પઢેલાં મૌલવીઓ અને મુબલ્લીગોની કે જેઓ પોતાને વારીસુલ્અંબિયા અને નાયબે રસુલ તરીકે ઓળખાવે છે જો કે તેઓની ગણના તો માત્ર અવામ(સામાન્ય જન)માં થાય છે જ્યારે એ યુગના આલીમો તો ખાસ લોકોમાં ગણાતા હતા અને તેમા આ પ્રકારની ખરાબીઓ ફેલાયેલી હતી. -સંકલન કર્તા) (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૭૯) સત્તાધીશોથી દૂરી અપનાવવી

કામીલ પીરો અને સુફિયાએ બાસફા લોકોના સદ્‌ગુણો પૈકી એક સદ્‌ગુણ એ પણ છે કે, જ્યારે તેઓના અકીદતમંદો અમીરોથી મળે છે, તો તેઓ તેને ખૂબ જ સુસ્ત અને નકામા કહે છે. અને જે તેઓને નસીહત કરે છે, તેની તેઓ ખુબ જ કદર કરે છે અને જેટલી હદે તેઓ પાસે ઈલ્મ વધારે હોય છે એટલી જ હદે તેઓ પોતાનામાં ફિસ્ક(નાફરમાની)હોવા પર વિશ્વાસ ધરાવે છે કારણ કે તેઓ જાણે છે કે આદમીની મોટાભાગે હાલત એ છે કે તેઓ પોતાના

તમામ ઈલ્મ પર અમલ કરી શકતો નથી અને તે જે ઈલ્મ પર અમલ નથી કરી શકતાં તેના માટે તેની પર ફિસ્ક જરૂર લાગું પડશે.

★હઝરત સૈયદઅલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''આદમીનું ઈલ્મ પર અમલ નહીં કરવાની એક નિશાની એ છે કે પોતાની બુઝુર્ગીની શોહરત(ખ્યાતી)પસંદ કરે અને લોકોના એ કહેવા પર કે ફલાણો દુનિયાનો ચાહક છે અથવા તો પોતાના ઈલ્મ તેમજ અમલમાં રીયાકાર (દંભી)છે વગેરે વગેરે પર નાક અને ભવાં ચઢાવે છે.'' તો આ રીતે તેનાથી જાણવાં મળ્યું કે જે વ્યક્તિ મજકુર કાર્યો વડે ખુશ થાય અને તેનાથી ઉલટું કરવામાં નાખુશ થાય છે તે પોતાના ઈલ્મ પર અમલ કરનારો નથી. અને તેણે પોતાની હાલત પર રોવું જોઈએ.

★જનાબ રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ફર્માવ્યું કે, ''મારી ઉમ્મતના મોટાભાગના મુનાફીકો કારીઓ હશે.''

★હઝરત અબ્દુલ્લાહ બીન મુબારક(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''જે વ્યક્તિ ખુલ્લા ગુનાહોના કારણે દોઝખમાં જશે(જેમ કે, ચોરી, શરાબખોરી વગેરેના કારણે)તેઓ તેનાથી ઓછા હશે, જેઓ તેમાં દંભ અને શોહરતના કારણે જશે.'' (એટલે કે દંભ (રીયાકારી) અને શોહરતના કારણે દોઝખમાં જનારાઓ વધુ હશે.)

★હઝરત અબ્દુલ અઝીઝ બીન અબી રવાદ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''જહાલતના યુગના ફાસીકો અમારા યુગના એહલે ઈલ્મ(ઈલ્મવાળાઓ)થી વધુ શરમ ધરાવતાં હતાં.''

★હદીષ શરીફમાં આવ્યું છે કે, ''લોકો પર એક એવો યુગ આવનારો છે કે તેમાં આદમીનું માત્ર નામ સાંભળવું, તેને મળવા કરતાં શ્રેષ્ઠ હશે અને જો તેને મળો તો તેને માત્ર મળવું એ વાત કરતાં શ્રેષ્ઠ હશે કે તેની પરીક્ષા કરો કારણકે જો તેની પરીક્ષા કરશો તો તમે તેને અને તેના કાર્યને ધિક્કારની દૃષ્ટિએ જોશો.''

★હઝરત હુઝૈફા બીન યમાન(રદીયલ્લાહો અન્હો)ફર્માવતાં હતાં કે, ''હું આલીમ માટે એ વાત પસંદ કરતો નથી કે તે સત્તાધીશોના દરવાજાઓ પર જાય કારણેકે દુનિયામાં તેઓના દરવાજા ફિત્નાઓનું ઠેકાણું છે.'' (એટલે કે જ્યાં દરેક પ્રકારના ફિત્નાઓ મળે છે.)

★હઝરત સઈદ બીન મોસય્યબ(રદીયલ્લાહો અન્હો) ફર્માવતાં હતાં કે, ''જ્યારે તમે આલીમોને જુઓ કે તે બાદશાહના દરવાજાઓ પર જાય છે(તો સમજી લ્યો કે)તે દીનનો ચોર છે.'' (નહીં કે હિફાઝત કરનારો કે તેનો રક્ષક)

★હઝરત ઝહાક બીન મુઝાહીમ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, “હું પૂરી રાત એવી વાતની શોધમાં રહ્યો કે જેનાથી બાદશાહ ખુશ રહે અને ખુદાત્આલા નારાજ ન થાય પરંતુ મને એવી એક પણ વાત ન મળી.”(એટલે કે બાદશાહને ખુશ રાખીને ખુદાત્આલાને નાખુશ ન થવા દેવો અત્યંત મુશ્કીલ-રૂપ છે માટે તેનાથી(બાદશાહથી)દૂર રહેવું જ સારું છે)

★હઝરત અસમઇ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, “સૌથી ખરાબ હાકીમ એ છે કે ઉલમાઓથી દુર છે અને સૌથી ખરાબ ઉલ્મા તેઓ છે કે અમીરો સાથે ખૂબ જ નિકટનો સંબંધ ધરાવે છે.” (એટલા માટે ઉમરાઓની ફર્ઝ છે કે તેઓ આલીમોથી મળતાં રહે અને આલીમોની એ ફર્ઝ છે તેઓ ઉમરાઓની નિકટતા હાંસીલ કરવાની કોશીશ ન કરે.)

તો હે ભાઇ, જેઓ પીરપદ અને શૈખીનો દાવો કરે છે તેઓએ પોતાની અંદર ઝાંકવું જોઇએ અને ચિંતન-મનન કરવું જોઇએ કે, તેઓ પોતાના સલ્ફસાલેહીન જેવા સદ્ગુણો વડે આભુષીત છે કે નહીં અને જો ન હોય તો તેના માટે પ્રયત્નો કરવા જોઇએ. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૮૦) બંધના હક્કોની તકેદારી

કામીલ પીરો અને સુફીયાએ બાસફા લોકોના સદ્ગુણો પૈકી એક સદ્ગુણ એ પણ છે કે, જ્યારે તેઓ પોતે બિલકુલ નાદારીની સ્થિતિમાં હોય છે અને તેઓના ભરણ પોષણ વગેરેની જવાબદારી અન્યો પર હોય છે. તો તેઓ બીજા લોકોને ખાણું, કપડાં વગેરે આપી દેતા નથી. (કારણકે આ તો એવું છે કે હલવાઇ(મીઠાઇ -વાળા)ની દુકાન પર નાનીનો ફાતેહા) બલ્કે તેઓ આ વાતના પ્રયત્નો કરે છે કે, જ્યાં સુધી શક્ય હોય તેઓના અકીદ્તમંદો પર પોતાનો બોજ ન પડે.

ત્યારબાદ મજકુર કિતાબના મુસન્નીફ હઝરત ઇમામ અ.વહાબ શોઅરાની(રહેમતુલ્લાહ અલયહ)આ અનુસંધાને ખુદ પોતાના હાલતો વર્ણવતા લખે છે કે, અમુક લોકોની એ આદત હોય છેકે લોકો જે કાંઇ તેઓની ખિદમત કરે છે, તેમાંથી તેઓ બીજાની ખિદમત કરે છે અને તેનું કારણ એ હોય છે કે, જ્યાં સુધી શક્ય હોય તેઓ કોઇને નગ્ન અવસ્થામાં કે ભુખ્યા તરસ્યા છોડી દેતા નથી; અને મારો મસ્લક પણ આવો જ હતો. (પરંતુ આ મોટી ભૂલ છે) મારા પીરો મુર્શીદ શૈખ સૈયદી મોહંમદ બીન અબ્દુલ્લાહ તેમજ મારા શૈખ સૈયદી નુરૂદ્દીન(રહેમકોમુલ્લાહત્આલા અજમઇન)મને મારી આ રીત ભાતથી તૌબાહ્ કરાવી હતી. મેં તેઓને અર્ઝ કરી કે, “ જો સાઇલ (માંગનારો) મારા પર ખુદા અને રસુલની કસમ ખાઇ લે(અને કહે કે ખુદા અને રસુલની કસમ હું તારી પાસેથી જરૂર લઇને જ રહીશ)તો ત્યારે હું શું

કરું?” તો તેઓએ ફર્માવ્યું કે, “ત્યારે પણ ન દે અને માત્ર એટલું કહી દે કે, જલ્લલ્લાહુલ્અઝીમ અથવા તો સલ્લેઅલા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ), કારણકે કોઇની કસમ પૂરી કરવી ત્યારે મુસ્તહબ હોય છે કે જ્યારે કે ખુદ તેની પાસે માલ હોય અને જેનો ખર્ચ બીજા લોકો ઉઠાવતાં હોય તેના માટે કસમ પુરી કરવાનો હુકમ નથી.”

તો આ રીતે હે ભાઇ, તારા માટે જરૂરી છે કે જ્યારે તું જુએ કે કોઇ સાઇલ કોઇ શૈખે તરીકતથી કોઇ કપડાં વગેરે માંગતો હોય અને તે ન આપે તો તરત જ તેનાથી બદગુમાની ન કરી લ્યો અને એવું ન કહો કે આ દુર્વેશના મસ્લકની વિરૂધ્ધની વાત છે બલ્કે તેની પહેલાં વાતની સત્યતા અને હકીકતને ચકાસો કારણકે શક્ય છે કે તે શૈખ માટે પણ આ પ્રકારની કોઇ મજબુરી હોય જેનું અમે વર્ણન કર્યુ અને તેણે કંજૂસાઇને કારણે આવું ન કર્યુ હોય.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૮૧) કરામતોને છુપાવવી

કામીલ પીરો અને સુફીયાએ ઉઝ્ઝામના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે, “તેઓ પોતાની એ કરામતો જાહેર કરતાં નથી, જેની ઉપરતેઓના સમકાલીન ઇન્કાર કરે; કારણકે આ પ્રકારની જાહેરાતનો કોઇ જ ફાયદો નથી.”

★હઝરત સૈયદી શૈખ અબુલ્અબ્બાસ મુરસી(રહેમતુલ્લાહ અલયહ) પોતાના એહબાબથી ફર્માવતાં હતાં કે, “કોઇ તમારા પૈકી એવો છે કે જ્યારે તે જનાબ રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)ને સલામ કરે તો તેનો જવાબ પોતાના કાનો વડે સાંભળે.” તો તેના પ્રત્યુત્તરમાં તેઓ ઇન્કાર કરતાં અને કહેતાં કે, “અમારા પૈકી કોઇ એવો નથી જેને આ પ્રકારની ઘટનાનો અનુભવ થયો હોય.” અને તેઓની આ વાત પર આપ ફર્માવતાં કે, “તમે દિલોની હાલત પર રૂદન કરો, કે તે અલ્લાહ અને તેના રસુલ (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)થી હિજાબમાં છે.” પછી ફર્માવતાં કે, "ખુદાની કસમ, હું થોડીવાર માટે પણ જનાબ રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી હીજાબમાં આવી જાઉં તો હું મને પોતાને મુસલમાન ગણતો નથી.”

★પછી કિતાબના મુસન્નીફ હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની (રહેમતુલ્લાહ અલયહ)ખુદ ફર્માવે છે કે, “હું કહું છું કે, દુર્વેશોના મકામમાં અને તે શખ્સના મકામમાં જે જનાબ રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી ફૈઝ હાંસીલ કરે છે અને પોતાના સલામનો જવાબ સાંભળે છે એક લાખ છેંતાલીસ હજાર નવસો નવ્વાણું મકામોનું અંતર છે હવે જો કોઇ આ મકામનો દાવો કરે તો અમે તેની પાસે તેની વચ્ચેના મકામોનું વિવરણ ઇચ્છીશું.

અને જ્યારે અમે જોઇશું કે તે જાણતો નથી, તો અમે તેને જુઠ્ઠો દાવેદાર કહીશું.'' હઝરત શૈખ અલી મરસ્ફી(રહેમતુલ્લાહ અલયહ)ની હયાતીમાં કેટલાક લોકોએ આજ પ્રકારનો દાવો કર્યો હતો આપે તેઓને સામે બોલાવ્યા અને જ્યારે તેઓ આવ્યા તો કહ્યું કે, ''મારો હેતુ એ છે કે જે મકામોનો તમે દાવો કર્યો છે, કે અલ્લાહ ત્આલાએ તમને આ મકામો અર્પ્યા છે, હું તેનું વિવરણ સાંભળવા ઇચ્છું છું. પરંતુ તેઓ આ વાતનો જવાબ ન આપી શકયા. તો આપે તેને ઠપકો આપ્યો અને આદેશ આપ્યો કે, તેઓને અમારી પાસેથી હાંકી કાઢવામાં આવે અને આ રીતે તેઓ ખુબ જ ખરાબ હાલતમાં મૃત્યું પામ્યાં. ખુદાની પનાહ...''

તો તમારા માટે પણ જરૂરી છે કે આ પ્રકારના ખોટા દાવાઓ તમે કદાપી નહીં કરતાં ! (વલહમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૮૨) કાઝીના હોદ્દાથી બચવું

કામીલ પીરો અને સુફીયાએ બાસફા લોકોના સદ્‌ગુણો પૈકી એક સદ્‌ગુણ એ પણ છે કે, તેઓ પોતાના અકીદતમંદો પૈકી કોઇને પણ કાઝીના હોદ્દા અને કોઇ અમાનતના કાર્યની જવાબદારી લેવા દેતા ન હોતા; જેમાંથી મોટાભાગે ગુનાહ વગેરે છુટકારો મળી શકતો નથી. હા જો કોઇ શરઇ કાનુનસર તેઓ આ કાર્ય માટે નિમાય જાય તો તેની મજબુરી છે અને આ કાર્યથી દુર ભાગવાનું કારણ એ છે કે, હદીષેપાકમાં આ પ્રકારના કાર્યોથી બચવા માટે ભલામણો આવી છે.

★હઝરત સુફીયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''આ યુગમાં ન તમે મોઅઝ્ઝીન(અઝાન આપનારો)બનો અને ન ઇમામ અને ન તો ચૌધરી(આગેવાન) તેમજ ન તો ફકીરોને વહેંચવા માટે કોઇની પાસેથી રૂપિયા લ્યો.''(અથવા તેની ભલામણો કરો.)

(હઝરત સુફીયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)એ આજથી ૧૦૦૦ વર્ષ પહેલાં પોતાના યુગના લોકોને આ પ્રકારની સોનેરી સલાહ આપી હતી કે જે યુગ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના યુગથી ઘણો જ નિક્ટનો યુગ હતો તો હવે આજના આ હળાહળ જુઠ્ઠાણાઓના યુગમાં આપની આ સલાહ કેટલી હદે ઉપયોગી છે, જેની ઉપર ખૂબ જ ઊંડુ ચિંતન-મનન કરવું જરૂરી છે અને દરેક પ્રકારની આગેવાની, જમાદારી અને ઠેકેદારીથી બચવું અત્યંત જરૂરી છે, તો જ તમે સલામતીની સાથે તમારા દીન અને ઇમાનને બચાવી શકશો)

અને જ્યારે લોકોએ હઝરત ઇમામે આઝમ અબુ હનીફા (રદીયલ્લાહો ત્આલા અન્હો)ને કાઝી બનવા માટે મજબુર કર્યા અને તેઓને કેદ કરી લીધા તો તેઓને એ કાયદો હતો કે અમુક દિવસો સુધી તેઓને જેલખાનામાંથી બહાર કાઢીને મારતાં હતાં જેથી તેઓ કાઝીનો હોદો સ્વીકારી લે. પરંતુ તેઓ

કોઇપણ ભોગે તે ન સ્વીકાર્યું ત્યાં સુધી કે એક દિવસ આપ બાળકની જેમ રડવા લાગ્યા અને ફર્માવા લાગ્યા કે, ''ઘણાંય હક્કો એવા છે કે જેને કાઝી બાતીલ કરી દે છે અને ઘણા બાતીલ એવા હોય છે કે જેને તે હક્ક કરી દે છે.'' (તો પછી હું કેવીરીતે કાઝી બની શકું.?)

★મેં હઝરત શૈખ સૈયદી અલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ)થી સાંભળ્યું છે કે, તેઓ ફર્માવતાં હતાં કે, ''આ યુગમાં હુકુમતોનો હેતુ જોર અને ઝુલ્મ કરવો છે અને જો કોઇ ઇન્સાફ કરવા ઇચ્છે તો તે ઇન્સાફ કરી શકતો નથી કારણકે આદમી પોતાના ખરાબ અમલોના કારણે અદલ (ઇન્સાફ)ને લાયક નથી.'' (અને એટલા માટે જ તેની ઉપર અલ્લાહ ત્આલા ઝાલીમ હાકીમો ઠોકી બેસાડે છે.)

★હઝરત શૈખ અલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ)ના જાણીતા લોકો પૈકી એક વ્યક્તિ કાઝી બની ગયો. આપે તેની ઉપર મલામત કરી અને ફર્માવ્યું કે, ''તે ખૂબ જ ખરાબ કૃત્ય કર્યું; તારે આવું કરવાની જરૂરત ન હોતી.'' તેણે અર્ઝ કરી કે, ''(મારી નિય્યત તેમાં નેક છે) અને હું એટલા માટે કાઝી બન્યો છું કે લોકોને નેક કાર્યોનો આદેશ આપું અને બુરાઇથી બચાવું.'' જેના જવાબમાં શૈખે ફર્માવ્યું કે, ''આ શૈતાને તને ધોખો આપ્યો છે, કારણકે તારી પહેલાં ઘણા કાઝીઓ આવી ચુકયા, જેનાથી આ કાર્ય થઇ શકયું નહીં; જો કે એ યુગ નસીહતોને કબુલ કરવાવાળાનો હતો. રહ્યો આ યુગ જેની હાલત એ છે કે હાકિમો પોતે જ અત્યારે વિલાયત અને બુઝુર્ગીના દાવેદારો છે. અને કહે છે કે, 'અસલી વલી તો અમે જ છીએ કારણકે લોકો અમારા મોહતાજ છે અને અમે તેના મોહતાજ નથી.''' (તો હવે તું આ પરિસ્થિતિમાં નેક કાર્યોનો હુકમ અને બુરાઇથી રોકવાનું કાર્ય કંઇ રીતે કરી શકીશ. ?)

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૮૩) દોસ્તોની ગમખ્વારી

કામીલ પીરો અને સુફીયાએ બાસફા લોકોના સદ્‌ગુણો પૈકી એક સદ્‌ગુણ એ પણ છે કે, તેઓ પોતાના દોસ્તોની હાલતો પૂછતાં રહે છે પરંતુ માત્ર વ્યર્થ રીતે જ નહીં બલ્કે એ હેતુથી કે ખાણું, કપડાં, લતા, રૂપિયા પૈસા, કર્ઝની અદાયગી, અથવા તો કોઇની ચિંતાઓનો બોજ પોતા પર લેવો વગેરે વગેરે કાર્યો પૈકી જે વસ્તુઓની તેઓને જરૂરત હોય તેમાં તેઓની મદદ કરે આ પ્રકારના સદ્‌ગુણવાળા લોકો આ યુગમાં ખૂબ જ ગણ્યા-ગાંઠ્યા રહી ગયા છે કારણકે આજકાલ માત્ર ઔપચારિક રીતે જ હમદર્દી દેખાડવામાં આવે છે, જેનો હેતું માત્ર સારું લગાડવાનો જ હોય છે, જે એક પ્રકારનો દંભ છે અને મુનાફીકપણું છે.

★ અને લોકોના આ પ્રકારના દંભને નિહાળીને જ હઝરત શૈખ સૈયદી અલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, "જો કોઇ પોતાના ભાઇની ગમખ્વારી કરવા, તેની ચિંતાઓનો બોજ પોતાની ઉપર લેવા અથવા તો તેના માટે દુઆનો ઈરાદો ન રાખતો હોય તો તેણે કદાપી એવું ન કહેવું જોઇએ કે, તમારી હાલત શું છે ? કારણકે આ એ પ્રકારનો નિફાક છે." (એટલા માટે કે સવાલ વડે તો હમદર્દી અને ગમખ્વારી જાહેર થઇ રહી છે, પરંતુ દિલ વડે નહીં તો આ પ્રકારની ઔપચારિકતા જરૂર નિફાક જ છે.)

★ હઝરત ઈમામ શાફઇ(રદીયલ્લાહો ત્આલા અન્હો)થી પૂછવામાં આવ્યું કે, ''આપની કેવી હાલતમાં સવાર પડી ?'' તેઓએ અફસોસની સાથે ફર્માવ્યું કે, ''મારી સવાર એવી હાલતમાં થઇ કે હું ખુદાનું રીઝ્ક ખાઉં છું અને તેનો શુક્ર અદા નથી કરતો.''

★ હઝરત માલીક બીન દીનાર(રહેમતુલ્લાહ અલયહ)થી કહેવામાં આવ્યું કે, ''આપની સવાર કેવી હાલતમાં થઇ ?'' તો આપે ફર્માવ્યું કે, ''મારી સવાર એવી ઉમ્રમાં પડી કે દરરોજ ઘટતી જાય છે અને એવા ગુનાહોમાં સવાર પડી કે જે દરરોજ વધતાં જાય છે.''

★ હઝરત હામીદ નિસાફ(રહેમતુલ્લાહ અલયહ)ને કોઇએ પૂછયું કે, ''આપે કેવી હાલતમાં સવાર કરી ?'' તો આપે ફર્માવ્યું કે, ''ખૈર અને સલામતીની સાથે.'' જેના જવાબમાં હઝરત હાતીમ અસમે(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવ્યું કે, ''હે હામીદ ખૈર અને સલામતી પુલસિરાત પરથી પસાર થયા પછી અને જન્નતમાં દાખલ થઇ ગયા પછી હશે.'' તો હામીદ કહ્યું કે, ''આપે બરાબર ફર્માવ્યું.'' (ખરેખર, મારી આ ગફલત જ હતી.)

તો આ રીતે, હે ભાઇ, આ બધી વાતોને ખૂબ જ સારી રીતે સમજી લે અને પોતાના દોસ્ત એહબાબોની સાથે માત્ર ઔપચારિકતા ખૂબ જ મોટો દંભ અને નિફાક છે જેનાથી બચવું જરૂરી છે.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૮૪) શૈતાનનો મુકાબલો

કામીલ પીરો અને સુફિયાએ બાસફા લોકોના સદ્દગુણો પૈકી એક એ પણ છે કે, તેઓ શૈતાનના જંગ અને તેના મકરો-ફરેબ તેમજ છુપીયુક્તિ-પ્રયુક્તિઓ અને જાળોને ઓળખવાથી તેમજ ખુદના પોતાના કાર્યોથી ગાફીલ નથી હોતા અને આ એ સદ્દગુણ છે કે જેને મોટાભાગના લોકો આજકાલ વિસરી ચુકયા છે. (પરંતુ આવું ન હોવું જોઇએ)કારણકે જે રીતે શૈતાન એક ક્ષણ માટે પણ આપણાથી ગાફીલ નથી હોતો એ જ રીતે આપણા માટે પણ જરૂરી છે કે તેનાંથી ગાફીલ ન રહેવું જોઇએ તે દરેક ક્ષણે એ જ લાગ કેતક શોધી રહ્યો હોય

છે અને પુરી રીતે એ વાતની ખ્વાહીશ ધરાવતો હોય છે કે આદમી ખુદાની નારાજગીમાં ફસાય જાય.

★ હઝરત ફુઝેલ બીન અયાઝ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''જ્યારે શૈતાન આદમી સંબંધે ત્રણ વાતો પૈકી એક વાતમાં કામ્યાબ થઇ જાય છે, તો તે કહે છે કે બસ મારા માટે આટલું જ કાફી છે, અને આના સિવાય બીજું કશું જ હું ઇચ્છતો નથી આ ત્રણ પૈકી એક ખુદપસંદી(અહમ્)છે અને બીજી ખુદના પોતાના અમલને ઘણો મોટો સમજવો. અને ત્રીજું તેનું પોતાના ગુનાહોને ભુલી જવું છે. તે પૈકી જે વાત પણ આદમીમાં પૈદા થઇ ગઇ. શૈતાન સમજે છે કે હું કામ્યાબ થઇ ગયો. અને એક રિવાયતમાં ત્રણ પૈકી એકને બદલે ચાર પૈકી એક છે અને ચોથી વાત ખૂબ જ પેટભરીને ખાવું છે આ વાત આ ત્રણેય કરતાં વધુ ભારે છે, કારણકે આ ત્રણેય તેના થકી જ પૈદા થાય છે.''

તેમજ અમને એ વાતની જાણકારી મળી છે કે શૈતાન મલઉન આદમીની સુરત બનાવીને એક ગોદડી પહેરીને અને ગળામાં તસ્બીહ નાંખીને અને કમર ફરતો ખુદાવાળા મશાઇખોની જેમ પટખો પહેરીને હઝરત જુનૈદ બગદાદી(રહેમતુલ્લાહ અલયહ)ની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી કે, ''હું હુઝુરની ખિદમત કરવા ચાહું છુ, કદાચ હુઝુરની બરક્તનો થોડો ઘણો અંશ મને પણ મળી જાય.'' (આપે તેની આ દરખાસ્ત સ્વીકારી લીધી.)અને તે વીસ વર્ષ સુધી આપની ખિદમત કરતો રહ્યો અને આપને વઝુ કરાવતો રહ્યો. પરંતુ આપને બેહકાવવા માટેનો કોઇ માર્ગ તેને ન સુઝયો અને એક દિવસ વિદાય થવા માટે આપની ખિદમતમાં હાઝર થયો જ્યારે તે વિદાય થવા લાગ્યો તો તેણે કહ્યું કે, ''આપ મને ઓળખતા નથી.?'' તો તેઓએ ફર્માવ્યું કે, ''મેં તો ત્યારે જ ઓળખી લીધો હતો, જ્યારે તું મારી પાસે આવ્યો હતો તું અબુમુર્રાહ ઇબ્લીસ છો.'' જેના જવાબમાં ઇબ્લીસે કહ્યું કે, ''હઝરત મેં કોઇને જોયો નથી કે આપના કદમ પર હોય.'' આ સાંભળીને હઝરત જુનૈદે ફર્માવ્યું કે, ''હે મલ્ઉન, મારી સામેથી દુર થા, તું એવું ઇચ્છે છે કે જતાં જતાં તું મને એવી બલામાં ફસાવતો જા કે જે મારો દીન બરબાદ કરી દે." એટલે કે પોતાની હાલત પર નાઝ કરવો.(ખુદપસંદી અહમ્નું પોષણ.)

★ એક દિવસ ઇબ્લીસ મલઉન હઝરત ઇસા અલયહીસ્સલામ ની દ્રષ્ટિએ ચઢ્યો અને કહ્યું કે, ''હે રૂહુલ્લાહ કહો *લાઈલાહો ઈલ્લલ્લાહ*'' તો આપે ફર્માવ્યું કે, *લાઈલાહો ઈલ્લલ્લાહ* બિલ્કુલ હક્ક વાત છે અને હું તે કહું પણ છું, પરંતુ તારા કહેવાથી નહીં કહું .'(કારણ કે તેમાં તારી તાબેદારી છે) હઝરત સૈયદી અલી ખ્વાસ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''ઇબ્લીસનો હેતુ અહીં એ હતો કે હઝરત ઇસા (અલયહીસ્સલામ)ને તૌહીદ

માં પોતાના શાગીર્દ બનાવી લે પરંતુ ઇસા (અલયહીસ્સલામ) એવું ન કર્યું અને આપની અસ્મત આવું કરવા માટે બાધારૂપ બની ગઇ.''

★ હઝરત ફુઝૈલબીન અયાઝ(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''શૈતાનની કમર એ રીતે કોઇ તોડતું નથી જે રીતે એ શખ્સ તોડે છે કે જે ખુબીપૂર્વક(ખૂબ સારી રીતે)અમલ કરે છે. (પછી ભલેને તે થોડોક જ હોય) અલ્લાહત્આલાને વિપુલતા કે અધિકતાની જરૂરત નથી, પરંતુ ખૂબીપૂર્વક (હસન)કરેલો અમલ મક્સુદ છે. ફર્માને ઇલાહી છે કે, *લેયબ્લોકુમ અય્યોકુમ અહસનો અમલા.*' (**અર્થાત્**:-જેથી તમારી પરીક્ષા કરે કે કોણ સારા અમલો કરે છે?) તો અહીંયા તેણે સારા અમલોની વાત કરી નહીં કે ખૂબ વિપુલ અમલોની. તો આ રીતે આમાલોમાં તેને ખૂબ સારી રીતે અદા કરવાનું મહત્ત્વ છે, નહીં કે ખૂબ અધિક માત્રામાં અમલો કરવાનું.

તેમજ આપ ફર્માવતાં હતાં કે, '' જ્યારે આદમીની ઉમર ચાલીસ વર્ષની થઇ જાય અને તમામ ગુનાહોથી તૌબાહ્ ન કરી લે તો શૈતાન તેની પેશાની પર પ્રેમપૂર્વક હાથ ફેરવે છે અને કહે છે કે, ' હું આ માંકડા ઉપર કુર્બાન કે જે કામ્યાબ નહીં થાય.' હું કહું છું કે આ વાતનું સમર્થન તિબરાની વગેરેની હદીષો વડે થાય છે જેને તેઓએ અધિકતાપૂર્વક રિવાયત કરી છે. કે જ્યારે આદમી ચાલીસ વર્ષનો થઇ જાય અને તેની ભલાઇ તેની બુરાઇ પર કાબુ હાંસીલ ન કરી લે તો તેના માટે જરૂરી છે કે પોતાનું ઠેકાણું દોઝખમાં બનાવી લે.''

★ હઝરત હબીબ અજમી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''જો હક્ત્આલા મને પોતાની સામે ઊભો રાખીને એવું ફર્માવે કે, ' માત્ર એક સજદો એવો લઇ આવો કે જેમાં નફસનો તેમજ શૈતાનનો કોઇ હિસ્સો ન હોય જેથી હું તમને જન્નતમાં દાખલ કરી દઉં.' તો મને એક સજદો પણનહીં મળે.''

(આહ, કેટલી દર્દનાક વાત છે, ઇન્સાનનો એક પણ અમલ શૈતાન અને નફસના ધોખાઓથી ખાલી નથી. શૈતાનના મકરો-ફરેબને ઓળખવા ખૂબ જ મુશ્કેલ ભર્યા છે તેમાય જ્યારે શૈતાન ઇન્સાનની પાસે નેકીના રસ્તેથી આવે છે ત્યારે તો ભલભલાને પોતાના કાબુમાં લઇ લે અને પોતાનો હેતુ પરિપૂર્ણ કરી લે છે તેમજ શૈતાન ઇન્સાન પાસે એક મોટી અને અતિભયાનક બુરાઇ કરાવવા માટે તેની પાસે નવ્વાણું નેકીઓ કરાવે છે, પરંતુ અંતમાં આ નવ્વાણું નેકીઓના ફરેબ થકી જ તેને એક એવી બુરાઇમાં ફસાવી દે છે કે તે દોઝખી બની જાય છે અને પોતાની દીન, દુનિયા તબાહ્ કરી નાંખે છે.)

તો આ રીતે હે ભાઇ, તારે હોંશીયાર રહેવું જોઇએ અને જ્યારે તું જુએ કે તું ખૂબ જ ઇબાદત કરી રહ્યો છે, તો એવું કદાપી માની ન લેવું જોઇએ

કે હવે શૈતાનનો સંબંધ તારાથી કપાય ગયો છે, બલ્કે તેમાં ખૂબ જ ઊંડાણપૂર્વક સારી રીતે ચિંતન કરવું જોઇએ કે તેમાં શૈતાનની કશી દખલગીરી તો નથી ને.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૮૫) ઘમંડ અને તકબ્બુરથી દુરી અપનાવવી.

કામીલ પીરો અને સુફીયાએ ઉઝ્ઝામના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે, તેઓ એવા કાર્યોથી અત્યંત બચે છે જેમાં લોકોની સામે તકબ્બુરનો જરાક અણસાર પણ હોય, જેમ કે બાળકો કે ખાદીમોના જનાઝાઓમાં શરીક ન થવું અને જ્યારે તેઓ બીમાર થાય તો તેઓના ખબરઅંતર ન પૂછવા કારણકે દુરવેશોને દીન- દુનિયામાં લોકો પર સરદારી માત્ર તેઓની ઝીલ્લત અને નમ્રતાનાં કારણે જ હાંસીલ થઇ છે (તો પછી તેઓ તેને છોડીને તકબ્બુર કેવી રીતે કરી શકે છે ?) પછી જ્યારે તેઓ જનાઝામાં શરીક થાય છે તો ત્યારે તે લોકોની હાલત એ હોય છે કે તેઓએ કોતાહીઓ(ખામીઓ) પર કે જેઓ તેમનાંથી હક્ક્ત્આલાના મામલામાં ઘટીત થઇ છે. તેનાથી ગમગીન થાય છે અને પશ્ચાતાપ જાહેર કરે છે.(તેમજ મૌતથી ઇબ્રત હાંસીલ કરે છે) હદીષશરીફમાં આવ્યું છે કે, ''આદમી માટે મૌત એ પૂરતી વાઅઝ છે.''(અને ત્યારબાદ આદમીને કોઇ વાઅઝ સાંભળવાની જરૂરત નથી.)

તેઓ જ્યારે જનાઝામાં શરીક થતા તો જનાઝાના માર્ગ દરમ્યાન વાતો કરતાં ન હોતાં તેમજ ન તો કોઇ મુબાહ્ વાતચીત પણ કરતાં હતાં; તો પછી બુરી વાતોની તો ચર્ચા જ અસ્થાને છે. અને આ સદ્ગુણ આ યુગના લોકોમાં ખૂબ જ દુર્લભ બની ગયો છે. (હઝરત ઇમામ શોઅ્રાની (રહેમતુલ્લાહ અલયહ) ના યુગની વાત છે, તો આજની પરિસ્થિતિનું અનુમાન કરી લ્યો.) કારણકે મોટાભાગની હાલત એ છે કે તેઓ મોટાભાગે જનાઝામાં જતાં જ નથી, અને માની લ્યો કે કદાચ કોઇ ભાગ લે પણ છે તો ત્યારે તે વાર્તાકાર બની જાય છે અને વ્યર્થ વાર્તાઓ અને કિસ્સાઓ શરૂ કરી દે છે, બલ્કે કેટલાક લોકો તો એવું કરે છે કે મૈયતની ચારપાઇ (ખાટલો)ની પાસે રમૂજી કિસ્સાઓ કહેવાનું શરૂ કરી દે છે. મેં આ અનુસંધાને આ પ્રકારની ઘટના એક વ્યક્તિ થકી નિહાળી છે કે જેણે સુફનો અમામો બાંધેલો હતો (એટલે કે તે સુફી હોવાના દાવેદાર હતો) ખુદાત્આલા તેને પણ માફ કરે અને અમને પણ માફ કરે. અને હઝરાતે સલ્ફ તદ્દન સાધારણ કપડાં પહેરીને જનાઝામાં શરીક થતાં હતાં(બની ઠનીને જતાં નહોતા)તો આ રીતે જનાઝામાં શરીક થતી વખતે ઉમદા કપડાં પહેરવાથી બચવું જોઇએ ખાસ કરીને જ્યારે તેમાં ખુશ્બુ લગાડેલી હોય તો તો વધુ તકેદારી રાખવી જોઇએ કારણકે આ ગમનો મૌકો છે. અહીંથી એ વાત પણ જાણવા મળી કે જે દુર્વેશો જનાઝાઓમાં શરીક થાય અને કોઇપણ પ્રકારની યોગ્ય હેતુ

વિના ઉમદા કપડાં પહેરે તેઓ સુફિઓની હાલતોથી દુર તેમજ મૌતની યાદથી ગાફીલ છે.

અને જ્યારે આ સલ્ફસાલેહીન લોકો જનાઝામાં શરીક થતાં હતાં તો મૌત અને તેના એહવાલોની યાદના કારણેકે જે આદમીઓ પર કબ્રમાં છવાય છે ચિંતનમાં ડૂબી જતાં હતાં ત્યાં સુધી કે તે પૈકી અમુક હઝરાતો તો કેટલાય દિવસો સુધી સતત ગમગીન રહેતાં હતાં અને લોકો ગમની નિશાનીઓ તેઓના ચહેરા પર નિહળતા હતાં.

અને પહેલાંના જમાનાના લોકો જનાઝાના પ્રસંગે પોતાના અવાઝને બિલ્કુલ ધીમો રાખવાનું પસંદ કરતાં હતાં અને જે અવાજ ઊંચો કરતાં તેને ધમકાવતાં હતાં અને ફર્માવતાં હતાં કે, ''તું ઘણો જ સરકશ(માથાભારે)છો, તને મૌત જોઇને નસીહત નથી થતી.'' હું કહું છું કે, (હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની(રહેમતુલ્લાહ અલયહ)કહે છે)''ઉલ્મા જનાઝામાં ઊંચા અવાઝથી ઝીકુલ્લાહ કરવાની અને દરૂદશરીફ વગેરે પઢવાની ઇજાઝત આપતાં ન હતાં, ત્યાં સુધી કે તેઓ એ જોયું કે લોકો વ્યર્થ બકવાસ કરે છે ત્યારે તેઓ સમજયા કે ઝીકુલ્લાહ દુનિયાની વાતોથી બેહતર છે. (અને ઝીકુલ્લાહ તેમજ દરૂદશરીફ મોટા અવાજે પઢવાથી ઇઝાઝત આપી દીધી.)એ કારણકે નહીં કે તેઓ શરઇ હુકમને બદલી નાખે બલ્કે ફક્ત એ કારણ કે અમુક ઝુલ્મ અમુકથી ઓછા દરજ્જાનો હોય છે.'' (એટલા માટે જો કે આ પ્રસંગે મોટા અવાજથી ઝીકુલ્લાહ કરવો કે દુરૂદશરીફ પઢવા પણ ઝયાદ્તી જ છે, પરંતુ વ્યર્થ બકવાસના મુકાબલામાં તો ગનીમત જ છે માટે ગુનાહ ઓછા થવાના હેતુસર તેઓએ તેની ઇઝાજત આપી દીધી.)

હઝરત હાતિમ અસમ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''જનાઝામાં ભાગ લઇને દિલનો ઇલાજ કરવો ફર્ઝ છે.''

તો હે ભાઇ, સલ્ફસાલેહીન આ રીતે જનાઝામાં તેમજ લોકોના અન્ય સુખ દુઃખના પ્રસંગોમાં સામાન્યજનોની જેમ જ શરીક થતાં હતાં અને એ રીતે પોતાની અંદર તકબ્બુર પૈદા ન થાય તેનો ખૂબ જ ખ્યાલ રાખતાં હતાં.

(વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૮૯) નિફાકથી પરહેઝ

કામીલ પીરો અને સુફિયાએ બાસફા લોકોના સદ્ગુણો પૈકી એક એ પણ છે કે, તેઓ લોકોને ઇમાન તેમજ નિફાકના એ મર્તબા પર રાખે છે, જેની પર તેઓ છે. અને એટલા માટે તેઓને ત્યાં મુનાફીકનો મર્તબો નિફાકથી સુરક્ષીત મુસલમાનના મર્તબા કરતાં ઓછો હોય છે. હવે જો કોઇ સવાલ કરે કે તેઓ મુનાફીકને કઇ રીતે ઓળખી લે છે, તો તેનો જવાબ એ છે કે, તેઓ તેને

તેની એ નિશાનીઓ વડે ઓળખી લે છે, જે જનાબ રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) તેના વિશે વર્ણવી છે જેમ કે આપે ફર્માવ્યું કે, ''મુનાફીકની ત્રણ નિશાનીઓ છે, જ્યારે તે વાત કરે છે, તો જુઠ્ઠુ બોલે છે, અને જ્યારે તે વાયદો કરે છે, તો તેને પુરો નથી કરતો, અને જ્યારે તેને કોઇ પણ મામલામાં અમાનતદાર બનાવવામાં આવે છે, તો ખયાનત કરે છે. અને એક રિવાયતમાં છે કે ચાર નિશાનીઓ છે અને ચોથી એ છે કે જ્યારે તે લડે ઝઘડે છે, તો ગંદીગાળો બોલે છે.''

તેમજ આપે ફર્માવ્યું કે મુનાફીકોની કેટલીક અન્ય અલામતો (નિશાનીઓ)છે, માટે તમે તેના વડે તેઓને મુનાફીક કહો, જે નિશાનીઓ આ મુજબછે.:- તેઓ મસ્જિદમાં ઘણાં ઓછા રોકાય છે, અને નમાઝમાં સૌથી પાછળ આવે છે, અને ન તો તકબ્બુરના કારણે કોઇ પણ તેનાથી મેળ મિલાપ રાખી શકે છે, કે ન તો તેઓ ખુદ કોઇનાથી પ્રેમભાવ રાખે છે, રાતના સમયે મુડદાની જેમ સુતેલા પડ્યા હોય છે, અને દિવસે બદઆમાલ. આ સિવાય પણ બીજી ઘણી નિશાનીઓ હદિષોમાં આવેલી છે.

★હઝરત ફુઝૈલ બીન અયાઝ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''મુનાફીકની એક નિશાની એ પણ છે કે, તેઓ એ વાતને પસંદ કરે છે કે લોકો તેની એવા ગુણો વડે પ્રશંસા કરે કે જે તેમાં નથી. અને એ વાતને નાપસંદ કરે છે કે લોકો તેની તેના એ દુર્ગુણો વડે ખરાબી વર્ણવે જે તેમાં છે અને જે તેને તેઓની ખામીઓ દેખાડે છે, તેનાથી અદાવત(દુશ્મની)કરી લે છે. અને જ્યારે પોતાના અને જ્યારે પોતાના સમકાલીન પૈકી કોઇનો ઐબ(ખામી) સાંભળે છે તો ખુશ થઇ જાય છે.''

★ હઝરત યુનુસ બીન ઉબૈદ(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''જે મુનાફીકને જોવા ઇચ્છે તે મને જોઇ લે.'' લોકોએ અર્ઝ કરી, ''હઝરત આપ મુનાફીક કેવી રીતે છો?'' આપે ફર્માવ્યું કે, ''ઘણીવાર સો (૧૦૦)સારી આદતો(સદ્ગુણો) પસંદ ક્રું છું તો તે પૈકી એક પણ હું મારી અંદર જોતો નથી.અને સો બુરી આદતો(દુર્ગુણો)ચુંટું છું તો તે તમામ મારી અંદર જોઉં છું'' (એટલે કે જાહેરમાં હું મુત્તકી અને નેક છું એ નિફાક નથી તો બીજું શું ?)પછી અફસોસ જાહેર કરતાં હતાં કે, ''અરે, આ મારી બદબખ્તી કે કયામતમાં મારી કેવી રૂસ્વાઇ થશે ?''

★ હઝરત સુફીયાન સૌરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''જ્યારે નેક લોકોની ચર્ચા થાય છે, તો ત્યારે અમે તેનાથી અલગ હોઇએ છીએ અને અમારે તેઓની સાથે કશું લાગતું વળગતું હોતું નથી અને જ્યારે સુસ્તવલણના લોકોની ચર્ચા થાય છે, તો અમારી તેઓની અંદર ગણના

થાય છે.''(અહીં કહેવાના અર્થ એ છે કે, અમારી ગણના નેક લોકોના સમુહમાં નહીં પરંતુ સુસ્ત લોકોના સમુહમાં થાય છે.)

★ હઝરત માલીક બીન દીનાર(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''મુનાફીકની એક નિશાની એ છે કે, તેઓ આવતીકાલ માટે રોઝી(રીઝક, ખાણું વગેરે)બચાવીને રાખી મુકે છે અને લોકો સાથે દુનિયાના મામલે ઝઘડો કરશે (અને એવું ઈચ્છશે કે બધુ મને જ મળી જાય) અને એવું ઈચ્છશે કે માત્ર મારી જ શોહરત (ખ્યાતી)થાય.''

તો હે ભાઈ, તું તારા નફસને જો અને તેની અંદર ખૂબ જ ચિંતન-મનન કર તેમજ તેને ખૂબ જ ફંફોસો; અને જો તેમાં નિફાક નજરે ચઢે તો તેને પાક-સાફ કરવા માટે પુરા પ્રયત્નો કર. આમ તો નિફાકનો સામાન્ય અર્થ પાખંડતા, આડંબર અને ઢોંગ છે; તો આ રીતે જે લોકો માત્ર પરહેઝગાર હોવાના, દીનદાર હોવાનો સ્વાંગ રચે છે, પરંતુ હકીકતમાં તેઓને પરહેઝગારી કે દીનદારીથી કશું લાગતું વળગતું હોતું નથી આવા લોકોને મુનાફીક અથવા તો પાખંડ, આડંબરી કે ઢોંગી કહેવામાં આવે છે આવા લોકો અલ્લાહત્આલા સાથે બહું જમોટી બનાવટ અને છેતરપીડી કરી રહ્યા છે, કાલ કયામતના દિવસે આવા લોકો સૌથી બદતર હાલતમાં હશે માટે દરેક વ્યક્તિએ પોતાની અંદર નિરીક્ષણ કરવાની જરૂરત છે અને સૌથી પ્રથમ પોતાને જ આવી અધમ પ્રકારની વૃત્તિઓથી બચાવવાની જરૂરત છે જ્યાં સુધી ઈન્સાન પોતાની અંદર દ્રષ્ટિપાત નહીં કરે ત્યાં સુધી તેના માટે આ માર્ગ પર ચાલવું અતિકઠીન છે. કારણકે અલ્લાહત્આલાએ સૌથી પ્રથમ ઈન્સાનને પોતાના નફસને જ દોઝખની આગથી બચાવવાની તાકીદ કરી છે અને ત્યાર બાદ પોતાના ઘરવાળાઓને. (વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન)

★ (૮૭) ઓછું ખાવું

કામીલ પીરોઅને સુફીયાએ ઉઝઝામની નેકઆદતો પૈકી એક એ પણ છે કે, તેઓ કદાપી પેટભરીને ખાણું ખાતા નથી, જેથી નમાઝમાં આજેઝી પૈદા થાય. અને પેટભરીને ખાવાથી દિલ સખ્ત થઈ જાય છે એટલા માટે જો કોઈ પેટભરીને ખાણું ખાયને એવું ઈચ્છે કે નમાઝમાં આજેઝી પૈદા થાય તો તેણે આ ગલત રસ્તો અપનાવ્યો છે. (કારણ કે આ હાલતમાં કયારેય પણ આજેઝી પૈદા થઈ શકતી નથી.)

★ હઝરત ઈબ્ને મસ્ઉદ(રદીયલ્લાહો ત્આલા અન્હો)જ્યારે નમાઝ માટે ઊભા થતાં તો આપના સુકુન(શાંત્તચિતતા)ની હાલત એવી રહેતી હતી કે જાણે એવું લાગતું હતું કે કોઈ કપડું પડયું છે. અને ઈસ્તિગરાક(બે ખુદી,

મસ્તી)ની હાલત એ હતી કે જ્યારે તેઓ નમાઝ પઢવા માટે ઊભા થતાં અને પોતાના ઘરવાળાઓનું એવું કહેતા સાંભળતા કે, ''વાતચીત રોકી દ્યો કારણ કે અબ્દુલ્લાહ નમાઝ પઢી રહ્યા છે,'' તો આપ ફર્માવતાંહતાં કે, ''જેટલી હદે તમારું દીલ ઈચ્છે વાત કરો હું નમાઝ પઢવાની હાલતમાં તમારી વાતો સાંભળતો નથી.''

★ જ્યારે હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામ નમાઝ પઢવા માટે ઊભા થતાં તો ખૌફના ગલ્બાના કારણે આપનું દિલ એટલી હદે ધડકતું હતું કે બે માઈલ સુધી આપની દિલની ધડકનોનો અવાજ સંભળાતો હતો.

★ હઝરત સઈદ તનુખી(રહેમતુલ્લાહ અલયહ)નમાઝ પઢવા માટે ઊભા થતા તો વરસાદની જેમ તેઓની આંખોમાંથી આંસુઓ વહેતાં હતાં.

★ એકવાર હઝરત મુસ્લીમ બીન યસાર(રદીયલ્લાહો ત્આલા અન્હો) જામેઅ્ મસ્જિદમાં નમાઝ પઢી રહ્યા હતાં. અચાનક જ મસ્જિદનો કોઈ ભાગ શહીદ થઈ ગયો. જેના કારણે જેટલા લોકો મસ્જિદમાં હાજર હતાં તે તમામ બઝારમાં ભાગી ગયા અને એક શોર-બકોર મચી ગયો પરંતુ હઝરત મુસ્લીમને આ વાતની બિલ્કુલ ખબર નહોતી.

★ હઝરત સમીત બીન ઉજલાન(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''તમે લોકો નમાઝમાં ખુદાની સામે હાજર થવાનો દાવો કેવી રીતે કરો છો? જ્યારે કે તમારી હાલત એ છે કે જો એક મચ્છર કરડે છે તો તેના કરડવાની તમને અનુભુતી થાય છે, જો કે સલ્ફ (આગળના બુઝુર્ગો)ની હાલત એ હતી કે, તેઓ પૈકી કેટલાયને ભાલા, તીર કે નેઝાઓ ભોંકી દેવામાં આવ્યા તેઓને ખબર પણ ન પડી ત્યાં સુધી કે લોહી વહી જવાનાં કારણે તેઓનો જીવ ઊંડો ઉતરી જતો હતો અને તેઓ નબળાઈને કારણે જમીન પર પડી જતાં હતાં.''

★ હઝરત હસન બસરી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવતાં હતાં કે, ''દુનિયાથી મોહબ્બત કરવાવાળા પાછળ નમાઝ ન પઢો.'' અને સલ્ફની હાલતો તો એ હતી કે જ્યારે તેઓ એવું સાંભળતા કે કોઈએ નમાઝની હાલતમાં અહીં તહીં જોયું છે તો તેને એટલી હદે આશ્ચર્યજનક સમજતાં હતાં કે જો તે પોતાના ઘરે પણ હોય તો પણ તેઓની પાસે જતાં અને કહેતાં હતાં. ''અમે સાંભળ્યું છે કે તમે નમાઝમાં અહીં તહીં જુઓ છો તેનું કારણ શું છે?'' અને તેઓનું આ મામલે આશ્ચર્ય પામવાનું કારણ એ હતું કે તેવો અલ્લાહ ત્આલાની અઝમતને ઓળખતાં હતાં. (અને એટલા માટે સમજતાં હતાં કે એવું કદાપી થઈ શકતું નથી કે કોઈ ખુદાત્આલા સામે ઊભો રહીને અહીં-તહીં જુવે.)

★ હઝરત શરીફ બલ્ખી(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવતાં હતાં કે, ''શૈતાન આદમીની બે વાતોથી ખૂબ જ નારાજ થાય છે. એક તો એ કે તેના

વસવસાને કશી ગણતરીમાં ન લે, અને બીજું એ કે આદમી ખુદાત્આલાની ઝાતમાં ખોજ કરવાનું છોડી દે.''

(અને ખરેખર આ બંને વાતો ઘણી જ સમજવા લાયક અને અમલ કરવાને લાયક છે, કારણ કે આ બે માર્ગ એવા છે કે જેના વડે શૈતાન ઈન્સાન પર કાબુ હાંસીલ કરી લે છે.)

તો હે ભાઈ, તું તારા નફસને જો અને પોતાની હાલત પર ચિંતન કર કે જે રીતે આ હઝરાતોને નમાઝમાં ખુશુઅ(આજેઝી) હાંસીલ હતો, શું તને પણ આ પ્રકારની આજેઝી કયારેય હાંસીલ થઈ અથવા તો તું આ મામલામાં બીલકુલ તેઓથી વિરુધ્ધ છો.? અને જો આ પ્રકારની હાલત કયારેય હાંસીલ ન થઈ હોય તો અલ્લાહ ત્આલાની બારગાહમાં ખૂબ જ રૂદન અને અશ્રુવહન તેમજ તૌબાહ્ કરવી જોઈએ. વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન.

★ અવારીફુલ્મઆરીફ શરીફ નું એક ફરમાન

સુફીવાદની મશહુર કિતાબ **અવારીફુલ્મઆરીફશરીફ** ના મુસન્નીફ શૈખશ્શોયુખ હઝરત શૈખ શહાબુદ્દીન ઉમર સોહરવર્દી (રદીયલ્લાહો ત્આલા અન્હો)સુફીયાએ કિરામ અને મશાઈખે કિરામના સદ્ગુણો અને નેકઆદતો વર્ણવતા તેના બાબ-૪ '*સુફિયા કે એહવાલ ઔર ઈનકે મુખ્તલીફ તરીકે*' માં ***દિલ કો કીનેસે ખાલી રખના સુન્નતે રસુલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હૈ*** એ શિર્ષક અંતર્ગત એક હદીષ પાક નકલ ફર્માવીને તેનો ખુલાસા રજુ કરતાં ફર્માવે છે કે,

''શૈખુલ્આલમ ઝીયાઉદ્દીન અબુ અહમદ અબ્દુલવહ્હાબ બીન અલી વિવિધ રાવીઓ થકી હઝરત સઈદ બીન મુસય્યબ (રદીયલ્લાહો ત્આલા અન્હો)થી રિવાયત કરે છે કે હઝરત અનસ બીન માલીક(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ ફર્માવ્યું કે, મને રસુલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ઈર્શાદ ફર્માવ્યો કે, ''હે ફરઝંદ, જો તને એ વાત પર શક્તિ પ્રાપ્ત થઈ જાય કે તું સવાર-સાંજ એ હાલતમાં પસાર કરે કે તારા દિલમાં કોઈના તરફ પણ કિનો (કપટ, દગો)ન હોય, તો તું એવું કર.'' પછી આપે ફર્માવ્યું કે, ''હે ફરઝંદ, આ મારી સુન્નત છે અને જેણે મારી સુન્નત જીવંત કરી તેણે જાણે કે મને જીવંત રાખ્યો અને જેણે મને જીવંત રાખ્યો તે મારી સાથે જન્નતમાં ગયો.''

ત્યારબાદ મજકુર હદીષેપાક નું વિવરણ રજુ કરતાં હઝરત શૈખશ્શોયુબ(કુદ્દસ્સીર્રહુ)એ ફર્માવ્યું કે, ''તો આ રીતે આ સૌથી મહાન નેકનામી અને સૌથી વધુ કામીલ ફઝલ છે કે જેની ખબર રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)એ વ્યક્તિ માટે આપી જેણે *સુન્નતે નબવી* ને જીવંત કરી; માટે સુફિયાએ કિરામ જ એ હઝરાતો છે જેણે આ સુન્નતે

રસુલ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને જીવંત કરી; અને પોતાના દિલોને તમામ પ્રકારની ખરાબીઓ, ખામીઓ તેમજ કીના કપટથી શુધ્ધ અને પવિત્ર કરેલ છે. તેઓના કાર્યનો આધાર ઘણો જ બુલંદ છે અને તેના વડે તેઓનું ગૌહર જાહેર થઈ ગયું અને તેઓની ફઝીલત ઘણી જ સ્પષ્ટ થઈ ગઈ. અને તેઓનું આ રીતે સુન્નતને જીવંત કરવા પર શક્તિમાન હોવાનું તેમજ તેના જરૂરી હક્કો સાથે તૈયાર હોવાનું કારણ એ જ છે કે તેઓએ દુનિયાથી અનુરાગ અને સંયમ અપનાવ્યો અને દુનિયાને તેના અભિલાષીઓ તેમજ તેના પુજારીઓ માટે છોડી દીધી. કારણ કે કિના તેમજ પાખંડતા(નીફાક)નો ઉછેર તેમજ તેની પ્રગતિ દુનિયા અને દુનિયાની નજદીક પોતાની ઉચ્ચતા અને માન મર્તબા તરફના પ્રેમભાવ વડે થાય છે. જ્યારે સુફિયાએ કિરામે કહયું છે કે, અમારો આ તરીકો એ લોકોની ભલાઈ અને સુધારણા માટે છે, જેઓએ પોતાની અરવાહોને દરેક પ્રકારની દુન્યવી ખરાબીઓરૂપી કચરા અને ગંદકીઓ વડે પવિત્ર કરેલ છે અને જ્યારે એ લોકોના દિલોમાંથી દુનિયાની મોહબ્બત અને માન-મોભાની ઈચ્છા નેસ્તો-નાબુદ થઈ ગઈ તો તેઓએ સવાર-સાંજ એ હાલતમાં પસાર કરી કે તેઓના દિલમાં કોઈના તરફ લેશમાત્ર કિનો કપટ કે દગાબાજી ન હોતી.''

તો હે ભાઈ, સુફિયાએ કિરામ અને મશાઈખે ઉઝઝામ જ એવી હસ્તીઓ છે કે જેઓ રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની દરેક સુન્નતોને જીવંતતા અર્પણ કરનારાઓ છે. અલ્લાહ ત્આલાએ રસુલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તાબેદારી અને અનુસરણને પોતાની મોહબ્બતની નિશાની કહી છે. તેમજ રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના આ નેક અનુસરણનો બદલો અલ્લાહત્આલાએ પોતાની મોહબ્બત રાખ્યો છે. તો આ રીતે જે શખ્સને જેટલો વધુ હિસ્સો રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના અનુસરણ પેટે હાંસીલ થયો હશે, તેટલો જ હિસ્સો તેને અલ્લાહત્આલાની મોહબ્બતમાંથી પ્રાપ્ત થશે. અને મુસલમાનોના તમામ તબકકાઓ પૈકી હઝરાતે સુફિયાએ રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના ઈર્શાદાતો પર સૌથી વધુ અમલ કર્યો અને જે વાતોથી રોક્યાં તેનાથી રોકાઈ ગયા.

જે રીતે કે અલ્લાહત્આલાનો ઈર્શાદ છે કે,''જે કંઈ રસુલે મકબુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તમારી પાસે લાવ્યા તેને લઈ લો અને જે ચીઝથી તેઓ તમને મનાઈ ફર્માવે તેનાથી રોકાઈ જાવ.'' એ જ રીતે સુફિયાએ કિરામે પોતાના આમાલોમાં આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની કમાલ દરજ્જે પયરવી(અનુસરણ)કરી. તેમજ તાબેદારીરૂપી પ્રયત્નો વડે ઈબાદત,

તહજ્જુદ, નવાફીલ, રોઝા, નમાઝ અને જે કંઇ તે સિવાય છે, તેના અમલીકરણમાં આપનું અનુસરણ કર્યુ તેમજ આપના અકવાલો અને એહવાલોમાં અનુસરણની બરકતો વડે એ લોકો આપના સદ્‌ગુણો વડે આભુષિત થયા. એટલે કે સહનશીલતા, શરમ હયા, દરગુઝર, માફી, મહેરબાની, દયાભાવ, હિદાયત, નસીહત, નમ્રતા, આજેઝી, વગેરે જેવા સદ્‌ગુણો વડે લાભાવિંત થયા. અને તેના થકી જ તેઓને આપના પવિત્ર અમવાલોમાંથી થોડોક હિસ્સો ખૌફ, તસ્કીન, શાંતચિત્તતા, અચળતા, હૈબત, તાઝીમ, સબ્ર અને રઝા તેમજ દુનિયાથી અનુરાગતા અને તવક્કુલમાંથી હાંસીલ થઇ ગયા, તો તેઓએ તાબેદારીના તમામ પ્રકારો પૂરેપૂરી રીતે હાંસીલ કરી લીધાં એટલે કે પરિપૂર્ણ(કામીલ)તાબેદારી કરી અને આ રીતે તેઓએ કમાલની હદ સુધી સુન્નતને જીવંત કરી, અને એ રીતે *મકામે મેહબુબીય્યત* માંથી વધુમાં વધુ હિસ્સો હાંસીલ કર્યો.

<u>**તો આ છે મશાઇખે કિરામ અને સુફીયાએ કિરામની એ ઊંચી શાન કે જેના મુકાબલો દરેક આડંબર કરનારો, પાખંડી, ઢોંગી કે પીરપદનો ખોટો સ્વાંગ રચનારો કયારેય કરી શકતો નથી.**</u>

વલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન.

મુર્શીદ મક્કા, તાલીબ હાજી, કાબા ઈશ્ક બણાંયા હુ,
વીચ હુઝુર સદા હર વેલે, કરીએ હજ્જ સવાયા હુ,
હીક્ક દમ મૈં થોં જુદા ન હોવે, દિલ મીલણે તે આયા હુ,
મુર્શીદ અયન હયાતી બાહુ, લું લૂં વીચ્ચ સમાયા હુ,

હઝરત સુલ્તાન બાહુ કાદરી (રહેમતુલ્લાહ અલયહ)

(અર્થઘટન :- આ શેરમાં હઝરત સુલ્તાન બાહુ મુર્શિદકામીલની અગત્યતા, ઇશ્કે હકીકીનું મહત્ત્વ, તસવ્વુરે શૈખની જરૂરત તથા ફૈઝાને મુર્શીદ થકી જ સાચુ જીવન પ્રાપ્ત થવાનો ઉલ્લેખ કરે છે.)

અમારું આગામી પ્રકાશન

અય ઈશક તેરે સદકે જલને સે છુટે સસ્તે,
જો આગ બુજાએગી વોહ આગ લગાઈ હૈ.

આલા હઝરત ઈમામે એહલે સુન્નત

ઈશ્ક કે ઈમ્તેહાં

ચાઅ્ની

અહેવાલુલ્અરફીયા

ફી ફઝાઈલે સિલસિલાએ નક્શબંદીયાહ

યેહ તન રબ્બ સચ્ચે દા હુજરા, ખીડીયાં બાગ બહારાં હુ,
વીચ્ચે કુ જે, વીચ મુસલ્લે, વીચ સજદે દીયાં ઠારાં હુ,
વીચ્ચે કાબા, વીચ્ચે કીબ્લા, ઈલલીલ્લાહ પુકારા હુ,
કામીલ મુર્શીદ મીલયા બાહુ, આપે લૈસી સારાં હુ.

હઝરત સુલતાન બાહુ કાદરી (ર્ને્રમતુલ્લાહ અલયહ)

(અર્થઘટન :- મુર્શીદિ કામીલ પ્રાપ્ત થતાં તેમના ફૈઝ થકી મને ખબર પડી કે, મારૂ ભૌતિક શરીર અન્વારે ઈલાહીય્યાહ્‌થી ભરપુર છે તેની અંદર ઈબાદતની પૂર્ણતાના સર્વ સાધનો છે તેની ચાવી કલ્માશરીફ છે, હવે મુર્શીદિકામીલના માર્ગ દર્શન હેઠળ ઝીક્રે નફી-અસ્બાત કરીશ મને કોઈ જ ખતરો નથી મારા મુર્શીદ પોતે મારી સંભાળ રાખશે.)

મનકી આંખે ખોલ...

(૪)

" ફશીશે રબ્બાની "

એટલે કે

જઝબાહની હકીકત, ફઝીલત અને નકશબંદી તરીકામાં તેની અગત્યતા

" જઝબાતે હકની એક કશીશ (આકર્ષણ)
બંને જહાંના આમાલોની બરાબર છે."

હઝરત સૈયદ મખ્દુમ જહાંગીર અશરફ સીમનાની (કુદ્દસ્સીર્રહુ)

(હવાલા : લતાઈફે અશરફી, લતીફા નં-૬)

તમહીદ

નક્શબંદી સિલસિલાના મશાઈખોંએ ''કુર્બેહક્ક'' (અલ્લાહની નિકટતા) પ્રાપ્ત કરવાના માર્ગમાં જઝબાને અગ્રસ્થાન આપેલું છે. તેમજ ''કુર્બે હક્ક'' ની પ્રાપ્તીમાં પોતાનો દારોમદાર ''ઝીકે ક્લ્બી'' અને ''ઝીકે ખફી'' પર રાખ્યો છે; અને આ માર્ગમાં માત્ર ''ફીકેઝાત'' ને જ અગ્રતા આપી છે, જેનાથી મુરાદ''વુકુફે ક્લ્બી'' છે એટલે કે દિલનો ખ્યાલ દરેક પળે અને દરેક હાલતમાં''વાજીબુલ્વુજુદ''ની ઝાત તરફ હોવો. આ બાબત અન્ય તરીકાઓથી ઉલ્ટી છે. ઈસ્મે ઝાત ''અલ્લાહ'' ની ફીક તેમજ ઝીકથીજ ''જઝબો'' પૈદા થાય છે, અને આ જઝબાના માર્ગને જ ''*રાહે ઈજતીબા*''એટલે કે ''ઈલાહી આકર્ષણનો માર્ગ'' કહે છે. આ માર્ગ ''*વસ્લે ઈલાહી*'' (અલ્લાહત્આલાનો મેળાપ)હાંસીલ કરવાના મશહુર તેમજ નિશ્ચિત માર્ગ ''સુલુકના માર્ગ'' થી તદ્દન વિપરીત, અજાણ્યો તેમજ અનિશ્ચિત માર્ગ છે.અને આ મહાન નક્શબંદી બુઝર્ગોએ પોતાના તરીકામાં આ અજાણ્યા તેમજ અનિશ્ચિત માર્ગએટલેકે જઝબાહ્નાં માર્ગ થકીજતાલીબોની તરબીયત્ ફર્માવી છે,અને આ અજાણ્યાં તેમજ અનિશ્ચિત માર્ગને તેઓએ નિશ્ચિત અને ધોરી માર્ગ બનાવી દીધો છે; જે આ નક્શબંદી બુઝુર્ગોની ખાસ વિશેષતા અને ફઝીલતો પૈકી છે. અને આ અનુસંધાને જહઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદિયલ્લાહો ત્આલા અન્હો)એ મકતુબાત શરીફમાં દફતર-૧, મકતુબ નં૨૦૦માં ફર્માવ્યું છેકે, ''*નક્શબંદી તરિકાના બુઝુર્ગોએ આ જ અનિશ્ચિત માર્ગ(જઝબાહ્નો માર્ગ)અપનાવ્યો છે.અને આ અનિશ્ચિત માર્ગ જ એ બુઝુર્ગોનાં તરીકામાં નિશ્ચિત બની ચૂક્યો છે તેમજ અસંખ્ય લોકોને આ માર્ગ થકીજ પોતાની તવજ્જોહ્ અને આત્મબળ વડે ધ્યેય(અલ્લાહ ત્આલા)સુધી પહોંચાડી દીધા છે.*''

અને આ કારણસર જ આ જાતનો જઝબો પરિપૂર્ણ નક્શબંદીઓ માં પહેલાં પણ હતો,આજે પણ છે અને ઇન્શાઅલ્લાહ, ભવિષ્યમાં પણ રહેશે; પરંતુ નાક્સિ નક્શબંદીઓ આ વાતને ક્યાંથી સમજી શકે અને આવા જ નાકીસ નક્શબંદીઓકે જેઓ પોતાના સિલસિલાની ફઝીલતોથી નાવાકિફ છે,તેની પર અફસોસ જાહેર કરતાં હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદિયલ્લાહ ત્આલા અન્હો)એ પોતાના મકતુબાત શરીફમાં દફતર નં-૧ના મક્તુબ નં-૨૭માં ફર્માવ્યું છેકે, .''(અત્યારે)આ મહાન નિસ્બત(જઝબાહ્ની નિસ્બત)એટલી બધી નહીવ્ત્ પ્રમાણમાં અને દુર્લભ છે કે, જો કદાચ હું મારા પીર ભાઈઓને(એહલે સિલસિલા)સામે પણ તેનું બયાન કરું તો શક્ય છેકે મોટાભાગના તેનો ઈન્કાર જ કરી દે અને મારી વાત પર વિશ્વાસ જ ન કરે.''

તો જ્યારે બિચારા અમુક નાકીસ નક્શબંદીઓ જ પોતાના સિલસિલાની આ મહાન દૌલતને સમજી શક્યા નહી અને તેનો ઈન્કાર જ કરી દેછે,તો પછી અન્ય સિલસિલાના નાકીસ પીરો અને તાલીબોની ચર્ચા અહીં કઇ રીતે થઇ શકે છે?!?

આ જ કારણસર વર્તમાનકાળમાં ડો.ઈકબાલના આ શૈર મુજબ,

તીનસો સાલ સે હૈં હિન્દ કે મયખાને બંદ,
અબ મુનાસીબ હૈ તેરા ફૈઝ હો આમ અય સાકી.

જ્યારે આ ફૈઝ આમ થઇ રહ્યો છે ત્યારે આ દૌલતનો ઝહુર(જાહેર થવું) અમુક તાલીબોમાં દેખીને કોઇએ તેને સીફલી ઈલ્મનો પ્રત્યાઘાત કહ્યો તો કોઇએ તેને ધતીંગ કે બનાવટ કહ્યાં,કોઇએ તેને હાજરી કે જીન્નાત વગેરેની સવારી કહી, તો કોઇએ વળી એવો એતરાઝ કર્યો કે,''અમે પણ મુરીદ અને તાલીબ છીએ,અમને એવું કેમ નથી થતું ?!?'' કોઇએ તો વળી એતરાઝ કરતાં કહ્યું કે, '' જેઓ દાઢી મુંડા અને શરીઅતનાં પાબંદ નથી તેઓને વળી આ '' જઝબો'' કેવી રીતે મળી શકે?'' જો કે આ છેલ્લા બે એતરાઝો પૈકી પ્રથમ એતરાઝનો જવાબ એ છેકે, ''મુરીદ કે તાલીબમાં જઝબાહ્નું પૈદા ન થવાનું કારણ પીરની નાકીસ તાલીમ તેમજ સુલુકેઈલલ્લાહના માર્ગને પાર ક્ર્યા વિનાજખિલાફત હાંસીલ કરી લેવાના કારણે છે, જે પીરની પોતાની ખામી છે.'' અને બીજા એતરાઝનો જવાબ તો ખુદ હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો અન્હો)એ પોતે જ મકતુબાત શરીફમાં દફતર-૧, મકતુબ નં-૨૦૦માં આપ્યો છે,જે આ રીતે છે,રાહે નામસ્લુક(અનિશ્ચત માર્ગ)સે મુરાદ જઝબાહ્ ઔર મોહબ્બતકા રાસ્તાં હૈ ઔર ઈસમે ''તસ્ફીયાએ ક્લ્બ'' ''*તઝકીયાએ નફસ*'' પર મુકદ્દમ હૈઔર યે ઈજતીબાકા રાસ્તાં હે; જીસમેં અનાબત ઔર તૌબાહ્ શર્ત નહીં.''(અર્થાત્ઃ-અનિશ્ચિત માર્ગનો અર્થ જઝબાહ્ અને મોહબ્બતનો માર્ગ છે,અને તેમાં દિલની સ્વચ્છતાં નફસની સફાઇ પર અગ્રતાં ધરાવે છે; અને આ ઈલાહી આકર્ષણનો માર્ગ છે,જેમાં તૌબાહ્ અને અનાબત શર્ત નથી.)એટલે કે આ માર્ગ પર ચાલવા માટે તૌબાહ્ અને અનાબત(પ્રાયશ્ચિત)શર્ત નથી,તો પછી ''માત્ર મુત્તકી અને પરહેઝગારને જ જઝબાહ્ની દૌલત મળી શકે.'' એવું કહેવું તો હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહત્આલા અન્હો)ના ઉપરોક્ત ફરમાનનો ઈન્કાર છે,બલ્કે તાલીબને આ મહાન નક્શબંદી તરીકામાં શરૂઆતથી જ જઝબાની દૌલત વડે મુશર્રફ ફર્માવાનું કારણએછે કે આ જઝબાની દૌલત જ તાલીબને અનાબત તથા તૌબાહ્નો અહેસાસ કરાવશે તેમજ દિલની સ્વચ્છતા(તસ્ફીયાએ કલ્બ)અર્પણ કરશે જે તેને પરહેઝગારીના

માર્ગ પર લગાડી દેશે,તો આ રીતે આ જઝબાની દૌલત તો તાલીબ માટે પરહેઝગારીના માર્ગનું પ્રવેશદ્વાર સાબીત થાય છે;તો પછી તેનો આટલો બધો વિરોધ શા માટે?

આ તો એવી વાત થઇ કે કોઇ બેવકુફ કહે કે,““જે તરતા શીખ્યાં નથી તે તળાવ પર ન જઇ શકે.”” એ જ રીતે આ પણ આ પ્રકારનો જ વિરોધ કહેવાય કે,““જો મુત્તકી નથી તો જઝબો ક્યાંથી મળે?!?””

અલ્હમ્દોલીલ્લાહ,આજે પણ નક્શબંદી સિલસિલાનાં તાલીબોમાં જે તક્વો અને પરહેઝગારી છે તે આવા એતરાઝ કરનારાઓ અને જકાતનાં માલ થકી બનેલાં જેબ-ભરૂ મૌલવીઓ પાસે ક્યાંથી હોઇ શકે?!? અને તેની અપેક્ષા પણ કઇ રીતે રાખી શકાય? કહેવાનું તાત્પર્ય એ છેકે,““આ જઝબાહ્‌ની દૌલત થકી છેલ્લે તાલીબને તકવા અને પરહેઝગારીની દૌલત હાંસીલ થઇ જજાય છે.””

તો આ રીતે આ મહાન નક્શબંદી સિલસિલાની આ જઝબાહ્‌રૂપી દૌલતનો હસદરૂપી બિમારીમાં ફસાયેલા લોકો વિવિધ રીતે ઇન્કાર કરીને પોતાને ખસેરુદ્દુનીયા વલ્આખેરહના હક્કદાર બનાવી રહ્યાં છે!!! (અલ્લાહ ની પનાહ) અને આવા બિમારો માટેજ ઇર્શાદે ખુદાવંદી છેકે,““*ફી કોલુબેહીમ મરદુન ફઝાદહુમલ્લાહો મરદા*””

(**અર્થાત્** :- તેઓનાં દિલોમાં બિમારી હતી અલ્લાહે તેની બિમારીમાં વધાર કરી દીધો.)

એક લાયક મૌલવી સાહેબથી જ્યારે આ જઝબાહ્ વિશે પ્રશ્ન થયો તો તેમણે જવાબમાં કહ્યું કે,““તસવ્વુફનું જ્ઞાન મને બિલ્કુલ નથી.”” કાશ કે અન્ય આલીમો પણ આ રસ્તો અપનાવતાં !?! જ્યારે એક ચિશ્તી સિલસિલાના પીર સાહેબથી આ પ્રશ્ન થયો તો તેમણે આ આખી વાતને પોતાની મહેફીલે સીમાઅ્‌ના રક્સ સાથે તેની સરખામણી કરી જેના કારણે સાઇલ ખામોશ થઇ ગયો.હવે જ્યારે આજના આ હળાહળ જુઠાણાંનાં યુગમાં બની બેઠેલા મૌલવીઓને નમાઝના જ સંપૂર્ણ મસાઇલનું જ્ઞાન નથી તો પછી તસવ્વુફના આ મહાન ભેદ જઝબાહ્‌નું જ્ઞાન તો ક્યાંથી હોય જ? અને તેને આ જ્ઞાન સાથે શી લેવાં દેવા?!?છતાં પણ જાહેલો પોતાની અણઆવડતનાં લીધે આ જાતનાં મુલ્લાઓને સંપૂર્ણજ્ઞાની સમજીને તેને જઝબા અને સુલુક વિશે પ્રશ્ન કરી અર્થહીન જવાબો મેળવીને પોતે પણ ગુમરાહ થાય છે અને બીજાઓને પણ ગુમરાહ કરે છે.!

જો કોઇ““રાહે હક્કનાં તલબગારને ””જઝબા વિશે સંપૂર્ણ માહીતી મેળવવી હોય તો તેણે હઝરત ઇમામે રબ્બાની,મુજદ્દીદે અલ્ફેષાની,મેહબુબે

સમદાની, કય્યુમે ઝમાની,શૈખ અહેમદ ફારૂકી સરહીંદી(રદીયલ્લાહ ત્આલા અન્હો)ના મકતુબાત શરીફનાદફતર-૧, મકતુબનં-૬૨,૧૧૩,૨૦૦,૨૮૭ અને૨૯૦નું ધ્યાનપૂર્વક મંથન અને મનન કરવું કારણકે ‘જઝબાહ્’ તથા તેના ફઝાઇલ અને પ્રકારો વિશે મજકુર પવિત્ર પત્રોમાં આપે સંપૂર્ણ ચર્ચા કરી છે.અને તેના મનન-મંથન થકીજ જઝબા વિશેનું સિધ્ધાંતીક(થીયરીકલ)જ્ઞાન પ્રાપ્ત થઇ શકશે;અને કોઇને જઝબા વિશેનો પ્રત્યક્ષ અનુભવ(પ્રેકટીકલ)મેળવવો હોય તો કોઇ લાયક નક્શબંદી પીરે કામીલના દામનથી વાબસ્તા થઇ ઝીક્ર અને ફીક્ર કરવા પડશે તેમજ તેની સોહબતમાં રહેવું પડશે.આ દુનિયા આજે પણ કામીલ અને લાયક પીરોથી ખાલી નથી.મક્તુબાત શરીફે દરેક યુગમાં ગુમરાહોને રાહ દેખાડવા માટે તથા તેનાં **મનની આંખો ખોલવા**માટે માર્ગદર્શકનું કામ ક્ર્યું છે.

જઝબાની ફઝીલતકુર્આનેપાક અને હદીષશરીફની રોશનીમાં

અલ્લાહત્આલા કુર્આનેપાકમાં સુરએ ઝુમરની આયાત નંબર ૨૩માં ફરમાવે છેકે,. ““*તકશઇર્રુમીન્હો જોલુદુલ્લઝીન યખ્શવ્ન રબ્બહુમ. સુમ્મતલીનો જોલુદોહુમ વ કુલુબોહુમ એલા ઝીક્રીલ્લાહ. ઝાલેક્હોદલ્લાહે યહ્દે બેહી મટ્યશાઅ્ વ મટ્યુદલેલીલ્લાહો ફમા લહુમ મીન હાદ.*””

(**અર્થાત્** :- ઉસસે બાલ ખડે હોતે હૈ ઉનકે બદન પર જો અપને રબસે ડરતે હૈ ફીર ઉનકી ખાલે ઔર દિલ નરમ પડતે હૈ યાદે ખુદાકી તરફ રગબતમે યે અલ્લાહકી હિદાયત હૈ રાહ દિખાએ ઉસસે જીસે ચાહે ઔર જીસે અલ્લાહ ગુમરાહ કરે ઉસે કોઇ રાહ દિખાને વાલા નહીં.)

મજકુર આયાતેપાક જઝબાની કૈફીયત રજુ કરી રહી છે,આ આયાતે પાકથી સંબંધીત મુફસ્સીરે કિરામે રજુ કરેલી અલગ-અલગ તફસીરો પૈકી કેટલીક તફસીરોના અવતરણો અહીં રજુ કરું છું,જેથી વાંચક મજકુર આયાતે પાકની ગહેરાઇને સારી રીતે સમજી શકે.

(૧)**તફસીરે ખઝાઇનુલઇર્ફાન** માં હઝરત મૌલાના નઇમુદ્દીન મુરાદાબાદી(રહેમતુલ્લાહ અલયહે)એ આ આયાતે મુબારકની તફસીર વર્ણવતાં એક હદિષેપાક બયાન ફરમાવી છેકે,હઝરત કતાદા (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ ફરમાવ્યું કે, ““ઔલિયા અલ્લાહની સિફત(ખાસીયત) છે કે ઝીક્રેઇલાહીના કારણે તેઓના વાળ ઊભા થઇ જાય છે,શરીર કાંપવાલાગે છે તેમજ દિલને ચૈન હાંસીલ થાય છે.””

(સમજુતીઃ- મજકુર હદીષેપાકમાં ‘ ફૈઝાને વિલાયત ’નો ઉલ્લેખ છે,આ જ હાલત જઝબાની કૈફીયતમાં તાલીબની હોય છે. ઝીક્રે ઇલાહીના

અન્વારો જ્યારે પીરની તવજ્જોહ્ તેમજ આત્મબળ વડે તાલીબના દિલમાં ઉતરે છે,તો તેઓના વાળ ત્યારે ઊભા થઇ જાય છે,શરીર કાંપવા લાગે છે તેમજ તડપવા લાગે છે.ક્યારેક મસ્તી અને બેખુદીની હાલતમાં તાલીબ પોતાના કપડાં પણ ફાડવા લાગે છે.તો આ રીતે કુર્આને પાક અને તફસીરમાં રજુ થયેલી મજકુર હદીષશરીફની રોશનીમાં જઝબાહ્ની કૈફીયત એટલેકે 'ફૈઝાને વિલાયત' સ્પષ્ટપણે સાબીત થઇ રહ્યો છે;તો પછી તેનો ઈન્કાર કરવો કુર્આનેપાક અને હદીષશરીફનો તો ઈન્કાર થયો જ અને સાથે ફૈઝાને વિલાયત નો પણ થયો.તો હવે વિચારો આ ઈન્કારનું પરીણામ શું હોય શકે? અને બીજી આશ્ચર્યજનક વાત તો એ છે કે, કુર્આને પાકની મજકુર આયાતે પાક્માં જ આવા લોકો માટે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી છેકે,''આ અલ્લાહની હિદાયત છે માર્ગ દેખાડે તેના વડે જેને ઇચ્છે અને જેને અલ્લાહ ગુમરાહ કરે તેને કોઇ જ માર્ગ દેખાડનાર નથી.'')

(૨)મજકુર આયાતેપાકનો તર્જુમો અને તફસીર રજુ કરતાં દેવબંદી વિચારશ્રેણીના મૌલવી અબ્દુર્રહીમ સાદીક રાંદેરી પોતાની ***તફસીર માઅ્રેફુલ કુર્આન*** માં લખે છેકે,

(**તર્જુમો** :-તેનાથી એવા લોકોના શરીર ધ્રુજી ઊઠે છે,જેઓ પોતાના પરવરદિગારથી ડરે છે.ફરી અલ્લાહની યાદ પર તેઓના દિલ નરમ થઇ જાય છે.....)

આ આયાતે પાકની તફસીર વર્ણતા મજકુર મૌલવી સાહેબ લખે છેકે,''અલ્લાહનો કલામ સાંભળીને અલ્લાહના ખૌફ અને મ્હોટાઇથી તેઓ ધ્રુજી ઊઠે છે.તેઓના રૂંવાટા ઊભા થઇ જાય છે પછી ત્વચા અને અતંઃકરણો નરમ થઈજાય છે...''સારાંશ ખૌફ અને રોબનો ગલ્બો થવાનાં કારણે તેમના જાહીર અને બાતીન અલ્લાહની યાદમાં ઝુકી જાય છે.અને એ યાદ તેના શરીર અને રૂહ બંને પર ખાસ પ્રકારની કેફીયત અને અસર જાહેર કરે છે(અલ્લાહના કલામ તથા ઝીક્રમાં) આવી અસરકાકતા હોવા છતાં પણ જે કોઇ સત્યને કબુલ કરવાથી નાસ્યો કે દુરભાગ્યો તેના દિલની સખ્તાઇમાં હજુ વધુ વધારો જ થવાનો એ રીતે કે જેમ સુર્યની ગરમીથી મીણ પીગળે છે,પરંતુ નમક તો સુકાઇને વધુ સખ્ત જ બને છે.

મજકુર તફસીરમાં જઝબાહ્ની કૈફીયત ઘણીજ સારી રીતે વર્ણવી છે અને પછી આ સત્ય વાતને સ્વીકારવાથી જે દુરભાગ્યો તેના દિલની સખ્તાઇનું એક ખુબજ સારા દ્રષ્ટાંત વડે વર્ણન ક્ર્યું છે,જે કોઇપણ સમજી શકે છે.પરંતુ જેના દિલ જ આંધળા છે અને જેની પ્રકૃતિમાં જ ઇન્કાર સિવાય બીજું કશું જ નથી તેનો શું ઇલાજ?!? આ જઝબાહ્રૂપી કેફીયત માનવમાત્રમાં છુપાયેલી

છે.આ અનુસંધાને ભારતીય ઉપખંડમાં આ મહાન નક્શબંદી સિલસિલાના પ્રણેતાં અને બાની હઝરત ખ્વાજા મોહમ્મદ બાકીબીલ્લાહ (કુદ્દસ્સીર્રહુ)નું એક ફરમાન હું અહીં લખું છું કેજે હઝત અલ્લામા બદરૂદ્દીન સરહિંદી (રહેમતુલ્લાહ ત્આલા અલયહે)એ પોતાની કીતાબ'હઝરાતુલ્કુદ્દસ'ની જીલ્દ-૧માં નોંધ્યું છે. આપે ફર્માવ્યું કે, ''જઝબાહ્ અને મોહબ્બતનો માર્ગ નિઃશંકપણે મુસીલ(મેળાપ કરાવનારો)છે.અન્ય માર્ગોથી વિરુઘ્ધ તેનું રૂખ અલ્લાહત્આલા સિવાય અન્ય તરફ હોતું નથી.જ્યારે અન્ય માર્ગોમાં મોટાભાગે તેનું રૂખ અન્વારો તરફ હોય છે.માટે અમુક તો આ અન્વારોમાં જ અટવાયને રહી જાય છે.તેમજ આ જઝબો અને મોહબ્બત તમામ માનવીની અંદર મૌજુદ છે,પરંતુ છુપાયેલો રહે છે અને માટેજ આ નક્શબંદી તરીકાના મહાન મશાઈખોંએ આ ઈન્જિઝાબ(ઈલાહી આકર્ષણ અને મોહબ્બત)વડે જ તાલીબોની તરબીય્યત ફર્માવી છે.''

હઝરત ખ્વાજા બાકીબીલ્લાહ(કુદ્દસ્સીર્રહુ)ના ઉપરોક્ત ફર્માન મુજબ આ જઝબાહ્ અને મોહબ્બતનો માર્ગ કશી જ શંકા-કુશંકા વગર જ ચોક્કસપણે મતલુબથી મેળાપ કરનારો છે, કારણકે તેમાં તાલીબનું રૂખ પુરી રીતે અલ્લાહત્આલાની ઝાત તરફ જ હોય છે,જેને સુફીવાદની ભાષામાં 'એહદિયતે મુજર્રદાની તવજ્જોહ્' કહે છે.જ્યારે જઝબાહ્ સિવાયના અન્ય માર્ગોમાં તો તાલીબનું રૂખ અલ્લાહત્આલાની ઝાતને છોડીને તેના અન્વારો તરફ હોય છે, માટે તાલીબ આ અન્વારોના જ ચક્કરમાં ફસાયેલો રહે છે.અને આ રીતે મતલુબ(અલ્લાહત્આલા)ના મેળાપથી વંચીત રહી જાય છે.અહીં જઝબાના માર્ગની ફઝીલતને વિચારો તેમજ આ માર્ગ અન્ય માર્ગો કરતાં કેટલો શક્તિશાળી,ઉત્કૃષ્ટ અને ધ્યેય સુધી પહોંચાડનારો છે? તેની પર ચિતંન મનન કરો. અને પછી આપે મજકુર ઈબારતમાં એક ઘણાં જ ગહેરા અનેમહાન રહસ્યનો ઘટસ્ફોટ કરતાં ક્હ્યું કે,''અને આ જઝબો અને મોહબ્બત તમામ માનવીની અંદર મૌજુદ છે,પરંતુ તે છુપાયેલો રહે છે.''એટલેકે આ જઝબાહ્ રૂપી મહાન ખઝાનો દરેક માનવીમાં છુપાયેલો છે;નક્શબંદી તરીકાઓના મહાન મશાઈખોંએ આ છુપાયેલાં **ઈન્જિઝાબ**(જઝબાહ્)ના માર્ગ વડે જ પોતાના તાલીબોની તરબીયત ફર્માવી છે. એટલેકે તેઓએ પોતાની ખાસ તવજ્જોહ્ અને આત્મબળ વડે તાલીબોમાં છુપાયેલા આ જઝબાહ્ અને મોહબ્બત રૂપી ખઝાનાને જાહેર ક્ર્યો છે.અને તેના થકી જ તેની તરબીયત ફરમાવી છે,તો પછી આ તરીકાના તાલીબોકે મુરીદોંમાં જો જઝબાની કૈફીયત પેટે શોરો-ગુલ,આહો-નારા કે ઊછળ-કુદ અને આક્રંદ જોવા મળે તો તેમાં આશ્ચર્યજનક શું છે?આ તો માત્ર તેની અંદર છુપાયેલી આગનું જ પીરે-

કામીલની તવજ્જોહ્ વડે પ્રગટીકરણ છે.હા,જો તમારામાં મુરીદ કે તાલીબ બન્યા પછી આ પ્રકારની શક્તિઓ જાગૃત ન થાય તો તેમાં કસુરવાન કોણ છે? જે તમારે વિચારવું પડે.માત્ર બીજાઓ પર એતરાઝ કરવો એ આનો ઈલાજ નથી,બલ્કે આ તો ઉલ્ટી ગંગા કહેવાય.**જ્યારેસુફીવાદના આ ગુઢ રહસ્યને તમે સમજી શકતાં નથી તો તેની ઉપર એતરાઝ કરવો એ ઝેર સમાન છે,જે દીન અને દુનિયાના નુકસાન અને હલાકતનું કારણ છે.**

હઝરત ખ્વાજા બાકીબીલ્લાહ(કુદ્દસ્સીર્રહુ)ના ઉપરોક્ત ફર્માનથી બીજી એક વાત એ પણ સાબીત થઇ કે,**“પીર-મુરીદી નામ છે તાલીબ કે મુરીદમાં છુપાયેલી આ પ્રકારની જઝબા અને ઉત્કૃષ્ટ પ્રેમભાવનાની શક્તિઓના જાગૃતીકરણનું અને સ્વની ઓળખનું.”**

કારણકે હદિષશરીફમાં આવ્યું છેકે,‘*મન અરફનફસહુફકદ અરફ રબ્બહુ.*’**(જેણે ઓળખી પોતાની ઝાત(નફસ)ને બેશક ઓળખી લીધો પોતાના રબને)**તો આ રીતે પોતાની અંદર છુપાયેલા ગુઢરહસ્યો અને ખઝાનાઓની જાણકારી,સ્વની ઓળખ અને પોતાની અંદર છુપાયેલી શક્તિઓના જાગૃતીકરણનું નામ જ પીરી-મુરીદી છે,તો જે પીરી-મુરીદી થકી આ હેતુ સિધ્ધ ન થાય,તે બીલકુલ વ્યર્થ છે અને માત્ર રસ્મો-રિવાજ સિવાય બીજું કશું જ નથી!!!

(૩) મજકુર આયતે પાકનો તર્જુમો અને તફસીર રજુ કરતાં હઝરત અલ્લામા કાઝી સનાઉલ્લાહ પાનીપતી(રહેમતુલ્લાહ અલયહ)પોતાની મશહુર તફસીર ‘***તફસીરે મઝહરી શરીફ***’ જીલ્દ-૧૦માં ફર્માવે છેકે,

(તર્જુમોઃ-“.....जीससे ईन लोगोके रोंगटे खडे हो जाते है जो अपने रब से डरते है.फीर उनके बदन और दिल नरम होकर अल्लाहके झीक्की तरफ मुतवज्जोह् हो जाते है...”)

મજકુર આયાતેપાકની તફસીર વર્ણવતાં હઝરત અલ્લામા પાનીપતી(રહેમતુલ્લાહ ત્આલા અલયહે)એ એક હદીષેપાક બયાન ફર્માવી, જેના રાવી હઝરત અબ્બાસ(રદીયલ્લાહોત્આલાઅન્હો) છે. રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)ફર્માવ્યું કે, “જ્યારે અલ્લાહના ખૌફથી તેઓના રૂવાંડા ઊભા થઇ જાય છે,તો તેઓના ગુનાહ એ રીતે ખરી જાય છે કે,જે રીતે ઝાડના સુકા પાંદડા.” અને અલ્લામા બગ્વીની એક રિવાયત આ શબ્દોની સાથે છેકે, “જ્યારે અલ્લાહના ખૌફથી બંદાના શરીરના રૂવાંડા ઊભા થઇ જાય છે,તો અલ્લાહત્આલા તેને માટે દોઝખ હરામ કરી દેછે.”અને આ જ સિલસિલામાં હઝરત કતાદાનું કથન છેકે, “અલ્લાહના ખૌફથી તેઓના રૂવાંડા ઊભા થઇ જવા અને શરીરનું ધ્રુજવુંએ ઔલિયાઅલ્લાહની સિફત છે.”

(તો મજકુર બંને હદીષેપાકથી સાબીત થાય છેકે,જ્યારે ઝીક્રેઈલાહીના કારણે તાલીબના શરીરના તમામ રૂવાંડા ઊભા થઇ જાય છે,તો તેના તમામ ગુનાહો ખરી પડે છે,જે જઝબાની જ એક પ્રકારની કેફીયત છે.અને બીજી હદીષેપાક વડે સાબીત થાય છેકેતે ઔલિયાઅલ્લાહની સિફત વડે આભુષીત થાય છે.તો આ રીતે જઝબાહ્‌ની સિફત એ ‘ફૈઝાને વિલાયત’ જ છે અને તેનો ઈન્કાર એ વિલાયતનો જ ઈન્કાર સાબીત થાય છે, તો પછી તમે વલીને માનનારા કેવાં? અને જો વલીને માનનારા છો તો પછી આ ફૈઝાને વિલાયતનો ઈન્કાર શા માટે?આ ફૈઝાને વિલાયત તો ક્યામત સુધી જારી રહેનારો છે,તેમાં પ્રાચીન યુગનું કે અર્વાચીન યુગનું કશું બંધંન નથી,તેમજ વલી અને ફૈઝાને વિલાયત અરસ પરસ ગાઢ રીતે સંકળાયેલા છે.)

પછી મજકુર આયતની વધુ તફસીર વર્ણવતાં હઝરત અલ્લામાહ્ પાનીપતી(રહેમતુલ્લાહ અલયહે)સુફીમાં આ જઝબાની કેફીયત જાહેર થવાનું કારણ રજુ કરતાં લખે છેકે,“જ્યારે બરકાતો તજલ્લીયતની વર્ષા વિપુલ માત્રામાં થાય છે,અને સુફીનો હોંસલો(રૂહાની પાત્રતા)તંગ અને તેની સાર્મથ્યશક્તિ કમજોર હોવાના કારણે(સુફી તેને બરદાશ્ત નથી કરી શકતો માટે)તેની ઉપર બેહોશીની હાલત છવાઇ જાય છે, આ મામલામાં સહાબાએ કીરામ(રીદવાનુલ્લાહે ત્આલા અલયહીમ અજમઈન)નું દીલરૂપી વાસણ ઘણું જ પહોળું હતું એટલેકે તેઓની સાર્મથ્યશકિત ખુબજ ઊંચી હતી કારણકે તેઓને સોહબત રસુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હાંસીલ હતી,એટલાં માટે ખુબજ વિપુલ પ્રમાણમાં બરકાતો અને તજલ્લીયાતોની વર્ષા છતાં તેઓ બેહોશ થતાં નહોતાં.સહાબાએ કીરામ સિવાય આ દૌલત બધાને પ્રાપ્ય નથી.અને માટેજ આ બે કારણોસર તેઓ પર(સુફીઓ પર)બેહોશી છવાય જાવ છે.(૧)કાં તો બરકાતો અને તજલ્લીઓનું ઉતરાણ વિપુલ માત્રામાં છે અથવા તો(૨) તેઓનું દીલરૂપી વાસણ સાંકડું છે માટે તેઓના હોંશલામાં સમાતું નથી.

અહીં આપે સુફીમાં પૈદા થતી જઝબાહ્‌ની કૈફીયતનું કારણ ઘણું જ સરસ રીતે વર્ણવ્યું છે,જેનો સારાંશ એ છેકે પ્રાથમીકક્ક્ષાના મુરીદોં અને તાલીબો કે જેઓ હજુ આ માર્ગ પર પા-પા પગલી ભરી રહ્યાં છે; તેઓનું પાત્રતારૂપી વાસણ ઘણું જ સાંકડું હોય છે તો જ્યારે આ સ્થિતિમાં તેની ઉપર પીરની તવજ્જોહ્ વડે બરકાતોં અને તજલ્લીયોની પુષ્કળ વર્ષા થાય છે, તો વાસણની સંકડાશના કારણે તે છલકાય જાય છે અને વિવિધ કૈફીયતો રૂપે તે મુરીદના શારીરીક ઢાંચા વડે જાહેર થાય છે, જેમકે ચીખ,હાય-વોય,આક્રંદ,ઊછળ-કુદ વગેરે સ્વરૂપે.પરંતુ ધીમે-ધીમે તે આ તજલ્લીઓનો આદી થઇ જાય છે અને તેનું પાત્રતારૂપી વાસણ ધીમે-ધીમે પહોળું થતું જાય છે, અને એક દિવસ

એવો આવે છેકે તેની ઉપર અનરાધાર તજલ્લીઓની વર્ષા થતી હશે, પરંતુ તેનું રૂંવાડુંય નહીં ફરકે અને આ પ્રકારના તાલીબને સુફીવાદની ભાષામાં 'મુન્તહી' એટલે કે અંતિમકક્ષાએ પહોંચેલ તાલીબ કહેવામાં આવે છે. અને માટે જ આટલી પુષ્કળ બરકતો અને તજલ્લીઓની અનરાધાર વર્ષા છતાં સાહબાએ કીરામ (રીદવાનુલ્લાહે ત્આલા અલયહીમ અજમઈન) પર બેહોંશી છવાતી નહોતી; કારણકે હુઝર નબીએ પાક(સલ્લાહો અલયહે વસલ્લમ)ની પ્રથમ સોહબતમાં જ તેઓએ એટલું બધું હાંસીલ કરી લીધું હતું કે ઉમ્મતનો મહાનમાં મહાન વલી તેનાં માટે સખ્ત રિયાઝતો અને મુજાહીદાઓ કરે તો પણ એ પૈકી અદના સહાબીના મર્તબાને પણ કદાપી પહોંચી શકતો નથી.

અને આર્શ્ચયજનક વાત તો એ છેકે બંદો ઝીક્રે ઈલાહીકે કલામે ઈલાહી સાંભળે છતાં તેના દિલ ઉપર તેની કશી જ અસર ન થાય, અને આવા લોકોની ખરાબી પેટે કુર્આનેપાકમાં મજકુર સુરે ઝુમરની જ આયાતનં.૨૨માં ફરમાને ઈલાહી છેકે, "*ફવયલુલ્લીલ્કાસેયતે કોલુબોહુમ્મીન્ઝીક્રીલ્લાહ, ઉલાઈકા ફી દલાલીમ્મુબીન.*"

(અર્થાત્:-આથી જે લોકોના દિલ ઝીક્રે ઈલાહી વડે પ્રભાવીત નથી થતાં તેઓ માટે મહાન ખરાબી છે.આ લોકો સ્પષ્ટ પણે ગુમરાહીમાં છે.)

તો મજકુર આયાતે કરીમાથી એ સાબીત થયું કે, <u>જે લોકોના દિલ ઝીક્રે ઈલાહી વડે પ્રભાવીત નથી તથાં તેના માટે જ સૌથી મોટી ખરાબી છે અને આ લોકો જ ખુલ્લામાં ખુલ્લી ગુમરાહીમાં છે.</u> પરંતુ અહીં તો <u>ઊલટું ચોર કોટવાલને દંડે</u> જેવો તાલ છે કે, જે લોકોના દિલ ઝીક્રે ઈલાહી વડે પ્રભાવીત થાય છે અને તેના કારણે અજીબો-ગરીબ શોરો-ગુલ, આહો-નારા અને કૈફીયતો જાહેર થાય છે, તો તેનો વિરોધ કરવામાં આવે છે; જ્યારે કલામે ઈલાહી તો આવા લોકોની પ્રશંસા કરે છે.આ રીતે તો ઉપરોક્ત ફરમાને ઈલાહી મુજબ તેઓની બેવડી ગુમરાહી કહેવાશેકે પોતે તો ઝીક્રે ઈલાહી કે કલામે ઈલાહી સાંભળીને પ્રભાવીત થતાં નથી, પરંતુ જે પ્રભાવીત થાય છે તેનો પણ વિરોધ કરી રહ્યાં છે!!! કેટલું આર્શ્ચયજનક પણ છે અને ખેદ જનક પણ છે.?!?

મુસ્લીમનું દીલ અલ્લાહના ઝીક્ર વડે પ્રભાવીત થનારું હોય છે, જ્યારે કાફીરના દીલની સખ્તાઈમાં જ તેનાથી વધારો થાય છે.હઝરત માલીકબીન દિનાર(રહેમતુલ્લાહ અલયહે)ફર્માવે છેકે, "દિલની સખ્તાઈથી વધીને કોઈ સજા બંદા માટે નિશ્ચિત થયેલી નથી, અને અલ્લાહનો પ્રકોપ કોઈ કૌમ પર એ સમયે જ નાઝીલ થાય છે જ્યારેકે દિલની નરમાશ સમાપ્ત થઈ જાય છે."

તાલીબો પર ઝીક્રે ઈલાહી દરમ્યાન આ જઝબાહ્ની કૈફીયત એ તેઓના દિલોની નરમાશના કારણે જ હોય છે તો શું એ અલ્લાહની મહાન

નેઅ્મત અને ઈનામ પૈકી નથી? તો આ રીતે જઝબાહ્રૂપી દૌલતનો ઈન્કાર કરવો એ <u>કુફ્રાને નેઅ્મત</u> જ છે, જેના કારણે દિલની સખ્તાઈમાં જ વધારો થાય છે તેમજ ગઝબે ઈલાહીનું કારણ પણ બની રહ્યું છે.

(૪)સુફીવાદની મશહુર કીતાબ '*<u>અવારીફુલ્મઆરીફ શરીફ</u>*' કે જેના મુસન્નીફ છે શૈખુશ્શોયુખ હઝરત શૈખ શહાબુદ્દીન ઉમર સોહરવર્દી (રદીયલ્લાહો ત્આલા અન્હો)આપ તસવ્વુફના મશહુર સિલસિલા સોહરવર્દીય્યાહ્ના ઈમામ અને બાની છે; આપે લખેલી આ મહાન કીતાબ સુફીયાએ કિરામમાં '*<u>અવારીફ શરીફ</u>*' ના નામથી મશહુર છે. મજકુર કીતાબ તસવ્વુફની પહેલી એવી કીતાબ છેકે જેની અંદર સુફીવાદના નિતિ-નિયમો અને કાનુનોને બાકાયદા કુર્આનેપાક અને હદીષશરીફની રોશનીમાં રજુ કરવામાં આવ્યા છે.અને બુઝુર્ગાદીનની દરેક ખાનકાહશરીફોમાં મજકુર કીતાબનો દર્સ આપવામાં આવતો હતો. આ કીતાબની અંદર બાબાનં-૨૨માં મજકુર આયાતનો તર્જુમો અને તફસીર રજુ કરતાં હઝરત શૈખ શહાબુદ્દીન ઉમર સોહરવર્દી(રદીયલ્લાહોત્આલાઅન્હો)એ ફર્માવ્યું છેકે,

(તર્જુમો :- "ઉસ(કલામકીઅસર)સે ઉન લોગોકી જીલ્દોકે બાલ ખડે હો જાતે હૈ જો અપને પરવરદીગારસે ડરતે હૈ.")

મજકુર આયાતે પાકની તફસીર વર્ણવતા આપે ફર્માવ્યું કે, "ક્યારેક તેનો નુઝુલ એટલો અઝીમ(મહાન) હોય છેકે તેની અસર દીમાગની ઉપર થાય છે તેમજ અક્કલની પહોંચથી પર એવી નવી ઘટીત થયેલી ચીઝના નુઝુલના કારણે આંખોમાંથી આંસુ વહેવાં લાગે છે અને ક્યારેક આ અસર રૂહ પર નાઝીલ થાય છે જેના કારણે રૂહમાં એવાં તરંગો અને હલચલ પૈદા થાય છે કે શારીરીક ઢાંચાનો દરવાજો તેના માટે તંગ થઈ જાય છે(અને એવું લાગે છે કે રૂહ આ તંગ ઢાંચામાંથી નીકળી જશે)અને તેમાં સમાવું મુશ્કેલ રૂપ બનીજાય છે ત્યારે ચીખો નીકળે છે અને એક હલચલ તારી થઈ જાય છે."

જઝબાહ્ની ફઝીલત <u>મકતુબાતે</u> <u>ઈમામે રબ્બાની</u>ની રોશનીમાં

અહીં સુધી આપણે કુર્આનેપાક અને હદીષશરીફની રોશનીમાં જઝબાહ્ની હકીકત, ફઝીલત, કૈફીયત તેમજતેના મુન્કીરોના હાલાત જાણ્યાં હવે આપણે હઝરત રબ્બાની, મુજદ્દીદે અલ્ફેષાની, કય્યુમે ઝમાની, મહેબુબે સમદાની, શૈખ અહેમદ ફારૂકી સરહિંદી (રદીયલ્લાહો ત્આલા અન્હો)ના મકતુબાશરીફના કેટલાંક ઈક્તિબાસાતો(અવતરણો) વડે આ જઝબાહ્ની હકીકતો અને ફઝીલતો જોઈશું, કારણકે આપના મકતુબાતશરીફ સુફીવાદના ગુઢરહસ્યોની છણાવટમાં એક અનેરૂં અને અદકેરૂં સ્થાન ધરાવે છે.

(૧)

"ચહ હકીર(મુજદ્દીદે અલ્ફેષાની)ઈનકે મઆરીફ વ હકીકતે ઉલુમકા કા થોડાસા ઝીક્ર અપને ફહમે કાસીર કે મુતાબીક ઈસ મક્તુબકે આખીરમેં લીખેગાં ઔર ઈસ તરહકા ઈખ્તિયાર સીર્ફ અલ્લાહ સુબ્હાનહુકો હૈ ઔર અગર હક્ક સુબ્હાનહુત્આલા અપની કમાલે મહેરબાનીસે બુઝુર્ગોમેંસે બાઅ્ઝકો જઝબાહ્કે હુસુલ ઔર ઈસ જેહતકો મુકમ્મીલ કરનેકે બાદ દૌલતે સુલુકસે મુશર્રફ ફરમાતા હૈ.તો જઝબાકી મદદસે મુસાફેહતે બઈદાકો જીસકા અંદાઝ પચાસ હજાર સાલકા રાસ્તા લગાયા ગયા હૈ.(આયાતે કરીમા) '*તઅ્રોજુલ્મલા ઈકતોવર્રુહો ઈલયહે ફી યવ્મીન કાન મીકદારો ખમ્સીન અલ્ફસનાહ્.'* (અર્થાત્ઃ- ચઢતે હૈ ફરીશ્તે ઔર રૂહ ઈસકી તરફ ઐસે દીનમેં જીસકી મીક્દાર પચાસ(૫૦)હજાર સાલ હૈ.)મૈં ઈસી અંદાઝકી તરફ ઈશારા હૈ. ચહ ૫૦હજાર સાલકી મુસાફેહત થોડીસી મુદ્દતમેં તય હો શકતી હૈં ઔર બંદા ફનાફીલ્લાહ ઔર બકાબીલ્લાહકી હકીકત તક પહોંચ શકતા હૈ.સુલુકકી ઈન્તિહાં સૈરેઈલલ્લાહકી નિહાયત તક હૈં જીસે ફનાએ મુત્તલકસે તાઅ્બીર કરતે હૈં ઈસકે બાદ ફીરસે જઝબેકા મકામ હૈં જીસે સૈરેફીલ્લાહ ઔર બકાબીલ્લાહસે તાઅ્બીર કરતે હૈં."

(દફતર-૧,મકતુબ નં-૨૯૦)

(અર્થાત્ઃ- આ ફકીર(હઝરત મુજદ્દીદ સાહેબ)તેના (જઝબાહ્)ના બારીક ભેદો તેના ઈલ્મની હકીકતોનો થોડો ઉલ્લેખ પોતાની નાકીસ સમજ મુજબ આ પત્રનાં અંતમાં લખશે.અને દરેક પ્રકારનો અધિકાર માત્ર અલ્લાહ ત્આલાની પવિત્ર ઝાતને જ છે. અને જો અલ્લાહત્આલા પોતાની પરિપૂર્ણ મહેરબાનીથી આ બુઝુર્ગો પૈકી અમુકને જઝબાહ્ની પ્રાપ્તી તેમજ આ માર્ગને પરિપૂર્ણ ર્ક્યા પછી સુલુકરૂપી દૌલત વડે સદ્ભાગી બનાવેતો જઝબાની મદદ વડે આ અતિદુરની સફર કે જેનો અંદાઝ પચાસ હજાર વરસનો માર્ગ લગાડવામાં આવ્યો છે(આયાતે કરીમા) *તઅ્રોજુલ્મલાઈકતોવર્રુહો ઈલયહે ફી યવ્મીન કાન મીકદારો ખમ્સીન અલ્ફસનાહ્.* (અર્થાત્ઃ-ચઢે છે ફરીશ્તાઓ અને રૂહ તેની તરફ એવા દિવસે કે જેની લંબાઈ ૫૦(પચાસ)હજાર વર્ષની (સફરજેટલી)છે) આ અંદાઝ તરફ જ ઈશારો છે. આ પચાસ હજાર વર્ષની સફર થોડીક જ મુદ્દતમાં પાર થઈ શકે છે અને બંદો ફનાફીલ્લાહ અને બકાબીલ્લાહની હકીક્ત સુધી પહોંચી જાય છે. સુલુકનો અંત સૈરેઈલ્લાહના અંત સુધીજ છે જેને ફનાએમુત્લક કહેવામાં આવે છે,ત્યારપછી(ફરી) જઝબાનો મકામ છે,જેને બકાબીલ્લાહ તરીકે ઓળખવામાં આવેછે.)

મજકુર અવતરણ હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)ના મકતુબાતશરીફ દફતર-૧નાં મકતુબનં-

૨૯૦નો એક ફકરો છે,કે જેમાં આપે જઝબાની ફઝીલત ખુબજ સ્પષ્ટરીતે વર્ણવી છે.આપનું કહેવાનું તાત્પર્ય એ છેકે, "આ જઝબાહ્રૂપી મહાન દૌલત વડે આ અતિદુરની સફર(ખુદા અને બંદા વચ્ચેની દુરી)કે જેનો અંદાઝ પચાસ હજાર વર્ષનો માર્ગ લગાડવામાં આવ્યો છે,તે ખુબજ અલ્પ સમયમાં પાર થઈ શકે છે અને બંદો ઘણાં ટુંકા સમયમાં ફનાફીલ્લાહ અને બકાબીલ્લાહની વાસ્તવીકતા સુધી પહોંચી જાય છે!" તો અહીં થોભો અને વિચારો કે આ જઝબાહ્ની દૌલત કેટલી મહાન છે કે જે બંદા અને ખુદા વચ્ચેના આટલા લાંબા દુરત્ત્વ અને હિજાબાતોને ક્ષણભરમાં હટાવી દે છે અને મતલુબથી(ખુદાથી)બંદાનું મિલન કરાવી દે છે. માટે જઝબાહ્ને સમજવા માટે તો દિવ્યબુધ્ધીઅને દિવ્યહૃદયની જરૂરત પડશે કારણ કે પાર્થિવ કે ભૌતિકબુધ્ધી અથવા તો ખાટ ખાઈ ગયેલું હૃદય આ વાત ક્યારેય સમજી શકશે નહીં. પરંતુ અફસોસ ગંદીવિચાર સરણીના કારણે જેઓની દિવ્યબુધ્ધી નાશ પામી છે અને ગુનાહોંના કારણે જેઓનું હદય કાટખાઈ ચુક્યું છે,તેઓને આ વાત કેવી રીતે સમજમાં આવશે?!? જઝબાની ફઝીલત પેટે માત્ર આ એક અવતરણ જ કાફી છે અને **હઝરત મુજદ્દીદ સાહેબ(કુદ્દસ્સીર્રહુ)ના ફર્માન મુજબ તો આ જઝબાહ્નો માર્ગ એ આધુનિકયુગનો એક્સપ્રેસ હાઈવે જ કહીં શકાય કે જેના વડે અતિદુરની સફર ઘણી જ ટુંકી થઈ જાય છે.**

ડો. ઈકબાલે પોતાના એક શેરમાં આ જઝબાહ્ તરફ જ ઈશારો ફર્માવતાં લખ્યું છેકે,

ઈશ્કકી એક જિસ્તને તય કર દિયા કિસ્સા તમામ,
ઈસ ઝમીનો-આસમાંકો બેકરાં સમજા થા મૈં.

(૨)

"ઈન બુઝુર્ગોંકા(નક્શબંદી બુઝુર્ગોંકા)જઝબાહ્ દો કિસ્મકા હૈ કિસ્મ (૧)જો હઝરતે સીદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો)સે પહોંચતા હૈ ઔર ઈસ એતેબારસે ઈન મશાઈખેં નક્શબંદીય્યાહ્કા તરીકા હઝરતે સીદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો)કી તરફ મનસુબ હૈ ઔર ઈસકા હુસુલ તરીકએ ખાસસે તવજ્જોહ્ પર મૌકુફ હૈં ઔર યે જઝબા તમામ મૌજુદાતકા કય્યુમ હૈ. ઔર ફના વ ઈઝમે હલાલ ઈસમેં નસીબ હોતા હૈં (૨)દુસરી નૌ વો હૈકી ઈસતરીકેમેં ઉસકે ઝહુરકા મુબ્દા હઝરત ખ્વાજાએ નક્શબંદ હૈ ઔર વો મઅ્ય્યતે-ઝાતીય્યાહ્ કે રાસ્તેસે ઊભરતાં હૈ,ઔર વો જઝબા હઝરત ખ્વાજાસે ઈનકે ખલીફાએ અવ્વલ હઝરત ખ્વાજા અલાઉદ્દીનકો પહોંચા ઔર ચું કે આપ અપને વક્તકે કુત્બેઈર્શાદ થે ઈસ લીયે આપનેભી ઈસ કિસ્મકે જઝબાકે હુસુલ કે લીયે એક તરીકા વજઅ્ ફર્માયા." (દફતર-૧,મકતુબ નં-૨૯૦)

(અર્થાત્ઃ- આ બુઝુર્ગો(નક્શબંદી)જઝબો બે પ્રકારનો છે. પહેલો પ્રકાર (૧)જે હઝરતે સીદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો)થી પહોંચે છે. અને આ જ કારણસર આ નક્શબંદી મશાઇખોંનો તરીકો હઝરતે સીદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો)થી સંબંધીત છે.અને તેની પ્રાપ્તિ એક ખાસ પ્રકારની તવજ્જોહ્થી સંબંધીત છે. આ જઝબો બ્રહ્માંડના અસ્તિત્વનો પાયો છે, તેમજ ફના અને બકાના રહસ્યો તેમાં ખુલે છે.(૨)પ્રકાર એછેકે આ તરીકામાં(નક્શબંદીતરીકામાં)તેનું જહેર થવાનું કારણ હઝરત ખ્વાજાએ નક્શબંદ છે,અને આ જઝબો હઝરતે ખ્વાજાથી તેઓના પ્રથમ ખલીફાહઝરત ખ્વાજા અલાઉદ્દીનને પહોંચ્યોં અને જોકે આપ પોતાના યુગના '<u>*કુત્બેઈર્શાદ*</u>' હતાં એટલા માટે આપે પણ આ પ્રકારના જઝબાની પ્રાપ્તિ માટે એક તરીકો નક્કી ર્ક્યો.)

મજકુર <u>અવતરણ</u> પણ હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)ના મકતુબાત શરીફમાંથી જ લીધેલું છે; જેમાં આપે આ મહાન નક્શબંદી તરીકાનો આધાર જ જઝબા પર દેખાડ્યો છે તેમજ આ નક્શબંદી તરીકાને જઝબારૂપી નિસ્બત બે રીતે પ્રાપ્ત થયાનું દર્શાવ્યું છે (૧)હઝરતે સીદ્દીકે અકબર(રદીયલ્લાહોત્આલા અન્હો)તરફથી મળે છે, જેના કારણે જ આ મહાન નક્શબંદી તરીકો આપની સાથે સંબંધીત છે અને આપ જ આ તરીકાના સરદાર છે, તો અહીં એક બીજી વાત પણ સાબીત થઇ કે, હઝરતે સીદ્દીકે અકબર(રદીયલ્લાહો અન્હો)નું '<u>અફઝલુલ્બશરબાઅ્દલ્અમ્બિયા</u>' હોવાનું કારણ પણ આ જઝબો જ છે,જેને <u>નિસ્બતે હુબ્બી</u> પણ કહેવામાં આવે છે અને આ રીતે અહીં નક્શબંદી તરીકાનો આધાર જ જઝબો હોવાનું સાબીત થયું, તો પછી નક્શબંદી તરીકાના મુરીદોકે તાલીબોમાં આ જઝબાની કેફીયત જોવા મળે તો તે બિલ્કુલ સ્વભાવીક જ કહેવાય તેમાં આર્શ્ચયજનક શું છે? હા, એક વાત જરૂર છેકે, <u>હઝરત મુજ્દ્દીદસાહેબ(કુદ્દસ્સીર્રહુ)ના ફર્માન મુજબ આ જઝબાની પ્રાપ્તિનો આધાર એક ખાસ પ્રકારની તવજ્જોહ્ પર આધારીત છે,તો જો કોઇ નામે નક્શબંદીને આ પ્રકારનો જઝબો કદાચ હાંસીલ ન હોય તો તેમાં તરીકાનો કોઇ જ દોષ નથી,આ દોષકે ખામી તો તરીકો ચલાવનારની છે કે જે કાં તો આ ખાસ પ્રકારની તવજ્જોહ્ના તરીકાથી વાકીફ નથી કે પછી તે ખુદ જ નાકીસ (અપૂર્ણ)છે.</u>

તેમજ આ તરીકામાં આ જઝબાહ્રૂપી બીજી નિસ્બત હઝરત ખ્વાજા બહાઉદ્દીનશાહ નક્શબંદ(રદીયલ્લાહો અન્હો)તરફથી મળી છે,અને આપ પણઆ સિલસિલાના બાની અને સ્થાપક છે.એટલુંજ નહીં પરંતુ આ તરીકાનું <u>નક્શબંદી</u> નામ પડવાનું કારણ પણ આપની જ ઝાતે ગીરામી છે;તો આ રીતે

આ મહાન તરીકાને જઝબાહ્રૂપી બે નિસ્બતો હાંસીલ છે અને આ બંને નિસ્બતો આ તરીકાના બંને સરદારો થકી જ હાંસીલ છે, માટે નક્શબંદી તરીકો સરાપા જઝબાહ્નો જ તરીકો સાબીત થયો. તો પછી આ તરીકાના મુરીદોમાં કે તાલીબોમાં જઝબાહ્ની કૈફીયતરૂપે કશી ઊછળ-કુદ કે હા-હુ જોવા મળે તો તેમાં એતરાઝ કરવાની કે વાંધા-વચકા રજુ કરવાની, તર્ક-વિતર્કો કરવાની કે ખોટી કાના-કુંસીઓની કોઇ જ ગુંજાઇશ નથી. શું જે વસ્તુ તમને(વિરોધ કરનારને)હાંસીલ ન હોય તો તે બીજાને પણ હાંસીલ ન હોવી જોઇએ?!? આનાથી વધીને બીજી હસદખોરી કઇ હોય શકે?!?(અલ્લાહની પનાહ...)

તેમજ મજકુર ઇબારતમાં જઝબાની ફઝીલત પેટે હઝરત ઇમામે રબ્બાની, મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહોત્આલા અન્હો)એક ખુબજ ઊંચી વાત રજુ કરી છેકે, "<u>આ જઝબો બ્રહ્માંડના અસ્તિત્વનો પાયો છે.</u>"તો આનાથી વધીને જઝબાહ્ની બીજી કઇ ફઝીલત હોય છે.જો કે આ જઝબો તસવ્વુફના દરેક તરીકામાં વધતાં-ઓછાં પ્રમાણમાં હોય જ છે પરંતુ નક્શબંદી તરીકોતો સંપૂર્ણપણે જઝબાહ્ પર જ આધારીત છે .

(૩)

"ઇસ નિસ્બતકો(નક્શબંદી નિસ્બત)બુઝુર્ગવારોસે વાફીર હિસ્સા મીલા હૈ. મસ્લન સુકરકી એક કિસ્મ જો ઇસ નિસ્બતમેં મીલી હુઇ હૈ; સુલ્તાનુલ્આરેફીન હઝરત બાયઝીદ(બુસ્તામી)(રહેમતુલ્લાહ અલયહ)કે અન્વારોંકે નિશાનાતોમેંસે હૈ,યે સુકર મુલ્તદીઓકો હીસ્સસે ગાયબ કર દેતા હૈં ઔર હોંશકો લે જાતા હૈ. ઇસકે બાદ આહિસ્તાં આહિસ્તાં યે સુકર પોશીદા હો જાતા હૈં ઔર સહવ કે ગલ્બેકે એતેબાર વો નિસ્બત મરાતીબે સહવમેં મીલ જાતી હૈ. જાહીરમેં સહવ હોતા હૈ ઔર બાતીનમેં સુકર."

(દફતર નં-૧,મકતુબશરીફ નં-૨૯૦)

(અર્થાત્ઃ- આ(નક્શબંદી)નિસ્બતને એ બુઝુર્ગવારોના અન્વારો વડે પર્યાપ્ત હીસ્સો મળ્યો છે, જેમ કે મદહોશી(સુકર)નો એક પ્રકાર કેજે આ નિસ્બત સાથે મળેલો છે,જે સુલ્તાનુલ્આરેફીન હઝરત બાયઝીદ(બુસ્તામી) (રહેમતુલ્લાહ ત્આલા અન્હો)ના અન્વારોના નિશાની પૈકી છે. આ સુકર (મદહોશી)ની કૈફીયત પ્રાથમીકકક્ષાના તાલીબના જ્ઞાનતંતુની શક્તિઓને છીનવીને બેહોશ કરી નાંખે છે. ત્યાર બાદ ધીમે ધીમે આ મદહોશી(સુકર) છુપાય જાય છે અને હોશ(સહવ)ના ગલ્બાના કારણે એ (મદહોશીની)ની નિસ્બત હોશ(સહવ)ના મર્તબામાં મળી જાય છે,(આથી)જાહેરમાં સહવ (હોશમંદી)હોય છે,પરંતુ બાતિનમાં સુકર.(મદહોશી))

મજકુર ઇબારતમાં હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની

(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ જઝબાહ્‌ની કૈફીયત અને તાલીબની મદહોશીના કારણોની ચર્ચા કરી છે; અહીં એટલું સમજવું પુરતું છેકે, જઝબાહ્‌ની કેફીયતમાં મદહોશી(સુકર)નો ગલ્બો હોય છે.માટે આ માર્ગ પર હજુ ડગલું માંડનારો પ્રાથમીકકક્ષાનો તાલીબ તેને સહન કરી શકતો નથી,અને તેને જ્ઞાનતંતુની શક્તિ છીનવાઇ જતાં, તે જમીન પર સુઇ જાય છે.તો આ રીતે જઝબાહ્‌ની હાલતમાં તાલીબ બેહોશ બની જાય છે.

સહવ તેમજ સુકર આ બંને તાલીબોની હાલતો છે. તાલીબ જ્યારે રૂહાની તરક્કીના મકામમાં એટલેકે આલમે અમ્ર(આધ્યાત્મિક જગત) તરફ જઈ રહ્યો હોય છે, જે તેની ઉરૂજની હાલતછે ત્યારે તેની ઉપર સુકર(મદહોશી) નો પ્રભાવ વધુ હોય છે, પરંતુ જ્યારે ત્યાંથી આલમેખલ્ક(ભૌતિક જગત)તરફ પાછો પલટે છે,જેને નુઝુલની હાલત કહે છે,ત્યારે તેનીઉપર સહવ (હોશમંદી)નો પ્રભાવ વધુ હોય છે.જો કે ત્યારે પણ જાહેરમાં જ સહવ (હોશમંદી)નો પ્રભાવ દેખાય છે, પરંતુ હકીકતમાંતો તેનાં બાતિનમાં સુકરનો જ પ્રભાવ હોય છે.

(૪)

“હકત્આલાકી પાક જનાબકી તરફ કલ્બો-રૂહકો તવજ્જોહ્‌ કરને કે વક્તજો તરીકએ જઝબામે લાઝીમ હૈ ઈબ્તિદાએ હાલમેં કે જો કમી ઔર નુકસ કા વક્ત હૈ,જસદ કી તદબીરે ઔર કાલીબકી તરબીય્યતમેં કુતુર પડ જાતા હૈ જો હિસ્સકો બેકાર હોને ઔર શઉરસે બે ખબર હોનેકા બાઅસ્‌ બન જાતા હૈ ઔર ક્વા ઔર આઅ્ઝાકી સુસ્તી તક પહુંચા દેતા હૈ ઔર બેઈખ્તિયારી ઝમીન પર સુલા દેતા હૈ ઈસી હાલતકો શૈખે અજલ મોહયુદ્દીન ઈબ્ને અરબીને સીમાએ રૂહી સે તાઅ્બીર કીયા હૈ.” (દફતર-૧,મકતુબ નં-૨૦૦)

(અર્થાત્‌:- હક્કત્આલાની પાક જનાબની તરફ જઝબાહ્‌ના તરીકામાં કલ્બો-રૂહ પર તવજ્જોહ્‌ આપવી જરૂરી છે અને પ્રારંભીક હાલતમાં મુરીદમાં કમજોરી તેમજ નફસાની શરારતો હોવાના કારણે આ તવજ્જોહ્‌થી તેની શારીરીક અને નફસાની પરવરીશમાં અવ્યવસ્થા સર્જાય છે; જે પંચેન્દ્રીયોનું બેકાર થઈ જવાનું અને હોશથી બેખબર થઈ જવાનું કારણ બની જાય છે.તેમજ શરીરના અવયવોની શક્તિઓને મંદ કરી નાંખે છે અને અનાયાસે જ તેને જમીન પર સુવડાવી દે છે આ હાલતનું જ શૈખે અજલ હઝરત મોહયુદ્દીન ઈબ્ને અરબીએ સીમાએ રૂહી તરીકે અર્થઘટન કરેલ છે.)

મજકુર ઈબારતમાં હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્અલા અન્હો)એ મુરીદ કે તાલીબમાં જઝબો પૈદા થવાનું તેમજ જઝબાહ્‌ની કૈફીયતમાં તેની બેહોશી અને અવયવોના બેકાર બની જવાના

કારણો રજુ ર્ક્યા છે.કામીલ તેમજ કામીલ કરનારા પીર જ્યારે કોઈ તાલીબ ઉપર એ પ્રકારની તવજ્જોહ્‌ આપે છેકે જે આ તરીકામાં અત્યંત જરૂરી છે,તેના કારણે તાલીબમાં મજકુર જઝબાની કેફીયત જાહેર થાય છે.પરંતુ જો કોઈ તાલીબ બિચારો કોઈ નાકીસ પીર(અપૂર્ણ,ગેર લાયક કે ઢોંગી)ના સંકજામાં સપડાય જાય અને આ પ્રકારની જઝબાની નિસ્બત તેને હાંસીલ ન થાયતો તેમાં આ જઝબાના તરીકાનો શું દોષ?!?

(૫)

“હકત્આલા તક વુસુલકે રાસ્તેકે દો જુઝવ હૈ(૧)જઝબા ઔર (૨) સુલુક. યા(૧)તઝકીયા ઔર(૨)તસ્ફીયા.વો જઝબાહ્‌ જો સુલુકસે પેશતર હૈ મકાસીદમેં સે નહીં ઔર વો તસ્ફીયા જો તઝકીયાસે પહેલે નસીબ હોતાં હૈં વો ભી મતાલીબમેં સે નહીં હૈં..હા, વો જઝબા જો સુલુકકો મુકમ્મીલ કરનેકે બાદ હાંસીલ હૈ ઔર વો તસ્ફીયા જો તઝકીયાકે હુસુલકે બાદ મયસ્સર આતા હૈં ઔર સૈરેફીલ્લાહસે તાઅ્લ્લુક રખતા હૈં વો અલબત્તા મકાસીદોં મતલુબમેસેં હૈં વો જઝબા ઔર તસ્ફીયા જો સુલુકસે પહેલે હૈવો સુલુકકે રાસ્તો પર આસાનીસે ચલનેકે લીયે હૈં.સુલુકકે બગૈર કામ નહીં બનતા.ઔર મનાઝીલ તય કરનેકે બગૈર મતલુબકા જમાલ સામને નહીં આતા. પહેલા જઝબા દુસરે જઝબે કે લીયે સુરતકી માનીંદ હૈ.” (મકતુબ નં-૬૨,દફતર-૧)

(અર્થાત્‌ :- અલ્લાહત્આલા સુધી પહોંચવાના બે માર્ગ છે(૧) જઝબાહ્‌નો(ઈલાહી આકર્ષણનો માર્ગ)અને (૨) સુલુકનો અથવા તો(બીજી રીતે કહીએ તો) (૧) નફસની પાકીઝગી અને (૨) દિલની સફાઈનો.જે જઝબો સુલુકથી પહેલા છે અથવા તો નફસની પાકીઝગી પહેલાં હાંસીલ થતી દિલની સફાઈ એ ધ્યેયો પૈકી નથી. હા,સુલુક પરિપૂર્ણ ર્ક્યા પછી હાંસીલ થતો જઝબો તેમજ દિલની સફાઈ પછી હાંસીલ થતી નફસની પવિત્રતાં કે,જેનો સીધો સંબંધ શૈખ સૈરેફીલ્લાહ સાથે છે, તે ચોક્કસ અપેક્ષિત હેતુઓ પૈકી છે. જે જઝબો અને દિલની સફાઈ સુલુકથી પહેલાં હાંસીલ થાય છે,તે સુલુકના માર્ગ પર સરળતાપૂર્વક ચાલવા માટે છે.સુલુક વગર કામ બનતું નથી તેમજ મંઝીલો પાર ર્ક્યા વગર મતલુબનું સૌંદર્ય(જમાલે ઈલાહી)નઝરે ચઢતું નથી.પ્રથમ જઝબો એ બીજા જઝબા માટે સુરતની જેમ છે.)

મજકુર ઈબારતમાં હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ અલ્લાહત્આલા સુધી પહોંચવાના માર્ગના બે ભાગ દર્શાવ્યાં છે. (૧)જઝબો અને (૨) સુલુક. જેમાં પ્રથમ ભાગનો સંબંધ દિલની સફાઈ સાથે અને બીજા ભાગનો નફસની પવિત્રતા સાથે છે. આ મહાન નક્શબંદી તરીકામાં આ પ્રથમ ભાગ જઝબો અગ્રતા ધરાવે છે એટલેકે

આ તરીકામાં દિલની સફાઇનો માર્ગ નફસની પવિત્રતાના માર્ગ કરતાં અગ્રક્રમે છે બલ્કે એટલું જ નહીં, પરંતુ દિલની સફાઇ દરમ્યાન જ આ તરીકામાં નફસની પવિત્રતા આપમેળે હાંસીલ થઇ જાય છે અને જઝબાહ્માં જ સુલુકની મંઝીલો પાર થઇ જાય છે અને તાલીબ મતલુબનું સૌંદર્ય(જમાલે ઇલાહી)સહેલાઇથી નિહાળી લે છે જઝબો એ ઇલાહી આકર્ષણનો માર્ગ છે જેમાં તાલીબને ખેંચીને લઇ જવાંમાં આવે છે જ્યારે સુલકનો માર્ગ તાલીબે સ્વ-પ્રયત્નો અને ખુદની મહેનતો થકી પાર કરવો પડે છે, જેવી રીતે કે કોઇ પગ પાળા મુસાફરી કરે અને કોઇ વાહનમાં બેસીને પહોંચે.

ઉપરની ચર્ચા પર મનન-મંથન કરતા એ વાત સામે આવી છે કે, આજના આ નાજુક યુગમાં કે જ્યારે તાલીબોની હિંમત અને તલબમાં ખુબ જ કમી આવી ગઇ છે ત્યારે આ જઝબાહ્નો માર્ગ તેના માટે કેટલો સરળ છે !?!

આ મહાન તરીકાના અગ્રગણ્ય બુઝુર્ગ, એટલું જ નહીં પરંતુ ભારતીય ઉપખંડમાં નક્શબંદી સિલસિલાનાં પ્રણેતા અને બાની **હઝરત ખ્વાજા મોહંમદ બાકીબીલ્લાહ(કુદ્દસ્સીરુહુ)જઝબા સંબંધે ફર્માવે છેકે, નક્શબંદી તરીકાના અગ્રેસર બુઝુર્ગો એ ફર્માવ્યું છેકે,"અમારા તરીકાનો ઝીક જઝબાહ્ તરફ ખેંચે છે અને જઝબાહ્ની મદદ વડે તમામ મકામો સરળતાપૂર્વક અને દ્રઢપણે પાર થઇ જાય છે."**

ઉપરની ચર્ચાનો સારાંશ એ છે કે, જઝબો અલ્લાહત્આલા સુધી પહોંચવાનો સરળ રાજ માર્ગ છે અને તેના વિરોધીઓ શૈતાનના ફંદામાં ફસાયેલા છે જે આ રાજ માર્ગ પર અવરોધો નાંખી રહ્યાં છે.

(૬)

"જઝબાહ્ વ કશીશ સીર્ફ મકામે ફૌક તક હોતી હૈ ફૌકે ફૌક તક નહીં હોતી ઔર અહીં સુરતે હાલ શુહુદ વગેરાહ્મેં હૈ; પસ સુલુક તય ન કિયે હુવે મજઝુબ(જઝબેવાલે)જો મકામે કલ્બમેં હૈ ઉનકા ઇન્જિઝાબ સીર્ફ મકામે રૂહ તક હૈ જો કલ્બ સે ઉપરકા મકામ હૈ ઝાતે હક્ક તક કશીશ ઔર ઇન્જિઝાબ મુન્તહી લોગોકા જઝબા હૈં ઉસસે ઉપર કોઇ મકામ નહીં;"

(દફ્તર-૧,મકતુબ નં-૧૧૩)

(અર્થાત્ઃ- જઝબો અને ઇલાહી આકર્ષણ માત્ર ઉચ્ચ મકામ સુધી જ હોય છે.પછી અતિ ઉચ્ચમકામમાં નથી હોતું અને આજ પ્રમાણેની સ્થિતી શુહુદ(દિદારે ઇલાહી)વગેરે મકામોમાં છે, તો આ રીતે સુલુક પાર નહીં કરેલા મજઝુબકે જેઓ કલ્બના મકામમાં છે તેઓનો જઝબો માત્ર રૂહ સુધી જ છે કે જે કલ્બથી ઉપરનો મકામ છે. ઝાતે હક્ક સુધીનું <u>ઇલાહીઆકર્ષણ</u> તેમજ <u>જઝબો</u> અંતિમચરણના તાલીબોનો જઝબો છે કે જેની ઉપર કોઇ મકામ નથી.)

મજકુર ઇબારતમાં હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ જઝબાહ્ના બે પ્રકાર રજુ કર્યા છે (૧) પ્રથમચરણકે પ્રાથમિક તબક્કાનો જઝબો કે જે પ્રાથમીક કક્ષાના તાલીબોને હાંસીલ છે. અને (૨) અંતિમકક્ષાનો જઝબો કે જે સુલુક પાર કર્યા પછી અંતિમ કક્ષાના તાલીબને હાંસીલ થાય છે;જેની ઉપર કોઇ જ મકામ નથી. પરંતુ જ્યારે નક્શબંદી તરીકામાં શરૂઆતમાં જ અંતની ચાસણી ચખાડવામાં આવે છે માટે શરૂઆતથીજ આ જઝબો અર્પણ કરી દેવામાં આવે છે.અને આ જઝબો જ તેના સુલુકને આપમેળે સરળતાપૂર્વક પાર કરાવી દે છે, માટે આ તરીકાના તાલીબો-મુરીદોંનો જઝબો એ અંતિમકક્ષાનોજ જઝબો છે; કે જેની ઉપર કોઇ મકામ નથી. <u>તો જ્યારે આ તરીકાના મહાન બુઝુર્ગોએ આ જઝબાહ્રૂપી દૌલત પોતાના મુરીદો અને તાલીબોને હૃદયની વિશાળતા સાથે અર્પણ કરી છે,તો તેમાંઅન્ય ને શું લેવા દેવા? કે અન્યને એતરાઝ કરવાની શી જરૂરત?</u>

ઉપર આપણે મકતુબાતે ઇમામે રબ્બાનીના આધારે માત્ર નક્શબંદી તરીકામાં રહેલી હકીકત અને ફઝીલત જાણી, પરંતુ એવું નથી કે આ જઝબો માત્ર નક્શબંદી તરીકામાં જ રહેલો છે,બલ્કે સુફીવાદના દરેક તરીકામાં વધતાં-ઓછાં પ્રમાણમાં રહેલો જ છે અને માટે હવે અહીં હું જઝબાની હકીકત અને ફઝીલત પેટે સુફીવાદના અન્ય તરીકાઓના બુઝુર્ગોના કેટલાક ફરમાનો આધારભુત કિતાબોના અવતરણો થકી રજુ કરું છુંઃ-

★

સિલસિલાએ ચિશ્તીયાહ, કાદરીય્યાહના અગ્રેસર બુઝુર્ગ અને સિલસિલાએ અશરફીય્યાહના સ્થાપક મહેબુબે યઝદાની હઝરત સૈયદ મખ્દુમ જહાંગીર અશરફ સિમનાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ પોતાના મલ્ફુઝાત શરીફ કેજે **<u>લતાઇફે અશરફી</u>** ના નામે જગવિખ્યાત છે અને જેનું સંકલન આપના એક અગ્રેસર ખલીફા હઝરત નિઝામ યમની(રહેમતુલ્લાહ અલયહે)એ કર્યુ છે, જેના <u>લતીફાહ નં-૬માં</u> હઝરત સૈયદ મખ્દુમ જહાંગીર અશરફ સિમનાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)ખુદે જઝબાહ્ની ઘણી ફઝીલત બયાન ફર્માવી છે અને કહ્યું છેકે,

"<u>મહેબુબ વ્યક્તિઓ પ્રારંભમાં જઝબાનાં માર્ગ થકી ચાલે છે અને એક જઝબા વડે મકામાતોના વિશાળ અંતરને પાર કરી લે છે. તેમજ મોહીબ્બોના તમામ આમાલોનું પરિણામ આ એક જઝબાહ્માં હોય છે.જઝબાતે હક્કનું એક ખેંચાણ(આકર્ષણ)બંને જહાંના આમાલોની બરાબર</u>

છે,કારણકે તમામ મકામોની સફાઇ તેઓની હાલતમાં સમાયેલી છે.''

મજકુર ઈબારતમાં હઝરત સૈયદ મખ્દુમ જહાંગીર અશરફ સિમનાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ જઝબાની ખુબ સ્પષ્ટ છણાંવટ અને ઘણી મહાન ફઝીલત રજુ કરી છેકે જેની પ્રશંસા માટે શબ્દો મળી શકતાં નથી. આપે સ્પષ્ટ જણાવ્યું છેકે, ''જઝબાહ્‌ના એક ખેંચાણ વડે મકામાતોનું વિશાળ અંતર પાર થઇ જાય છે.'' કુર્બેઈલાહીની પ્રાપ્તી માટે ઘણાં સખ્ત મુજાહેદાઓ અને રિયાઝતો કરવી પડે છે તેમજ કઠીન-કઠીન મકામાતો પાર કરવા પડે છે,ત્યારે જમાલે ઈલાહીના દિદાર થાય છે,પરંતુ અહીં તો માત્ર જઝબાના એક જ ખેંચાણ વડે આ તમામ મકામાતોનું વિશાળ અંતર પાર થઇ જાય છે.તો શું આથી વિશેષ જઝબાની કોઇ ફઝીલત હોય શકે ખરી? તેમજ આપે આગળ ફર્માવ્યુંકે, ''મુહીબ્બોના તમામ આમાલોની નિપજ કે ફળ આ એક જ જઝબાહ્ રહેલું છે.'' તેમજ જઝબાની ફઝીલત પેટે આપે જે ત્રીજી વાત રજુ કરી છેકે, જઝબાતે હક્કનું એક ખેંચાણ (આકર્ષણ)બંને જહાંના આમાલોની બરાબર છે !?! તે તો જઝબાહ્‌ની ખરેખર ખુબજ મહાન ફઝીલત છે.આપે રજુ કરેલી આ ત્રીજી વાત તો ઘણો જ ગુઢાર્થ ધરાવે છે જેની ઉપર મનન-મંથનની જરૂરત છે કે માત્ર જઝબાવાળાની એકક્ષણ બંને જહાંના આમાલોની બરાબર છે.આ છે સિલસિલાએચિશ્તીયાહ-અશરફીય્યાહના અગ્રેસર બુઝુર્ગનો જઝબા સંબંધે નો ખુલાસો. હજુ પણ તમે ક્યાં સુધી આ જઝબા રૂપી મહાન દૌલતનો ઈન્કાર અને વિરોધ કરતાં રહેશો!?!

★

હઝરત સૈયદ ગૌષઅલીશાહ કાદરી, કલંદરી, પાનીપતી (રહેમતુલ્લાહ અલયહે) કે જે કાદરી તરીકાના બુઝુર્ગ છે તેઆ પોતાના મલ્ફુઝાત કે જે 'તઝકેરાએ ગૌષીયા' ના નામે મશહુર છે,જેમાં આપે પોતાના સફરના હાલાતો અને અનુભવો રજુ ર્ક્યા છે,તેમાં આપ જઝબાહ્‌નો ઉલ્લેખ કરતાં લખે છેકે,

''બે ઈખ્તિારી મજઝુબ વો હૈ કી આલમે અજસામ કે અંદર બીલકુલ હોંશીયાર આયા ઔર મુદ્દત તક સમજબુજ મેં રહા લેકીન ઈત્તેફાકન કીસી કામીલકા મુરીદ હુવા ઔર મુરશીદને અપને ખાનદાનકે મુવાફીક ઉસકો તાલીમો તલ્કીન ફરમાઇ,જબ નૌબત સુલ્તાનુલ્ઝીકકી પહોંચી ઔર હર જાનીબસે ગલ્બએ અન્વાર હુઆ તો બેઇખ્તિયાર હોકર હોશોંખીર્દ કે જામેસે બાહર નીકલ ગયા.અગર સુલ્તાનુલ્ઝીકકા મુતહમ્મીલ હો જાતા તો સાલીકોમે સે હોતા યા ઈસ તરહ પરકે કીસી મસ્ત યા મજઝુબકી નિગાહ દફઅ્તન પડ ગઈ ઔર બેકરાર હોકર મસ્ત વ મદહોંશ હો ગયા.પસ ઉસકા હોંસલા બુલંદ

ઔર તૌફીકે ઈલાહી રફીકે હાલ હૈ તો મુકાશેફાતકી બહાર ઔર મકામાતકી સૈર દેખતા હૈ ઔર તમામ મનાઝીલકો તય કરતા હૈં.''

(અર્થાત્:-વિવશ મજઝુબ(જઝબાહ્‌વાળા)એ છેકે ભૌતિક જગતમાં બિલ્કુલ સભાન અવસ્થામાં હોય અને ઘણો સમય સુધી સભાન અવસ્થામાં જ રહેલો હોય,પરંતુ અચાનક જ કોઇ કામીલ (પીર)નો મુરીદ બન્યો અને મુરશીદે પોતાના ખાનદાનનાં રીત-રિવાજ મુજબ તેની તાલીમ અને તલ્કીન ફરમાવી અને જ્યારે મામલો સુલ્તાનુલ્ઝ્ઝીક્ર સુધી પહોંચ્યો તેમજ ચારે બાજુથી અન્વારોનો ગલ્બો થયો તો(તે)વિવશ બનીને સભાનતા અને અક્કલના વર્તુળમાંથી બહાર નીકળી ગયો,જો સુતાનુલ્ઝ્ઝીક્ર ને પાર કરી લેતો તો સાલીકો પૈકી હતો.અથવા તો એ રીતે કોઇ મસ્તકેમજઝુબની દષ્ટિ(તેની ઉપર) અનાયાસે જ પડી ગઇ અને બેકરાર બનીને મસ્ત અને મદહોશ બની ગયો.(પરંતુ અહીં જો)તેનો હોંશલો(હિંમ્મત) બુલંદ હોય અને તૌફીકે ઈલાહી તેની સાથે સામીલ હોય તો ક્શ્ફોની વસંત અને (રૂહાની) મકામાતોની સફર કરેછે.તેમજ તમામ મંઝીલોને પાર કરી લેછે.)

મજકુર ઈબારતમાં હઝરત પીર સૈયદ ગૌષઅલીશાહ કાદરી, કલંદરી,પાનીપતી(રહેમતુલ્લાહ અલયહે)એ તાલીબ ઉપર છવાતી 'જઝબાહ્'ની કૈફીયતનું વર્ણન ર્ક્યું છે.આ છે સિલસિલાએ આલિય્યાહ્ કાદરીય્યાહ્‌ના બુઝુર્ગોનો જઝબા સંબંધે ખુલાસો.તો આ રીતે જઝબો અને બેહોશી તો આ તરીકાના(કાદરી તરીકાનાં) મુરીદો અને તાલીબોમા પણ સાબીત થયો.

★

કિતાબ **'ઈકતિબાસુલ્અન્વાર'** કેજેમાંમશાઇખેં ચિશતિય્યાહ્-સાબીરીય્યાહ્‌ના હાલાતોનો ઉલ્લેખ છે.તેમજ આ કિતાબની ખુબી અને મહાનતા એ છેકે તેને હુઝુર નબી-એ-પાકસાહેબે લૌલાકે(સલ્લાહો અલયહે વસલ્લમ)પોતાની બારગાહ શરીફમાં મકબુલ ફર્માવી છે,જેનો ઉલ્લેખ લેખકે મજકુર કિતાબના પાનાનં-૨૯ પર કરેલ છે.

મજકુર કિતાબના સંકલન કર્તા છે હઝરત શૈખ મોહમ્મદ અકરમ કુદ્દુસી(રહેમતુલ્લા અલયહે)અને આ કિતાબના અનુવાદક છે હઝરત મૌલાના અલ્હાજક્ષાન વાહીદ બખ્શ સાહેબ સીયાલવી,સાબરી,ચીશ્તી.આ કિતાબના પાનાનં. ૬૧૭ પર જઝબાહ્‌ની કૈફીયત સંબંધે લખ્યું છેકે,

''યાદ રહે કે સુલ્તાનુઝ્ઝીક્ર એ ગૈબી વારીદાત ઔર એક ખાસ હાલત હૈ જો હઝરત કુત્બે આલમ શાહ અબ્દુલ કુદ્દુસ ગંગોહી ચીશ્તી(રહેમતુલ્લા અલયહે)કા ખાસ મશરબ થા. જીતને ઔલિયાએ કિરામ ગુજરે હૈ,માલુમ

નહીં ઉનકી હાલત (ઈસમામલેમેં) કૈસી થી, લેકીન 'રિસાલાએ મક્કીય્યાહ્'મેં હઝરત શૈખ નઝમુદ્દીન કુબરા (રદીયલ્લાહોત્આલા અન્હો)સે મનકુલ હૈકી, <u>'ઝાકીર પર ઝીક્રકી વજહસે એક અઝીમ ગલ્બા હોતા હૈ લેકીન વો ગલ્બા ઝાહીર નહીં હોતા બ વજહ્ ઝાકીરકી કુવ્વતકે,જબ ઈફાકા હોતા હૈ તો સાલીક મહુવીય્યતકે આલમમેં અપની હસ્તીસે બે ખબર હો જાતા હૈ જીસ તરહ નીંદ કે વક્ત.સુલતાનુઝ્ઝીક્ર એકનુર હૈ જો સાલીક પર ઉપરકે યા પીછેકી તરફ વારીદ હોતા હૈ જીસસે ઉસકો ઝુંબીશ હોતી હૈ.'</u> ઔર ઝબરદસ્ત કુવ્વત ઝાહીર હોતી હૈ જો સાલીકકે ઝીક્ર પર મુદાવેમતકે લેહાઝ સે કમો બેશ હોતી હૈ.ગર્ઝ યે કી સુલ્તાનુઝ્ઝીક્રકી મે ગલ્બએ અઝીમ ઔર હયબતે સખ્ત જીસસે જસદેખાકીકી કશાફત દુર હોતી હૈ;ઔર અન્વાર કા ઝબરદસ્ત હમલા હોતા હૈ ઔર સુરએ *ઈઝાઝુલ્ઝીલતીલ્અર્દો ઝીલ્ઝાલહા*.....કી સી કૈફીયત પૈદા હોતી હૈ. ઔર ઈસ ફકીરને અપને મશાઈખસે સિના-બ-સિના જો કુછ હાંસીલ કિયા હે ઉસકા ખુલાસા યે હે કી જબ સાલીક પર સુલ્તાનુઝ્ઝીક્ર વારીદ હોતા હૈ તો જસદેખાકી પર હમલાવર હોતા હૈ ઔર આનન-ફાનન લરઝા તારી હો જાતા ઔર ઉસે બે ખુદ ઔર મહવ કર દેતા હૈ; ઔર સુરએ *ઈઝાઝુલ્ઝીલતીલ્અર્દોઝીલ્ઝાલહા*..... કી સી કૈફીયત પૈદા કર દેતા હૈ ઔર સાલીક પર મહુવીય્યત તારી હોતી હૈ.''

(**અર્થાત્**:-યાદ રાખો કે સુલ્તાનુઝ્ઝીક્ર એ હઝરત કુત્બે આલમ શાહ અબ્દુલ કુદ્દુસ ગંગોહી ચીશ્તી(કુદુસ્સીર્રહુ)ના ખાસ તરીકા મુજબ ગૈબથી જાહેર થતી એક ખાસ પ્રકારની હાલત છે,જેટલા ઔલિયાએ કિરામ થઇ ગયા છે તેઓની આ સંબંધે સંપૂર્ણ હાલાતોની જાણકારી નથી,પરંતુ <u>**રિસાલાએ મક્કીય્યાહ્**</u> માં હઝરત શૈખ નઝમુદ્દીન કુબરા (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ કહ્યું છેકે,'ઝાકીર પર ઝીક્રના કારણે એક ખુબજ મહાન ગલ્બો થાય છે,પરંતુ ઝાકીરની મજબુતાઇ(રૂહાની તાકાત)ના કારણે તે ગલ્બો જાહેર થતો નથી.પરંતુ જ્યારે તેનાથી છુટકારો હાંસીલ થાય છે ત્યારે સાલીક અભાનતાની સૃષ્ટિમાં પોતાના અસ્તિત્વથી અજાણ થઇ જાય છે; જેવી રીતે કે નીંદરમાં થઇ જાય છે. સુલ્તાનુઝ્ઝીક્ર એક નુર છેકે જે સાલીક પર ઉપરથી અથવા તો પાછળની તરફથી પ્રગટ થાય છે; જેના કારણે તેમાં ધ્રુજારી પૈદા થાય છે.અને ખુબજ મોટી શક્તિનું પ્રગટીકરણ થાય છે;જે સાલીકની ઝીક્ર પર નિરંતરતાના પ્રમાણમાં વધતું-ઓછું હોય શકે છે.કહેવાનો હેતુ એ જ છેકે સુલ્તાનુઝ્ઝીક્રમાં એક ખુબજ મહાન ગલ્બો અને સખ્ત પ્રકારની હયબત હોય છે; જેના કારણે આ માટીના શરીરની ભૌતીકતા દુરથાય છે અને અન્વારોનો ખુબજ મોટો હુમલો થાય છે. અને સુરએ *ઈઝાઝુલ્ઝીલતીલ્અર્દોઝીલ્ઝાલહા* જેવી કૈફીયત પૈદા થઇ જાય છે.' તેમજ આ ફકીરે પોતાના મશાઈખોં વડે જે કંઇ

સિના-બ-સિના હાંસીલ કર્યો છે, જેનો ખુલાસો એ છેકે,જ્યારે સાલીક પર સુલ્તાનુઝ્ઝીક્ર પ્રગટ થાય છે તો ભૌતીક શરીર પર હુમલો થાય છે અને ઘડી બેઘડીમાં બેહોશી છવાઇ જાય છે.અને તેને બેખુદી અને અભાનતામાં ધકેલી દેછે."સુરએ *ઈઝાઝુલ્ઝીલતીલ્અર્દો ઝીલ્ઝાલહા*...જેવી કૈફીયત પૈદા થઇ જાય છે અને સાલીક અભાનતામાં સરકી જાય છે.)

મજકુર ઈબારતમાં એક ચીશ્તીય્યાહ્, સાબીરીય્યાહ્ સિલસિલાનાં બુઝુર્ગે પોતાના ખાનદાનમાં જાહેર થતી જઝબાની અને બેહોશીની કૈફીયત વર્ણવી છે તેમજ ઝીક્રના વિવિધ અસરાતોનો રજુકર્યા છે;જેના માટે કોઇ વિશેષ ખુલાસાની જરૂરત નથી.

★

હઝરત શૈખ ઈમામ અબુલ હસન શાઝલી(રહેમતુલ્લાહ અલયહે)કે જેઓ સુફીવાદનો એક તરીકો કે જે<u>**શાઝલીય્યાહ્**</u>ના નામે મશહુર છે,જેના આપ ઈમામ,પ્રણેતા અને બાની છે.*દુઆએ હીઝબુલ્બહર*કે જેનો વિર્દ સુફીયાએ કિરામના દરેક તરીકામાં મશહુર છે,તેના આપ મુસન્નીફ છે.આદુઆના હાંસીયા પર જઆપના પવિત્ર જીવન ચરીત્રની કેટલીક ઝલકો રજુ કરવામાં આવી છે, અને જેમાં આપના અજીબો-ગરીબ હાલાતે ઝીંદગીની વાતો લખેલી છે. મજકુર હાંસીયામાં કિતાબ <u>**તબક્કાતે કુબરા**</u> જી-૨ ના હવાલાથી લખ્યું છેકે,

''હઝરત અબુલ અબ્બાસ મરઅસી(રહેમતુલ્લાહઅલયહે)કેજેઓ આપના અગ્રેસર અને સૌથી મોટા ખલીફા છે તેઓ ફર્માવે છેકે,' અમે લોકો યુગના તમામ શૈખો પાસે તરસ છીપાવવા(રૂહાની તરસ)માટે જતાં હતાં,પરંતુ સત્ય તો એ છેકે એ મધુર ચશ્મા(હઝરત શૈખ ઈમામ અબુલ હસન શાઝલી (રહેમતુલ્લાહ અલયહે)સિવાય અમારી તૃષા કોઇ જ્યાએ છીપાતી ન હતી.' અને તેનું કારણ એ જ છેકે, હઝરત શૈખ ઈમામ અબુલ હસન શાઝલી (રહેમતુલ્લાહ અલયહે)ખુદ ફર્માવે છેકે, <u>**''મારો તરીકો પૂર્વ અને પશ્ચિમના તમામ આરીફોંથી તદ્દન અલાયદો છે અમારે ત્યાં શઝરા કે સનદની જરૂરત નથી.હા,તેમાં માત્ર મોહબ્બત અને જઝબાએ ઈલાહી છે,તેમજ આં હઝરત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અમારા મુરબ્બી છે કે જે કંઇ મેળવ્યું છે તેઓના થકી જ મેળવ્યું છે.''**</u>(તબક્કાતે કુબરા જી-૨)

મજકુર ઈબારતમાં હઝરત શૈખ ઈમામ અબુલ હસન શાઝલી (રહેમતુલ્લાહ અલયહે)કે જેના દ્વારા તસવ્વુફમાં <u>શાઝલીય્યાહ્ તરીકો</u> કે સિલસિલો જારી થયો,આપ આ તરીકાના સંસ્થાપક છે. શાઝલીય્યાહ્ તરીકાનો દારોમદાર પણ મોહબ્બત અને જઝબાએ ઈલાહી પર જ છે. કારણકે

ખુદ હઝરત શૈખ ઈમામ અબુલ હસન શાઝલી(રહેમતુલ્લાહ અલયહે)નુ કહેવાનું તાત્પર્ય એ છેકે,'અમારો તરીકો મોહબ્બત અને જઝબાએ ઈલાહી નો છેકે જેમાં શઝરા કે સનદની પણ જરૂરત નથી.' તો અહીં મનન મંથનની જરૂરત છે કે જઝબાએ ઈલાહી અને મોહબ્બતનો માર્ગ કેટલો ઉત્કૃષ્ટમાર્ગ છે કે જેમાં કે શઝરા કે સનદની પણ જરૂરત નથી. અને તેનું કારણ એ જ છેકે જઝબાહ્ અને મોહબ્બતના માર્ગમાં તાલીબના કલ્બ ઉપર જે ફૈઝ કે અન્વાર નાઝીલ થાય છે,તે સીધો જ હુઝુર નબી-એ-પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના કલ્બે-મુનવ્વરના જ અન્વારોના પરતવ(પ્રતિબીંબ)હોય છે. એટલા માટે તે તાલીબ કે મુરીદના મુરબ્બી જ હુઝુર નબીએ પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નીઝાતે ગીરામી હોય છે.જેથી અહીં શઝરા કે સનદની જરૂરત ન હોવાનું આપે ફર્માવ્યું છે...તો આ રીતે જઝબાહ્ની ફઝીલત પેટે આથી વિશેષ કોઈ દલીલની જરૂરત નથી. આમ, સુફીયાએ કિરામનો એક પણ તરીકો જઝબાથી ખાલી નથી; તો હે ભાઈ વિરોધી,તું જઝબાહ્નો વિરોધ ક્યાં સુધી નોંધાવતો ફરીશ?!?

★

કિતાબ **'રફીકુસ્સાલેકીન'** કે જેના મુસન્નીફ હઝરત મૌલાના મોહંમદ કરામતુલ્લાહ સાહેબ કાદરી નક્શબંદી(રહેમતુલ્લાહત્આલા અલયહ)છે તેઓ આ કિતાબમાં જઝબાહ્ વિશે ફર્માવે છેકે,

"ઔર તલ્કીન કરને વાલો કો ચાહીએકે આપ સુલ્તાનુઝ્ઝીક્ર કરકે જીસ તરહ તાલીબકે લતીફોમેં ઝીક્ર ડાલનેકા મજકુર ઉપર હો ચુકા ઈસી તરહ ઈસ ઝીક્રકો તાલીબકે તમામ બદનમેં ભી ડાલનેકા કસદ કરે,ઉસકા અસર યહ હૈ કી કભી તમામ બદનમેં ઝુંબીશ ઝાહીર હોગી યહાં તક કી ઉસકા હાથ યા પાંવ યા દુસરે ઉઝવ ઉસકે બગૈર ઈરાદેકે અપની જગાહસે ટલ જાવેંગે;ઔર કભી રેઅ્શાહ કી સી હરકત ઝાહીર હોતી હૈ ઔર કભી રોંગટે બદન પર ખડે માલુમ હોતે હૈ યા ઐસા માલુમ હોતા હૈ કે ઉસકે બદન પર ચુંટીયાં રેંગતી માલુમ હોતી હૈ;ઔર ઠંડક ઔર હલકાપન ઉસકે તમામ બદનમેં માલુમ હોતા હૈ ઔર કભી ઈસ કદર ઠંડક ઝાકીરકે બદનમેં સમા જાતી હૈ કી સખ્ત- ગરમીકે વક્તમેં ઉસકો શર્દી માલુમ હોતી હૈ ઔર ઐસા હલ્કા હો જાતા હૈ કી ગોયા ઉસકે બદનસે આલાઈશકો દુર કિયા હૈ;જીસે કીસી શખ્શને કીસામાલી કરકે હમામમેં ગુસ્લ કિયા હો.લેકીન ઝાહેરી ગુસ્લમેં યે હલકાપન સીર્ફ ઉસકે ચમડે પર માલુમ હોતા હૈં ઔર સુલ્તાનુઝ્ઝીક્રમેં અંદર સે સફાઈ માલુમ હોતી હૈ ઔર ખીર્કે આદત યાઅ્ની કરામતકી કિસ્મસે હૈ જીસ તરહ કીસીકા બદન બડે ઝોરસે ફડકતાં હૈ ઈસી તરહ તમામ બદન કાબુમેં નહીં રહેતાં ઔર બેઈખ્તિયાર ફડકતાં હૈ."

મનકી આંખે ખોલ

(અર્થાત્:-અને તલ્કીન કરનાર(પીર)માટે જરૂરી છેકે ખુદ પોતે સુલ્તાનુઝ્ઝીક્ર કરીને જે રીતે તાલીબના લતીફાઓમાં ઝીક્ર દાખલ કરવાનો ઉલ્લેખ ઉપર થઈ ચુક્યો એજ રીતે આ ઝીક્રને તાલીબના પુરા શરીરમાં પણ દાખલ કરવાનો ઈરાદો કરે.તેની અસર એ છેકે ક્યારે પુરા શરીરમાં ધ્રુજારી જાહેર થશે,ત્યાં સુધીકે તેના હાથકે પગ અથવા બીજા અવયવો તેના ઈરાદા વગર જ પોતાની જગ્યાએ થી ખસી જશે. અને ક્યારેક ખેંચ જેવી હરકત જાહેર થાય છે.અને ક્યારેક શરીર પર રૂંવાટા ઊભા થઈ ગયેલા જણાય છે અથવા તો એવું લાગે છેકે તેના શરીર પર કીડીઓ દોડી રહી છે તેમજ ઠંડક અને હલ્કાપણું તેના પુરા શરીરમાં જણાય છે.અને ક્યારેક તો એટલી હદે ઠંડક ઝાકીરના બદનમાં ભરાઈ જાય છે કે સખ્ત ગરમીના સમયમાં પણ તેને ઠંડીલાગે છે અને એવો હળવોફુલ થઈ જાય છે કે જાણે તેના શરીરમાંથી તમામ ખરાબીઓને દુર કરી દેવામાં આવી છે જેવી રીતે કે કોઈ વ્યક્તિએ માલીશ કરીને હમામ (સ્નાનાગૃહ)માં સ્નાન કર્યું હોય,પરંતુ ઝાહેરી સ્નાનમાં આ હલ્કાપણું માત્ર તેની ત્વચા પર જ જણાય છે,જ્યારે સુલ્તાનુઝ્ઝીક્રમાં તો અંદરથી સફાઈ થયેલ જણાય છે અને(આ વાત)કરામતના પ્રકારો પૈકીની છે કે જેવી રીતે કોઈનું શરીર ખુબજ જોરથી ફડકે છે એ જ પ્રમાણે પુરું શરીર કાબુમાં રહેતું નથી અને બેકાબુ બનીને ફડકે છે.)

મજકુર ઈબારતમાં હઝરત મૌલાના મોહંમદ કરામતુલ્લાહ સાહેબકાદરી,નક્શબંદી(રહેમતુલ્લાહત્આલાઅલયહ)એ તાલીબમાં ઝીક્રનાં અન્વારો દાખલ થયા પછી,તેની ઉપર છવાતી **જઝબાહ્**ની વિવિધ કૈફીયતોનું બયાન કર્યું છે. આપના બયાન મુજબ સુલ્તાનુઝ્ઝીક્ર કે જે ઝીક્રનો એક તરીકો છે,તેમાં તાલીબના પુરાં શરીરના રૂંવે-રૂવાં અલ્લાહનો ઝીક્ર કરે છે એટલું જ નહીં પરંતુ તાલીબ દરો દિવારમાં પણ અલ્લાહના ઝીક્રનો અવાજ સાંભળે છે અને સુફીયાએ કિરામના દરેક તરીકાઓમાં આ ઝીક્રની તલ્કીન છે. આ પ્રકારનો ઝીક્ર જ્યારે તાલીબ પીરની તલ્કીન વડે કરે છે;તો તેમાં જઝબાહ્ની અજીબો-ગરીબ કૈફીયત પૈદા થાય છે...પરંતુ યાદ રાખશો અહીં એક શર્ત એ છે કે સૌ પ્રથમ તલ્કીન કરનાર એટલેકે પીર ખુદ પોતે આ ઝીક્રમાં મશગુલ થાય અને પછી તેના અન્વારો પોતાના આત્મબળ વડે તાલીબના સિનામાં અને શરીરમાં દાખલ કરે ત્યારે જ આ પ્રકારની કૈફીયત જાહેર થશે;નહીં કે માત્ર કિતાબમાં વાંચીને ઝીક્ર કરવાથી,કારણકે અહીં આ ઝીક્રના અન્વારો સિના-બ-સિના પીરના સિનામાં સ્થાયી થયેલા છે,જેને તે તાલીબના સિનામાં ઉતારે છે,તો જો તલ્કીન કરનાર જ નાકીસ કે અપૂર્ણ હશે અને તે આ કાર્ય અંજામ દેવાની લાયકાત ધરાવતો નહીં હોય તો તાલીબમાં ક્યારેય પણ આ પ્રકારની કૈફીયત

પૈદા થશે નહીં; જેને માત્ર રસ્મો-રિવાજની પીરી-મુરીદી કહેવાશે. ગુજરાતીમાં કહેવત છેને કે, *આવ ભાઈ હરખાં આપણે બેય સરખા* એવી સ્થિતીનું અહીં નિમાર્ણ થશે.

નવાઈની વાત એ નથી કે,સ્વીચઓન(શરૂ)ર્ક્યા પછી ટ્યુબ લાઇટ કે લેમ્પ શરૂ થાય, પરંતુ નવાઈની વાત તો એ છેકે સ્વીચઓન ર્ક્યા પછી ટ્યુબલાઇટ કે લેમ્પ ન સળગે. કારણકે ટ્યુબલાઇટ કે લેમ્પનું ન સળગવું એ વીજ પ્રવાહની ખામી દર્શાવે છે એ જ રીતે સુફીવાદના કોઇ પણ મુકદ્દસ સિલસિલામાં મુરીદકે તાલીબ બન્યા પછી જો તેમાં આ પ્રકારની કૈફીયત પૈદા ન થાય કે ફૈઝરૂપી ટ્યુબ લાઇટ ન સળગે તો તે નવાઈની વાત છે,(કારણકે ફૈઝરૂપીકે અન્વારોરૂપી વીજ પ્રવાહ અહીં કોઇ પણ કારણસર કપાઇ ગયો છે)નહીં કે આ ફૈઝરૂપી ટ્યુબલાઇટ સળગે તેની;કારણકે બયઅત થયા પછી આ ફૈઝરૂપી ટ્યુબ લાઇટ સળગવી જ જોઇએ અને કરંટ આવવો જ જોઇએ. પરંતુ અહીં તો વિરોધ કરનારાઓ ઉલ્ટો જ વિરોધ કરી રહ્યાં છે એટલે કે ટ્યુબલાઇટ સળગે છે(ફૈઝરૂપી કરંટ આવી રહ્યો છે)તેનો વિરોધ કરી રહ્યાં છે,જે ઘણું જ આશ્ચર્યજનક પણ છે તેમજ દુઃખદાયક પણ છે!!!

★

કિતાબ **'આદાબે સાલીક'** કે જેના મુસન્નીફ હઝરત અલ્લામા મુફ્તી મોહંમદ મસ્ઉદશાહ સાહેબ નક્શબંદી મુજદ્દેદી (રહેમતુલ્લાહઅલયહ)કે જેઓ સિલસિલાએ નક્શબંદીય્યાહ્, મુજદ્દીદીય્યાહ્ના ઘણાં જ મહાન બુઝુર્ગ,મહાન મુફ્તી તેમજ દિલ્હીની ફતેહપુરી શાહી જામએ મસ્જિદના શાહી ઈમામ હતાં તેઓ મજકુર કિતાબના પાના નં-૪૬,૪૭ પર જઝબા અનુસંધાને ફર્માવે છેકે,

"અલ્હમ્દોલીલ્લાહ,ઔર ઈન્દિરાજ નિહાયત ફીલ્બીદાયત કે તૌર પર શુરૂઅ્મેં આખીર કી ચાશની દેદેના હમારે હઝરાત (નક્શબંદી -હઝરાત)કા કામ હૈ, જીસકે દિલમેં ઝીક્રકા નુર કાયમ હો ગયા ઉસકો ઝીકકી ઝરૂરત નહીં રહી ઔર ઈસ્મેઝાત મેં ચુંકે જઝબાહ્ હૈ ઔર નક્શબંદીયોમેં મજ્ઝુબ સાલીક હૈ ઈસ લીયે મુરીદોમેં શુરૂઅ્મેં જઝબાતે કલ્બી હોને લગતે હૈ ઔર પહેલી તવજ્જોહ્મેં બેખુદી જો ફના કા દરવાઝા હૈ વહાં તક પહોંચા દેતા હૈ. જઝાકલ્લાહ સીર્ફ ઝીક્રે-કલ્બી વ મુરાકીબાહ્ કરનેવાલોંકે યહાં હી હૈ હમારે યહાં કે જઝબાત પર બાઅ્ઝ ઐતેરાઝ કરતે હૈ હાંલા કે 'એક જઝબાહ્એ હક્કદોનોં જહાં કે અમલસે બેહતર લીખા હય' અયસે જઝબાત હઝરત ખ્વાજા બાકીબીલ્લાહ ઔર હઝરત મુજદ્દીદે અલ્ફેષાની ઔર હઝરત અબુલ ખૈર દહેલ્વી ઔર ખુદ હમારે હઝરત સાહબ(હઝરત સૈયદ ઈમામ અલીશાહ સાહેબ)(કદુસ્સલ્લાહોત્આલા અસરારોહુમ)કે મુરીદોં પર અકસર ઝાહીર હુઆ હૈ કોઇ નઈ બાત નહીં હૈ

લેકીન જીન્હોંને ઇન બુઝુર્ગોકો દેખા નહીં, ન હાલાત માલુમ ક્યે ઉનકો તાઅ્જુબ હોતા હૈ બલ્કે(ઈસે)અદબકે ખિલાફ સમજતે હૈ; ઔર અયસે પીરોં ઔર મુરીદોં પર ઐતેરાઝ કરતે હૈ,ઐસી બદગુમાનીકા કહાં હુકમ હૈ? જો તુમકો હાંસીલ નહીં વો કીસીકો ભી હાંસીલ નહીં?!?"

(અર્થાત્ :- અલ્હમ્દોલીલ્લાહ, અને આરંભમાં અંતને દાખલ કરવાની રીત મુજબ શરૂઆતમાં જ અંતની ચાસણી ચખાડી દેવી અમારા હઝરાતો (નક્શબંદી પીરો)નું કામ છે. જેના દિલમાં ઝીક્રનું નુર સ્થાયી થઇ ગયું તેને ઝીક્રની જરૂરત નથી. અને જો કે ઈસ્મેઝાત(અલ્લાહ)માં જઝબો છે તેમજ નક્શબંદીઓમાં જઝબાવાળા સાલીકો છે એટલા માટે મુરીદોમાં શરૂઆતમાં જ જઝબાતે કલ્બી થવા લાગે છે.અને પહેલી તવજ્જોહ્માં બેખુદી કે જે ફનાનો દરવાજો છે, ત્યાં સુધી પહોંચાડી દે છે. જઝાકલ્લાહ આ માત્ર ઝીક્રે કલ્બી અને મુરાકીબો કરવાવાળાને ત્યાં જ છે.અમારે ત્યાં જઝબાહ્ ઉપર કેટલાક લોકો વિરોધ નોંધાવે છે;જો કે હક્કનો એક જઝબો બંને જહાંના અમલોથી બેહતર હોવું લખેલું છે. આવો જઝબો હઝરત ખ્વાજા બાકીબીલ્લાહ, હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની અને હઝરત શાહ અબુલ ખૈર દહેલ્વી (રહેમોકોમુલ્લાહત્આલા અલયહીમ અજ્મઇન)તેમજ ખુદ અમારા હઝરત સાહેબ(હઝરત સૈયદ ઈમામ અલીશાહ સાહેબ(રહેમતુલ્લાહ ત્આલા અલયહે)ના મુરીદો પર મોટા ભાગે જાહેર થયો છે; જે કોઇ નવાઇની વાત નથી. પરંતુ જેઓએ આ બુઝુર્ગોને જોયા નથી અને ન તો તેઓના હાલત જાણ્યાં છે; તેઓને નવાઇ લાગે છે, એટલું જ નહીં પરંતુ તેને અદબની ખિલાફ સમજે છે અને આવા પીરો તથા મુરીદોં પર વાંધો નોંધાવે છે,આવી બદ-ગુમાનીનો હુકમ ક્યાં છે.?શું જે તેમને હાંસીલ નથી તે કોઇને હાંસીલ નથી.?!?)

મજકુર ઇબારતમાં હઝરત અલ્લામા મુફ્તી મસ્ઉદશાહ સાહેબ (રહેમતુલ્લાહ અલયહે)એ સ્પષ્ટપણે ફર્માવ્યું છેકે,"ઇસ્મે ઝાતના ઝીક્રમાં જ જઝબો છુપાયેલો છે અને આ નક્શબંદી તરીકામાં ઇસ્મે ઝાતનું નુર જ તાલીબના સિનામાં દાખલ કરવામાં આવે છે અને અંતની ચાસણી આરંભમાં ચખાડી દેવાની રીત મુજબ તાલીબને શરૂઆતમાં જ અંતની મજા ચખાડી દેવામાં આવેછે. એટલે આ તરીકાના મુરીદો અને તાલીબોમાં શરૂઆતથી જ જઝબાતે કલ્બી થવા લાગે છે, જેની અસર તેના શારીરીક ઢાંચા પર પણ ઉછળ-કુદ અને આક્રંદ રૂપે દેખાવા લાગે છે; અને આ વાત પર લોકોએ ત્યારે પણ ઐતરાઝ ર્ક્યો હતો અને આજે પણ ઐતરાઝ કરી રહ્યાં છે." હું સંકલનકર્તા કહું છું કે, 'મારા પીરો મુરશીદ કિબ્લા(આ કિતાબના મુળ લેખક)ની મહેફીલમાં આ પ્રમાણેના જઝબાતે કલ્બી અને ઉછળ-કુદ,હાય-વોય તેમજ આક્રંદ આજે

પણ એજ રંગત સાથે જોવા મળે છે કે જે આ તરીકાના બુઝુર્ગોની મહેફીલમાં જોવા મળતાં હતાં જેનો ઉલ્લેખ ઉપર કરવામાં આવ્યો છે;અને આજે પણ તેની ઉપર એ જ રીતે અમુક લોકો ઐતરાઝ અને વિરોધો નોંધાવી રહ્યાં છે તો આ કોઇ નવાઇની વાત નથી, બલ્કે ઉલ્ટું આ ફૈઝ સલામત હોવાની મજબુત સાબીતી છે.

જઝબાહ્‌ની ફઝીલત પેટે આપે અહીં એજ ઇબારત રજુ કરી છે કે જે વાત હઝરત સૈયદ મખ્દુમ જહાંગીર અશરફ સિમનાની (કુદ્દસ્સીર્રહુ)એ કહી હતી કે, **“હક્કનો એક જઝબો બંને જહાંના આમાલોથી શ્રેષ્ઠ છે.”** તો આ રીતે અહીં જઝબાહ્‌ની ફઝીલતનો કોઇ વિકલ્પ જ નથી.અને મજકુર ઇબારતના અંતમાં આપે આ જઝબાહ્‌નો વિરોધ કરનારાને સણસણતો જવાબ પાઠવેલો છેકે,શું જે તમને હાંસીલ નથી તે કોઇને પણ હાંસીલ નથી.?આ પ્રકારની બદગુમાની કરવી ક્યાંનો ઇન્સાફ છે?!? ખરેખર આ સવાલનો વિરોધ કરનારાઓ પાસે કોઇ જવાબ જ નથી અલ્લાહત્આલા સૌ ને હક્ક વાત સમજવાની તૌફીક અતા કરે.બજાહે સૈયેદુલ્મુરસલીન(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આમીન......

★

સુલુક પર જઝબાની ફઝીલત બયાન ફર્માવતાં કિતાબ **‘મીફતાહુલ્ઉલુમ શર્હે મસ્નવી એ મૌલાના રૂમ’**માં તેના શારેહ (વિવરણકાર) હઝરત મૌલવી મોહંમદ નઝીર સાહેબ ઉર્શી નક્શબંદી મુજદ્દેદી જીલ્દ-૫ નાં દફતર-૩ નાં ભાગ-૧ માં ફર્માવે છેકે,

ચંદ ગાહશ ગામે આહુ દર ખુરસ્ત,
બઅદ અઝાં ખુદ નાફે આહુ રેહબરસ્ત.

(અર્થાત્ઃ- કેટલીકવાર સુધી તો(તેની ભાળ કાઢવા માટે) હરણના પગલાઓની નિશાનીઓની જરૂરત છે, ત્યારબાદ(જ્યારે તે નજીક પહોંચી જશે)તો ખુદ હરણનો મુશ્કેનાફા(ડુંટીમાં રહેલી કસ્તુરીની ડબ્બી)(તેના માટે પુરતો)રહેબર છે.)

મજકુર પંક્તિનું વિવરણ રજુ કરતાં શારેહ(વિવરણકાર)ફર્માવે છેકે, “...એટલા માટેજ શરૂઆતમાં(તાલીબને)તજલ્લીયાતે અફઆલની(ઇલાહી કાર્યોની હકીકતોરૂપી તજલ્લી)જરૂરત હોય છે. જ્યારે તે તજલ્લીઓને જુએ છે તો અતિ ઉત્સુક્તાની હાલતમાં મતલુબે હકીકી(અલ્લાહત્આલા)ની તરફ મંઝીલો તય કરવામાં લાગી જાય છે.અને પછી તો પેલી તરફથી(અલ્લાહ તરફથી)પણ જઝબ (ખેંચાણ, આકર્ષણ)થાય છે તો ધીમેધીમે મકસુદરૂપી મંઝીલોની દુશ્વારી ઓછી થઇ જાય છે જે રીતે કસ્તુરી મૃગના નાફા(ડુંટી)ની

ખુશ્બુ શિકારીને શિકાર સુધી પહોંચવા માટે પગેરૂં શોધવાના પ્રયત્નોથી નિશ્ચિંત કરી દે છે.ત્યાં સુધી કે તજલ્લીએ સિફાત અને પછી તજલ્લીએ ઝાતી(તાલીબ પર નાઝીલ થતી બીજા અને ત્રીજા દરજ્જાની તજલ્લીઓ)પણ મકસુદો પૈકી થઇ જાય છે.તેનાથી એ વાત સ્પષ્ટ થાય છેકે, મતલુબના વસ્લ(અલ્લાહનો મેળાપ)નું રહસ્ય વધુ પડતું જઝબાહ્‌એ હક્ક પર આધારીત છે જો તે ન હોય તો માત્ર રિયાઝતો અને મુજાહેદાઓ કશા કામના નથી.” કોઇ બુઝુર્ગે ફર્માવ્યું છેકે, “મતલુબ(અલ્લાહ)ની જલ્દી પ્રાપ્તિ માટે અલ્લાહ ત્આલાની એક કશીશ(જઝબો)તમામ જીન્નાતો અને ઇન્સાનોની ઇબાદતોથી બહેતર છે.”

સુલુકના મુકાબલામાં જઝબામાં એ ખાસ તફાવત છે કે, જઝબાહ્ માં કોઇ શૈતાની વસવસાકે નફસાની ખતરાતોની સંભાવના હોતી નથી.જે મકે *મય્યહદીહુલ્લાહો ફલા મોદીલ્લહુ* (અર્થાત્ઃ- અલ્લાહત્આલા જેને હિદાયત આપે તેને કોઇ જ ગુમરાહ કરી શકતી નથી) એ મુજબ જઝબોએ અલ્લાહ તરફથી મળેલ હિદાયતરૂપી નુર છુ માટે તેમાં વસવસાકે નફસાની ખતરાતોની સંભાવના નથી જ્યારે તેનાથી ઉલટું સુલુકમાં ગુમરાહીની ગર્તામાં જઇ પડવાની શક્યતા છે, કારણકે તેમાં(તરક્કીનો)આધાર પોતાના પ્રયત્નો અને મહેનતો પર છે,અને પોતાના પ્રયત્નોમાં શૈતાની પ્રપંચો થકી ભુલકે ખામીનો દરેક ક્ષણે ભય છે. ઇબ્લીસે હઝારો વર્ષ સુધી સખ્ત રિયાઝતો અને લાંબી અવધી સુધી મુજાહેદાઓ ક્ર્યાં છતાં અલ્લાહ ત્આલાની બારગાહમાંથી ધુતકારવામાં આવ્યો તો તેનું કારણ એજ બયાન ક્ર્યું કે, “તે માત્ર વિશુધ્ધ સાલીક જ હતો,જઝબએ-રબ્બાનીએ તેની દસ્તગીરી કરી ન હતી.”

પછી હઝરત મૌલાના રૂમી(રહેમતુલ્લાહત્આલા અલયહ) આગળ ફર્માવેછેકે,

રફતન યક મંઝીલે બર બૂએ નાફ,
બહેતર અઝ સદ મંઝીલે ગામ વ તવાફ.

(**અર્થાત્**ઃ- કસ્તુરી મૃગની ખુશ્બુ પર એક મંઝીલ ચાલવું, પગલાના નિશાનોની મદદ થકી સો મંઝીલ ચાલવા અને ફરવાથી વધુ સારૂ છે.)

ખુલાસોઃ- એટલેકે જે રીતે શિકારી માટે શિકારના પગલાના ચિહ્‌નોના આધારે ચાલવા કરતાં તેની ખુશ્બુના આધારે ચાલવું વધુ કામ્યાબીનું કારણ છે. એટલા માટેકે પગેરાંના આધારાપર ચાલવામાં ભુલની સંભાવના છે જ્યારે ખુશ્બુના આધારે જે તે દિશા તરફ જવામાં ભુલની સંભાવના નથી.કારણકે એ ખુશ્બુ સ્વંયમ જ શિકાર તરફથી નિમંત્રણરૂપે છે; જે તેની ડુંટી(નાફા)માંથી ઊઠી-ઊઠીને શિકારીને બોલાવી રહી છે(જેરીતે કેતાલીબને

જઝબો મતલૂબ તરફ ખેંચે છે.) જ્યારે સુલુકમાં તજલ્લીએ અફઆલી છે જો કે તે ઘણી નફાકારક અને ઈનામ રૂપે છે, પરંતુ તજલ્લીએ સિફાત અને તજલ્લીએ ઝાત તેનાથી વધુ શ્રેષ્ઠતાનો દરજ્જો ધરાવે છે.કારણકે અહીં(આ બંને તજલ્લીઓમાં)જઝબાએ-રબ્બાની ખુદ જ ખેંચાણ કરે છે જે તજલ્લીએ અફઆલમાં નથી; જે રીતે કે કસ્તુરીમૃગની ડુંટીની ખુશ્બુ શિકારીને તેના ધ્યેય તરફ બોલાવવા માટે ખુદજપોતાની તરફ ખેંચે છે જ્યારે પગેરાંના નિશાનોમાં આ વાત નથી હોતી.તો આ રીતે અહીં પગેરાં(પાદચિહ્નો)થી મુરાદ **સુલુકનો માર્ગ** છે જેમાં પગલા ના ચિહ્નોના આધારે ચાલવાનું છે જે મુશ્કેલરૂપ અને આંટી-ઘુંટી વાળું છે,જ્યારે ડુંટીની ખુશ્બુ કે જે શિકારીને પોતાની તરફ ખેંચી રહી છે,તેનાથી મુરાદ અહીં **જઝબો** છે કે જે ખુદજ તાલીબને શિકાર તરફ એટલેકે **મતલુબ**(અન્વારે ઈલાહી)તરફ ખેંચી રહ્યોછે, તો ખુશ્બુના ખેંચાણના આધારે ચાલવામાં ભુલની સંભાવના નહીવત્ છે.

જુઓ, અહીં **જઝબાહ્** ના **માર્ગ**ની કેવી આસાની અને સરળતા હઝરત મૌલાના રૂમે(રહેમતુલ્લાહ અલયહ)પોતાની **મસ્નવી શરીફ**માં રજુ કરી છે.?!? એકમાં શિકારની શોધ માટે પ્રયત્નો કરવાના છે,તેનું પગેરૂં શોધવાનું છે,જ્યારે બીજામાં શિકાર ખુદજ પોતાની ખુશ્બુ વડે પોતાની તરફ આમંત્રણ આપી રહ્યો છે;જુઓ બંને સમુહો વચ્ચે કેટલો તફાવત છે?!? અને પછી ખુદ જ ફેંસલો કરો કે કયો માર્ગ સરળ અને સહેલો છે.?

અને એક બીજો નુક્તો પણ મજકુર વિવરણમાં રજુ કર્યો છે કે,શૈતાન માત્ર સાલીક જ હતો જઝબાએ રબ્બાનીએ તેની દસ્તગીરી નહોતી કરી માટે જ તે ધુત્કાર અને ફીટકારને પાત્ર બન્યો. તો અહીં એ વાત સાબીત થઇ કે **જઝબાહ્** વિના આ માર્ગ(કુર્બે ઈલાહીનો માર્ગ)પાર થઇ શકતો જ નથી,તો આ રીતે સુફીવાદનો એક પણ તરીકો જઝબાથી ખાલી હોવું સંભવીત નથી,પરંતુ નક્શબંદી બુઝુર્ગોએ તેને ધોરીમાર્ગ બનાવી દીધો છે અને જઝબારૂપી દૌલત વડે હજારો તુલબાઓને મંઝીલે મક્સુદ સુધી પહોંચાડી દીધા છે.આ અનુસંધાને જ હઝરત મૌલાના અબ્દુર્રમાન નુરૂદ્દીન જામી નક્શબંદી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવ્યું છેકે,

નક્શબંદીય્યાહ્ અજબ કાફીલા સાલાર અંદ,
કે બરંદ અઝ રહે પીન્હાં બહરમ કાફીલા રા.
અઝ દિલે સાલીક રહ જાઝબએ સોહબતે શાં,
મી બરદ વસવસએ ખીલ્વત વ ફીક્રે ચિલ્લહ્ રા.

(**અર્થાતઃ**-નક્શબંદી બુઝુર્ગો અલ્લાહની રાહમાં ચાલતાં કાફીલાનાં અજબ સરદારો છે તેઓ પોતાના તાલીબોને છુપી રીતે હરમ(કુર્બે ઈલાહી)માં

લઇ જાય છે. તોોની સોહબતમાં એવું ખેંચાણ હોય છેકે તે સાલીકના દિલમાંથી ખિલ્વત(એકાંતવાસ)અને ચિલ્લાહ્(ચાલીસ દિવસની રિયાઝતો)ની ચિંતાને મીટાવી દે છે (તેની જરૂરત રહેતી નથી))

★

જઝબાહ્ની વ્યાખ્યા, હકીકત તેમજ તેની ફઝીલત રજુ કરતાં હઝરત મોહદ્દીષે દખ્ખન સૈયદ અબ્દુલ્લાહ શાહ નક્શબંદી કાદરી(રહેમતુલ્લાહ અલયહ) પોતાની કિતાબ ***સુલુકે મુજદ્દેદીય્યાહ્*** માં ફર્માવે છે કે,

“જાનીબે ફૌક(ચઅ્ની ઉપર કી જાનીબ)સે લતાઇફ મેં જો કશીશ પૈદા હોતી હૈ ઉસકો જઝબાત્ કહતેં હૈ. ફૈઝે ગૈબી ઔર ઇનાયતે હક્ક કો જીસસે નિસ્બતે બાતિની હાંસીલ હો જાયે(ઉસે) જઝબ કેહતે હૈ ઔર ઈસી નિસ્બત કો વુસ્લ ઈલલ્લાહ ભી કહા જાતા હૈ. વાજેહ રહે કે જઝબ ગૈર ઇખ્તિયારી અમ્ર હૈ.

જબ નિસ્બતે જમીય્યત વ હુઝુરે કલ્બ સાલીક મેં પૈદા હોતી હૈ તો ઉસ વકત પીરે તરીકત હુસુલે જઝબ કે વાસ્તે તવજ્જોહ્ ફર્માતે હૈ તબ કલ્બે તાલીબ મેં જાનીબે ફૌક સે જઝબ પૈદા હોકર અન્વાર ઝાહીર હોને લગતે હૈ તો યહ કલ્બ કી અપની અસ્લ તરફ મુતવજ્જહ્ હોને કી અલામત હૈ, ઈસી તરહ તવજ્જોહ્ પીરે કામીલ કી બરકતસે કુલ લતાઇફ મેં જઝબ પૈદા હોતા હૈ ઔર વોહ અપને-અપને અસ્લો મેં પહોંચ જાતે હૈ.

સાલીકકી સૈર વ સુલુક મુદાવેમતે અશ્ગાલ ઔર કસરતે તવજ્જોહાતે પીરે કામીલ પર મૌકુફ હૈ, જબ ઈન દોનોં ઉમુરો કી તકમીલ હો સાલીક બહોત જલ્દ સુલુક તય કરતાં હૈ. ઈન દોનોં મેં જીસ કદર કમી હોગી ઈસી કદર સૈરો સુલુક મેં ભી કોતાહી હોગી . ઈસ્તેદાદે સાલેકીનકો ભી બડા દખલ હૈ, જીસકી ઈસ્તેદાદ અચ્છી હોતી હૈ ઉનકી સૈર ભી જલ્દ તય હો જાતી હૈ થોડી તવજ્જોહ્ ઔર કલીલ અશ્ગાલ મેં મિસ્લ બર્ક બહોત જલ્દ રાહ તય કરતે હૈ ઔર જો ઝઈફુલઈસ્તેદાદ હૈ વોહ કવી તવજ્જોહ્ ઔર કસરતે અશ્ગાલ સે અફતાં વ ખિઝાં વાસીલે મક્સુદ હોતે હૈ.

ઈસ તરીકે મે સોહબતે શૈખ વ તવજ્જોહે પીરે કામીલકો દખલે અઝીમ હૈ. મુજાહેદાત વ રિયાઝાત કૈસે હી હો બગૈર ઈન દો ઉમુરોકે બેસુદ હૈ.

ઈસ તરીકાએ શરીફામેં જઝબ સુલુક પર મુકદ્દમ હૈ ઈસ લીયે કે સુલુકકા તય કરના જઝબ કી વજહ સે આસાન હો જાતા હૈ જબ તક પીરે કામીલકી તવજ્જોહ્ ન હો જઝબભી પૈદા નહીં હો શકતા. પીરે કામીલ સાલીકકો ઈસી નિસ્બતે જઝબકી બદૌલત કશાં-કશાં મંઝીલે મકસુદ તક લે જાતે હૈ કલીલ મુદ્દત મેં મકામાતે આલીય્યાહકી સૈર નસીબ હોતી હૈ.

મકામાતે સુલુકકા તય કરના અગર હઝારહા બરસમેં ભી મયસ્સર

હો તો ગનીમત હૈ લેકીન જબ અલ્લાહત્આલાકી જાનીબ સે જઝબ હોતા હૈ તો સુરઅતે સૈર હદ્દે બયાં સે બાહીર હોતી હૈ એકપલ-એકલમ્હે મેં ઈસ કદર સુલુક તય હો જાતા હૈ જો બગૈર જઝબકે સદહા સાલમેં ભી તય ન હોતા.

ઔર ફીર આખીર મેં આપ ફર્માતે હૈ કી, 'ઇબ્તેદાઇ મનાઝીલમેં નિસ્બતે જઝબ હાંસીલ હો જાયે તો સાલીકકો સુલુક તય કરનેમેં બડી સહુલત હો જાતી હૈ.'''

(અર્થાત્ઃ- લતીફાઓમાં ઉપરની તરફથી જે ખેંચાણ પૈદા થાય છે તેને જઝબાત કહેવામાં આવે છે(જઝબનું બહુવચન) ઇનાયતે ખુદાવંદી તથા ગૈબથી પ્રાપ્ત ફૈઝ સાથે જેને બાતિની નિસ્બત હાંસીલ થઇ જાય તેને જઝબ કહેવામાં આવે છે તથા આ નિસ્બતને જ *વુસુલે ઈલલ્લાહ* પણ કહેવામાં આવે છે (માઅ્રેફતે ઈલાહી)આ વાત સમજી લે જો કે *જઝબ એક બેઈખ્તિયારી કૈફીયત છે.* (અનિયંત્રીત કૈફીયત છે)

જ્યારે અલ્લાહની યાદ થકી સાલીકના દિલમાં એકાગ્રતા અને હુઝુર પૈદા થાય છે ત્યારે પીરે તરીકત જઝબાની પ્રાપ્તી માટે તેની ઉપર તવજ્જોહ્ ફર્માવે છે અને ઉપરથી જઝબ પૈદા થાય છે જેના કારણે સાલીક પર અન્વારો જાહેર થવા લાગે છે, જે કલ્બનું પોતાની અસલ તરફ ધ્યાનીત થવાની નિશાની છે. આ જ રીતે પીરે કામીલની તવજ્જોહ્ વડે લતાઈફે ખમ્સામાં જઝબ પૈદા થાય છે જેના થકી દરેક લતીફો પોતાની અસલ તફર ધ્યાનીત થાય છે

સાલીકની આધ્યાત્મિક મુસાફરી અને મેળાપ(માઅ્રેફત) નો આધાર ઝીક્ર-ફીક્રની પાબંદી પર તથા કામીલ પીરની તવજ્જોહ્ પર આધારીત છે જ્યારે આ બે કાર્ય પરિપૂર્ણ હોય તો સાલીક આધ્યાત્મિક માર્ગને જલ્દી પાર કરી લે છે આ બે કાર્યોમાં જેટલી હદે ઉણપ રહેશે એટલી જ હદે સેર અને સુલુક(માઅ્રેફતનો માર્ગ)માં પણ કમી આવશે. સાલીકની સામર્થ્યશક્તિ પણ તેમાં ભાગ ભજવે છે .

જે સાલીકની સામર્થ્યશક્તિ ઉચ્ચ હોય તેની સૈર જલદી પૂર્ણ થાય છે માત્ર નહિવત્ તવજ્જોહ્ અને મામુલી ઝીક્ર-ફીક્ર વડે વિજળીની જેમ (આ જાતનો સાલીક) જલ્દી માર્ગ ઓળંગી લે છે (ઉલ્ટુ)જે સાલીકની લાયકાત કમજોર છે તેઓ શક્તિશાળી તવજ્જોહ્ થકી અને વિપુલ માત્રામાં ઝીક્ર-ફીક્રની મશ્ગુલીયત દ્વારા અથાય પ્રયત્નો પછી ધ્યેય સુધી પહોંચે છે. આ તરીકામાં(નક્શબંદી તરીકામાં)કામીલ પીરની તવજ્જોહ્ અને સાનિધ્યનું ઘણું જ મહત્ત્વ છે ગમે તેટલી રિયાઝતોં કે મુજાહેદાઓ કરવામાં આવે પણ આ બે બાબતો સિવાય બધું જ વ્યર્થ છે.

આ પવિત્ર તરીકામાં(નક્શબંદી તરીકામાં)*સુલુક* ઉપર *જઝબો*

અગ્રતા ધરાવે છે (અને તે)એટલા માટે કે જઝબના કારણે સુલુક પાર કરવો સરળ બની જાય છે. જ્યાં સુધી કામીલ પીરની તવજ્જોહ્ ન હોય ત્યાં સુધી જઝબ પૈદા થઇ શકતો નથી. કામીલ પીર સાલીકને આ જઝબાની નિસ્બત વડે જ ખેંચી ખેંચીને ધ્યેય સુધી(માઅ્રેફતે ઈલાહી સુધી)પહોંચાડે છે અને તેને અલ્પ સમયમાં જ ઉચ્ચ મકામોની સૈર પ્રાપ્ત થઇ જાય છે.

જ્યારે જઝબ થાય છે ત્યારે સૈરની ઝડપ અકલ્પનીય હોય છે એક જ ક્ષણમાં સુલુક એટલી હદે પાર થઇ જાય છે કે જે જઝબાહ્ વગર સેંકડો વર્ષમાં પણ પાર નથી થઇ શકતો .

અને પછી અંતમાં આપ ફર્માવે છે કે, ''શરૂઆતની મંઝીલોમાં જ જઝબાહ્ની નિસ્બત હાંસીલ થઇ જાય તો સાલીક માટે સુલુક પાર કરવામાં ખુબજ સરળતા થઇ જાય છે.''

(અલ્હમદોલીલ્લાહ, આ પવિત્ર નક્શબંદી તરીકામાં તાલીબને શરૂઆતની મંઝીલોમાં જ જઝબાહ્ની નિસ્બત હાંસીલ થઇ જાય છે માટે તાલીબ માટે આ તરીકામાં સુલુક પાર કરવો ઘણો જ સરળ થઇ જાય છે, એટલું જ નહીં પરંતુ આ જઝબાહ્ની કૈફીયતમાં જ સુલુક આપ મેળે પાર થઇ જાય છે !!!)

★

અહીં સુધી આપણે દરેક સિલસિલાના બુઝુર્ગો અને કીતાબોના હવાલા વડે જઝબાહ્ની હકીકત અને ફઝીલતને જાણી હવે વાંચકના મનમાં એવો સવાલ ઉદ્ભવે કે તમામ પીરોનાપીર, વલીઓના સરદાર,હુઝુર સરકાર ગૌષેઆઝમ દસ્તગીર મીરાં મોહયુદ્દીન શેખ અબ્દુલ કાદીર જીલાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ, ''શું પોતાની કીતાબ ***ગુન્યતુત્તાલેબીન*** માં પણ આ જઝબાહ્ વિશે કશો ઉલ્લેખ કર્યો છે ?'' તો તેનો જવાબ છે કે, 'હાં, જરૂર *ગુન્યતુત્તાલેબીન* માં સરકારે ગૌષેઆઝમ દસ્તગીર (કુદ્દસ્સીર્રહુ) એ *આદાબેસીમાઅ્* નામનાં પ્રકરણમાં *મગ્લુબુલ્હાલી* (વજદ અને જઝબાહ્)નો ઝીક્ર આ રીતે કર્યો છે,ઃ-

''જો શૈખ(પીર)ની તવજ્જોહ્ તેઓની તરફ હોય અને તેની (પીરની) તવજ્જોહ્ થકી તેઓમાં(તાલીબોમાં)કોઇ કૈફીયત પૈદા થાય તો વજદમાં આવી શકે છે, હાં, પરંતુ આ હાલતને પોતાની તરફથી પૈદા થયેલી ન વિચારે. અને જો આ સ્થિતીમાં *મુગ્લુબુલ્હાલ* થઇ જાય તો *મગ્લુબીયત (જઝબો)* ના પ્રમાણ મુજબ તેને પરવાનગી છે, પરંતુ વજદનો જુસ્સો ઠંડો પડતાજ તરત શુકુન, અદબ તેમજ સમજદારી તરફ પાછો પલટે અને જે ભેદ અલ્લાહત્આલાએ એ હાલતમાં તેની ઉપર ખોલ્યો છે, તેને છુપાવી રાખે.'' '

તો આ રીતે મુગ્લુબુલ્હાલી(હાલ વડે પ્રભાવિત થવું) અને જઝબો

સુફીવાદના દરેક તરીકામાં વધતાં ઓછાં પ્રમાણમાં રહેલો જ છે, જેનો કોઇ જ ઈન્કાર કરી શકે તેમ નથી. અને ખરેખર જોઈએ તો જઝબાહ્‌નો ઈન્કાર એ તો કુર્આનેપાકની સ્પષ્ટ આયાતે મુબારક, હદીષેપાક અને સુફીયાએ કિરામના તમામ તરીકાઓ તરફ બદગુમાની જ સાબીત કરે છે, અને આ રીતે જઝબાહ્‌નો ઈન્કાર,વિરોધ કે પછી તેની તરફની બદગુમાની એ સ્પષ્ટ પણે ***ફૈઝાને વિલાયત*** નો ઈન્કાર,વિરોધ કે તેના પ્રત્યેની બદગુમાની જ છે, જે અંતે તેને કુફ્ર સુધી ખેંચી જાય છે.(અલ્લાહની પનાહ...)

જઝબાહ્‌ની હકીકત અને ફઝીલત પેટે તરફદાર અને વિરોધી વચ્ચેની પ્રશ્નોત્તરી

હવે અહીં હું જઝબાહ્‌ના તરફદાર અને જઝબાહ્‌ના વિરોધી વચ્ચે પ્રશ્નોત્તરીરૂપે થયેલી કેટલીક વાતચીતના અંશો રજુ કરૂ છું,જેથી વાંચકોના મનમાં આ જઝબાના સબંધે ઉઠતા કેટલાકસવાલોનું અને શંકાઓનું નિવારણ થઇ શકે.

★

વિરોધી :– *ભાઈ, જરા એ સમજાવશો કે આ વજદ્ અને જઝબા વચ્ચે શું તફાવત છે?*

તરફદાર :–મોહતરમ,જ્યારે મિજાઝી કે રૂહાની કલામનો અસર તબીયત ઉપર થઇને બેખુદી જેવી હાલત છવાય તો તેનું નામ **વજદ્** છે અને ઝીક્રના અન્વારો દીલથી પ્રગટથઇને તેના(તાલીબના) હોશોં-હવાસ ગાયબ કરી દે અને તેનામાં તડપ લાવી દે તો તેનું નામ **જઝબો** છે.ટુંકમા,**વજદ્**નો સંબંધ **તબીયત** સાથે છે, જ્યારે **જઝબાહ્‌નો સંબંધ ઝીક્રે કલ્બી** સાથે છે.

વિરોધી :– *મોહતરમ, આપને ત્યાં જ જઝબો વધુ દેખાય છે એનું કારણ શું?*

તરફદાર :– ભાઇ, નકશબંદી સિલસિલાનો આધાર જ જઝબાહ્ ઉપર જછે અને આ જઝબાહ્‌રૂપી દૌલત વડેજ તેમાં તાલીબની રૂહાની પરવરીશ કરવામાં આવે છેઅને તેને મતલુબ(અલ્લાહત્આલા)સુધી પહોંચાડવામાં આવે છે, જેનો ઉલ્લેખ મક્તુબાતે ઇમામે રબ્બાનીમાં મક્તુબશરીફનં.-૬૨, ૧૧૩, ૨૦૦અને ૨૯૦માં હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેસાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ સવિસ્તર કર્યો છે. તેમજ આગળ હું જઝબાહ્‌ની ફઝીલત અને હકીકત પેટે આ અવતરણો રજુ કરી ચુક્યો છું.જેનું ઠંડા કલેજે ચિંતન-મનન પૂર્વક વાંચન કરશો તો અમારે ત્યાં(નકશબંદીઓમાં)આ જઝબો વધુ દેખાવાનું કારણ સારી રીતે સમજમાં આવી જશે.

વિરોધી :– *મોહતરમ, કંઇ કેટલાયે નક્શબંદી સિલસિલાના મુરીદો*

છે તેમને ત્યાં તો આવું જઝબા કે વજદ જેવું કશું જોવામાં ન આવ્યું, અને તમારે ત્યાં જ દેખાય છે તો તેનું કારણ શું?

તરફદાર :– ભાઇ, ‘બિદઅતે શરીઅત’ કરતા પણ ‘બિદઅતે તરીકત’ વધુ ખતરનાક છે હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)ફર્માવે છે કે,**“જ્યાં સીલસીલામાં બિદઅતે તરીકતનો ઉદ્દભવ થયો ત્યાં સિલસિલાના ફોયુઝો બરકાત તેમજ અન્વારો ખતમ થઇ જાય છે.” એટલે સિલસિલનો મૂળભુત ફૈઝ બંધ પડી જાય છે.** શક્ય છે કે તેઓને ત્યાંના મુરીદોએ જે વ્યક્તિથી સિલસિલો ગ્રહણ કર્યો હોય ત્યાં આ કારણ પણ લાગુ પડતું હોય કે પછી પીરી-મુરીદી વચ્ચે જે કાર્ય કરવા જરૂરી છે, તેમાં કશી ઉણપ હોય તો આવું બની શકે છે.

ચાલુ વર્તમાનકાળમાં તો મુરીદ બનનારા ફક્ત ઔપચારીક રીતે એક રસ્મ અદા કરવા માટે જ મુરીદ બને છે. તેમજ મુરીદ બનાવનારાઓ પણ ઔપચારીક રીતે જ મુરીદ બનાવે છે, અને ઈખ્લાસની પ્રાપ્તી માટેની આ પવિત્ર લાઇનને પોતાના પ્રચાર તેમજ ધંધાનું માધ્યમ બનાવી દીધું છે. અલ્લાહ ત્આલા આપની તલબે સાદીક મુજબ આપની રહેનમાઇ કરી આપને આ મામલામાં સદ્‌માર્ગે દોરે એવી દુઆ કરૂ છું.

અમારે ત્યાં સિલસિલાના નિતિ નીયમો કે ઉસુલોમાં કશીજ બાંધ છોડ કરવામાં નથી આવી, તેમજ પીરી-મુરીદી વચ્ચેના જરૂરી કાર્યમાં જરા પણ ઉણપ આવવા નથી દીધી આગળના બઝુર્ગો જે રીતે તરીકો ચલાવતાં હતાં એ જ રીતે તરીકો ચલાવવામાં આવે છે, જેમાં રતીભાર ફેરફાર કરવામાં નથી આવ્યો માટે જ આ ફૈઝ આજે પણ સલામત છે, અને આજે પણ મહેફીલની એ જ રંગત જોવામાં આવે છે.

વિરોધી :– *જનાબ, તમારા આગળ રજુ કરેલા પ્રકરણના આધારે જઝબાની હકીકત અને ફઝીલતને તો ખુબ સારી રીતે જાણી લીધી, પરંતુ જઝબાને હજુ વધુ સરળતાપુર્વક સમજી શકાય એવું કોઈ દષ્ટાંત કે હીકાયત હોયતો જણાવોને?*

તરફદાર :– હાં ભાઇ જરૂર જણાવીશ, માત્ર દષ્ટાંત કે હીકાયતજ નહી પરંતુ કીતાબના હવાલા સાથે સાચી હીકાયત જણાવું છું.કીતાબ ‘**તઝકેરાએ ગૌષીયાહ**’ માં હઝરત સૈયદ પીર ગૌષઅલીશાહ સાહેબકાદરી, કલંદરી, પાનીપતી(રહેમતુલલાહ ત્આલા અલયહે)એ જહાંગીર બાદશાહના સમયની એક સત્ય ઘટના રજુ કરી છે.

“એકવાર જહાંગીર બાદશાહને શાહહુસૈન ઢક્કા(એક મજઝુબ)ની ઝીયારતનો શૌક પૈદા થયો જેઓ લાકડાનો ઘોડો બનાવીને તેના પર સવારી

કરીને ફર્યા કરતા હતાં. વઝીરોએ કહ્યું, 'જહાંપનાહ, તેઓ બાળકો વચ્ચે રમતા હોય છે, તેની પાસે જવું યોગ્ય નથી.' હવે બન્યું એવુ કે અચાનકજ રાતના સમયે તે મજઝુબ ફકીર(હઝરત શાહહુસૈન ઢક્કા)બાદશાહના શાહીમહેલના જરૂખા નીચે આવી પહોંચ્યાં કોઇએ બાદશાહને જાણ કરી, તો તેણે ઝટપટ જોળી નીચે લટકાવીને તેઓને શાહી મહેલમાં ઉપર ઊંચકી લીધા જયારે મુલાકાત થઇ તો બાદશાહે તેઓને પુછયું કે, 'વારૂ, ખુદા આપને કેવી રીતે મળ્યો?' તો તેઓએ કહ્યું કે,'જેવી રીતે તું.' ત્યારે બાદશાહે કહ્યું કે,'હું કેવી રીતે મળ્યો?'તો તેઓએ કહ્યું કે,'જેવી રીતે ખુદા.' ત્યારે બાદશાહે કહ્યું, 'સાહેબ, આ કોયડાનો ઉકેલ સમજાવો.' તો તેઓએ ફર્માવ્યું કે,'સાંભળ જો હું તારી મુલાકાત કરવાની ઇચ્છા રાખતો તો પહેલા દરબાનોથી મળતો, પછી અધીકારીઓને વિનંતી કરતો અને પછી અમીરો અને વઝીરોની ચાંપલુસી કરતો અને ત્યાર બાદ નહાઇ ધોઇને સારા કપડાં પહેરીને હાજર થતો,છતાં પણ એ વાતની ખબરનથી કે ત્યાર પછી પણ આપ મને મળવાની ઇચ્છા દર્શાવતા કે અનિચ્છા જાહેર કરતાં, પરંતુ જયારે તમારા દીલે ચાહ્યું તો મને અચાનકજ ઘસડી લીધો,કોઇને પણ ખબર ન પડી.''

આ હીકાયત બયાન કર્યા પછી (તેનો નીચોડ રજુ કરતા) હઝરત ગૌષઅલીશાહ સાહેબ (રહેમતુલ્લાહ ત્આલા અલયહે) ફર્માવ્યું કે,''આજ રીતે ફકીરો(તાલીબો) ના બે પ્રકાર છે (૧) **ઇક્તિસાબી** કે જેઓ ક્રમશ સુલુકના દરજ્જાઓ(મહેનત અને મુજાહીદાઓ વડે)પાર કરે છે.(૨)**વહબી**(વહાબી નહી)એટલેકે અતાઇ કે જેને જઝબાહ્એ ગૈબી એકજ ક્ષણમા ખેંચી લઇને મતલુબ સુધી પહોંચાડી દે છે.''

મોહતરમ, હવે તો જઝબો શું છે એ સમજમાં આવ્યું ને!?!

વિરોધી :- *શું આ પ્રકારનો જઝબો પહેલાંના ઔલિયાએ કિરામ, તેઓના મુરીદો અને તેઓની મહેફીલોમાં જોવા મળતો હતો?*

તરફદાર :– હાં મોહતરમ, આ પ્રકારનો જઝબો પુષ્કળ પ્રમાણમાં હુઝુર સરકારે ગૌષે આઝમ દસ્તગીર શૈખ અબ્દુલ્કાદીર જીલાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)ની મહેફીલમાં જોવા મળતો હતો. જેની ઘણીજ રિવાયતો કિતાબોમાં મૌજુદ છે તેમજ આ વાત મશહુર પણ છે, ખાસ કરીને આપની તકરીરની મહેફીલોમાં લોકો કપડાં ફાડતા હતાં, બેહોશ થઇ જતાં હતાં, કંઇ કેટલાયે લોકોના જનાઝા ઉઠતા હતાં, વગેરે વાતો ઘણીજમશહુર છે જેના વડે આપની સિરતની કિતાબો ભરેલી છે. તદ્દુપરાંત હઝરત ખ્વાજા બાકીબીલ્લાહ, હઝરત ઇમામમે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની, હઝરત મીર મોહંમદ નોઅ્માન બદખ્શી, હઝરત મીર્ઝા મઝહર જાનેજાનાં શહીદ, હઝરત ગુલામઅલીશાહ

સાહેબ દહેલ્વી, હઝરત રૂક્નુદ્દીનશાહ સાહેબ અલવરી તેમજ હઝરત સુફી અખ્લાક એહમદ સાહેબ રામપુરી ઝાલાવાડી સુમ્મએહમદાબાદી (રહેમકો-મુલ્લાહો ત્આલા અલયહીમ અજમઇન)ની મુકદ્દસ મહેફીલોમાં જોવા મળતો હતો, એટલું જ નહીં પરંતુ એક પણ ઔલિયાએ કિરામની મહેફીલ આ રંગત વિના ખાલી ન હોતી, તેમજ એક પણ મુરીદ મેહરુમ નહોતો. પરંતુ જેઓ આ બુઝુર્ગોના જીવન ચરિત્રથી નાવાકીફ છે, તેઓના હાલાતોને ધ્યાનપૂર્વક કે મનન-મંથનપૂર્વક વાંચ્યા નથી તેઓ આ જઝબાહ્થી કેવી રીતે વાકીફ હોય શકે. અહીં ઉપરોક્ત દર્શાવેલ નામ પૈકી એક બે બુઝુર્ગોની પવિત્ર ઝીંદગીની મહેફીલોની કૈફીયત રજુ કરું છું.

કિતાબ '**હઝરાતુલ્કુદ્દસ**' કે જે હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો અન્હો)ના અગ્રગણ્ય ખલીફા, કાશેફુલ્હકાઇક, હઝરત અલ્લામા બદરૂદ્દીન સરહિંદી (રહેમતુલ્લાહ અલયહ) ની લખેલી છે, જેની જીલ્દ-૧માં હઝરત ખ્વાજા બાકીબીલ્લાહ (રહેમતુલ્લાહ અલયહે)ના હાલાતો રજુ કર્યા છે,તેમાં લખ્યું છેકે, ''એકફોજી અફસર એકદિવસ હઝરત ખ્વાજા(કુદ્દસ્સીર્રહુ) ની મુલાકાત માટે આવ્યો, તેનો નોકર ઘોડો લઇને દરવાજા પર ઊભો હતો કે એટલામાં હઝરત ખ્વાજા(કુદ્દસ્સીર્રહુ) ઇસ્તિન્જા માટે બહાર નીકળ્યાં.અનાયાસે આપની દ્રષ્ટિ ઘોડાના રખેવાળ પર પડી ગઇ, જેના કારણ બેખુદી અને ગલ્બો તેની ઉપર તારી થઇ ગયો તેમજ ગીર્યાહ અને આકંદ શરૂ કરી દીધું અને બેઇખ્તિયારપણે ધુળમાં આળોટવા લાગ્યો અને 'મુર્ગે બિસ્મીલની' જેમ જમીન પર તડપવા લાગ્યો. અસરના અંતિમ સમયથી લઇને રાતનો એક હિસ્સો પસાર થયો ત્યાં સુધી તેની એ જ બેકરારીની હાલત રહી પછી તેનું જનુન વધી ગયું અને બઝારની તરફ ભાગ્યો અને એ જ સ્થિતીમાં જંગલ તરફ દોડ્યો અને ન જાણે ક્યાંય ચાલ્યો ગયો. ત્યાર પછી ન તો તેની કશી ભાળ મળી કે ન તો તેનું ઠેકાણું મળ્યુંઅને ન તોતેના વિશે કશી કોઇએ જાણકારી આપી.''

★

કિતાબ '**ઝુબ્તુલ્મકામાત**' કેજે હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહોત્આલા અન્હો)ના ખલીફા હઝરત ખ્વાજા મોહંમદ હાશીમ કીશ્મી(રહેમતુલ્લાહ અલયહ)એ લખેલી છે. આપનો મઝારેપાક બુરહાનપુર શરીફમાં છે; અને આપે જ હઝરત મુજદ્દીદ સાહેબના પવિત્ર મકતુબો પૈકી અમુક પત્રો એકત્રીત કર્યા હતા; તેઓએ મજકુર કિતાબમાં હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(કુદ્દસ્સીર્રહુ)ના એક ખલીફા હઝરત મીર મોહંમદ નોઅ્માન બદખ્શી(રહેમતુલ્લાહ)ના હાલાતો રજુ કર્યા છે, તેમાં

તેઓની મહેફીલની કૈફીયત વર્ણવતાં લખ્યુંછેકે,

"...મીર સાહેબ હઝરત મુજદ્દીદના આદેશને માથે ચઢાવીને આ વખતે જ્યારે બુરહાનપુર પહોંચ્યાં તો ત્યાં આપને ખુબજ આમ કબુલીયત પ્રાપ્ત થઇ અને આપની મહફીલ એટલી હદે ગરમ થઇ કે જેનું વર્ણન થઇ શકે તેમ નથી, જે લોકો આપની મજલીસને માત્ર દુરથી જોઇ લેતાં તો તેઓના કલ્બો ઉપર એટલી હદે જઝબો અને મસ્તીનો ગલ્બો થઇ જતો કે તેઓ બેહોંશીના ગલ્બામાં પોતાના કપડાં ફાડી નાંખતાં હતાં અને 'મુર્ગે બીસ્મીલ'ની જેમ જમીન પર તડપવા લાગતાં હતાં, એટલી હદે જોવામાં આવ્યું છેકે ક્યારે ક્યારેક ત્રીસ-ચાલીસ આદમીઓ એકજ સમયે હોંશ ખોઇ બેઠતાં હતા અને જમીન પર સુઇ જતાં હતાં.

આ હાલાતો જોઇને બીજા મશાઇખોંના મુરીદો કે આ શેહરમાં હતાં, તેઓ પણ બેખ્તિયાર બની આપના મુરીદોમાં દાખલ થઇ ગયાં અને ઘણાં ફાસીકો પણ સુધરી ગયાં તેમજ ઘણાં હોંશવાળાઓ બેખુદી તેમજ જઝબાહ્‌ની દૌલત વડે છલકાઇ ગયાં."

★

કિતાબ '**હઝરાતુલ્કુદ્દસ**'માં જ હજરત ખ્વાજા બાકીબીલ્લાહ (કુદ્દસ્સીર્રહુ)ની મહેફીલની કૈફીયત વર્ણવતા લખ્યું છે કે, "આપની મહેફીલમાં અનાયાસે જ આપની દ્રષ્ટિ કોઇની ઉપર પડી જતી કે કોઇની દ્રષ્ટિ આપની ઉપર પડી જતી તો તે તરત જ બેહોંશ અને બેભાન થઇ જતાં તેમજ બેકાબુ બની નારાઓ મારતાં હતાં અને 'મુર્ગે બીસ્મીલ' ની જેમ તડપવા લાગતાં હતાં, અને પુરાં શહેરમાં એક શોર મચી જતા હતો જેથી ક્રીને દિલ્હીની બઝારમાં ફરવાવાળા(બઝારી)લોકો આ તમાશો જોવા માટે આવી જતાં હતાં તો તેઓ પણ આ સુફીઓની જેમ બેકાબુ બની જમીન પર તડપવા લાગતાં હતાં."

આ પ્રકારના હાલાતો અને મહેફીલોની રંગતો કંઇ કેટલાય બુઝુર્ગોની હાલાતોમાં જોવા મળે છે, કે જેનું તમામનું વર્ણન અહીં અશક્ય છે. અલ્હમ્દોલીલ્લાહ, આજના આ પુર-ફસાદ અને બાતીલના ગલ્બાવાળા આ યુગમાં પણ આ કિતાબના મુસન્નીફ હઝરત **સૈયદ પીર વઝીરઅલીશાહ સાહેબ(અદામલ્લાહો ત્આલા બરકાતોહુ)**ની મહેફીલમાં જઝબાહ્‌ અને બેખુદીની એ જ કૈફીયત અને રંગત જોવા મળે છે કે, જેનું વર્ણન ઉપરોક્ત બુઝુર્ગોના હાલાતોમાં ક્ર્યું. અને આ વાતના સેંકડો ગવાહ પણ મૌજુદ છે. પરંતુ જે લોકોએ '<u>ફૈઝાને વિલાયત</u>'ને કદી જોયો જ નથી, તેઓ તેના વિશે નીત-નવાં તર્ક-વિતર્કો અને અફવાઓ ફેલાવ્યાં કરે છે. <u>ફૈઝથી મતલબ લોકોએ</u>

<u>માત્ર દુન્યવી ફાયદો જ જાણ્યો છે. એટલેકે કોઇ પણ જગ્યાએથી માત્ર દુન્યવી ફાયદો હાંસીલ થાય, તેનું નામ જ ફૈઝ થઇ ગયો રાખ્યું છે, પરંતુ સુફીવાદની ઝબાનમાં ફૈઝની વ્યાખ્યા જ અલગ છે. અહીં ફૈઝથી મતલબ એક સીનામાંથી બીજા સીનામાં ઝીક્રે-કલ્બીના અન્વારોનું ઉતરવું છે, જેના કારણે જ આ પ્રકારની કૈફીયત જાહેર થાય છે તેમજ આ પ્રકારનો ફૈઝ હાંસીલ કરવો જ અસલી મકસદ છે, નહીં કે માત્ર દુન્યવી ગરજો અને ફાયદાઓ હાંસીલ કરવાં.</u>

વિરોધી :-*ભાઈ, જો આ કલ્બે-મુસ્તફા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો ફૈઝાન અર્થાત્ જઝબો ઔલિયાએ કિરામનાં પવિત્ર દિલમાં આવ્યો, તેઓની મહેફીલમાં જોવા મળ્યો તો પછી સહાબાએ કિરામ પર તો જરૂર આવ્યો જ હશે? આ અનુસંધાને આપ ક્યા સહાબાએ કિરામના નામ દર્શાવી શકો છો.?*

તરફદાર :-હા, ચોક્કસ કલ્બે-મુસ્તફા(સલ્લલ્લાહો અલયહે વસલ્લ અલયહે વસલ્લમ)નો આ ફૈઝાન અર્થાત્ '<u>જઝબો</u>' ઔલિયાએ કિરામ પર આવ્યો છે, તો સહાબાએ કિરામ (રીદવાનુલ્લાહે ત્આલા અજમઈન)તો તેનાંથી કેવી રીતે વંચીત હોઇ શકે? અને આ અનુસંધાને હું અહીં બે સાહબાએ કિરામના નામ દર્શાવું છું. (૧)સૈયદના સીદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો)અને (૨) હઝરત શોઅ્‌બા(રદીયલલાહો ત્આલા અન્હો).

વિરોધી :-*ભાઈ, જરા એ બતાવશો કે હજરત સૈયદના સીદ્દીકે અકબર રદીયલ્લાહોત્આલાઅન્હો)પર આ ફૈઝ ક્ઇ રીતે આવ્યો હતો?*

તરફદાર :-'**સચ્ચી હિકાયત**' નામની મશહુર કિતાબમાં તેના મુસન્નીફ હઝરત મૌલાના અબુ નુરમોહંમદ બશીર સાહેબે '**કન્ઝુલઈમાન**' તેમજ '**તારીખે ખુલ્ફા**'ના હવાલાથી '**ગઝવએ તબુક**'ના આ ઐતીહાસીક પ્રસંગની નોંધ કરી છે, જેમાં હઝરત સૈયદના સીદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો)પર વજદ્‌ની કૈફીયત છવાય.

'**ગઝવએ તબુક**'ના મૌકા પર હુઝુર નબીએ પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) સહાબાએ કિરામને ફર્માવ્યુંકે, "અલ્લાહની રાહમાં જેહાદ માટે તૈયાર થઇ જાવ."

આ સમય ઘણો જ દુષ્કાળ અને તંગીનો હતો. ત્યાં સુધીકે બે-બે આદમીઓ એક-એક ખજુર પર સમય ગુજારતાં હતાં. સફર ઘણી દુરની હતી. તેમજ દુશ્મનો ઘણીજ મોટી સંખ્યામાં અને મજબુત હતાં. હઝરત ઉસ્માને ગની(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ આ ગઝવામાં ઘણીજ ઉચ્ચ હિંમત સાથે ખર્ચ ક્ર્યો. દસહજાર મુજાહીદોને સરો-સામાન આપ્યો અને હજાર દિનાર આ ગઝવામાં ખર્ચ ક્ર્યા. નવસો ઊંટ અને સો ઘોડા સાજો સામન સાથે તદુપરાંત

આપ્યાં. બીજા સહાબાએ પણ ઘણોજ ખર્ચો ક્ર્યો.આ તમામમાં સૌથી પહેલાં હઝરત સીદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો)છે.કે જેઓએ પોતાનો માલ હાજર કરી દીધો.હઝરત ઉમર(રદીયલ્લાહો ત્આલા અન્હો)રાવી છેકે, ‘‘ એ દિવસે અનાયાસે મારી પાસે થોડોક માલ હતો, મેં વિચાર્યું કે, હું આજે એટલી હદે ઈસાર કરીશ કે અબુબક્રથી પણ આગળ વધી જઈશ.’’ એટલા માટે હઝરતે ઉમરે પોતાના માલના બે ભાગ ક્ર્યા અને એક ભાગ ઘેર રાખીને અડધો માલ હુઝર (સલ્લાહો અલયહે વસલ્લમ)ની ખીદમતમાં પેશ ક્ર્યો.અને એ વિચારથી ઘણી જ ખુશી અનુભવી કે મેં આજે ઈસાર ક્ર્યો છે.આજે અબુબક્ર આગળ નહીં વધી શકે.પરંતુ એટલામાં શું જુએ છેકે,શમ્એ મુસ્તફાના પરવાના સીદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો) પોતાના ઘરનો તમામ માલ લઈને હુઝુર ની ખીદમતમાં હાજર થઈ ગયાં.અને પોતાની તમામ મૂડી બારગાહે મુસ્તફા(સલ્લાહો અલયહે વસલ્લમ)માં રજુ કરી દીધી.હઝરત ઉમર (રદીયલ્લાહો ત્આલા અન્હો)આ જોઈને આર્શ્ચયમાં ગરકાવ થઈ ગયાં અને વિચારવા લાગ્યાં કે તેઓથી આગળ વધવું મુશ્કેલ છે.હુઝરુ નબીએ પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)સીદ્દીકે અકબરને આ ઈસાર જોઈને ઘણાંજ ખુશ થયાં અને ફર્માવ્યું કે,‘‘અય સીદ્દીક,સર્વકાંઈ લઈ આવ્યાં છો તો એ તો બતાવો કે ઘર માટે શું છોડ્યું?’’ સીદ્દીકનો જવાબ આ હતોઃ

પરવાને કો ચીરાગ તો બુલબુલકો ફુલ બસ,
સીદ્દીક કે લીયે ખુદા કા રસુલ બસ.

થોડીવાર પછી જીબ્રીલે અમીન હાજર થયાં અને અર્ઝકરી, ‘‘યા રસુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ),અલ્લાહ ત્આલા સીદ્દીકે અકબર પર સલામ મોકલે છે અને ફર્માવે છે કે, આપ સીદ્દીકે અકબરને પુછો કે તેઓ આ ફકીરીની સ્થિતીમાં મારાથી રાજી છે?’’ હુઝુરે આ પયગામે ખુદાને સંભળાવ્યો. સીદ્દીકે અકબ આ સંદેશાની લીઝ્ઝતના કારણે વજ્દની હાલતમાં આવી ગયાં અને ક્હેવા લાગ્યાં,

‘‘ શું હું મારા રબથી નારાઝ હોઈ શકું? હું મારા રબથી રાજી છું, હું મારા રબથી રાજી છું.’’તો આ છે હઝરત સૈયદના સીદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો)પર છવાયેલી સુરૂરો-મસ્તી અને વજદાની કૈફીયતનું વર્ણન.

વિરોધી :- *ભાઈ, જજબાની વાત તો ઘણી રીતે સમજવામાં આવી ગઈ, પરંતુ મસ્જિદ કેજે અદબ અને ઈબાદતની જગ્યા છે,તેમા આવું બધું કરવું કરાવવા માટે તમારી પાસે કોઈ મજબુત દલીલ ખરી?*

તરફદાર :-હા, ભાઈ મસ્જિદમાં આવું બધું કરવું-કરાવવાનું જાઈઝ હોવાના સમર્થનમાં અમારી પાસે એકમઝબુત દલીલરૂપે બુખારીશરીફ જીલ્દ-

૧, સફા નં-૪૦૬, બાબુલ્લહબ વગેરેની એક હદિષેપાક છેકે જે મોહદ્દીષે આઝમે હિન્દ મીશન તરફથી પ્રકાશીત થયેલાં ઈ.સ. ૨૦૦૬ના નુરાની કેલેન્ડરમાં છપાયેલી છે, જેમાં લખ્યું છેકે,

‘‘હુઝુર ખાતીમુન્નબીય્યીન મોહંમદ મુસ્તફા સલ્લાહો અલયહે વસલ્લમે મસ્જિદે નબવીમાં નેઝા-બાઝી(ભાલા વડે ખેલ કરવો)ની રમતની હબશીયોંને ઈજાઝત આપી આપે પોતે આ રમતને જોઈ.એટલા માટે આ બુખારીશરીફની અસંખ્ય રિવાયતોમાં આ હદીષ મૌજુદ છેકે મસ્જિદે નબવીમાં હુઝુર સલલ્લાહ અલયહે વસલ્લહની હાજરીમાં હબશી લોકો પોતાના નેઝા વડે રમી રહ્યાં હતા; એ દરમ્યાન જ હઝરત ઉમર(રદીયલ્લાહોત્આલા અન્હો) આવી ગયાં. તેઓએ એક મુઠ્ઠીમાં કાંકરા લઈને હબશીઓને માર્યા, ત્યારે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે,હે ઉમર, આ લોકોને છોડી દયો અને રમવાં ધો.’’

વિચારો, નેઝા-બાઝીની આ રમતમાં કેટલી હદે ઊછળ-કુદ અને ભાગમ ભાગી થતી હશે;પરંતુ એટલા માટે કે આ રમત જેહાદની તૈયારી અને પ્રેક્ટીશનું કારણ હતું કે જે એક ઈબાદત છે. અને મસ્જિદમાં દરેક પ્રકારની ઈબાદત જાઈઝ છે એટલા માટે આપે મસ્જિદમાં આ રમતની પરવાનગી આપી દીધી.હઝરત ઉમર (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ આ ઊછળ-કુદને મસ્જિદના એહતરામની વિરુધ્ધ સમજીને આ રમતને હબશીયોંને રોકવાં ઈચ્છયાં,તો હુઝુર સલલ્લાહો અલયહે વસલ્લમે તેઓને મનાઈ કરી દીધી;અને આ રમત બંધ ન કરવા દીધી.(યાદ રહેકે એ યુગની મસ્જિદે -નબવી એટલે કે, ‘‘જન્નતની ક્યારી(રીયાઝુલ્જન્નાહ્)’’માં આ બધા બનાવો બન્યાં છે.)

હવે આનાથી વધીને કોઈ અન્ય મજબુત દલીલની જરૂર ખરી.?!?

વિરોધી :- *નુરાની કેલેન્ડરમાં આ હદીષેપાક પછીનો શબ્દો તો એમ છેકે દરેક પ્રકારની ઈબાદત મસ્જિદમાં થઈ શકે છે જેમકે નમાઝ,તિલાવત,મિલાદશરીફ, દુરૂદશરીફ, તસ્બીહાતો વગેરે તો આપ જે આ કરી રહ્યાં છો તે કયાં પ્રકારની ઈબાદત છે?*

તરફદાર :-જનાબ,આપ જે ઈબાદતની જાણકારી મેળવવા માંગો છો અને અમે જે ઈબાદત કરી રહ્યાં છીએ તેનું નામ ખત્મે ખ્વાજગાન શરીફ અને ઝીક્રે-કલ્બી અર્થાત્ મુરાકીબો છે.

વિરોધી :- *ખત્મે ખ્વાજગાનમાં ખ્વાજગાન બહુવચન શા માટે છે?અમેતો ફક્ત એક્વચન એટલે કે એકજ ખ્વાજા ગરીબે નવાઝને જ ઓળખીએ છીએ તેઓનો આ ઝીક્ર સાથે શું સંબંધ?*

તરફદાર :- મોહતરમ,આ ઝીક્ર હઝરત અબ્દુલ્ખાલીક

ગઝદવાની(કુદ્દુસ્સીર્રહુ)એ કાયમ ફરમાવ્યો છે,અને સર્વપ્રથમ હિંદુસ્તાનમાં આ ઝીક્રને લાવનાર **અતાએ રસુલ,શહેનશાહે હિંદુસ્તાન,હઝરત ખ્વાજા ગરીબે નવાઝ મુઈનુદ્દીન ચીશ્તી સંજરી અજમેરી(રદીયલ્લાહો ત્આલા અન્હો)**પોતે છે. અને હિંદુસ્તાનમાં તમામ ઔલિયાએ કિરામ પર આપની રૂહાનીયતનો ખાસ પ્રભાવ અને ગલ્બો છે. તેમજ આ ઝીક્રતમામ ઔલિયાએ ક્રિરામ ક્રરતાં હતાં, આજે પણ કરે છે અને ભવિષ્યમાં પણ કરતાં રહેશે. અને માટે જ આ ખત્મ શરીફને ખત્મે ખ્વાજગાન શરીફ બહુવચનમાં કહેવામાં આવે છે. અલ્હમ્દોલીલ્લાહ, નક્શબંદી સિલસિલાના મુરીદો અને તાલીબો આજે પણ આ ખત્મેખ્વાજગાન શરીફ અને ઝીક્રને અનેક સ્થળોએ પાબંદીથી કરી રહ્યાં છે અને આ ફૈઝ હજુ પણ સલામત રાખ્યો છે.

વિરોધી :- *જનાબ, ખત્મે ખ્વાજગાન શરીફની વાતતો સમજાણી પરંતુ આ ઝીક્રે-કલ્બી અર્થાત્ મુરાકીબો શું છે?*

તરફદાર :-ભાઇ, મુરાકીબાની વ્યાખ્યા છે ચિતંન અને મનન કરવું અને આ ઈબાદત હુઝુર નબીએ પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ગારેહીરાની ઝીંદગી સાથે સંબંધ ધરાવે છે.હુઝુર નબીએ પાક(સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)ઐલાને નબુવ્વતથી પહેલાં ગારેહીરાના આ અદ્ભુત એકાંતવાસ અને આહલાદ્ક શાંતિમાં આ પ્રકારનું ચિંતન-મનન અને ફીક્રે-કલ્બી જ કરતાં હતાં. અને આ ચિંતન-મનન ફીક્રે-કલ્બીનું નામ જઔલિયાએ કિરામે મુરાકીબો રાખેલ છે; જેને ઉમ્મતના મહાન વિદ્ધવાનોએ માન્ય રાખેલ છે.આ મુરાકીબામાં ઝીક્રે કલ્બી અને ફીક્રે કલ્બી ક્રરવાનું હોય છે.ખાસ ક્રરીને **ઈસ્મેઝાત**નો તસવ્વુરઅને કલ્બની ગહેરાઈમાં ડુબવાનું હોય છે.

વિરોધી :- *હા, ભાઈ એતો બરાબર છે પરંતુ આ મુરાકીબા દરમ્યાન ઊછળ-કુદ, ચીચીયારીઓ, ધમપછાડા, રડવું તડપવું, અને આક્રંદ કરવું વગેરે થાય છે તેનું કારણ શું ? હુઝુર નબીએ પાક(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)શું ગારેહીરાના એકાંત વાસમાં આવું કરતાં હતાં?*

તરફદાર :- હુઝુર નબીએ પાક(સલ્લલ્લાહોઅલયહે વસલ્લમ) ગારેહીરામાં શું કરતાં હતાં? તેનો ઉલ્લેખ ફક્ત ઉમ્મુલ્મોઅ્મેનીન હઝરત ખદીજતુલ્કુબ્રા(રદીયલ્લાહોત્આલાઅન્હા) એ જેટલું જોયું તેટલો ક્ર્યો અથવાતો હુઝુરે ખુદે કોઇ કોઇ વાર બયાન ફર્માવ્યું.પરંતુ જ્યારે આપની ઉપર પ્રથમ વહી નાઝીલ થઇ ત્યારે આપના કલ્બે મુબારકની જે હાલાત થઇ એજ હાલતનો ફૈઝ પ્રતિબિંબરૂપે મુરાકીબામાં મુરીદોકે તાલીબોના દિલ ઉપર આવવાના લીધે ઝીક્રેકલ્બીના કારણે શરૂ શરૂમાં મુરીદો કે તાલીબો પર આ પ્રકારની હાલત કે જેનો ઉલ્લેખ ઉપર ક્ર્યો તે છવાય છે. કારણ કે ઘણી વખતે ફૈઝ અથાગ અને

દિલરૂપી વાસણ નાનું હોવાના લીધે આવું બધું બને છે,જેનું બીજુ નામ જઝબો કે જઝબાતે કલ્બી છે તેમજ આહાલતનું નામ ઝીક્રે કલ્બી હોવાનું કારણ હઝરત ગુલામ અલી શાહ સાહેબે(રહેમતુલ્લાહ ત્આલા અલયહે) દર્શાવ્યું છે, આપ હઝરત મીર્ઝા મઝહર જાનેજાંના શહીદ(રહેતુલ્લાહ ત્આલા અલયહે)ના અગ્રેસર ખલીફા છે. તેઓ ઈર્શાદ ફર્માવેછે.“આ ફૈઝ હુઝુર નબીએ કરીમ રઉફુર્રહીમ(સલ્લલ્લાહોઅલયહે વસલ્લમ)ના પવિત્ર કલ્બ સાથે સીધો જ સંબંધ ધરાવે છે.” વિગતો માટે જુઓ કિતાબ **મીઅ્યારુસ્સુલુક દફેઉલ્અવહામે વશ્શોકુક**(પાનાનં-૨૨૪, ઉર્દુ નવી એડીશન સન.૨૦૦૭)

વિરોધી :- *મહેરબાન મસ્જિદમાં તો આ બધું કરવું કરાવવાની વાતો તમારી મજકુર દલીલથી ગળે ઉતરી, પરંતુ ઘણી વેળા આવી હરકતો ઘણાંને ચાલુ નમાજમાં પણ થાય છે, આ વાત તો યાગ્ય ન કહેવાય ?!?*

તરફદાર :-ભાઈ, ચાલુ નમાઝે જેની ઉપર જઝબાની કૈફીયત છવાણી તે બેહાલથી ખાલી નહીં હોય કાં તો એ વ્યક્તિ જુઠ્ઠો અને ઢોંગી હશે અથવા તો સાચો હશે. જો તે જુઠ્ઠો છે તો તે ગુનેહગાર છે અને જો તે પોતાની આ હાલતમાં સાચો છે તો સાહેબે ઉઝર્ (એટલેકે મજબુરીવાળો વિવશ)છે. જે રીતે કોઈને ખાંસી આવે, છીંક આવે, બગાસું આવે કે ખંજવાળ આવે અથવા તો પેશાબના ટીપાંની તેને બિમારી હોય વગેરે બાબતો ઉઝર્(વિવશતા)પૈકીની છે, અને તેને માઝુર કહેવામાં આવેશે. એ જ રીતે સાચો જઝબાવાળો કે જેની ઉપર અલ્લાહનો કલામ સાંભળીને કે નમાઝના અન્વારોના કારણે એક પ્રકારની બેખુદીની કૈફીયત છવાઈ છે જેની ઉપર તેનો કોઈ જ કાબુ નથી તો તેના કારણે તેપણ અહીં માઝુર કહેવાશે.

વિરોધી :- *ચાલો, તમારી વાત માની લીધીકે તે મા ઝુર છે પરંતુ નમાઝમાં બીજા નમાઝીઓને તેનાં વડે ખલેલ થાય છે, તેનું શું?*

તરફદાર :-મહેરબાન, તેવા નમાઝીઓ કે જેને આવી બાબતોથી ખલેલ થાય છે, તેઓએ પોતાની નમાઝની અંદર એકાગ્રતા અને એક ઘ્યાનપણું પ્રાપ્ત કરવા માટે સ્પષ્ટપણે *ફૈઝાને મૌલાએ કાએનાત* કેળવવો પડશે; કે શરીરમાં ખુંપેલું તીર ખેંચી લેવામાં આવે છતાં આપને ખબર ન પડે. અને આ રીતે *હદીષે અહેસાન* પર અમલ થાય.

વિરોધી :- *આ **હદીષે અહેસાન** વળી શું છે. ?*

તરફદાર:- *હદીષે અહેસાન મિશ્કાતશરીફ બાબુલ્ઈમાન*ની પહેલી જ હદીષ શરીફ છે; જેના રાવી હઝરત ઉમર(રદીયલ્લાહો ત્આલા અન્હો) છે. આ હદીષેપાક ઘણી જ વિસ્તૃત છે જેનો ટુંકો સારાંશ એ છે કે તેમાં હઝરત જીબ્રઈલ(અલયહિસ્સલામ)એક એઅ્રાબી(ગામડીયો)ની શકલમાં

આવીને હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની બારગાહ શરીફમાં ઈમાન તથા ઈસ્લામ વિશે કેટલાક સવાલો પુછીને સરકાર પાસેથી તેમના જવાબો હાંસીલ કરે છે; જે પૈકી એ સવાલ એ છે કે, ‘‘યા રસુલલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસ્સલમ) *અહેસાન* શું છે.?’’ તો આપે ફર્માવ્યું કે, ‘‘તું ખુદાની ઈબાદત એવી કર કે જાણે તું તેને જોઈ રહ્યો છે અને જો તું નથી જોઈ શકતો તો તું એ જાણ કે તે તને જોઈ રહ્યો છે.’’ અહીં આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) *મકામે એહસાન* નો ખુલાસો રજુ કર્યો છે માટે આ હદીષેપાકનું નામ *હદીષેએહસાન* છે હઝરતે મૌલાએ કાએનાત અલી(રદીયલ્લાહો ત્આલા અન્હો)નમાઝની અંદર આ *મકામે એહસાન* એટલે કે મુશાહેદાએ અન્વારે ઈલાહિય્યાહ્માં ગુમ હતાં માટે જ ચાલુ નમાઝે શરીર ખુંપેલું તીર ખેંચી લેવા છતાં આપને ખબર ન પડી, તો આ રીતે *હદીષે એહસાન* પર અમલ કરવો એ આનું નામ છે.!

વિરોધી :- *મોહતરમ, આ યુગમાં તો આવી નમાઝ અશક્ય છે !*

તરફદાર :-તો પછી સર સજદામાં અને સીટ દગલબાઝીમાં હોય તેવા નમાઝીઓને ખલેલ પહોંચે તેનો કોઈ ઈલાજ નથી. ઘણી વેળા નમાઝના સમયે આજુ-બાજુમાં જોરજોરથી ભુંગળા વાગતાં હોય દેકારા કે પડકારા થતાં હોય અને પોતાના જ ખિસ્સામાં મોબાઈલની રીંગ વાગતી હોય ત્યારે આવા નમાઝીઓને ખલેલ નથી થતી, પરંતુ અલ્લાહત્આલાના અન્વારોના નુઝુલને લીધે નમાઝી પર છવાતી જઝબાહની કૈફીયતના કારણે તેઓને ખલેલ થાય છે શું આ એક પ્રકારની ખુલ્લી હસદ જ નથી !?! બલ્કે હકીકત તો એ છેકે જ્યારે નુઝુલે અન્વારે ઈલાહી કોઈ વ્યક્તિ પર થાય છે ત્યારે તેનાં સહયોગીને પણ એ ફૈઝાને અન્વાર માંથી હિસ્સો પ્રાપ્ત થાય છે, તો પછી અહીં ખલેલનો પ્રશ્ન જ ક્યાં ઉપસ્થિત થાય છે.?!?

વિરોધી :- *શું બુઝુર્ગોની સોહબત વડે નિર્જીવ વસ્તુઓ ઉપર પણ જઝબાહની અસર પૈદા થાય છે ખરી ?*

તરફદાર :- હા મોહતરમ, જો તમે તસવ્વુફની કિતાબો ઊંડાણપૂર્વક અધ્યયન તેમજ તેની ઉપર મનન-મંથન કર્યું હોત તો તમને જરૂર જાણવા મળતું કે બુઝુર્ગોની સોહબતમાં નિર્જીવ વસ્તુઓ પર જઝબાની અસર પૈદા થવાના સેંકડો દ્રષ્ટાંતો આ કિતાબોમાં મૌજુદ છે.

વિરોધી :- *મને ઘણી નવાઈ લાગે છે કે નિર્જીવ વસ્તુઓ પર પણ જઝબાહની અસર થાય છે તો હવે મહેરબાની કરીને એ જણાવશો કે ક્યા બુઝુર્ગોની સોહબતમાં કઈ નિર્જીવ વસ્તુઓ પર અસર થઈ અને તેનો ઉલ્લેખ કઈ કિતાબોમાં છે. ?*

તરફદાર :- મોહતરમ,બુઝુર્ગોને દીનની નઝરે ફૈઝ અસર અને આધ્યાત્મિકશક્તિઓ વડે નિર્જીવ વસ્તુઓ પર જઝબાહની અસરો થયાના અનેક દ્રષ્ટાંતો સુફીવાદની કિતાબોમાં મૌજુદ છે જેને સામાન્ય લોકોની ભાષામાં કરામતતરીકે ઓળખવામાં આવે છે, પરંતુ હકીકતમાં તો આ જઝબાહ્ની જ અસરો છે જેના વડે આ નિર્જીવ વસ્તુઓમાં એક પ્રકારની ધ્રુજારી અને ઊછળ-કુદ પૈદા થાય છે. આમ તો જઝબો અને કરામત એક બીજાના પર્યાય છે કારણકે કોઈ પણ વલીથી જઝબાહની કૈફીયત તારી થયા પછી જ કરામતનું પ્રગટીકરણ થાય છે તો આ રીતે દરેક કરામતની પશ્ચાદ્ભુમાં જઝબો છુપાયેલો છે

હવે અહીં હું તમારી ફરમાઈશ મુજબ વલીએ કામીલની નઝરે ફૈઝ અસર વડે નિર્જીવ વસ્તુઓ પર થતી જઝબાહની અસરો પેટે આધારભુત કિતાબના હવાલા વડે બે-ત્રણ પ્રસંગો રજુ કરૂં છું જો કે આવા સેંકડો પ્રસંગો કિતાબોમાં મૌજુદ છે જે રજુ કરવા અહીં શક્ય નથી.

★

મહેબુબે ઈલાહી હઝરત ખ્વાજા નિઝામુદ્દીન ઔલિયા (રહેમતુલ્લાહ અલયહ)વઝુ કર્યા પછી હમેંશા દાંતીયા વડે દાઢીના વાળ વ્યવસ્થિત કરતાં હતાં એક વખત આપ વઝુથી પરવાર્યા પણ ત્યાં કોઈ ખાદિમની હાજરી નહોતી કે જે દાંતીયો લાવી આપે. અનાયાસે આપની દ્રષ્ટિ એ ગોખલા પર પડી જ્યાં દાંતીયો મૂકેલો હતો અને જેવી આપની દ્રષ્ટિ પડી કે તરત જ તે દાંતીયો ત્યાંથી ઊછળીને આપના હાથમાં આવી ગયો.

આપની વિલાયતના અન્વારોથી ભરપુર નઝરે ફૈઝ દાંતીયા પર પડી અને તેની ઉપર જઝબો તારી થયો, જે વાત આપની ઉપરની કરામતમાં સ્પષ્ટપણે દ્રષ્ટિગોચર થઈ રહી છે જેનામાટે કોઈ વિશેષ સમજુતીની જરૂરત નથી. આ બનાવનો ઉલ્લેખ કિતાબ ***નફહાતુલ્ઉન્સ*** માં હઝરત અલ્લામા નુરૂદ્દીન જામી એ(રહેમતુલ્લાહ અલયહ)કરેલો છે.

★

હઝરત ખ્વાજા નિઝામ યમની(રહેમતુલ્લાહ અલયહ)એ હઝરત મખ્દુમ જહાંગીર અશરફ સિમનાની(રહેમતુલ્લાહ અલયહ) ના પવિત્ર મલ્ફુઝાતો એકત્રીત કરેલ છે જે ***લતાઈફે અશરફી*** ના નામે મશહુર છે, જેમાં તેઓએ લખ્યું છે કે, ‘‘કેટલાકસુફીઓએ એકવાર લઘુશંકા(પેશાબ) માટે કાચનું એક નવું પાત્ર ખરીદ્યું તેમજ ત્યાર બાદ ખાણું પણ ખરીદ્યું, હવે સુફીઓ પાસે તે સમયે ખાણું ખાવા માટે કોઈ વાસણ વગેરે નહોતું કે જેમાં તેઓ ખાણું ખાઈ શકે જ્યારે આ લઘુશંકા માટે લીધેલું વાસણ વણવપરાયેલું અને નવું જ હતું માટે સુફીઓએ તેમાં જ ખાણું કાઢીને ખાધું.ખાણું ખાઈ લીધા પછી આ

સુફીઓએ જોયું કે તે કાચનું વાસણ બોલવા લાગ્યું કે,'મારી અંદર સુફીઓએ ખાણું ખાધું છે માટે હવે હું લઘુશંકા સંઘરવાને લાયક નથી.' આટલું બોલતાંની સાથે જ તે વાસણ ઊછળ્યું અને જમીન સાથે પટકાઇને ચુરે-ચુરાં થઇ ગયું.''

શું આ નિર્જીવ વસ્તુ પર જઝબાહની અસર ન કહેવાય?!?

★

હઝરત પીર મોહંમદશાહ દરગાહ શરીફ ટ્રસ્ટ-અહમદાબાદ તરફથી પ્રકાશીત કિતાબ-***શાહ બહાઉદ્દીન બાજન હયાત ઔર ગુજરીકલામ***માં હઝરત બહાઉદ્દીન શાહ બાજન ચિશ્તી (રહેમતુલ્લાહ અલયહ)ના હાલાતોમાં લખ્યું છેકે, ''જ્યારે તેઓ પોતાના પીરો મુર્શીદના વિસાલ પછી તેઓના મઝાર શરીફ પર હાજર થયા તો ત્યાં આપના પીરો મુર્શીદના પીતરાઇ ભાઇ હઝરત શૈખ અતાઉલ્લાહ(રહેમતુલલાહ અલયહ)પણ ત્યાં હાજર હતાં કે જેઓની પાસે હઝરત ખ્વાજા બહાઉદ્દીન શાહબાજન માટે તેઓના પીરો-મુર્શીદે લખેલું ફર્માને ખિલાફત અને પવિત્ર ખિર્કો મૌજુદ હતા શાહ અતાઉલ્લાહે પોતાના ઘેરથી આ અમાનતોની પેટી મગાંવીને ખોલી અને તેમાંથી પવિત્ર ખિર્કો બહાર કાઢીને આપના પીરો મુર્શીદની કબ્ર શરીફને પહેરાવ્યો તેમજ આ કલામ પઢવાનું શરૂ કર્યુ જેના શબ્દો છે,

શાહ રહેમતુલ્લાહ હમના બુલાવો,
તુમ બાજ લાગો કીસકે પાંવો.

તો કબ્ર શરીફમાંથી નિદા આવી કે,

બાજન લાગે મોરે પાંવ.

આ સાંભળીને હઝરત બાજન પર રીક્કત(રૂદન અવસ્થા) છવાઇ ગઇ અને તેઓ વજદમાં આવી ગયાં સાથે સાથે પવિત્ર ખિર્કો પણ કબ્ર મુબારકથી ઊછળીને સુફીઓની જેમ(હઝરત બાજનની આજુ-બાજુ)કુદકી ફરવા લાગ્યો. પછી ફરીવાર નિદા આવી કે, '*મીં પોશ કે હક્કે તુસ્ત.*' (અર્થાત્ પહેરી લ્યો કે આ તમારો હક્ક છે.) આ સાંભળીને હઝરત બહાઉદ્દીન શાહ બાજને પોતાના બંને હાથ ઊંચા ક્ર્યા તો પવિત્ર ખિર્કો ખુદ-બ-ખુદ બાજનના શરીર પર ચઢી ગયો !!!

શું આ નિર્જીવ વસ્તુ પર થતી જઝબાહની અસરો પેટે એક ઘણો જ વિસ્મય્જનક બનાવ ન કહી શકાય ?!?

આ રીતે કંઇ કેટલાય ઔલિયાએ કામેલીનની પવિત્ર બારગાહમાં નિર્જીવ પદાર્થો પર જઝબાહ્ના પ્રત્યાઘાતો જોવા મળ્યાં, જેનો ઇન્કાર કરનાર કાં તો ફૈઝાને ઔલિયાએ કિરામથી નાવાકીફ છે અથવા તો તેનો દુશ્મન છે. અલ્લાહત્આલા પોતાના અને પોતાના દોસ્તોના ગઝબથી આપણને સૌને

પનાહમાં રાખે. આમીન...

વિરોધી :- *મોહતરમ ભાઇ, આપે જે બનાવો ઉપર વર્ણવ્યાં એ તો ભુતકાળના છે જ્યારે આપની આ મહેફીલ તો વર્તમાનકાળની છે માટે જો વર્તમાનકાળના આવા કોઇ બનાવો રજુ કરો કે જેમાં નિર્જીવ વસ્તુ પર જઝબાહ્ની અસર તારી થતી હોય જેનાં આધારે સજીવ વસ્તુ પર થતી જઝબાહ્ની અસરને સ્પષ્ટ રીતે સમજી શકાય.*

તરફ્દાર :- બિરાદર, અલ્લાહત્આલા તમને હિદાયત આપે,

દરે ફૈઝ બંધ થા ન હૈ આજ ભી કુછ=ફકીરો કી જોલીમેં હૈ અબભી સબ કુછ.

પ્રમાણે આજે પણ અમારી સામે મઝારાતે ઔલિયાએ કિરામ પર નિર્જીવ વસ્તુ પર જઝબાહ્ના પ્રત્યાઘાતો પેટે કેટલાયે બનાવો છે ,જે પૈકી કેટલાક હું અહીં રજુ કરૂં છું:-

(૧)શહેનશાહે સુરત હઝરત ખ્વાજા મોહંમદ જમાલુદ્દીન દાના સાહેબ નક્શબંદી(કુદ્દસ્સીર્હુ)ના સંદલ શરીફ નામૌકાપર આ પ્રકારની ત્રણ ઘટનાઓ એક સાથે આજે પણ ઘટીત થાય છે જેની કૈફીયત એ છેકે, સંદલ શરીફની રાત્રે જ્યારે સજ્જાદાહ્નશીનની ખાનકાહ પરથી સંદલશરીફ આપની દરગાહ શરીફ પર લાવવામાં આવે છે તે અગાઉ દરગાહશરીફના મુખ્ય દરવાજાને તાળું મારી દીધેલ હોય છે પછી જ્યારે સંદલશરીફ *લાઇલાહા ઇલ્લ્લાહ*ના ઝીક્ર સાથે દરગાહ શરીફના સંકુલમાં દાખલ થાય છે અને ઝીક્રમાં હરારત પૈદા થાય છે તો (૧) દરગાહ શરીફના દરવાજાનું તાળું આપ મેળે જ ખુલી જાય છે (૨) દરગાહ શરીફના ગુંબદ પર રહેલો પંજો આપ મેળે જુકી જાય છે અને (૩)હોજના પાણીમાં એકદમ ઊછળ-કુદ પૈદા થાય છે. આ ત્રણેય બનાવો એક જ ઘડીમાં ઘટીત થાય છે, માટે જોનાર વ્યક્તિ કોઇ પણ એકબનાવ જોઇ શકે છે. શું આ નિર્જીવ વસ્તુ પર જઝબાહ્ની અસર ન કહેવાય? આ ઘટનાઓ આજે પણ દર વર્ષે આપના સંદલશરીફમાં ઘટીત થઇ રહી છે, જે ખાત્રી કરવા ઇચ્છતાં દરેક વ્યક્તિ ત્યાં જઇને જોઇ શકે છે.

(૨) પુનાની નજીક શિવાપુર ગામમાં એક વલીએ કામીલ હઝરત કમર અલી દુર્વેશ(રહેમતુલ્લહ અલયહે)ની દરગાહશરીફ છે ત્યાં એક વજનદાર પત્થર છે જેની હકીકત એ છે કે,આ પત્થર હઝરત કમર અલી દુર્વેશનું નામ લઇને ઉંચો કરતાં માત્ર આંગળીના ટેરવા વડે ઉંચો થઇ જાય છે તેનો તરીકો એ છે કે, એકી સંખ્યામાં માણસો મળીને હઝરત કમર અલી દુર્વેશનું નામ લઇને પત્થરને આંગળી અડકાવે છે અને શ્વાસને અધ્ધર ખેંચતાં પત્થર ઉંચકાઇ જાય છે એટલું જ નહીં પરંતુ તે પત્થર હવામાં અધ્ધર લટકતો દેખાય છેજે પત્થર પર જઝબાહ્ના જ પ્રત્યાઘાતો દેખાય રહ્યા છે. આ પત્થર ઉંચકતાં

લોકોની *તસ્વીર પણ મૌજુદ છે અને જે લોકો આ પત્થર પર થતી જઝબાહ્‌ની અસર જોવાની ઇચ્છા ધરાવતાં હોય તેઓ ત્યાં રૂબરૂ જઇને આજ પણજોઇ શકે છે.

આ સિવાય કેટલાયે મઝારાતે ઔલિયાએ કિરામ પર આજે પણ ઝીક્ર વગેરેની અસરાતોના કારણે ફુલો તેમજ ગિલાફોનું ઉછળવું જગ જાહેર વાત છે જેમાં શંકા કુશંકાને જરાય સ્થાન નથી આ પણ મઝારો પર થતાં ઝીક્રના અન્વારો વડે પૈદા થતા જઝબાહ્‌ની જ અસરો છે.

વિરોધી :- *ભાઈ, જો નમાઝ દરમ્યાન જો જઝબો આવે તો નમાઝની શર્તોનો ભંગ થાય તો તે જઝબાહ્‌વાળી વ્યક્તિની નમાઝ તો નહીં જ થાય અને તે ગુનેહગાર પણ થશે બોલો, હવે તમારે શું કહેવું છે?*

તરફદાર :- મોહતરમ, ચાલુ નમાઝે જઝબો આવવાના કારણે નમાઝની શર્તોનો ભંગ થાય કે પછી માઝુર નમાઝીને લાગુ પડતી છુટછાટ જઝબો આવનાર વ્યક્તિને લાગુ ન પડે, તો આવા સંજોગોમાં નમાઝ નહીં થાય, તે નમાઝ દોહરાવવી તેની ઉપર ફર્ઝ છે પણ માઝુર હોવાને કારણે તે(જઝબાવાળો)ગુનેહગાર નહીં થાય.

વિરોધી :- *ભાઈ, જે જઝબાના કારણે તમામ ઈબાદતોની સરદાર નમાઝ તથા જરૂરી સામાજીક્કાર્યો અસ્ત-વ્યસ્ત તથા હોય તો તેનાથી બચવું જોઈએ એટલે કે આ એક પ્રકારની આધ્યાત્મિક બિમારી છે જેનો ઈલાજ હોવો પણ જરૂરી છે જે રીતે કે દરેક શારિરીક કે માનસીક બિમારીઓના ઈલાજ હોય છે.?*

તરફદાર :- મોહતરમ, આ આધ્યાત્મિક બિમારીનો ઈલાજ જરૂર છે જઝબાના અતિરેકમાં મજઝુબનું દિલરૂપી વાસણ નાનું કે સાંકડું હોય છે અને નુઝુલે ફૈઝાનનું પ્રમાણ વધું હોવાથી હવે ★(૧)આ દિલરૂપી નાના વાસણને મોટું કે ★(૨)સાંકડાં વાસણને પહોળું કરવું પડશે અથવા તો ★(૩) આ નુઝુલે ફૈઝાનના અતિરેકનું સંતુલન કરવું પડશે, અને તેનો ઈલાજ એ છે કે આ રીતના જઝબાહના અતિરેકવાળા તાલીબે (મજઝુબે)

★**દરૂદશરીફ**નો ઝીક્ર વધુ કરવો જેથી દિલરૂપી નાનું વાસણ મોટું થાય.

★**સુરએ અલમ નશ્રહ**ની તિલાવત વધુ કરવી જેથી દિલરૂપી સાંકડું વાસણ પહોળું થાય.

★**કલ્મએ તયૈબાહ**માં ઝીક્રે નફીઅસ્બાત એક વખત અને ઈકરારે રિસાલત ત્રણ વખત કે પાંચ વખત કે સાત વખત કરવું અર્થાત્ ક્લ્મએ તયૈબાહમાં *લાઈલાહા ઈલ્લલ્લાહ* એક વખત અને *મોહંમદુર્રસુલુલ્લાહ* ત્રણ

*જુઓ પાના નંબર ૩૫૩ ઉપર પથ્થરની તસ્વીર

વખત કે પાંચ વખત કે સાત વખત પઢવું. જેથી સંતુલન કેળવાય જશે. ઈન્શાઅલ્લાહ અને *તજલ્લીએ-બર્કી* છેવટે *તજલ્લીએ-દાઈમી* માં ફેરવાય જશે આ રીતે નિરંતર તજલ્લીઓનું નુઝુલ હોવા છતાં પણ તાલીબનું રૂવાડુંયે નહીં ફરકે તેમજ ઉપર દર્શાવેલ ઝીક્ર છેવટે જઝબાહ્‌ના અતિરેકવાળા મજઝુબને *ફૈઝાને વિલાયતે-મુસવી* થી *ફૈઝાને વિલાયતે-મોહંમદી* ના વર્તુળમાં પ્રવેશ કરાવી દેશે.

વિરોધી :- *એ તો ઠીક છે પણ શું સહાબાએ કિરામ અને ઔલિયાએ કિરામની ઝીંદગીમાં પણ ચાલુ નમાઝે આવી કૈફીયત છવાયુંનું કશું ખરૂં? મહેરબાની કરીને કિતાબોના હવાલા વડે જણાંવશો.*

તરફદાર :- હાં જરૂર, આ પ્રકારની હાલત સહાબાએ કિરામ પૈકી હઝરત શોઅ્‌બ્બા(રદીયલલાહો ત્આલા અન્હો)તેમજ ઔલિયા એ કિરામ પૈકી શાહ અબ્દુલકુદ્દુસ ગંગોહી ચીશ્તી,હઝરત ખ્વાજા બાકીબીલ્લાહ,તેમજ હઝરત ઇમામ અલી શાહ સાહેબ (કુદ્દુસ્સ-લ્લાહો ત્આલા અસરાહુમ)ના યુગમાં તેઓની ઝીંદગીમાં નમાઝ દરમ્યાન તેઓની ઉપર આ પ્રકારની હાલતો છવાયાનો ઉલ્લેખ કિતાબોમાં જોવા મળે છે, જેને હું અહીં રજુ કરી રહ્યો છું :-

★

કિતાબ **તઝકેરાએ ગૌષીયા**માં હઝરત પીર સૈયદ ગૌષ અલી શાહ સાહેબ કાદરી, કલંદરી, પાનીપતી(રહેમતુલ્લાહ અલયહે)એ એક સહાબી એ રસુલ હઝરત શોઅ્‌બ્બા(રદીયલ્લાહોત્આલા અન્હો)પર આ હાલત છવાયાંનો ઉલ્લેખ ર્ક્યો છે,બલ્કે એટલું જ નહીં ચાલુ નમાઝમાં આ વજદ્ અને જઝબાની કૈફીયતમાંજ તેઓ દારે ફાનીથી કૂચ કરી ગયાંનો ઉલ્લેખ છે.

“હઝરત શોઅ્‌બ્બા(રદીયલ્લાહો ત્આલા અન્હો)થી એક વખત વૈચારીક ભુલ થઇ ગઇ; જેના પ્રત્યાઘાતરૂપે સહાબાએ કિરામ તેઓને અલગ કરી નાખ્યાં; છેવટે હઝરત શોઅ્‌બ્બા (રદીયલ્લાહો ત્આલા અન્હો)જંગલમાં જઇને આક્રંદ કરવા લાગ્યાં. છેલ્લે અલ્લાહના રસુલ(સલ્લલ્લાહો ત્આલા અલયહે વસલ્લમ)પર શોઅ્‌બ્બાની માફીની સનદ પેટે આ આયાતે કરિમા..*વલ્લઝીના ઈઝા ફઅલુ ફાહીશતવ્વઝલમુ અન્ફોસહુમ ઝકરુલ્લાહ ફસ્તગફરુ લીઝોનુબેહીમ વ મય્યગ્ફેરુઝ્ઝોનુબ ઈલ્લલ્લાહે વલમ્યોસીર્રૂ અલા મા ફઅલુ વહુમ યઅ્‌લમુન ઉલાઈક જઝાઓહુમ મગ્ફેરતુમ્મી-ર્રબ્બેહીમ વ જન્નાતુન્ તજરી મીન્ તહતેહલ્અન્હારો ખાલેદ્દુન ફીહા વનેઅ્‌મ અજરુલ આલમીન*”(સુરએ આલે ઇમ્રાન,રૂ.-૫,પા.-૪)

(**અર્થાત્ :-** અને એ લોકો જ્યારે કોઇ ખુલ્લો ગુનોહ કરી નાંખે તો પોતાના હક્કમાં બુરુ કરે તો અલ્લાહને યાદ કરે અને બક્ષીશ માંગે પોતાના

ગુનાહોની અને અલ્લાહ સિવાય બીજો ગુનાહો બક્ષનારો કોણ છે અને પોતાના ર્ક્યા પર અડેલો ન રહે, જાણો છો તેનો બદલો તેના રબની બક્ષીશ અને બાગ કે જેની નીચે નહેરો વહે છે.)

"નાઝીલ થઇ અને અલ્લાહના રસુલે(સલ્લલ્લાહો ત્આલા અલયહે વસલ્લમ)હઝરતે અલી અને હઝરત સલમાન ફારસી (રીદ્વાનુલ્લાહે ત્આલા અલયહીમ અજમઇન)ને મોકલ્યાં કે શોઅ્બા ફલાણાં ઝાડ નીચે ફરીયાદ કરે છે, તેને ત્યાંથી સુધી લાવો બંને સહાબાઓ તેની તલાશમાં નીકળ્યાં અને ઈશાના સમયે તેઓને એ ઝાડ નીચે ફરીયાદ કરતાં જોયાં. બંને સહાબાએ ઊંચા સાદે કહ્યું કે,'મુબારક, મુબારક તમારી ખતા માફ થઇ ગઇ. ચાલો, અલ્લાહના રસુલ(સલ્લલ્લાહો ત્આલા અલયહે વસલ્લમ)તમને બોલાવે છે અને અલ્લાહ ત્આલા પોતાના ફઝલો કરમથી તમારા માટે મગફેરતની આયાત ઉતારી છે.' તેઓ ઉઠીને બંને સહાબાની સાથે ચાલ્યાં, મસ્જિદે નબવીશરીફમાં આવ્યાં; ત્યારે ઇશાની નમાઝ થઇ રહી હતી અને સુરએ તકાસુર શરૂ થઇ ત્રણેય સાહેબો તેમાં સામીલ થયાં. પહેલી આયાત સાંભળીનેજ હઝરત શોઅ્બાએ એક નારો માર્યો જેના કારણે પુરી જમાઅત પર એક અસર જાહેર થઇ.બીજી આયાત માં તેઓ બેહોંશ થઇ ગયાં અને ત્રીજી આયાતમાંતો આ દારે ફાનીથી કુચ કરી ગયાં.તેઓના જનાઝા સાથે ફરીશ્તાઓની એટલી કસરત હતી કે આં હઝરત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પંજા મુબારક પર ચાલતાં હતાં.(જમીન પર પગ રાખવાની જગ્યાં ન હતી)

તો વિચારો આ છે ચાલુનમાઝમાં એક સહાબીએ રસુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર કલામે ઈલાહી સાંભળીને છવાયેલી જઝબાની હાલતની કૈફીયત...

★

કિતાબ **ઈક્તિબાસુલ્અન્વાર** કે જેમાં **તઝકેરાએ મશાઈખે ચીશ્તીય્યાહ્ સાબીરીય્યાહ્** છે,જે હી.સ.૧૧૩૦માં લખાયેલી છે. જેના સંકલન અને સમજુતી હઝરત શૈખ મોહંમદ અકરમ કુદુસી(રહેમતુલ્લાહ અલયહે)રજુ કરેલ છે તેમજ તર્જુમો હજરત મૌલાના અલ્હાજ કપ્તાન વાહીદ બક્ષ સાહેબ સીયાલવી, ચીશ્તી, સાબરીએ ર્ક્યો છે. આ કિતાબની ખુબી એ છેકે, હુઝુરનબીએ પાક સાહેબે લૌલાકે(સલ્લલ્લાહોઅલયહે વસલ્લમ)મકબુલ ફર્માવી છે; જેનો સ્પષ્ટ ઉલ્લેખ આ કિતાબના જ પાનાનં.૨૯ પર છે મજકુર કિતાબમાં કુત્બે આલમ હઝરત શાહ અબ્દુલકુદ્દુસ ગંગોહી ચીશ્ચી (રહેમ-તુલ્લાહ અલયહે)હાલાતોમાં પાના નં.૬૪૮ પર **નમાઝે જુમ્આમેં રક્સ વ મસ્તી** એ હેડિંગ હેઠળ હઝરત શેખ રૂકનુદ્દીન(રહમતુલ્લાહ અલયહે)એ લખ્યું

છેકે,

"એક વખત દિલ્હીની જામે મસ્જિદના ખતીબકે જે અમને સોંપાયેલા હતાં તેઓ ગેર હાજર હતાં,એટલે જુમ્આના દિવસે મેં ખુત્બો પઢાવ્યો જે હઝરત કુત્બે આલમનો તૈયાર કરેલો હતો હઝરત અક્દ્દસ(હઝરત શાહ અબ્દુલ કુદુસ ગંગોહી(રહેમતુલ્લાહ અલયહે) પોતે પણ જુમ્આની નમાઝમાં હાજર હતાં.તે દરમ્યાન જ આ ફકીર(હઝરત રૂકનુદ્દીન)પર રૂદનની હાલત(ગીર્યાહ)જાહેર થઇ એ જોઇને ખુદ હઝરત અક્દ્દસ પર પણ એ હાલત તારી થઇ ગઇ અને એક દર્દનાક નારો લગાવ્યો.તે પછી આપે નમાઝે જુમ્આ અને સુન્નતો આ સુકર (બેહોંશી) તેમજ મસ્તીની હાલતમાં જ અદા ર્ક્યા."

★

કિતાબ***મેઅયારુસ્સુલુક દાફેઉલ્અવહામે વશ્શોકુક*** કે જેના લેખક છે,હઝરત હાજી હિદાયતઅલીશાહ નક્શબંદી, મુજદ્દેદી(રહેમતુલ્લા અલયહ) આ કિતાબને પણ હુઝુર નબીએ પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાની બારગાહ શરીફમાં મકબુલ ફરમાવી છે. અને હદ તો એકે આ કિતાબની વહાબી મૌલવીઓએ પણ ભરપેટ પ્રસંશા કરી છે. મજકુર કિતાબમાં હઝરત સૈયદ ઈમામઅલી શાહ સાહેબ(રહેમતુલલાહ અલયહ)ના હાલાતોમાં ઉલ્લેખ છેકે,

"આપને આપની મસ્જિદ ઝીક્ર ફીક્રના અન્વારો તેમજ દુરૂદ શરીફની વિપુલતાના(દરરોજ અસરની નમાઝ બાદ અહીં સવા લાખ દુરૂદ શરીફનો ખત્મ શરીફ થતો હતો)કારણે એવી રોશન અને મુનવ્વર રહેતી હતી કે એવી રોશની કે અન્વારો દિલમાં પણ ઓછા નઝર આવે છે.

તેમજ મકબુલીયત,કસરતે નિસ્બત અને ફયઝાનનો એ હાલ હતો કે કેટલીકવેળા નમાઝના સમયે આપની આસ-પાસના દુર-દુર સુધીના લોકો બેહોશ થઇને ઢળી પડતાં હતા."

આ છે ચાલુ નમાઝમાં મસ્જિદમાં જ બનેલી ઘટનાઓ!!

★

કિતાબ ***એહવાલુસ્સાદેકીન***માં હઝરત ઇમામ અ.વહાબ શોઅ્રાની (રહેમતુલ્લાહ અલયહ)કેટલાક બુઝુર્ગોની ચાલુ નમાઝની કૈફીયતો વર્ણવતા લખે છે કે, "હુસૈન બીન સાલેહ(રેમતુલ્લાહ અલયહે)એકવાર અઝાન આપી રહ્યાં હતાં તેમાં આપે જ્યારે ફર્માવ્યું કે, *અશ્હદોઅલ્લાઈલાહા ઈલ્લાહા* તેનાં કારણે અઝમતે ખુદાવદીં જાહેર થતા તેઓ બેહોંશ થઇ ગયાં, લોકો તેઓને મિનારા પર ઉઠાવીને નીચે લાવ્યાં અને આપના ભાઇએ ઉપર ચઢીને અઝાન આપી અને નીચે આવીને નમાઝ પઢાવી, જ્યારે હુસૈન બીન સાલેહ તો હજુ સુધી બેહોંશ હતાં ખબર નથી ક્યારે હોંશ આવી હશે."

હઝરત અબુ સુલયમાન દારાની(રહેમતુલ્લાહ અલયહે)ફર્માવે છેકે, “મેં હુસૈન બીન સાલેહતી વધીને ખુશઅવાળા (આજેઝી વાળા)કોઇને ન જોયા.એક રાતની ઘટના છેકે તેઓ નમાઝ પઢવા ઊભા થયાં અને...‘*અમ્મયતસાઅલુન*’ પઢી અને સુરત પઢતી વખતે વચ્ચેજ બેહોંશ થઇ ગયાં(ચાલુ નમાઝમાં જ)જ્યારે હોંશ આવીતો વઝુ ર્ક્યું અને નમાઝ શરૂ કરી ફરીવાર એ જ સુરત ‘*અમ્મયતસાઅલુન*’ પઢી અને બેહોંશ થઇ ગયાં આ રીતે સવાર સુધી આમ જ કરતાં રહ્યાં પરંતુ સુરત પુરી ન કરી શક્યાં.”

(આ છે અલ્લાહવાળાઓનું ચાલુ નમાઝમાં બેહોંશ થવું અને ચાલુ નમાઝની રૂહાની કૈફીયત અને અન્વારોની હાલત...જે દરેક માત્ર દેખાવરૂપે નમાઝ પઢતાં કે માત્ર રસ્સો-આદતરૂપે નમાઝ પઢતાં નમાઝીઓને હાંસીલ થતું નથી એટલે બિચારાઓ એવું કહે છેકે,અરે ચાલુ નમાઝમાં કે મસ્જિદમાં આવું કંઇ થતું હશે આ તો એક પ્રકારનો ઢોંગ છે, પણ જે અલ્લાહવાળાઓ છે તેને ઢોંગ કે દંભ સાથે શી લેવા દેવા?)

“હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ(રદીયલ્લાહો ત્આલા અન્હો) એકવાર‘*ઈઝશમ્શોકુવ્વેરત* ’(સુરેશમ્શ)પઢી રહ્યાં હતાં જ્યારે ‘*એઝસ્સોહોફોનોશેરત*’ પર પહોંચ્યાં તો બેહોંશ થઈને પડી ગયાં અને ઘણીવાર સુધી જમીન પર આળોટ્તાં રહ્યાં.”

“હઝરત રબીઅ બીન ખસીમ(રદીયલ્લાહોત્આલા અન્હો)એ એક પઢવાવાળાની પાસે આ આયાતેપાક પઢતાં સાંભળી,‘*એઝા રાઅત્હુમ મીમ્મકાનીન્ બઈદીન સમેઉલહા...*’તો બેહોંશ થઈને પડી ગયાં. બેહોંશ થઇ ગયાં પછી લોકો તેઓને તેઓના મકાનપર લઈ ગયાં.ત્યાં પણ તેઓને હોંશ ન આવી. અને એ જ બેહોંશીની હાલતમાં તેઓની નમાઝે ઝોહર, અસર, મગરીબ અને ઇશા કઝા થઈ ગઈ; અને તેઓ પોતાના મોહલ્લાના ઇમામ હતાં. એક રિવાયતમાં છેકે, આયત પઢનાર હઝરત અબ્લુલાહ ઇબ્ને મસ્ઉદ(રદીયલ્લાહો ત્આલા અન્હો)હતા.”

“હઝરત ફુઝૈયલ બીન આયાઝ(રહેમતુલ્લાહ અલયહે)એ એક દિવસ સવારની નમાઝ પઢી તો તેમાં સુરએ યાસીન પઢી.પછી તેઓ જ્યારે ‘*અનકાનત્ ઈલ્લા સયહતવ્વાહેદતન ફએઝાહુમ્ જમીઉલ્લદયના મોહ્દરુન*’ સુધી પહોંચ્યાં તો તેઓના સાહેબઝાદા અલી(રહેમતુલ્લાહ અલયહ)બેહોંશ થઈને પડી ગયાં. (ચાલુ નમાઝમાં)અને તુલુઆફતાબ(સૂર્યોદય)સુધી હોંશ ન આવ્યો. તેમજ અલી મજકુરની હાલત એ હતી કે જ્યારે કોઇ સુરત પઢવા ઇચ્છતાં તો તેને પુરી કરી શકતાં ન હોતાં. અને બેહોંશ થઇ જતાં હતાં.”

હવે હેભાઇ, તું પોતાના આગળના બુઝુર્ગોના હાલતો પર ચિંતન-

મનન કર અને વિચાર કે શું તું તારા પાલનહારનો કલામ સાંભળીને ક્યારેય બેહોંશ થયો છે ખરો?!? કારણ કે દંભ અને સ્વાર્થીપણાંના કારણે તારું દિલ પથ્થર થઈ ચુક્યું છે,માટે તારી ઉપર બેહોંશી ક્યારે છવાય.અને આનો ઈલાજ તો એજ છેકે કોઈ અલ્લાહવાળા અને સાહેબેદિલનું દામન પાડી લે અને તેના માર્ગદર્શક મુજબ તસ્ફીયાએ કલ્બ અને તઝકીયાએ નફસમાં લાગી જા તો જ તું આ રૂહાની કૈફીયતની આહ્લાદકતાને માણી શકીશ,નહીંતર તો આ જ રીતે રસ્મો રિવાજ અને આદતરૂપી ઈબાદતમાં મશગુલ રહીશ પરંતુ તેની રૂહાની કૈફીયત અને અન્વારોથી વંચીત જ રહીશ; અને આવા હાલવાળા લોકોને જોઈને તેનો વિરોધ કરતો રહીશ તેમજ પોતાની આકેબત ખરાબ કરતો રહીશ.)

★

હઝરત સુફી આબીદમીંયા નકશબંદી મુજદ્દેદી(રહેમતુલ્લાહ અલયહ)પોતાની મશહુર અને મકબુલ કૃત્તિ **અન્વારૂલ્આરેફીન** માં હઝરત ખ્વાજા બાકીબીલ્લાહ(કુદ્દસ્સીર્રહુ)પર ચાલુ નમાઝમાં જઝબાની કૈફીયતનો ઝીક્ર કરતાં લખે છેકે,

“એક અહેલે દિલ ફર્માવે છેકે, ‘ એક વખત હું હઝરત ખ્વાજા બાકીબીલ્લાહ (રહેમતુલ્લા અલયહે)ની ખિદમતમાં હાજર હતો આપ વઝુ કરીને મુસ્લ્લા પર તશરીફ લાવ્યાં અને(નમાઝ માટે) તકબીરે ઉલામાં અલ્લાહનું નામ લેતાંની સાથે જ જઝબાહ્ની હાલતમાં મકાનની છત સુધી ઊછળ્યાં અને આપનું સર મુબારક છત સાથે ટકરાયું.આ હાલત જોઈને મારૂં કલેજું કંપી ઊઠ્યું.’ પછી થોડા દિવસ બાદ મૌકો મળતાં મેં કહ્યું, ‘હુઝુર, તે શું મામલો હતો?’ આપે ફર્માવ્યું, મીયાં રૂહ પોતાના માઅ્બુદનું નામ સાંભળતાં જ દીદારના શૌકમાં તડપી ઊઠી હતી.”

★

કિતાબ **હઝરાતુલ્કુદ્દસ**ની જીલ્દ-૧માં અલ્લામા બદરૂદ્દીન સરહીંદી(રહેમતુલ્લાહ અલયહ)એ હઝરત ખ્વાજા બાકી બીલ્લાહ (કુદ્દસ્સીર્રહુ)ના હાલતમાં લખ્યું છે કે,

“હઝરત ખ્વાજા કુદ્દસ્સીર્રહુના એક ખાસ રાઝદાર સાથીને બયાન ર્ક્યું કે, એક દિવસ હઝરત ખ્વાજા(કુદ્દસ્સીર્રહુ)હીંદુસ્તાનથી માવરાઉન્નહર જવાથી પહેલાં લાહોરમાં જમાઅત સાથે નમાઝ અદા કરવા માટે એક મસ્જિદમાં તશરીફ લઈ ગયાં. અને હું આપની ખિદમતમાં હાજર હતો. ફર્ઝ નમાઝ(ની જમાઅત)ચાલુ હતી એ દરમ્યાન જ હઝરતના પવિત્ર સિનામાંથી એક ખુબજ ડરામણો અવાજ જાહેર થયો.જેના કારણે સફના તમામ નમાઝીઓ નવાઇ પામ્યાં. હઝરત ખ્વાજા(કુદ્દસ્સીર્રહુ)ફર્ઝોથીફારીગ થયા પછી ઘણી જલ્દી

ઉતાવળે મસ્જિદની બહાર આવી ગયાં, જેથી આ રહસ્ય છુપુ રહે. અને નમાઝમાં આ પ્રકારની હાલતોનું સહાબાએ કિરામ તેમજ ઔલિયાએ કિરામથી જાહેર થયું સુન્નતે નબવી સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પચરવીમાં જ હતું કારણકે રિવાયત છેકે, નમાઝ દરમ્યાન હુઝુર નબીએ પાક(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના પવિત્ર સિનાએ મુબારકમાંથી એવા જોશો-ખરોશનો અવાજ આવતો હતો કે જે એક માઇલ સુધી સંભળાતો હતો.''

તો હે ભાઇ વિરોધી, આ છે ચાલુ નમાઝમાં સહાબાએ કિરામ અને ઔલિયાએ કિરામ પર છવાયેલી જઝબાહ્‌ની કૈફીયતનો હાલાતો, જે પણ ફૈઝાને કલ્બે મુસ્તફા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના જ પ્રતીબિંબ છે, અહીં તો કોઇએ નમાઝ ફાસીદ કે ખરાબ થયાનો વિરોધ નોંધાવ્યો નથી.?!?

જો ઔલિયાએ કિરામના જીવન ચરિત્રને મનનપૂર્વક વાંચીશ તો કંઇ કેટલાય ઔલિયાએ કિરામથી આ હાલતો સંકળાયેલી માલુમ પડશે; જેના વડે કિતાબો ભરેલી છે. તું ક્યાં સુધી વિરોધો નોંધાવતો રહીશ?!?

વિરોધી *:- મોહતરમ, હવે છેલ્લે એક પ્રશ્ન એ પણ સતાવે છે જઝબાહ્‌ વિશે આટલાં સચોટ ખુલાસા હોવા છતાં આ મદ્રસા પઢાવનારાં, શાનદાર તકરીરો કરનાર અને ઇમામતની અહ્‌મ જવાબદારી સંભાળનાર આ વર્તમાનયુગના મોટા ભાગનાં વિદ્વાનો કેમ ગાફીલ છે. ?*

તરફદાર :-મોહતરમ ઇલ્મના બે પ્રકાર છે. *(૧)ઇલ્મેકાલ અને *(૨)ઇલ્મે હાલ. અર્થાત્ થીયરીકલ(સૈધ્ધાંતીક)અને પ્રેકટીકલ (પ્રત્યક્ષ)હવે ઇસ્લામી સંસ્થાઓમાં તોમાત્ર ઇલ્મેહાલ (સિધ્ધાંતીક) જ શીખવવામાં જ આવે છે; પરંતુ ઇલ્મે હાલનો સંબંધ તો સુફીયાએ કામેલીન સાથે છે અને માટે જહઝરત મૌલાના રૂમ(રહેમતુલ્લા અલયહ)જેવા મહાન વિદ્વાન પણ ઇલ્મેહાલ ની તલાશમાં હતાં અને છેલ્લે તેઓની તડપ હઝરત શમ્અ તબ્રેઝી (રહેમતુલ્લાહ અલયહ)ની બારગાહમાં પહોંચીને શાંત પડી અને છેલ્લેઆ મહાન વિદ્વાને પણ કહેવું પડ્યું કે,

મૌલવી હરગીજ ન શુદ મોલાએ રૂમ,

આપના [illegible] પહેલાં આપે **ઇશ્કુલ્લાહ, મેઅ્યારુસ્સુલુક, કશ્ફુલ્મેહજુબ, અવારીફુલ્મઆરીફ શરીફ** વગેરે જેવી તસવ્વુફની મોઅ્તબર કિતાબોનું ચિંતન મનન કરવું પડશે; પછી આપનો આ મસ્અલો હલ થઇ શકે. અને છેવટે આપને આ રસ્તાંના માર્ગદર્શકરૂપે કોઇ કામીલ, મુકમ્મલ અને કામીલકરનારો પીર પ્રાપ્ત થતાં જ આ ગૃઢ્રહસ્યોથી આપ વાકેફ થઇ શકશો; પરંતુ તેનાંથી પહેલાં આપને આ

ઝભ્ભા-કુભ્ભાં, ભભકા-આંડબરતેમજ રોનકદાર સ્ટેજોથી બહાર નીકળવું પડશે તેમજ *વારીસુલ્અંબિયા* હોવાનું અભિમાન છોડવું પડશે. કારણકે જ્યાં સુધી આ ઝભ્ભા-કુભ્ભા અને ભભકાઓ તેમજ રોનકદાર સ્ટેજો ગળે વળગેલાં છે, તેમજ *વારિસુલ્અંબિયા* હોવાના વહેમમાં રાચી રહ્યાં છો ત્યાં સુધી આ માર્ગ પર કદમ રાખવો મુશ્કેલ છે તેમજ આ માર્ગનો કોઇ દરવાજો ખુલવો પણ અશક્ય છે. તો આ રીતે જાહેરી વિદ્વાન હોવું અલગ વાત છે અને તસવ્વુફના વિદ્વાન હોવું અલગ વાત છે. અને જો કોઇને બંને પ્રકારની વિદ્વવતાં પ્રાપ્ત થઇ જાય તો સુબ્હાનલ્લાહ, ઘણું જ મોટું સદ્‌ભાગ્ય કહેવાય. આવા લોકોને જ હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ **કિબ્રીયતે એહમર** એટલે કે, લાલગંધકની જેમ અકસીર સમાન કહ્યાં છેકે જે લોખંડને સોનું બનાવી દે છે. અને આવા લોકો ઉલ્માએ રબ્બાની અને ખરેખર '*વારીસુલ્અંબિયા*' છે નહીં કે બે-ચાર જાહેરી કિતાબ પઢીને પોતાની જાતને આલીમ તરીકે ઓળખાવતાં લોકો.!!!

વિરોધી :-*મોહતરમ, તમારા બધાંજ ખુલાસાઓ મને ગળે ઉતરી ગયાં પરંતુ હજુ એક પ્રશ્ન મનમાં ટકરાયા જ કરે છેકે, ''જેઓ દાઢી મુંડા તેમજ શરીઅતના પાબંદ નથી તેઓને વળી આ* ***જઝબો*** *કેવી રીતે મળી શકે. ?''*

વિરોધી :-હા ભાઇ, તમારો પ્રશ્ન ઘણો જ મુદ્દાનો છે અને તેનો જવાબ હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ ખુદ પોતાના *મકતુબાત શરીફ*ના દફતર-૧ના મકતુબ નં.૨૦૦ માં આપ્યો છે.

''અનિશ્ચંત માર્ગનો અર્થ જઝબા અને મોહબ્બતનો માર્ગ છેઅને તેમાં દિલની સફાઇ નફસની પાકીઝગી પર અગ્રતા ધરાવે છે અને આ ઇલાહી આકર્ષણનો માર્ગ છે; જેમાં તૌબાહ્‌ અને અનાબત (પ્રાયશ્ચિત કરવું)શર્ત નથી.'' અને પછી આ જ પવિત્ર મકતુબમાં આગળ ફર્માવે છે, નક્શબંદી તરીકાના બુઝુર્ગોએ આ જ અનિશ્ચત માર્ગ(જઝબાહ્‌નો માર્ગ)અપનાવ્યો છે અને આ અનિશ્ચત માર્ગ જ એ બુઝુર્ગોના તરીકામાં નિશ્ચત માર્ગ બની ચુક્યો છે તેમજ અસંખ્ય લોકોને આ માર્ગ થકી જ પોતાના તવજ્જોહ્‌ અને આત્મબળ વડે મતલુબ(અલ્લાહત્આલા)સુધી પહોંચાડી દીધાં છે.''

તો હવે હઝરત ઇમામે રબબાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)ના ઉપરોક્ત ફર્માન પર વિચારો કે નક્શબંદી બુઝુર્ગોએ મુરીદ અને તાલીબની તરબીયત માટે જ આ માર્ગ અપનાવ્યો છેતે અનિશ્ચત માર્ગ એટલે કે જઝબાનો માર્ગ છે અને તેમાં તૌબાહ્‌ કે અનાબત શર્ત નથી; અને તેઓ એ આ માર્ગ થકીજ મતલુબ સુધી પહોંચાડ્યાં છે. તો પછી જ્યારે આ

માર્ગ પર ચાલવા માટે તૌબાહ્ કે અનાબત શર્તરૂપે જ નથી તો અહીં દાઢી-વાળા અને દાઢીમુંડા બધાં જ ફૈઝ મેળવવામાં એકસમાન છે. અને જઝબાહ્નો માર્ગ એ તસ્ફીયાનો માર્ગ એટલે કે દીલની સફાઇનો માર્ગ છે તો આ રીતે એક દિવસ એ ગુનેહગાર અને શરીઅતની વિરૃધ્ધ ચાલનારા મુરીદો કે તાલીબની આ માર્ગ થકી દિલને સફાઇ થઇ જશે તે તેને તૌબાહ્ અને અનાબત આપ મેળે જ હાંસીલ થઇ જશે જેએક દિવસ તેને જરૂર અને જરૂર તકવા અને પરહેઝગારીના માર્ગ પર લગાડી દેશે. તો હકીકતમાં આ માર્ગ આવા ગુનેહગાર અને ગાફીલોને અલ્લાહની યાદમાં સરળતાપૂર્વક લગાડવાનો છે. જે એક દિવસ તેને મુત્તકી બનાવી દેશે તો પછી અહીં એવું કહેવું કે એવો વાંધો નોંધાવવો કે માત્ર મુત્તકી કે પરહેઝગારને જ આ જઝબો મળી શકે એતો હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો) ના ઉપરોક્ત ફરમાનનો જ ઇન્કાર કહવાશે. તો જે વસ્તુ (જઝબો)ગુનેહગાર તેમજ ગાફીલો માટે તકવા તથા પરહેઝગારી હાંસીલ કરવાનું પ્રવેશદ્વાર છે તેનો આટલો બધો વિરોધ શા માટે?

મોહતરમ હવે તો સમજમાં આવ્યુંને કે, ‘ જેઓ દાંઢી મુંડા અને શરીઅતના પાબંદ નથી તેઓને આ જઝબો કેવી રીતે મળે.?!?’

વિરોધી :-હે મોહતરમ ભાઇ, આપની મોટી મહેરબાની અને અંતઃકરણપૂર્વક આભાર માનું છું કે આપે મને આ ગુમરાહી ભર્યા વલણથી બચાવ્યો. મને તો હસદખોરોએ વિરોધનું પુંછડું પકડાવ્યું હતું અને હું પણ એમ જ સમજતો હતો કે આ બધું તુત-ફતુર અને ધતીંગ છે, જેનો કિતાબોમાં કોઇ ઉલ્લેખ નથી.પરંતુ આપે તો ખરેખર આપની વિદ્વતા, સત્યવક્તાપણા અને સ્પષ્ટ માર્ગદર્શન થકી મારી **મનરૂપી આંખ ખોલી નાંખી** અને એટલા માટે જ મારે કહેવું પડે છે કે,

દરે ફૈઝ બંધ ન હૈ આજ ભી કુછ = ફકીરોકી જોલીમેં અબ ભી હૈ સબ કુછ.

શુક્રીયા...અલહમ્દોલીલ્લાહ.

★

જઝબાહ્ની ચર્ચાનો સારાંશ

ઉપરોક્ત જઝબાહની ચર્ચાનો સારાંશ એ છે કે:-

*(૧) જયારે અન્વારે ઇલાહીના આકર્ષણને કારણે કે ખૌફે ખુદાના કારણે સાલીકના હૌશો હવાસ ગુમ થઇ જાય અને તેની અંદર અનાયાસે ઉછળ-કુદ પૈદા થાય કે તેના શરીરમાં ધ્રુજારી પૈદા થાય કે તેના રૂવાંટા ઉભા થાય કે પછી તેના માટે ગુરૂત્વાકર્ષણનો નીયમ તુટી જાય અને તાલીબ ઉછળવા લાગે આ હાલતને જઝબો કહેવાય છે.

*(૨) અલ્લાહના નેક બંદાઓને જઝબો અતા થવાનો સુબુત કુર્આન

શરીફથી સાબીત છે, હદીષે પાકથી પણ સાબીતછે અને સુફી વાદની કીતાબો પૈકી અવારીફુલ્મઆરીફ શરીફ, મકતુબાતે ઇમામે રબ્બાની, લતાઇફે અશરફી, તઝકેરાએ ગૌષીયાહ, ઇકતીબાસુલ અન્વાર, તબકાતેકુબરા, રફીકુસ્સાલેકીન, આદાબે સાલીક, મીફ્તાહુલઉલુમ શર્હે મસ્નવીએ મૌલાના રૂમ, સુલુકે મુજદ્દેદીયાહ, મેઅ્યારૂસ્સુલુક વગેરે કીતાબોમાં પણ છે.

*(૩) હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના પવીત્ર યુગમાં જઝબાહ્ની પવિત્ર નેઅમતથી હઝરતે અબુબકસીદ્દીક, હઝરત ઉમર ફારૂકે આઝમ, હઝરત રબીઅ બીન ખશીમ, હઝરતે શુઅલ્બા(રદીયલ્લાહો અન્હુમ) તથા ઔલીયાએ કીરામ હઝરતે ગૌષેઆઝમ દસ્તગીર, હઝરતે બાયઝીદે બુસ્તામી, હઝરત જુનૈદ બગદાદી, હઝરત ફુઝેલ બીન અયાઝ, હઝરત અબુસુલેમાન દારની, હઝરત હુસૈનબીન સાલેહ, હઝરત ખ્વાઝા બાકીબીલ્લાહ, હઝરત કાઝી સનાઉલ્લાહ પાનીપતી, હઝરતરૂકનુદ્દીન શાહ અલવરી, હઝરત શાહઅબ્દુલ કુદ્દુસ ગંગોહી ચીશ્તી (રહમતુલ્લાહ અલયહીમ અજમઇન)ને પણ નવાજવામાં આવ્યા છે.

*(૪) હઝરત અબુબકસીદ્દીકના જઝબાહ્ની નિસ્બત બ્રહ્માંડના અસ્તિત્વાનું કારણ છે. જ્યારે બાયઝીદે બુસ્તામીના જઝબાની નિસ્બત બેહોંશી સાથે સંકળાયેલ છે તથા હઝરત ખ્વાજાએ ખ્વાઝગાં ખ્વાઝા બહાઉદ્દીનશાહ નક્શબંદના જઝબાહ્ની નિસ્બત સુલુકના માર્ગો પૈકી અતી નિકટનો માર્ગ છે અને હઝરત ખ્વાઝા અલાઉદ્દીન અત્તારે જઝબોહ પ્રાપ્ત કરવાની સંપુર્ણ સુવ્યવસ્થીત રીત શોધીને રજુ કરી. જઝબાહ્ની ફઝીલત પેટે હઝરત મખ્દુમ સૈયદ જહાંગીર અશરફ સમનાનીએ કહ્યું કે,“જઝબાહ્નું એક ખેંચાણ બંને જહાનના અમાલોની બરાબર છે.

*(૫) જઝબાહ્ની વિરોધીએ સમજી લેવું જોઇએ કે નબુવ્વતના દ્વાર બંધ થયા છે પણ વિલાયતના દ્વાર હજી ખુલ્લા છે. એટલે ફૈઝાને વિલાયત પેટે જઝબોહ અલ્લાહના નેક બંદાઓને અંતીમવલીના આગમન સુધી અલ્લાહ ત્આલા તરફથી અતા થતો રહેશે. આ વાતનો ઇકરાર ક્રનાર જ આશીકે ઔલીયાએ કીરામ તથા હીદાયત ઉપર કાયમ છે.

*(૬) જઝબાહ્ના વિરોધીઓને ઇબ્લીસે પકડાવેલ પુંછડું કે, ‘જઝબો પ્રાચીન યુગમાં તો હતો પણ હવે અર્વાચીન યુગમાં આવુ ન હોય.’ એવું સમજનાર સરાસર ગુમરાહ છે. હકીકતમાં વિલાયત, ફૈઝાને વિલાયત અને જઝબોહ કુર્આનશરીફથી સાબીત હોતા તેનો ઇન્કાર સરાસર કુફ્ર છે. વિલાયતના દ્વાર હજી બંધ નથી થયા તો પછી ફૈઝાને વિલાયત જઝબોહ કેમ બંધ થાય ?

*(૭) ઔલીયાએકિરામની મહેફીલોમાં મુરીદો ઉપર જઝબાહ્ના પ્રત્યાઘાતો પેટે હઝુર ગૌષેઆઝમની મહેફીલ, હઝરત ખ્વાઝા બહાઉદ્દીનશાહની મહેફીલ, હઝરત ખ્વાઝા બાકી બીલ્લાહની મહેફીલ, હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેસાનીની મહેફીલ, હઝરત મીર મોહંમદ નોઅમાન બદખ્શી અકબરાબાદીની મહેફીલ, હઝરત કુત્બે આલમ શાહ અબ્દુલકુદુસ ગંગોહી ચીશ્તીની મહેફીલ, હઝરત મીર્ઝા મઝહર જાનેજાનાં શહીદની મહેફીલ, હઝરત ગુલામઅલીશાહ દહેલ્વીની મહફીલ, હઝરત સૈયદ ઈમામઅલીશાહની મહેફીલ, હઝરત ખ્વાઝા રૂકનુદ્દીનશાહ અલ્વરીની મહેફીલ, હઝતર દાદાપીર મહેબુબુસ્સમદ સુફી અખ્લાક એહમદસાહેબની મહેફીલ, હઝરત પીરોમુર્શીદ સુફી અબ્દુર્રહમાન સાહેબની મહેફીલમાં મુરીદો ઉપર જઝબાહ્ના પ્રત્યાઘાતો ખુબ દેખાતા હતાં. (રહેમતુલ્લાહે ત્આલા અલયહીમ અજમઈન)

*(૮)જઝબાહ્વાળી વ્યક્તિ જઝબાહ્ના કારણે માઅ્ઝુર છે જઝબાહ્ના પ્રત્યાઘાત વખતે ગૈર મુકલ્લીફ છે. જઝબાહ્નો સમય અનીશ્રીત છે ચાલુ નમાઝે પણ જઝબોહ આવવાના બનાવો ભુતકાળમાં પણ બનેલા છે તથા જઝબાહમાં શૈતાનની દખલગીરી બિલ્કુલ હોતી નથી.

*(૯) જઝબાહવાળી વ્યકતી (મજઝુબે સાલીક)મુરીદ નહીં પણ મુરાદ છે, અને અન્વારે ઈલાહીય્યાનું આકર્ષણ તેને પોતાની તરફ ખેંચે છે. અલ્લાહની મહેરબાનીથી અહી મુત્તકી તથા ફાસીકનો તફાવત નષ્ટ થઈ જાય છે. *<u>પીયા જીસ્કો ચાહે વહી હૈ સુહાગન</u>* (જુઓ : મક્તુબાતે ઈમામે રબ્બાની મકતુબ નં.-૨૦૦)

*(૧૦)ફાસીકો માટે લગાતાર નાઝીલ થતાં જઝબાહ્ના અન્વારો તેનાં માટે પ્રથમ તકવાના દ્વાર અને પછી વિલાયતના દ્વાર ખોલાવી દે છે. જઝબાહ્ દરમ્યાન જ સુલુકના તમામ મકામો પુર્ણ થઈ જાય છે અને છેવટે, ઔલીયાએ કીરામના તમામ સીલસીલામાં આવી વ્યક્તિની ગણના **વલી** તરીકે થાય છે.

*(૧૧) તમામ મુકદ્દસ સીલસીલાઓમાં મકામે મહેબુબીય્યતનો ફૈઝ હોતા ખાસ ખાસ મુરીદોને જઝબાહ્ની નેઅમતથી નવાઝવામાં આવે છે. પરંતુ મુકદ્દસ સીલસીલાએ આલીયા નક્શબંદીયાહનો સંપુર્ણ દારોમદાર જઝબાહ્ ઉપર છે. અને જઝબોહ પ્રાપ્ત કરવાની સુવ્યવસ્થીત રીત પણ આ બુઝુર્ગોએ સાચવી રાખી છે.

અંતમાં હું પીર વઝીરઅલી જઝબાહ્ની ચર્ચાના સારાંશ પેટે હુઝુર ગૌષે આઝમ પીરાને પીર દસ્તગીરની (૧૧)ગ્યારહ્વી શરીફની યાદમાં (૧૧)

ફકરાઓ પર આ ચર્ચા પૂર્ણ કરૂં છું. અલ્લાહ ત્આલા ફૈઝાને ઔલિયાએ એકિરામ ના સદકે ખાત્મા બિલખૈરકરે.

આમીન..

બજાહે સૈય્યદુલ મુરસ્લીન સલ્લલ્લાહો અલયહ વસ્સલમ.

પાણ ખણી પરીઅન દાહ, કદમ પોહતે કાં,
તીત ગુજર ન ગૈર જો, જીતે સજણજી સાયાહ,
વર્યો વેહદત વાવ, દુઈ સભી દુર થઈ.

હઝરત સુલ્તાનુલ ઔલિયા (રહેમતુલ્લાહ અલયહ)

(અર્થઘટન :- આ શેઅ્રમાં હઝરત સુલ્તાનુલ ઔલિયા જઝબાહ્ના રહસ્યોનું બયાન કરે છે; જ્યારે વહેદતના વાવ થકી યોગ પ્રાપ્ત થાય છે ત્યારે વિયોગનો અંત આવે છે. હવે, જે જગ્યાએ પ્રિયતમની સૈયાહ શણગારેલ હોય તે જગ્યાએ પારકાઓની અવર-જવર નથી હોતી(આ જાતનાઆરિફો કદમ ઉપાડે તે પહેલાં જ પ્રિયતમ (પાલનહાર)ના અન્વારો તેને પોતાની તરફ આકર્ષે છે.)

ઈમાં સલામત હર કોઈ મંગે, ઈશ્ક સલામત કોઈ હુ,
મંગળ ઈમાં શરમાવણ ઈશ્કોં, દિલનું ગૈરત હોઈ હુ,
જીસ મંઝલનું ઈશક પહુંચાવે, ઈમાં ખબર ન કોઈ હુ
ઈશ્ક સલામત રખ્ખી બાહુ, દેયાં ઈમાં ધરોઈ હુ.

હઝરત સુલ્તાન બાહુ કાદરી (રહેમતુલ્લાહ અલયહ)

(અર્થઘટન :- ઈમાનની સલામતી મૌખિક રીતે બધા માંગે છે પણ ઈશ્કે હકીકીની સલામતી માંગનાર કોઈ જ વિરલો હોય છે, ઈશ્ક વિહોણોં ઈમાન માંગતા મારા દિલને ગૈરત થાય છે કારણ કે ઈશ્કે હકીકી થકી જે મંઝીલ ઉપર પહોંચી શકાય છે તે મંઝીલ ઈમાનના દાવા મારફતે પ્રાપ્ત નથી થતી. હે, બાહુ! ઈશ્કે હકીકી સલામત રાખવા મૌખિક ઈમાનને ગિરવે મૂક્વું પડે તો પણ હું મુકી દઈશ.)

(નોટ :- કલ્માનો મૌખિક ઈકરાર કરવો અને દિલથી તેનાં અર્થને માન્યતા આપવી જરૂરી છે હવે, ઈમાનનો આધાર ઈશ્કે હકીકી એટલે અલ્લાહ અને તેના રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની મોહબ્બતને આધીન છે નહીં કે ફકત શબ્દોના ઉચ્ચાર થકી. જે વાત હઝરત સુલ્તાન બાહુ અહીં રજુ કરે છે.))

મનકી આંખે ખોલ...

(૫)

"ઈર્શાદાત"

એટલે કે

ચાલીસ ઈર્શાદાતે મુજદ્દીદે અલ્ફેસાની

(રદીયલ્લાહો ત્આલા અન્હો)

"આ મક્તુબાત શરીફને અસરની નમાઝ બાદ પઢ્યા કરજો અને તલબાને સંભળાવજો. આ મક્તુબાત તમારા ફૈઝ અને માર્ગદર્શન માટે ઈન્શાઅલ્લાહ પુરતા થશે."

-હઝરત મીર્ઝા મઝહર જાનેજાનાં શહીદ
(રહેમતુલ્લાહ અલયહ)

તમહીદ

અમ્મા બાદ. મારા દોસ્તોની એ ફરમાઈશ રહી કે હું લેખન કાર્ય વડે પણ કૌમની ખિદમત કરું.સરહિંદ શરીફમાં(પંજાબ-જી. પતીયાલા)હઝરત મુજદ્દીદે અલ્ફેસાની(રદિયલ્લાહોત્આલાઅન્હો) ના ઉર્ષ મુબારક પર મારા દિલમાં વિચાર આવ્યો કે,હઝરત મુજદ્દીદ સાહેબે મકતુબાત શરીફ થકી એ સમયનાં ઈલ્હાદી યુગમાં જે કૌમની ખિદમત કરી અને આપના મકતુબાત શરીફએ યુગમાં જે રીતે ભટકેલા લોકો માટે હિદાયતનો જરીયો બન્યો એજ રીતે આજે પણ ભટકેલા ઈન્સાનની હિદાયત માટે કારણરૂપ છે,પરંતુ તેના માટે શર્ત છે ઈન્સાફ !

હિંદુસ્તાનનો શહેનશાહ,'દીને ઈલાહી'નો બાની બાદશાહ અકબર અને તેનાં કુફ્રી અકીદાઓને તો મકતુબાત શરીફ થકી નેસ્ત નાબુદ કરી દીધા. આજે દીને ઈલાહી માત્ર ઈતિહાસનાં પૃષ્ઠો પર જ મળે છે; બાકી કોઈ જગ્યાએ કોઈ એક પણ દીને ઈલાહી ને માનનારો નથી. આજના યુગમાં ઈસ્લામમાં ફીર્કો પરસ્તી પરાકાષ્ઠા પર પહોંચેલી છે અને એકબીજાના વિરોધનું કારણ બનેલ મસ્અલાઓ જેમકે, ઈલ્મે ગૈબે મુસ્તફા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઔલિયાઓથી મદદ માંગવી, હાઝીરો નાઝીરનો મસ્અલો. આ તમામ મસ્અલાઓના જવાબો મકતુબાત શરીફમાં ઘણી જ ખુબી પૂર્વક આપવામાં આવ્યાં છે. જે રીતે આ મકતુબાત શરીફ થકી જહાંગીર બાદશાહ માટે હિદાયતનો દરવાજો ખુલ્યો એજ રીતે આજના ગુમરાહો માટે ખુલી શકે છે.

મકતુબાતશરીફમાં પોતે જ હઝરત મુજદ્દીદે અલ્ફેષાની(રદિયલ્લાહો ત્આલા અન્હો)ની એક પ્રકાશીત અને જીવંત કરામત છે.આપે મકતુબાત શરીફના લખાણમાં જે ઉલુમો(જ્ઞાન)નું બયાન કર્યું છે;તે ઉલુમોનું ન તો આપની પહેલાં કોઈ બુઝુર્ગે બયાન કર્યું છે, અને પાછળથી તો બયાન કરવાનો સવાલ જ ઉઠતો નથી! દાખલા તરીકે, (૧)એક મકતુબા શરીફમાં આપે હુઝુર સલ્લાહો અલયહે વસલ્લમ)ની તાબેદારીનાં સાત દરજ્જાઓનુંવર્ણન કર્યું છે, (૨) લતાઈફે સીત્તા એટલે કે ઈન્સાની જીસ્મમાં રહેલાં સાત લતીફાઓ લતીફાએ કલ્બ, રૂહ, સીર્ર, ખફી, ઈખ્ફા, કાલ્બીયા અને નફસો મનનું વર્ણન જે આગળ કોઈએ કરેલું નથી.જ્યારે આ લતીફાઓનું જ બયાન નથી કર્યું તો પછી આ લતીફાઓના મકામોનું વર્ણન ક્યાંથી કર્યું જ હોય? આપે પોતાના મકતુબાત શરીફમાં માત્ર લતીફાઓજ નહીં,પરંતુ તેના મકામાતો,તેનાં રંગો,દરેક લતીફાઓ ક્યાં પંગમ્બર અલયહીસ્સલામના નીચે છે,અને દરે લતીફાની અલગ-અલગ વિલાયતોનું વિગતવાર બયાન કર્યું છે.

આ સિવાય મકતુબાત શરીફમાં આપની કરામત હોવાની બીજી અન્ય બે સાબીતીઓ પણ છે.એક સાબીતી તો એ છેકે,"જ્યારે પણ મકતુબા શરીફનું વાંચન કરવામાં આવે છે, તો નવાં નવાં સૂક્ષ્મ ભેદો અને મુદ્દાઓ ખુલે છે.અને વાંચક એ વાતનો અહેસાસ કરે છેકે આજે મેં એક નવીવાત વાંચી." અને બીજી સાબીતી એ છેકે, "આપની રૂહાની નિસ્બત વગર જે લોકો મકતુબાત શરીફનું વાંચન કરે છે,તો તેને પલ્લે કશુંજ પડતું નથી(કશું સમજાતું નથી)કદાચ તેના અનુસંધાને જ ડો.ઈકબાલે કહ્યું છે કે,

તીનસો સાલ સે હૈ હિન્દ કે મયખાને બંદ,
અબ મુનાસીબ હૈ તેરા ફયઝ હો આમ અય સાકી.

વળી પાછા આપના મકતુબાત શરીફમાં જઝબાહ્‌ના વર્ણન પેટે આવતાં પવિત્ર મકતુબો ખાસ કરીને દફતર-૧ના મકતુબ નં.-૬૨, ૧૧૩, ૨૦૦, ૨૮૭ અને ૨૯૦ દેવબંદી વિચારીસરણીના સર્વોપરી મૌલાના મન્ઝુર નોઅ્માની સાહેબની સમજમાં પણ ન આવ્યાં,અને એટલાં માટેજ તેઓએ મકતુબાત શરીફના સારાંશ પેટે લખેલી પોતાનીકીતાબ તજલ્લીયાતે ઈમામે રબ્બાની કેજેમાં દરેક પવિત્ર મકતુબનો ટુંકસાર તેઓએ લખ્યો છે,પરંતુ ઉપર દર્શાવેલ નંબરના મકતુબાતો(પવિત્ર પત્રો)નો જ ઉલ્લેખ નથી કર્યો જે તસવ્વુફના મેદાનમાંતો ખયાનત વડે જ કામ લીધું,એવું કહેવાશે.

પંદરમી સદીના માત્ર નામરૂપ સુફીઓ કે જેને **સુફીયાએ કાલ** કહેવાય, જેણે ન તો કોઈ મકામ પાર કર્યા છે કે,ન તો જઝબા કે સુલુકથી પરિચીત છે તેમજ ન તો અન્ય મકામાતોની જાણકારી ધરાવે છે,છતાં પણ પોતે પોતાને નક્શબંદી સિલસિલા સાથે સંબંધીત હોવાનું જણાવીને આ સિલસિલાને ભારે નુક્સાન પહોંચાડી રહયા છે અને પોતાની મુર્ખામી થકી કેટલાયે અકાબીર ઔલિયાએ કિરામની ગુસ્તાખીઓ કરી રહયાં છે.આવાં હઝરાતો આપના મકતુબાત શરીફની જીલ્દ-૩નાં મકતુબ નં.૧૨૩ને જરૂર વાંચે જેમાં આપે **શાને ગૌષે આઝમ દસ્તગીર**નો પુરો હક્ક અદા કરીને વર્ણન કરી છે તેમજ અંતમાં આપે પોતાને નાયબે ગૌસે આઝમ કહ્યા છે

કહેવાનો હેતુ એ જ કે સુફી હોય કે આલીમ, પ્રાથમીકક્ષાનો તાલીબ હોય કે અંતિમકક્ષાનો સાલીકહોય કે પછી મજઝુબ(જઝબાહ્‌ વાળો)હોય, તમામ હઝરાતો માટે મકતુબાત શરીફનું વાંચન અત્યંત જરૂરી છે.

એક તરફ દુશ્મનાને મુસ્તફાની અંદર અકીદાઓનો ફસાદ,તો બીજી તરફ ગુલામીએ મુસ્તફાનો દાવો કરવાવાળાની અંદર અમલની સુસ્તી. તો જે રીતે ગુમરાહો હિદાયત પર આવી શકે છે એજ રીતે કે આ મકતુબાત શરીફ વડે ગાફીલ પણ જાગૃત થઈ શકે છે.કારણકે, પ્રગતીના બે મુખ્યભાગો છે

(૧)અકીદાઓની સુધારણાં અને (૨)અમલની દુરસ્તગી. હવે સવાલ એ ઉત્પન્ન થાય છેકે, આપના મકતુબાત શરીફ જે પાંચસો છવ્વીસ(૫૨૬) પવિત્ર મકતુબોનો સંગ્રહ છે, સામાન્ય જનસમુદાયનું ધ્યાન ત્યાં સુધી કઇ રીતે પહોંચે? તો આ નાચીઝ વિચાર્યુકે,મકતુબાત શરીફમાંથી કેટલાંક ઈર્શાદાતો ચૂંટી કાઢવામાં આવે,જેથી મેં ચાલીસ (૪૦)ઈર્શાદાતો ચુંટી લીધા. ચાલીસ ઈર્શાદાતો ચુંટવાનું કારણ એછેકે,હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો ઈર્શાદ છેકે, ‘‘નુત્ફો(વીર્ય)ગર્ભમાં ચાલીસ-ચાલીસ દિવસે પોતાની હાલત બદલે છે.’’ એ જ રીતે ચાલીસની સંખ્યાનું ઘણુંજ મહત્ત્વ રહ્યું, જેમકે, જે મોમીન ચાલીસ હદિષો યાદ કરીલે તેનાં માટે શફાઅ્ત વાજીબ થઇ ગઇ,આપણે ત્યાં મૈયતનો ફાતેહા ચાલીસ દિવસે(ચહેલુમ) થાય છે વગેરે.

સૂફીયાએ કિરામ પોતાના મુરીદોને ચાલીસ દિવસની ચિલ્લાકશી કરાવતાં હતાં. મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના દુશ્મનો ગુલામાને મુસ્તફાને ગુમરાહ કરવા માટે ચાલીસ દિવસની રખડપટ્ટીમાં આજે પણ લઇ જાય છે,તો આ ગુમરાહોને હિદાયત પર લાવવા માટે તેમજ તમને ગફલત રૂપી નિંદરમાંથી જગાડવા માટે મેં ચાલીસ (૪૦)ઈર્શાદાતે ઈમામે રબ્બાની તમારી સમક્ષ રજુ કર્યાં છે.

★ ૪૦– ઈર્શાદાતે મુજદ્દીદેઅલ્ફેષાની ★

★(૧) દોપહરકો સુન્નતકી નિય્યતસે થોડા આરામ કરના (કયલુલાહ)કરોડહાં રાતોંકે નવાફીલસે આલા ઔર અફઝલ હૈં

(મકતુબ નં.૧૧૪, દફતર-૧, હિસ્સા-૨)

(અર્થાત્ઃ-બપોરે સુન્નતની નિય્યતથી થોડીકવાર આરામ કરવો(વામકુક્ષી)કરોડો રાતોંની નફલો કરતાં વધુ શ્રેષ્ઠ છે.)

★(૨) ઉલ્માએ બદ દીનકે ચોર હૈ. હરવક્ત ઈનકા મકસદ યે હોતા હૈ કી દૂનિયાકે નઝદીક મર્તબા વ ઈઝઝત ઔર બુઝુર્ગી હાંસીલ હો જાયેં.

(મકતુબ નં.૧૯૪,દફતર-૧,હિસ્સા-૨)

(અર્થાત્ઃ-બુરા આલિમો દીનનાં ચોર છે. હૈમેંશા તેઓનો હેતું એ હોય છેકે, દૂનિયાની નજીક તેઓને ઈઝઝત, માન-મર્તબો અને બુઝૂર્ગી પ્રાપ્ત થઇ જાય.)

★(૩) હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)કી ઈતાઅત હી ખુદાકી ઈતાઅત હૈ. ઔર નબીએ પાકકી ઈતાઅતકે ખિલાફ ચલના અયન ખુદાએત્આલાકી માઅ્સીયત ઔર નાફરમાની હૈ.

(મકતુબ નં.૮૦,દફતર-૧,હિસ્સા-૨)

(અર્થાત્ઃ- હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહેવસલ્લમ)નું અનુસરણ જ ખુદાનું અનુસરણ છે.અને નબીએ પાકના અનુસરણથી વિરુધ્ધ ચાલવું એટલે તદ્દન ખુદાત્આલાની જ નાફરમાની અને ગુનોહ છે.)

★(૪) ઐસી કોઇ જગાહ નહીં જહાં અલ્લાહત્આલાને પયગંબર ન ભેજે હો, હિંદુસ્તાન મેં ભી અલ્લાહત્આલાને પયગંબરો કો મબઉસ ફરમાયા જીન્હોંને અલ્લાહત્આલાકી તરફ દાઅ્વત ફરમાઈ. હિંદુસ્તાન કે બાઝ શહરો મેં મહેસુસ હોતા હૈ કે અંબિયા અલયહીસ્સલામ કે અન્વાર શીર્ક કે અંધેરો મેં રોશની કી તરહ ઝગમગા રહા હૈ. (મકતુબન ૨૫૯, દફતર-૧, હિસ્સા-૪)

(અર્થાત્ઃ- એવી કોઇ જગ્યા નથી, જ્યાં અલ્લાહ ત્આલા એ પયગંબરોને ન મોકલ્યા હોય. હિંદુસ્તાનમાં પણ અલ્લાહ ત્આલાએ પયગંબરો ઉતાર્યા, જેણે અલ્લાહ ત્આલા તરફ લોકોને આમંત્રણ આપ્યું. હિંદુસ્તાનના અમુક શહરોમાં અહેસાસ થાય છે કે અંબિયા (અલયહિમુસ્સાલામ)ના અન્વારો શીર્ક રૂપી અંધકારમાં પ્રકાશની જેમ ઝળહળી રહ્યાં છે.)

(નોટઃ- પંજાબમાં સન્નીંદશરીફથી થોડે દૂર બ્રાસ નામના ગામમાં અંબિયા એ કીરામના મઝારાતો છે, હઝરત શીશ (અલયહીસ્સાલામ)નો મઝાર યુ.પી.જી.- ફૈઝાબાદમાં છે.)

★(૫) બંદેકો અલ્લાહત્આલાસે કરીબ કરનેવાલે અમલ નવાફીલ ઔર ફરાઇઝ હૈ. નફલો કી ફર્ઝોકે સામને કુછ હૈસિયત નહી, કિસી ભી વક્ત મેં ફર્ઝો મેં સે એક ફર્ઝ કો અદા કરના હજાર સાલ તક નવાફીલ અદા કરને સે ભી બહેતર હૈ. (મકતુબ નં. ૨૯, દફતર-૧, હિસ્સા-૧)

(અર્થાત્:- બંદાને અલ્લાહત્આલાની નિકટ કરવાવાળા અમલો નવાફીલ અને ફર્ઝો છે. નફલોની ફર્ઝો સામે કશી વિસાત નથી. કોઇપણ સમયે ફર્ઝો પૈકી એક ફર્ઝ અદા કરવું હજાર વર્ષ સુધી નફલો અદા કરવાથી શ્રેષ્ઠ છે.)

★(૬) શરીયતકે હુક્મકે મુતાબીક એક દામ અદાએ ઝકાત કે તૌર પર નિકાલના નફસકી ખ્વાહીશાતકો બરબાદ વ વિરાન કરને મેં અલ્લાહકી રાહમેં ઉન હજાર દીનાર ખર્ચ કરને સે બહેતર હૈ જો શરીઅતકે હુકમકે બગૈર નીકાલે ગયે હો. નફસકી ખ્વાહીશકો બરબાદ કરનેકે લીયે ઇદુલ્ફીત્રકે દીન ખાના ખા લેના ઉન નવાફીલ રોઝોંસે બહેતર હૈ જો અપની મરજીસે કઇ સાલ તક રખ્ખે ગયે હો ઔર ઇન્સાન અગર સારી રાત નફલ નમાઝ પઢને મેં ગુઝારે ઔર ફઝરકી નમાઝ જમાઅ્તસે અદા ન કરે ઇસસે બહેતર હૈ કી ફજરકી દો રકાતે ફર્ઝ નમાઝ જમાઅ્ત સે અદા કરે.

(મકતુબ નં.૫૨, દફતર ૧, હિસ્સા ૨)

(અર્થાત :- શરીઅ્તનાં આદેશ મુજબ એક પૈસો ઝકાત તરીકે કાઢવો નફસની ખ્વાહીશોને બરબાદ અને વેરાન કરવામાં શરીઅ્તના આદેશ વગર કાઢવામાં આવેલ અલ્લાહની રાહમાં ખર્ચ કરેલા એક હજાર દિનારથી ઉત્તમ છે. પોતાની મરજી પ્રમાણે કેટલાય વર્ષો સુધી રાખેલા એ નફલી રોઝાઓ કરતાં ઇદુલ્ફીત્રના દિવસે ખાણું ખાઇ લેવું, એ નફસની ખ્વાહીશને બરબાદ કરવા માટે ઉત્તમ છે. અને ઇન્સાન પુરી રાત નફલી નમાઝો પઢવામાં વિતાવે અને ફજરની નમાઝ જમાઅ્ત સાથે અદા ન કરે તેનાથી તો સારું એ છે કે, ફજરની બે રકાઅત ફર્ઝ નમાઝ જમાઅ્ત સાથે અદા કરે.)

★(૭) હુઝુરે પાક(સલ્લલ્લાહોઅલયહે વસલ્લમ)કી મુતાબેઅ્ત ઔર પૈરવીમેં કોશીશ કરના બંદોકો 'મકામે મેહબુબીયત' તક લેતા જાતા હૈ ઔર હર અક્કલમંદ ઔર દાનીશમંદ પર લાઝીમ હૈ કી અલ્લાહકે હબીબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કી ઇત્તેબાઅ્કે લિયે દિલોજાનસે પુરી કોશીશ કરે. (મક્તુબ નં ૪૧, દફતર-૧ હિસ્સા-૨)

(અર્થાત્:- હુઝુરે પાક(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની તાબેદારી અને અનુસરણ માટે પ્રયત્નો કરવા બંદાને 'મકામે મહેબુબીયત' સુધી લઇ જાય છે. અને દરેક અક્કલમંદ તેમજ સમજદાર માટે જરૂરી છે કે, અલ્લાહના હબીબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની તાબેદારી માટે દિલોજાનથી પુરા

પ્રયત્નો કરે.)

★(૮) નફસ કો મારનેકે મામલેમેં, શરીઅ્તે પાકકે હુકમોંમે સે એક હુકમકે ઉપર અમલ કરના, ઉન હઝાર સાલકી રિયાઝતોં ઔર મુજાહીદોસે બહેતર હૈ, જો અપને તૌર પર કીયે ગયે હો, બલ્કિ જો રિયાઝતે ઔર મુજાહીદે શરીઅ્તકે મુતાબિક નહી હોતે તો નફસકો મારનેકે બદલે તાકતવર બનાતે હૈ.

(મકતુબ નં ૫૨, દફતર-૧ હિસ્સા-૨)

(અર્થાત્ :- નફસને મારવા માટે શરીઅ્તેપાકના આદેશો પૈકી એક આદેશ પર અમલ કરવો એ પોતાની રીતે કરેલી હજાર વરસની સખ્ત ઇબાદતો અને મુજાહેદાઓથી ઉત્તમ છે.એટલું જ નહીં પરંતુ જે ઇબાદતો અને મુજાહેદાઓ શરીઅ્ત મુજબ નથી હોતા તે નફસને મારવાને બદલે વધુ બળવાન બનાવે છે.)

★(૯) આમાલે સાલેહા જો બદનસે અદા કીયે જાતે હૈ ઉનકી બજાઆવરીકે બગૈર દિલકી સલામતી કા દાવા બાતીલ હૈ.

(મકતુબ નં ૩૯, દફતર-૧ હિસ્સા-૨)

(અર્થાત્ :- શરીર વડે અદા કરવામાં આવતાં નેક અમલો (દા.ત.નમાઝ,રોઝા વગેરે)કર્યા વિના દિલની સલામતીના દાવો વ્યર્થ છે.)

★(૧૦) જો શખ્સ તમામ જરૂરીયાતે દીન પર ઇમાન રખનેકા દાવા કરે લેકીન કુફ્ર ઔર કુફ્ફારો કે સાથ નફરત વ બેઝારી ન રખે દર હકીકત વોહ મુર્તદ હૈ ઉસકો મુનાફીક કહા જાયેગાં.

(મકતુબ નં-૨૬૬, દફતર-૧, હિસ્સા-૪)

(અર્થાત્:- જે વ્યક્તિ તમામ જરૂરીયાતે દીન પર ઇમાન રાખતો હોવાનો દાવો કરે, પરંતુ કુફ્ર તેમજ કુફ્ફારોની સાથે તિરસ્કાર અને ધિક્કારની લાગણી ધરાવતો ન હોય હકીકતમાં તે મુર્તદ(ધર્મ ભ્રષ્ટ)છે, તેને મુનાફીક કહેવામાં આવશે.)

★(૧૧) ઇસ્લામકી ઇઝઝત કુફ્રકી ઝીલ્લત પર ઔર મુસલમાનોકી ઇઝઝત કાફીરોકી ઝિલ્લત પર મૌકુફ હે. જીસને કાફીરોકી ઇઝઝતકી, ઉસને ઇસ્લામ કો ઝલીલ કિયાં. (મકતુબ નં-૧૬૩, દફતર-૧, હિસ્સા-૪)

(અર્થાત્ :- ઇસ્લામની આબરૂ કુફ્રની નાલેશી ઉપર અને મુસલમાનોની આબરૂ કાફીરોની નાલેશી પર આધારીત છે, જેણે કાફીરોની ઇઝઝત કરી, તેણે ઇસ્લામને બેઆબરૂ કર્યો.)

★(૧૨) ફકત ઝુબાનસે કલમાએ શહાદત પઢના મુસલમાન હોનેકે લીયે હરગીઝ કાફી નહીં. તમામ જરૂરીયાતે દીનકો સચ્ચા માનને ઔર કુફ્ર વ કુફ્ફારકે સાથ નફરત વ બેઝારી રખનેસે આદમી મુસલમાન હોગા.

(મકતુબ નં.૨૬૬,દ.-૧,હિ.૪)

(અર્થાત્:-માત્ર જીભ વડે શહાદતનો કલમો પઢી લેવો મુસલમાન થવા માટે ક્યારેય પુરતું નથી,(પરંતુ)તમામ જરૂરીયાતે દીનને સત્ય માનવી અને કુફ્ર તેમજ કુફ્ફારોથી ધિક્કાર અને નફરત કરવાથી આદમી મુસલમાન બનશે.)

★(૧૩) જો ઈલ્મે ગૈબ અલ્લાહ ત્આલાકે સાથ ખાસ હૈ ઉસ પર વોહ અપને રસુલોંકો મુત્તલા ફરમાં દેતા હૈ.

(મકતુબ-૩૧૦, દફતર-૧, હીસ્સા-૫)

(અર્થાત્:- જે ઈલ્મિ ગૈબ અલ્લાહ ત્આલા સાથે ખાસ છે, તેનાથી તે પોતાના રસુલોને જાણકાર કરી દે છે.)

★(૧૪) મેરી નઝરમેં અલ્લાહ ત્આલાકે દુશ્મનોંકે સાથ નફરત વ અદાવત રખનેકે બરાબર ઉસકો રાજી રખનેવાલા કોઇ અમલ નહી.

(મકતુબ-૨૬૬, દફતર-૧, હીસ્સા-૪)

(અર્થાત્:- મારી દ્રષ્ટીએ અલ્લાહ ત્આલાના દુશ્મનોથી તિરસ્કાર અને ધૃણાં કરવા બરાબર અલ્લાહત્આલાને રાજી રાખનારો કોઇ અમલ નથી.)

★(૧૫) હઝરતે ખ્વાજગાને નક્શબંદીય્યાહ્કા તરીકા સબ તરીકોસે અકરબ હૈ. (મકતુબ-૨૨૧, દફતર-૧, હીસ્સા-૪)

(અર્થાત્:- નક્શબંદી બુઝુર્ગોનો તરીકો તમામ તરીકાઓથી સૌથી વધુ નિકટ છે.)

★(૧૬) દિલકે આયનેકો અલ્લાહત્આલાકે સિવા દુસરોંકી મોહબ્બતકે મૈલસે સાફ કરના જરૂરી હૈ ઔર ઈસ મૈલકો દુર કરનેકા તરીકા હબીબે ખુદા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)કી રોશન સુન્નતકી મુતાબેઅ્ત હૈ. (મકતુબ-૪૨,દફતર-૧, હીસ્સા-૨)

(અર્થાત્:- દિલરૂપી અરીસાને અલ્લાહત્આલા સિવાય અન્યની મોહબ્બતરૂપી ગંદકીથી સ્વચ્છ કરવો જરૂરી છે અને આ ગંદકી દુર કરવાની રીત હબીબે ખુદા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની રોશન સુન્નતોની તાબેદારી છે.)

★(૧૭) કામકા દારોમદાર દિલ પર હૈ અગર દિલ અલ્લાહકે સિવા કીસી ઓરકી મોહબ્બતમેં ડુબા હુવા હૈ તો ખરાબ ઔર અબતર હૈ. સિર્ફ ઝાહેરી આમાલ ઔર રસ્મી ઈબાદ્તોંસે કામ મુકમ્મીલ નહીં હો શકતા. દિલકો અલ્લાહકી મોહબબતકે લીયે મહેફુઝ રખના ઓર વો ઈબાદતેં જો બદનસે અદાકી જાતી હૈ ઉનકા અદા કરના જરૂરી હૈં.

(મકતુબ-૩૯, દફતર-૧, હીસ્સા-૨)

(અર્થાત્ : કામનો આધાર દિલપર છે. જો દિલ અલ્લાહ સિવાય બીજા અન્ય કોઇની મોહબ્બતમાં ડુબેલું છે,તો તે ઘણુંજ ખરાબ તેમજ દુષ્ટ છે. માત્ર બાહ્ય આમાલો અને રૂઢીગત ઈબાદતોં વડે કામ પરીપુર્ણ થઇ શક્તું નથી. દિલને અલ્લાહની મોહબબત માટે સુરક્ષીત રાખવું અને જે ઈબાદતો શરીર વડે અદા કરવામાં આવે છે,(દા.ત.નમાઝ,રોઝા વગેરે)તે અદા કરવા જરૂરી છે.

★(૧૮) વોહ રાહ વો અલ્લાહ ત્આલાકી તરફ પહોંચને વાલે હૈ દો હૈ એક વોહ રાહ હૈ જો '*કુર્બે નબુવ્વત*'સે તાઅ્લ્લુક રખતી હૈં ઔર અસલુલ્અસ્લ તક પહોંચને વાલી હૈ. ઈસ રાહ સે વાસીલ હોને વાલે અસ્લમેં તો અંબિયા (અલયહિમુસ્સલવાતો વત્તસ્લીમાત)હૈં ઔર ઉનકે સહાબા ઔરબાકી ઉમ્મતો મેં સે જીસકો ભી ઈસ દૌલત સે નવાઝે અગર યે વોહ થોડે હોતે હૈં બલ્કી બહોત હી થોડે હોતે હૈં. ઔર ઈસ રાહ મેં તવસ્સુત ઔર હિલુલત નહીં હૈ,જો ભી ઈન વાસેલીન મેં સે ફૈઝ હાંસીલ કરતા હૈ વોહ બગૈર કીસીકે વસીલે સે અસ્લસે હાસીલ કરતા હૈં ઔરકોઇ ભી દુસરા ઈનકી રાહ મેં હાઇલ નહીં હોતા.

ઔર એક વોહ રાહહૈ જો *કુર્બે વિલાયત* સે તાઅ્લ્લુક રખતી હૈ. અકતાબ વ અવતાદ ઔર બુદલા ઔર નુજબા ઔર આમ ઔલિયાઅલ્લાહ ઈસી રાહ સે વાસીલ હૈ ઔર રાહે સુલુક ઈસી રાહ સે ઈબારત હૈં બલ્કી મુતઅ્આઈફ જઝબાહ્ ભી ઈસી મે દાખીલ હૈં ઔર ઈસ રાહ મેં તવસ્સુફ ઔર હિલુલત સાબીત હૈં ઔર ઈસ રાહકે વાસેલીન કે પેશ્વા ઔર ઉનકે સરદાર ઔર ઈન બુઝુર્ગવારો કે મમ્બએ ફૈઝ હઝરત અલી મુર્તઝા (કર્રમલ્લાહો ત્આલા વજહુલ્કરીમ) હૈં ઔર યહ અઝીમુશ્શાન મનસબ ઉનસે તાઅલ્લુક રખતા હૈં ઈસ રાહમેં ગોયા કે રસુલલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)કે દોનો કદમ મુબારક હઝરત અલી(રદીયલ્લાહો અન્હો)કે મુબારક સરપે હૈ ઔર હઝરતે ફાતેમાહ્ ઔર હઝરત હસનૈન(રદીયલ્લાહો ત્આલા અન્હોમા)ઈસ મકામમેં ઉનકે સાથ શરીક હૈ. (મકતુબ નં.૧૨૩, દફતર ૩, હિ.૨)

(અર્થાત્:- અલ્લાહ ત્આલા તરફ પહોંચવાવાળા માર્ગો બે છે, એક માર્ગ *કુર્બે નબુવ્વત* સાથે સંબંધીત છે અને જે મુળભુત જડ(અસ્લુલ્અસ્લ) સુધી પહોંચાનારો છે, આ માર્ગ થકી વાસીલ થનારાઓ ખરેખર તો અંબિયા(અલયહિમુસ્લવાતો વતસ્લીમાત)અને તેઓના સહાબા છે તેમજ બાકી ઉમ્મતમાં તો જે કોઇને આદૌલત વડે નવાઝવામાં આવે. આ માર્ગમાં કોઇ અરસ-પરસ વાસ્તો કે માધ્યમ નથી હોતું. આ માર્ગ થકી વાસીલ થયેલાઓ કોઇના પણ વસીલા વગર અસલથી જ ફૈઝ હાંસીલ કરે છે અન્ય કોઇ તેઓના

માર્ગમાં અડચણરૂપ નથી હોતું.

અને બીજો માર્ગ કુર્બે વિલાયત થી સંબંધીત છે. અકતાબ, અવતાદ, બુદલા, નુજબા(આ તમામ વિલાયતની પદવીઓ છે) અને તમામ ઔલિયાઅલ્લાહ આ માર્ગ થકી જ વાસીલ થયા છે તેમજ રાહે સુલુક નો અર્થ પણ આ માર્ગ જ છે એટલુ જ નહીં પરંતુ પરિચિત જઝબાહ્ પણ તેની અંદર જ સમાવીષ્ટ છે. અને આ માર્ગમાં વસીલો તેમજ અરસ-પરસ ફૈઝનું પહોંચાડવું સાબિત થયેલું છે અને આ માર્ગના વાસેલીનના સરદાર તેમજ અગ્રેસર અને આ બુઝુર્ગવારોના ફૈઝનું કેન્દ્ર બિંદુ(મરકઝ)હઝરત અલી મુર્તઝા(રદીયલ્લાહો અન્હો) છે અને આ અઝીમુશ્શાન પદવી તેઓ સાથે સંબંધીત છે. આ માર્ગમાં જાણે કે રસુલલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના બંને પવિત્ર કદમો હઝરત અલી(રદીયલ્લાહો અન્હો)ના પવિત્ર સર પર છે તેમજ હઝરત ફાતેમાહ્ અને હઝરત હસનૈન કરીમૈન(રદીયલ્લાહો ત્આલા અન્હોમા)આ મકામમાં તેઓની સાથે સહભાગી છે.)

★(૧૯) એહલે કુફ્રકે સાથ બુગ્ઝ ઔર ઇનાદ રખના દૌલતે ઇસ્લામકે હાંસીલ હોનેકી અલામત હૈ. (મકતુબ-૧૬૩, દફતર-૧, હીસ્સા-૩)

(અર્થાત્ :- કાફીરો પ્રત્યે રોષ અને ધિક્કાર રાખવો એ ઇસ્લામની દૌલત પ્રાપ્ત થવાની નિશાની છે.)

★(૨૦) શરીઅ્ત દુનિયા વ આખેરતકી તમામ સઆદતોકી જામીન વ કફીલ હૈ ઔર કોઇ ઐસા મતલબ વ મકસદ નહીં જો શરીઅ્તસે અલગ હો ઔર ઇન્સાનકો ઉસકી મોહતાઝી હો. તરીકત ઔર હકીકત દોનો શરીઅ્તકે ખાદીમ હૈ, અલગ નહી હૈ. (મકતુબ નં-૧૩૬દફતર-૧, હિ-૧)

(અથાત્ :- દુનિયા તેમજ આખેરતની તમામ ભલાઇઓ માટે શરીઅ્ત પૂરતી છે બીજો કોઇ એવો હેતુ નથી જે શરીઅ્તથી અલગ હોય કે જેનો ઇન્સાન મોહતાઝ હોય. તરીકત અને હકીકત બંને શરીઅ્તના ખાદીમ છે, તેનાથી અલગ નથી.)

★(૨૧) નફસે અમ્મારાહ્ જાહ વ સરદારીકી મોહબ્બત પર પૈદા કીયા ગયા હૈ ,ઉસકા ઇરાદા હંમેશાં યહ હોતા હૈ કી અપને ઝમાનેકે લોગોપે બુલંદી ઔર ફૌકીયત હાંસીલ કરે.ઉસકી તમન્ના યહ હૈ કી સારી મખલુક ઉસકી મોહતાઝ હો ઔર ઉસકે હુકમોકો માને ઔર ખુદ કીસીકા મોહતાઝ ન હો ઔર ન કોઇ ઉસ પર હુકમ ચલાએ. હકીકતમેં યે ઉસકા દાવાએ ખુદાઇ હૈ ઔર *વહદહુ લાશરીક ઝાત જલ્લશાનહુ* કે સાથ દાવાએ હમસરી હૈ. બલ્કે યે બે સઆદત નફસ શિરકત પર ભી રાઝી નહીં, યેહ ચાહતા હૈ કી સિર્ફ વહીં હાકીમ હો ઔર બાકી સબ ઉસકે મોહકુમ વ તાબે હો. હદીષે કુદ્સી મેં આ ચૂકા હૈ, ''*અપને નફસસે અદાવત રખ, ક્યોંકી યે મેરી દુશ્મની પર કમર બસ્તા હૈ.*''

(મકતુબ-૫૨, દફતર-૧ હિ-૨)

(અર્થાત્:- દુષ્ટ નફસ મોટાઇ અને સરદારી(નેતાગીરી)ની મોહબ્બત પર પૈદા કરવામાં આવ્યો છે. તેની ઇચ્છા હંમેશા એ જ હોય છેકે પોતાના સમકાલીન લોકો પર મહાનતા તેમજ બુલંદી પ્રાપ્ત કરે. તેની આકાંક્ષા એ છેકે તમામ સૃષ્ટિ તેની મોહતાજ હોય અને તેના આદેશોને અનુસરે, તેમજ પોતે કોઇનો મોહતાજ પણ ન હોય અને તેની ઉપર કોઇ હુકમ પણ ન ચલાવે. ખરેખર તો આ તેનો ખુદાઇદાવો છે. અને *વાહદહુ લાશરીક ઝાત જલ્લશાનહુ* ની સાથે બરાબરીનો દાવો છે; એટલું જ નહીં પરંતુ આ દુર્ભાગી નફસ આ ભાગીદારી પર પણ રાજી નથી તે તો એવું ઇચ્છે છે કે માત્ર પોતે જસ સત્તાધીશ હોય અને બાકી બીજા બધા તેના આદેશને આધીન હોય. હદીષે કુદ્સીમાં આવ્યું છે કે,'' તારા નફસથી દુશ્મની રાખ,કારણ કે તે મારી દુશ્મની માટે કટીબધ્ધ છે.'')

★(૨૨) હુઝુરે અકદ્દસ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)કે સાથ કમાલે મોહબ્બતકી અલામત યે હૈ કી, હુઝુરકે દુશ્મનોકે સાથ બુગ્ઝ રખે.

(મકતુબ નં-૧૬૫, જીલ્દ-૧ હિ-૨)

(અર્થાત્:- હુઝુરે અકદ્દસ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની સાથે પરિપૂર્ણ મહોબ્બતની નિશાની એ છે કે હુઝુરના દુશ્મનો પ્રત્યે દુશ્મની રાખે.)

★(૨૩) અકમલુલ ઔલિયા અલ્લાહકો અલ્લાહ તબારક વ ત્આલાને યે કુદરત અતા ફરમાઇ હૈ કી વો એક હી વક્તમેં અલગ અલગ મકામાત પર તશરીફ ફરમાં હોતે હૈ. (મકતુબ ૫૮, જીલ્દ-૨, હિસ્સા-૩)

(અર્થાત્ :- મહાન દરજ્જાના ઔલિયાએ કિરામ ને અલ્લાહ તબારક વ ત્આલાએ એવી કુદરત અર્પણ કરી છે કે તેઓ એક જ સમયે અલગ અલગ જગ્યાઓ પર પધારેલાં હોય છે.)

★(૨૪) જબ તક ખુદા વ રસુલ કે દુશ્મનોકે સાથ દુશ્મની ન રખ્ખી જાએ ઉસ વક્ત તક ખુદા વ રસુલ કે સાથ મોહબ્બત નહીં હો શકતી.

(મકતુબ નં-૨૬૬, દફતર-૧, હિ-૪)

(અર્થાત્:- જ્યાં સુધી ખુદા અને રસુલના દુશ્મનો સાથે દુશ્મની ન રાખવામાં આવે ત્યાં સુધી ખુદા અને રસુલની સાથે મહોબ્બત થઇ શકતી નથી.)

★(૨૫) અલ્લાહત્આલાને અપને પયગમ્બર(સલલ્લાહો અલયહે વસલ્લમ) કો જો ખુલ્કે અઝીમ સે મૌસુફ હૈ કુફ્ફાર સે જેહાદ ઔર ઉન પર સખ્તી કરનેકા હુકમ દીયા.તો ઇસસે માલુમ હુઆ કી કુફ્ફારસે સખ્ત રવૈયા

ઈખ્તિયાર કરના ભી ખુલ્કે અઝીમ મેં દાખીલ હૈ.

(મકતુબ નં-૧૬૩, દફતર-૧ હિ-૩)

(અર્થાત્ઃ- ખુલકે અઝીમ(સૌથી ઉચ્ચ નિતીમત્તા) વડે આભૂષીત છે તેવા અલ્લાહત્આલાના પયગમ્બર (સલલ્લાહો અલયહે વસલ્લમ)ને કુફ્ફારથી જેહાદ તેમજ તની પર સખ્તાઈ કરવાનો આદેશ આપવામાં આવ્યો.તો તેનાથી જાણવા મળ્યુંકે કાફીરો સાથે સખ્તાઈપુર્વકનું વર્તન કરવું એ પણ *ખુલ્કે અઝીમ* માં સામીલ છે.)

★(૨૬) જાહેરી દૌલત દર હકીક્ત યે હૈ કી ઈન્સાનકા ઝાહિર એહકામે શરીઆહ્ મુસ્તફવીય્યાહ્ સલલ્લાહો અલયહે વસલ્લમ સે આરાસ્તા હો. ઔર માઅ્નવી સઆદત યે હૈ કી બંદેકા બાતીન હક સુબ્હાનહુ વ ત્આલાકે માસિવા કી ગીરફતારીસે નજાત યાફતા હો.

(મકતુબ નં-૪૯, દફતર-૧,હિ-૨)

(અર્થાત્ ઃ- ખરેખર જાહેરી દૌલત એ છે કે ઈન્સાનનું જાહેર (બાહ્ય આચરણ)મુસ્તુફા સલલ્લાહો અલયહે વસલ્લમની શરીઅ્ત વડે આભુષીત હોય. અને વાસ્તવીક સદ્ભાગ્ય એ છે કે બંદાનું બાતીન(આંતરીક આચરણ) અલ્લાહત્આલા સિવાયના તમામ બંધનોથી મુક્ત હોય.)

★(૨૭) ઈસ બાતકા યકીન રખેકી મુસલમાન કેહલાનેવાલે બદ મઝહબકી સોહબતકી ખરાબી, ખુલ્લે હુએ કાફીરકી સોહબતકી ખરાબી ઔર નુકશાન સે ભી જયાદા હૈ. (મકતુબ નં-૫૪ દફતર-૧, હિ-૨)

(અર્થાત્ ઃ- એ વાત પર પુરૂ યકીન રાખજોકે મુસલમાન તરીકે ઓળખાતાં બદમઝહબોની સોહબતની ખરાબી, ખુલ્લા કાફીરની સોહબતની ખરાબી તેમજ નુકશાનથી પણ વધુ છે.)

★(૨૮) હુઝુરે પાક સલલ્લાહો અલયહે વસલ્લમ કી ઉમ્મતકે ઔલિયાએ કીરામકા તવ્વાફ કરને કાઅ્બાએ મોઅઝ્ઝમા હાઝીર હોતા હૈ ઔર ઉનસે બરકતે હાંસીલ કરતા હૈ. (મકતુબ નં-૨૦૯, દફતર-૧, હિ-૩)

(અર્થાત્ઃ- હુઝુરે પાકસલલ્લાહો અલયહે વસલ્લમની ઉમ્મતના ઔલિયાએ કિરામનો તવાફ કરવા માટે કાઅ્બાશરીફ(પોત)હાજર થાય છે અને તઓના થકી બરકત હાંસીલ કરે છે.)

★(૨૯) નમાઝી,જો નમાઝકી હકીકતસે આગાહ હૈ, નમાઝ અદા કરનેકે વક્ત ગોયા આલમે દુનિયાસે બહાર નીકલ જાતા હૈ, ઔર આલમે આખેરતમેં દાખીલ હો જાતા હૈ. (મકતુબ નં-૨૬૧, દફતર-૧ હિ-૪)

(અર્થાત્ઃ- જે નમાઝી નમાઝની હકીકતોનો જાણકાર છે તે નમાઝ અદા કરવાના સમયે,દુનિયાથી બહાર નીકળી જાય છે. અને આખેરતમાં

પ્રવેશ પામે છે.)

★(૩૦) તરીકતકી બરકતેં ઉસ વક્ત તક ફાઈઝ રહેતી હૈ જબ તકકી તરીકત મેં કોઈ નઈ બાત પૈદા ન હો જાએ. જબ નઈ બાત પૈદા હો જાતી હૈ તો ઉસ વક્ત ઈસ તરીકેકે ફોયુઝો-બરકા તકા રાસ્તા બંધ હો જાતા હૈ.

(મકતુબ નં-૨૬૭, દફતર-૧, હિ-૪)

(અર્થાત્ ઃ-જ્યાં સુધી તરીકતમાં કોઈ નવી વાત ઉપજાવી કાઢવામાં ન આવે, ત્યાંસુધી તરીકતની બરકતો જળવાયેલી રહે છે,જ્યારે કોઈ નવી વાત ઉપજાવી કાઢવામાં આવી તો એ જ સમયે તરીકતના ફૈઝ અને બરકતોનો રસ્તો બંધ થઈ જાય છે.)

★(૩૧) ફકીર(હઝરત ઈમામે રબ્બાની)કે નઝદીક ઈસ તરીકે મેં(નક્શબંદી તરીકેમેં)એક કદમ આગે બઢના, દુસરે તરીકોમેં સાત કદમ આગે બઢનેસે બહેતર હૈ.વોહ રાસ્તા જો તબીય્યત ઔર વિરાસતકે તૌર પર કમાલાતે નબુવ્વત તરફ ખોલા જાતા હૈ વોહ ઈસ તરીકે એ ઉલીયાહ (નક્શબંદી તરીકા)કે સાથ મખ્સુસ હૈ. દુસરે તરીકોકી ઈન્તેહા સીર્ફ કમાલાતે વિલાયતકી ઈન્તેહા તક હૈ વહાંસે આગે કમાલાતે નબુવ્વતકી તરફ કોઈ રાસ્તા નહીં ખુલા.

(મકતુબ નં-૨૮૧, દફતર-૧ હિ-૫)

(અર્થાત્ ઃ- ફકીર (હઝરત મુજદ્દીદે અલ્ફેસાની)ની નજીક આ તરીકા(નક્શબંદી તરીકા)માં એક ડગલું આગળ વધું બીજા તરીકાઓમાં સાત ડગલાં આગળ વધવાથી વધુ ઉત્તમ છે. જે રસ્તો તાબેદારી અને વારસારૂપે *કમાલાતે નબુવ્વત* તરફ ખુલ્લે છે, તે આ મહાન(નક્શબંદી)તરીકા સાથે જ ખાસ સંબંધિત છે. અન્ય તરીકાઓનો અંત માત્ર કમાલાતે વિલાયતના અંત સુધી જ (મર્યાદીત)છે ત્યાંથી આગળ કમાલાતે નબુવ્વત તરફ તેમાં કોઈ રસ્તો ખુલતો નથી.)

★(૩૨) તુમ જાનતે હો કે પીર કૈસી હસ્તી હૈ. પીર વોહ ઝાત હૈ કે જનાબ કુદ્દુસ ખુદાવંદી જલ્લશાનહુ તક પહોંચનેકે રાસ્તેમેં ઉસસે ઈસ્તેફાદાહ્ કરતે હૈ ઔર ઉસસે ઈસ રાહમેં તરહ તરહકી મદદ વ એઆનત્ હાંસીલ કરતે હૈં, ખાલી કુલાહ્ ઔર ચાદર ઔર શજરાહ જો મુરવ્વીજ હો ચુકા હૈ, પીરી-મુરીદીકી હકીકતસે ખારીજ હૈ ઔર આદત વ રસુમમેં દાખીલ હૈ.

(મકતુબ નં-૧૯૦, દફતર-૧ હી-૩)

(અર્થાત્ઃ-શું તમે જાણો છો કે પીર કેવી હસ્તી છે? પીર એ ઝાત છે કે અલ્લાહત્આલા જલ્લશાનહુ સુધી પહોંચવાના માર્ગમાં તેના વડે ફાયદો હાંસિલ કરવામાં આવે છે અને વિવિધ પ્રકારની મદદો મેળવવામાં આવે છે. માત્ર ટોપી,ચાદર અને શજરો કે જેની પરંપરા

થઇ ચુકી છે, તે આ પીરી-મુરીદીની હકીકતથી અલગ છે. તેમજ તે રસ્મો-રીવાજમાં દાખલ છે.)

★(૩૩) અલ્લાહત્આલાકી હમ્દઔર ઉસકા અહેસાન હૈ કે દવામે ઝીક્ર તરીકાએ ખ્વાજગાને (નક્શબંદ) કદ્દસ્સલ્લાહો ત્આલા અસરાહુમમેં ઇબ્તેદાહીમેં મયસ્સર આ જાતા હૈ ઔર 'નિહાયત ઇબ્તિદામેં દર્જ હૈ' કે તરીકે પર હાંસિલ હો જાતા હૈ લીહઝા તાલીબકો ઇસ બુલંદ તરીકેકો(નક્શબંદી તરીકા)ઇખ્તિયાર કરના ઝયાદા બેહતર ઔર મુનાસીબ હૈ, બલ્કે લાઝીમ વ વાજીબ હૈ. (મક્તુબ નં-૧૯૦, દફ્તર-૧ હી-૩)

(અર્થાત્:- અલ્લાહત્આલાની હમ્દઅને તેનો અહેસાન છે કે,ઝીક્રની નિરંતરતા ખ્વાજગાને નક્શબંદ(કુદ્દસ્સલ્લાહોત્આલા અસરાહુમ)ના તરીકામાં અંત આરંભમાં સમાયેલો હોવાની રીત મુજબ શરૂઆતમાં જ પ્રાપ્ત થઇ જાય છે, એટલા માટે તાલીબ માટે આ મહાન તરીકો(નક્શબંદી તરીકો) અપનાવવો વધુ ઉત્તમ અને યોગ્ય છે, એટલું જ નહીં પરંતુ જરૂરી અને વાજીબ છે.)

★(૩૪) હદીષે કુદ્સીમેં આયા હૈ, ''અપને નફ્સ સે દુશ્મની રખ કે યહ મેરી દુશ્મની પર ખડા હૈ.'' તો તરીકએ મશાઇખમેંસે હર વોહ તરીકા જીસમેં એહકામે શરીઅ્તકી ઝયાદાહ રીઆયત કી ગઇ હોગી અલ્લાહત્આલાકી તરફ કરીબતરીન રાસ્તા હોગા,ક્યોકી ઉસમેં નફ્સકી મુખાલીફત ઝયાદા હૈ ઔર સુન લો,વોહ હૈ 'તરીકાએ નક્શબંદીયાહ.' યહી વજહ હૈ કી હમારે સરદાર ઔર કિબ્લાહ શૈખે અજલ શૈખ બહાઉદ્દીન મશહુર બ નક્શબંદ ફરમાયા કરતે થે, ''મૈંને અલ્લાહત્આલાકી તરફ સબ તરીકોમેં સે કરીબતરીન તરીકા પાયા હૈ,ક્યોંકી ઉસમેં નફ્સકી ઝયાદાહ્ મુખાલીફત હૈ.''

(મકતુબ નં-૯, દફ્તર-૩, હી-૭)

(અર્થાત્:-હદીષે કુદ્સીમાં આવ્યું છે કે, ''તારા નફ્સ સાથે દુશ્મની રાખ કારણ કે તે મારી દુશ્મની સામે કટીબધ્ધ છે.'' તો મશાઇખોંના તરીકાઓ પૈકી અલ્લાહત્આલાની નઝદીક સૌથી વધુ નિકટનો તરીકો એ છેકે,જેમાં શરીઅ્તના હુકમોની પાબંદી વધુ હશે, કારણકે તેમાં નફ્સની વધુ મુખાલીફત છે અને સાંભળી લ્યોકે એ છે **નકશબંદી તરીકો**. આજ કારણસર અમારા સરદાર અને કિબ્લાહ શૈખે અજલ, શૈખ બહાઉદ્દીન કે જેઓ **નક્શબંદ** તરીકે ઓળખાય છે, ફર્માવ્યાં કરતાં હતાં કે, ''મૈ અલ્લાહત્આલા તરફ જનારા તમામ તરીકાઓમાં સૌથી વધુ નિકટનો તરીકો(નક્શબંદી તરીકો) મેળવ્યો છે, કારણ કે તેમાં નફ્સની મુખાલીફત(વિરોધ)વધુ છે.'')

★(૩૫) **જાનના ચાહીએ કી વોહ તરીકા જો નઝદીકતર,**

જલ્દી પહોંચાનેવાલા, કિતાબ વ સુન્નત કે ઝયાદાહ્ મુવાફીક, ઝયાદાહ્ મજબૂત, ઝયાદાહ્ મેહફુઝ, ઝયાદાહ્ પુખ્તાહ્, ઝયાદાહ્ સચ્ચા, ઝયાદાહ્ રહેનુમાઇ ફરમાનેવાલા, બહોત ઊંચા, બહોત બુઝુર્ગ, બહોત બુલંદ મર્તબા, બહોત કામીલ હૈ વોહ સીર્ફ બુલંદ તરીકા નક્શબંદીય્યાહ હૈ.(કુદ્દસ્સલ્લાહો અરવાહે અફાલીહા વ અસરારે મવાલીહા.)

(દફ્તર-૧, મક્તુબ નં-૨૯૦, હી-૫)

(અર્થાત્:- જાણવું જોઇએકે(મશાઇખોંના તરીકાઓ પૈકી) એ તરીકો જે સૌથી વધુ નજદીક,જલ્દી પહોંચાડનારો,કિતાબ અને સુન્નતથી વધુ સુસંગત,વધુ શકિતશાળી,વધુ સુરક્ષિત,વધુ બળવાન,વધુ સાચો,વધુ માર્ગદર્શન કરનારો,ઘણો બઝુર્ગ,ઘણોમહાન દરજ્જાનો,ઘણો પરીપૂર્ણ છે તે માત્ર આ મહાન નક્શબંદી તરીકો છે.(કુદ્દસ્સલ્લાહોત્આલા અસરારહુમ.)

★(૩૬)અગર યે દૂસરે સિલસિલોકે વાસીલ હઝરાત જહતે સાનીમેં ઉન મશાઇખેં નકશબંદીય્યાહકે સાથ શરીક હૈ.ઔર ફનાફીલ્લાહ વ બકાબીલ્લાહ કે સાથ મૌસુફ હૈ લેકીન વોહ મુસાફત જીસે દુસરે સિલસિલો કે અરબાબ સુલુક, રીયાઝત ઔર મુજાહીદાત કે સાથ તય કરતે હૈ,ઔર ઝમાના હાએ દરાઝકે બાદ ઉસ કામકો નિહાયત તક પહોંચાતે હૈ. ઇસ બુઝુર્ગ સિલસિલા નક્શબંદીય્યાહ કે અકાબીર દૌલતે શહુદકી લીઝ્ઝત ઔર મક્સુદકે ઝૌકેયાફત સે ઉસ મુસાફત કો થોડે સે વક્ત મેં તય કરલેતે હૈ ઔર કાઅ્બાએ મક્સુદ તક પહોંચ જાતે હૈ કે દુસરે સિલસિલેકે ઇન્તેહાકો પહોંચનેવાલે અરબાબે-સુલુકકો ઇસ તરકકી ઔર કુર્બ સે બહોત કમ હિસ્સા મિલતા હૈ.

(મક્તુબ નં-૨૯૦, દફ્તર-૧ હી-૫)

(અર્થાત્:- જો કે બીજા સિલસિલાના વાસીલ હઝરાતો બીજી રીતથી આ નક્શબંદી મશાઇખોંની સાથે છે તેમજ ફનાફીલ્લાહ અને બકાબીલ્લાહ વડે સુશોભીત છે. પરંતુ બીજા સિલસિલાના સુલુક પાર કરનારા લોકો જે અંતર ઘણી સખ્ત ઇબાદતો અને મુજાહેદાઓ વડે પાર કરે છે અને ઘણા લાંબા સમયગાળા પછી જે કામનાં અંત સુધી પહોંચે છે,તે આ બુઝુર્ગ નક્શબંદી સિલસિલાના મહાન બુઝુર્ગો શહુદ(દિદાર)રૂપી દૌલતની મઝા અને મકસુદ (અલ્લાહત્આલા)ની પ્રાપ્તીના ઝૌકવડે ખૂબ અલ્પ સમયમાં પાર કરી લે છે, તેમજ ધ્યેય રૂપી કાઅ્બા(અલ્લાહત્આલા)સુધી પહોંચી જાય છે, કે બીજા સિલસિલાના અંતમાં પહોંચેલા સુલુકવાળાઓને પણ આ પ્રકારની તરકકી તેમજ નીકટતાથી ઘણા જ નહીંવત્ હિસ્સો પ્રાપ્ત થાય છે.)

★(૩૭)હઝરત ખ્વાજા નકશબંદ(કુદ્દસ્સલ્લાહો ત્આલા

સીર્રહુલ્અકદ્દસ)ને ફરમાયા હૈ કી,"હમ નિહાયત કો બિદાયતમેં દર્જ કરતે હૈ." ઈસ ઈબારત કી માઅની યે હૈ કી જો ઈન્જેઝાબ વ મોહબ્બત મુન્તહી હઝરાતકો ઈન્તિહામેં જાકર મયસ્સર આતી હૈ, ઈસ તરીકે મેં વો ઈન્જેઝાબ વ મોહબ્બત ઈબ્તિદમેં દર્જ હૈ, ઈસ લીયે કી મુન્તહીકા ઈન્જિઝાબ *ઈન્જિઝાબે રૂહી* હૈ ઔર મુબ્તદીકા જઝબ જઝબે કલ્બી. ઔર કલ્બ ચુંકે રૂહ ઔર નફસ કે દરમ્યાન બરઝખ હૈ ઈસ લિયે જઝબે કલ્બી કે ઝુમન મેં જઝબે રૂહીભી હાંસીલ હો જાતા હૈ,ઔર તમામ જઝબાતમેં ઈસ માઅ્નીકે હાંસીલ હોનેકે બાવજુદ ઈન્દીરાજ કી યહ તખ્સીસ ઈસ તરીકેકે સાથ ઈસ બીના પર હૈ કી ઈસ ખાનવાદાકે અકાબીરને ઈસ માઅ્ની કે હુસુલકે લીયે એક ખાસ તરીકા વઝઅ્ કીયા હૈ ઔર ઈસ મતલબ તક પહોંચને કે લીયે એક રાસ્તા મુતઈન કીયા હૈ ઔરદુસરાકો યહ માઅ્ની ઈત્તીફાકસે નસીબ હો જાતા હૈ. ઈસે હાંસીલ કરને કે લીયે ઉન કે પાસ કોઈ ઝાબ્તા ઔર કાયદા કુલીય્યાહ્ નહીં હૈં, નીઝ ઈન બુઝુર્ગોકી જઝબેકે મકામમેં ખાસ શાન હૈ જો દૂસરો કો મયસ્સર નહી.

(મકતુબ નં-૨૮૭, દફતર-૧, હી-૫)

(અર્થાત્ઃ- હઝરત ખ્વાજા નકશબંદે(કુદ્દસ્સીર્રહુલ્અસરાર)ફર્માવ્યું છેકે, "અમે અંતને પ્રારંભમાં દાખલ કરીએ છીએ." આ લખાણનો અર્થ એ છે કે જે જઝબો અને મહોબ્બત અંતિમ ચરણમાં પહોંચેલા લોકોને અંતમાં જઈને પ્રાપ્ત થાય છે, તે જઝબો અને મહોબ્બત આ તરીકામાં (નકશબંદી તરીકામાં)શરૂઆતમાં જ સમાયેલી છે. એટલા માટે કે અંતિમ ચરણે પહોંચેલાનો જઝબોએ જઝબાએ રૂહી છે. અને પ્રારંભકર્તાનો જઝબો કલ્બનો જઝબો છે. જ્યારે કલ્બએ રૂહ અને નફસની વચ્ચે માધ્યમ છે. એટલા માટે જઝબએ કલ્બીની અંદર જ(પ્રારંભકર્તાને)જઝબએ રૂહી પણ હાંસીલ થઈ જાય છે. તેમજ તમામ જઝબાઓમાં આ પ્રકારનું અર્થઘટન સિવાય અમે અંતને આરંભમાં દાખલ કરીએ છીએ,ની આ વિશેષતા આ તરીકા સાથે એ આધાર પર છે કે આ ખાનદાનના મહાન બુઝુર્ગોએ આ મજકુર અર્થની પ્રાપ્તિ માટે એક ખાસ તરીકો કાઢ્યો છે અને આ મતલબ સુધી પહોંચવા માટે(અમે અંતને આરંભમાં દાખલ કરીએ છીએ તેના મતલબ સુધી)એક માર્ગ નક્કી કર્યો છે. **બીજાઓને તો આ મતલબ અનાયાસે જ પ્રાપ્ત થઈ જાય છે, તે પ્રાપ્ત કરવા માટે તેઓની પાસે કોઈ નિયમોકે તૌર-તરીકા નથી. તદુપરાંત આ બુઝુર્ગો(નકશબંદી બુઝુર્ગો)ની જઝબાના મકામમાં એક વિશિષ્ઠ શાન છે, જે બીજાઓને પ્રાપ્ત નથી.)**

★(૩૮) અલ્લાહત્આલાકે ગઝબ ઔર ગુસ્સેકો ઠંડા કરનેમેં કોઈ ચીઝ ભી કલ્માએ તય્યેબાહ(*લાઈલાહા ઈલલ્લાહ...*)સે બઢકર જ્યાદા ફાયદા

પહુંચાનેવાલા નહીં. જબ યે કલ્મા દોઝખકી આગમેં પડનેકે ગઝબકો ઠંડા કરતા હૈ તો દુસરે ગુસ્સે જો ઈસસે કમતર હૈ બ-તરીકએ ઔલા ઠંડા કરતા હૈ.

(મકતુબ-૩૭ દફતર-૨, હી-૧)

(અર્થાત્ઃ- અલ્લાહત્આલાના ગઝબ તેમજ ગુસ્સાને ઠંડો કરવા માટે કોઈપણ વસ્તુ કલ્માએ તય્યેબાહ(*લાઈલાહા ઈલલ્લાહ...*)થી વધીને ફાયદો પહોંચાડનાર નથી, જ્યારે આ કલ્મો દોઝખની આગમાં પડવાના ગઝબને ઠંડો કરી દે છે, તો બીજા ગુસ્સાઓ કે જે તેનાથી ઘણાં જ કમતર છે તેને તો ઘણી સારી રીતે ઠંડા કરી દેશે.)

★(૩૯) નમાઝકા ઠીક હોના ઔર ઉસકા કમાલ ફકીરકે નઝદીક (હઝરત મુજદ્દીદે અલ્ફેશાનીકે નઝદીક)ફરાઈઝ, ઔર વાજીબાત, સુનન ઔર મુસ્તહબાતે નમાઝકા ઈસ તરહ બજાલાના હૈ જીસકા બયાન ફિક્હકી કિતાબોંમેં તફસીલ કે સાથ આ ચુકા હૈ. ઈન ચાર ઉમુરોકે અલાવાહ્ કોઈઐસા અમ્ર નહીં હૈ જીસકા નમાઝકે કામીલ હોનેમેં દખલહો. નમાઝમેં ખુશુઅ્ વ ખુઝુઅ્ભી ઈન્હી ચાર ઉમુરોમેં દર્જ હૈ,ઔર હુઝુરે કલ્બભી ઈન્હીં ચાર ઉમુરોસે વાબીસ્તા હૈં. (મકતુબ નં-૩૦૫, દફતર-૧, હી-૫)

(અર્થાત્ ઃ-નમાઝની દુરસ્તી તેમજ પરિપૂર્ણતા ફકીર (હઝરત મુજદ્દીદે અલ્ફેસાની)ની નજીક એ છે કે, ફીકહની કિતાબોમાં વિસ્તાર પૂર્વક વર્ણવ્યાં પ્રમાણે નમાઝના ફર્ઝો, વાજીબો, સુન્નતો અને મુસ્તહબો અદા કરવા. આ ચાર કાર્યો સિવાય કોઈ એવું કાર્ય નથી કે જેનો નમાઝને પરિપૂર્ણ કરવામાં કશો હસ્તક્ષેપ હોય.નમાઝમાં ખુશુઅ્ અને ખુઝુઅ્(આજેઝી અને કાકલુદી) પણ આ ચાર કાર્યોમાં જ સમાયેલા છે. અને હુઝુરે કલ્બી(દીલની એકલીનતા) આ ચાર કાર્યોથી જ સંબંધિત છે.)

★(૪૦)ચંદસાલ પહેલે ફકીર(હઝરત મુજદ્દીદે અલ્ફેષાની)કી આદ્દત યેથી કે ઈસાલે સવાબકે લીયે ખાના પકાતા થા તો આલે અબા(સાદાતે કિરામ)કી રૂહાનિયતકે લીયે મખ્સુસ કરાતા થા. ઔર હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)કે સાથ હઝરત અલી, હઝરતે ફાતેમાહ ઔર હઝરતે હસનૈન કરીમૈન(રિદવાનુલ્લાહે ત્આલા અલયહીમ અજમઈન)કો મીલાતા થા.એક રાત ખ્વાબમેં દેખા કી હુઝુરે પાક(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તશરીફ ફરમાં હૈ ઔર આપકો સલામ અર્ઝ કરતા હું, લેકીન આપ તવજ્જોહ નહીં ફરમાતે ઔર ચહેરા દુસરી તરફ રખકે મુઝકો ફરમાયાકી, "મૈં ખાના આયશાકે ઘરમેં ખાતા હું.જો શખ્સ મુઝે ખાના ભેજે,આયશાકે ઘરમેં ભેજે." ઉસ વક્ત માલુમ હુવા કી મેરી તરફ ન દેખનેકી વજહ યેથી કે મૈ ફાતેહાકે ખાનેકો હઝરતે સીદ્દીકા (રદીયલ્લાહો ત્આલા અન્હા)કો હદીયા ન કરતા થા.

ઉસકે બાદ સે હઝરતે સીદ્દીકા(રદીયલ્લાહો ત્આલા અન્હા)બલ્કિ આપકી તમામ અજવાઝે મુત્તહ્હેરાતકો એહલેબયતકે સાથ શરીક કરતાં હું.

(મકતુબ નં-૩૬, દફતર-૨, હી-૧)

(અર્થાત્‌ઃ- અમુક વર્ષો પહેલાં ફકીર (હઝરત મુજદ્દીદે અલ્ફેષાની) ની એ આદત હતી કે ઈસાલે સવાબ માટે ખાણું પકાવતો હતો,તો આલે અબા(સાદાતે કિરામ)માટે તેને ખાસ કરાવતો હતો. અને હુઝુર(સલલ્લાહો અલયહે વસલ્લમ)ની સાથે હઝરત અલી, હઝરત ફાતેમાહ, અને હઝરત હસનૈન કરીમૈન(રીદવાનુલ્લાહ ત્આલા અલયહીમ અજમઈન)ને તેમાં સામેલ કરતો હતો. એકવાર ખ્વાબમાં જોયું કે હુઝુરે પાક(સલલ્લાહો અલયહે વસલ્લમ)તશરીફ ફરમાં છે. અને હું આપને સલામ અર્ઝ કરું છું, પરંતુ આપ ધ્યાન આપ્યું નહીં અને પવિત્ર ચહેરો બીજી તરફ ફેરવીને મને ફર્માવ્યું કે, ‘‘હું ખાણું આયશાનાં ઘરમાં ખાવ છું, જે વ્યક્તિ મને ખાણું મોકલે આયશાના ઘરમાં મોકલે.’’ ત્યારે ખબર પડી કે મારીતરફ ધ્યાન ન આપવાનું કારણ એ હતુંકે, (હું)ફાતેહાના ખાણાને હઝરત સીદ્દીકા(રદીયલ્લાહો ત્આલા અન્હા)ને હદીયો કરતો ન હતો. ત્યાર પછી થી હઝરતે સીદ્દીકા(રદીયલ્લાહો ત્આલા અન્હો)જ નહીં પરંતુ તમામ અજવાઝ મુતહહેરાતને એહલેબયતની સાથે શરીક કરી લેતો હતો.)

(**નોટ** :-હુઝુરે પાક(સલલ્લાહો અલયહે વસલ્લમ) કે ઉપર જબ ભી ફાતેહા પઢે તો ઉમ્મ્હાતુલ મોઅમેનીનકો જરૂર શરીક કરે. બીલ ખુસુસ હઝરત આયશાએ સીદ્દીકા (રદીયલ્લાહો ત્આલા અન્હા) કો જરૂર શરીક કરે.

ઔર પતા ચલાકી સરકારે પાક (સલલ્લાહો અલયહે વસલ્લમ)કે ગુલામ હુઝુરકે નામ પર ફાતેહા દે કર ખાના પકાએ તો યે ખાના હુઝુરકો પહોંચતા હૈ ઔર ફાતેહાકા તરીકા નયા નહીં, બલ્કિ હઝરત મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો) ભી ફાતેહા દિલાતે થે. ફાતેહા દિલાનેવાલેકો મુશરીક કહનેવાલે હઝરત મુજદ્દીદ સાહબ કો ક્યાં કહેંગે?)

મુજદ્દીદે સદી અને મુજદ્દીદે અલ્ફ વચ્ચેનો ફર્ક અને તેના પુરાવાઓ

વલી મહેબુબ હો શાહે ઝમાની =ઉરૂજે પાક ભી હય લામકાની.
અતા આરીફ કોહો શર્ફે ગુલામી =કરમહો યામુજદ્દીદે અલ્ફેષાની.

આજે ‘મુજદ્દીદે સદી’ (સો વર્ષના મુજદ્દીદ)અને ‘મુજદ્દીદે અલ્ફ’ (હઝાર વર્ષના મુજદ્દીદ) વિશે ઘણી જ ચર્ચાઓ ચાલી રહી છે, મોટાભાગ ના લોકો ‘ મુજદ્દીદે સદી’ની વાત તો સ્વીકારે છે, પરંતુ ‘મુજદ્દીદેઅલ્ફ’ વિશે

અનેક દલીલો અને તર્ક-વિતર્કો કરી રહ્યા છે. જ્યારે અમુક લોકો તો ‘મુજદ્દીદે અલ્ફ’નો બિલ્કુલ ઈન્કાર જ કરી રહ્યા છે.અને તેઓના આ ઈન્કાર પાછળ કાંતો તેઓની અજ્ઞાનતા જવાબદાર છે અથવા તો તેઓની હસદ અને કિન્નાખોરી કારણભુત છે. અને માટે જ અહીં હું મુજદ્દીદે સદી અને મુજદ્દીદે અલ્ફ ની ચર્ચા હદીષેપાક અને કેટલીક આધારભુત કિતાબોંના આધારે પ્રશ્નોત્તરીરૂપે રજૂ કરી રહયો છું,જેના થકી વાંચક આ વાતને સરળતાપૂર્વક સમજી શકે અને ઈન્કારથી બચી જાય.આ ચર્ચાને હું *ફૈઝાને નક્શબંદ*ના ખુલાસાથી શરૂ કરીશ અને મુજદ્દીદે અલ્ફના પુરાવાઓ પર પુરી કરીશ.

સવાલ :-*મોહતરમ,નક્શબંદી સલિસિલો તો શહેનશાહે નક્શબંદ હઝરત ખ્વાજા બહાઉદ્દીનશાહ નક્શબંદ(રદીયલ્લાહો ત્આલા અન્હો)થી શરૂ થયો તો પછી તેઓની આગળના બુઝુર્ગોને નક્શબંદી સિલસિલાના બુઝુર્ગો કઈ રીતે કહી શકાય ?*

જવાબ :-જનાબ, આપની વાત તદ્દન સાચી છે કે, આ મુકદ્દસ સિલસિલાનું નામ નક્શબંદી સિલસિલો પડવાનું કારણ હઝરત ખ્વાજા બહાઉદ્દીનશાહ નક્શબંદ(રદીયલ્લાહો ત્આલા અન્હો)છે કે જેઓ શહેનશાહે નક્શબંદ તરીકે ઓળખાય છે. આપ આ મુકદ્દસ સિલસિલાના ઇમામ તેમજ સ્થાપક(બાની)છે અને આપના દ્વારા જ આ સિલસિલો નક્શબંદી તરીકે ખ્યાતિ પામ્યો, પરંતુ આ સિલસિલામાં અસલ તો નક્શબંદી ફૈઝાન છે જે ખલીફાએ અવ્વલ અફઝલુલ્બશર,બાઅદલ્અમ્બિયા હઝરત સૈયદના સિદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો)થી સાબિત છે, અને આ ફૈઝાન ના કારણે જ આગળના બુઝુર્ગોને પણ આ સિલસિલા સાથે સંબંધિત કરવામાં આવે છે. તો આ રીતે એક છે **નક્શબંદી ફૈઝાન** જે હઝરત સીદ્દીકે અકબર (રદીયલ્લાહો ત્આલા અન્હો)થી જારી થયો અને એક છે,**નક્શબંદી નિસ્બત** જે હઝરત ખ્વાજા બહાઉદ્દીનશાહ નક્શબંદ(રદીયલ્લાહો ત્આલા અન્હો)થી શરૂ થઈ. તો આ રીતે **નક્શબંદી ફૈઝાન** ના કારણે આગળના બુઝુર્ગો પણ નક્શબંદી કહેવાયા.

સવાલ :- *ભાઈ,એ વાતની સ્પષ્ટતા કરો કે આ નક્શબંદી ફૈઝાન વળી હઝરત સૈયદના સીદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો)થી કઈ રીતે સાબિત છે ?*

જવાબ :- નક્શબંદી સિલસિલો તો શહેનશાહે નક્શબંદ હઝરત ખ્વાજા બહાઉદ્દીનશાહ નક્શબંદ(રદીયલ્લાહો ત્આલા અન્હો)થકી ખ્યાતિ પામ્યો, પરંતુ આ સિલસિલાના મશાઈખોંની સાંકળની પ્રથમ કડી સરકારે દો આલમ તાજદારે મદીના(સલલ્લાહો અલયહે વસલ્લમ)પછી હઝરત

સૈયદના સિદ્દીકે અકબર (રદીયલ્લાહો ત્આલા અન્હો)છે અને ફૈઝાને નક્શબંદની અહીં જ સાબીતી મળે છે. જે અનુસંધાને કિતાબ સચ્ચી હિકાયતમાં હઝરત મૌલાના અબુ નુરમોહંમદ બશીર સાહેબે એક વાત રજૂ કરી છે, જે હું અહીં રજૂ કરું છું.

એકવાર હુઝુર નબીએપાક(સલલ્લાહો અલયહે વસલ્લમે)હઝરત સીદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો)ને એક અંગુઠી(વીંટી)આપતાં ફર્માવ્યું કે,"જાવ અને આની ઉપર અલ્લાહનું નામ નક્શ કરાવી લાવો." હઝરત સૈયદના સીદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો)આ અંગુઠી લઈને નક્શ કરવાવાળાની પાસે પહોંચ્યાં અને જરા પણ ખચકાટ વગર કહી દીધું કે, 'આ અંગુઠી ઉપર અલ્લાહ અને તેના રસુલ મોહંમદ(સલલ્લાહો અલયહે વસલ્લમનું નામ નક્શ કરી દે.' નક્શ કરવાવાળાએ એ પ્રમાણે પવિત્ર નામો નક્શ કરી આપ્યા. અને પછી આ અંગુઠી લઈને હઝરત સીદ્દીકે અકબર (રદીયલ્લાહો ત્આલા અન્હો)હુઝુર નબીએ કરીમ(સલલ્લાહો અલયહે વસલ્લમ)ની બારગાહ શરીફમાં આવ્યાં. આપ સરકારે જ્યારે આ પવિત્ર અંગુઠી જોઈ તો તેમાં અલ્લાહના નામની સાથે આપનું નામ પણ નક્શ કરેલું હતું, એટલું જ નહીં પરંતુ સાથે સીદ્દીકે અકબર નું નામ પણ નક્શ થયેલું હતું.

હુઝુર નબીએ પાક સાહેબે લૌલાક(સલલ્લાહો અલયહે વસલ્લમે) આ ત્રણેય પવિત્ર નામના નક્શને અંગુઠી પર નિહાળીને ફરમાવ્યું કે, "હે અબુબક્ર, મેં તો તમને માત્ર '**અલ્લાહ**' નું નામ નક્શ કરવા મોકલ્યા હતાં,પરંતુ તમે આ *બે નામ* વધુ ક્ઈ રીતે નક્શ કરાવી લાવ્યા?" તો તેના પ્રત્યુત્તરમાં હઝરત સૈયદના સીદ્દીકે અકબર (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ કહ્યું કે, "યા રસુલ્લાહ (સલલ્લાહો અલયહે વસલ્લમ), મારી ગયરતે એ વાત પસંદ ન કરી કે હું '*અલ્લાહ*'નું પવિત્ર નામ નક્શ કરાવું અને સાથે આપનું નામ મુબારક નક્શ ન કરાવું, જ્યારે કે પવિત્ર કલ્મામાં પણ અલ્લાહત્આલાએ પોતાના નામથી આપના નામ મુબારકને અલગ નથી પાડ્યું તો પછી અંગુઠીના નક્શમાં અલગ પાડનાર હું કોણ હોય શકું ? હા, મારા નામના નક્શની મને કશી ખબર નથી કે આ કઈરીતે બન્યું ?"

આ ચર્ચા હજુ ચાલુ જ હતી કે એ દરમ્યાન જ હઝરત જીબ્રઈલે અમીન(અલયહીસ્સલામ)અલ્લાહત્આલાનો સંદેશો લઈને નાઝીલ થયા અને અલ્લાહત્આલાના સલામ હુઝુર(સલલ્લાહો અલયહે વસલ્લમ)ને પહોંચાડ્યા અને બશારત સંભળાવીકે, "યા રસુલલ્લાહ(સલલ્લાહો અલયહે વસલ્લમ)જ્યારે સિદ્દીકે અકબર આપનું પવિત્ર નામ અલ્લાહના પવિત્ર નામથી જુદું કરવા માંગતા નથી, તો અલ્લાહત્આલા પણ આપના નામથી

સિદ્દીકે અકબરનું નામ અળગું કરવા માંગતો નથી અને માટે જ અંગુઠી ઉપર આ નામ કુદરતી રીતે જ કોતરાઈ ગયું."

તો આ રીતે હુઝુર રિસાલતે મઆબ(સલલ્લાહો અલયહે વસલ્લમ) ના પવિત્ર યુગથી જ આ 'ફૈઝાને નક્શબંદ'શરૂ થઈ ગયો હતો અને જેનું માધ્યમ હઝરત સૈયદના સીદ્દીકે અકબર(રદીયલ્લાહો ત્આલા અન્હો)ની ઝાતે ગિરામી છે.

સવાલ :- *આ નક્શબંદી તો હવે સમજાયું પરંતુ તમે આ નક્શબંદી -મુજદ્દેદી શા માટે કહેવડાવો છો ?*

જવાબ :- હઝરત ખ્વાજા બહાઉદ્દીન નક્શબંદ(રદીયલ્લાહો ત્આલા અન્હો)થી ઝીક્રે કલ્બી(ઈસ્તેઝાત)ની તાલીમ શરૂ થતાં આ સિલસિલાનું નામ નક્શબંદી પડ્યું, પરંતુ હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ પોતાની રીતે તસવ્વુફના મશહુર નવ(૯)સિલસિલાઓની ખાસ ખાસ નિસ્બત તેમજ ફૈઝાનને આપસમાં મેળવીને જે તરીકો ઈજાદ ફર્માવ્યો તે *મુજદ્દેદી તરીકો* છે. અને આ તરીકા ઉપર નક્શબંદી તરીકાનો પુરેપુરો પ્રભાવ અને ગલ્બો હોવાને કારણે તે નક્શબંદી-મુજદ્દેદી તરીકે જાણીતો થયો. અમારી આ નિસ્બતના કારણે જ અમે નક્શબંદી -મુજદ્દેદી કહેવડાવીએ છીએ.

સવાલ :- *જનાબ, સવાલ એ ઊભો થાય છે કે,હઝરત ઈમામે રબ્બાની સાહેબ(રદીયલ્લાહો ત્આલા અન્હો)ના પવિત્ર નામ આગળ જે મુજદ્દીદે અલ્ફેષાનીનો લકબ છે. તેનો શું મતલબ છે? કારણકે અમે મુજદ્દીદ શબ્દ તો સાંભળ્યો છે, પરંતુ આ મુજદ્દીદે અલ્ફેષાની જરા નવું લાગે છે માટે ખુલાસો કરી આભારી કરશો.*

જવાબ :- મોહતરમ,**અલ્ફ** શબ્દનો શાબ્દિક અર્થ હજાર થાય છે અને **ષાની** એટલે બીજા તો આ રીતે મુજદ્દીદે અલ્ફેષાની એટલે બીજા હજાર વર્ષના મુજદ્દીદ અવો અર્થ થાય છે. તો આ રીતે હઝરત ઈમામ રબ્બાની સાહેબ(રહેમતુલ્લાહ અલયહ)હીજરી સનના પ્રથમ હઝાર વરસ પુરા થયા પછી શરૂ થતાં બીજા હઝાર વર્ષના મુજદ્દીદ છે, માટે આપનો લકબ મુજદ્દીદે અલ્ફેષાની છે.

સવાલ :- *મુજદ્દીદે સદી એટલે કે સો વર્ષના મુજદ્દીદ માટે તો પુરાવા રૂપે હદીષે તજદીદ, 'ઈન્નલ્લાહ(અઝઝ્વજલ્લ)યબ્અસો લેહાઝેહીલઉમ્મતે અલા રાસે મેઅ્તે સના મય્યોજદ્દેદો લહા દીના.' (અર્થાત્ :- બેશક, અલ્લાહ ત્આલા દર સદીને છેડે મુજદ્દીદને મબ્ઉસ કરશે જે આ દીનની તજદીદ કરતાં રહેશે.)છે, તો મુજદ્દીદે અલ્ફના પુરાવા પેટે આપ શું રજૂ કરી શકો છો ?*

જવાબ :- હિંદુસ્તાનમાં સૌ પ્રથમ ઇલ્મે-હદીષ લાવનાર હઝરત શાહ અબ્દુલહક્ક મોહદ્દીષે દહેલ્વી(રહેમતુલ્લાહ અલયહ)છે, જેઓની ગણના પણ મુજદ્દીદની યાદીમાં જ થાય છે તેઓએ પોતાની જગવિખ્યાત કૃતિ **અખ્બારૂલ્અખ્યાર શરીફ** માં હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની શૈખ અહેમદ ફારૂકી સરહીંદી(રદીયલ્લાહો ત્આલા અન્હો)ના હાલાતો રજૂ કર્યા છે, જેમાં મુજદ્દીદે અલ્ફ વિશે પોતાના વિચારો રજૂ કરતાં લખ્યું છે કે, ''આપ મુજદ્દીદ હૈ સો સાલકે બાદકે મુજદ્દીદ નહીં, બલ્કિ હઝાર સાલ કે બાદવાલે મજદ્દીદ હૈ ઔર યે ફર્ક કોઇ મામુલી ફર્ક નહીં હૈ,બલ્કિ હઝરત અલીકે હજાર સાલકે બાદવાલે મુજદ્દીદ હૈ ઔર યે ફર્ક કોઇ મામુલી ફર્ક નહીં હૈ બલ્કે બહોત બડા ફર્ક હૈ, કાશ તુમ લોગ ઉસસે વાકીફીયત હાંસીલ કર લો.''

(અર્થાતઃ- આપ મુજદ્દીદ છે, સો વર્ષ પછીના મુજદ્દીદ નહીં, પરંતુ હઝરત અલીના હઝાર વર્ષ પછીના મુજદ્દીદ છે અને આ ફર્ક કોઇ સાધારણ ફર્ક નથી. બલ્કે બહુ જ મોટો ફર્ક છે કદાચ તમે લોકો તેની જાણકારી હાંસીલ કરી લ્યો.)

એ જ રીતે ખુદ હઝરત ઇમામે રબ્બાની,મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ પણ પોતાના મકતુબાત શરીફમાં બીજા દફતરના મકતુબશરીફ નં-જમાં મુજદ્દીદે સદી અને મુજદ્દીદે અલ્ફ વચ્ચેનો તફાવત દર્શાવતા લખ્યું છે કે, ''ઔર જાન લો કે હર સો સાલ પર એક મુજદ્દીદ ગુઝરા હૈ, લેકિન સો સાલકા મુજદ્દીદ ઓર હૈ ઔર હઝાર સાલકા મુજદ્દીદ ઓર, જીસ તરહ સો ઔર હઝાર મેં ફર્ક હૈ, ઇન દોનો મુજદ્દીદોં મેં ભી ઇસી તરહ ફર્ક હૈ, બલ્કે ઉસસે ભી ઝયાદહ ઔર મુજદ્દીદ વો હોતા હૈ કે ફોયુઝો બરકાતમેં સે જો કુછ ઉસ મુદ્દતમેં ઉમ્મતીયોંકો પહોંચતા હૈ ઉસકે વાસ્તે સે પહોંચતા હૈ અગરચે ઉસ વક્ત કે કુતુબ ઔર અવતાદ હો ઔર અબ્દાલ વ નુજબા હો.''

(અર્થાત્ઃ- અને જાણી લ્યો કે દર સો વર્ષે એક મુજદ્દીદ થયો છે. પરંતુ સો વર્ષનો મુજદ્દીદ અલગ છે અને હઝાર વર્ષનો મુજદ્દીદ અલગ તેમજ જે રીતે સો અને હઝાર વચ્ચે તફાવત છે આ બંને મુજદ્દીદો વચ્ચે એ જ રીતે તફાવત છે બલ્કે તેનાથી પણ વધુ, તેમજ મુજદ્દીદ એ હોય છે કે, આ સમય-ગાળા દરમ્યાન ઉમ્મતિયોંને જે કઇ ફોયુઝો બરકાત પહોંચે છે, તે તેના થકી જ પહોંચે છે પછી ભલેને એ સમયનો કુતુબ કેઅવતાદ હોય કે પછી અબ્દાલ કે નુજબા હોય.)

સવાલ :- *જનાબ,મુજદ્દીદે સદી માટે તો સ્પષ્ટ હદીષ શરીફ છે જ્યારે મુજદ્દીદે અલ્ફ વિશે તો આપે અહીં બુઝુર્ગોને દીનના મંતવ્યો રજૂકર્યા છે, જેમાં ચોક્કસ તથ્ય રહેલું છે, પરંતુ તમે જો મુજદ્દીદેઅલ્ફ ને હદીષેપાકની*

નુરાની રોશનીમાં સ્પષ્ટપણે સમજાવો તો વધુ આભારી થઇશ.

જવાબઃ- હદીષે અલ્ફ વિશે હઝરત ડો.પ્રો. મોહંમદ મસ્ઉદ સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)એ પોતાની કિતાબ **સિરતે મુજદ્દીદે અલ્ફેષાની** માં ઘણી જ સારી છણાંવટ સાથે રજૂ કરી છે, તેમાં આપે હદીષે અલ્ફ પેટે કિતાબ **રોઝતુલ્કય્યુમીય્યાહ્** માં હઝરત ખ્વાજા કમાલુદ્દીન મોહંમદ અહેસાન (રહેમતુલ્લાહ અલયહ)એ **કિતાબ જામેઉદ્દરર** ના હવાલાથી રજૂ કરેલી હદીષ રજૂ કરી છે અને પછી તેની ઉપર વિશદ ચર્ચા અને મનન મંથનો રજૂ કર્યા છેજેનો ટુંકો ભાવાનુવાદ અહીં રજૂ કરૂં છું:- જેથી વાંચક મુજદ્દીદે અલ્ફ ને સારી રીતે સમજી શકે. આપ મજકુર કિતાબમાં **હદીષે મુજદ્દીદે અલ્ફ** એ શીર્ષક નીચે ચર્ચા કરતાં લખેછે કે,

''હદીષે પાકથી મુજદ્દીદે સદી ની તો સાબીતી મળી ગઇ પરંતુ એ વાતની સાબીતી મળતી નથી કે મુજદ્દીદે અલ્ફ ની પણ કોઇ હકીકત છે. હઝરત મૌલાના અબ્દુલ હકીમ સિયાલકોટી (રહેમતુલ્લાહ અલયહ)અને કાઝી સનાઉલ્લાહ પાનીપતી (રહેમતુલ્લાહ અલયહ)જેવા બુઝુર્ગોએ પણ સો વર્ષના મુજદ્દીદ અને હજાર વર્ષના મુજદ્દીદ વચ્ચેના ફર્કને મેહસુસ કર્યો અને તેનું બયાન કર્યુ જેમ કે,

હઝરત મૌલાના અબ્દુલહકીમ સિયાલકોટી(રહેમતુલ્લાહ અલયહ) એ સૌ પ્રથમ આપના માટે મુજદ્દીદે અલ્ફેષાની લખ્યું.

તેમજ હઝરત કાઝી સનાઉલ્લાહ પાનીપતી(રહેમતુલ્લાહ અલયહ) કે જેઓ **તફસીરે મઝહરી શરીફ**ના લેખક છે તેઓએ પોતાની કિતાબ **ઇર્શાદુત્તાલેબીન** માં હઝરત મુજદ્દીદની માત્ર મુજદ્દેદીય્યત પર જ નહી,પરંતુ અલ્ફેષાની ની મુજદ્દેદીય્યત પર પોતાનું મંતવ્ય રજૂ કરતાં લખ્યું છે કે;'જ્યારે પ્રથમ હજાર વર્ષ ગુજરી ચુકયાં અને એક ઉલુલ્અઝમ મર્દે કામીલનો વારો આવ્યો તો અલ્લાહ ત્આલાએ પોતાની કદીમી આદત મુજબ બીજા હજાર વર્ષ માટે એક મુજદ્દીદ પૈદા ફર્માવ્યો કે તમામ ઔલિયામાં તેની જેવો ઉલુલ્અઝમ મુજદ્દીદ કોઇ જ થશે નહીં;તેને નબીઓ,રસુલો અને રસુલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ***તીનત** વડે પૈદા ફરમાવ્યો તેમજ એ કમાલાતો અને મકામાતો(તેને)અર્પણ કરવામાં આવ્યાં કે જે કોઇએ કદાપી નિહાળ્યા ન હોતા.અને આ આખરી ઝમાનામાં તેઓના તુફૈલથી આ કમાલાતો આમ(અતિ પ્રચલિત)અને જાહેર કરવામાં આવ્યાં.''

તો આ બંને બુઝુર્ગોના મંતવ્યો પરથી ફલિત થાય છે કે, મુજદ્દીદે અલ્ફ ની કોઇ હીકકત જરૂર હોવી જોઇએ અને શક્ય છે કે આ હકીકતનો આધાર એ હદીષ હોય કે જેને કિતાબ **રોઝતુલ્કય્યુમીય્યાહ**માં તેના લેખકે

*જુઓ પેજ નં. ૩૪૦ તીનતની સમજ

કિતાબ જામેઉદ્દરર્ર ના હવાલાથી લખી છે,જે આ મુજબ છે.

'કાલ રસુલલ્લાહ સલલ્લાહો અલચહે વસલ્લમ બઅ્ષલ્લાહો રજોલન અલા રાસે અહદ અશર મેઅત સનાહ્ હોવનુરુન્અઝીમ, ઇસ્મોહુ ઇસ્મી, બચન સલાતીનલ્જાબેરચન વ ચદખોલુલ્જન્નત બે શફાઅતેહી રીજાલુલ્વફા.''

(**અર્થાત્**:- અગિયારમી સદીની શરૂમાં અલ્લાહત્આલા બે જાબીર બાદશાહોની વચ્ચે એક એવો શખ્સ મોકલશે જે મારા જેવું નામ ધરાવતો હશે. અઝીમુશ્શાન નુર હશે, હઝારો ઇન્સાન તેની શફાઅત વડે જન્નતમાં દાખલ થશે.)

મજકુર હદીષેપાકમાં જે શખ્સનો વાયદો કરવામાં આવ્યો છે તેની પાંચ ખૂબીઓ વર્ણવવામાં આવી છેઃ-

★(૧) અગિયારમી સદીની શરૂઆતમાં થશે.

★(૨) મહાન નુર હશે.

★(૩) તેનું નામ મારા નામ જેવું હશે.

★(૪) બે જાબિર બાદશાહોની વચ્ચે હશે.

★(૫) તેની શફાઅત વડે હઝારો ઇન્સાન જન્નતમાં દાખલ થશે.

હવે આપણે આ તમામ વિશેષતાઓને હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીચલ્લાહો અન્હો)ની સિરતે મુબારકમાં શોધીએ.

*(૧) આમ તો જો કે હઝરત મુજદ્દીદ સાહેબ(રહેમતુલ્લાહ અલચહ) હી.સ.૯૭૨માં પૈદા થયાં,પરંતુ આપની ઇસ્લાહી કોશીશોની શરૂઆત અગિયારમી સદીની શરૂઆતમાં એટલે કે હી.સ.૧૦૧૨ પછી થાચ છે.

*(૨) હઝરત મુજદ્દીદે અલ્ફેષાની(કુદ્દસ્સીર્રહુ) બે જાબીર બાદશાહો એટલે કે અકબર અને જહાંગીર ની વચ્ચે મૈદાનમાં આવ્યા.

*(૩)આપના પીરો મુર્શીદ હઝરત ખ્વાજા બાકીબીલ્લાહ (કુદ્દસ્સીર્રહુ)કાબુલથી હિંદુસ્તાન રવાના થયા દિલ્હી જતાં રસ્તામાં આપે સરહીંદશરીફમાં **એક ભવ્ય પ્રકાશિત ચિરાગ** નીહાળ્યો,જેનો ઉલ્લેખ આપે ખુદે જ હઝરત મુજદ્દીદે અલ્ફેષાની(કુદ્દસ્સીર્રહુ)પાસે કર્યો એ સિવાચ હઝરત મુજદ્દીદ સાહેબ (કુદ્દસ્સીરૂહુ)એ ખુદે પણ આ ભવ્ય પ્રકાશિત ચિરાગ (**નુરેઅઝીમ**)નો અહેસાસ કર્યો.

એ સિવાય કિતાબ **રોઝતુલ્કચ્યુમીચ્યાહ** ના લેખકે એક રિવાચત નકલ કરી છે કે, હઝરત સરકાર ગૌષે આઝમ દસ્તગીર(રદીચલ્લાહો ત્આલા અન્હો)ને એક **નુરે અઝીમ** દેખાયું, ઇલ્હામ થયું કે,''આ નુર આપના પાંચસો વર્ષ પછી જાહેર થશે અને દીને ઇસ્લામની તજ્દીદ કરશે.'' એટલા માટે આપે

પોતાનો ખિર્કા મુબારક કેટલીક ખાસ નિસ્બતો વડે પુર ફર્માવીને પોતાના ખલીફાને અર્પણ કર્યો અને ફર્માવ્યું કે, ''જ્યારે તે નુર જાહેર થાય તો આ ખિર્કો તેને આપી દેવો.'' આ પવિત્ર ખીર્કો નસ્લ દર નસ્લ, ચાલતો આવ્યો ત્યાં સુધી કે હઝરત શાહ સિકંદર કાદરી (રહેમતુલ્લાહ અલચહે)તે હઝરત મુજદ્દીદ સાહેબ(કુદ્દસ્સીર્રહુ)ને પહેરાવ્યો,જે પહેરતાની સાથે જ આપે અજીબ રૂહાની કમાલાતો અને બાતિની હાલતોની વિસ્તૃતતાનો અનુભવ કર્યો.''

*(૪) જે રીતે આં હઝરત(સલલ્લાહો અલચહે વસલ્લમ)નું પવિત્ર નામ એહમદ છે,એ જ રીતે હઝરત મુજદ્દીદ સાહેબ (કુદ્દસ્સીર્રહુ)નું પવિત્ર નામ પણ એહમદ જ છે

*(૫) હઝરત મુજદ્દીદ સાહેબ(કુદ્દસ્સીર્રહુ)પોતે જ એક મકતુબશરીફમાં લખે છે કે, ''આપને શફાઅતના મકામ પર નિયુક્ત કરવામાં આવ્યાં.'' તે સિવાય એ હકીકત પણ સૂર્યની જેમ પ્રકાશીત છે કે આપે હઝારો કાફીરો અને મુશ્રીકોને ઇસ્લામની દૌલત વડે પાવન કર્યા તેમજ હઝારો ગુનેહગારોને, ગુમરાહોને સિરાતે મુસ્તકીમ દેખાડ્યો અને આ રીતે એક મખ્લુક જન્નત તરફ દોડતી થઇ ગઇ.

❊ હદીષે સિલાહ:-

એ મર્દેકામીલકે જેના થકી હઝારો ઇન્સાન જન્નતમાં પ્રવેશશે તેને એક બીજી હદીષેપાકમાં **સિલાહ** વડે ઓળખવામાં આવેલ છે. આ હદીષ હઝરત ઇમામ જલાલુદ્દીન સ્યુતી(રહેમતુલ્લાહ અલચહ)એ પોતાની મશહુર કૃતિ **જામેઉલ્જવામેઅ** માં નકલ કરી છે.

''*ચકુનો રોજુલ્ફીઉમ્મતિ ચોકાલ લહુ સિલાહ ચુદખેલુલ્જન્નત બે શફાઅ્તી કઝા વ કઝા.*'' (**અર્થાત્**:- મારી ઉમ્મતમાં એક શખ્સ થશે, જેને **સિલાહ** કહેવામાં આવશે,જેની શફાઅત વડે આટલાં આટલાં લોકો જન્નતમાં દાખલ થશે.)

આ હદીષેપાક હઝરત મુજદ્દીદસાહેબ(કુદ્દસ્સીર્રહુ)ને ઘણી રીતે બંધ બેસતી છે અને ખુદ હઝરત મુજદ્દીદ સાહેબ(કુદ્દસ્સીર્રહુ)એ પણ પોતાના રબની નેઅ્મતોની ખુબ ચર્ચા કરો એ ફર્માને ઇલાહી અનુસાર પોતાને સિલાહ રૂપી મળેલી આ મહાન નેઅમતનો શુક્ર અદા કરતાં પોતાના મકતુબાત શરીફમાં બીજા દફતરના મકતુબ શરીફ નં-૬માં ફર્માવ્યું છે કે,

''.......અને હઝારવર્ષની તજદીદની દુવા કબુલ થઇ ગઇ છે તમામ તારીફો એ ઝાત માટે છે કે જેણે મને બે સમંદરો વચ્ચે સેતુરૂપ અને બંને ગીરાહો વચ્ચે સુલેહ કરાવનાર(સિલાહ)બનાવી દીધો.દરેક હાલતમાં ખુબ જ પરિપૂર્ણ પ્રશંસા અને ખૈરૂલઅનામ

(સલલ્લાહો અલયહે વસલ્લમ) પર દરૂદો સલામ હો.''

ત્યાર બાદ ફરી હદીષે મુજદ્દીદે અલ્ફ ની ચર્ચા આગળ વધારતાં હઝરત પ્રો. ડો. મોહંમદ મસ્ઉદ સાહેબ(રહેમતુલ્લાહ અલયહ)લખે છે કે, ''મુજદ્દીદ અલ્ફ સંબંધે જે હદીષ ઉપર રજૂ કરવામાં આવી તે કિતાબ **રોઝતુલ્કય્યુમીય્યાહ**ના લેખકે કિતાબ **જામેઉદ્દુરર**ના હવાલાથી રજૂ કરી છે તેમજ આ હદીષને મુતકદ્દેમીન સુફીયાએ કિરામની બશારતો વડે આભુષીત કરી છે જેમ કે,એહમદ જામ ઝીંદાબીલ(મકામાત),શૈખ ઝુહુરૂદ્દીન ઇબ્ને અહેમદ જામ (રુમુઝુલ્આશેકીન), મૌલાના અબ્દુર્રહિમાન નુરૂદ્દીન જામી (નફહાતુલ્ઉન્સ), હઝરત દાઉદ કયસરી શારેહફુસુસુલ્હકમ (મુકદ્દમાએ કયસરી)અને હઝરત શૈખ ખલીલુલ્લાહ બદખ્શી (મકામાત) વગેરે વગેરે.

જો કે **રોઝતુલ્કય્યુમીય્યાહ** કોઇ એવી આધારભુત કિતાબ નથી એટલા માટે આ લેખક પોતે જેના હવાલાથી આ હદીષ લખાણી છે તે **કિતાબ જામેઉદ્દુરર,**તેના લેખક અને આ હદીષનું સંશોધન કર્યુ, તો જાણવા મળ્યું કે **જામેઉદ્દુરર** નામની ઘણી કિતાબો છે જે પૈકી આ પાંચ કિતાબો વિશે જાણવા મળ્યું,

(૧)ખીઝરબીન મોહંમદ જીલરવદી કૃત :- જામેઉદ્દુરર ફીશર્હુલ્બાબુલ્હાદી અશર(૨)અબ્દુલ્હસન કયસરી કૃતઃ- જામેઉદ્દુરર(મન્ઝુમતહ્ ફીલ્ફરાઇઝ)(૩)હસનબીન મેહમુદ અજગાની હનફી કૃત :- જામેઉદ્દુરર(ફરુઅહ્નફીય્યાહ)(૪) બદરૂદ્દીન દમાયની કૃત :- જામેઉદ્દુરર(લુગત)(૫)હાફીઝ ઇબ્ને મન્સુર કૃતઃ- જામેઉદ્દુરર

ઉપરોક્ત પાંચેય જામેઉદ્દુરર નામની કિતાબોમાંથી આ હદીષે-અલ્ફ મળી નહીં તેમજ જ્યારે મોટા ઉલ્માએ કિરામથી આ અનુસંધાને જાણકારી હાંસીલ કરી તો તેઓનો ખુલાસો એ જ હતો કે,'હદીસ મૌઝુ(મનઘડત)લાગે છે અને તેની દલીલ, ઇબારતમાં દેખાતી અસ્તવ્યસ્તતા તેમજ હદીષની કોઇ આધારભુત કિતાબોમાં ન હોવુંછે.'

પરંતુ હું આ બંને દલીલોનો જવાબ એ આપુ છું કે, 'ઇબારત (લખાણ)માં રહેલી અસ્તવ્યસ્તતા, સુસ્તીકે ઝઇફીનો સંબંધ છે ત્યાં સુધી સંશોધનકર્તા જાણે છે કે, જ્યારે કોઇ કૌલ સાવધાની વર્ત્યા વગર જ નકલ કરવામાં આવે છે ત્યારે થોડાક જ સમયમાં તે શું નું શું બની જાય છે,?ત્યાં સુધી કે કયારેક તો તેની અસલિયત જ નેસ્ત-નાબુદ થઇ જાય છે એટલા માટે લાંબી સમય અવધીને દ્રષ્ટિ સામેથી હટાવીને માત્ર ઇબારત કે લખાણની અસ્તવ્યસ્તતાકે સુસ્તીના આધારે જ તેને રદ કરી દેવું યોગ્ય નથી. એ વાત સંભવીત છેકે કોઇ બુધ્દિગમ્ય કારણસર નકલ પરથી નકલ થવાના કારણે

આ ઇબારત અસ્તવ્યસ્ત કે ઝઇફ બની ગઇ હોય.'

અને બીજી વાત એ છેકે, 'જ્યાં સુધી હદીષની આધારભુત કિતાબમાં ન હોવાનો સંબંધ છે ત્યાં સુધી આ વાત માત્ર એક ઉડતી નજર થકી કહી શકાતી નથી જ્યાં સુધી કે તેની શોધખોળ અને સંશોધનનો હક્ક પુરી રીતે અદા કરવામાં ન આવે.'

થોડીવાર માટે આ હદીષને કદાચ મૌઝુ(મનઘડત)માની લેવામાં આવે તો એક વાત તો તદ્દન સ્પષ્ટ જ છેકે,આ હદીષ હઝરત મુજદ્દીદે અલ્ફેષાની (કુદ્દસ્સીર્રહુ)પછી બનાવવામાં આવી હોય, કારણ કે તેમાં આપની તમામ ખૂબીઓ એકત્રીત કરવામાં આવી છે અને આ કાર્ય એક અકીદતમંદ સિવાય કોઇ જ કરી શકતું નથી અને જ્યાં સુધી આપના અકીદતમંદોનો સવાલ છે તો તેઓ માત્ર શરીઅતના તાબેદાર જ નહીં પરંતુ બીદઅતોનો સખ્તાઇપૂર્વક ખાત્મો બોલાવનારા હતાં તો આવા વ્યક્તિઓથી કયારેય પણ એવી ઉમ્મીદ રાખી શકાય નહીં કે તેઓ કોઇપણ પ્રકારનો બનાવટી કૌલ કે મનઘડત વાત હુઝુર નબી-એ-પાક સલલ્લાહો અલયહે વસલ્લમ સાથે સંબંધિત કરવાના મહાન ગુનાહનું આચરણ કરે અને માટે જ અમારા મંતવ્ય મુજબ આ હદીષેપાક હજુ વધુ સંશોધનની ગુંજાઇશ ધરાવે છે.''

અને જ્યારે શોધખોળ કરતાં જામેઉદ્દુરર નામની પાંચ કિતાબો મળી આવી તો શક્ય છે કે આ નામની વધુ પણ કિતાબો હોય તો એ કિતાબો પૈકી તે ખાસ જામેઉદ્દુરર નિશ્ચિત કરવી જરૂરી છે કે જેમાંથી **રોઝતુલ્કય્યુમીય્યાહ** ના લેખકે મજકુર હદીષ નકલ કરી છે. ત્યારબાદ આ હદીષનાં સંકલનકર્તા અને હદીષના રાવીઓની હાલતો પર દ્રષ્ટિપાત કરવો જોઇએ અને ત્યારપછી આ હદીષેપાક સહી છે કે ગેરસહી તેના વિશે કોઇ હુકમ સાદીર કરી શકાય.

અન્ય સિલસિલાના કેટલાક હઝરાતોએ માત્ર અહાદીષે મુબારક વડે સાબીતી નહીં મળવાના કારણે જ **મુજદ્દીદે અલ્ફ**ના દ્રષ્ટિબીંદુને રદ-બાતલ કરી દીધું છે અને તેને અવાસ્તવીક સમજયું છે, આ હઝરાતો પોતે તરીકતના કાર્યો પૈકી એવા કાર્યોને સ્વીકૃતિ આપે છે કે,જેની સાબીતી અહાદીષોમાં મૌજુદ નથી જેમ કે, અકતાબો, અબદાલો, વગેરેનું દ્રષ્ટિબીંદુ અને તેઓની એકબીજા પર ફઝીલતો તેમજ વેહદતુલ્વજુદનું દ્રષ્ટિબીંદુ વગેરે. હકીકત એ છે કે કશ્ફી હકીકતો માત્ર કશ્ફવાળાઓના સમર્થનના આધારે જ માનવામાં આવે છે. જો કે તેની ઉપર ઇમાન લાવવું જરૂરી નથી, તેમ છતાં તેને સ્વીકારવામાં પણ કશો વાંધો નથી, ખાસ કરીને જ્યારે કે તે કુર્આન કે હદીષની ખિલાફ જતું ન હોય. તેમજ એ હાલત માં તેને રદ કરવું કદાપી યોગ્ય નથી કે જ્યારે કે ઉલ્મા અને સુફિયાની એક વિશાળ જમાઅતે તેનો સ્વીકાર કર્યો હોય.

હઝરત મુજદ્દીદ સાહેબ(કુદ્દસ્સીર્રહુ)ના મુજ્દ્દીદે અલ્ફેષાની હોવા પર ઉલ્મા, ફુકહા અને સુફિયાની એક ખુબ જ વિશાળ જમાઅત એક મત છે. તો પછી આપણે તેને કઇ રીતે રદ કરી શકીએ? હા, એ અકીદો રાખવો જરૂર હદીષની ખિલાફ છેકે, અલ્ફેષાની માં હઝરત મુજદ્દીદ સાહેબની સિવાય બીજા કોઇ મુજદ્દીદેસદી નહીં આવે, અમારા ખ્યાલ મુજબ આવો તો કોઇનો પણ અકીદો નથી. **વાકેઆત અને હકીક્તો વડે હઝરત મુજ્દ્દીદે સાહેબ (કુદ્દસ્સીર્રહુ)નું મુજ્દ્દીદે-અલ્ફેષાની હોવાની સત્યતા સાબીત થઇ રહી છે તેમજ તારીખ(ઈતિહાસ)પણ આ કશ્ફી હકીકતનું સમર્થન આપી રહી છે તો તેનાથી વધીને બીજું કયું સમર્થન હોય શકે. ?!?**

ડો.ઈશ્તિયાક હુસૈન કુરૈશીએ હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)ની આ વિશેષતા પર જ પ્રકાશ પાડતાં લખ્યું છે કે. :

His influence spread from Indonesia to Turkey and from there to many Silsilas of Africa.For his great work he was hailed as **the Mujddid-i-Alif-i-Thani, the man who revised in the second Millenium.**

(**અર્થાત્** :- આપના અસરાતો ઈન્ડોનેશિયાથી તુર્કી સુધી અને પછી ત્યાંથી આફ્રિકાના વિવિધ સિલસિલાઓમાં ફેલાય ગયા. આપના ભવ્ય કારનામાઓના કારણે જ **આપને મુજ્દ્દીદે અલ્ફેષાનીના લકબ વડે યાદ કરવામાં આવે છે એટલે કે, 'એ પરિપૂર્ણ ઈન્સાન જેણે બીજા હઝાર વર્ષ માટે તજદીદ ફરમાવી.'**)

ફૈઝાને નક્શબંદીય્યાહ્ તથા જઝબાહ્ એ ફૈઝાને ગૌષે આઝમ દસ્તગીરના પર્યાયરૂપે છે.

સવાલ : *-ભાઈ, સુફીવાદના દરેક સિલસિલાનો સંબંધ કોઈપણ રીતે હુઝુર સરકારે ગૌષે આઝમ દસ્તગીર મીરાં મોહયુદ્દીન શૈખ અબ્દુલ કાદીર જીલાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)સાથે છે, તો આ નક્શબંદી સિલસિલાનો સંબંધ આપની સાથે કઈ રીતે છે ? જેનો ખુલાસો કરી આભારી કરશો.*

જવાબ :- મોહતરમ, તમારો આ સવાલ પેટે તો પછી મારે સ્પષ્ટરીતે કહેવું પડશે કે, કાદરી સિલસિલો અને નક્શબંદી સિલસિલો અલગ નથી, પરંતુ બંને એકબીજાના પુરક છે, એટલું જ નહીં પરંતુ **નક્શબંદી સિલસિલો એ કાદરી સિલસિલાનું નવું સ્વરૂપ છે એવું કહો તો પણ ચાલે** કારણ

કે નક્શબંદી સિલસિલાના બાની અને ઈમામ હઝરત ખ્વાજા બહાઉદ્દીન શાહ નક્શબંદ(રદીયલ્લાહો ત્આલા અન્હો)ને 'ઝીક્રે ઈસ્મેઝાત' ની તાલીમ હુઝુર સરકારે ગૌષે આઝમ દસ્તગીર(રદીયલ્લાહો ત્આલા અન્હો)થકી મળી છે,કે જે નક્શબંદીઓનો ખાસ ઝીક છે અને તેના થકી જ આ સિલસિલાના મુરીદો અને તાલીબોમાં આ જ પર્યંત જઝબ એ કસીર જોવા મળે છે.

આ અનુસંધાને કિતાબ **મઝહરે જમાલે મુસ્તફાઇ** કે જે હુઝુર સરકારે ગૌષે આઝમ દસ્તગીર(રદીયલ્લાહો ત્આલા અન્હો)ની સિરતે પાકની કિતાબ છે, જેના સંકલનકર્તા છે સુફી સૈયદ નસીરુદ્દીન હાશ્મી, કાદરી, રઝવી, બરકાતી સાહેબ, તેમાં તેઓએ હુઝુર સરકારે ગૌષે આઝમ દસ્તગીર (રદીયલ્લાહો ત્આલા અન્હો)ના એ નવ (૯)પવિત્ર કસીદાઓ પણ રજૂ કર્યા, જે અનેરા રમુઝો-અસરાર વડે સુશોભીત અને અજીબો ગરીબ મકશુફાત વડે આભુષીત છે. મજકુર કિતાબના પાના નં-૭૯ પર 'હઝરત ખ્વાજા બહાઉદ્દીન નક્શબંદકા મુસ્તફીઝ હોના' એ શીર્ષક નીચે લખ્યું છે કે,

''હઝરત શૈખ અબ્દુલ્લાહ બલ્ખી (રહેમતુલ્લાહઅલયહ) પોતાની કિતાબ **ખ્વારીકુલ્અહબાબ ફી માઅરેફતુલ્અક્તાબ** માં લખે છે કે, એક દિવસ હુઝુર ગૌષે આઝમ દસ્તગીર(રદીયલ્લાહો ત્આલા અન્હો)એક જમાઅત સાથે ઊભા હતાં કે બુખારા તરફ ધ્યાનીત થયા અને હવાને સુંઘીને ફર્માવ્યું કે, 'મારા વિસાલના એક સો સતાવન (૧૫૭)વર્ષ પછી એક મર્દે કલંદર મોહંમદી મશ્રબ બહાઉદ્દીન મોહમ્મદ નક્શબંદ પૈદા થશે, જે મારી ખાસ નેઅમત વડે માલામાલ હશે.' અને બન્યું પણ આ જ પ્રમાણે.''

કહેવાય છે કે જ્યારે ખ્વાજા બહાઉદ્દીન નક્શબંદે(કુદ્દસ્સીર્રહુ) પોતાના પીરો મુર્શીદ સૈયદ અમીરે કુલાલ(કુદ્દસ્સીર્રહુ)થી તલ્કીન હાંસીલ કરી તો તેઓએ ઈસ્મેઝાત (અલ્લાહ)નો ઝિક્ર કરવાનો હુકમ આપ્યો, પરંતુ આપના દિલમાં ઈસ્મેઝાત(અલ્લાહ)નો નક્શ સ્થાપીત થતો ન હતો જેના કારણે આપ પરેશાન થયાં અને આ જ ગભરાહટ અને પરેશાનીની હાલતમાં જંગલ તરફ દોડ્યા. રસ્તામાં હઝરત ખીઝર (અલયહીસ્સલામ)થી મુલાકાત થઇ તેઓએ આપને ફર્માવ્યું કે,'મને ઈસ્મે આઝમ (અલ્લાહ) ગૌષે આઝમ તરફથી મળ્યું છે,જેની તરફ આપ પણ ધ્યાનીત થાવ.' બીજી રાતે હઝરત ખ્વાજા સાહેબે ખ્વાબમાં હુઝુર ગૌષે આઝમને જોયા કે આપે પોતાના દસ્તે મુબારક વડે ઈસ્મે આઝમને હઝરત ખ્વાજા સાહેબના દિલમાં નક્શ કરી દીધું, કારણકે હાથની પાંચ આંગળીઓ લફ્ઝ અલ્લાહની શકલ(આકૃતિ)પર છે. અને એ જ સમયે આપને મુશાહદાએ ઈલાહી હાંસીલ થઇ ગયો. (નક્શબંદીઓમાં આજે પણ મુરીદો કે તાલીબોના દિલમાં **નક્શ અલ્લાહ** આ

જ રીતે તવજ્જોહ્ વડે બાંધવામાં આવે છે)અને આ જ કારણસર આપ ‘નક્શબંદ લકબ’ વડે ખ્યાતી પામ્યા. જ્યારે આ વાતની લોકોમાં ચર્ચા થઇ તો તેઓએ આપને પૂછ્યું કે,“આ શું મામલો છે?” આપે ફર્માવ્યું કે,“આ એ મુબારક રાતના ફોયુઝો બરકાત છે જેમાં કે હુઝુર ગૌષે આઝમ દસ્તગીર (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ મારી પર ઇનાયત ફરમાવી.”

આપનાથી હુઝુર ગૌષે આઝમના ફર્માન “*કદમી હાઝેહી.....*” સંબંધે પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે, “આપના પવિત્ર કદમ મારી ગરદન પર જ નહીં, પરંતુ મારી આંખો પર છે.”

તો આ રીતે **મઝહરે જમાલે મુસ્તફાઇ** ની ઉપરોક્ત ઇબારતથી સાબીત થયું કે,“*નક્શબંદી એ ફિલ્ટર કાદરી છે* અને નક્શબંદી તરીકામાં રહેલો આ ઇસ્તેઝાતનો ખાસ ઝીક્ર હુઝુર ગૌષે આઝમ દસ્તગીર(રદીયલ્લાહો ત્આલા અન્હો)ની જ ઇનાયત છે અને આ ઇસ્મેઝાતના ઝીક્રમાં જ **જઝબએ કસીર** સમાયેલો છે અને માટે જ આજે પણ અસલ નક્શબંદી તરીકા પર ચાલનારા મુરીદો અને તાલીબોમાં જઝબએ કસીર જોવા મળે છે, જે હુઝુર ગૌષે આઝમ દસ્તગીર(રદીયલ્લાહો ત્આલા અન્હો)ની જ દેન છે,તો આ રીતે નક્શબંદી તરીકાનો કે તેમાં રહેલો જઝબા નો અમુક લોકો જે વિરોધ નોંધાવી રહ્યા છે, તે હકીકતમાં તો આ ફૈઝાને ગૌષીય્યતનો જ ઇન્કાર કરી રહ્યા છે.” અને માટે જ શહેનશાહે નક્શબંદ હઝરત ખ્વાજા બહાઉદ્દીન શાહ નક્શબંદ (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ ફરમાવ્યું છે કે,“અમારા તરીકામાં કોઇને મેહરૂમી નથી.જે કોઇ અમારા તરીકાથી મોં મચકોડે તેના દીનનો ખતરો છે.”

★★★ મનાકીબાતે દર શાને ★★★ મુજદ્દીદે અલ્ફેષાની

મુજદ્દીદ આપ બરહક્ક હૈ, ઇમામ અહેમદ અલ્ફેષાની,
દરે દૌલત સે બટતી હૈ, મતાએ ફઝલે રબ્બાની.
યકીનન ઔલિયાએ ઉમ્મતે, અહેમદ મેં અફઝલ હો,
મઝારે પાક સે મીલતા હૈ સબકો ફયઝે રૂહાની.
રિસાલતસે મીલા કય્યુમીય્યતકા આપકો દરજ્જા,
શહાદત દેને આયે આપકી મહેબુબે સુબ્હાની.
ખમીરે *તીનતે* સરકારે દો આલમસે ખાલીકને,
બનાયા આપકો મખલુક મેં લારયબ લાસાની.
ઝીયારતકો તુમ્હારી હક્કને ભેજા કાઅ્બાએ અતહર,
તુફૈલે સૈયદે કૌનેન ઝમઝમકા મિલા પાની.

*જુઓ પેજ નં. ૩૪૦ તીનતની સમજ

કરમસે બાકીબીલ્લાહ રહેમતુલ્લાહ નક્શબંદીને,
અતાકી નએમતે ઇસ આલમે ફાનીમે લાફાની.
બશારત દે કે સરકારે દો આલમને યે ફરમાયા,
લકબ બખ્શા હૈ હકને આપકો મહેબુબે સમદાની.
ક્યામત તક તુમ્હારે સિલસિલેમેં જો મુરીદ હોંગેં,
પત્તા નામો શહર ઉન્કા હૈ સબકુછ ઝેરે નિગરાની.
દિખાઇ આપને શાને મુજદ્દીદ બઝમે આલમ કો,
રસુલલ્લાહકે દિલબર જનાબે ગૌષકે જાની.
અતા ફરમાઇ સદકેમેં હઝરત બાકીબીલ્લાહકે,
શઉરો-અકલકી દૌલત મતાએ ઈલ્મે ઈરફાની.
બકૌલે આરીફાને હક તુમ્હારી ઝાતે અકદસસે,
નુમાયાં સર-બસર હોતે રહે અસરારે રબ્બાની.
બડે અખ્લાકસે દર્શે હદીષે મુસ્તફા દે કર,
સુનાતેથે ખુલુસો પ્યારસે આયાતે કુર્આની.
કિયા કરતે હો બેશક દસ્તગીરી બે-નવાઓંકી,
પરેશાં હાલ લોગોંકી મીટાતે હો પરેશાની.
તુફૈલે ખ્વાજગાને નક્શબંદ ઇસીયાં શોઆરો પર,
કરમકી એક નઝર અય આરીફે મહેબુબે યઝદાની.
સુબુત હમકો મિલા તારીખકે ઔરાક ઉલટનેસે,
વો દૌરે અકબરી થા યા કે થા એક દૌરે શૈતાની.
બડી નાપાક સાજીશ કી થી અકબરને મઆઝલ્લાહ્,
મિટાના ચાહતા થા દહરસે વો દીને યઝદાની.
ખુદા શાહીદ હૈ રાહે હક્કમેં વો જદ્દોજહદ કરકે,
મીલાદી ખાકમેં અકબરકી તુમને ફીત્ના સામાની.
દિખાઇ રાહે હક્ક,ગુમ-ગુશ્તાં રાહોકો હકીકતમે,
જલાઇ આપને તીરા દિલોમેં શમ્એ ઇમાની.
કરમ ક્યા કમ કિયા હૈ આપને મખ્લુકે મૌલા પર,
જો મુશ્કીલ મરહલે થે કર દિયે આસાં બ આસાની.
નિરાલી શાન દેખી હૈ તુમ્હારે આસ્તાંનેકી,
જીધર ડાલો નઝર મન્ઝર નઝર આતે હૈ નુરાની.

સફર પુરાહો જીસ દમ આપકે "માઇલ" કા દુનિયા સે,
નબીકી યાદ હો દિલમેં લબોંપે હમ્દે સુબ્હાની.
("માઇલ"કુરૈશી અહમદાબાદી)

(૨)
મેરી નઝરોમેં રોઝા હૈ,મુજદ્દીદે અલ્ફેષાનીકા,
ઝમાના યાદ આતા હૈ, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

હવાએ જન્નતી આતી હય, બેશક આજ રોઝે પર,
મિલા જન્નતસે હય, રોઝા મુજદ્દીદે અલ્ફેષાનીકા.

જહાં ખુદ શાહ ભી આદાબસે સરકો જુકાતે હય,
જરા દરબાર દેખો તુમ, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

મુજે નિસ્બત અતાકી હય, મેરે શૈખે તરીકતને,
મેરી ગરદનમેં પટ્ટા હય, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

દુઆએં રોઝ કરતાં હું, મગર મક્બુલ અબ હોગી,
દુઆમેં વાસ્ત દુંગા, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

યે ફિત્ને અકબરી ફીરસે, દબે કૌન આયા હે દેખો,
ગુલામ આયા હય મૈદાંમેં,મુજદ્દીદે અલ્ફેષાનીકા.

સિકંદર આકે દેખે આજ,મેરી શાનોં-શૌકતકો,
ઝમાના કહેતા હય મંગતા,મુજદ્દીદે અલ્ફેષાનીકા.

યકીં કામીલ હેકે ઇસ દમ,ક્યામત આ નહીં શકતી,
ગુલામ મૌજુદ હય જબ તક,મુજદ્દીદે અલ્ફેષાનીકા.

તવાફે કાબા કરતે હય, સુનો અકતાબે આલમ સબ,
તવાફ કાબા ભી કરતાં હય,મુજદ્દીદે અલ્ફેષાનીકા.

હમે તુમ છેડતે હો ક્યું, યે સીના ચીર કર દેખો,
સુનો,સીને મેં હય સીક્કા, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

"**વઝીર**" આકા પે કુર્બા ક્યોં ન જાયે ફૈઝ ઇનકા હય,
દીખાયા હય મુજે રસ્તા,મુજદ્દીદે અલ્ફેષાનીકા.
(હઝરત પીર સૈયદવઝીરઅલી શાહ સાહેબ)

(૩)
મુજદ્દીદે અલ્ફેષાની હય વલી મહેબુબે સમદાની,
ઇન્હીકી ઝાત નુરાની બનાઇ હક્કને લાસાની.
ચલે આવો,ચલે આવો મેરે આકા ચલે આવો,
તુમ્હારી યાદમેં મહેફીલ સજી હય કબસે નુરાની.
ઇન્હેં નિસ્બત અતાકી થી રઝીયુદ્દીન બાકીને,
મુબારક હિંદમેં સરહિન્દ હય બૈકૈફો લાસાની.
ફનાફીલ્લાહસે આગે બકાબીલ્લાહમેં પહોંચે,
તુમ્હારી ઝાતમેં ફાની હકીકતમેં હય લાફાની.
દુલારે ગૌષે આઝમકે મુઇનુદ્દીનકે પ્યારે,
નબીકે લાડલે અબ્દુલઅહદકે દિલબરો જાની.
સિકંદરશાહ કુર્તા લેકે આયે ગૌષે આઝમકા,
ઈનાયત ઈસ તરહ તુમકો હુઇ નિસ્બતે વો રૂહાની.
ગુનાહોંકા હય ભારી બોજ સર પે નાતવાં હું મેં,
તુમ્હારે હી વસીલે મુઝ પે હોગા ફઝલે રબ્બાની.
તુમ્હારે પાસ જન્નતકી ગલી ઝમઝમકા પાની હય,
હકીકત કાઅ્બેકી કરતી હય તેરે દર પે દરબાની.
મીટાકે અકબરી ફિત્ને બચાયા દીનો મીલ્લતકો,
અકીદા હય મેરા તુમ હોં ચિરાગે બઝમેં ઈમાની.
ખુદાકી રાહમેં લાખોંકી તુમને રહેનુમાઇકી,
મએ વહેદત પિલા દો જામ દે દો મુજ કો ઈર્ફાની.
તુમ્હારી શાનકા સાની નહીં કૌનેનમેં કોઇ,
તુમ્હારે ફૈઝવાલે પીર ભી હય પીરે લાસાની.
ચલો બાદકશો જલ્દી ચલો સરહિન્દકી જાનીબ,
મુબારક ઉર્ષકી મહેફીલ હય ઈનકી નુરી ઈર્ફાની.
મુજદ્દીદે અલ્ફેષાનીકી ગુલામી, બાદશાહી હય,
'**વઝીર**' અબ નાઝ કર તું ભી તેરી નિસ્બત હય નુરાની.
(હઝરત પીર સૈયદવઝીરઅલી શાહ સાહેબ)

(૪)

દિખા દે અય ખુદા રોઝા, મુજદ્દીદે અલ્ફેષાનીકા,
કે હું મુદ્દત સે મય શયદા, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

ઈમામે ઈલ્મે રબ્બાની આલીમેં સીર્રે પીન્હાની,
બયાં કીસ મુંહસે હો રૂત્બા, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

જનાબે ગૌષે આઝમને કહાં ઈક દિન બજે ડંકા,
મુજદ્દીદે અલ્ફેષાનીકા, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

નહી મુમ્કીનકે હમ કુછ લીખ શકે તૌસીફમેં ઈનકી,
હદીષોમેં બયાં આયા, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

શહેનશાહોંકો ક્યા નિસ્બત હય ઈસ દરકે ગદાઓસે,
કે ઈનકે સર પે હય સાયા, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

ખુદી કે નફસ કો ખો કર ખુદા કો પા લિયા જીસને,
કે જીસને પી લિયા પ્યાલા મુજદ્દીદે અલ્ફેષાનીકા.

શરીઅત ઈસમેં કામીલ હય તરીકત ઈસમેં હાંસીલ હય,
તરીકા હય દુર્રે બયઝાં, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

અનલ-હક્ક કેહ ઊઠે બાઝ મશાઈખ જોશે વહેદતમેં,
કીસીને ઝર્ફ કબ પાયા મુજદ્દીદે અલ્ફેષાનીકા.

પીલાએ ખુમકે ખુમ ઈનને કીયા મસ્તે અલસ્ત આખીર,
ન બહકા કોઈ મતવાલા, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

તરીકા અહેમદી હય અહેમદે મુરસલને બખ્શા હય,
ઊવયસે હિન્દ હય રૂત્બા, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

દકાઈકસે હુવે વાકીફ હકાઈકસે હુવે કાશીફ,
તમીઝે અબ્દો રબ હિસ્સા, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

નિગાહે ફૈઝસે દેતે હય વો જઝબો સુલુક ઈક દમ,
હય સુક્રો-સહવ સબ યકજા મુજદ્દીદે અલ્ફેષાનીકા.

કહાં **'અહમદ'** ને અન્વારે વિલાયત દેખકર ઊનકા,
યહ હય અતીયા ઈલાહીકા, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

(અહમદ)

(૫)

પીલા દે સાકીયા સાગર મુજદ્દીદે અલ્ફેષાનીકા,
કે હું મુસ્તાક મૈ યકસર મુજદ્દીદે અલ્ફેષાનીકા.

પીલા દે વો મયે ઈરફાં કે ઝાઈલ હો ખુદી જીસસે,
રહું મખમુરબ તા મહેશર મુજદ્દીદે અલ્ફેષાનીકા.

રહે નામોં-નિશાં ન કુચ્છ ઝાતો સીફત બાકી,
રહે બાકી રૂખે અન્વર મુજદ્દીદે અલ્ફેષાનીકા.

હય દરજજો ગૌહરે માઅ્ની વો બુર્જે મેહરે ઈર્ફાની,
જહાંમેં નુર હય ઘર-ઘર મુજદ્દીદે અલ્ફેષાનીકા.

અવામ ઊનકે ઈશારે સે બને ખાસાને હક યકદમ,
યે હય મખસુસ ઈક ઝૌહર મુજદ્દીદે અલ્ફેષાનીકા.

કરામત ઈનકી હય લાખોં અયાં જુમલા આલમ પર,
બનાના કુત્બો ગૌષ અકસર, મુજદ્દીદે અલ્ફેષાનીકા.

જનાબે ગૌષે આઝમને ખબરદી ઈનકી આમદકી,
ન હોગા કોઈ ભી હમસર મુજદ્દીદે અલ્ફેષાનીકા.

મીટા દી શીર્કકી જુલ્મત કીયા ઈસ્લામકો રોશન,
તરીકા સબસે હય બહેતર મુજદ્દીદે અલ્ફેષાનીકા.

મુરીદ ઈનકે મુરાદે પુરી કર દેતે હય ઈક દમમેં,
રકમ હો મરતબા ક્યું કર મુજદ્દીદે અલ્ફેષાનીકા.

મહીનોં-બરસોંકા રાસ્તા કરા દેતે હય તય પલમેં,
હય વજહુલ્લા રૂખે અન્વર મુજદ્દીદે અલ્ફેષાનીકા.

સરાસર સુન્નતે બયઝાં હય ઈનકા રાસ્તાં **'એહમદ'**,
તરીકા દેખીયે ચલકર મુજદ્દીદે અલ્ફેષાની કા.

(અહમદ)

★★★ તીનત ની સમજ ★★★

★ આ કિતાબ **મનકી આંખે ખોલ**ના પેજ નં. ૩૨૬ ના ચોથા ફકરાના વાક્યમાં પ્રયોગ થયેલ *તીનત* નો સંબંધ અંબિયાએ-કિરામ પેટે (૧) નબીઓ (૨) રસુલો (૩) સૈયદુલઅંબિયાથી અને હઝરત મુજદ્દીદે અલ્ફેષાનીથી છે. તીનતની વ્યાખ્યા કરવામાં અને સમજવામાં આપના અમુક અકીદતમંદોએ ધોખો ખાધો અને સમજવાની ઉત્કૃષ્ઠાના પર્દામાં વિરોધ કરનારાઓએ પણ થાપ ખાધી.

★ દરેક લાઇનનો આધાર તેના કોર્ડવર્ડ અર્થાત્ સાંકેતીક-ભાષા ઉપર છે જે એ લાઇનની વ્યક્તિ જ સમજી શકે છે. બિજાઓ માટે આ સંકેત સમજવું મુશ્કેલ હોય છે જ્યારે એક સુફી બીજા સુફી સાથે આમ મજ્મામાં વાત કરે છે ત્યારે આ સાંકેતીકભાષામાં વાત કરે છે, જેમકે *લૈયલતુલ્કદ્ર* તેનો જાહેરી મતલબ એ જ થાય કે, 'કલામે શરીફ નાઝીલ થયું તે રાત' પણ તસવ્વુફની ભાષામાં *લૈયલતુલ્કદ્ર* એટલે 'તે ઘડી જ્યારે સાલીકના દિલ ઉપર અન્વારે ઈલાહીની તજલ્લી ચમકે' એ જ રીતે સુલુકનો જાહેરી અર્થ વ્યવહાર થાય પણ તસવ્વુફની પરીભાષામાં સુલુકનો અર્થ થાય અન્વારે ઈલાહીની નિકટતા પ્રાપ્ત કરવી એ જ રીતે સહ્વનો જાહેરી અર્થ ભુલ થાય છે પણ ઈસ્તિલાહતે તસવ્વુફમાં સહ્વ એટલે હોંશીયારી. તસવ્વુફની સાંકેતીકભાષા - ઈસ્તિલાહતે તસવ્વુફ માટે જુઓ (૧)***નફહાતુલ ઉન્સ*** (૨)***અવારિફુલ મઆરીફ*** (૩)***ક્શ્ફુલમહેઝુબ*** વગેરે કિતાબો...***<u>તીનત</u>***નો સંબંધ જ્યારે નબીઓ, રસુલો અને સૈયદુલ્અંબિયાથી હોવાનું કાઝી સનાઉલ્લાહ પાનીપતી સાહેબ કહે છે તો અહીં પણ જાહેરી અર્થઘટન કદાપી સ્વીકૃતીને પાત્ર નથી, જો કે તીનત પેટે *મક્તુબાતે ઈમામે રબ્બાની, ઝુબ્તુલ મકામાત, ઈર્શાદુત્તાલેબીન, ઝવાહીરેમુજદ્દેદીયાહ્* વગેરે કિતાબોમાં ઉલ્લેખ છે પણ આ હઝરત ઈમામે રબ્બાનીનો પોતાનો જ એક કશ્ફ છે. જેનો ઉલ્લેખ આપે તે યુગના મહાન આરીફોથી ર્ક્યો અને હકીકત પણ એજ છે કે કામીલના કશ્ફને કામીલ જ સમજી શકે છે.

★ તસવ્વુફની સાંકેતીકભાષાના શબ્દો પેટે એક શબ્દ ***તીનત*** પણ છે. ઘણી વખતે આ શબ્દની જગ્યાએ ***અસાલત*** નામના શબ્દનો વાક્ય પ્રયોગ કરવામાં આવે છે. ***<u>તીનત</u>*** તથા ***<u>અસાલત</u>*** બંને શબ્દોનો અર્થ ફક્ત એટલો જ થાય છે કે, '***<u>ફૈઝાને કમાલાતે બશરીય્યત</u>***' બલ્કે હઝરત ખ્વાજા કમાલુદ્દીન એહસાને (રહેમતુલ્લાહ અલયહે) પોતાના ગ્રંથ ***રૌઝતુલ્કય્યુમીયાહ્*** ના પહેલાં ભાગમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેછે મકામે મહેબુબીય્યતના અન્ય ઔલિયાએ-કામેલીનને ***તીનત*** નો ફૈઝ નસીબ થયેલ છે.

પીર સૈયદ વઝીરઅલી કાદરી, નક્શબંદી-મુજદ્દેદી,

સિંધી શાએરોના સરતાજ શાહ અબ્દુલ લતીફ ભિટાઈની સુલતાનુલ ઔલીયાથી એક મુલાકાત અને વાર્તાલાપ

સિંધી શાએરોના સરતાજ શાહ અબ્દુલ લતીફ ભીટાઇ (રહેમતુલ્લાહ અલયહ) જ્યારે સુલ્તાનુલ ઔલિયા હઝરત ખ્વાજા મોહંમદ ઝમાં (રહેમતુલ્લાહ અલયહ)ની મુલાકાત માટે જાય છે ત્યારે તે બંનેની વચ્ચે કેટલીક ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિક ચર્ચા થાય છે:-

ભીટાઇ સરકાર :-

સામઈ સફર હલ્યા, કો પરવરી પન્ધ,
આઉન જીંઅધી ઉનરે, જીંનહી હેઠા હું કન્ધ.

(અર્થાત્ :- મારા માર્ગદર્શક ગરદન જુકાવીને લા-મકાંની મુસાફરીએ રવાના થયા તેમના વિના મારૂં જીવવું અશક્ય છે.)

સુલ્તાનુલઔલિયા :-

કી ન અહીંયા કી ન અહીંયા, વહીઅ કી અ કમાય,
લાધા પા લોકજા, લાશે સબ લહેરાયે.

(અર્થાત્ :- એક જ્ગ્યાએ આસન લગાવીને નફી-અસ્બાત(લાઇલાહ ઈલ્લલ્લાહ)નું ઝીક કર, જેના લા થકી દુનિયાના બધા સંબંધોને કાપ.)

ભીટાઇ સરકાર :-

હું ક્યાં જઇને બેસું ? કોની પાસે જઇને પ્રેકટીસ કરૂં ?

સુલ્તાનુલઔલિયા :-

વેહ વંન્ચી વટ તીન કલમ જેંહ જે હથ મેં,
મીટાએ અગ અગીયું વરી બ્યો લીખન,
પનું સો પઙહન જેમાં પીસણ થઈ પરીઅન કે.

(અર્થાત્ :- જેઓને પાલનહારે પસંદ કરીને એવી તાકત આપી હોય કે તારા ભુતકાળને ભુસીને ભવિષ્યકાળ લખી શકે. અર્થાત્ તારા ગુનાહલને નેકીઓમાં પરીવર્તીત કરી શકે.)

(**નોટ** :- આજે પણ લુહારીશરીફમાં આ ઐતિહાસીક પવિત્ર જગ્યાનો એહતરામ પુર્ણ રીતે કરવામાં આવે છે કે જ્યાં આ બંને મહાન હસ્તીઓ વચ્ચે અતિ ઉચ્ચ આધ્યાત્મિક વાત-ચીત થઈ અને છેવટે હઝરત સુલતાનુલ ઔલીયાએ ભિટાઇ સરકારને પોતાના ખલિફા તરીકે નિયુક્ત કર્યા.)

(*હવાલા*:- જુઓ ***લુહારી જા લાલ*** અને ***ઔલીયાએ લુહારીશરીફ***)

યેહ તન મેરા ચશ્મા હોવે, મુર્શીદ વેખ ન રજજાં હુ,
લું લૂં દે મુઢ લખ્ખ લખ્ખ ચશ્મા, હીક્ક ખોલા હીક કજજાં હુ,
ઈતનયાં ડીઠયાં સબર ન આવે, હોર કીતે વલ ભજજાં હુ,
મુર્શીદ દા દિદાર હે બાહુ, લખ્ખ કરોડાં હજજાં હુ.

હઝરત સુલ્તાન બાહુ કાદરી (રહેમતુલ્લાહ અલયહ)

(અર્થઘટન :- હઝરત સુલ્તાન બાહુ તાલીબે સાદીકની તલબે સાદીક પેંટે મુર્શીદના ઈશ્કનો મહત્ત્વ રજુ કરતાં કહે છે કે, જો મારૂં આખું શરીર આંખ બની જાય અને પછી મુર્શીદના દર્શન કરૂં અને જો મારૂં શરીર લાખો આંખોમાં ફેરવાય મુર્શીદના દિદાર માટે એક આંખ ખોલુ એક બંધ કરૂ કંઈ અસખ્ય વખત મુર્શીદના દર્શન કરૂંછતાં પણ મને સબ્ર નથી આવતો, કારણકે મારા મુર્શીદના દિદાર મારા માટે લાખો કરોડો હજ્જ સમાન અને ગુનાહોને માફ કરાવનાર છે)

મનકી આંખે ખોલ...

મનકી આંખે ખોલની પુરવણી
એટલે કે
ખુદી સે દુર ખુદા સે કરીબ

“નક્શબંદીયાહ અજબ કાફલા રા સાલાર અંદ,
કે બરાનદ અઝ રહે પીનહાં બ હરમ કાફીલારા,
અઝ દીલે સાલીક રહ જાઝબએ સુહબતે શાં,
મી બરદ વસવસએ ખીલવત વ ફીક્રે ચીલ્લાહ્ રા.”

-હઝરત મૌલાના જામી નક્શબંદી
(રહેમતુલ્લાહ અલયહ)

(અર્થાત : નક્શબંદી પીરો અલ્લાહની રાહમાં ચાલતા કાફલાના અજીબ સરદારો છે.તેઓ પોતાના તાલીબોને છુપી રીતે હરમ (કુર્બે ઈલાહી) માં લઈ જાય છે. તેઓની સોહબતમાં એવું ખેંચાણ હોય છે કે તે સાલીકના દીલમાંથી ખીલવત(એકાંતવાસ)નો ખ્યાલ અને ચીલ્લા(રીયાઝત)ની ચિંતાને મીટાવી દે છે.)

તમહીદ

મનકી આંખે ખોલ...નામની આ રૂહાની તખ્લીક કે જેના મૂળ લેખક મારા પીરોમુર્શીદ કિબ્લાગાહી હઝરત સૈયદ વઝીરઅલી શાહ સાહેબ કાદરી,નક્શબંદી મુજદ્દેદી(અદામલ્લાહો બકાતોહુ) છે. હું જ્યારે મજકુર કિતાબનું સંકલન તેમજ સમજૂતી કાર્ય પૂર્ણ કરી ચુક્યો તો તે આપની ખિદ્મત શરીફમાં પેશ કર્યુ જેને જોઇને આપે ઘણી ખુશીનો ઈઝહાર કર્યો અને મજકુર કિતાબમાં કેટલાક સુધારા વધારા કરવાનું સુચન કર્યુ, જે પૈકી કિતાબની પુરવણી રૂપે ખુદી સે દુર...ખુદા સે કરીબ શીર્ષક હેઠળ એક પ્રકરણ કીતાબની પુર્તી રૂપે ઉમેરવાનું કહ્યું કે જેમાં ઈલ્મેહાલ પેટે સુલુકની કેટલીક જરૂરી વાતો આવી જાય, કારણકે અત્યાર સુધી આપણી ચર્ચા માત્ર ઈલ્મેકાલ પુરતી જ હતી, હવે તેને હાલમાં પરિવર્તિત કરવા માટે સુલુક એલલ્લાહના માર્ગને પાર કરવો પડશે તો જ ઈન્સાન ખુદી(અહંમ)ને છોડીને ખુદાનું સાનિધ્ય હાંસીલ કરી શકશે. માટે મેં આપની સુચના મુજબ મજકુર કીતાબની પુરવણી રૂપે અહીં હઝરાતે ખ્વાજગાંને નક્શબંદીય્યાહ-મુજદ્દેદીય્યાહના તરીકા મુજબ સુલુક એલલ્લાહની કેટલીક જરૂરી વાતો રજૂ કરુ છું, જે આ કિતાબની રૂહ સમાન અને મુખ્ય હાર્દ રૂપે છે.

હદીષેપાકમાં આવ્યું છે કે, “*મનઅરફ નફસહુ ફકદ અરફરબ્બહુ*” (અર્થાત્ઃજેણે પોતના નફસ(ખુદી-સ્વ)ને ઓળખ્યો, બેશક, તેણે પોતાના પાલનહારને ઓળખી લીધો) કારણકે અલ્લાહ ત્આલાએ ઈન્સાનના નફસમાં જ પોતાની ઝાતની કેટલીય નિશાનીઓ છૂપાવેલી છે, જેના પર ચિંતન-મનન અને આંતરિક ભ્રમણ(સૈરે અન્ફોસી)થકી તે અલ્લાહત્આલાની ઓળખ એટલે કે માઅ્રેફત હાંસીલ કરી શકે છે, જેના અનુસંધાને જ આ ઈર્શાદે ઈલાહી છે કે, ‘*વ ફી અન્ફોસેકુમ અફલા તુબ્સેરૂન*’ (અર્થાત્ઃ- અને શું તમારી જાતમાં(અમારી કુદરત)છે, નથી જોતા ?) તો આ રીતે સ્વની ઓળખ કે પોતાના નફસની ઓળખ હાંસીલ કરવાનો માર્ગ એટલે જ *સુલુક એલલ્લાહ*નો માર્ગ કે જેના પર ચાલીને ઈન્સાન કમાલિયત હાંસીલ કરી શકે છે, અને પોતાના પાલનહારને ઓળખી શકે છે. તેમજ ઈન્સાનની પૈદાઈશનો હેતુ પણ એ જ છે કે, તે પોતાના પાલનહારની માઅ્રેફત હાંસીલ કરી લે. કુર્આનેપાકમાં જે ઈર્શાદે ખુદાવંદી છે કે, *વમા ખલક્તુલ્જીન્ન વલ્ઈન્સ ઈલ્લા લીયાઅ્બોદુન*(અર્થાત :- મેં નથી પૈદા કર્યા જીન્નાતો અને ઈન્સાનોને પરંતુ ફક્ત મારી ઈબાદત માટે) હવે સવાલ એ થાય છે કે બંદગી તો શૈતાને પણ કરી છતાં તેના નામ પર લાનતો મલામત શા માટે? તો તેનું કારણ એ જ છે કે, શૈતાને ઈબાદતતો પ્રાપ્ત કરી પરંતુ માઅ્રેફતના રહસ્યોથી તે નાવાકીફ

અને જાહીલ રહ્યો, એટલા માટે જ હઝરત આદમ (અલૈહીસ્સલામ)ને સજદો કરવાનો ઈન્કાર કરી બેઠો. ટુંકમાં, શૈતાને માત્ર એકજ વાત પ્રાપ્ત કરી ઈબાદત જ્યારે હઝરતે આદમ(અલૈહીસ્સલામે)ઈબાદતની સાથે માઅ્રેફત પણ હાંસીલ કરી તેમજ હકીકત પણ એ જ છે કે માઅ્રેફત વિનાની ઈબાદતમાં તો શીર્ક વગેરે બુરાઈઓ ભળી શકે છે જ્યારે માઅ્રેફત હાંસીલ થયાં પછીની ઈબાદત શુધ્ધ એકેશ્વરવાદ(ખાલીસ તૌહીદ)ની ઈબાદત છે. અને આજ કારણસર સુફીયાએ કીરામે મજકુર આયતની તફસીર પેટે *ઈલ્લાલીયાઅ્બોદુન* ને **ઈલ્લાલીયાઅ્રેફુન** ગણાવ્યું છે તેમજ માઅ્રેફત પ્રાપ્ત થયાં પછી ઈન્સાનની ઈબાદતમાં ઈખ્લાસ, આજેઝી અને અદબ આ ત્રણેય દૌલતો એકત્રીત થાય છે, જે ઈબાદતની જડ તેમજ રૂહ સમાન છે, અને આ રીતે આ ત્રણેય દૌલતો એકઠી થતાં તેની ઈબાદત ‘સોને પે સુહાગા’ની જેમ અનેરૂં સ્થાન હાંસીલ કરે છે

ઈન્સાન જે કંઈ જાહેરી કે બાતિની અમલોં કરે છે તેના ત્રણ હિસ્સા છે (૧)ઈલ્મ (૨)અમલ અને (૩) ઈખ્લાસ (અમલમાં શુદધતા, નિઃસ્વાર્થતા)જે પૈકી *(૧) ઈલ્મ* તો કિતાબોના વાંચન થકી, કે જાહેરી આલીમોનાં સંપર્ક વડે હાંસીલ થઈ જાય છે *(૨)અમલ* કે જે ઈન્સાને પોતે જે ઈલ્મ હાંસીલ કર્યુ છે, તેની ઉપર ખુદે મહેનત કરીને કરવાનો હોય છે અને *(૩)ઈખ્લાસ* એટલે કે અમલમાં નિઃસ્વાર્થતા કે જે ઈલ્મ અને અમલરૂપી બંને પાસાની રૂહ સમાન છે, જેના વિના અમલ સ્વીકૃતિ પામતો નથી, તેમજ તેવાં અમલની કોઈ જ કિંમત નથી જ્યારે ઈખ્લાસ સાથે કરેલા અમલથી તેની કિંમત અને અન્વારો અનેકગણાં વધી જાય છે, તેમજ તે અમલ અલ્લાહની બારગાહમાં સ્વીકૃતિ પામે છે. આ ઈખ્લાસનો અર્થ છે કોઈપણ અમલ માત્ર અલ્લાહની રઝા અને ખુશનુદી માટે હોય, જેમાં કોઈ પ્રકારની દુન્યવી ગરજ કે લોભ-લાલચ ન હોય તો આ રીતે ઈખ્લાસ એ અમલની રૂહ છે.ઈખ્લાસ વગરનો અમલ એ માત્ર સમયની જ બરબાદી છે. તો અમલનો આ ત્રીજો હિસ્સો એટલે કે ઈખ્લાસ હાંસીલ કરવા માટે જ સુફીવાદના તરીકાઓ અસ્તિત્વમાં આવ્યા છે. આ રીતે તસવ્વુફના દરેક તરીકો શરીઅતના અમલની પરિપૂર્ણતા તરફ જ લઈ જાય છે. માટે આ તરીકાઓ પૈકી કોઈ પણ એક તરીકા પર ચાલીને ઈન્સાન ઈખ્લાસરૂપી મહાન દૌલત હાંસીલ કરીને પોતાના અમલને કમાલિયત અર્પણ કરી શકે છે, તેમજ પોતે પણ કમાલિયત હાંસિલ કરી લે છે.

અને આ રીતે સુફીવાદના કોઈ પણ તરીકા પર ચાલવું એટલે જ સુફીયાએ કિરામે કુર્બે ખુદાવંદીની પ્રાપ્તી માટે નક્કી કરેલાં વિવિધ તરીકાઓ પૈકી કોઈ પણ એક તરીકો અપનાવવો તેમજ તે પેટે નક્કી કરેલા ઝીક્ર-ફીક્ર,

મુરાકિબા, મુજાહેદાઓ અને ઉસુલો પર કોઈ કામીલ અને મુકમ્મીલ, નુરાની અને નુરબખ્શ પીરોમુર્શીદની તવજ્જોહ્ અને માર્ગદર્શન નીચે અમલ કરવો છે, નહીં કે માત્ર કિતાબોમાંથી વાંચીને, કારણકે મજકુર પ્રકરણમાં દેખાડેલાં ઝીક્ર ફીક્રના તરીકાને સ્વમેળે અપનાવવાથી નુકશાનનો પુરેપુરો સંભવ છે.

તો આ રીતે અમલના ત્રીજા હિસ્સાની પરીપૂર્ણતા એટલે કે ઈખ્લાસરૂપી દૌલત હાંસીલ કરવાનો માર્ગને જ ખુદાના રસ્તા પર ચાલવું અર્થાત્ *સુલુક્એલ્લાહ* પાર કરવાનો તરીકો કહે છે, તેમજ તેને વિલાયતની પ્રાપ્તિનો માર્ગ પણ કહે છે, કારણકે વિલાયતનો સંબંધ પણ ઈખ્લાસની પ્રાપ્તી સાથે જ છે, નહી કે કશ્ફો-કરામતની પ્રાપ્તિ સાથે. કિતાબ-મેઅચારુસ્સુલુક દાફેઉલ અવ્હામે વશ્શોકુકમાં હઝરત હાજી હિદાયતુલ્લાહશાહ સાહેબ નક્શબંદી મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ)ફરમાવે છે કે, સુફિઓની પરિભાષામાં વિલાયતનો હકીકી અર્થ આ પ્રમાણે છે :-

“કોઈપણ જાતના ભય વિના કે લાલચ વિના માત્ર અલ્લાહની રઝા માટે અલ્લાહની યાદમાં દિલ એવું મજબૂત થઈ જાય અને પાક ઝાતની મોહબ્બત તરફ દીલનો લગાવ એવો મજબુત થઈ જાય કે રાહતમાં તેમજ તકલીફમાં કોઈપણ હાલતમાં એમાં ગફલત ન થાય.”

હઝરત કાઝી સનાઉલ્લાહ પાનીપતી(રહેમતુલ્લાહ અલયહ) ફર્માવે છે કે, “તરીકતની તલબ કરવી અને બાતિની કમાલાતોં હાંસીલ કરવા માટે કોશીષો કરવી વાજીબ છે, કારણ કે અલ્લાહત્આલા કુર્આને પાકમાં ફરમાવે છે કે, *યા અય્યોહલ્લઝીના આમનુત્તકુલ્લાહ હક્ક તોકાતેહી.* (અર્થાત :- હે ઈમાનવાળાઓ, પરહેઝ કરો અલ્લાહની નામરઝીયાત(મનાઈ કરેલી) બાબતોથી પરહેઝગારીના કમાલ સાથે)”

મજકુર આયાતેપાકમાં અલ્લાહત્આલાએ પોતાની નામરઝીયાત એટલે કે મનાઈ કરેલી બાબતોથી પરહેઝ કરવાનો આદેશ આપ્યો છે. પરંતુ સાથે એક શર્ત પણ રાખેલી છે કે આ પરહેઝ પરહેઝગારીના કમાલ સાથે કરો અને આ પરહેઝગારીનો કમાલ પણ ઈખ્લાસની દૌલત વડે જ હાંસીલ થાય છે, એટલે કે પરહેઝ કરવા પાછળ પણ અલ્લાહત્આલાની ખુશ્નુદી જ હાંસીલ કરવાનો હેતું હોવો જોઈએ નહીં કે કોઈપણ પ્રકારનો દુન્યવી ડર કે ભય કે લોભ અથવા લાલચ, આથી સાબીત થયું કે ઈખ્લાસની પ્રાપ્તી એજ પરહેઝગારીનો કમાલ છે તેમજ એ જ સુલુકએલલ્લાહનો તેમજ વિલાયત પ્રાપ્તિનો માર્ગ પણ છે. તેમજ એ વાત પણ સાબીત થઈ કે તકવાનો કમાલ વિલાયતની પ્રાપ્તિ વગર હાંસીલ થઈ શકતો નથી. તો આ રીતે મજકુર આયાતેપાકના ઈર્શાદ

મુજબ વિલાયત હાંસીલ કરવી વાજીબ છે. એટલે કે કોઈ કામીલ-મુકમ્મીલ પીરો મુર્શીદની રેહબરી નીચે *સુલુકએલલ્લાહ*નો માર્ગ તય કરવો વાજીબ છે.

હસદ, કીનો-કપટ, ઘમંડ, રિયા, દંભ, અહંકાર, લોભ, લાલચ તેમજ આ સિવાયની અનેક નીચવૃતિઓનું હરામ હોવું કુર્આનેપાક તેમજ અહાદીષેપાક વડે તેમજ આલીમોના સર્વાનુમતે સાબીત છે; જ્યાં સુધી આ પ્રકારની નીચ અને અધમવૃતિઓ દુર ન થાય ત્યાં સુધી તકવાનો કમાલ કેવી રીતે હાંસીલ થાય ? ઈન્સાનના નફસમાંથી આ પ્રકારની અધમવૃતિઓ દુર કરવા માટે તેણે ફનાએ નફસ હાંસીલ કરવું તેમજ ગુનાહોને છોડવો જરૂરી છે, જે દીલની સફાઈ વગર શકય નથી, અને તેને જ સુફીવાદની ભાષામાં **તસ્ફીયાએ કલ્બ** કહેવામાં આવે છે. હદીષ શરીફમાં આવ્યું છે કે, “ઈન્સાનનાં બદનમાં ગોશ્તનો એક ટુકડો છે, જો તે સાલેહ(નેક)છે તો તમામ બદન સાલેહ છે અને જો તે ખરાબ છે, તો તમામ બદન ખરાબ છે અને તે **દીલ** છે.”

ઉપરોક્ત ચર્ચાથી સાબીત થયું કે *તસ્ફીયાએકલ્બ* (દીલની સ્વચ્છતા)અને *તઝકીયાએ નફસ* (નફસની પવિત્રતા)આ *સુલુક એલલ્લાહ*ના માર્ગને પાર કરવાથી જ હાસીલ થઈ શકે છે તેમજ તેના વડે જ પરહેઝગારીનો કમાલ હાંસીલ થાય છે. આ સુલુકએલલ્લાહના માર્ગના ઈલ્મનો સંબંધ ઈલ્મે બાતિન સાથે છે, કેજે સીના-બ-સીના હાંસીલ થાય છે. જે આલિમો પાસે ઈલ્મે જાહીરની સાથે આ પ્રકારનું ઈલ્મેબાતિન ન હોય તે ખુલુસ (ઈખ્લાસ)થી તદ્દન ખાલી હોય છે, માટે જ હઝરત શાહ વલીયુલ્લાહ મોહદ્દીષે દહેલ્વી(રહેમતુલ્લાહ અલયહે) ફર્માવ્યું કે, “આલિમે ખુશ્કની સોહબતથી દૂર ભાગો.” અહીં આલિમે ખુશ્કથી મુરાદ તે આલિમો છે, કે જેઓ ઈલ્મે બાતિનથી ખાલી છે, આ અનુસંધાને જ હઝરત કાઝી સનાઉલ્લાહ પાનીપતિ (રહેમતુલ્લાહ અલયહ)એ ફર્માવ્યું છે કે, “(૧) ઈલ્મે બાતિન ફર્ઝ છે. (૨) તલબે તરીકત વાજીબ છે અને (૩) બયઅ્ત થવું સુન્નત છે.”

હવે, અહીં હું ખુદી થી દુર...ખુદાથી કરીબ થવાનો તરીકો એટલે સુલુકએલલ્લાહ પાર કરવાની રીત લખી રહ્યો છું, જે અમારા ખાનદાને આલીશાન નક્શબંદીય્યાહ-મુજદ્દેદીય્યાહના તરીકા મુજબ છે. અને તેનું કારણ એ છે આ ખાનદાનના ઝીક્ર-ફીક્ર તાલિબ માટે અન્ય ખાનદાનના તરીકાઓના મુકાબલામાં ખૂબ જ સરળ અને જલ્દી ખુદા સુધી પહોંચાડનારા છે. નક્શબંદી તરીકો સરળ હોવાના ઘણાં કારણો છે, તે પૈકી આ તરીકાના અકાબીર બુઝુર્ગોના કેટલાક અવતરણો રજૂ કરી રહ્યો છું.

ઈમામુત્તરીકા હઝરત ખ્વાજા બહાઉદ્દીનશાહ નક્શબંદ (રદીયલ્લાહો ત્આલા અન્હો) ફર્માવે છે કે, “બધા જ તરીકાઓ મુબારક અને

નુરાની છે તેમજ અલ્લાહ સુધી પહોંચાડે છે, પરંતુ અલ્લાહત્આલાએ મને જે તરીકો ઈનાયત ફરમાવ્યો છે(નક્શબંદી તરીકો) તેમાં ઘણી જઆસાની છે અને તેના વડે અલ્લાહ સુધી જલ્દી પહોંચાય છે.''

આપના આ ફરમાન પાછળ ભેદ એ છે કે આ તરીકામાં (નક્શબંદી તરીકામાં)ઝીક્રે કલ્બી છે અને ઝીક્રે કલ્બીમાં જઝબએ રબ્બાની છુપાયેલો છે, જેના વડે ઈલાહી આકર્ષણ તેમજ લગન પૈદા થાય છે, જે તાલીબને જલ્દી તેમજ સરળતાપૂર્વક વસ્લની દૌલત હાંસીલ કરાવી દે છે; કારણકે તેમાં પ્રયત્નો કે મહેનત કરવી પડતી નથી પરંતુ જઝબાએ રબ્બાની જ તેને મતલુબ (અલ્લાહત્આલા) સુધી ખેંચીને પહોંચાડી દે છે, જ્યારે અન્ય તરીકાઓમાં પ્રથમ ઝીક્રેલિસાની(જબાની ઝીક્ર)છે, જેની અંદર સુલુક છે અને સુલુકનો સંબંધ સ્વ પ્રયત્નો સાથે છે અને તેને પાર કરવા માટે મહેનતો મશક્કત કરવી પડે છે. તેમજ ઘણીજ રીયાઝતો અને મુજાહેદાઓ કરવા પડે છે અને ઝીક્રની ઝર્બો લગાવવી પડે છે ત્યાર પછી તાલીબને વસ્લની દૌલત હાંસીલ થાય છે. તો આ રીતે આ બંને માર્ગો વચ્ચે એટલે કે જઝબા અને સુલુકના માર્ગ વચ્ચે કેટલું વિશાળ અંતર છે ? તેની ઉપર ચિંતન-મનન કરવાથી આ તરીકાની સરળતા સ્પષ્ટ થઇ જશે.

આ જ અનુસંધાને હઝરત ખ્વાઝા બહાઉદ્દીનશાહ નક્શબંદ (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ એક અન્ય જગ્યાએ ફર્માવ્યું છે કે, **મામુરાદાઈમ, માફઝલિયાઈમ** (અર્થાત્:-અમે મતલુબોમાંથી છીએ, અમે ફઝલવાળાઓમાંથી છીએ.)

હકના તલબગારોમાં એક મુરાદ છે અને બીજો મુરીદ છે. મુરાદ એ છે કે જેને અલ્લાહત્આલા પોતાની તરફ ખેંચે છે એટલેકે ઈલાહી આકર્ષણના માર્ગ થકી ચાલે છે જ્યારે મુરીદ એ લોકો છેકે જેઓ પોતાના પ્રયત્નો તથા મહેનત વડેઅલ્લાહ તરફ જાય છે.

હઝરત ખ્વાજા બહાઉદ્દીનશાહ નક્શબંદ(રદીયલ્લાહો અન્હો)ના ઉપરોક્ત બીજા ફર્માનથી સાબીત થાય છે કે આ તરીકાના(નક્શબંદી તરીકાના) દરેક તાલીબો મુરાદો પૈકી અને ફઝલવાળાઓ પૈકી છે, માટે જ આ તરીકો મુરીદો અને તાલીબો માટે આસાન છે.

તદુંપરાંત આ તરીકો તાલીબો માટે સરળ હોવાના કારણે જ હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો) એ પોતાના ખલીફાઓને ઘણી જગ્યાએ લખી જણાવેલું છે કે,

''જો કોઇ તાલીબે હક(તમારી પાસે આવીને નક્શબંદી સિવાય બીજા કોઇ)મુબારક તરીકામાં બયઅ્ત થવા ઈચ્છે તો ફાતિહા વડે ઈસાલે સવાબ

કર્યા પછી (તે તાલીબ જ તરીકામાં બયઅ્ત થવા ચાહે છે) તે જ (તરીકાના) બુઝુર્ગોના વસીલાથી તમે પોતાના માટે અને તાલીબના માટે અલ્લાહત્આલાની જનાબમાં સફળતા માટે દુઆ માંગો (અને પછી તાલીબની માંગ મુજબ) એ જ સિલસિલામાં તેને બયઅ્ત કરો, પરંતુ તેને ઝીક્ર તો નક્શબંદી તરીકાનો જ શીખવો કારણકે એ આસાન છે અને અલ્લાહ સુધી જલ્દી પહોંચે છે.''

તદુપરાંત આ તરીકો આસાન હોવાના બીજા બે કારણો પણ દેખાય છે. (૧) બીજા મુબારક તરીકાઓમાં ઝીક્રે કલ્બી છેવટે બતાવવામાં આવે છે, પરંતુ નક્શબંદી તરીકામાં ઝીક્રે કલ્બીથી જ શરૂઆત થાય છે. અને (૨) બીજા તરીકાઓમાં ફૈઝ મેળવવા માટે મોટાભાગે અસ્મા અને સિફાતે ઈલાહી જેમ કે *યા રહીમો...યા કરીમો* વગેરેના ઝીક્રથી તાલીબ ને ફૈઝયાબ કર્યા પછી અલ્લાહ ત્આલાની ઝાત તરફ(ઈસ્મેઝાત) મુખાતીબ કરવામાં આવે છે પરંતુ નક્શબંદી તરીકામાં સીધોજ ઈસ્મેઝાત(અલ્લાહ) નો ઝીક્ર બતાવવામાં આવે છે અને તેના થકી તાલીબની હિમ્મતને **ઝાતેબહત** એટલે કે અલ્લાહત્આલાની ઝાત તરફ મુખાતીબ કરવામાં આવે છે. માટે ઈમામુત્તરીકા હઝરત ખ્વાઝા મોહંમદ નક્શબંદ (કુદ્દસ્સીર્હુ) ફર્માવે છે કે,

અવ્વલે મા આખિરે મુન્તહી,
આખિર મા જૈબે તમન્ના તહી.

(અર્થાત્ઃ- બીજાઓનો જ્યાં અંત છે ત્યાથી અમારી શરૂઆત છે અને અમારો અંત તો આરઝુઓના દામનને ખાલી કરી દે છે)

હવે અહીં હું કીતાબ **આદાબે સાલીક** કે જે અમારા આલા હઝરત, કામીલ-મુકમ્મીલ ઔલિયા, ઝુબ્દતુલ્મકામાત, અલ્લામા, હઝરત મૌલાના મુફ્તી મોહંમદ મસ્ઉદશાહ સાહેબ દહેલ્વી નક્શબંદી મુજદ્દેદી(રહેમતુલ્લાહ અલયહ)એ લખી છે તેમજ જેમાં ઝમીમાહ્ એટલે કે સુલુકએલલ્લાહના તરીકાનો ઉમેરો કરીને તેઓના અગ્રેસર ખલીફા હઝરત મૌલાના અલ્હાજ સૈયદ મોહંમદ રૂકનુદ્દીનશાહ અલ્વરી સાહેબ(રહેમતુલ્લાહ અલયહ)એ હી.સ.૧૩૫૦માં ફરીવાર છપાવી ત્યારબાદ તેઓના ખલીફા અને મારા પીરોમુર્શીદના દાદાપીર મહેબુબસ્સમદ હઝરત સુફી અખ્લાક એહમદ સાહેબ નક્શબંદી-મુજદ્દેદી રામપુરી સુમ્મ એહમદાબાદી(રહેમતુલ્લાહ અલયહ)એ ગુજરાતના મુરીદો માટે તશરીહ કરીને સારી રીતે સમજમાં આવે એ માટે ઉર્દુમાંથી ગુજરાતી લિપિયાંતર કરીને હી.સ.૧૩૭૭માં ફરી છપાવી, જેમાંથી હું અહીં મજકુર કિતાબનો ઝમીમાહ્ એટલે કે સુલુક એલલ્લાહની જરૂરી વાતોને થોડાકસુધારા-વધારા સાથે શુધ્ધ ગુજરાતી ભાષામાં રજૂ કરી રહ્યો છું.

❊ ખુદાના રસ્તા પર ચાલવું એટલે કે સુલુક પાર કરવાનો તરીકો

નહ્‌મદોહુ વ નુસલ્લી અલા રસુલેહીલ્કરીમ

ત્યારબાદ જાણવું કે અલ્લાહ ત્આલાએ પોતાની કામીલ અને મહાન કુદરત વડે બે પ્રકારના જગત(દુનીયા)પૈદા ફર્માવ્યા છે (૧)એકનું નામ છે **આલમે ખલ્ક** (ભૌતીક જગત) અને (૨)બીજાનું નામ **આલમે અમ્ર**(આધ્યાત્મિક જગત) કુર્આને મજીદમાં તેનું વર્ણન એ રીતે છે કે, ‘‘ખબરદાર થઇ જાવ, તેના(ખુદા)માટે ખલ્કો-અમ્ર છે. બરકતવાળો છે અલ્લાહ જે સમગ્ર સૃષ્ટિઓનો પાલનહાર છે.’’


હવે આ (૧) *આલમે ખલ્ક*(ભૌતિકજગત)જમીનરૂપી પાથરણાથી અર્શ સુધી ફેલાયેલું છે, તેમજ તે ચહેરા-મ્હોરાઓ, રંગ-રૂપ અને આકૃતિઓ તેમજ શારીરક ઢાંચાઓ ધરાવે છે અને તેની ઉત્પતિ અલ્લાહત્આલાએ ધીમે ધીમે ક્રમશઃ અને આગળ પાછળ કરી છે, જ્યારે (૨)*આલમે અમ્ર* (રૂહાની જગત, આધ્યાત્મિક જગત)કે જે અર્શની ઉપર છે, તે ચહેરા-મ્હોરા, રંગ-રૂપ અને તમામ પ્રકારની આકૃતિઓથી પાક છે આ જગત અલ્લાહત્આલાએ ***કુન*** ફર્માવ્યું અને એકીસાથે જ પૈદા થઇ ગયું (કુન ફયકુન) આ બંને પ્રકારના આલમોને સુફીવાદની ભાષામાં **આલમે ઈમ્કાન** કહેવામાં આવે છે કારણ કે તે મુમકીનાત પૈકી છે, જ્યારે માત્ર એક અલ્લાહ ત્આલાની ઝાત જ વાજિબુલ્વજુદ છે. તેમજ આલમે ઈમ્કાનનો બીજો અર્થ એ છે કે તે પહેલાં અસ્તિત્વ ધરાવતું ન હોતું, પરંતુ અલ્લાહ ત્આલાના હુકમથી જાહેર થયું, આ વાતની સમજૂતી પેટે તેનો દાઇરાહ એટલે કે વર્તુળ દર્શાવવામાં આવે છે, જેને દાઇરાએ ઈમ્કાન કહેવામાં આવે છે. સાલીક જ્યારે આ દાઇરાએ ઈમ્કાનને પાર કરી લે છે ત્યારે તે કુર્બે હક્કના પ્રવેશદ્વાર પર પહોંચે છે.’’

❊ દાઈરાએ આલમે ઈમ્કાન

હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ દરેક મકામનો એક *દાઈરાહ* નક્કી કર્યો છે જે પૈકી આ *દાઈરાએ ઈમ્કાન* એ સર્વપ્રથમ દાઇરાહ છે કે જેને પાર કરીને સાલીક વિલાયતના મકામમાં પ્રવેશ કરે છે. દરેક મકામ માટે દાઇરાહ એટલે કે વર્તુળ નક્કી કરવાનું કારણ એ છે કે જેવી રીતે દાઇરાહ(વર્તુળ)નો કોઇ પહેલું, કોઇ ખુણો દીશા કે અંત નથી એ જ રીતે કુર્બે ઇલાહીની પ્રાપ્તિમાં સાલીકની કોઇ દિશા કે હદ નથી અને બીજું (૨)કારણ એ છે કે સુફિયાએ કિરામના બે મકામો **હમાઉસ્ત**(ફના)

અને **હમાઅઝુસ્ત**(બકા)ની સમસ્યાનો ઉકેલ પણ આ દાઈરાહની અંદર જ છુપાયેલો છે. જે રીતે વર્તુળની રચના આપોઆપ પોતાની મેળે થતી નથી, પરંતુ મધ્યબિંદુ વડે થાય છે, છતાં મધ્યબીંદુ અને વર્તુળ બંનેનું અસ્તિત્વ અલગ અલગ છે. બંનેનો કયારેય મેળાપ થઇ શકતો નથી, તેમજ ન તો બંને એકબીજામાં ભળી જઇને એકાકાર થઇ શકે છે. એ જ રીતે અલ્લાહ ત્આલાએ મખ્લુકને પૈદા કરી છે. તો પછી મખ્લુક અલ્લાહ ત્આલામાં એકાકાર કે તેની ઐન કેવી રીતે બની શકે? આ રીતે દાઇરાહ એટલે કે વર્તુળની સંજ્ઞા વડે સુફિયાએ કીરામે સુકરો-મસ્તીની હાલતમાં કહેલાં કેટલાક કલામો(વાક્યો)નું સારીરીતે અર્થઘટન થઇ જાય છે.

હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)ના સંશોધન અનુસાર આ દાઇરાએ ઇમ્કાનનો સંબંધ ઇન્સાનમાં છુપાયેલા દસ લતીફાઓ સાથે છે જે પૈકી પાંચ લતીફાઓ (૧)માટી (૨)પાણી (૩)હવા (૪)અગ્નિ અને (૫) નફસ. એ આલમે ખલ્કના એટલે કે ભૌતીક જગત સાથે સંકળાયેલા છે. જ્યારે આ પાંચ લતીફાઓ (૧) કલ્બ(૨) રૂહ (૩) સિર્ર(૪) ખફી અને (૫) ઈખ્ફા.એ આલમે અમ્રના એટલેકે આધ્યાત્મિક કે રૂહાની જગત સાથે સંકળાયેલા છે આ દસેય લતીફાઓને આલમે ઈમ્કાન કહે છે, જેનો દાઈરાહ આ મુજબ છે.



અહીં *આલમે અમ્રના* દરેક લતીફાઓની જડ એટલે કે અસલ અર્શની ઉપર છે જ્યારે *આલમે ખલ્કના* દરેક લતીફાઓ જડ એટલે કે અસલ અર્શની નીચે છે.

હઝરતે ઈન્સાન એટલે કે આદમી કે જે સૌથી છેલ્લે ઉત્પન્ન થયેલી મખ્લુક છે એટલે કે તમામ સૃષ્ટિઓની પૈદાઇશ પછી પૈદા થયેલો છે, તેનું વજુદ બંને આલમો(*આલમે ખલ્ક અને આલમે અમ્ર*)ના અંશો વડે બનેલું છે. આદમીનું જાહેરી બદન આલમે ખલ્કના પાંચ લતીફાઓ એટલે કે માટી,

પાણી, હવા, આગ અને નફસ (પંચમહાભુત)થી બનેલું છે, જેને પંચમહાભુત કે ભૌતિક તત્ત્વો પણ કહેવામાં આવે છે, જ્યારે તેના બદનનો આંતરિક હિસ્સો કે સુક્ષ્મશરીર આલમે અમ્રના પાંચ લતીફાઓ એટલે કે કલ્બ, રૂહ, સિર્ર, ખફી અને ઈખ્ફા વડે બનેલું છે. આ રીતે આદમીનું કુલ વજુદ આલમે ખલ્ક અને આલમે અમ્રના અંશો વડે અસ્તિત્વમાં આવ્યું છે, જેને હઝરત ઈન્સાન કહેવામાં આવે છે. લતીફાઓ એવી નાજુક ચીઝ છે કે જેને નરી આંખે જોઈ કે સમજી શકાતા નથી, જેવી રીતે હવા રૂહ વગેરે લતીફ(નાઝુક)ચીંજો જોઈ શકાતી નથી. અલ્લાહ ત્આલાએ આ પ્રકારની ખુબીઓ ઈન્સાનને અર્પણ કરીને તેની શાનમાં ચાર કસમો ખાઈને ફરમાવ્યું કે, ''અમે ઈન્સાનને સર્વશ્રેષ્ઠ શકલો-સુરત પર પૈદા કર્યો, જો તે ખરાબ કાર્યોને છોડીને સારા અને સારા જ કાર્યો કરે છે તો ફરિશ્તાઓથી પણ ઉપર નીકળી જાય છે અને જો અને ખરાબ ઉપર ખરાબ કાર્યો કરે છે,તો નિમ્ન કક્ષાએ જઈ પહોંચે છે અને શૈતાન પણ તેનાથી ભાગે છે. સારા નેક કાર્યો કરવાથી જન્નતમાં તેમજ ખુદા સુધી પહોંચે છે, બુરા(ખરાબ)કાર્યો થકી દોઝખમાં જાય છે.''

(**નોંધ**:- આલમે અમ્રનો એક લતીફો આલમે ખલ્કના એક લતીફા સાથે સંકળાયેલો છે જો કે કલ્બ સાથે નફસ, રૂહ સાથે હવા, સિર્ર સાથે પાની, ખફી સાથે આગ અને ઈખ્ફા સાથે માટીનું તત્વ સંકળાયેલું છે, તો જ્યારે પીરે કામીલ પોતાની શક્તિશાળી તવજ્જોહ્ અને આત્મબળ વડે તાલીબના આલમે અમ્રના એક-એક લતીફાને ખાનદાને નકશબંદીયાહ્ના સુલુક મુજબ પાર કરાવે છે, તો સાથે સાથે આલમે ખલ્કના લતીફાઓ તેમાં આપ મેળે જ પાર થઈ જાય છે, જે આ તરીકાની(નક્શબંદી તરીકાની) સરળતા અને ખુબી છે. તેમજ માર્ગ એકદમ ટુંકો બની જાય છે, માટે જઆ તરીકો આજના આધુનિક યુગના **એક્સપ્રેસ હાઈવે** સમાન છે.)

ઈન્સાનના શરીરમાં સીનાની અંદર આ આલમે અમ્રના પાંચ લતીફાઓ એક નિશ્ચિત સ્થાને આવેલા છે. દરેક લતીફાના અન્વારોનો રંગ અલગ-અલગ છે, તેમજ દરેક લતીફો કોઈ એક પયગમ્બર(અલહીસ્સલામ)ના મુબારક કદમ નીચે આવેલો છે માટે દરેકની વિલાયત અલગ-અલગ ખાસિયતો અને ખુબીઓ ધરાવે છે. અહીં કદમ નીચે હોવાનો અર્થ એ જ છે કે એ લતીફાની વિલાયત તે જે નબીના પવિત્ર કદમ નીચે છે, તેની ખુબી ધરાવે છે. હવે આ દરેક લતીફાના સ્થાનો, તેના અન્વારોના રંગો, તેમજ તે કયાં નબી(અલયહીસ્સલામ)ના પવિત્ર કદમ નીચે છે તેની વિગતો તેમજ નકશો આ મુજબ છે.

મનકી આંખે ખોલ

લતીફાના સ્થાનો, અન્વારોનાં રંગો વગેરેની વિગતો તેમજ તેનો નક્શો

★(૧) **લતીફાએ કલ્બ**:- આ લતીફાના અન્વારોનો રંગ પીળો (ઝર્દ) છે, તેનું સ્થાન સીનામાં ડાબી બાજુએ પીસ્તાનથી બે આંગળ નીચે પાંસળી પાસે છે અને આ લતીફો હઝરત આદમ (અલયહીસ્સલામ)ના કદમ મુબારક નીચે છે, આ લતીફા સાથે *આલમે ખલ્કનો લતીફાએ નફસ* ભૌતિક તત્વરૂપે સંકળાયેલો છે.

★(૨) **લતીફાએ રૂહ**:- આ લતીફાના અન્વારોનો રંગ લાલ છે. તેનું સ્થાન છાતીમાં જમણી બાજુ પીસ્તાનથી બે આંગળ નીચે છે અને આ લતીફો હઝરત ઈબ્રાહીમ(અલયહીસ્સલામ)ના કદમ નીચે છે. આ લતીફા સાથે આલમે ખલ્કનું *હવાનું ભૌતિકતત્ત્વ* સંકળાયેલું છે.


★(૩) **લતીફાએ સિર્ર**:- આ લતીફાના અન્વારો સુરજની જેમ ઝળહળતાં સફેદ રંગના છે તેનું સ્થાન છાતીમાં ડાબીબાજુ પીસ્તાનથી ઉપર બે આંગળ છે અને આ લતીફો હઝરત મુસા(અલયહીસ્સલામ)ના કદમ મુબારક નીચે છે. આ લતીફા સાથે *પાણીનું ભૌતીક તત્ત્વ* સંકળાયેલું છે.

★(૪) **લતીફાએ ખફી**:- આ લતીફાના આન્વારોનો રંગ કાળો છે. તેનું સ્થાન જમણીબાજુ છાતીમાં પીસ્તાનથી બે આંગળ ઉપર છે. આ લતીફો હઝરત ઈસા(અલયહીસ્સલામ)ના કદમ મુબારક નીચે છે. તેની સાથે આલમે ખલ્કનું *આગનું તત્ત્વ* સંકળાયેલું છે.

★(૫) **લતીફાએ ઈખ્ફા**:- આ લતીફાના અન્વારો સબ્ઝ એટલે કે લીલા રંગના છે. આ લતીફાનું સ્થાન છાતીમાં બરાબર વચ્ચે ઉપરની તરફ આવેલું છે. આ લતીફો હુઝુર નબીએપાક મોહંમદુર્રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં કદમ મુબારક નીચે આવેલો છે. અને આ લતીફા સાથે આલમે ખલ્કનું *માટીનું તત્ત્વ* સંકળાયેલું છે. આ રીતે માટીનું તત્વ સર્વોપરીતા લઈ ગયું.

આ સિવાય, ઈન્સાનના શરીરમાં બે અન્ય લતીફાઓ **(૧)લતીફાએ કાલબીયા**:- કે જેમાં પુરુ શરીર એક લતીફા રૂપે છે અને **(૨)લતીફાએ નફસો મન**:- કે જેનું સ્થાન અમુક સુફિયાએ કિરામની નજદીક પેશાનીમાં છે, અમુકની નજદીક ડુંટીની નીચે છે. આ લતીફો આલમે ખલ્કના ચારેય ભૌતિક તત્ત્વો માટી,પાણી,આગ અને હવાનો નિચોડ છે, તેના અન્વારો રંગવિહીન કે ચાંદની જેવા ભુખરા રંગના છે. આમ આ રીતે ઈન્સાનના જીસ્મમાં કુલ સાત લતીફાઓ છે જેને **લતીફાએ સીત્તહ્** પણ કહે છે.

હવે આ દરેક લતીફાઓના સ્થાનો વગેરે દર્શાવતો નકશો આ મુજબ



❈ **મુજદ્દેદીય્યાહ તરીકો :** હઝરત મુજદ્દીદે અલ્ફેસાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)સો પ્રથમ લતીફએ **કલ્બ** પર તવજ્જોહ આપીને કલ્બને ઝાકીર બનાવતાં હતાં, પછી ક્રમશ : લતીફએ **સીર્ર**,અને લતીફએ **ખફી**, અને લતીફએ **ઈખ્ફા**, પછી લતીફએ **નફ્સ વ મન** ને ઝાકીર ફરમાવતા હતાં.સુલુક પુર્ણ કરવાની આ રીતને <u>મુજદ્દેદીય્યાહ તરીકો</u> કહેવામાં આવે છે.

❈

માસુમીયાહ તરીકો : જયારે આપના જાનશીન અને સાહેબઝાદા ઉર્વતુલ ઉસ્કા હઝરત ખ્વાઝા મોહંમદ માસુમ(રેહમતુલલાહ ત્આલા અલયહે) પહેલા લતીફએ **કલ્બ** તરફ ઉપર તવજ્જોહ આપીને તેને ઝાકીર બનાવ્યા પછી સીધીજ અંતીમ લતીફએ **નફ્સ વ મન** ઉપર તવજ્જોહ આપીને તેને ઝાકીર ફરમાવતાં હતાં, અને વચ્ચેના લતાઈફો લતીફાએ **રૂહ**, લતીફાએ **સીર્ર**, લતીફાએ **ખફી** અને લતીફાએ **ઈખ્ફા** ખુદ બ ખુદ ઝાકીર થઇ જતાં. સુલુક પુર્ણ કરવાની આ ટુંકી રીતને <u>માસુમીયાહ તરીકો</u> કહેવામાં આવે છે.



છે :-

ખાનદાને મુજદ્દેદીય્યાહનો સુલુક કોઈપણ ખાનદાનમાં દાખલ કે મુરીદ હોય(કારણ કે *ખાનદાને મુજદ્દેદીય્યાહ* નવ ખાનદાનનો ફૈઝ ધરાવે છે.) પરંતુ તે નક્શબંદીયા તરીકા પર જ શરૂ થાય છે અને નિસ્બત તેમજ નુર દરેક ખાનદાનનું કે, જેમાં તે દાખલ થયેલો છે, તેના સીનામાં ઈલ્કા કરી દેવામાં આવે છે (ઊંડેલી દેવામાં આવે છે.) આ મહાન નક્શબંદીય્યાહ ખાનદાન સિવાય અન્ય ખાનદાનોમાં સુલુકએલલ્લાહની શરૂઆત લતીફાએ નફ્સ-વ-મન થી થાય છે, જેના માટે તાલીબે શારીરીક મહેનતો કરવી પડે છે, ત્યારે ખુદા સુધી પહોંચે છે, જ્યારે ખાનદાને નક્શબંદીય્યાહમાં સુલુકએલલ્લાહ કલ્બ એટલે કે દીલથી શરૂ થાય છે; એટલા માટે અન્ય ખાનદાનોમાં આ સફર ઘણી જ લાંબી અને કષ્ટદાયક થઈ ગઈ છે. જ્યાં સુધી મુરીદ ચિલ્લાકશી, રોઝા, ઝીક્ર-ફીક્ર, કલ્માની ઝર્બો અને સખ્ત મુજાહેદાઓ નથી કરતો, ત્યાં સુધી આલમે અમ્રના લતીફાઓના રંગો તેની પર જાહેર થતાં નથી, જ્યારે ખાનદાને નક્શબંદીય્યાહમાં અહીં ઘણી જ સરળતા છે, અને સહેલાઈથી લતીફાના રંગો જાહેર થાય છે, જે તે લતીફાને પાર કે તય કર્યાની નિશાની છે.

આ મહાન સિલસિલાએ નકશબંદીય્યાહની સયર(રૂહાની સફર)આલમે અમ્રથી શરૂ થતી હોવાના કારણે તેમાં ઘણી જ સરળતા થઈ ગઈ છે, અને કુર્બે ખુદાવંદીનો માર્ગ ઘણો જ નીકટનો થઈ ગયો છે. આલમે ખલ્કની સયર બીજા ખાનદાનોમાં વર્ષો સુધી થાય છે તે આ ખાનદાનમાં (નક્શબંદી ખાનદાનમાં)આલમે અમ્રની સયર સાથે જ જલ્દી પાર થઈ જાય છે. સિલસિલાએ નક્શબંદીય્યાહમાં સર્વપ્રથમ તો શરીઅત અને સુન્નતની પાબંદી બહુ જ છે, જે અલ્લાહ અને તેના રસુલનો દેખાડેલો રસ્તો છે તેમજ *દરેક કાર્યમાં મદયમ માર્ગ રૂપે છે.* નફ્સ અને તેની ખ્વાહીશાતોને મારવા માટે અને તેની સુધારણા માટે શરીઅતઅને સુન્નતથી વધીને કોઈ મુજાહેદો નથી. હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)એ આ અનુસંધાને જ ફર્માવ્યું છે કે,**“જો કોઈ તાલીબને અમારે ત્યાં ઈલ્મેબાતીનમાં હીસ્સો ન મળે તો તેણે બદદિલ ન થવું જોઈએ, કારણકે અસલ મકસદ બક્ષિસ છે અને બક્ષિસનો આધાર સુન્નતની ઈત્તેબાઅ્ પર છે અને સુન્નતની ઈત્તેબાઅ્ અમારે ત્યાં ફરજીયાત છે.”**

આથી આ રીતે પોતાના ઝાહીરને શરીઅત પર રાખવું તરીક્ત તેમજ મુરીદી માટે ખાસ જડરૂપે તેમજ અંતર્ગત હિસ્સારૂપે રાખવામાં આવેલ છે. અન્ય લોકો આ વાતની આજકાલ દરકાર નથી કરતાં માટે જ નામુકમ્મીલ રહી જાય છે.

મનકી આંખે ખોલ

આમ તો અલ્લાહત્આલા સુધી પહોંચવાના અનેક માર્ગો છે, માટે જ હઝરત ખ્વાજા નક્શબંદ(કુદ્દસ્સીર્રહુ)એ ફર્માવ્યું કે, “જેટલા નફ્સ છે એટલા જ અલ્લાહને મેળવવાના માર્ગો છે.” પરંતુ જાહીર તેમજ બાતીનને મુનવ્વર અને નુરાની કરવા તથા તેની સુધારણા માટે ત્રણ તરીકાઓ અમારા બુઝુર્ગો(નક્શબંદી બુઝુર્ગોએ) અલ્લાહ ત્આલાના ફઝલો કરમ અને ઈલ્હામો થકી કાઢયા છે, (૧)રાબતાહ્-એ-પીર (૨) ઝીક્રે કલ્બી(દીલનો ઝીક્ર) અને (૩)મુરાકીબાહ આયાતે કુર્આનીનો. જો કોઈ તાલીબને આ ત્રણેય માર્ગો એકી સાથે પ્રાપ્ત થઈ જાય તો નુરૂન અલા નુર છે, નહીં તો આ ત્રણેય પૈકી એકને મજબૂતીથી પકડી લેશે તો બેશક ખુદા સુધી ઈન્શાઅલ્લાહ જરૂર પહોંચી જશે. હવે દરેકનો ક્રમશઃ ખુલાસો આ મુજબ છે. **(૧)રાબતાહ્-એ શૈખ** (પીર)નો સામાન્ય અર્થ તો સંપર્ક જાળવવો કે સંબંધ છે, પરંતુ સુફીવાદની પરિભાષામાં રાબતાહ્ એટલે **પીર સાથે રૂહાની સંપર્ક કેળવવાની ખાસ પધ્ધતી** તેમજ બીજા અર્થમાં રાબતાહ્ તેને કહેવામાં આવે છે કે પીરની મોહબ્બતને અત્યંત તાઝીમ અને હૈબત તથા ખૌફની સાથે દિલમાં એ રીતે સ્થાન આપે કે કોઈ બીજા કામીલ અને યુગના પીરની મોહબ્બત તેમજ મોટાઈની દિલની અંદર બીલકુલ ગુંજાઈશ કે જગ્યા ન રહે તેમજ તેઓની સુરતની હિફાઝત(તસવ્વુર)તેઓની સામે અને તેઓથી અલગતાની સ્થિતીમાં એટલી હદે હોય કે બેખુદી અને બેખબરીની હાલતમાં ખુદાનો હુઝુર તેની ઉપર ખુલી જાય. આ એ ખુબ જ મહાન જડ અને અસલ છે કે જેની ઉપર તમામ મહેનતોનો આધાર છે અને તેના વડે જ હિદાયત મેળવવી શર્ત થઈ ગઈ. ઉર્વતુલ્વુસ્કા હઝરત ખ્વાજા મોહંમદ માસુમ સરહીંદી(રદીયલ્લાહો ત્આલા અન્હો)રાબતાહ્ સંબંધે ફરમાવે છે કે, **“ઝિક્ર બે રાબતાહ્ મુસિલ નેસ્ત વ રાબતાહ્ બે ઝિક્ર અલબત્તાહ મુસિલ અસ્ત.”** (અર્થાત્ઃ- ઝીક્ર રાબતાહ્ વિના અલ્લાહ સુધી પહોંચાડતો નથી, પરંતુ રાબતાહ્ ઝીક્ર વિના જ અલ્લાહ સુધી પહોંચાડી દે છે.) હઝરત શાહ અબ્દુલઅઝીઝ મોહદ્દીષે દહેલ્વી(રહેમતુલ્લાહ અલયહ) પોતાની કિતાબ **શર્હે કવલુલ્જમીલમાં** ફર્માવે છે કે,

“ફકીરની નજદીક બીજા તમામ માર્ગો કરતાં રાબતાહ્- એ-શૈખ સર્વશ્રેષ્ઠ છે.”

તેમજ હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)એ પણ રાબતાહ્-એ-શૈખ વિશે ફર્માવ્યું છે કે,

“જો તકલ્લુફ અને બનાવટ વિના મુરીદને પીરનો રાબતાહ્ પ્રાપ્ત થઈ જાય તો (તે)પીર તથા મુરીદની વચ્ચે મુનાસીબતે કામીલ હોવાની

નિશાની છે, કે જે ફાયદો પહોંચાડવા માટેનો તથા ફાયદો પ્રાપ્ત કરવા માટેનો સબબ છે. અલ્લાહથી નિકટતા પ્રાપ્ત કરવા માટે રાબતાહ્ કરતાં ચઢિયાતો બીજો તરીકો નથી. ઝીક્ર કરતાં રાબતાહ્ને બેહતર કહેવામાં આવે છે, તે નફાની દ્રષ્ટિએ છે કારણ કે મુરીદને મઝકૂર(જેનો ઝીક્ર કરવામા આવે છે-અલ્લાહ)થી ફાયદો પ્રાપ્ત કરવા માટે હજુ કામીલ મુનાસિબત(હાંસીલ થઇ) નથી.''

ખ્વાજા ઉબૈદુલ્લાહ અહરાર(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવે છે કે,

''*સાયાએ રેહબર બેહતર અઝ ઝીક્રે હક્ક*''

(અર્થાત્ઃ- ઝીક્રે હકના કરતા પીરનો સાયો (છત્ર છાયા) સારો છે.)

આ રીતે રાબતાહ્ ખુબ જ ઉત્તમ દૌલત છે અને તેનું કારણ એ જ છે કે રાબતાહ્ વડે તાલીબ પોતાના શૈખ પાસેથી, તેના ઈત્તિસાલે રૂહાની (ફનાફીર્રસુલ) અને બાતિની કમાલાતોના નુરના કારણે એવો કમાલ પ્રાપ્ત કરી લે છે કે જેવી રીતે મોહર ની છાપ કાગળ પર પડી જાય છે.

તેમજ રાબતાહ નો મુળ મકસદ એ છે કે, ''જેવી રીતે ઈબાદ્દતના માટે ખાલીક અને મખ્લુકના દરમ્યાન શરીઅતમાં ખાનએ કાઅ્બાહ રાબતાહ્ છે કે એ જ રીતે તરીકતમાં શૈખનો રાબતાહ્ છે કારણ કે અલ્લાહના નુરનું બે જગ્યાએ ઉતરવું સાબિત થયેલું છે, કયાં તો બયતુલ્લાહમાં એટલે કે કાબા શરીફમાં અથવા તો કલ્બે અબ્દુલ્લાહ એટલે કે અલ્લાહના બંદાના દિલમાં. (અહીં અલ્લાહના બંદાથી મુરાદ કામીલ-મુકમ્મીલ શૈખની ઝાતેગીરામી છે.'')

(અહીં રાબતાહ્ના મામલામાં બીજી એક વાત યાદ રાખશો કે રાબતાહ્ એવા શૈખનો ફાયદાકારક છે કે જે ફના-એ-તામ (પરિપૂર્ણ ફના)અને બકાએ-અકમલ(કામીલ બકા)વડે મુશર્રફ હોય. આવો શૈખ કિબ્રીયતે એહમર નો હુકમ ધરાવે છે એટલે કે ગમે તેવી અસાધ્ય વસ્તુને સાધ્ય કરી દેવાની શક્તિ ધરાવે છે. જમાનો અલ્લાહત્આલાના આવા ખાસ બંદાઓથી ખાલી નથી.)

''જે શૈખ આ રીતની ફના અને બકા વડે મુશર્રફ નથી. તેનો રાબતાહ્ તાલીબને નુકશાન પહોંચાડે છે, કારણ કે અધુરા કે નાકિસ શૈખના દિલમાં જે નાકિસ ખ્યાલાતો આવે છે, તેની અસરથી તાલીબનું દીલ ખરાબ થાય છે.)''

પછી રાબતાહ્ વિશે **આદાબે સાલિક**માં આગળ લખ્યું છે કે, સુબ્હાનલ્લાહ, આ રાબતાહ્ એ શૈખ એ કેટલી મોટી દૌલત છે. **શા માટે ન હોય?** હદીષ શરીફમાં છે કે, ''આદમી તેની સાથે જ છે જેનાથી તે મોહબ્બત કરે છે.'' તો (આ રીતે)મુરીદ દરેક સમયે પીરની સાથે જ થયો અને પીર ખુદાની સાથે છે, તો મુરીદ પણ ત્યાં સુધી પહોચ્યો. કુર્આને મજીદમાં પણ છે

કે, *કુનુ મઅસ્સાદેકીન* એટલે કે સાચા લોકોનો(અવલીયાઓનો)સંગાથ કરો તો હમેંશાનો સાથ તસવ્વુર વડે જ થઇ શકે છે.

હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)ફર્માવે છે કે,''રાબતાહ્ અને હમેંશા પીરનો તસવ્વુર રહેવો આ દૌલત દરેક મુરીદને મળી શકતી નથી, પરંતુ **મુરીદે રશીદ** ને જ મળી શકે છે.'' આપથી સવાલ કરવામાં આવ્યો કે, 'નમાઝમાં પીરનો તસવ્વુર થઇ જાય તો કેવું?' ફર્માવ્યું, 'જે રીતે ઈબાદતમાં કાબાશરીફ અલ્લાહની નજદીકનો વસીલો છે એ જ રીતે અલ્લાહનું સાનીધ્ય(કુર્બ)હાંસીલ કરવાનો વસીલો પીર છે, ઈબાદતમાં ન તો મક્સુદ(હેતુ)કાબા શરીફ છે, ન તો મસ્જિદની મેહરાબ કે દિવાર છે કે જેની તરફ સજદો કરવામાં આવી રહ્યો છે. અસલ (ધ્યેય)અને મકસુદ અને માઅ્બુદતો અલ્લાહત્આલાની ઝાત છે એ જ રીતે પીર મકસુદ નથી, પરંતુ તેના વસીલાથી મક્સુદ ખુદા છે.' અને રાબતાહ્નો તરીકો તમામ તરીકાઓમાં સૌથી નિકટનો રસ્તો છે. અમારે ત્યાં(અમારા નકશબંદી ખાનદાનમાં) રાબતાહ્ જ પહોંચ્યો છે અને વકુફેકલ્બી એટલે કે દિલથી હર ઘડી વાકીફ રહેવું, હુઝુરે કલ્બી અને મુરાકીબાહનો તેની અંદર જ સમાવેશ થઇ જાય છે, એટલે કે રાબતાહ્ ની અંદર જ આ બધી વસ્તુ હાંસીલ થઇ જાય છે અને સહાબાએ કિરામ(રિદવાનુલ્લાહે ત્આલા અલયહીમ અજમઈન)ના સોહબતના તરીકા મુજબ **ઈન્એકાસી**(પ્રતિબીંબ રૂપે) ફયઝ અને **ઈન્સિબાગી**(જેવો સંગ તેવો રંગ)અકસ મુરીદના દિલમાં નાખવો અને પોતાના રંગમા રંગી દેવા છે. (સહાબા એ કીરામ(રીદવાનુલ્લાહ અજમઈન)ને હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની પવિત્ર સોહબત વડે આ જ રીતે ઈન્એકાસી અને ઈન્સિબાગી ફયઝ હાંસીલ થતો હતો, જેને કારણે તેઓ હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના રંગમા રંગાઇ ગયાં હતાં, એટલે કે આ રાબતાહ્ નો તરીકો હતો જે આજે પણ આ મહાન નકશબંદી ખાનદાનમાં જારી અને સીના-બ-સીના પહોંચેલો છે, માટે જ આ તરીકાના અકાબીરોએ આ તરીકાએ નક્શબંદીય્યાહને ઐન સહાબાએ કિરામનો તરીકો કહ્યો છે.)

આં હઝરત(સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)ફર્માવ્યું છે કે, ''જે કંઇ ખુદાએ મારા સીનામાં નાંખ્યું છે કે, તે બધું જ મેં સિદ્દીકે અકબરના સીનામાં નાખી દીધું.'' આ જ તરીકો નક્શબંદીઓમાં છે. પરંતુ અમુકે માત્ર ઝીક્રે કલ્બી, અમુક મુરાકિબાહ નો તરીકો રાખ્યો છે, જ્યારે અમારે ત્યાં (એટલે કે નક્શબંદીઓની અનેક શાખાઓ પૈકી કિતાબ આદાબે સાલીકના મુસન્નીફ હઝરત મુફ્તી મસ્ઉદશાહ(રહેમતુલ્લાહ અલયહ)ની શાખા જેમાં આ કીતાબના લેખક અને સંકલનકર્તાનો પણ સમાવેશ છે.) **અલ્કાએ નિસ્બત**

એટલે કે ફયઝ ઊંડેલવો અને પહોંચાડવો છે. (ઉપરોક્ત હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના ફરમાન મુજબ)જેના કારણે મૌખિક તાલીમ વગર જ કલ્બથી ઝીક્ર શરૂ થઇ જાય છે, અથવા તો દિલમાં ઝીક્રનું નુર સ્થાયી થઇ જાય છે અને આ કારણોસર જ (અહીં)સાહેબ તસર્રુફ(મજબુત આત્મબળવાળા) પીરની જરૂરત છે કે જે મુકમ્મીલ નુરાની અને નુરબખ્શ હોય. આ જ કારણસર અમારા સિલસિલામાં(નક્શબંદી સિલસિલામાં)ફનાએ અતમ અને બકાએ અકમલ પછી જ ખિલાફત અને ઈજાઝત આપવામાં આવે છે.

અલ્હમ્દોલીલ્લાહ, અને આ રીતે ઈંદીરાજ નિહાયત ફીલ્બીદાયત ની રીત મુજબ શરૂઆતમાં જ અંતની ચાસણી ચખાડી દેવી એ અમારા પીરોનું કાર્ય છે. જેના દિલમાં ઝીક્રનું નુર કાયમ(સ્થાયી)થઇ ગયું તેને ઝીક્રની જરૂરત નથી.

પછી રાબતાહ્ વિશે આટલી ચર્ચા કરીને **આદાબે સાલીક**ના ઝમીમાહ્માં હઝરત સૈયદરૂકનુદ્દીનશાહ સાહેબ અલવરી(રહેમતુલ્લાહ અલયહ)એ ફર્માવ્યું કે, ‘‘અમારા અકાબીર હઝરત સૈયદઈમામઅલી શાહ સાહેબે(રહેમતુલ્લાહ અલયહે) જેને જેના માટે યોગ્ય સમજ્યાં એ ઈનાયત ફર્માવ્યું, કોઇને ઝીક્રે કલ્બી, કોઇને મુરાકિબાહ જ્યારે અમારા આલા હઝરત એટલે કે હઝરત મુફ્તી મસ્ઉદશાહ સાહેબ દ્હેલ્વી(રહેમતુલ્લાહ અલયહ)ને રાબતાહ્ની દૌલત અર્પણ કરી જે સિલસિલા બ સિલસિલા હજુ સુધી પહોંચી રહી છે.’’

ત્યારબાદ રાબતાહ્ની જ ચર્ચા કરતાં લખ્યું કે, ‘‘હઝરત શાહ કલીમુલ્લાહ જહાંબાદી ચિશ્તી(રહેમતુલ્લાહ અલયહે) **કશ્કોલે કલીમી** માં લખે છે કે, ‘નક્શબંદીઓમાં ત્રણ તરીકા છે, જેમાં રાબતાહ્નો તરીકો અલ્લાહ સુધી પહોંચવાનો સૌથી નિકટનો માર્ગ છે, અને ઘણી જ અજીબો ગરીબ વાતો તો તેમાં જાહેર થાય છે. તેના માટે જાહરી અને બાતિની આદાબો શર્ત છે, કારણ કે અદબ ઝાતી તૌર પર પીરોના દિલોને ખેંચવાવાળા છે મુરીદ તેના વડે જ પીરોના દિલોને પોતાની તરફ ખેંચે છે, જો કોઇએ કાંઇ મેળવ્યું છે તે અદબ થકી જ મેળવ્યું છે. બે અદબી વંચિતતા (મેહરૂમી)નું કારણ છે. મુરીદો માટે વાજીબ છે કે આ **આદાબે સાલીક** પર ખુબ જ અમલ કરીને પોતાના મિજાઝી તેમજ હકિકી પાલનહાર એટલે કે મિજાઝી પાલનહાર પીર અને હકીકી પાલનહાર ખુદાને ખુશ કરીને તેની નીકટતાં હાંસીલ કરે.’’

(૨) બીજો તરીકો દિલના ઝિક્રોનો(ઝિક્રેકલ્બીનો)એ રીતે છે કે આંખ, મોઢું બંધ કરીને જીભ(જબાન)તાળવા(તાલુ)સાથે લગાડીને દિલથી લફ્ઝ ‘અલ્લાહ અલ્લાહ’ ખ્યાલની સાથે કાઢે, જેનાં વડે **જઝબો** પયદા થાય

છે.(કિતાબોમાં પણ તેની રીતે લખેલી છે અને લોકોએ સ્વમેળે ઝીક્રે કલ્બી બલ્કે સુલતાનુલ્અઝકાર સુધી કરેલ છે,પરંતુ પીરની તાલીમ વિના તરક્કી થઇ શકતી નથી.)તેમજ ખતરાઓ અને નફસાની ખ્વાહીશાતોને દુર કરવા માટે નફી-ઈસ્બાત એટલે કે *લાઈલાહા ઈલલ્લાહ*નો ઝીક્ર ઘણો જ ફાયદાકારક છે. તેની રીત એ છેકે, શ્વાસને ડુંટીની નીચે રોકીને,જબાન તાળવાથી લગાડીને, માત્ર ખ્યાલ વડે શરીરની કોઈપણ પ્રકારની હલચલ વગર જ **લા** ને ડુંટીની નીચેથી ખેંચીને દિમાગ સુધી પહોંચાડે અને **ઈલાહા** ને દિમાગથી જમણા ખભા પર પહોંચાડે અને *ઈલલ્લાહ* ને જમણા ખભા પરથી દિલ પર મારે;પછી જ્યારે શ્વાસ ખુબ તંગ થઇ જાય તો *મોહમ્મદુર્રસુલુલ્લાહ* પર છોડી દે. અને કલમા નો અર્થ કે કોઇ મઅ્બુદ અને મક્સુદ નથી, પરંતુ અલ્લાહ. એનો ખ્યાલ કરે.

નવો મુરીદ એક હઝારવાર ફજર, મગરીબ કે ઈશાની નમાઝ પછી ઝીક્રે ઈસ્મેઝાત અલ્લાહ કરી લીધા કરે. તેમજ નફી ઈસ્બાત જેટલીવાર ચાહે, પરંતુ એકી સંખ્યાનો ખ્યાલ રાખે. જ્યારે દિલથી ઝીક્ર ‘અલ્લાહ’ શરૂ થઇ જાય તો પીરને અરજ કરે ત્યારબાદ પીરના ફરમાન મુજબ મકામે લતીફ એ રૂહ થી ‘અલ્લાહ-અલ્લાહ’ કરે. ત્યારબાદ બીજા લતીફાઓ વડે ક્રમવાર ઝીક્ર ચાલુ કરતો રહે. દિલના ઝીક્રમાં કેટલીકવાર જોરથી અવાજ નીકળે છે, કેટલીકવાર બીજા લોકો પણ સાંભળી લે છે. બીજા લતીફાઓમાં નાડી ની જેમ ખૂબ જ ધીમી હરકત થાય છે. જ્યારે તમામ લતીફાઓમાં ઝીક્ર ચાલુ થઇને પુરા શરીર અને રગેરગમાં અંદર અસર કરી જાય તો સુલતાનુલ્અઝકાર એટલે કે ઝીક્રના બાદશાહના મરતબે પહોંચી ગયો.જ્યારે આલમે ખલ્કમાં ઝીક્રે ખફી વડે સફાઇ થશે તો આલમે અમ્રના લતીફાઓના અન્વારો તેમાં જાહેર થશે. જો લતીફામાં કોઈપણ પ્રકારની હરકતનો એહસાસ ન થાય તો તેની પરવા ન કરે કે એ જરૂરી નથી અથવા તો અન્વારોનો રંગ ન દેખાય તો પણ પરેશાન થવાની જરૂરત નથી. **અસલ મકસદ આ લતીફાઓની તવજ્જોહ્ (ધ્યાન)અને હુઝુરી(લીનતા)ખુદાની તરફ હોવી છે આ તવજ્જોહ્ અને હુઝુરી જ કરામતોથી વધીને છે.** પીરની સોહબત વડે અને મહેનત થકી ઈલ્મ પ્રાપ્ત થઇ જાય છે અને જ્યારે દિલની હુઝુરી (લીનતા)હાંસિલ થઇ જાય તો ઝીક્ર છોડી દે. અને મુરાકિબાત અને તવજ્જોહાતની અંદર પીરના હુકમથી ઈસ્તિગરાક એટલે ડુબી જવું અને બેખબર થઇ જવું પૈદા કરે. આના પહેલાં ઝીક્ર કરવાવાળો આબીદો પૈકી હતો હવે આરીફો એટલે કે ખુદાને ઓળખનારાઓના સમુહમા દાખલ થઇ ગયો. હઝરત મૌલાના રૂમ(રહેમતુલ્લાહ અલયહ)આ બંને સચરોનો તફાવત દર્શાવતા લખે છે કે,

"અલ્લાહનો ઝીક્ર કરવાવાળાની સયર રાતભર ઝીક્ર કર્યો તો એક દિવસનો માર્ગ ખુદાની તરફ જવા બરાબર પાર કર્યો અને આરીફ એટલે કે ખુદાને ઓળખવાવાળાની સયર એક જ ક્ષણમાં અર્શે મજીદ સુધી છે."

(૩) **મુરાકિબાહ** એનું નામ છે કે મુરીદ ઝીક્ર અને રાબતાહ્ વગર દિલને ખ્યાલાતોથી બચાવીને આજિઝીની સાથે અલ્લાહ ત્આલા તરફ ધ્યાનીત થઈને ધ્યાન કરે જે ખુદાની ઝાત અનુપમ અને અજોડ છે,અને (આ રીતે) ખુદાના ફયઝનો ઈંતઝાર કરે ત્યાં સુધી કે તવજ્જોહ્ એલલ્લાહ એટલે કે દિલનું ધ્યાન દરેક સમયે અલ્લાહ તરફ રહેવા લાગે. આ હુઝુરી જ દુર્વેશી,પીરી અને ફકીરીની માલો દૌલત છે. મુરાકિબાની તેના ઉસુલો સાથે હંમેશા કાળજી રાખવાનો તરીકો એ છે કે મુરાકીબાની અંદર પોતાના દિલને આં હઝરત (સલ્લલ્લાહો અલયહેવસલ્લમ)ના દિલ તેમજ કલ્બના મુકાબલામાં રાખીને અરઝ કરે કે, 'તજલ્લીએ અફઆલ(અલ્લાહ ત્આલાના કામોની તજલ્લી)નો ફૈઝ જે હઝરત આદમ (અલહીસ્સલામ)ના કલ્બે મુબારકથી પહોંચ્યો છે તે મારા દિલ પર પહોંચાડ. ત્યાં સુધી કે દિલનો લતીફો **તજલ્લીએ ફેઅ્લી**માં ફના થઈ જાય અને ફનાની ઓળખ એ છે કે ખુદાના ફેઅલો અને કામોમાં પોતાના અને મખ્લુકના કામોને ગુમ તેમજ નાબુદ તથા ન હોવાનું પામે. એટલે કે તમામ ફેઅલોને ખુદાના જ ફેઅલો તરીકે જુએ ત્યારબાદ આ જ રીતે પોતાના લતીફાએ રૂહને આં હઝરત (સલલ્લાહો અલયહે વસલ્લમ)ની રૂહે મુનવ્વરના મુકાબલામાં રાખીને દુઆ કરે કે, "ઈલાહી ફયઝે તજલ્લીયાતે સિફાતે સબુતીયા જે રૂહે મુબારક રસુલે ખુદા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી રૂહે મુબારક હઝરત ઈબ્રાહીમ અને નુહ(અલયહીસ્સલવાતો વત્તસ્લીમાત)ને પહોંચ્યો છે, તે મને પહોંચાડ." ત્યાં સુધી કે અલ્લાહ ત્આલાની સિફાતી તજલ્લીયાતોમાં ફનાએ લતીફાએ રૂહ હાંસીલ થઈ જાય અને આ ફનાની નિશાની એ છે કે, પોતાની તેમજ તમામ મખ્લુકાતની સિફતો અલ્લાહ ત્આલાની સિફતો જણાવા લાગે. એ જ રીતે લતીફાએ સિર્ર ને સામે રાખીને અર્ઝ કરે કે, "ફૈઝ શિયુનાત એટલે કે અલ્લાહત્આલાની ઝાતની શાનનો ફયઝ કે જે સિર્રે મુબારક આં હઝરત સલલ્લાહો અલયહે વસલ્લમથી સિર્રે હઝરત મુસા(અલયહીસ્સલામ)સુધી પહોંચ્યાં, તે મને પણ પહોંચાડ." ત્યાં સુધી કે પોતાની ઝાતને ઝાતે હકમાં ગુમ તેમજ ફના પામે. એ જ રીતે લતીફએ ખફીને આં હઝરત(સલલ્લાહો અલયહે વસલ્લમ)ની સામે રાખીને ફયઝો સિફાતે સલબિયા જે સિફતો લઈ લેવામાં આવી તેની તલબ કરે અને તેની ફનાની નિશાની એ છે કે તમામ મખ્લુકાત અને તમામ આલમો અને જહાંનોમાં અલ્લાહ ત્આલાની સિફાત અલગ જ જુવે. ત્યારબાદ *લતીફાએ*

ઈખ્ફા ને ઈખ્ફાએ હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના સામે રાખીને *શાને જામેઅ્* એટલે કે એવી શાન કે જે સર્વકાંઈ ધરાવે છે તેના ફૈઝની દુઆ કરે જ્યારે ઈખ્ફા ફના થશે તો તેની આદત ખુદાની આદતનો નમુનો બની જશે. કારણ કે ફનાએ ઈખ્ફા ઈન્સાનના મરતબાઓનો તદ્દન અંત છે કે તે વિલાયતે મોહંમ્મદી(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) થી સંબંધ ધરાવે છે, તેમાં વસ્લે ઉર્યા એટલે કે અલ્લાહ ત્આલાની ખાલીસ ઝાત કે જેનાથી મુરાદ તજલ્લીએ ઝાતિય્યાહ છે તે હાંસિલ થાય છે. અહીં આટલું સમજવું જ કાફી છે. **બાકી મર્તબાઓ અને મકામાતો મુરાકિબાઓની વિપુલતા, પીરની સોહબત અને મહેનત તેમજ ફઝલે ઈલાહી પર આધારિત છે.**

હઝરત ખ્વાજા બહાઉદ્દીન નકશબંદ(રદીયલ્લાહો ત્આલા અન્હો) ફર્માવે છેકે, "**મા ફઝલિયાનેમ એટલે કે અમે ફઝલવાળા છીએ અમારી ઉપર ફઝલ જ ફઝલ છે, પીર એ ફઝલ વડે જ,જે મુરીદો સાચા છે તેમાં તસર્રુફ કરે છે અને પોતાની બાતિની કુવ્વત(આંતરિક શક્તિ)વડે તે જે મકામનો ફયઝ ઈચ્છે છે તે મુરીદને તેની મહેનત વગર જ અર્પણ કરે છે.**" અહીં એટલું દેખાડવું જ કાફી છેકે, સૌ પ્રથમ લતીફાએ કલ્બની ફના એટલે કે દિલની ફના,દાઈરાએ ઈમ્કાન તેમજ ૧૦ મકામો ને પાર કર્યા વગર જાહેર થતી નથી. અને આ ૧૦ મકામોનું બયાન આ મુજબ છે. (મકામાતે અશરાહ)

(૧) **તૌબાહ્** :- જેનો આરંભ ગુનાહોથી તૌબાહ્ કરીને પલટવું છે અને તેનો અંત એ છે કે દિલમાં ગુનાહોનો ખ્યાલ પણ ન ગુજરે.

(૨) **વરઅ્-પરહેઝગારી** :- એટલે કે નફસ વ મનને નાના ગુનાહો અને શંકાસ્પદ કાર્યોથી રોકવા.

(૩) **ઝોહદ** :- એટલે કે દુનિયાના અસબાબો અને માલો દૌલતથી રગબત(લગાવ)અને મોહબ્બત ન રહે.

(૪) **તવક્કુલ** :- ખુદા પર પાકો ભરોસો કરવો અને રોઝી-રિઝક માટે કોઈ રસ્તો કે સબબ ન હોય તો પણ પરેશાન કે ઉદાસ ન રહેવું.

(૫) **કનાઅ્ત** :- એટલે કે જે કંઈ મળી જાય તેની પર જ સબ્ર કરે, લાલચરૂપી કેદ તેમજ દુનિયાની ઉમ્મીદોંની ઝિલ્લત તેમજ ખ્વારીથી મુક્ત રહેવું.

(૬) **ઉઝલત** :- એટલે કે ગોશાનશીની(એંકાતવાસ) બધાથી અલગ ખુણામાં, એકાંતમાં બેઠવું અથવાતો જલ્સાઓ અને પુષ્કળ આદમીઓ ભેગા થયા હોય છતાંપણ દિલનું ધ્યાન ખુદા તરફ રાખવું.

(૭) **સબ્ર** :- ખ્વાહીશો, મઝાઓ અને વ્યર્થ કામોથી નફસ વ મનને

રોકવું.

(૮) **શુક્ર**:- એટલે કે જે નેઅમતો મળે તેને ખુદા એટલે કે નેઅમત આપનાર તરફથી જોવી અને તેનો અહેસાન માનવો.

(૯) **તસ્લીમ**:- એટલે કે પોતાને બિલકુલ સંપૂર્ણપણે અલ્લાહને સોપી દેવું.

(૧૦) **રઝા**:- એટલે કે જે કંઇ ખુદા તેની સાથે કરે તેની પર રાઝી રહેવું, આ કામીલ અને પુરેપરી મહોબ્બતે ખુદાવંદીનું ફળ છે. હઝરત મૌલાના અબ્દુલ કબીર યમની (રહેમતુલ્લાહ અલયહ) ફર્માવે છે કે, "કમાલે ઈસ્લામ તસ્લીમ અને રઝામાં છે ,જો તસ્લીમ અને રઝાવાળા આદમીઓના ગળામાં લાઅનતનો તોક શૈતાનની જેમ નાંખી દેવામાં આવેતો તે એવો ખુશ થાયછે, જે રીતે મોમીન પોતાના ઇમાનથી ખુશ થાય છે, કારણ કે ખુદાનો સાચો આશીક મુસલમાન પુરેપુરો ત્યારે જ બને છે કે મહેબુબની રઝામાં રાઝી તેના હુકમો અને બલાઓથી ખુશ થાય છે કે આ નાઝો અદા માશુકની છે." હઝરત શૈખ સાદી(રહેમતુલ્લાહ અલયહ)ફર્માવે છે કે, "જો તું ખુદાને દોસ્ત રાખ છો અને તેને ઓળખે છો, તો જે કંઇ તેની તરફથી પહોંચે તે સારું લાગે કારણ કે જે દોસ્ત કરે છે તે દોસ્તની જેમ મહેબુબ અને પ્રિય હોય છે."

પ્રાથમિક કક્ષાના મુરીદ માટે જરૂરી હિદાયતો

મુબતદી મુરીદ એટલે કે નવા અને પ્રાથમિક કક્ષાના મુરીદ માટે કેટલીક જરૂરી હિદાયતો અને મુરાકિબાઓ વિશે જરૂરી વાતો

***હિદાયત** (૧) મુરાકિબામાં જો ખતરાઓ વસવસાઓ અને ખ્યાલાતો વધુ આવે તો ત્રણ, કે પાંચ વાર દિમાગથી શ્વાસને નીચેની તરફ જોરથી બહાર કાઢે અને ખ્યાલ તેમજ ખતરાઓને દુર કરવાનો પ્રયત્ન કરે અને છતાંપણ ન જાય તો પીરની સુરતનો ખ્યાલ કરે. અને જો તેનાથી પણ ન જાય તો *કુલઅઉઝોબે રબ્બીલ્ફલકે* અને *કુલઅઉઝો બે રબ્બીન્નાસ* ની સુરતો ત્રણ-ત્રણ વાર પઢીને ખુદાથી પનાહ અને બચાવ માંગે, અને જો તેનાથી પણ ન જાય તો અલ્લાહની તરફથી સમજીને અલ્લાહની સાથે હોવાના અને તેના ઘેરી લેવાના મુરાકિબામાં મશગુલ થઇ જાય.તે ફર્માવે છે કે, *વ હોવા મઅકુમ અયન મા કુન્તુમ.* (અર્થાત્:-તે ખુદા તમારી સાથે છે જ્યાં પણ તમે છો.)અને *વલ્લાહો બિકુલ્લે શયઈન મુહીત* (એટલે કે અલ્લાહે તમામ ચીઝોને ઘેરેલી છે.)અને અલ્લાહને પોતાના શરીરના અણુએ અણુની સાથે તેમજ સૃષ્ટિના અણુ એ અણુની સાથે જુએ. બીજી આયતનો મુરાકીબો એ રીતે કરે કે, "અલ્લાહના નુરને સૌ પ્રથમ પોતાને પછી તમામ જહાંનને ઘેરેલું જુએ અને આ હાલતની નિસ્બતની હમેંશા દરેક પળે હિફાઝત કરે." તો મુરાકિબાના

સમયે ખતરાઓ તેમજ ખ્યાલોનું નિશાન પણ બાકી નહી રહે તેમજ નિસ્બત અને બાતિની તેમજ આંતરિક હાલતોમાં સતત તરક્કી થશે.

હિદાયત** (૨) અસલી હેતુ ખુદાની હુઝુરી અને ખુદાથી આગાહ અને વાકિફ રહેવું છે. દિલના ઝિક્ર સમયે જે ***હુઝુર હોય છે તે દિલના ઝિક્રનો હુઝુર હોય છે. અને મુરાકિબા સમયનો હુઝુર ખુદાની સાથે હોવાનો હુઝુર છે મહેનત તેમજ મુરાકિબાહ કરતા રહેવાથી આ ***હુઝુર*** હંમેશાનો થઇ શકે છે. હંમેશાની હુઝુરીની નિશાનીએ છે કે, સુઇને ઊઠ્યા પછી દિલને જુએ કે હાઝીર છે કે ગાફીલ ભુલેલું ખુદાને. જો હાઝીર જુએ તો જાણી લે કે મને હંમેશાની હુઝુરી હાંસીલ થઇ ગઇ છે. અલ્લાહત્આલા નો શુક્ર અદા કરે.

(અહીં ***હુઝુરી*** એટલે અલ્લાહની યાદમાં હરપળ દિલનું લીન રહેવું અથવા તો અલ્લાહની યાદમાં તન્મયતા.)

***હિદાયત** (૩) કેટલાક નવા મુરીદોની એ ફરીયાદ હોય છે કે, "અમને કશી જ ખબર પડતી નથી કેઅહેસાસ થતો નથી(કશું ફીલ નથી થતું) તેઓ અહેસાસ થવો સુરતો-શકલોને જોવાને સમજે છે અથવા તો બીજા હાલાતો જઝબો, વજદ કે હાલ વગેરેને કે પછી નુર (અન્વારો)જોવાને સમજે છે,જો કે તેને પ્રાપ્ત થયેલી સૌથી મોટી દૌલત તો આ એકાગ્રતા અને દિલનું ઈત્મિનાન જ છે એટલે કે બેખતરગી(વસવસા, ખતરાઓ અને ખ્યાલોનું ન આવવું) અથવા તો કમખતરગી એટલે કે વિચારોનું, ખતરાઓનું ઓછુ આવવું તો બફઝલેહી ત્આલા પહેલા જ દિવસે પૈદા થઇ જાયછે. અને શા માટે ન હોય કે **સિલસિલાએ આલિયાહ નક્શબંદિય્યાહ**માં સાચા મુરીદોને મેહરૂમી (વંચિતતા)નથી. તેઓએ ખુદાના ગયરને જોવાની ખ્વાહીશ અને આરઝુ દિલથી બિલ્કુલ દુર કરી દેવી જોઇએ અને ખુદાથી માત્ર ખુદાને જ ચાહે અને માંગે. (એટલે કે કશું *ફીલ* થવાની આરઝુ ન રાખવી જોઇએ શું બેખતરગી કે કમખતરગી જેવી દૌલત હાંસીલ થવી એ પુરતું નથી?)આવી વસ્તુઓ જોવા માટે તો દુનિયામાં ઘણી જ છે મુરાકિબામાં જોવાની કોશીશ શા માટે કરવી જોઇએ? આ એકાગ્રતા, અને બે ખતરગી તેમજ દિલના ઈત્મિનાનને જ ખુબ મોટી નેઅમત સમજે. આ ઘણી જ મોટી દૌલત છે. તેની જ અંદર ખુદાની હુઝુરી એટલે કે તવજ્જોહ્એલલ્લાહ-અલ્લાહની તરફ દિલની તવજ્જોહ્ને કહેવામાં આવે છે તે પ્રાપ્ત થઇ જાય છે.અને ઈન્શાઅલ્લાહ, તેની વરઝીશ (પ્રેકટીસ)અને હંમેશા મુરાકિબાહ્ની પાબંદીથી હંમેશા તરક્કી થતી રહેશે.

***હિદાયત** (૪) આ દિલની એકાગ્રતા તેમજ ખતરાઓ અને ખ્યાલોનું ન હોવું એવી દૌલત છે કે જેને પ્રાપ્ત કર્યા પછી જે વાત કે જે કામની હિંમત દિલની તવજ્જોહ્ સાથે કરશે (એટલે કે એકાગ્રતા સાથે જે કામ કે વાત

તરફ ધ્યાનીત થશે)ઈન્શાઅલ્લાહ, તે કામ જલ્દી પુરૂં થઈ જશે. અને તે કાર્યમાં સફળતા પ્રાપ્ત થશે. બલાઓને દુર કરવા, બિમારીઓ ને દુર કરવાં વગેરે માટે પણ આ એકાગ્રતાની જરૂરત છે. તેના હાંસીલ થઈ ગયા પછી હિંમત અને તવજ્જોહ્ અલ્લાહત્આલાની તરફ જ રહે છે. વ આખિરો દઅવાના અનીલ હમ્દોલિલ્લાહે રબ્બીલ્આલમીન વ સલ્લલાહો ત્આલા અલા ખયરે ખલ્કેહી મુહમ્મદીવ્વ અલા આલેહી વ અસ્હાબેહી વસલ્લીમ.

જરૂરી નસીહતો

ઘણી તેહકીકાતો(સંશોધનો)પછી મુરીદ બનવું વાજીબ અને જરૂરી સાબીત થયું. અને અસલી પીરની નિશાનીઓ તેમજ ઓળખો પણ બતાવી દીધી. અને મુરીદ બન્યા પછીના આદાબો પણ વર્ણવી દીધા, તો કેટલાક દોસ્તોનું મંતવ્ય એવું રહ્યું કે, ‘‘જેઓ મુરીદ થવા ઈચ્છે કે મુરીદ બની જાય તેના માટે કેટલીક જરૂરી નસીહતો પણ લખી દેવામાં આવે જે ફાયદાથી ખાલી નહીં હોય, માટે ખુદાની તૌફીકથી તે લખવામાં આવે છે.’’

*(૧) જે વ્યક્તિ કોઈ પાબંદે શરીઅત,સાચા પીરનો મુરીદ થવા ઈચ્છે તો સૌ પ્રથમ એ જાણી લે કે મુરીદ બનીને શું શું કરવું પડશે? પછી ખુદાતલ્બી, ખુદાને ચાહવાની અને ખુદાથી મળવાની સાચી નિય્યત અને દિલમાં તડપ પૈદા કરે અને બયઅ્તનો-વેચાય જવાનો એટલે કે પોતાને પીરની ગુલામીમાં આપી દેવાનો પાકો ઈરાદો કરીને, અલ્લાહના ભરોસે મુરીદ બની જાય. દેખાદેખી કે કોઈના કહેવા સાંભળવાથી મુરીદ બનવું કામનું નથી. બલ્કે પોતાના દિલી શૌક અને અકીદતથી મુરીદ બનવું જોઈએ અને તેની પર કાયમ રહેવા માટે કમરે હિંમત મજબુત બાંધીને ખુદાથી ઈસ્તેકામત અને અમલની તૌફીકની અરઝ અને કાકલુદી કરવી જોઈએ.

*(૨) મુરીદ થતી વખતે સાચા દિલના ઈરાદા સાથે પીર જયારે તૌબાહ્ કરાવે તો તૌબાહ્ કરે અને દિલમાં પાકો ઈરાદો કરે કે હવે કયારેય ગુનાહ નહીં કરું, કદાચ ફરી કયારેય ગુનાહ થઈ જાય પરંતુ તે સમયે તો સાચી નિય્યતથી તૌબાહ્ કરવાથી તૌબાહ્ કબુલ થવાની ઉમ્મીદ છે. હદીષ શરીફ છે કે, ‘‘તૌબાહ્ કરવાવાળો એવો છે કે જાણે તેણે ગુનાહ કર્યો જ નથી.’’ (તૌબાહ્ની ફઝીલત પેટે આ કિતાબનું પ્રથમ પ્રકરણ વાંચવું.)બુઝુર્ગો નું ફર્માન છે કે, ‘‘ખુદા ગુનાહ કરવાથી એટલો નારાજ થતો નથી જેટલો તૌબાહ્ ન કરવાથી નારાજ થાય છે, કારણ કે *બશર* માં *શર* લાગેલું છે ગુનાહ આદમીથી થવા જરૂરી છે.’’ હઝરત આદમ(અલયહીસ્સલામ)થી જન્નતમાં લગઝીશ થઈ ગઈ, તરત જ તૌબાહ્ કરી, માફી થઈ ગઈ. શૈતાને પણ નાફરમાની કરી

પછી તૌબાહ્ ન કરી, ગુરૂર(ઘમંડ)કર્યો અને માફી ન માંગી તો મરદુદે બારગાહ કરીને કાઢી મુકવામાં આવ્યો. એટલા માટે આદમીએ પોતાના દાદા હઝરત આદમ(અલયહીસ્સલામ)નું અનુસરણ કરવું જોઈએ, નહીં કે શૈતાનનું, કોઈ બુઝુર્ગના હાથ પર તૌબાહ્ કરવી, તેને અલ્લાહની બારગાહમાં ગવાહ બનાવવા છે.’’

*(૩) મુરીદ બન્યા પછી પીર જ શરીઅતનો ઉસ્તાદ પણ છે અને અલ્લાહનો રસ્તો દેખાડવાનો રહેબર પણ છે, તે જે હુકમ આપે તેને દિલથી માનવો અને તેની ઉપર ચાલવું જોઈએ, નફસ અને ખ્વાહીશાત તેમજ શૈતાનના હુકમો પર ચાલવું ન જોઈએ, કારણ કે પીર જન્નતનો, ખુદા થી મેળાપનો માર્ગ બતાવે છે જયારે નફસ અને શૈતાન દોઝખનો માાર્ગ દેખાડે છે. અને એવું ન કરે કે પીર જે હુકમ મુરીદની મરઝી પ્રમાણે ન દે તેને તો સ્વીકારી લે અને જે ખુદા અને રસુલની મરઝીનો હુકમ આપે તેને ન કરે અથવા તો હુકમથી મોઢું ફેરવી લે અને નારાઝ થાય તેમજ બુરુ માને આ મુસલમાનની નિશાની નથી; બલ્કે પોતાને જે રીતે મુડ્દું(મૈયત)જીવતાના હાથમાં હોય છે એ રીતે પોતાને પીરના હાથમાં સોંપી દે. લોઢું જયારે આગની ભઠ્ઠીમાં પોતાને આગને સોંપી દે છે, તો થોડા જ સમયમાં આગની જેવું થઈ જાય છે. જે મુરીદ પોતાને સંપુર્ણપણે પીરને સોંપી દે છે તો થોડા જ અરસામાં પીરના રંગમાં રંગાઈને **ફનાફીશ્શયખ** એટલે પીરમાં ફના થઈને પીરની જેવો જ બની જાય છે.અને આ **ફનાફીશ્શયખ** જ **ફનાફીલ્લાહ**ની સીડી છે.

*(૪) મુરીદ થતી વખતે માત્ર અલ્લાહ વાસ્તે મુરીદ બને. દુનિયાનો કોઈ મતલબ, સ્વાર્થ વગેરે દિલમાં ન હોય; જો દુનિયાના મતલબ માટે મુરીદ બનશે તો બંને જહાંથી કંઈ જ હાંસીલ થશે નહી અને જો અલ્લાહ વાસ્તે મુરીદ થશે તો ઉમ્મીદ છે કે ખુદાની નિકટતા, તેની રઝામંદી અને ખુશ્નુદી હાંસીલ થશે તેમજ દુનિયાપણ જરૂરત મુજબ મળી જશે.

(૫) હઝરત મિર્ઝા મઝહર જાનેજાનાં શહીદ(રહેમતુલ્લાહ અલયહ)નવા મુરીદોને ફમાવતાં કે,‘‘અમારે ત્યાં નમકહીન(સ્વાદ- હીન) પથ્થર ચાટવાનો છે, જો એ મંજુર હોય તો આવી જાવ. એટલે કે મુરીદ બનીને દરજ્જાઓ મળવા અને આંતરિક સયર કરવી અને અન્વારો વગેરે જોવાની તમન્ના ન હોય માત્ર શુધ્ધ રીતે અલ્લાહની ચાહત હોય.’’ શાહ ફઝલુર્રહિમાન ગંજમુરાદાબાદી(રહેમતુલ્લાહ અલયહ)નવા મુરીદને ફર્માવતાં કે,‘‘દુનિયાની હાજતો માટે તાવીઝ તો નહીં માંગો ને?’’ કહેવાનું તાત્પર્ય એ જ કે શરૂઆતથી જ (મુરીદને) આવી વાતોથી રોકી દેતા હતાં.

(૬) અલ્લાહ ત્આલા ફર્માવે છે કે, ‘‘જેણે બયઅ્ત કરી અને

અલ્લાહથી અહદ કરીને તમામ ગુનાહોથી તૌબાહ્ કરી પછી ફરીવાર અહદ તોડયો અને તૌબાહ્ પર અડગ ન રહયો તો તેણે કોઇનું શું બગાડયું? પોતાનું જ નુકશાન કર્યુ, આખેરત બગાડી અને જેણે અહદ પુરો કર્યો અને તેની પર અડગ રહ્યો તેના માટે ઘણા જ મહાન દરજ્જાઓ છે, અને સવાબ મળશે.'' તો આ રીતે અલ્લાહ ત્આલાના ફરમાન મુજબ અહદ તોડવો ન જોઇએ જો ગુનાહ થઇ જાય તો તરત જ તૌબાહ્ કરી લે જેથી ગુનાહ લખવામાં જ ન આવે. જે ડાબી બાજુનો ફરિશ્તો ગુનાહ લખે છે,તેને હુક્મ છે કે બે ઘડી પછી લખે જેથી એ દરમ્યાન બંદો તૌબાહ્ કરી લે, તો લખવું જ ન પડે.

***(૭)** મુરીદ બન્યા પછી શરીઅત પર હંમેશા રહેવું જોઇએ તેમજ તેની પર અડગ રહેવાના પ્રયત્નો કરવા જોઇએ. શરીઅત વિરુધ્ધના કાર્યોથી બચવું જોઇએ અને પંજગાના નમાઝ બાજમાઅતની પાબંદી તેમજ વઝીફાઓ-મુરાકિબાની પાબંદી કરે. જ્યારે હાલત મજબુત થાય તો નમાઝે તહજ્જુદ અને ઈશરાક પણ પઢે.

*(૮) દરૂદશરીફ ઓછામાં ઓછા દરરોજ એક હઝાર (૧૦૦૦) અને અસ્તગ્ફાર ઓછામાં ઓછા પાંચસો(૫૦૦)વાર અચુક પઢે કયારેય છુટે નહી દિવસ રાતમાં ગમે ત્યારે પુરા કરી લે પછી જેટલા પણ વધારી શકે તેમાં વધારો કરે. દરૂદશરીફ અને અસ્તગ્ફારની કુર્આનેપાક અને હદીષો માં ઘણી જ ફઝીલતો આવી છે. બંને જહાંનો ફાયદો છે. રીઝકમાં બરકત થાય, ગુનાહો માફ થાય અને દરૂદ શરીફ પઢવાવાળાની હુઝુર સિફારીશ ફરમાવશે. તેમજ મુરાકિબાની પાબંદી અચુક પણે કરે. મગરીબ કે ઇશાની નમાઝબાદ અને ફજરની નમાઝ બાદ રોજ કરતો રહે તો બાતિની તરક્કી થતી રહેશે.

*(૯) મુરાકિબો કરતાં સમયે ખ્યાલ કરે કે પીર સામે મૌજુદ છે, તેઓના હાથમાં મારો હાથ છે અને તવજ્જોહ્ આપી રહયા છે, પછી પોતાના દિલના ઊંડાણમાં ઉતરે દીલની અંદર **લતીફાએ કલ્બ** છે,જેટલો વધુ ઉંડાણમાં જશે બેખુદી અને ફના થતી જશે તેમજ જઝબાત-રોવું-આહોં ભરવી, ખુદાથી ઇશ્કનું પ્રગટીકરણ થશે અને જેટલી હદે પીરની ખિદમત અને પીરથી મોહબ્બત વધું કરશે, અને તેનો તસવ્વુર રાખશે એટલી જ હદે ફૈઝ વધુ મેળવશે. મુરીદ ની પાસે પીરનો ફૈઝ લેવાનો જરિયો મોહબ્બત અને ખિદમત છે.

*(૧૦) મખલુકે ઈલાહી મુસ્લિમ મોમીનભાઈઓથી ખાસ કરીને પોતાના પીરભાઈઓથી અનહદ મોહબ્બત રાખે કે બંને એ એક જ પીરનો હાથ પકડયો છે. જે રીતે દુધ શરીક ભાઇ-બહેનોનો હક રાખવામાં આવ્યો છે, એજ રીતે પીરભાઈઓ આપસમાં અરસ-પરસ હક્કો ધરાવે છે.

*(૧૧) જમાનો કયામતની નજદીકનો છે. લોકોની સોહબતો ઘણી

જ ખરાબ છે. સોહબતોમાં અસર હોવાનું હદીષોમાં પણ આવ્યું છે અને લોકોએ અનુભવ થકી અજમાવીને જોઇ પણ લીધું છે કે જે જેમાં બેઠો એ જ રંગમાં રંગાઇ ગયો. એટલા માટે જ બુરા લોકો, શરીઅતની વિરુધ્ધ કાર્યો કરનાર આદમીઓ અને જે પોતાના પીરોની ખિલાફ અને બુરાઇ કરવાવાળાઓ હોય તેઓથી દુર ભાગે. એક બુઝુર્ગ ફમાવે છે કે, ''સાપની દોસ્તી સારી-ખરાબ દોસ્તો કરતાં કારણ કે સાપ કરડશે તો જાન જ જશે, ઈમાન તો નહીં જાય. જ્યારે બુરા દોસ્ત ઈમાન ખોઇને દોઝખમાં લઇ જશે.'' કુર્આને મજીદમાં છે કે, ''દોઝખનો અઝાબ જોઈને કહેશે કે હાય અફસોસ, અમે એવા લોકોથી દોસ્તી કરી કે જેના કારણે દોઝખ મળી જો કે અમારા સુધી હુકમે ખુદા પહોંચી ચુકયો હતો.'' હદીષેપાકમાં છેકે, ''આદમીનો હશ્ર તેના દોસ્તોની સાથે થશે. દોસ્ત જો નેક અને સારા છે અને તે ખુદ બુરો છે તો પણ દોસ્તોંની સાથે જન્નતમાં જશે. અને જો દોસ્ત બુરા છે અને પોતે સારો છે તો તેઓની સાથે દોઝખમાં જશે.'' કુતરો જાતે નાપાક હોવા છતાં અસ્હાબે કહ્ફની સાથે રહેવાના કારણે જન્નતમાં જશે. બલ્અમબઉર જેવા આબિદ અને ઝાહીદે યહુદીઓને સાથ આપ્યો તો તે એ કુતરાની ખાલ પહેરીને દોઝખમાં જશે. હવે તમને અધિકાર છે કે, બુઝુર્ગો, પીરો સારા લોકોની દોસ્તી કરીને તેઓની સાથે હશ્ર કરાવો અથવા તો બુરા દોસ્તોની સાથે રહીને દોઝખમાં જાઓ.

*(૧૨) મુરીદો માટે ઓછું ખાવું-ઓછું બોલવું એ જરૂરી છે, હસી-મઝાકની મનાઇ છે. અવાજ કાઢીને હસવું દિલ મુર્દા હોવાની નિશાની છે. જેનું દિલ અલ્લાહની યાદથી જીવંત હશે તે કયારેય જોરથી હસશે નહીં. કુર્આને મજીદમાં છે કે, ''હસો થોડુક,રોવો ખુબજ'' માટે ખુદાથી ડરવું જોઈએ જેટલો કે ડરવાનો હક છે. અને તેનાથી ઉમ્મીદ પણ એટલી જ રાખો કે તે ગફુરૂર્રહીમ છે. અમારા ગુનાહ તેની રહેમત અને ફઝલની સામે શું વિસાત ધરાવે છે? ઝિંદગીમાં ખુદાનો ડર પોતાની ઉપર ગાલીબ રાખો કે ગુનાહ ન થાય. મરતા સમયે તેની બખ્શીશની ઉમ્મીદ રાખો અને **પોતાના પીરોને દરેક નેક કામો, વીર્દ વઝાઇફનો સવાબ પહોંચાડતા રહો. તેઓ માટે દુઆઓ કર્યા કરો કે તેઓનો તમારી ઉપર મોટો હક છે કે તમને નેક રસ્તા પર લગાડયા, તમારી મનરૂપી આંખોને ખોલી...તમને અલ્લાહની કુર્બતનો રસ્તો દેખાડયો બલ્કે એ રસ્તા પર ચલાવ્યા. અને તમને અસ્ફલુસ્સાફેલીનથી આલા ઈલ્લીય્યન સુધી પહોંચાડયા.**અંતમાં દુઆ છે.

આગ અપને ઈશ્કકી ભર દે દિલે બિમાર મેં,
કુછ કમી હોગી નહીં ઈસસે તેરી સરકાર મેં.
અવલિયાએ નક્શબંદો કો ગરજ હર કાર મે,
કર શફાઅત કા વસીલહ અપને તું દરબાર મે,
મુઝ સિયાહ રૂ, પુર-ખતા, મિસ્કીં -ગદા કે વાસ્તે.

બસ બચા લે નફસ વ શયતાં સે ઈલાહી દિલ મેરા,
કર મુનવ્વરાં હુબ્બે રહમાં સે ઈલાહી દિલ મેરા.
પાક કર ઝુલ્માતેં ઈસ્યાંસે ઈલાહી દિલ મેરા,
કર દે રવશન નુરે ઈર્ફાં સે ઈલાહી દિલ મેરા.
રહમ કર મુઝ પે ખુદા કુલ અવલિયા કે વાસ્તે

ગરચેહ નાલાઈક હું મે બદકાર, ઔર ઝાલિમ જહુલ,
પર મેરા મકસદ દિલી હોવે કિસી સુરત હુસુલ.
ઈન બુઝુર્ગોં કો શફીઅ લાયા હું મૈં હોકર મલુલ,
કિજીયો તું અર્ઝ મેરી ઈનકી બરકત સે કબુલ.
હાથ ઊઠાવું જબ તેરે આગે દુઆ કે વાસ્તે.

વ આખિરો દઅવાના અનિલહમ્દોલિલ્લાહે રબ્બીલ્આલમીન

★★★...શજર-એ-તય્યેબાહ...★★★
ખાનદાને આલીશાન નક્શબંદીય્યાહ-મુજદ્દેદીય્યાહ

બખ્શ દે યા રબ મુહમ્મદ મુસ્તફા કે વાસ્તે,
હઝરતે સીદ્દીકે અકબર બાખુદા કે વાસ્તે.
ખ્વાજા સલમા ખ્વાજા કાસિમ ખ્વાજા જાફર કે તુફૈલ,
રહમ ફરમા બાયઝીદે રહનુમા કે વાસ્તે.
અઝ પએ મહેબુબે સુબ્હાં શાહે ખરકાં બુલ હસન,
બુ અલી વ ખ્વાજા યુસુફ મુકતદા કે વાસ્તે.
પીરે બરહક અબ્દે ખાલીક ખ્વાજા આરીફ કે તુફૈલ,
ખ્વાજા મહેમુદે હબીબે કિબરિયા કે વાસ્તે.
કિદવએ એહલે સિફા ખ્વાજા અલી રામેતની,
બાબા સમ્માસી કુલાલે મુકતદા કે વાસ્તે.
ફખરે જુમલા ખ્વાજગાં ખ્વાજા બહાઉદ્દીન શાહ,
ખ્વાજા યાકુબે ઈમામુલ ઔલીયા કે વાસ્તે.
હામીયે દીને મતી ખ્વાજા ઉબેદુલ્લાહ શાહ,
ખ્વાજા ઝાહિદ પીરે બરહક પારસા કે વાસ્તે.
ખ્વાજા દુર્વેશ ખ્વાજા અમકંગી કે સદકે મેં ખુદા,
રહમ ફરમાં બાકી બિલ્લાહ બાખુદા કે વાસ્તે.

અબ્રે રહેમત ખ્વાજએ સરહિન્દ અહમદ કે તુફૈલ,
ખાઝી નુર્રહમતે સઈદે બા સફા કે વાસ્તે.
ખ્વાજએ માસુમ ઔર અબ્દુલ અહદ મહેબુબે હક,
શાહ હનીફે રાઝદાં રાઝે ખુદા કે વાસ્તે.
અઝ પએ ખ્વાજા મુહમ્મદ રાઝદાં પીરે હુદા,
શાહ મુહમ્મદ મઝહરીએ બાસફા કે વાસ્તે.
અઝ બરાએ શાહ ઝમાં વ હાજી અહેમદ મુત્તકી,
ખ્વાજાએ હાજી હુસેને દિલરૂબા કે વાસ્તે.
અઝ બરાએ હઝરતે સૈયદ ઈમામે બા અલી,
ફઝલ કર મસઉદ શાહે ઔલીયા કે વાસ્તે.
દે મુઝે સોઝે મુહબ્બત તા મીટે મેરી ખુદી,
રૂકનુદ્દીને પીરે બરહક પારસા કે વાસ્તે.
ખાતમા બિલખેર કર મેરા ખુદાએ દો જહાં,
સુફીએ અખ્લાકે અહમદ બા ખુદા કે વાસ્તે.
દે મુઝે તૌફીક મેં ચલતાં રહું રાહે રઝા,
અબ્દુર્રહેમાં પીરે બરહક્ક પારસા કે વાસ્તે.
જઝબએ ખિદમત અતા કર હઝરતે ઉસ્માન કા,
યે દુઆકરલે કુબુલ ઈન અસ્ફીયા કે વાસ્તે
દામે દુન્યા ઓર મક્રે નફસો શયતાંસે બચા
યા ઈલાહી **'વઝીરઅલી'** એ રહનુમા કે વાસ્તે.
દે મુહબ્બત અપની બેહરે ખ્વાજગાને નકશબંદ,
હાથ ઉઠાતે હૈય ઈલાહી હમ દુઆ કે વાસ્તે.

★★★ જરૂરી વઝાઈફ ★★★

દરૂદે ખીજરી શરીફ

સલ્લલ્લાહો અલા હબીબેહી મુહંમદિંવ
વ આલેહી વ અસ્હાબેહી વસલ્લમ
(દરેક તાલીબ કે મુરીદ ઓછામાં ઓછુ
દરરોજ હજાર(૧૦૦૦) વાર અચુક પઢે)

સૈયદુલ અસ્તગફાર

અસ્તગફીરૂલ્લાહ હલ અઝીમલ્લઝી લાઈલાહ
ઈલ્લા હોવલ હૈયુલ કૈયુમ વ અતુબો ઈલૈહ.
(દરેક તાલીબ કે મુરીદ ઓછામાં ઓછુ
દરરોજ પાંચસો(૫૦૦) વાર અચુક પઢે)

શજરાહ્ શરીફમાં આવતાં બુઝુર્ગો પૈકી કોનો ઉર્ષ ક્યારે?

(૧) **હુઝુર નબીએ કરીમ** (સલ્લલ્લાહો અલયહે વલ્લમ)
તારીખે વિસાલ : - ૧૨ રબીઉલ અવ્વલ હીજરી-૧૧,
મદફન : મદિના શરીફ

(૨) **હઝરત સૈયદોના સીદ્દીકે અકબર** (રદીયલ્લાહો અન્હો)
તારીખે વિસાલ : - ૨૨ જમા.આખીર હીજરી-૧૩,
મદફન : મદિના શરીફ

(૩) **હઝરત સલમાન ફારસી આશીકે રસુલ** (રદીયલ્લાહો અન્હો)
તારીખે વિસાલ : - ૧૦ રજજબ. હીજરી-૩૩,
મદફન : મદાઈન શરીફ (ઈરાન)

(૪) **સીરાજુલ ઔલીયા હઝરત કાસીમ** (રદીયલ્લાહો અન્હો)
તારીખે વિસાલ : - ૨૪ જમાદીઉલ અવ્વલ હીજરી-૧૦૧,
મદફન : મદિના શરીફ

(૫) **હઝરત ઈમામ જાફર સાદીક** (રદીયલ્લાહો અન્હો)
તારીખે વિસાલ : - ૧૫ રજજબ હીજરી-૧૪૮,
મદફન : મદિના શરીફ

(૬) **હઝરત બાયઝીદ બુસ્તામી** (રદીયલ્લાહો અન્હો)
તારીખે વિસાલ : - ૧૫ શાબાન હીજરી-૨૬૧,
મદફન : બુસ્તામ

(૭) **હઝરત અબુલ્હસન ખીર્કાની** (રદીયલ્લાહો અન્હો)
તારીખે વિસાલ : - ૧૦ મોર્હરમ હીજરી-૪૨૫,
મદફન : ખીર્કાન

(૮) **હઝરત શૈખ બુ અલી ફારમદી**(કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૪ રબ્બીઉલ અવ્વલ હીજરી-૪૭૭,
મદફન : તુસ

(૯) **હઝરત ખ્વાજા યુસુફ હમદાની** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૨૭ રજજબ હીજરી-૫૩૫,
મદફન : મર્વ (MERVY- નવું નામ - મારી)(તુર્ક માનિયા)

(૧૦) **હઝરત ખ્વાજા અબ્દુલખાલીક ગજદવાની** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૧૨ રબ્બીઉલ અવ્વલ હીજરી-૫૭૫,
મદફન : ગજદવાન(બુખારા)

(૧૧) **હઝરત ખ્વાજા મોહંમદ આરીફ રેવગરી** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૧ સવ્વાલ હીજરી-૬૧૬,
મદફન : રેવગર (રશિયા)

(૧૨) **હઝરત મહેમુદ અબુલ્ખૈર ફગનવી** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૧૭ રબ્બીઉલ અવ્વલ હીજરી-૭૭૧,
મદફન : વાકની (બુખારા પાસે)

(૧૩) **હઝરત ખ્વાજા અઝીઝાન અલી રામેતની** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૨૮ જીલકાઅદ હીજરી-૭૧૫,
મદફન : ખ્વારઝુમ

(૧૪) **હઝરત ખ્વાજા મોહંમદ બાબા સમ્માસી** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૧૦ જમા.આખીર હીજરી-૭૫૫,
મદફન : સમ્માસ(બુખારા)

(૧૫) **હઝરત સૈયદ શમ્સુદ્દીન અમીર કુલાલ** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૮ જમાદીઉલ અવ્વલ હીજરી-૭૭૨,
મદફન :સોખાર (બુખારા)

(૧૬) **હઝરત ખ્વાજા બહાઉદ્દીન શાહ નકશબંદ** (રદીયલ્લાહો અન્હો)
તારીખે વિસાલ : - ૩ રબ્બીઉલ અવ્વલ હીજરી-૭૯૧,
મદફન : બુખારા શરીફ (રશિયા)

(૧૭) **હઝરત મૌલાના યાકુબ ચર્ખી** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૫ સફર હીજરી-૮૫૧,
મદફન : હલ્ફતુ (બલગનુન-તાજકિસ્તાન)

(૧૮) **હઝરત ખ્વાજા નાસીરૂદ્દીન ઉબૈદુલ્લાહ એહરાર**(કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૨૯ રબ્બીઉલ અવ્વલ હીજરી-૮૯૫,
મદફન :સમરકંદ (રશિયા)

(૧૯) **હઝરત મૌલાના મોહંમદ ઝાહીદ** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૧ રબ્બીઉલ અવ્વલ હીજરી-૯૩૬,
મદફન :વખ્શ (અફઘાનીસ્તાન)

(૨૦) **હઝરત મૌલાના ખ્વાજા મોહંમદ દુર્વેશ** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૧૯ મોહર્રમ હીજરી-૯૭૦,
મદફન :મૌજે ઈસકરાર (માવરાઉન્નહાર-તુર્કસ્તાન)

(૨૧) **હઝરત મૌલાના ખ્વાજા મોહંમદ અમકંગી** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૨૨ શાબાન હીજરી-૧૦૦૮,
મદફન :અમકના (બુખારા – રશિયા)

(૨૨) **હઝરત ખ્વાજા મોહંમદ બાકી બીલ્લાહ** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૨૫ જમા.આખીર હીજરી-૧૦૧૨,
મદફન :-દિલ્હી શરીફ (નબીએ કરીમ કબ્રસ્તાન,લાહોરી ગેટ)

(૨૩) **હઝરત મુજદેદી અલ્ફેષાની શૈખ એહમદ** (રદીયલ્લાહો અન્હો)
તારીખે વિસાલ : - ૨૮ સફર હીજરી-૧૦૩૪,
મદફન :-સરહીન્દ શરીફ (પંજાબ)

(૨૪) **હઝરત ખાઝીનુર્રહેમત ખ્વાજા મોહંમદ સઈદ** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ: - ૨૭ જમા.આખીર હીજરી-૧૦૭૦,
મદફન :સન્નીન્દ શરીફ (પંજાબ)

(૨૫) **હઝરત ઉર્વતુલ્વુસ્કા ખ્વાજા મોહંમદ માસુમ** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ: - ૯ રબ્બીઉલ અવ્વલ હીજરી-૧૦૭૯,
મદફન :સન્નીન્દ શરીફ (પંજાબ)

(૨૬) **હઝરત ખ્વાજા અબ્દુલ અહદ વહેદત** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૨૮ જીલ્હજ હીજરી-૧૧૨૮,
મદફન :સન્નીન્દ શરીફ (પંજાબ)

(૨૭) **હઝરત ખ્વાજા મોહંમદ હનીફ**(કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૧ સફર હીજરી-૧૧૩૩,
મદફન :-બામીયાના (અફઘાનિસ્તાન)

(૨૮) **હઝરત ખ્વાજા મોહંમદ ઝકી રાઝદાં** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૨૮ જીલ્હજ્જ હીજરી-૧૧૪૩,
મદફન :-અન્તિકીલાનકી(ઈન્નકીલાઈફી-અરબસ્તાન)

(૨૯) **હઝરત શૈખ ખ્વાજા મોહંમદ મઝહર**(કુદ્દસસ્ત્ર)
તારીખે વિસાલ : - ૯ જીલ્હજ્જ હીજરી-૧૧૪૯,
મદફન :-મક્કા શરીફ(અરબસ્તાન)

(૩૦) **સુલ્તાનુલ ઔલીયા હઝરત મોહંમદ ઝમાન** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૪ જીલ્કાઅદ હીજરી-૧૧૮૮,
મદફન :-લુવારી શરીફ (સિંધ- પાકીસ્તાન)

(૩૧) **હઝરત ખ્વાજા હાજી એહમદ મુત્તકી**(કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૧૬ જીલ્કાઅદ હીજરી-૧૨૨૩,
મદફન :- કાજીજોગોઠ તા. સફરનદ હૈદરાબાદ સિંધ

(૩૨) **હઝરત હાજી હુસૈન અલી શાહ** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૭ સફર હીજરી-૧૨૪૪,
મદફન :- રતર-છતર, જી. ગુરૂદાસપુર, પંજાબ

(૩૩) **હઝરત સરકાર સૈયદ ઈમામ અલી શાહ**(કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૧૨ શવ્વાલ હીજરી-૧૨૮૨,
મદફન :રતર-છતર, જી. ગુરૂદાસપુર, પંજાબ

(૩૪) **હઝરત ફકીહુલ્હીંદ મોહંમદ મસઉદ શાહ** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૧૦ રજ્જબ હીજરી-૧૩૦૯,
મદફન :– દિલ્હી ,અહાતા બાકી બીલ્લાહ

(૩૫) **હઝરત સૈયદ રૂકનુદ્દીન શાહ મંઝુર અહમદ** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૨૧ શવ્વાલ હીજરી-૧૩૫૫,
મદફન :-અલવર (રાજસ્થાન)

(૩૬) **હઝરત સુફી અખ્લાક એહમદ સાહેબ** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૨૪ જીલ્કાદ હીજરી -૧૩૯૦,
મદફન : -ગંજ શોહદા કબ્રસ્તાન (અહમદાબાદ)

(૩૭) **હઝરત સુફી અબ્દુર્રહમાન સાહેબ** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૩૦ શાબાન હીજરી-૧૪૩૦,
મદફન :–ધોલકા (જી.અમદાવાદ)

(૩૮) **હઝરત ઉસ્માનમિંયા શાહ સાહેબ** (કુદ્દસ્સીર્રહુ)
તારીખે વિસાલ : - ૨૫ શવ્વાલ હીજરી-૧૪૨૪,
મદફન :–સરખેજ - અમદાવાદ

(૩૯) **હઝરત સૈયદ પીર વઝીર અલીશાહ સાહેબ**
(દામતફોયુઝોહુમ)
રોનક બખ્શ મસ્નદે ઈર્શાદ -ભુજ શરીફ(કચ્છ)

અય ઈશ્ક તેરે સદકે જલને સે છુટે સસ્તે,
જો આગ બુજાએગી વોહ આગ લગાઈ હૈ.
આલા હઝરત ઈમામે એહલે સુન્નત —




ઈશ્ક કે ઈમ્તેહાં

ચાઅ્‌ની

અહેવાલુલ્અસ્ફીયા


ફી ફઝાઈલે સિલસિલાએ નક્શબંદીયાહ



હઝરત ખ્વાજા મોહંમદ માસુમ સરહીન્દી
(રદીયલ્લાહો તઆલા અન્હો)
સરહીન્દ શરીફ-પંજાબ



હઝરત મીર મોહંમદ નોઅમાન બદખ્શી
(રહેમતુલ્લાહ અલયહે)
આગ્રા



રેલ્વે ફાટક
મંદીર
દરગાહ શરીફનુ બોડ
મહાલક્ષ્મી મંદીર
વિજય કોલોની મેઈન રોડ,બાયપાસ
ડોગ કલીનીક
ગધાપાળા મેઈન રોડ
વિજય નગર કોલોની,
મહાલક્ષ્મી મંદીર પાસે
ધનીકી નગરીયા,આગ્રા.
Airtel Office પાછળ
અકબરઆબાદ
મેઈન ગેઈટ
હઝરત મીર મોહમ્મદ નૌમાન
સાહેબ રહેમતુલ્લાહ



વોહ મેરા રોનકે મહેફીલ કહાં હય, મેરી બીજલી મેરા હાંસીલ કહાં હય,
મકામ ઈસકા હય દીલકી ખીલવતોં મેં, ખુદા જાને મકામે દીલ કહાં હય..

★

અપને મનમેં ડુબ કર પા જા સુરાગે ઝીંદગી,
તું અગર મેરા નહીં બનતા ન બન અપના તો બન.

મન કી દુનિયા ? મન કી દુનિયા સોઝો-મસ્તી જઝબો વ શૌક,
તન કી દુનિયા ? તન કી દુનિયા સુદો સૌદા મકરો-ફન.

મન કી દૌલત હાથ આતી હૈ તો ફીર જાતી નહીં,
તન કી દૌલત છાંવ હૈ આતા હૈ ધન જાતા હૈ ધન.

મનકી દુનિયા મેં ન પાયા મૈંને અફરંગીકા રાજ,
મન કી દુનિયા મેં ન દેખે મૈંને શૈખો બરહમન.

પાની પાની કર ગઇ મુઝકો કલંદર કી યે બાત,
તું ઝુકા જબ ગૈર કે આગે ન મન તેરા ન તન.

ડો. ઈકબાલ